# તપોરત્ન રત્નાકર



શ્રી મહાવીર સ્વામીનો પ્રાસાદ                શ્રી નેમિપાર્શ્વ વિહાર

શ્રી કેશરીયાજી ભગવાનનો પ્રાસાદ–મહુવા


: સંયોજક :

તપસ્વી મુનિશ્રી રત્નાકરવિજયજી મહારાજ

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરિ-દર્શનસૂરીશ્વરેભ્યઃ

# શ્રી તપોરત્ન રત્નાકર



: પ્રકાશક :

શ્રી. શ્વે-મૂ. જૈન સંઘ-મહુવા

વિ. સં. ૨૦૩૮, સને ૧૯૮૨, વીર. સં. ૨૫૦૮

મૂલ્ય—અમૂલ્ય

❁ પ્રાપ્તિસ્થાન :

(૧) શેઠ પદમા તારાની પેઢી

(૨) ભોગીલાલ માનચંદ શાહ

મહુવા (સૌ.)

❁ નકલ ૨૦૦૦

○ મુદ્રક

ખેલા ટાઈપ સેટિંગ વર્ક્સ ઘીકાંટા રોડ, અમદાવાદ.

# તપનો મહિમા

આ અનાદિ સંસારમાં અનંતકાળથી ચાલી રહેલાં જન્મ–મરણનાં વિષચક્રને વિખેરવા માટેનું અમોઘશસ્ત્ર તે તપ છે. આવાં વિઘ્નવિદારક, વિકાર વિનાશક, આત્મવિકાસક, ભવશોષક અને પુણ્યપોષક તપોધર્મને સંયમનાં સ્વાંગથી સજ્જ બનીને આરાધનારા અનેક આત્માઓ કર્મના મર્મને ભેદીને, ભવની બેડીને છેદીને મુક્તિધામે પહોંચી ગયા છે. એવા તે મહાન પુરુષોનાં મૌલિક આદર્શને લક્ષમાં રાખી મુનિજીવનનાં પ્રાણસમા તપોધર્મની આરાધનામાં અવિરતપણે રત થયેલાં પૂજ્યપાદ તપોનિધિ મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** મહારાજે ૧૦૮ અખંડ ઉપવાસની ઉગ્ર, કઠિન અને વિરલ તપશ્ચર્યા પૂર્ણ કરી છે.

**यद् दूरं यद् दुराराध्यं, यच्च दूरे व्यवस्थितम् ।**
**तत्सर्वं तपसा साध्यम् तपो हि दुरतिक्रमम् ॥**

**તપશ્ચરણની આવશ્યકતા—**

જીવની ચાર ગતિ પૈકી મનુષ્યગતિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. જો કે દેવગતિમાં સુખ–સાહ્યબીની કમીના નથી હોતી, પરંતુ સર્વોત્કૃષ્ટ સુખ–મોક્ષ–ની પ્રાપ્તિ માટે તો મનુષ્યગતિ સિવાય બીજું કોઈ ઉત્તમ સાધન નથી. આ જ

અપેક્ષાને લઈને દેવો પણ દશ દૃષ્ટાંતોથી દુર્લભ માનવ-જીવન પ્રાપ્ત કરવા માટે ઝંખના કરે છે.

માનવ જીવનનું ચણતર ધર્મના દ્રઢમૂળ પાયા પર જ નિર્ભર છે. માનવજીવનનું તે જ ધર્માચરણ છે. જો માનવજીવન-માંથી એ તેજ લુપ્ત થયું તો તે જીવનની કીંમત નૂર વિનાના હીરા જેવી એટલે કે કાચના કટકાની માફક નહીવત્ છે. દાન, શીલ, **તપ** અને ભાવ એ ચારે ધર્મના સ્તંભો છે.

જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ધર્મકરણી નિર્જરાના હેતુભૂત છે, પરંતુ નિકાચિત કર્મોના ક્ષય માટે તો "**તપ**" એ જ એક અમોઘ ઉપાય છે. તીર્થંકર પરમાત્મા, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, મહર્ષિ અને પ્રાભાવિક આચાર્ય-ભગવંતો પણ તપશ્ચરણથી શિવસુખ પ્રાપ્ત કરી શકયા છે. અનંતી પુણ્યરાશિવાળા ચક્રવર્તી પણ છ ખંડની સાધના પ્રસંગે વારંવાર અઠ્ઠમતપનું અવલંબન લે છે, એ જ હકીકત "**તપ**"ની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ કરે છે.

શ્રીમંત ને સાધનસંપન્ન હોય તે જ દાનધર્મનું આચરણ કરી શકે, વિશુદ્ધ શીલનું પાલન કરવા માટે પણ મનોબળ ને સાનુકૂળતા જોઈએ; પરંતુ સામાન્ય માનવી પણ ભાવના-શીલતાથી શરીરશક્તિ પ્રમાણે તપ-ધર્મનું સેવન કરી શકે છે. આગમગ્રંથોમાં આ હકીકતને દર્શાવતાં સંખ્યાબંધ દૃષ્ટાંતો ઉપલબ્ધ થઈ શકે છે.

तपनी महत्ता—

तापयन्ते रसादिधातवः कर्माणि वा अनेनेति तपः ।

જે ક્રિયા વડે શરીરના રસ, રુધિર વગેરે સાતે પ્રકારની ધાતુઓ અથવા તો કર્મસમૂહ તાપ પામે–શોષાઈ જાય તેને "**તપ**" કહેવામાં આવે છે : શાસ્ત્રકાર ભગવંતોએ પ્રસંગે પ્રસંગે તપના અનેક પ્રકારે ગુણ ગાયા છે. ચરમજિનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવંતે પણ સાડાબાર વર્ષ પર્યન્તનો ઘોર તપ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ ॥

ક્રોડો ભવમાં સંચિત કરેલું કર્મ **તપ વડે** ક્ષય પામે છે.

मलं स्वर्णगतं वह्नि–हंसः क्षीरगतं जलम् ।
यथा पृथक्करोत्येव, जन्तोः कर्ममलं तपः ॥

જેમ સુવર્ણમાં રહેલા મેલ–કચરાને અગ્નિ જુદો પાડે છે, રાજહંસ દૂધમાં રહેલ પાણીને ભિન્ન કરે છે તેમ પ્રાણીઓના કર્મરૂપ મેલને **તપ** (આત્માથી) જુદો પાડે છે.

यत्पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल–
ज्वालाजालजलं यदुग्रकरणग्रामाहिमन्त्राक्षरम् ।
यत्प्रत्यूहतमःसमूहदिवसं यल्लब्धिलक्ष्मीलता–
मूलं तद्द्विविधं यथाविधि तपः कुर्वीत वीतस्पृहः ॥

**તપ,** પૂર્વોપાર્જિત કર્મરૂપ પર્વતને ભેદવામાં **વજ્ર** સમાન છે.

**તપ,** કામદેવની જ્વાળાના સમૂહને શાંત કરવા માટે **પાણી** સમાન છે.

**તપ,** ઇંદ્રિયસમૂહરૂપી સર્પને વશ કરવામાં **ગારૂડી મંત્ર** સમાન છે.

**તપ,** અજ્ઞાનરૂપી અંધકારરાશિને દૂર કરવામાં **દિવસ** સમાન છે.

**તપ,** લબ્ધિ તેમજ લક્ષ્મીરૂપી લતાને વિકસ્વર કરવામાં **મૂળ** સમાન છે.

માટે કોઈ પણ જાતની સ્પૃહા—આકાંક્ષા રહિત બનીને મનુષ્યે વિવિધ પ્રકારના તપનું આચરણ કરવું જોઈએ.

**कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना,**
**दावाग्निं न यथापरः शमयितुं शक्तो विनाम्भोधरम् ।**
**निष्णातः पवनं विना निरसितु नान्यो यथाम्भोधरम्,**
**कर्मौघं तपसा विना किमपरो हन्तुं समर्थस्तथा ॥**

ભયંકર જંગલને દગ્ધ કરવામાં કોણ સમર્થ? દાવાનળ.
દાવાનળને શાન્ત કરવામાં કોણ સમર્થ? મેઘ.
મેઘને વિખેરી નાખવામાં કોણ સમર્થ? પવન.
તેવી જ રીતે કર્મસમૂહને હણવામાં—દૂર કરવામાં એકમાત્ર **તપ** જ સમર્થ છે.

કલ્પવૃક્ષ તો સાંસારિક ભોગ—વિલાસની પૂર્તિ કરે, પણ શાસ્ત્રકાર ભગવંતોએ તો તપને અદ્ભૂત કલ્પવૃક્ષની ઉપમા આપતાં જણાવ્યું છે કે—

सन्तोषः स्थूलमूलः प्रशमपरिकरस्कन्धबन्धप्रपञ्चः,
पञ्चाक्षीरोधशाखः स्फुरदभयदलःशीलसम्पत्प्रवालः ।
श्रद्धाम्भःपूरसेकाद्विपुलकुलबलैश्वर्यसौन्दर्यभोग–
स्वर्गादिप्राप्तिपुष्पः शिवपदफलदः स्यात्तपः कल्पवृक्षः ॥

તપરૂપી અદ્ભુત કલ્પવૃક્ષનું—

**સન્તોષ** એ મજબૂત **મૂળ** છે.

શાન્તિ એ વિસ્તૃત **થડ** છે.

પાંચ ઇંદ્રિયનિરોધ એ વિશાળ **શાખા-ડાળી** છે.

**અભયદાન** એ **પાંદડાં** છે.

**શીલ-ચારિત્ર્ય** એ **પલ્લવો-અંકુરાઓ** છે.

**શ્રદ્ધારૂપ**-પાણીનું સિંચન જેનાથી, ઉત્તમ વિશાળ કુલ, બલ, વૈભવ, અને સૌન્દર્યની પ્રાપ્તિ થાય છે.

સ્વર્ગપ્રાપ્તિ એ **પુષ્પ** છે

શિવસુખપ્રાપ્તિ એ **ફળ** છે

તપનો આવો અચિન્તનીય પ્રભાવ ને મહિમા જાણ્યા પછી તો સુજ્ઞ પુરુષે વિચારી લેવું જોઈએ કે—

अद्यश्वीनविनाशस्य, शरीरस्य शरीरिणाम् ।
सकामनिर्जरासारम्, तप एव महत्फलम् ॥

માનવ શરીર આજ કે કાલ વિનાશ પામવાના સ્વભાવવાળું છે, અર્થાત્ કે તેની સ્થિતિ આકળના બિંદુ જેવી ક્ષણભંગુર છે તો **સકામ નિર્જરાવાળું તપશ્ચરણ કરવું તે જ માનવ જીવનનું મહાન્ ફળ છે.**

## જીવનમાં તપની ઉપયોગિતા—

તંદુરસ્તીની દૃષ્ટિએ પણ તપનું જીવનમાં અનેરું સ્થાન છે. ટાઈફોડ કે વિષમ જ્વર જેવા પ્રસંગોમાં માનવીને લંઘન કરાવવામાં આવે છે એ પ્રકારાંતરે તપ જેવું આચરણ છે પણ તે ફરજિયાત છે. જો તપશ્ચરણ મરજીયાત સમજીને શ્રદ્ધાથી કરવામાં આવે તો બંને વચ્ચેનો આસ્માન જમીન જેટલો તફાવત અવશ્ય જણાઈ આવે. ભૌતિક વિલાસ અને માત્ર ખાણી–પીણીમાં રક્ત રહેતો પાશ્ચિમાત્ય સમાજ પણ "ઉપવાસ"નું મૂલ્યાંકન કરતાં શીખ્યો છે, જે ભાવના તો આપણા શાસ્ત્રકારભગવંતોએ આપણને ગળથુથીમાં જ આપી છે એમ કહીએ તો તેમાં અંશમાત્ર અતિશયોક્તિ નથી.

દવા કરી–કરીને કંટાળી ગયેલા અને કેન્સર જેવા વિષમ ને અસાધ્ય રોગથી ખૂવાર થઈ ગયેલા પણ ઉપવાસ કે તપશ્ચરણના નિયમ–ઉપનિયમથી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકવાના દાખલાઓ પણ જાણવા મળે છે.

જૈન શાસ્ત્રકાર ભગવંતોએ તપશ્ચરણની મર્યાદા બાંધી છે. કોઈ પણ જાતની સ્પૃહા કે આકાંક્ષાથી કરાતો તપ

ઇચ્છિત ફલદાતા બની શકતો નથી. તેવું તપશ્ચરણ **"છાર પર લીંપણ"** જેવું કે ઉખરભૂમિમાં બી વાવવા જેવું નિષ્ફળ બને છે. મહર્ષિ નંદિષેણને સાડાબાર કોટી સુવર્ણની વૃષ્ટિ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ કે રાજર્ષિ વિષ્ણુકુમારને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ તે તપનું આનુષંગિક ફળ છે.

તપના બે પ્રકારો છે : બાહ્ય અને અભ્યંતર અને તે બંનેના પણ છ–છ પેટા વિભાગો છે; જે ગુરુગમથી જાણવા યોગ્ય છે. અત્ર તો તેનો માત્ર નામ–નિર્દેશ કરીએ છીએ.

| **બાહ્ય તપ** | **અભ્યંતર તપ** |
|---|---|
| ૧. અનશન | ૧. પ્રાયશ્ચિત્ત |
| ૨. ઉનોદરિકા | ૨. વિનય |
| ૩. વૃત્તિસંક્ષેપ | ૩. વૈયાવૃત્ય |
| ૪. રસત્યાગ | ૪. સ્વાધ્યાય |
| ૫. કાયક્લેશ | ૫. ધ્યાન |
| ૬. સંલીનતા | ૬. કાયોત્સર્ગ |

આજે ધીમે ધીમે જડવાદ પોતાનો પંજો પ્રસારતો આવે છે તેમ બીજી બાજુથી સમાજમાં "તપશ્ચર્યા"ની રુચિ પણ વિશેષ ને વિશેષ જાગૃત થતી આવે છે જો સારું ને પુષ્ટિકારક ભોજન ખાવામાં આવે તો શરીરને પુષ્ટ બનાવવા ઉપરાંત કાંતિમાન પણ બનાવે છે તેવી જ રીતે તપશ્ચરણ જો વિધિપૂર્વક સમજીને કરવામાં આવે તો તેનું ઈહલૌકિક ને પારલૌકિક ઉત્તમ ફળ મળે છે. આ જ હેતુને અનુલક્ષીને આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## વિશિષ્ટતા—

તપને માટે માત્ર વિધિ દર્શાવતાં પુસ્તકો અવારનવાર પ્રગટ થયા કરે છે, પરન્તુ તેથી કરવામાં આવતા તપની મહત્તા ને ગંભીરતા સમજાતી નથી. આ જાતની ખામી દૂર કરવા માટે આ પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે. શરૂઆતમાં દરેક તપને માટે સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે, જેથી સમજી શકાય કે હું કયો તપ કરું છું? તપ કરવાનો હેતુ શો છે? આ રીતે સમજણપૂર્વક કરવામાં આવતાં તપમાં ભાવોલ્લાસ પણ વૃદ્ધિ પામે છે. વિવરણ બહુ જ સંક્ષિપ્ત પદ્ધતિએ કરવું પડ્યું છે, જેથી વાચકને કંટાળો ન આવે તેમ પુસ્તક અતિ વિસ્તૃત પણ ન થાય. પ્રસંગે પ્રસંગે તપને લગતી સંક્ષિપ્ત કથાઓ પણ આલેખવામાં આવી છે. જેથી બાળજીવો તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકે.

એકંદરે આ પુસ્તકમાં ૧૬૨ તપો દર્શાવવામાં આવ્યા છે. તપને માટે "આચારદિનકર" અને "વિધિપ્રપા" જેવા બીજા ઉત્તમ ગ્રંથો છે.

અક્ષયનિધિ, બૃહત્પંચમી, સંવત્સર (વર્ષીતપ), પીસ્તાલીશ આગમનો તપ, ચંદનબાળાનો તપ, તેર કાઠિયાનો તપ, નાના–મોટા દશ પચ્ચક્ખાણ, પોસદશમી, કર્મસૂદન, કલ્યાણક તપ, વીશ, સ્થાનક તપ, અગિયાર અંગનો તપ, સમવસરણનો તપ, વીરગણધર તપ, નવકાર તપ, પંચરંગી તપ,

યુગપ્રધાન તપ, મોક્ષ તપ, ચૌદ પૂર્વનો તપ, મેરુ તપ, આયંબિલ વર્ધમાન તપ, રોહિણી તપ, ગૌતમ પડઘો તપ, મહાવીર લબ્ધિનો તપ, મૌન એકાદશીનો તપ, ક્ષીરસમુદ્રનો તપ, નવપદજીની ઓળી, મેરુ તેરશનો તપ, સિદ્ધિ તપ—આ તપો હાલમાં વિશેષ પ્રમાણમાં પ્રચારમાં છે.

—પ્રકાશક

# "આમુખ"

અનંતાનંત ભવ્યાત્માઓ જે પાવનકારી તીર્થને વિષે મોક્ષમાં ગયા છે. એવા સિદ્ધગિરિરાજની છાયાથી આખ્યાતિ બનેલું અમારું નાનું સરખું ગામ શ્રી જિનશાસનથી, જિન-શાસનના ચારે અંગોના ચરણોથી પુનિતમાંથી મહા પવિત્ર થયેલ છે.

પવિત્ર એવી **કામરોલ** નગરીમાં અઢારે વર્ણની જનતા રહે છે. તેમાં દરબારો વિશેષ પ્રમાણમાં છે. છતાં ઐકય ભાવને સૌ જનતાએ પ્રાપ્ત કર્યો હતો.

મહાન જૈનાચાર્ય, અખંડ, અજોડ બ્રહ્મચર્યધારક પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.**ના પુનિત પાદરજથી આ નગરી પવિત્ર બની છે. શાસ્ત્રવિશારદ, જ્યોતિષ માર્તંડ પ. પૂ. આચાર્યદેવશ્રી **વિજયનંદન-સૂરીશ્વરજી મ. સા.**ની દીક્ષા બાદ સંસારી જનોનાં તોફાનોમાં રક્ષણ આ જ નગરીમાં દરબારોએ તથા શ્રી સંઘે કર્યું હતું તેવી જ રીતે પૂ. આ. શ્રી **વિજયપદ્મસૂરીશ્વરજી મ. સા.**, પૂ. આ. શ્રી **વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા.**નું રક્ષણ આ નગરીમાં થયેલ હતું.

અમારા ગામમાંથી ત્રણ ત્રણ ભવ્યાત્માઓ સંસારમાર્ગને ત્યજી સંયમપંથે સંચર્યા અને સમયે સમયે કામરોલ જૈન

સંઘને હિત-શિક્ષા અને માર્ગદર્શન આપનારા એ પુનિત-સંતોના ચરણોમાં અમારો શ્રી સંઘ કોટિશઃ વંદના કરી રહ્યો છે. તે પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.**ના શિષ્ય પૂ. મુનિશ્રી **ધનવિજયજી મ.** તથા ગામના ભગત વીરચંદભાઈ તે પૂ. મુનિશ્રી **વિનયપ્રભવિજયજી મ. સા.** તથા ૧૦૮ ઉપવાસના દીર્ઘ તપસ્વી જે રમણીકભાઈમાંથી પૂ. મુનિ શ્રી **રત્નાકરવિજયજી મ. સા.** રૂપે બની શ્રી જૈનશાસનની પ્રભાવના કરવા પૂર્વક અમારા શ્રી સંઘના નામને સુશોભિત બનાવ્યું છે.

**કામરોલ** જૈન સંઘમાં **શ્રી નેમિનાથ** સ્વામિનું ભવ્ય જિનાલય છે. તે શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા શાસનસમ્રાટ્શ્રીના સમુદાયના વિદ્વદ્વર્ય પ. પૂ. આચાર્ય દેવશ્રી **વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ. સા.**, પ. પૂ. આચાર્યદેવશ્રી **વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મ. સા.** આદિ તથા અમારા ગામના પનોતા સુપુત્ર પૂ. મુનિશ્રી **રત્નાકરવિજયજી મ.** આદિની શુભ નિશ્રામાં ભવ્ય મહોત્સવ પૂર્વક થઈ હતી.

તપસ્વીરત્ને તપધર્મને આદરી જૈન શાસનમાં તપ-ધર્મની પ્રભાવના ગામે ગામ, નગરે નગર કરી હોવાથી પુસ્તકને "**તપોરત્ન રત્નાકર (તપાવલી)**" નામથી અંકિત કરવામાં આવ્યું છે.

આ પુસ્તકનાં પ્રૂફ સંશોધન વગેરે કાર્યોમાં પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયનીતિપ્રભસૂરીશ્વરજી મહારાજ

સાહેબે ઉત્સાહથી પ્રૂફ સંશોધન કરી આપેલ છે. તથા પ્રેસ વાળા શ્રી જગદીશભાઈ મણીભાઈએ પ્રિન્ટિંગ કામકાજ વિગેરે સારી રીતે કરી આપેલ છે.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ છદ્મસ્થાવસ્થાના દોષે કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના યાચીએ છીએ.

લી. **શ્રીકામરોલ જૈન**
**શ્વે. મૂ. સંઘ**

## દરેક તપમાં કરવાની આવશ્યક વિધિ

(૧) બે ટંક સવાર સાંજ પ્રતિક્રમણ કરવું.

(૨) બે ટંક સવાર સાંજ પડિલેહણ કરવી.

(૩) હંમેશાં જિનેશ્વર ભગવાનની પૂજાભક્તિ કરવી.

(૪) સવાર, બપોર અને સાંજે દેવવંદન વિધિપૂર્વક કરવું.

(૫) વિધિપૂર્વક પચ્ચક્ખાણ કરવું અને પારવું.

(૬) ગુરુવંદન કરવું અને તેમની પાસે પચ્ચક્ખાણ લેવું.

(૭) જ્ઞાનની પૂજાભક્તિ કરવી.

(૮) પ્રભુ પાસે બતાવેલ સંખ્યા પ્રમાણે અક્ષતના સાથિયા કરી તેના ઉપર યથાશક્તિ ફળ, નૈવેદ્ય ચઢાવવાં.

(૯) દરેક તપમાં બતાવેલ ગણણું ૨૦ નવકારવાળી પ્રમાણે ગણવું.

(૧૦) તપમાં બતાવેલી સંખ્યા પ્રમાણે ખમાસમણ દેવા.

(૧૧) તપમાં બતાવેલ સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

(૧૨) જ્યાં જ્યાં ગુરુપૂજા કહી હોય ત્યાં ત્યાં ગુરુ પાસે સ્વસ્તિક કરી તે ઉપર યથાશક્તિ દ્રવ્ય મૂકવું અને ગુરુ મહારાજને વંદના કરી તેમનો વાસક્ષેપ લેવો.

(૧૩) તપશ્ચર્યાને દિવસે સ્વાધ્યાય વિશેષ પ્રકારે કરવો.

(૧૪) બ્રહ્મચર્ય પાળવું અને ભૂમિશયન કરવું.

(૧૫) પૂ. સાધુ–સાધ્વી મહારાજોની વિવિધ પ્રકારે વૈયાવચ્ચ કરવી.

(૧૬) તપને પારણે યથાશક્તિ સ્વામિવાત્સલ્ય કરવું, વધારે ન બને તો સમાન તપ કરનારા શ્રાવિક–શ્રાવિકાને યથાશક્તિ બે–ચારને જમાડવા.

(૧૭) મોટા મોટા તપને અંતે યા મધ્યમાં તેનું મહોત્સવ-પૂર્વક ઉજમણું કરવું. સામાન્ય તપમાં લખ્યા પ્રમાણે ઉદ્યાપન ઉજમણું કરવું.

(૧૮) દરેક તપમાં જો પાણી વાપરવાનું હોય તો તે ઉકાળેલું પાણી જ વાપરવું.

(૧૯) કોઈ પણ તપ મોક્ષસુખની ઈચ્છાથી જ કરવો.

(૨૦) કષાયનો જેમ બને તેમ વિશેષ રોધ કરવો, ક્ષમાયુક્ત અને સમતાભાવે જે તપ કરવામાં આવે તે જ પૂર્ણફળદાયક બને છે.

કામરોલ-જૈન દહેરાસર
મૂલનાયકજી



શ્રી નમિનાથ ભગવાન

પ્રૌઢ પ્રભાવશાલી, જગદ્‌ગુરૂ તપોગચ્છાધિપતિ અનેક પ્રાચીન
તીર્થોદ્ધારક બાળબ્રહ્મચારી

## પ. પૂ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.




પંન્યાસ પદ સં. ૧૯૬૦ વલા.

સૂરીપદ સં. ૧૯૬૪ ભાવનગર

જન્મ સં. ૧૯૨૯ મહુવા

દીક્ષા સં. ૧૯૪૫, ભાવનગર

ગણિપદ સં. ૧૯૬૦, વલા

સ્વર્ગવાસ-૨૦૦૫ દિવાળી-મહુવા
( શાસન સમ્રાટ્ )

શાસન સમ્રાટ્ શ્રીજીના

પ્રથમ પટ્ટધર

જન્મ
સંવત
૧૯૪૩
પોષ
સુદ-૧૫
મહુવા

દીક્ષા
અષાડ
સુદ-૧૦
૧૯૫૯
ભાવનગર

ગણિપદ
સં.
૧૯૬૯
અષાડ
સુદ-૫
કપડવંજ



પંન્યાસ
પદ
૧૯૬૯
અષાઢ
સુદી-૯
કપડવંજ

ઉપાધ્યાય
૧૯૭૨
મહા
વદ-૩
સાદડી

આચાર્ય
પદ
સંવત
૧૯૭૯
વૈશાખ
વદી-૨
ખંભાત

સ્વર્ગવાસ-૨૦૧૬ ચૈત્ર વદ-૪-પાલીતાણા

પ. પૂ. આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. સા.

(કામરોલવાળા)



પૂ. મુનિશ્રી ધનવિજયજી મ. (કામરોલવાળા)

— શાસન સમ્રાટ —

પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના

શિષ્યરત્ન



જન્મ
સંવત
કામરોલ

વડીદીક્ષા
રોહી-
શાળા
૨૦૦૦
ફાગણ
વદી-૨
રવિવાર

દીક્ષા
વાવડી
પ્લોટ
સંવત
૨૦૦૦
મહા
વદ-૩

કાલધર્મ
તલાજા
સંવત
૨૦૨૭
ચૈત્ર
વદ-૧૩

(કામરોલવાળા)

પૂ. મુનિ શ્રી વિનયપ્રભવિજયજી મ. સા.

જન્મ
સંવત
૧૯૮૫
અષાઢ
વદ-૩
કામરોલ



દીક્ષા
સંવત
૨૦૦૮
ફાગણ
સુદ-૫
ઓરસદ

વડી
દીક્ષા
સંવત
૨૦૦૮
વૈશાખ
સુદી-૧૧
અમદાવાદ

(કામરોલવાળા)

તપસ્વી

પૂ. મુનિરાજ શ્રી રત્નાકરવિજયજી મ. સા.

(કામરેલવાળા)

તપસ્વી મુનિરાજ

# શ્રી રત્નાકરવિજયજી મહારાજ

જન્મ

સંવત

૧૯૮૫

અષાઢ

વદ-૩

કામરેલ



દીક્ષા

સંવત

૨૦૦૮

ફાગણ

સુદ-૫

બોરસદ

વડી

દીક્ષા

સંવત

૨૦૦૮

વૈશાખ

સુદ-૧૧

અમદાવાદ

૧૦૮ ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યાની તસ્વીર

મહુવા-સં. ૨૦૩૬

પ. પૂ. આચાર્યદેવ વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા.

૧૦૮ ઉપવાસી તપસ્વીને



વાસક્ષેપ પ્રદાન કરે છે.—મહુવા



રંભાબેન મણીલાલ મણીલાલ લાલચંદ

જન્મ:—૩૧-૧-૨૬ દાઠાવાળા

હાલ અમદાવાદ

સ્વ. શાહ માનચંદ ગુલાબચંદ

(તપસ્વીના સંસારી પિતાશ્રી)

કામરોલ.



પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી મ. ના

સંસારી માતુશ્રી



ગં. નેમકુંવરબેન

(હાલ મહુવા)

## સ્વ. ઝવેરી-ભગવાનજી પ્રેમચંદ
## જામનગરવાળા

| | | |
|---|---|---|
| જન્મ<br>વિ. સં.<br>૧૯૬૪<br>અષાઢ<br>સુદ-૧૪<br>જામનગર<br>તા.<br>૨-૮-<br>૧૯૦૯ |  | સ્વર્ગવાસ<br>૨૦૩૧<br>ભાદરવા<br>વદી-૫<br>મુંબઇ<br>તા.<br>૨૫-૯-<br>૧૯૭૫ |

સ્મરણાર્થે-હા. ગં. ઈચ્છાબેન
તથા ચન્દ્રકાન્ત, સુબોધ, જસવંતી,
મૃદુલા તરફથી (મુંબઈ)

# સ્વ. શ્રી મોહનલાલ ગોરધનદાસ વોરા

(ત્રાપજવાળા)

હાલ ભાવનગર

જન્મ

તા.

૨-૫-
૧૯૧૩



સ્વર્ગવાસ

૧૮-૬-
૧૯૭૫

ભાવનગર

ॐ ह्रीँ अर्हँ नमः

नमो नमः गुरुनेमिसूरये

શાસન સમ્રાટ્ પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજય **નેમિ સૂરીશ્વરજી** મ. સા ના પટ્ટધર પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજયજી **દર્શન સૂરીશ્વરજી** મ. સા. ના. તપો ધર્મપ્રભાવક પ. પૂજ્ય મુનિશ્રી **રત્નાકરવિજયજી** મ. સા. નો.

# જીવન પરિચય

કર્મ ખપાવે ચીકણા, ભાવમંગલ તપ જાણ;
અનંત લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણમણિ ખાણ !

## 卐 તપ વિના સિદ્ધિ નથી 卐

કલિકાલમાં ભૌતિક સુખોની ઘેલછામાં અજ્ઞાનવશ પ્રજા જ્યારે ધર્મ, સંયમ, ચારિત્ર, તપ વિગેરે સુકૃત્ય કરણી ભૂલી જાય છે, તેમજ નાસ્તિકતા, બડાઇ કરવામાં ગૌરવ લે છે, ત્યારે તો ધર્મની જ્યોતિ ઝાંખી પડતી દેખાય છે. પરંતુ એ જ્યોતિ અખંડ અને શાશ્વત છે.

શ્રી વીતરાગ ભગવંતોના જિનશાસનની અખંડ જ્યોત તેમજ તેનો પ્રભાવ સમયે સમયે ઉદ્યોત પામ્યા છે. જિન-શાસનમાં તપશ્ચર્યાનું મહત્ત્વ તો આગવું છે, તેમજ વર્ત-માનના નાસ્તિક યુગમાં ન માની શકાય એવી ઉગ્ર તપસ્યાની

આરાધનાના અજોડ પ્રસંગો "જૈનધર્મ" માં જોવા મળે છે. આવા પ્રસંગો ધર્મથી વિમુખ બનેલી—નિષ્પ્રાણ બનેલી પ્રજા અને સમાજમાં ધર્મ ભાવનાનો ઉદ્યોત કરી તેને ધર્માભિમુખી બનવાની પ્રેરણા આપે છે. જિનશાસનમાં તપ, તપસ્વી અને તપસ્વીની ભક્તિનો એવો તો મહિમા દર્શાવાયો છે કે તપની અનુમોદના, તપસ્વિની ભક્તિ પણ તીર્થંકર નામ ગોત્ર બાંધવાનું એક નિમિત્ત બની જાય છે.

આ વિભૂતિનો જન્મ સં. ૧૯૮૫માં આષાઢ વદિ ૩ ના રોજ શ્રી શત્રુંજય ગિરિરાજની ટૂંક તરીકે શાસ્ત્રમાં જેનું વર્ણન છે તે **તાલધ્વજગિરિ** (તળાજા) પાસેના નાના એવા "**કામરોલ**" ગામે થયો હતો. ગામ બીલકુલ નાનું હતું. તે વખતે ત્યાં શ્રાવકોના ૧૫/૨૦ ઘરો હતા, પણ તે બધા ધર્મના સંસ્કારોથી વિભૂષિત હતાં. ગામડું હતું છતાં ધર્મસંસ્કારોનું ધામ હતું. ગામને પાદરેથી કમળા નદી ખળખળ વહેતી રહેતી હોવાથી, આસપાસની લીલી વન-રાજીથી વિકસિત થયેલું એ ગામ હતું. હવામાન શીતળ અને આહ્લાદક હતું.

હાલ ત્યાં ભવ્ય અને બેનમુન જિનાલય તેમજ ઉપાશ્રય પણ છે. આવું બધું આવા નાના ગામમાં ત્યારે જ શકય બને છે કે જો ધર્મના પાયાના ઉમદા અને ઉચ્ચ સંસ્કારો હોય તો. મુનિરાજ શ્રી **રત્નાકરવિજયજી** ના સંસારી દાદા. **પ. પૂ. મુનિશ્રી વિનયપ્રભવિજયજી મ. સા.**

(વીરચંદભાઈ) એ મોટી ઉંમરે દીક્ષા લઇને વર્ષો સુધી ચારિત્ર પાળ્યુ હતું.

મુનિરાજશ્રી **રત્નાકર** વિ. મ. સા. ના પિતાશ્રીનું નામ **માનચંદભાઈ** તેમજ માતુશ્રીનું નામ **નેમકુંવર બેન** હતું. સંસારી નામ **રમણીકલાલ** બાલ્યાવસ્થા રમત ગમતમાં વીતી. ખબર ન હતી–તેના પિતાજીને કે તેનો દિકરો રમણિક એક મહાન શ્રમણ અને ઉગ્ર તપસ્વી બની જૈન શાસનના ઇતિહાસમાં અમર નામના મેળવશે. ન હતી ખબર તેની જનેતાને કે તેનો રમણિક એક મહાન તપસ્વી શ્રમણ બનીને ઉગ્ર તપશ્ચર્યા કરી તેની કુક્ષીને ઉજાળનારૂ અણમોલ તેજસ્વી મોતી બનશે. ન હતી ખબર તેના ભાઇઓ–સગાઓને કે રખડતો–રઝળતો રમણિક "**રત્નાકરવિજયજી**" રૂપી રત્ન બની તપ–ગગનમાં ચમકતો સિતારો થશે. ન હતી ખબર કામરોલ વાસીઓને કે તેમના ગામનો આ રમણીક– "**રત્નાકરવિજય**" બની ઉગ્ર તપની આરાધના કરી લોકો જીભને ટેરવે રમતો રહી–કામરોળ ગામનું નામ સારાયે રાષ્ટ્ર–વિશ્વમાં રોશન કરશે.

કામરોલના પનોતા સુપુત્ર રમણીકભાઈ પોતાના સંસારી દાદા એવા **પૂ. મુનિરાજશ્રી વિનયપ્રભવિજયજી** મ. સા. ના ચરણોમાં સમર્પિત બન્યા. દાદાએ ઘડવૈયા–અજોડ શીલ્પી એવા પોતાના વડીલ ગુરુભ્રાતા પ. પૂ. આ. મ. શ્રી **દર્શનસૂરીશ્વરજી** મ. સા. ને ઘડવા માટે સમર્પિત કર્યા.

સંવત ૨૦૦૮ ના ફાલ્ગુન શુદિ પાંચમના શુભ-દિને–બોરસદ–મુકામે શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી, તેમજ વડી દીક્ષા સં. ૨૦૦૮ વૈશાખ સુદિ ૧૧ પાંજરાપોળ **અમદાવાદ**માં થઇ. આમ રમણિક માંથી "**રત્નાકર**" નું સર્જન થયું. આ રીતે રમણિકે સર્જનની શરૂઆત "**રત્નાકર**" નામથી કરી. સદ્‌ગુરુના ચરણમાં રહી–એક અદના શિષ્ય તરીકે શ્રી ગુરુ સેવા કરીને ગુરુની કૃપા મેળવી. ગુરુકૃપાથી શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું, પૂર્વના સંસ્કારોથી કર્મક્ષયાર્થે ઉગ્ર તપશ્ચર્યાની આરાધના શરૂ કરી. પાલીતાણામાં વિક્રમ સંવત–૨૦૧૬ અને ૨૦૧૭ માં બે વખત માસક્ષમણ કર્યા. અમદાવાદ મુ. વિ. સં. ૨૦૨૪ દોઢ માસી (૪૫) ઉપવાસ કર્યા, વિ. સં. ૨૦૨૭ માં બે માસી (૬૦) ઉપવાસ કર્યા, મહુવા મુકામે વિ. સં. ૨૦૩૨ માં શ્રેણીતપની આરાધના કરી, અમદાવાદ મુ. વિ. સં. ૨૦૩૪ માં ૬૮ શ્રી નવકારઅક્ષરની આરાધના કરી. વગેરે મહાન તપશ્ચર્યાઓ ઉપરાંત ૧૬ ઉપવાસ, ૧૫ ઉપવાસ, ૧૧ ઉપવાસ, અઠ્ઠાઇ–૮ ઉપવાસ, વર્ષીતપ વિગેરે ઉગ્ર તપશ્ચર્યાઓ પણ મુનિશ્રીએ કરી છે.

છેલ્લે વિ. સં. ૨૦૩૬ માં પોતાના દાદા ગુરુજીની પુણ્યભૂમિ એવી મધુમતી (મહુવા) નાં પ્રાંગણે પ. પૂ. ગીતાર્થ આચાર્યશ્રી **વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી**' મ. સાહેબની શુભ નિશ્રામાં ૧૦૮ ઉપવાસ કરીને એક અજોડ વિક્રમ સ્થાપ્યો છે. પોતાના તપના પ્રભાવથી તેઓશ્રીએ મહુવામાં

ઘણાએ ભાવિકોને માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ, અઠ્ઠાઈઓ વિ. આરાધના કરવાનું પ્રેરણાદાયી બળ આપી ભાવિકોની પ્રેરણામૂર્તિ બન્યા છે.

અહો ! હો ! ખરેખર પૂ. મુનિશ્રી **રત્નાકર** વિ. મ. સા. ની જનેતાને ધન્ય છે ! તેમને ભૂરિ ભૂરિ વંદના, કે જે માતાની કુક્ષિએ એક મહાન સંત તપસ્વી મુનિશ્રીનો જે જન્મ થયો છે "રત્નાકર" રૂપી રત્ન આપનાર રત્નકુક્ષિણી માતા ધન્ય બન્યા છે, એ જન્મભૂમિ પણ ધન્ય છે કે જે ભૂમિમાંથી આવું અજોડ શ્રમણ રત્ન સાંપડયું. એમના પિતાશ્રીને પણ ધન્ય છે, ભલે આજે પિતા સ્થૂલ દેહે વિદ્યમાન નથી પરંતુ આવા પુનિત સંત તપસ્વિથી તેઓ અક્ષરદેહે અમર બન્યા છે, એ કુટુંબને પણ ધન્ય બનાવી દીધું છે કે જેમાં આવું પરમ શ્રમણ તપસ્વી રત્ન ઉદ્‌ભવ્યું. અને યશ તથા ગૌરવનું સદ્‌ભાગી બન્યું છે.

આજે સારાયે દેશમાં આવી ઉગ્ર તપશ્ચર્યાની ભૂરિ ભૂરિ પ્રશંસા થઈ રહી છે. તેમણે જૈનેતરોને તો આશ્ચર્યમુગ્ધ કરી દીધા છે, વૈજ્ઞાનિકો તેમજ ડોકટરો વિચાર કરતા થઈ ગયા છે કે આ મુનિરાજ આટલા દિવસના ઉપવાસથી જીવંત કેમ રહી શકે ?

છેલ્લા સેંકડો વર્ષોમાં જૈનશ્રમણ ભગવંતોમાં ૧૦૮ ઉપવાસ કર્યાનો કોઈપણ દાખલો ઇતિહાસના પાને સાંપડતો નથી.

જડવાદ–રંગરાગ અને દેહ સુખના ભોગોપભોગમાં રાચતા–નાચતા આજના યુગમાં આવી ૧૦૮ ઉપવાસની

ઉગ્ર તપશ્ચર્યાની આરાધના શ્રમણ ભગવાન શ્રી મહાવીરના પંથે વિચરતા પંચ મહાવ્રતધારી મુનિશ્રી **રત્નાકરવિજયજી** મ. સા. મધુમતી (મહુવા) ને આંગણે સુખશાતાપૂર્વક પૂર્ણ કરી છે, આવી ઉગ્ર તપશ્ચર્યા શાસનના છેલ્લા ચારસો વર્ષના ઈતિહાસમાં એક નવુંજ પૃષ્ઠ ઉમેરે છે.

આ કોયડો વૈજ્ઞાનિકો તેમજ ડોકટરો માટે સમશ્યારૂપ બની ગયો. દૂર–સૂદૂરથી દર્શનાર્થે ભાવિક લોકો આ મહાન તપસ્વી સંત મુનિશ્રીના આશીર્વાદાર્થે તથા મહા તપશ્ચર્યાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતાં મહુવાની પુનિત ધરતી ઉપર આવી રહ્યા છે. જેમ જેમ પારણાનો દિવસ નજીક આવતો જાય છે, તેમ તેમ લોકોની ભીડ પણ વધતી જાય છે.

મહુવાના આંગણે પધારતા મહેમાનો માટે 'અતિથિ દેવો ભવ' માં માનતો મહુવાનો સમસ્ત જૈન સંઘ ખડે પગે તૈયાર રહ્યો છે, તેમજ સેવા–સુશ્રૂષા–લ્હાવો લઈ રહ્યો છે. મહુવાના શ્રી જૈનસંઘે શાસન અને રાષ્ટ્રના કાર્યોમાં ક્યારેય પાછી પાની કરી નથી. શાસનને શોભે એ રીતે વિશ્વમાં યશકલગીરૂપે રહ્યો છે જેની ઈતિહાસ સાક્ષી પૂરે છે.

આવા મહામાનવ, મહા તપસ્વીના પારણાના પ્રસંગને મહામૂલો માની શ્રી જૈનસંઘે તેને પોતાનો પ્રાણપ્રશ્ન બનાવ્યો છે. આ પ્રસંગને અણમોલ માનીને તપશ્ચર્યાને છાજે એ રીતે અગિયાર દિવસના મહામહોત્સવમાં વિવિધ અનુ-

ષ્ઠાનો, સંઘપૂજન તથા જમણો, ભવ્ય પ્રાસંગિક વરઘોડાઓ વિ. આયોજિત કાર્યક્રમોમાં સકળ સંઘ લાગી ગયો છે.

મહુવા શહેરના નાગરિકો પણ આ મહાન તપશ્ચર્યાના મહોત્સવ પ્રસંગે જૈનસંઘ સાથે ઓતપ્રોત થઈ તપસ્વી મુનિરાજ અને તપના મહિમાને વંદી રહ્યા છે. સમગ્ર મહુવાના નાગરિકોએ આ પ્રસંગને પોતાનો માની તપનું સાચુ મૂલ્યાંકન કરવાનો જે નિર્ધાર કર્યો છે તે પણ આ ભૂમિની વિરલ મહાનતા લેખાય.

ઇતિહાસ એમ બતાવે છે કે રાજા અકબર બાદશાહના સમયમાં ચંપાબહેન નામના શ્રાવિકાએ ૧૮૦ ઉપસની અતિ ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. છેલ્લા ચારસો વર્ષના જૈન ઈતિહાસમાં આવી કે એના જેવી ઉગ્ર તપશ્ચર્યા કોઈએ કરી હોય તેમ લાગતું નથી. અખંડ બાલબ્રહ્મચારી પૂ. મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી**એ મહુવા મુકામે ૧૦૮ ઉપવાસની અતિ ઉગ્ર તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કરીને ખરેખર વિશ્વવિક્રમ તોડયો છે. ભારતના અને પરદેશના તબિબિ વિજ્ઞાનીઓ અને તજજ્ઞો એમ ચૂસ્તપણે માને છે કે કોઇ પણ માનવી નેવું દિવસથી વધારે દિવસ પછી અન્ન વિના જીવી શકે નહિ. તેમની તે દૃઢ માન્યતાને લપડાક મારે તેવી ૧૦૮ ઉપવાસની ઉપરોક્ત તપશ્ચર્યા કરીને. મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી**એ જગતના લોકોને અચંબામાં નાખી દીધા અને આવી અનુપમ તપશ્ચર્યા દ્વારા જેમણે જૈનધર્મનો ડંકો દુનિયાભરમાં વગાડી દીધો

અને જૈન ધર્મના ધ્વજને ઉચ્ચતમ સ્થાને લહેરાવ્યો તેવા મુનિરાજશ્રીનું જીવનચરિત્ર સંક્ષિપ્તમાં વર્ણવેલ છે.

બાલ્યાવસ્થાથી જ તેઓ ધર્માનુરાગી તો હતા જ, પરંતુ શાસનસમ્રાટ્ આચાર્યદેવ શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ સાહેબના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિજય **દર્શનસૂરીશ્વરજી** મ. સા. આદિના નિકટના પરિચયમાં આવવાથી તેમનામાં દીક્ષા લેવાની ભાવના જાગી. પ. પૂ. પં. શ્રી **શુભંકર વિજયજી** મ. (હાલ આચાર્ય) ના વરદ હસ્તે તેમણે સં. ૨૦૦૮માં બોરસદ (ગુજરાત) મુકામે દીક્ષા અંગીકાર કરી અને તેજ વર્ષમાં અમદાવાદ મુકામે તેમને પાંજરાપોળમાં પૂ. આ. શ્રી **દર્શનસૂરીશ્વરજી** મ. ના વરદ હસ્તે વડી દીક્ષા આપવામાં આવી. આવા તપસ્વી શિરોમણી મુનિરાજશ્રીએ તેમના જીવન દરમ્યાન કરેલી વિધવિધ પ્રકારની તપશ્ચર્યા નીચે મુજબ છે.

(૧) મુંબઈ મુકામે અઠ્ઠાઈ કરી સં ૨૦૦૬.

(૨) ચૈત્ર અને આસોની મળીને આશરે ૫૦ ઓળી.

(૩) મહામંગળકારી વર્ષીતપ કદમ્બગિરિ મુકામે.
વિ. સં. ૨૦૧૩

(૪) માસક્ષમણ પાલીતાણા મુકામે ,, ,, ૨૦૧૬

(૫) ૩૧ ઉપવાસ ,, ,, ,, ,, ૨૦૧૭

(૬) ૪૫ ઉપવાસ અમદાવાદ ,, ,, ,, ૨૦૨૪

(૭) સિદ્ધિ તપ ,, ,, વિ. સં. ૨૦૨૫
(૮) ૬૦ ઉપવાસ ,, ,, ,, ,, ૨૦૨૭
(૯) ૬૮ ,, ,, ,, ,, ,, ૨૦૩૪
(૧૦) શ્રેણીકતપ મહુવા ,, ,, ,, ૨૦૩૨
(૧૧) ૧૦૮ ઉપવાસ મહુવા ,, ,, ,, ૨૦૩૬

ખૂબીની વાત તો એ છે કે મુનિરાજશ્રીને ૧૦૮ ઉપવાસ દરમ્યાન સંપૂર્ણ શાતા વર્તાતી હતી. પોતાને કરવાના પ્રત્યેક ધાર્મિક વિધવિધાન તેઓશ્રી જાતે કરતા. હતા. એટલુંજ નહીં પરંતુ પારણાને દિવસે પારણું કર્યા પહેલા જંગી જનમેદની સાથે નીકળેલ વરઘોડામાં તેઓશ્રી જાતે ચાલીને ગયા હતા અને સૌ કોઈની પ્રશંસાને પાત્ર બન્યા હતા. આવી ઉગ્ર તપશ્ચર્યા દરમ્યાન કોઇ પણ પ્રકારની ગલતી નથી થતી ને ! તેનું આડકતરી રીતે ધ્યાન રાખનારા માણસો પણ હતા. પરંતુ આવા ઉગ્ર અને મહાન તપસ્વી મુનિરાજશ્રી વિષે કોઇ કશું બોલી શકે તેમ નહોતું. તેથી ઉલટું વિશ્વભરના વર્તમાનપત્રોએ તેમની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે અને યશોગાથા ગાઈ છે. સિદ્ધ ગણાતુ અને મનાતું વિજ્ઞાન અને તેના નિયમો એક બાજુ રહી ગયા અને ૧૦૮ ઉપવાસ કરીને તેમણે જે વિશ્વવિક્રમ તોડયો તેથી વિજ્ઞાનીઓ અને તજજ્ઞો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા અને આને ચમત્કાર સમજવો કે કુદરતની કોઈ તાકાત અદૃશ્યપણે આમાં કામ કરી રહી હશે એમ જ માનવું રહ્યું ને ? બીજું ગમે તે

હોય પણ મુનિરાજશ્રીના મનોબળ અને આત્મબળે જ આમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

૧૦૮ ઉપવાસની તેઓશ્રીની તપશ્ચર્યા દરમ્યાન જરૂર, તેમનું શરીર કૃશ બન્યું હતું. પરંતુ તેમનું મનોબળ અને આત્મબળ દઢીભૂત થયું હતું. તેને વિષે સંસ્કૃતમાં એક શ્લોક છે.

छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुदंडम् ।
कप्तं कप्त पुनरपि पुनः चंदनं चारुगन्धम् ॥
तप्तं तप्तं पुनरपि पुनः कांचनं कान्तवर्णम् ।
न प्राणान्ते प्रकृति विंकृतिर्जायते ह्युत्तमानाम् ॥

અર્થાત્ શેરડીને જેમ જેમ કાપીએ તેમ તેમ તે વધુ મીઠી અને સ્વાદિષ્ટ લાગે, ચંદનના લાકડાને જેમ જેમ કાપીએ તેમ તેમ તે વધુ સુગંધ આપે, કાંચન અગર સોનાને જેમ જેમ તપાવીએ તેમ તેમ તે વધારે વિશુદ્ધ થાય, અને ઉત્તમ પુરુષો પ્રાણાંતે પણ પોતાની પ્રકૃતિ (સ્વભાવ)માં વિકૃતિ થવા દેતા નથી. શબ્દાર્થ ઉપરાંત આ શ્લોકનો જ્યારે ભાવાર્થ કરવામાં આવે ત્યારે એમ કહી શકાય કે શેરડીને પોતાના દેહ પર કાપ દ્વારા છેદો પડે છે તે છતાં તે વધુ મીઠાશ આપે છે. એજ રીતે ચંદનના લાકડાનું છેદન થાય છે છતાં તે વાતાવરણમાં વધુ સુગંધ ફેલાવે છે અને તેના દેહને છેદનાર કુહાડી કે હથીયારને પણ તે સુગંધિત કરે છે. સોનાને તપાવીને તેની કસોટી

કરવામાં આવે છે ત્યારે મેલનો ભાગ અલગ થઈ જાય છે અને સોનું તદ્દન શુદ્ધ (સો ટચનું સોનું) બની જાય છે. એ જ રીતે તપ દ્વારા દેહ કૃશ બને છે પરંતુ દેહના અવયવો શુદ્ધ બને છે અને સૌથી વિશેષ આત્મશુદ્ધિ દ્વારા આત્મબળ ખૂબ વધી જાય છે. વળી તપના પ્રભાવથી અન્ય વ્યક્તિઓ ઉપર અનન્ય છાપ પડે છે. તેમના દિલમાં પણ આવા પ્રકારનું યથાશક્તિ તપ કરીને આત્મવિશુદ્ધિ કરવાની ભાવના જાગે છે તેમ જ ધર્માનુરાગ કેળવાય છે. તેથી તપનો આટલો મોટો મહિમા અને પ્રભાવ છે, તપ એ મોક્ષ પ્રાપ્તિનું અમોઘ સાધન છે.

**કેશવલાલ માણેકચંદ શાહ**
બોરીવલી, **મુંબઈ.**

# ૧૦૮ ઉપવાસની

## તપશ્ચર્યા અંગે આવેલા શુભ સંદેશાઓ

**પાલીતાણા**, આસો વદિ બીજ ૨૦૩૬

પરમ પૂજ્ય પ્રખર વક્તા આચાર્ય શ્રીમાન્ વિજય-**મેરૂપ્રભસૂરીશ્વરજી** મ. સા. આદિ સપરિવાર યોગ્ય.

વિજય **યશોદેવસૂરિ** આદિની સવિનય વંદના.

જે યુગમાં આહાર સંજ્ઞાનું જોર એટલે કે ખાવા–પીવાની સ્વાદ લોલુપતાનું જોર ટોચે પહોંચ્યું છે, ત્યારે, ખાવા–પીવામાં મસ્તી માણતી જનતાને લાલબત્તીની જેમ "જરા રૂક જાઓ, અને દેખો"નો સંકેત આપતી, વળી સહુ કોઈને ભારે ઊંડા આશ્ચર્યમાં મૂકી દેતી અને અનેકને ભારે પ્રેરણા આપતી અજોડ તપશ્ચર્યા મુનિશ્રીની **રત્નાકરવિજયજીએ** કરી પોતાના આત્માનું મહાન કલ્યાણ તો સાધ્યું–સાથે સાથે જૈન શ્રીસંઘને–સમાજને, મહાન આચાર્ય સૂરિસમ્રાટ્ સાહેબના સમુદાય ને અન્ય સમુદાયને અને મહુવાના જૈન શ્રીસંઘને અને સહુને ગૌરવ બક્ષ્યું છે. !

લાંબા ભૂતકાળની ખબર નથી પણ સૈકામાં આ તપશ્ચર્યા અભૂતપૂર્વ અને સુવર્ણાક્ષરે નોંધ લેવાય તેવી થઇ છે.

તપની સાથે મુનિજીનો અપ્રમત્તભાવ, અનેરો ઉત્સાહ, અદ્ભૂત શારિરીક, માનસિક શક્તિ, આ બધી બાબતે સુવર્ણમાં સુગંધની જેમ હજારો, જૈનો—જૈનેતરોમાં ભારે કુતૂહલ અને આશ્ચર્ય પેદા કર્યું છે અને મુનિશ્રી પ્રત્યે, જૈનધર્મ પ્રત્યે અને જૈનધર્મના ત્યાગ-તપ પરત્વે ભારે આદર અને માન ઉત્પન્ન કરાવ્યું છે.

ખરેખર આ બધું જાણીને એ તપસ્વી આત્માને શતશઃ ધન્યવાદ ઘટે છે. હું એમના ઉગ્ર તપોગુણનું અભિવાદન કરી અભિનંદુ છું. એમના તપસ્વી આત્માને નમન કરું છું.

એ તપસ્વી આત્માને અનુરોધ કરું છું કે-મારા માટે તેઓ હાર્દિક પ્રાર્થના કરે કે મારા શારીરિક સંજોગના કારણે મારા જીવનનો તપો ગુણ રૂપી ગુલાબનો કરમાએલો છોડ સુંદર રીતે વિકસવા પામે.

બીજું એક યોગાનુયોગ બનવા પામેલી ઘટનાનો આનંદ એ છે કે જે ધરતી ઉપર અભૂતપૂર્વ અદ્યકોટિની તપશ્ચર્યા થવા પામી એ ભૂમિ મહાતિ મહાન આચાર્ય પૂજ્યપાદ સૂરિસમ્રાટ્ શાસન સમ્રાટ્‌ની જન્મભૂમિ અને સ્વર્ગભૂમિ : ઉભય પ્રસંગથી પાવન થયેલી પુણ્ય ધરતી છે. બીજુ મહુવા (મધુમતી) એક ઐતિહાસિક પ્રાચીન નગરી જ્યાં શાસનપતિના તીર્થની છાયા છે. અને ત્રીજું શાસન સમ્રાટ્શ્રીના વારસદારની પુણ્ય નિશ્રા-આવો ત્રિવેણી યોગ વિરલ કહેવાય ! ........

તપસ્વીનું ઉત્કટ પુણ્ય તો ખરું પણ એ તપશ્ચર્યા આવી નિર્વિઘ્નપણે ખબર જ ન પડે કે આમણે આવી ઉગ્ર તપસ્યા કરી હોય; ન કોઈ ચિંતા ઊભી થવા પામી. નિરાબાધ પણે એક સરખા સુખદ દિવસો પસાર થઈ ગયા. એની પાછળ સ્વર્ગસ્થ મહાન ગુરૂદેવો અને શાસનદેવોએ પૂરુ પાડેલું બળ કામ કરી ગયું છે તે ખરેખર આશ્ચર્યજનક બાબત છે.

૧૦૮ ના અંકની ધ્રુવની સંખ્યાને પાર પામ્યા તેનો સર્વત્ર જય જયકાર અને આનંદ આનંદ ફેલાઈ ગયો છે.

અન્તમાં જૈન શાસન જયવંતુ રહે, તપો ગુણનો ડંકો ગાજતો રહે અને પારણા પછી શીઘ્ર પૂર્વવત્ સ્થિતિને પ્રાપ્ત કરો. સહુ સાવધાન રહો. એ જ પ્રાર્થના અને નમ્ર વિનંતિ

જૈનં જયતિ શાસનમ્....

**જવાહરનગર-ગોરેગાંવ; મુંબઈ;**
આસો વદ પાંચમ.

શાસન પ્રભાવક પૂ. આ. મ. શ્રી વિજય **મેરુપ્રભ-સૂરીશ્વરજી** મ. સા. આદિ.

લી. વિજય **દક્ષસૂરિ**, વિજય **સદ્‌ગુણસૂરિ** આદિની સાદર વંદના અનુવંદના સુખશાતા.

........ આવા કપરા કાળમાં આવો મહાન તપ ભલ-ભલાના શિર ઝૂકાવે છે. જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે. મહુવા શ્રી સંઘને પણ સહસ્રશઃ ધન્યવાદ છે કે તેઓને આ પ્રસંગ ઉજવવાનો મહા અલભ્ય લાભ મળ્યો છે....ઉગ્ર તપસ્વી મુનિરાજ શ્રી **રત્નાકરવિજયજીને** અમારા હાર્દિક અભિનંદન પૂર્વક સુખશાતા પૃચ્છા વિદિત કરશો. આ પ્રસંગ હજારો નહીં બલકે લાખો આત્માઓને અનુમોદનીય બનેલ છે. પરમ પૂજ્ય પરમોપકારી શાસનસમ્રાટ્શ્રીના પુણ્ય પ્રભાવ સામ્રાજ્યનો અજોડ પ્રભાવ ને પ્રતાપ હતો અને આથી વિશેષ પ્રસરેલ છે.... આવી ઉગ્ર તપશ્ચર્યાથી આપણા સમુદાયનું ગૌરવ અભિવૃદ્ધિ પામેલ છે, એટલું જ નહીં, પરંતુ જૈનશાસનની મહાન્ પ્રભાવના વિશ્વભરમાં પ્રસારી તપસ્વીજીએ અમર નામના મેળવી છે....

**શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઈ–૬.**
આસો વદ–૬.

શમદમાદિ ગુણગુણ વિભૂષિત શાસનપ્રભાવક પૂ. આ. મ. શ્રીમદ્ વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા. ની સેવામાં.

વિજય **ભુવનભાનુ** આદિની સવિનય વંદના........

....ઉગ્ર તપસ્વી મુનિપુંગવશ્રી **રત્નાકરવિજયજીની** ૧૦૮

ઉપવાસની ભીષ્મ તપસ્યાની અત્યંત અનુમોદના થાય છે. આ કાળમાં તપ ગુણરત્નના રત્નાકર સમા શ્રી **રત્નાકર વિજયજી** મહારાજે જબરદસ્ત તપસ્યા કરી નિજનાં તો અદ્ભૂત આત્મહિક સાધ્યાં, સારાયે શ્રી જૈન સંઘમાં જબ્બર ધર્મ પ્રભાવના તથા જૈનેતર સમાજોમાં નક્કર શાસન પ્રભાવના કરી છે. કંઈકની આહાર-પ્રિયતાને ધક્કો લગાડી દીધો છે.

જાણવા મળેલું કે આટ આટલા ઉપવાસમાં પણ આ મહાન્ તપયોગી અપ્રમત્ત રહેતા, જાતે ચાલીને દર્શન કરવા જતાં અને ભાવિકોને વાસક્ષેપ પણ નાંખતાં. ધન્ય તપ! ધન્ય તપસ્વી !

આપશ્રી સૌની તેમજ તપસ્વીની વૈયાવચ્ચની પણ અનુમોદના કરીએ છીએ અને પારણા બાદ તપસ્વીજીને ચિરકાળ સુચારુ આરોગ્ય બન્યું રહે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

દઃ પોતે,

❋

**નાસિક; વિ. સં. ૨૦૩૬, આસો વદ ૮.**

........ આપ કૃપાળુએ ૧૦૮ ઉપવાસની અજોડ અભૂતપૂર્વ તપશ્ચર્યા કર્યાના સમાચાર વર્તમાન પત્રો દ્વારા જાણીને અપાર હર્ષ અને અત્યન્ત અનુમોદના કરી છે. આપની આ તપની અનુમોદના કરતો એક પત્ર મારા તરફથી આપને લખાયો છે, જે મળ્યો હશે.

આપના મહાન્ તપનું આજે પારણું થયું હશે. આપના સંયમપૂત અને તપઃપૂત દેહે નિરામયતા હશે. સદૈવ આપના સંયમ સાધક શરીરને સુચારુતા ઝંખુ છું.

આવું મહાન્ તપ કરીને વિશ્વભરમાં આપે જિનશાસનની અદ્‌ભૂત પ્રભાવના કરી છે. ભોગની ભયંકર ભૂખથી ઉભરાઈ ગયેલા જગતમાં આપે તપસ્વી અને આદર્શ સાધુ રત્ન તરીકે એક દિવ્ય આદર્શ ખડો કર્યો છે. આપના એ તપોધર્મને અને આત્મ કલ્યાણના એક માત્ર આકાંક્ષી આત્માને મારા અને મારા સહુ શિષ્ય પરિવારના અગણિત વંદન હો! કૃપાળુ! એવી આશિષ વર્ષાવશો, જેથી અમે ય આપની જેમ તપની આરાધનાના આરાધક બનીએ. પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. ને અમારી કોટિશઃ વન્દના વિદિત કરશો.

લી. **ચંદ્રશેખર વિજયના** વંદન.

મહુવા બંદરે પૂજ્ય આ. મ. શ્રી વિજય **મેરુપ્રભ-સૂરીશ્વરજી** મ.ની શુભ નિશ્રામાં.

પૂજ્ય મુનિરાજ **રત્નાકર વિજયજી** મહારાજે કરેલ ૧૦૮ ઉપવાસની મહાન્ તપશ્ચર્યાને અનુલક્ષી બૃહદ્ મુંબઈના શ્રી સંઘો અને સંસ્થાઓને ઉપક્રમે શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય મુંબઈમાં મળેલ ચતુર્વિધ શ્રી સંઘની જાહેર સભામાં કરવામાં આવેલ.

## અનુમોદનનો ઠરાવ

"પરમ પૂજ્ય શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી વિજય **નેમિસૂરીશ્વરજી** મહારાજના સમુદાયના, પૂજ્ય મહાન્ તપસ્વી મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** મહારાજે, મહુવા (સૌરાષ્ટ્ર) મુકામે, વિ. સં. ૨૦૩૬ ના ચાલુ ચાતુર્માસ દરમ્યાન, ૧૦૮ ઉપવાસની અખંડ અને ઉગ્ર તપશ્ચર્યાની આરાધના અપ્રમત્ત ભાવે કરીને શ્રી જિન-શાસનની અપૂર્વ પ્રભાવના કરી છે."

"જૈન ધર્મના ઉપવાસ અને તપશ્ચર્યા એ કઠિનમાં કઠિન તપશ્ચર્યા છે. એમાં ક્યાંય પણ શિથિલતાને સ્થાન નથી. અને તેથી ૧૦૮ ઉપવાસની આવી મહાન્ અને ઉગ્ર તપશ્ચર્યાએ વર્તમાન કાળની અતિ વિરલ, વિક્રમરૂપ અને સૌ કોઇની અનુમોદનાનો વિષય બની રહે તેવી છે.

ગોડીજી ઉપાશ્રય–મુંબઈમાં ચાતુર્માસ બિરાજમાન પ. પૂ. આચાર્ય શ્રી વિજય **સૂર્યોદયસૂરીશ્વરજી** મહારાજની શુભ પ્રેરણાથી, શ્રી વિજય દેવ સૂર સંઘ આદિ અનેક સંઘો તથા અખિલ ભારત જૈન કૉન્ફરન્સ આદિ વિવિધ સંસ્થાઓને ઉપક્રમે, પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય **રામ સૂરીશ્વરજી** મ. (ડહેલાવાળા) પ. પૂ. આચાર્ય શ્રી **વિજય લબ્ધિ સૂર્યોદયસૂરીશ્વરજી** મ. પ. પૂ. આચાર્ય શ્રી **વિજય સૂરીશ્વરજી** મ., પ. પૂ. આચાર્ય શ્રી **જયચંદ્ર સૂરીશ્વરજી** મ., પૂજ્ય પંન્યાસજી શ્રી **સુભદ્રસાગરજી** ગણિવર્ય, પૂજ્ય ગણિવર્ય શ્રી **નિત્યોદય સાગરજી** મ.

આદિ શ્રમણ ભગવંતોની શુભ નિશ્રામાં, સોમવાર, તા.-૨૭-૧૦-૮૦. (સં ૨૦૩૬ આસો વદિ ૪) ના રોજ મળેલી ચતુર્વિધ શ્રી સંઘની આ જાહેર સભા પરમ પૂજ્ય મુનિશ્રી **રત્નાકરવિજયજી** મહારાજની આ મહાન તપશ્ચર્યાની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને શાસનદેવ તેઓને સંપૂર્ણપણે શાતા આપે તેવી પ્રાર્થના કરે છે.”

❋

મુંબઈ-૨
તા. ૧-૧૧-૮૦

પરમ પૂજ્ય શાંત દાંત પરમોપકારી શાસન સુભટ, સદા હિત-મિત અને સત્ય વનનારા, નીડર વક્તા આચાર્ય ભગવંત શ્રી વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા. આદિ.

બીજું; સમગ્ર વિશ્વમાં વર્તમાન યુગમાં મહાનમાં મહાન્ તપસ્યા કરનાર પ. પૂ. મુનિરાજ શ્રી ૧૦૮ શ્રી **રત્નાકર વિજયજી** મ. સા. ૧૦૮ ઉપવાસ પૂર્ણ કર્યા તેને કોટી કોટી વંદના કરું છું....તપસ્વી મહારાજની ધીરજ, સમતા, અને મનની મક્કમતા એક મહાન વીર પુરુષને, વીર આત્માને છાજે તેવી છે. પ્રાતઃ સ્મરણીયય પ. પૂ. આ શ્રી વિજય **નેમિ સૂરીશ્વરજી** મ. સા. ની પાટે વિદ્વત્તામાં, ચારિત્રમાં, જ્ઞાનમાં, ધ્યાનમાં, શાસનના સંચાલનમાં, રક્ષણમાં જેમ અનેક મહાપુરુષો-મહા સંતો થયા તેમ આ એક મહા તપસ્વી પણ થયા. મારું નમ્ર સૂચન છે કે પર્યુષણા વ્યાખ્યાનમાં

જેમ ચંપા શ્રાવિકાનું નામ રોશન થયું છે તેમ શ્રી સંઘે મુનિરાજ શ્રી **રત્નાકર વિજયજી**નું નામ યોગ્ય રીતે જોડીને વર્તમાન યુગનું અને પ. પૂ. આ. દેવશ્રી વિજય **નેમિ સૂરીશ્વરજી** મ. સા. નું ગૌરવ વધારવું જોઈએ.

લી. **રાયચંદ મગનલાલ**ના ૧૦૦૮ વંદના.

❋

**પાર્લા, મુંબઈ**
**આસો વદ–૨**

પરમ પૂજ્યપાદ્ શાસનસમ્રાટ્શ્રીના ચરણકમળ રજથી પવિત્રિત મહુવા બંદરે પરમ પૂજ્યપાદ્ આ. દેવ શ્રીમદ્ વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા., ઉગ્ર તપસ્વી મુનિરાજ શ્રી **રત્નાકર વિજયજી** મ. આદિની સેવામાં.

પાર્લાથી લિ. **અશોકચંદ્રસૂરિ** આદિની સવિનય વંદનાવલિ.

.... વિશેષ જણાવવાનું કે પૂ. તપસ્વી મહારાજ સુખ શાતામાં હશે ? અમે તો બહુ દૂર બેઠા છીએ, પરંતુ દૂર –સુદૂર રહેલા પણ ચંદ્રનું પ્રતિબિંબ અહીં રહેલ થાળીમાં પડે છે. તેમ દૂર રહેલા અમારી શુભ ભાવનાના પ્રતિબિમ્બ રૂપે શાસન દેવની અસીમ સહાયથી તપસ્વીના સકલ વાંછિત પૂર્ણ થાય, એવી અભ્યર્થના.

ખરેખર! રત્નાકર – સમુદ્ર – રત્નોના ભંડાર, પરંતુ તપસ્વી મહારાજે રત્નોને બદલે રત્નત્રયીની સાધના સ્વરૂપ ઉપવાસના દરિયા બની પોતાનું નામ સાર્થક કર્યું છે.

ધન્ય તપસ્વી – ધન્ય તપશ્ચર્યા.

.... ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યાના પારણાના દિવસે અમારા શ્રી સંઘ તરફથી પાંચ જીવ છોડાવવાનો નિર્ણય કર્યો છે.

**શ્રી પાર્શ્વનાથજી. શ્વે. મૂ. જૈન સંઘ**
ઘાટકોપર, **મુંબઈ.**

❋

**ડૉ. બાવીશી પાલીતાણા.**

જૈન ધર્મમાં 'તપ'નું મહત્વ છે જ, પરંતુ આપના આ 'ઉગ્રતપથી' એનું મહત્ત્વ અનેકગણું પ્રત્યક્ષ બની જાય છે (પ. પૂ. આ. દેવશ્રી વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા. ની શુભ નિશ્રા અને પાવન પ્રેરણાથી જ આપની તપશ્ચર્યા આગળ ધપી રહી છે! ધન્ય ગુરુવર્ય!)

.... તપસ્વી મહારાજશ્રીની તપશ્ચર્યા કરવાની વૃત્તિ-પ્રવૃતિ, બાળકોને ધર્મ પમાડવાની સુંદર અને સરળ શૈલી ગુરુવર્યો પ્રત્યે ભક્તિભાવ અને વૈયાવચ્ચ વૃત્તિ – આ બધું જાણે એમના જીવન સાથે વણાઈ ગયું છે.

.... આપનું સંયમબળ, પુન્ય સમૃદ્ધિ અને મનની મક્કમતા એવા છે કે—આપ ધારો તે કરી શકો; અને એજ બન્યું.

....આ તપશ્ચર્યા પાછળના ગૂઢ રહસ્યમાં અંતરની અનુપમ પ્રબળ ભાવના હોવા ઉપરાંત જિનશાસન પ્રત્યે શ્રદ્ધા-સન્માન, પૂજ્ય પાદ શાસનસમ્રાટ્શ્રીના પાદસ્પર્શથી પ્રભાવિત પાવનતા, પ. પૂ. આ. દેવશ્રી વિજય **મેરુપ્રભ સૂરીશ્વરજી** મ. સા. ની નિશ્રા અને પ્રેરણા ખૂબ જ સહાય રૂપ બની એમ કહી શકાય.

❖

**સાવરકુંડલા**
આસો વદ–૩

**॥ શ્રી મધુપુરી મધ્યે મહાવીર સ્વામિ દાદાની શીતલ છાયામાં શ્રી નેમિસૂરિ આદિગુરુભ્યો નમઃ ॥**

....પ્રખર વિદ્વાન વ્યાખ્યાતા, જ્યોતિષાચાર્ય પ. પૂ. આ. દેવશ્રી વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા. આદિની સેવામાં....જૈન શાસનમાં શ્રી દેવ, ગુરુ, ધર્મ અને આપશ્રી જેવાની નિશ્રામાં આજે મહાન તપશ્ચર્યાની સરિતા વહી રહી છે. એવી પવિત્ર પૂજ્યપાદ આ. દેવ શ્રી વિજય **નેમિ સૂરીશ્વરજી** દાદાની પરમ પાવન તીર્થભૂમિમાં આવા

તપસ્વી મુનિ પુંગવથી આજે મધુપુરીનું ઓજસ્ સુંદર દીપી રહેલ છે, જે આપ જેવા આચાર્યદેવના શુભ આશિર્વચનથી જૈનધર્મનો જય જયકાર થઈ રહ્યો છે.

—**કુમુદરાય મોતીચંદ** શાહ.

**કોન્ફરન્સ—મુંબઈ**
તા–૨૨–૧૦–'૮૦

૧૦૮ ઉપવાસની અતિ ઉગ્ર અને કઠીન તપસ્યા પૂ. મુ. **શ્રી રત્નાકરવિજયજી** મહારાજે કરી છે. જે માટે અમો તેઓના તપની ભારે અનુમોદના કરીએ છીએ. શાસન સમ્રાટ્ સમુદાયનું અને સમસ્ત શ્રમણ સંઘનું પણ આ મહાન ગૌરવ છે. ૧૦૮ ઉપવાસની તપશ્ચર્યા એક ઐતિહાસિક ઘટના છે.

લી. **જયંતભાઈ એસ. શાહ મા. મંત્રી :**
**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ (મુંબઈ)**

**શિવ-સાયન ( મુંબઈ–૨૨ )**
આસો વદ–૬, ૨૦૩૬

....ખરેખર કળીકાળમાં એક આશ્ચર્યભૂત બીના બની છે. ભગવાન જીવિત સ્વામી તથા આપ પૂજ્યશ્રીની પરમ સાંનિધ્યમાં આ તપોનિધિએ નવો વિક્રમ સર્જ્યો છે....અત્રે

વ્યાખ્યાનમાં અનુમોદન કરવા પ્રેરણા કરેલ કે, આ તપની અનુમોદનાર્થે વર્ષમાં ઓછું ૧૦૮ દિવસ બેસણાદિ તપ કરવો. તેમાં સંખ્યાબંધ આત્માઓએ નિયમો લીધેલ છે.

મુનિ **જગવલ્લભવિજયજી** મહારાજ

❋

**જોધપુર** આસો વદ-૭

....આજના યુગમાં જૈન શાસનમાં આવા નરરત્નો રહેલા છે કે જેઓએ મનને વશ કરી, કાયા ઉપરની મમતાને તોડીને, રસના આદિ ઇન્દ્રિયોને કાબુમાં રાખી મહાવીર શાસનમાં, પંચમ કાળમાં, ઘોર તપસ્યાનો ડંકો વગડાવ્યો.... તપની અનુમોદના સ્વરૂપ આસો વદ ૨ ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મહાપૂજન ઘણા જ ઉત્સાહપૂર્વક ભણાવાયુ હતું.

—સાધ્વી **પુણ્યપ્રભાશ્રી, રત્નપ્રભાશ્રી** આદિ....

❋

**શ્રી ઝવેરી પાર્ક આદીશ્વર ટ્રસ્ટ**

**અમદાવાદ**—૧૩. તા. ૨૭–૧૦–'૮૦

આપ સર્વે સુખ શાતામાં હશો. આ કાલમાં ઘણા સમયે સંયમ જીવનમાં આવી ઉગ્ર તપસ્યા કરી તે શાસનને માટે ગૌરવ રૂપ છે. આપનું તપ નિર્વિઘ્ને પાર પાડવા સાથે દીર્ઘાયુષ વધે. એ જ અમારી શાસન દેવને પ્રાર્થના. તપથી નીકાચિત કર્મને તોડવાની તાકાત તપમાં

છે. આપના શરીરને સારી સુખાકારી પ્રાપ્ત થાય. આવા ઉગ્ર તપ કરવાની શક્તિ પ્રાપ્ત થાય તથા આત્માના કલ્યાણ રૂપ થાય. એજ અભિલાષા.

**—ઝવેરી પાર્ક જૈન સંઘ અમદાવાદ**

❋

**જૈનયુવક મંડળ સુરેન્દ્રનગર**

તા. ૨૮–૧૦–'૮૦

આપના પૂજ્યતમ દેહે સુખશાતા હશે.

છેલ્લાં ૩૦૦ વર્ષના ઈતિહાસમાં ન બનેલ તથા ન કલ્પી શકાય તેવી મહાન્ તપશ્ચર્યા આપે કરી છે. આપે ૧૦૮ ઉપવાસ કરી આપણા જૈનશાસનના ઇતિહાસમાં આપનું નામ સુવર્ણાક્ષરે આરૂઢ કર્યું છે. તે ખરેખર આપણા શાસન માટે ખૂબ ગર્વની વાત છે. આપની અનુમોદના કરી શકાય તેવા શબ્દો અમારી પાસે નથી.

આપનું ૧૦૮ ઉપવાસનું પારણું આવતી કાલે છે. અને તે પારણું ખૂબ જ સુખશાતાપૂર્વક થાય તેવી શાસન દેવને પ્રાર્થના.

❋

**નટવરલાલ એસ. શાહ**

તા. ૨૮–૧૦–'૮૦

પરમ પૂજ્ય મહા તપસ્વી શાંત મૂર્તિ મુનિશ્રી **રત્નાકર વિજયજી** મ. સા.

જૈનધર્મના ત્યાગ અને તપના ઉમદા ગુણોને વિકસાવતા અને આજના યુગમાં અદ્ભુત–અપૂર્વ અવિસ્મરણીય અને સહુને અચંબામાં મૂકી દે તેવી અજોડ તપશ્ચર્યાથી ધર્મની ઉજ્જવળ જ્યોતિને વધુ દેદીપ્યમાન બનાવનાર આપશ્રીને શત શત ધન્ય ! મુનિરાજના મંગળમય નાદથી હાર્દિક રીતે ગજવતો હું આપશ્રીના તપની ભૂરિ ભૂરિ પ્રશંસા કરું છું.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય **મેરૂપ્રભ સૂરીશ્વરજી** મ. સા. ના સાનિધ્યમાં શાસનસમ્રાટ્ નિત્ય સ્મરણીય શ્રીમદ્ વિજય **નેમિસૂરીશ્વરજી** મ. સા.ની પાવન ભૂમિમાં આપશ્રીના તપની પૂર્ણાહુતિનો અમૂલ્ય અવસર ઉજવાઈ રહ્યો છે. તે સોનામાં સુગંધ સમાન છે.

શાસન દેવને પ્રાર્થના છે કે આપશ્રીનું પારણું સુખ-શાતા પૂર્વક થાય એટલું જ નહિ કિંતુ જૈનશાસનને જયવંતુ બનાવતા આપશ્રીની શારીરિક પ્રકૃતિ સુયશકારી-સુખરૂપ રહે અને ભૌતિક યુગમાં રહેનાર અને રાચનાર સર્વેને તપનું અનેરૂં મહત્ત્વ સમજાય તેવી શાસન દેવને પ્રાર્થના છે.

**'નામ તેવા ગુણ છે, તપમાં રત્નાકર;**
**આજે સકળ વિશ્વ, કરે આપનો આદર.'**

લી.

**'નટવર'લાલના વંદન...**

❖

## મનસુખલાલ રીખવચંદ-માલેગાંવ

તા. ૨૨-૧૦-'૮૦

વર્તમાનના સર્વશ્રેષ્ઠ તપસ્વી! પરમોપકારી પરમ વૈરાગી તપોમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી **રત્નાકરવિજયજી** મ. સા. આદિ ગુરુદેવોની પૂનિત ચરણ સેવામાં—

ચરણ સેવક મનસુખલાલ રીખવચંદની શતશઃ વંદના.

....આત્માની અનંત શક્તિનો સાક્ષાત્ દાખલો આપનાર હે મહા વિભૂતિ વારંવાર વંદના!

જૈન શાસનના જાહોજલાલીભર્યા ઇતિહાસની ઝાંખી, આપશ્રીની સુદીર્ઘ તપસ્યાથી આજે થાય છે.

જૈન શાસનના ઇતિહાસમાં આ અવસર સુવર્ણાક્ષરે લખાય તેવો મહાન્ છે. અને તે સાથે તા. ૨૮-૧૦-૮૦નો શુભ દિન જૈન શાસનમાં સુવર્ણ દિન હશે. તેની સુખદ કલ્પના માત્રથી આજે પણ હર્ષાશ્રુ ઉભરાય છે.

સમયનું કે પેય અપેય-ખાદ્ય-અખાદ્ય-ભક્ષ્યાભક્ષ્યનો સારાસાર વિવેક ભૂલીને રાત દિવસ જ્યારે માનવી ખાઉધરો બની આહારની-રસનાની લાલસામાં પૂરેપૂરો જકડાયો છે, હજી વધુ જકડાય છે તેવા સમયે ૧૦૮ ઉપવાસ જેવા મહાન તપસ્યાની જ્યોત જલાવી આપશ્રીએ સાચે જ અમ સમાન જીવોને તપ ધર્મનો સચોટ સંદેશ શિખવાડયો છે.

આ તપોરત્નના અજવાળે સાચે જ આપશ્રીનું "રત્નાકર" નામ સાર્થક જ થાય છે.

**એમ. પી. વીરપુરવાળા**

ગોધરા, તા. ૨૩–૧૦’૮૦.

આપની સુખશાતા સૌ ઈચ્છીએ છીએ. શાસનદેવ આપને વધુ ને વધુ પ્રભાવક અને શક્તિશાળી બનાવે એવી પ્રાર્થના.

આવા કપરા કાળમાં જ્યાં રસેન્દ્રિયે કાળો કેર વર્તાવ્યો છે. સંઘયણના ઠેકાણા નથી છતાં આપે વીતરાગ પ્રભુના ચીંધ્યા માર્ગે વીરતા બતાવી શાસનનો ડંકો વગાડ્યો છે.

કેવી અડગ શ્રદ્ધા, કેવી સમતા ! અહા ! એ ભાગ્યશાળી અણગાર, તમોને ધન્ય છે. આપે આ પુદ્‌ગલની માયા તોડી, રસેન્દ્રિય પર અદ્‌ભુત વિજય મેળવ્યો છે. ધન્ય ! ધન્ય !

અમો પામર સંસાર ભોગી, આવું લખવા યોગ્ય નથી, પણ મનમાં સતત આ મહા તપ યાદ આવે છે અને આ અનુમોદના સરી પડે છે.

લિ. આપનો **મહેન્દ્ર. પી. વીરપુરવાળા** તથા **ગૌતમ એમ. વીરપુરવાળા** સાથ સર્વેની **વંદના.**

❖

તપસ્વી મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** મ.સા. આદિ

સાદર વંદના સુખશાતા.

આપશ્રીની તપશ્ચર્યાના સમાચાર જાણી ખૂબ ખૂબ આનંદ થયો. તપશ્ચર્યાની સુખશાતા હશે.

શાસનદેવને પ્રાર્થના છે કે આપની આ તપશ્ચર્યાનું પારણું સુખરૂપ નિવડે.

આપની આવી મહાન્ તપશ્ચર્યા નિમિત્તે મારા ખૂબ ખૂબ અંતરના અભિનંદન.

—પદ્મસાગર

❖

તા. ૨૪-૧૦-"૮૧

પૂજ્ય આચાર્ય દેવ ૧૦૦૮ શ્રી **મેરુપ્રભસૂરીશ્વરજી** ગુરુદેવ અને પૂજ્ય ઉગ્ર મહાન્ તપસ્વી શાંતમૂર્તિ પ્રખર મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** ગુરુમહારાજશ્રીની શુભ નિશ્રામાં-શ્રી મધુમતી નગરે (મહુવા બંદરે).

બોરીવલી નગરેથી (કુંભણ નિવાસી) હાલ મુંબઈથી લી. આપનો આજ્ઞાંકિત સુશ્રાવક કાંતિલાલ રણછોડદાસ શેઠની સવિનય ૧૦૦૮ વંદના-નમસ્કાર સ્વીકારશોજી.

જત, હાલમાં મહુવા (બંદર) નગરમાં આ વર્ષનું ચાતુર્માસ (૨૦૩૬) ઇતિહાસમાં અજોડ અને અવર્ણનીય સુવર્ણાક્ષરે અંકિત પુરવાર થયેલ છે. આપ જેવા જ્ઞાની ગુરુમહારાજ અને નિડર તથા સત્યવક્તાના પ્રવચનથી હાલમાં મહુવા નગરમાં જે જૈનશાસનની ઉજ્જવલ જ્યોત પ્રકાશિત ઉગ્ર તપસ્વી શાંતમૂર્તિ મુનિ મહારાજશ્રી **રત્નાકરવિજયજી** મ.સા.ની ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવથી જે

જૈનશાસન તે અનાદિકાળથી ઉજ્જવળ છે. પરંતુ હાલમાં આવા ભૌતિકવાદના જમાનામાં જે આપ જેવા ગુરુદેવની શુભ નિશ્રામાં **રત્નાકરવિજયજી** મ. સા. ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા જેમ કાલિકાલ સર્વજ્ઞ આ. **શ્રી** હીરસૂરીશ્વરજી મ. સા.ના કાળમાં તેમના શુભ આશીર્વાદથી ચંપાબાઈએ અકબર જેવા મહાન્ હિંસા પ્રિય રાજાના રાજ્યમાં ૬ માસની ઉગ્ર તપશ્ચર્યા કરવાનો પૂ. આ. શ્રી શ્રી હીરસૂરીશ્વરજી મ. સા.ની મુલાકાતનો યોગ બનેલ. તો હાલમાં મહુવા નગર તો આખું પૂ. ઉગ્ર તપસ્વી મુનિશ્રી **રત્નાકરવિજયજી** મ. સા. ના પારણા માટે ઘેલું બન્યું છે. તેમ એક મહાન્ તપસ્વી આત્માના તપના પ્રભાવથી આખા ભારતને ખૂણે-ખૂણે મહુવાનગરનું નામ પ્રસિદ્ધ બનેલ છે.'

"પરમ પૂજ્ય પરમોપકારી, પંચ મહાવ્રતધારી, પંચ સમિતિધારક, જ્ઞાન નિધાન, શાસન શણગાર, સંસારના ઉદાસી, આઠ મદના ટાલક, યતિધર્મના પાલક, રાગ-દ્વેષને જીતવામાં વીર, શિવરમણીના પ્યાસી, તત્ત્વજ્ઞાનના પ્રકાશી, તપ-જ્ઞાનરૂપી અલંકારોથી સુશોભિત, પરમપૂજ્ય, શિરસાવંદ્ય અનેક ગુણાલંકૃત, અપ્રતિમ તપસ્વી પૂજ્ય મહારાજ સાહેબશ્રી **રત્નાકરવિજયજી** મ. સા.

ડોંબીવલીથી લી. **રીટા**ના (આપની ભત્રીજી)નાં ૧૦૦૮ વાર વંદના અવધારશોજી.

આપશ્રી આ પૃથ્વીપટને આપના કુંકુંમમય ચરણોના સ્પર્શથી સદા પવિત્ર-પાવન કર્યા કરો છો. આપશ્રીના ધર્મો-

પદેશરુપી પ્રખર સૂર્યના પ્રકાશને લીધે જૈનશાસન અદ્ભુત પ્રકાશની રોશની આપી રહ્યું છે. વળી આપની ઉગ્ર તપસ્યાના પ્રભાવે પણ અજ્ઞાન ને પ્રમાદની ઘોર નિદ્રામાં પડેલા જૈન સમાજના સંતાનોમાં ધાર્મિક-નૈતિક અને વ્યાવહારિક કુસુમોનો વિકાસ પણ થવા લાગ્યો છે.

આપને ગુરુદેવની પવિત્ર છાયામાં શાતા હશે. આપની તબિયત પણ ઉગ્ર તપસ્યા કરવા છતાં સંયમ-સાધનાને અનુકૂળ હશે. આપ તપસ્વીના પ્રત્યક્ષ દર્શન કરવા માટે દરેક ઉત્સુક બની ગયા છીએ.

બસ. શાસનદેવી આપની તપોભાવના નિર્વિઘ્નપણે પરિપૂર્ણ કરે એ જ પ્રભુ પાસે પ્રાર્થીયે છીએ.

લિ.

તપસ્વીના પ્રત્યક્ષ દર્શન ઇચ્છતી
**રીટા**ના અગણિતવાર વંદના આપના
ચરણ-કમળમાં અવધારશોજી.

❋

**જવાહરનગર-જૈન દેરાસર**
**મુંબઇ**-આસો વદ-૩.

ગોરેગામથી લિ. આપની દર્શનાભિલાષીની સા.
**તત્ત્વયશાશ્રીજી વિરતિયશાશ્રીજી, મંજુલયશાશ્રીજી**
આદિ ઠા.ની કોટીશઃ વંદના

પૂ. મુનિશ્રી **રત્નાકરવિજયજી** મ. સા. આટલા ઉપવાસની સાથે અપ્રમત્તભાવે જે ક્રિયા કરી રહ્યા છે, તે ખૂબ આશ્ચર્યકારક છે. આખા ભારતભરમાં સૌથી પ્રથમ રેકોર્ડરૂપ બની ગયેલ છે. અને ઇતિહાસના પાને તેઓ સુવર્ણાક્ષરે આવી જશે. આવું સુંદરક્ષેત્ર, આપ જેવા મહાપુરુષોની નિશ્રા, ચાતુર્માસનો કાળ વિ. સંગમ મળવો દુષ્કર છે. તેમણે તો જીવન સાર્થક કર્યું, તેની સાથે સમુદાયને પણ ગૌરવ લેવાનું છે. આવા રત્નો પણ છે. ખરેખર સાક્ષાત્ જેમણે વંદનનો લાભ લીધો તે તો ધન્ય બની ગયા. અમ જેવા દૂર બેઠા આવા તપસ્વી રત્નના વંદનનો લાભ લઈ શકીએ તેમ નથી. લખવા કે બોલવા માટે કોઈ શબ્દ નથી. શાસનદેવ તેમના તપમાં સહાય કરે અને સાથે સાથે નીરોગી શરીર, દીર્ઘાયુષી બક્ષે એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના. શાસનસેવા સાથે અનેકવિધ તપ કરી સિદ્ધિના સોપાન સર કરે એવી મનોકામના.

**બાબુલાલ સી. શાહ**

**મુંબઇ**– તા. ૨૮–૧૦–’’૮૦

સ્વસ્તિ શ્રી મહુવા નગરે સ્થિત, શ્રી નમસ્કાર મહામંત્ર સ્મારક, રત્નત્રયીના અપ્રમત્ત ભાવનાના અનન્ય આરાધક, અમ મૂક જીવોનાં કૃપાનિધિ, બોધિબીજની પ્રાપ્તિમાં પુષ્ટ આલંબન ભૂત, ૫૦ પૂજ્ય આ૦ શ્રી **વિજયમેરુપ્રભસૂરીશ્વરજી** મ. સ. તથા તત્ર બિરાજમાન અન્ય મુનિ પુંગવો તથા તપોનિધિ પ. પૂ. શ્રી **રત્નાકરવિજયજી** મ. સા. સર્વેને.

મુંબઈથી લિ. બાબુલાલ ચંદુલાલ શાહ પરિવારની વિનયયુક્ત ભાવભરી ભૂરિ ભૂરિ વંદના અવધારશોજી.

કેટલો મહાન અપૂર્વ યોગાનુયોગ શ્રી મહુવાનગરમાં પ્રવર્તી રહ્યો છે. શ્રી તપાગચ્છ સંઘ માટે કે જે પુણ્યનગરી મહુવામાં જૈન શાસનસમ્રાટ્ રત્નનો વિ. સં. ૧૯૨૯ના કારતક સુદ ૧ના રોજ જન્મ થયો. તે ઉજ્જવળ નરરત્ન-પુંગવ આગળ જતાં શ્રી તપોગચ્છાધિપતિ, ભટ્ટારક, જગદ્-ગુરુ, શાસનસમ્રાટ્, સર્વતંત્ર સ્વતંત્ર, શ્રી સૂરિચક્ર ચક્રવર્તી પ. પૂ. આચાર્યશ્રી વિજય **નેમિસૂરીશ્વરજી** નામ અવધારણ કરી શ્રી જૈનશાસનને દિપાવ્યું તે આ મહાન ગુરુભગવંતની પુણ્યનગરી જ્યાં વિશુદ્ધ પરમાણુઓથી યુક્ત છે. ત્યાં આપ-શ્રીના સુયોગની પુણ્ય નિશ્રામાં અદૃષ્ટ અનુગ્રહયોગથી તથા તેમાં પણ શ્રી શાસનસમ્રાટ્ની પુણ્ય જન્મનગરીમાં તેમના સમુદાય પરિવારમાં પૂજ્ય તપ્રોનિધિ શ્રી રત્નાકરવિજયજી મ. સાહેબે ઉપાડેલી ૧૦૮ ઉપવાસની અપૂર્વ, ઉગ્ર, અપ્ર-મત્તભાવના અખંડ તપશ્ચર્યા જે હવે આપશ્રીની શુભ નિશ્રામાં ફલવતી બની પૂર્ણાહૂતિના આરે આવીને ઊભી રહી છે. ત્યારે અમારા હૈયામાં આનંદનો અવધિ તથા ભૂરિ ભૂરિ ભાવવંદના યુક્ત અનુમોદનાનો મહાસાગર હેલે ચડયો છે. આવા ઉત્તમ આરાધક આત્માની તપશ્ચર્યાપૂર્વકની આરા-ધનાની અનુમોદના કરવામાં અમો અમારા જીવનને સાર્થક થયેલું જાણીએ છીએ. કેમ કે અમોને અનુમોદનાની આ તક અનાયાસે પ્રાપ્ત થઈ છે. શ્રી તપાગચ્છીય શાસનસમ્રાટ્નાં

સમુદાયના મહાન ગૌરવ સમાન પ. પૂજ્ય શ્રી **રત્નાકર વિજયજી** મહારાજ સાહેબ અપૂર્વ અખંડ તપશ્ચર્યા કરવા દ્વારા શ્રી જિનશાસનની મહાન્ પ્રભાવના કરી છે. શાસન-દેવ તેમની આ શુભ ભાવનાયુક્ત ઉપાડેલ મહાન્ તપશ્ચર્યા નિર્વિઘ્ને પાર પાડવામાં સહાયભૂત થાય એવી અમારી ભાવપૂર્વકની ક્ષણેક્ષણની શુભ અભ્યર્થના યુક્ત પ્રાર્થના છે. અમારાવતી તેઓશ્રીની સુખશાતાની પૃચ્છા કરશોજી. તથા ભાવપૂર્વકની વંદના કહેશોજી.

❋

કાન્તિલાલ બ્રધર્સ
મુંબઈ તા. ૨૨–૧૦–'૮૦.

પ. પૂ. તપસ્વી મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** મ. સા. ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા આપની નિશ્રામાં કરી રહ્યા છે. તે જાણી ખૂબ જ આનંદ થયો. પૂજ્યશ્રીની તપશ્ચર્યાથી જૈન જગતમાં એક અવર્ણનીય આનંદ છવાઈ ગયો છે. ક્યાં ને ત્યાં આજે તપશ્ચર્યાની અનુમોદના થઈ રહી છે. અને મહુવા સાથે સંકળાયેલા હોવાથી સહુ કોઇ ગામના શ્રાવકો અને સંઘના આગેવાનો પૂજ્યશ્રીની સુખશાતા અને તપશ્ચર્યા અંગે પૂછી રહ્યા છે અમે તેઓને કહીએ છીએ કે તપશ્ચર્યામાં દિનપ્રતિદિન ખૂબ જ શાતાપૂર્વક પૂ. મુનિરાજશ્રી રત્નાકરવિજયજી આગળ વધી રહ્યા છે. આ જાણી સૌ કોઈ આનંદિત થાય છે.

આ ચાતુર્માસ મહુવાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયું ગણાશે. આવી ઉગ્ર તપસ્યા બાદશાહ મોગલસમ્રાટ અકબરના સમયે શ્રાવિકા ચંપાબેને કરી. છ માસની ઉગ્ર તપસ્યાની વાત સાંભળીને ખૂદ બાદશાહે પણ ચંપાશ્રાવિકાની અનુમોદના કરી તેને સુખશાતા પૂછવા ગયાનો દાખલો ઇતિહાસમાં અંકિત છે. ત્યાર પછી કોઈ મોટી તપશ્ચર્યા થઈ હોય તેવું સાંભરતું નથી. અથવા ક્યાંય નોંધનીય ઉલ્લેખ પણ નથી, આ તપશ્ચર્યા (૧૦૮ ઉપવાસ) જૈન જગતમાં હાલના સમયમાં ખૂબ જ ઉગ્ર તપશ્ચર્યા ગણાય આજે વિશ્વના શારીરિક વિજ્ઞાનના નિષ્ણાતોને પણ પોતાના વિચારો બદલી નાખવા પડશે. ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાથી જગતનું ડોકટર ગ્રુપ પણ વિચારણા કરતું થઈ ગયું છે તે જાણવા મળે છે.

પૂ. આ. ભગવંતશ્રી **મેરુપ્રભસૂરીશ્વરજી**ના પુણ્ય પ્રભાવે મહુવા આજે જગતમાં અગ્રસ્થાને મૂકાઈ ગયું છે. પૂ. ગુરુભગવંતને મારા વતી સુખશાતા પૂછશોજી ને વંદના કહેશોજી.

તપસ્વી મુનિશ્રી રત્નાકરવિજયજી મ. સા.ને મારા વતી સુખશાતા અને વંદના કહેશોજી.

શાસનદેવ પૂજ્યશ્રીની મહાન તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ કરે તેવી ભાવના અને પ્રાર્થના.

—આપનો

**કાંતિલાલ પોપટલાલ મણીયાર**

### છબીલદાસ કેસરીચંદ ખંભાત

તા. ૨૩-૧૦-"૮૦

પરમવાત્સલ્યવારિધિ, પરમદર્શન-જ્ઞાન-ચારિત્ર, તપસ્તેજોમય, પરમારાધ્યપાદ પ. પૂ. આચાર્ય ભગવંત, પ. પૂ. ગણિભગવંતો પ. પૂ. રત્નાકરવિજયજી મ. સા. આદિ પૂ. વર્યોની પૂનિત સેવામાં.

વિ. વિ. સહ પુણ્યદેહે સુખશાતા ચાહતા કુશળ છીએ.

પ. પૂ. રત્નાકરવિજયજી મ. સા.ના મહાતપની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. આવો મહાન હું ન ભૂલતો હોઉં તો છેલ્લા બસો વર્ષમાં કે ચંપાબાઇના છ માસ તપ પછી કોઈએ કર્યો સાંભળ્યો નથી. આવા મહાન તપસ્વીના દર્શન અને વંદન અને પ. પૂ. આ. ભ.ના વ્યાખ્યાન શ્રવણનો લાભ શારીરિક વધારે પડતી અવસ્થતાના કારણે મનમાં સંગ્રહીત કરવો પડયો છે.

મહાતીર્થ મધુમતી (પ્રાચીન અર્વાચીન મહાતીર્થ પ. પૂ. શાસન સમ્રાટ્શ્રીના જન્મ-સ્વર્ગગમન રૂપ) તેમાંય અનુપમ જ્ઞાન-ધ્યાન તપસ્ત્યાગમય આચાર્ય ભગવંતની શુભ નિશ્રા અને આવી નિરૂપમ આરાધનાનો મહુવામાં ત્રિવેણી સંગમ થયો છે. મહાતપ તેની પૂર્ણાહૂતિરૂપ પારણું અને તે નિમિત્તેના મહોત્સવની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

લિ.

છબીલદાસ કેસરીચંદ

**શાહ પટેલ એન્ડ કું. મુંબઇ**

તા. ૨૭–૧૦–''૮૦

પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી **વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી** મ. સા. આદિ મુનિગણ–શ્રી મહુવા.

આપશ્રીની પાવન નિશ્રામાં પૂ. મુનિશ્રી રત્નાકર-**વિજયજી** મ. સ.ની ઐતિહાસિક, અભૂતપૂર્વ એવી ૧૦૮ ઉપવાસની વિક્રમ, અદ્‌ભુત અને અનુમોદનીય તપશ્ચર્યાની સફળ પૂર્ણાહૂતિ પ્રસંગે અમારા સૌ–સહકુટુંબના સવિનય ૧૦૦૮ વાર વંદના સ્વીકારશોજી.

મહુવામાં આપશ્રીના ચાતુર્માસ દરમિયાન જે જે શાસન પ્રભાવનાના ચિરંજીવ કાર્યો આપશ્રીના પુન્ય સાથે થાય છે. તેનાં યશકલગીરૂપ આવી ઉગ્ર તપશ્ચર્યાની પૂર્ણા-હૂતિના અવસરનો મહોત્સવ મહુવાના આંગણે યોજાય છે. તે ખરેખર મહુવા શ્રી સંઘનું સદ્‌ભાગ્ય તેમજ ગૌરવ છે. આ પ્રસંગે પૂ. મૂનિ શ્રી રત્નાકરવિજયજીને તેઓશ્રીના અપૂર્વ તપને અનુલક્ષીને કોઈ પદવી ( જેવી કે તપોનિધિ, તપ શિરોમણી એવી કોઈ ) અર્પણ થઈ શકે કે ? જો કે આપણે ત્યાં આવી કોઈ યોજના–પ્રણાલિકા છે કે નહી તેનો બહુ ખ્યાલ નથી ફક્ત મનમાં ઉદ્‌ભવેલું સૂચન લખ્યું છે.

**લી. પ્રવીણચંદ્ર <u>ફુલચંદ શાહ</u>**

લિ. કપૂરચંદ તારાચંદ
મુંબઈ તા. ૨૭-૧૦-૮૦

પ. પૂ. આ. મ. સાહેબ, પ્રાતઃ સ્મરણીય વાચસ્પતિ આચાર્ય શ્રી મેરુપ્રભસૂરીશ્વરજી મ. સા. તપસ્વી મુનિ શ્રી રત્નાકરવિજયજી મ. સા. અન્ય સાધુ મ. તથા સાધ્વીજી મ. વગેરેની પવિત્ર સેવામાં.

ઘાટકોપરથી લિ. શ્રાવક કપૂરચંદ તારાચંદના ૧૦૮ વાર વંદના.

૧૦૮ ઉપવાસનું મહાન તપ લગભગ પુરુ થવા આવ્યું છે. તેમની ભૂરિ ભૂરિ અનુમોદના. આપના સાનિધ્યમાં મહુવામાં આવી તપસ્યા એક મુનિરાજ કરે તે મહુવાના પણ ધન્ય ભાગ્ય૦ પારણામાં જે લોકો હાજરી આપશે તેમના પણ અહોભાગ્ય૦ આવી તપસ્યાથી વિજ્ઞાન ખોટું સાબિત થયું છે. હિન્દુસ્તાનમાં નહિં પણ જગતમાં આ તપની યશ ગાથા ગવાશે. ઇતિહાસ તથા શાસ્ત્રમાં અમર થઇ રહેશે, આપને અમારા ખાસ વંદન કે તેમના ઉપવાસ આપની ધર્મ પ્રત્યેની ભાવનાનું પ્રતિક છે. શાસન દેવ તેમને સંપૂર્ણ સુખશાતામાં રાખે અને પારણા બાદ પણ પૂરેપૂરી શાતા રહે તેવી પ્રાર્થના.

ધન્ય છે મહુવાના સંઘને કે આવા મુનિ મહારાજના ચાતુર્માસનો લાભ મળ્યો છે.

જૈન ઉપાશ્રય-બોરાબજાર
મુંબઈ ૨૮-૧૦-'૮૦

પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય મેરુપ્રભ-સૂરીશ્વરજી મ. સા. આદિની સેવામાં

લિ. આ. વિજય વિશાલસેન સૂરિ. ગણિ રાજશેખર વિજયજી આદિના સવિનય વંદન અવધારશોજી.

વિ. જ. કે. મહા તપસ્વી મુનિશ્રી રત્નાકરવિજયજી મ.ની ઐતિહાસિક મહા તપસ્યા આપશ્રીની પરમકૃપા અને દેવની સહાયથી પરિપૂર્ણ થતાં શ્રી જિનશાસનનો મહા જય જયકાર અને અદ્ભુત પ્રભાવના થઇ છે.

અમે પણ અહીં વ્યાખ્યાનમાં તપ-તપસ્વીની ગુણ ગાથા ગાઈ અનુમોદના ખૂબ કરી છે. તે સાંભળી ઘણા ભાવિકો પણ ગદ્ગદ્ થઈ ગયા છે.

આપશ્રીની પવિત્ર નિશ્રામાં ત્યાં સમગ્ર મહુવા જ નહીં પણ આખો દેશ ધન્ય બની રહ્યો છે. તપસ્વી મુનિશ્રીનું પારણું ખૂબ ખૂબ ધામધૂમથી થયું હશે. ને તેમનું સ્વાસ્થ્ય પણ ઘણું સારૂં હશે. તેમની સ્વસ્થતા, અપ્રમત્તતા અને શાલીનતાને લોકો અહોભાવથી ગાય છે. હરખાય છે.

**એકસો આઠ ઉપવાસી-તપસ્વી મુનિમહારાજશ્રીને વંદના......**

સોરાષ્ટ્ર છે રળીયામણું,
જ્યાં મહુવા નગરી વિખ્યાત.
પૂનિત ભૂમિ છે,
જ્યાં આત્મા નિર્મળ થાય.
**રત્નાકર** છો તમે,
એક સો આઠ ઉપવાસ થાય.
નેમિસૂરીશ્વરજીના, જન્મ સ્થાને,
આનંદ મંગલ વર્તાય.
વીરના ઉપાસક બની,
સૌભાગ્ય બી લાવી જાય.
ધર્મ પ્રેમી બનીને,
અંતર ઉજ્વળ થાય.
આસો વદિ છઠ તા. ૨૯ મી ઓકટોબરે,
પારણા કરાય.
મહુવા પાસે કામરોળમાં જન્મી,
હર્ષાશ્રુ છલકાય;
ગત વર્ષે રાજનગર,
પાંજરા પોળે અડસઠ ઉપવાસ થાય.
ઉપવાસી બની ને,
ર્ક્યો જૈન શાસનનો જય જયકાર.
મહુવામાં પારણા પ્રસંગે
જયંત ઝવેરી અભિનંદન અર્પી જાય.

રચયિતા :—**શ્રી જયંતિલાલ મોહનલાલ ઝવેરી**
ઝવેરીવાડ, લહેરીયા પોળ, **અમદાવાદ—૧**

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી **રત્નાકરવિજયજી** મહારાજ ની મહુવા મુકામે થયેલી ૧૦૮ ઉપવાસ ની મહાન તપસ્યાની અનુમોદના નિમિત્તે શ્રી ગોડીજી ઉપાશ્રય–મુંબઈમાં યોજાયેલ ભવ્ય સમારોહ પ્રસંગે **ગુરુ ભક્તિ ગીત.**

**[ રાગ ભુપાળી ]**

ધન્ય તપસ્વી મુનિ રત્નાકર,
અનુમોદન કરે સહુના અંતર;
ધન્ય કર્યું તમે આ ભવ જીવતર;
શાસન શોભાવ્યું ધન્ય **મુનિવર**–ધન્ય૦

જન્મ ધર્યો કામરોળ ગામે,
પિતાજી જેના માનચંદ નામે;
મળ્યા માતાજી નામે નેમકુંવર,
ધર્મના સિંચ્યા સંસ્કાર સુંદર–ધન્ય૦

યુવાન વયમાં સંયમ લીધું,
ચારિત્ર પંથે પગરણ કીધું;
રમણિકમાંથી બન્યા રત્નાકર;
ગુરુજી કીધાં શ્રી દર્શન સૂરીશ્વર–ધન્ય૦

વિનય વૈયાવચ્ચના ગુણો રૂડા,
સંયમ સાધનામાં પણ શૂરા;
પ્રેરણા પ્રેરે શ્રી દર્શનસૂરીશ્વર,
ને મળ્યા શ્રી નંદન સૂરિ ગુરુવર–ધન્ય૦

આત્મ કલ્યાણની ભાવના ભાવે,
ધર્મ ક્રિયામાં દિલ ના ડગાવે;
તપમાં રહે મન મગન નિરંતર,
કર્મના બંધન તોડવા સત્વર–ધન્ય૦

માસ ખમણ વળી શ્રેણી તપ કીધાં,
ઉપવાસો સાઠ ને અડસઠ કીધાં;
વિવિધ તપમાં વધતાં આગળ,
ચતુર્વિધ સંઘનો પામતા આદર–ધન્ય૦

મનમાં ભાવો ઉત્કૃષ્ટ જાગ્યા,
એકસો ને આઠ ઉપવાસો ધાર્યા;
શુભ નિશ્રા મળી મેરૂપ્રભ સૂરીશ્વર,
પંકાયું વિશ્વમાં મહુવા બંદર–ધન્ય૦

શાસન સમ્રાટનું ગામ શોભાવ્યું,
શ્રી નેમિસૂરીશ્વરનું નામ ઉજાળ્યું;
મહિમા તપનો ગવાતો ઘર ઘર,
પહોંચવું અંતે મુક્તિ શિખર પર–ધન્ય૦

દૂર દૂરના સંઘો કરે અનુમોદન,
ભક્તિ ભાવથી વંદે ભક્તજન;
આચાર્ય આદિ પધાર્યા મુનિવર,
તપને વધાવે મુંબઈ મહાનગર–ધન્ય૦

પારણાનો દિન આવ્યો લાખેણો,
શાસન દેવતા ! શાતા દેજો ! ;
'બંસી' ભક્તિનું વગાડે વાજિંત્ર
પ્રણમી શ્રી ગોડી પાર્શ્વ. જિનેશ્વર–ધન્ય૦

રચયિતા **શ્રી બંસીલાલ ખંભાતવાળા.**
૧૫, નવ નિધાન દોલતનગર રોડ નં–૯,
બોરીવલી–પૂર્વ, મુંબઈ–૪૦૦૦૬૬.

આસો સુદ ૪, સોમવાર, તા. ૨૭–૧૦–૮૦

# અનુક્રમણિકા


| નં. | તપનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ઈંદ્રિય જય તપ | ૧ |
| ૨ | કષાય જય તપ | ૪ |
| ૩ | યોગ શુદ્ધિ તપ | ૭ |
| ૪ | ધર્મ ચક્ર તપ | ૯ |
| ૫–૬ | લઘુ અષ્ટાહ્નિકા તપદ્વય | ૧૧ |
| ૭ | અષ્ટ કર્મસૂદન તપ | ૧૨ |
| ૮ | એકસો વીશ કલ્યાણક તપ | ૧૭ |
| ૮ | એકસો વીશ કલ્યાણક તપ | ૧૭ |
| ૯–૧૦–૧૧ | જ્ઞાન દર્શન ચારિત્ર તપ | ૨૭ |
| ૧૨ | ચાંદ્રાયણ તપ | ૩૧ |
| ૧૩ | તીર્થંકર વર્ધમાન તપ | ૩૪ |
| ૧૪ | પરમ ભૂષણ તપ | ૩૭ |
| ૧૫ | શ્રી જિન દીક્ષા તપ | ૩૮ |
| ૧૬ | તીર્થંકર જ્ઞાન તપ | ૪૦ |
| ૧૭ | તીર્થંકર નિર્વાણ તપ | ૪૧ |
| ૧૮ | ઊનોદરિકા તપ | ૪૪ |
| ૧૯ | સંલેખના તપ | ૪૭ |
| ૨૦ | સર્વ સંખ્યા શ્રી મહાવીર તપ | ૫૦ |
| ૨૧ | કનકાવલિ તપ | ૫૨ |
| ૨૨ | મુક્તાવલિ તપ | ૫૪ |
| ૨૩ | રત્નાવલિ તપ | ૫૬ |
| ૨૪ | લઘુ સિંહનિષ્ક્રીડિત તપ | ૫૭ |

| | | |
|---|---|---|
| ૨૫ | બૃહત્ નિષ્ક્રીડિત તપ | ૫૯ |
| ૨૬ | ભદ્રોત્તર તપ | ૬૧ |
| ૨૭ | મહા ભદ્ર તપ | ૬૨ |
| ૨૮ | ભદ્રત્તિર તપ | ૬૪ |
| ૨૯ | સર્વતોભદ્ર તપ | ૬૫ |
| ૩૦ | ગુણરત્ન સંવત્સર તપ | ૬૬ |
| ૩૧ | અગિયાર અંગ તપ | ૬૯ |
| ૩૨ | સંવત્સર તપ | ૭૩ |
| ૩૩ | નંદીશ્વર તપ | ૭૪ |
| ૩૪ | પુંડરીક તપ | ૭૭ |
| ૩૫ | માણિક્ય પ્રસ્તારિકા તપ | ૮૧ |
| ૩૬ | પદ્મોત્તર તપ | ૮૩ |
| ૩૭ | સમવસરણ તપ | ૮૫–૮૯ |
| ૩૮ | વીર–ગણધર તપ | ૯૧ |
| ૩૯ | અશોક વૃક્ષ તપ | ૯૯ |
| ૪૦ | એકસો સીત્તેર જિન તપ | ૧૦૦ |
| ૪૧ | નવકાર તપ | ૧૦૬ |
| ૪૨ | ચૌદપૂર્વ તપ | ૧૧૫ |
| ૪૨/૨ | ચતુર્દશી તપ | ૧૧૮ |
| ૪૩ | એકાવલી તપ | ૧૧૯ |
| ૪૪ | દશ વિધ યતિ ધર્મ તપ | ૧૨૧ |
| ૪૫ | પંચ–પરમેષ્ઠી તપ | ૧૨૩ |
| ૪૬ | લઘુ પંચમી તપ | ૧૨૬ |
| ૪૭ | બૃહત્ પંચમી તપ | ૧૨૮ |

| | | |
|---|---|---|
| ૪૮ | ચતુર્વિધ સંઘ તપ | ૧૩૭ |
| ૪૯ | ઘન તપ | ૧૩૮ |
| ૫૦ | મહા ઘન તપ | ૧૩૯ |
| ૫૧ | વર્ગ તપ | ૧૪૪ |
| ૫૨ | શ્રેણી તપ | ૧૪૫ |
| ૫૩ | પાંચ મેરૂ તપ | ૧૪૬ |
| ૫૪ | બત્રીસ કલ્યાણક તપ | ૧૪૯ |
| ૫૫ | ચ્યવન તપ તથા જન્મ તપ | ૧૫૧ |
| ૫૬ | સૂર્યાયણ તપ | ૧૫૩ |
| ૫૭ | લોકનાલિ તપ | ૧૫૪ |
| ૫૮ | કલ્યાણક અષ્ટાહ્નિકા તપ | ૧૫૭ |
| ૫૯ | આયંબિલ વર્ધમાન તપ | ૧૫૮ |
| ૬૦ | માઘમાળા તપ | ૧૬૦ |
| ૬૦/૧ | શ્રી મહાવીર તપ | ૧૬૦ |
| ૬૧ | લક્ષ પ્રતિ પદ તપ | ૧૬૩ |
| ૬૨ | સર્વાંગ સુંદર તપ | ૧૬૪ |
| ૬૩ | નીરૂજ શિખ તપ | ૧૬૫ |
| ૬૪ | સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ | ૧૬૫ |
| ૬૫ | દમયંતી તપ | ૧૬૭ |
| ૬૬ | આયતિ જનક તપ | ૧૭૪ |
| ૬૭/૧ | અક્ષય નિધિ તપ | ૧૭૪ |
| ૬૭/૨ | અક્ષય નિધિ તપ ૨જો | ૧૮૭ |
| ૬૮ | મુકુટ સપ્તમી તપ | ૧૯૫ |
| ૬૯ | અંબા તપ | ૧૯૬ |

| | | |
|---|---|---|
| ૭૦ | શ્રુત દેવતા તપ | ૨૦૧ |
| ૭૧ | રોહિણી તપ | ૨૦૩ |
| ૭૨ | તીર્થંકર માતૃ તપ | ૨૦૮ |
| ૭૩ | સર્વ સુખ સંપત્તિ તપ | ૨૧૦ |
| ૭૪ | અષ્ટાપદ પાવડી તપ | ૨૧૧ |
| ૭૫ | મોક્ષ દંડ તપ (મોક્ષકરંડક તપ) | ૨૧૪ |
| ૭૬ | અદુઃખદર્શી તપ | ૨૧૫ |
| ૭૭ | અદુઃખદર્શી તપ રજો | ૨૧૭ |
| ૭૮ | ગૌતમ પડઘો તપ | ૨૧૮ |
| ૭૯ | નિર્વાણ દીપક તપ | ૨૧૦ |
| ૮૦ | અમૃતાષ્ટમી તપ | ૨૨૨ |
| ૮૧ | અખંડ દશમી તપ | ૨૨૩ |
| ૮૨ | પરત્ર થાલી તપ | ૨૨૪ |
| ૮૩ | સોપાન (પાવડી) તપ | ૨૨૫ |
| ૮૪ | કર્મ ચતુર્થ તપ | ૨૨૭ |
| ૮૫ | નવકાર તપ (નાનો) | ૨૨૮ |
| ૮૬ | અવિધવા દશમી તપ | ૨૨૮ |
| ૮૭ | બૃહન્નંદ્યાવર્ત તપ | ૨૨૯ |
| ૮૮ | લઘુ નંદ્યાવર્ત તપ | ૨૩૧ |
| ૮૯ | વીસ સ્થાનક તપ | ૨૩૨ |
| ૯૦ | અંગવિશુદ્ધિ તપ | ૨૪૩ |
| ૯૧ | અઠ્ઠાવીશ લબ્ધિ તપ | ૨૪૩ |
| ૯૨ | અશુભ નિવારણ તપ | ૨૫૪ |
| ૯૩ | અષ્ટ કર્મોત્તર પ્રકૃતિ તપ | ૨૫૫ |
| ૯૪ | અષ્ટ પ્રવચન માતૃ તપ | ૨૬૫ |

| | | |
|---|---|---|
| ૯૫ | અષ્ટમાસી તપ | ૨૬૮ |
| ૯૬ | કર્મ ચક્રવાલ તપ | ૨૬૮ |
| ૯૭ | આગટ મોક્ત કેવલિ તપ | ૨૬૮ |
| ૯૮ | ચત્તારિ અઠ્ઠ દશ દોય તપ | ૨૬૯ |
| ૯૯ | કલંક નિવારણુ તપ (સીતા તપ) | ૨૭૧ |
| ૧૦૦ | ઋષભ નાથજી કાંતુલા તપ | ૨૭૬ |
| ૧૦૧ | કંઠા ભરણુ તપ | ૨૮૪ |
| ૧૦૩ | ક્ષીર સમુદ્ર તપ | ૨૮૫ |
| ૧૦૪ | કોટિ શીલા તય | ૨૮૭ |
| ૧૦૫ | પાંચ પચ્ચક્ખાણુ તપ | ૨૮૯ |
| ૧૦૬ | ગૌતમ કમળ તપ | ૨૯૦ |
| ૧૦૭ | ઘડીયાં ઘડીયાં તપ | ૨૯૦ |
| ૧૦૮ | પીસ્તાલીસ આગમ તપ | ૨૯૧ |
| ૧૦૯ | ચતુર્ગતિ નિવારણુ તપ | ૩૦૦ |
| ૧૧૦ | ચઉસઠ્ઠી તપ | ૩૦૩ |
| ૧૧૧ | ચંદન બાળા તપ | ૩૦૩ |
| ૧૧૨ | છન્નુ જિનની ઓળી તપ | ૩૧૨ |
| ૧૧૩ | જિન ગુણુ સંપત્તિ તપ | ૩૧૫ |
| ૧૧૪ | જિન જનક તપ | ૩૧૮ |
| ૧૧૫ | તેર કાઠિયાનો તપ | ૩૧૯ |
| ૧૧૬ | દેવલ ઇંડા તપ | ૩૨૨ |
| ૧૧૭ | દ્વાદશાંગી તપ | ૩૨૨ |
| ૧૧૮ | નવ નિધાન તપ | ૩૨૩ |
| ૧૧૯ | મોટા દશ પચ્ચક્ખાણુ તપ | ૩૨૫ |

| | | |
|---|---|---|
| ૧૨૦ | નાના દશ પચ્ચક્ખાણુ તપ | ૩૨૬ |
| ૧૨૧ | નવ પદની ઓળી તપ | ૩૨૭ |
| ૧૨૨ | નવ બ્રહ્મચર્ય ગુપ્તિ તપ | ૩૪૨ |
| ૧૨૩ | નિગોદ આયુક્ષય તપ | ૩૪૫ |
| ૧૨૪ | નિર્જિગીષ્ઠ તપ | ૩૪૭ |
| ૧૨૫ | પદ કડી તપ | ૩૪૭ |
| ૧૨૬ | દારિદ્રય હરણુ તપ | ૩૪૮ |
| ૧૨૭ | પંચામૃત તપ | ૩૪૯ |
| ૧૨૮ | પાંચ છઠ્ઠ તપ | ૩૪૮ |
| ૧૨૯ | પંચ મહાવ્રત તપ | ૩૪૯ |
| ૧૩૦ | પાર્શ્વજિન ગણુધર તપ | ૩૫૦ |
| ૧૩૧ | પોષ દશમી તપ | ૩૫૨ |
| ૧૩૨ | બીજનો તપ | ૩૫૯ |
| ૧૩૩ | મોટો રત્નોત્તર તપ | ૩૬૦ |
| ૧૩૪ | રત્ન રોહણુ તપ | ૩૬૦ |
| ૧૩૫ | બૃહત્સંસાર તારણુ તપ | ૩૬૧ |
| ૧૩૬ | લઘુ સંસાર તારણુ તપ | ૩૬૨ |
| ૧૩૭ | ઋષભ દેવ સંવત્સર તપ | ૩૬૨ |
| ૧૩૮ | છમાસી તપ | ૩૬૭ |
| ૧૩૯ | શત્રુંજય મોદક તપ | ૩૬૭ |
| ૧૪૦ | શત્રુંજય છઠ્ઠ–અઠ્ઠમ તપ | ૩૬૮ |
| ૧૪૧ | મેરૂ ત્રયોદશી તપ | ૩૭૦ |
| ૧૪૨ | શિવ કુમારનો બેલો તપ | ૩૭૨ |
| ૧૪૩ | ષટ્ કાય તપ | ૩૭૪ |

| | | |
|---|---|---|
| ૧૪૪ | સાત સૌખ્ય આઠ મોક્ષ તપ | ૩૭૫ |
| ૧૪૫ | સિદ્ધિ તપ | ૩૭૫ |
| ૧૪૬ | સિંહાસન તપ | ૩૭૬ |
| ૧૪૭ | સૌભાગ્ય સુંદર તપ | ” |
| ૧૪૮ | સ્વર્ગ કરંડક તપ | ” |
| ૧૪૯ | સ્વર્ગ સ્વસ્તિક તપ | ૩૭૯ |
| ૧૫૦ | બાવન જિનાલય તપ | ” |
| ૧૫૧ | અષ્ટ મહા સિદ્ધિ તપ | ૩૮૦ |
| ૧૫૨ | રત્ન માળા તપ | ૩૮૧ |
| ૧૫૩ | ચિંતામણિ તપ | ૩૮૨ |
| ૧૫૪ | પરદેશી રાજાનો છઠ્ઠ | ” |
| ૧૫૫ | સુખ દુઃખના મહિનાનો તપ | ૩૮૫ |
| ૧૫૬ | રત્ન પાવડી તપ | ” |
| ૧૫૭ | સુંદરી તપ | ૩૮૬ |
| ૧૫૮ | મેરૂ કલ્યાણક તપ | ” |
| ૧૫૯ | તીર્થ તપ | ૩૮૭ |
| ૧૬૦ | પ્રાતિહાર્ય તપ | ” |
| ૧૬૧ | પચરંગી તપ | ” |
| ૧૬૨ | યુગ પ્રધાન તપ | ૩૮૮ |
| ૧૬૩ | પ્રશ્નોત્તરો | ૩૯૨ |
| | સવાર સાંજના પચ્ચક્ખાણો | ૩૯૬ |
| | નવ ગ્રહના જાપ અને પ્રાર્થના | ૩૯૯ |

# દાતાઓની શુભ નામાવલિ

શ્રી : **કામરોલ** શ્વે. મૂ. જૈન સંઘ જ્ઞાન–ખાતુ
૫૦૦૧ શ્રી : શ્વે. મૂ. **મહુવા** જૈન સંઘ જ્ઞાન–ખાતુ
૫૦૦૧ **ભાવનગર** શેઠ ડોસાભાઈ અભેચંદ જ્ઞાન–ખાતુ
૫૦૦૧ **કોઠ** શ્વે. મૂ. જૈન સંઘ
૨૦૦૧ **કોઠ** શ્વે. મૂ. સ્વ : ઝવેરી ભગવાનજી પ્રેમચંદ.
૧૦૦૧ શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ : **સાવરકુંડલા** વાળા
હ. કલાલતીબેન
૧૦૦૧ શ્રી ધરણીધર ખીમચંદ **કોળિયાકવાળા**
શ્રી મણિલાલ **દાઠા** (વાળા) રખીવાળા **અમદાવાદ**
સ્વ. મોહનલાલ ગોરધનદાસ વાયજ (વાળા) છ
દીકરાઓ હાલ **ભાવનગર**
૫૦૧ શ્રી નાગરદાસ જેચંદ કામરોલ (વાળા) હ. લીલાવતી
બેન તથા છોકરાઓ
૫૦૧ શ્રી શાંતાબેન રમણીકલાલ ગાંધી છોકરા હ : દીકરા
૫૦૧ શ્રી કુસુમબેન શાંતિલાલ હ : છોકરા
૫૦૧ શ્રી ઝવેરચંદ છગનલાલ હ : બળવંતરાય.
૨૫૧ રોકડા) શ્રી શાંતાબેન નટવરલાલ હ : છોકરા
ધનાસુથારની પોળ **અમદાવાદ**
૨૫૧ શ્રી દલીચંદ મોહનલાલ તથા સ્વ. લીલાવતી બેન
હ : ભીખાલાલ
૨૫૧ શ્રી જયંતિલાલ તારાચંદ (દાઠા વાળા) **ઓઢવ**

૨૫૧ શ્રી વિનયચંદ રમણલાલ પાંજરાપોળ **અમદાવાદ**
૨૫૧ શ્રી વાસા જયસુખલાલ પ્રતાપરાય (ઉનાવાળા)
**આણપુર** (થાણા)
૨૫૧ રોકડા) શ્રી કનાડિયા જીવરાજ જેરાજ મુ. **થણસા**
૨૫૧ રોકડા) શ્રી ચીનુભાઈ ઘોઘાવાળા **મુંબઈ**
૨૫૧ રોકડા) શ્રી રસિલાબેન મહેન્દ્રભાઈ ગાંધી **પાલડી**
૨૫૧ સ્વ : કંચનબેન ચંદુલાલ ઉમેદચંદ **ખંભાત** (વાળા)
સુપુત્રો **પાલડી**
૨૫૧ શ્રી રતિલાલ વાડીલાલ ધમીંષ્ટા નાગર **પાલડી**
૨૫૧ શ્રી કેશવલાલ માણેકચંદ હ : અ, સૌ. ચંચળબેન તથા
સુપુત્રો
૨૫૧ શા : વિજયકુમાર રમણિકલાલ હ : ચંપાબેન
૨૫૧ શ્રી પૂનમચંદ દુર્લભદાસ ગાંધી (મહુવાવાળા)
હાલ **અમદાવાદ**
૫૧ માસ્તર છોટાલાલ નાનચંદ કોટનચાલ રૂમ નં. ૨૩
**અમદાવાદ**

# પૂ. આ. મ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા. નું
# જીવન ચરિત્ર

શ્રી કદમ્બગિરિ તીર્થ ઉપર બિરાજમાન શ્રી શ્રીનાભ ગણધર ભગવાનને શ્રી ભરતચક્રવર્તીએ કદમ્બગિરિના પ્રભાવ વિષે પૂછ્યું. તેના જવાબમાં શ્રી ગણાધીશ શ્રીનાભ ભગવાન ચક્રવર્તી ભરતને આ ગિરિરાજનો મહિમા દર્શાવે છે.

ગઇ ઉત્સર્પિણીમાં સંપ્રતિ નામે ચોવીશમા તીર્થંકર થયા હતા. તેમને સર્વ લબ્ધિસંપન્ન એવા એક કદંબ નામે ગણધર હતા. કોટિ મુનિઓની સાથે તેઓ આ પવિત્ર ગિરિ પર સિદ્ધિપદ પામ્યા તેથી આ ગિરિ કદમ્બ-ગિરિ નામે ઓળખાય છે.

આ કદમ્બગિરિમાં પ્રભાવિક દિવ્ય ઔષધિઓ, રસ-કૂપિકા, રત્નની ખાણો અને કલ્પવૃક્ષો રહેલા છે. દિપોત્સવીને દિવસે શુભ વારે સંક્રાંતિએ કે ઉત્તરાયણમાં જો અહીં આવી મંડપની સ્થાપના કરવામાં આવે તો દેવતા પ્રત્યક્ષ થાય છે. તે ઔષધિઓ, તે રસકુંડો અને તે સિદ્ધિઓ પૃથ્વીમાં નથી કે જે આ ગિરિમાં નહી હોય. સર્વ સિદ્ધિના સ્થાન સમાન આ કદમ્બગિરિ જેવું ચમત્કારી તીર્થ હોય એ સૌરાષ્ટ્રની ભૂમિમાં દરિદ્રતા તો સંભવે જ કેમ !

આ ગિરિની સાધના કરનાર કલ્પવૃક્ષ–કામધેનુ–ચિંતા-મણિ પામે છે. દીપકના સમૂહથી જેમ અંધકારનો નાશ થાય

છે તેમ આ તીર્થ પરની ઔષધિઓ અમૃતસમાન છે. આ શિખર પણ સર્વ પાપને નાશ કરનારૂં છે. અહીં સદાકાલના છાયાવૃક્ષો અભીષ્ટ પદાર્થ આપે છે.

આવા મહિમાવંત ગિરિ પર ભરતચક્રવર્તીએ અનેક વૃક્ષોથી વ્યાપ્ત ધર્મનામના ઉદ્યાનમાં ભાવી તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનનો પ્રાસાદ કરાવ્યો. આ કદમ્બગિરિરાજથી જેનું દારિદ્રય દૂર થયું નથી તે જીવ મહાભાગ્યહીન હશે. પુણ્યશાળી, ભાગ્યશાળી–જીવ ઉપર આ શ્રી કદમ્બગિરિરાજ તુષ્ટમાન થાય તેને રિદ્ધિ–સિદ્ધિ ને સુખ–શાંતિ મળે છે.

## શ્રી શત્રુંજય ગિરિના પાંચ શિખરો–

શ્રી તાલધ્વજગિરિ, લોહિતવ્યગિરિ, કોટિનિવાસગિરિ, કદમ્બગિરિ, અને ઢંકગિરિ–એ પાંચે સજીવન કૂટો છે અને પવિત્ર અને પ્રભાવવાળા છે.

તેમાં આ કદમ્બગિરિ કૂટ–શિખર નિર્મળ અને ચમત્કારવાળુ છે. એની આરાધના કરવાથી અનેક ચમત્કારવાળી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમજ અહીં ચમત્કારી ઔષધિઓ હોવાથી અનેક રોગોને નાશ કરનાર છે. સર્વ પાપરૂપી પર્વતોને ભેદવામાં વજ્ર સમાન છે.

શ્રી સિદ્ધગિરિની ૬ ગાઉ તથા ૧૨ ગાઉની પ્રદક્ષિણામાં સૌથી પ્રથમ શ્રી કદંબગિરિ આવે છે.

આ કદંબગિરિ તીર્થનું નામ બીજી રીતે પણ સુપ્રસિદ્ધ છે. ગઈ ચોવીશીમાં શ્રી *નિર્વાણીજીન નામના બીજા*

તીર્થંકર થયા, તેમને કદંબ નામના ગણધર હતા. શ્રી નિર્વાણી પ્રભુના ઉપદેશ વચનથી તે ગણધર આ તીર્થ ઉપર આવ્યા અને ચિત્તના અતિ ઉલ્લાસ સહિત અનશન તપ આદરીને આ તીર્થ પર મુક્તિપદ પામ્યા, તે કારણથી આ તીર્થનું કદંબગિરિ એ નામ પ્રસિદ્ધ થયું છે.

શત્રુંજય માહાત્મ્યમાં આવતી ચોવીશીના ચોવીશમા શ્રી સંપ્રતિ પ્રભુના શ્રી કદમ્બ ગણધર છે એમ ઉલ્લેખ છે. ઉંચી ટેકરી ઉપર પ્રાચીન દેરી છે. જેમાં શ્રી ઋષભદેવ પ્રભુના તથા શ્રી કદમ્બ ગણધરના પ્રાચીન પગલા બિરાજમાન છે.

વિક્રમ સંવત ૧૧૫૮માં આચાર્ય શ્રી દેવભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ પ્રાકૃતમાં રચેલ શ્રી કથારત્નકોષ ગ્રંથ જેનું આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરેલ છે તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

'સૌરાષ્ટ્ર દેશમાં કદંબગિરિ નામનો પર્વત છે અને ત્યાં લાલ દૂધવાળા થોરના વૃક્ષો છે. તેના પ્રયોગથી સુવર્ણ સિદ્ધિ થાય છે.' અત્યારે પણ સંરોહણી તથા બ્રહ્મદંડિકા વગેરે પ્રભાવશાળી ચમત્કારી ઔષધિઓ વિદ્યમાન છે.

આ શ્રી પરમ પાવન તીર્થ શ્રી કદમ્બગિરિ તીર્થનું મહા મહિમા–શાળી વર્ણન શ્રી ઋષભદેવ પ્રભુના શ્રી શ્રીનાભ નામના ગણધર ભગવંતે શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર પ્રથમ ચક્રી શ્રી ભરત મહારાજને કહી સંભળાવ્યું હતું.

પાંચક્રોડ મુનિ પરિવાર સાથે ચૈત્રી પૂર્ણિમાને પવિત્ર દિવસે શ્રી સિદ્ધાચલ ઉપર પરમપદ–મુક્તિ પામેલા છે અને શ્રી ઋષભસેન જેમનું બીજું નામ પુંડરીક ગણધર ભગવંત જેના પરમ પાવન નામથી તીર્થાધિરાજ શ્રી પુંડરીકગિરિથી પ્રસિદ્ધ છે. તેમને ઘણા જ વિસ્તારથી શ્રી શત્રુંજય ગિરિનો મહિમા વર્ણવ્યો હતો. સર્વલબ્ધિસંપન્ન શ્રી ગૌતમ ગણધર ભગવંતે તથા શ્રી સુધર્માસ્વામી ભગવંતે વિસ્તારથી તીર્થાધિરાજનો મહિમા વર્ણવ્યો હતો.

આ મહિમા વર્ણનમાં કદમ્બગિરિના મહિમાનો પણ ઉલ્લેખ મળે છે. આ અવસર્પિણી કાળના જીવોના ઉપકારાર્થે શ્રીમાન ધનેશ્વરસૂરિજી મહારાજે શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ બનાવ્યો તે શત્રુંજય માહાત્મ્યમાં શ્રી કદમ્બગિરિનો મહિમા વિસ્તારથી છે.

ધન્ય કદમ્બગિરિ ! ધન્ય તીર્થભૂમિ !

સૌરાષ્ટ્રના સૌંદર્ય ધામ ગણાતા મધુપુરી–મહુવા વીરક્ષેત્ર છે. જાવડશા અને હાંસા મંત્રીના પુત્ર જગડુશા જેવા દાનવીરો મહુવાના રત્નો છે. અહીં જીવિતસ્વામી શ્રી મહાવીર સ્વામીની મનોહર પ્રતિમા છે. સૂરિસમ્રાટ્ તીર્થોદ્ધારક તપાગચ્છાધિરાજ આચાર્યપ્રવર શ્રીમદ્ **વિજયનેમિસૂરીશ્વરજી** મ. પણ મહુવાના મહાન રત્ન હતા. પરમ પૂજ્ય કૃપાળુ આચાર્યપ્રવર ૧૯૬૬ની સાલમાં કદમ્બગિરિ તીર્થમાં પધાર્યા.

આ ભૂમિ તો તીર્થભૂમિ હતી. અહીંના પરમાણુઓ મહાપવિત્ર હતા. વાતાવરણ પણ રમ્ય હતું. વૃક્ષરાજી,

ડુંગરાઓ, નાનકડું નેસડું તથા શ્રી કદમ્બગિરિ જોઇને આચાર્યશ્રીને આ તીર્થના સમુદ્ધારની ભાવના જાગી. આસ-પાસની વિશાળ જગ્યા પણ હસી રહી હતી. જગ્યાના ભાગ્ય જાગી ઉઠયા. સમયના જાણ શ્રીમાન્ આચાર્યપ્રવરે આ તીર્થ-ભૂમિમાં દેવપ્રાસાદો, જ્ઞાનશાળા, ઉપાશ્રય તથા પ્રતિમાઓના નવસર્જનનું સ્વપ્ન જોયું અને તેઓશ્રીની દીર્ઘદષ્ટિએ તીર્થો-દ્ધાર તથા ધર્મ–ઉદ્યોતની જ્વલંત આવશ્યકતા પારખી લીધી. ગુરુદેવના પુણ્યપ્રભાવે બોદાનાનેસના કામળીઆઓ ગુરૂદેવની અમર ભાવના સમજ્યા. ગુરૂદેવે ભૂમિની નવરચનાની આગાહી કરી. ધર્મનો ઉપદેશ આપ્યો અને કામળીઆ ભાઇઓએ ડુંગર ઉપરની તથા વાવ પાસેની ગામતળની કેટલીક જગ્યાઓ ભેટ આપવા પૂજ્યપાદ્ આચાર્યશ્રીને આગ્રહભરી વિનંતિ કરી, પણ દીર્ઘદષ્ટિ આચાર્યપ્રવરે ભેટ લેવા ના કહી અને વેચાણ આપવા માટે ઉપદેશ આપ્યો. કામળીઆ ભાઈઓ તે માટે પણ સંમત થયા અને એ નાનકડા નેસડાની આસપાસની હજારો વાર જમીન અમુક દરે વેચાણ લેવામાં આવી. આચાર્યશ્રી તે કદમ્બગિરિના તીર્થોદ્ધારની ભાવના ભાવતા ગુજરાત પધાર્યા. સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ, મેવાડના પ્રદેશોમાં ભવ્ય આત્માઓને ઉપદેશામૃતનું પાન કરાવતા વિચરી રહ્યા હતા.

શ્રી સેરીસાજી મહાતીર્થ, શ્રી કાપરડાજી મહાતીર્થ, શ્રી રાણકપુર મહાતીર્થ, શ્રી કુંભારીયાજી મહાતીર્થ તેમજ સ્તંભ તીર્થ (ખંભાત)ના અનેક તીર્થ સ્વરૂપ દહેરાસરો વગેરેની પ્રતિષ્ઠાઓ, સંઘો, ઉપધાનો, ઉદ્યાપનો વગેરે ધર્મ-

ઉદ્યોત અને શાસન પ્રભાવનાના કાર્યો કરાવ્યા. જૈન શાસનનો જય જયકાર વર્તી રહ્યો. સમાજમાં ધર્મભાવનાના દીવડા પ્રગટી રહ્યા.

શાસનના મહાન સ્થંભ સૂરિસમ્રાટ્ આચાર્યશ્રીએ આવતી કાલના મહાન પ્રાભાવિક મંદિરાવળી, ઉપાશ્રયો, જ્ઞાન· શાળા, પ્રતિમા સર્જન અને તીર્થભૂમિના સર્જન માટેનું આયોજન કર્યું. બીજી નવી જગ્યાઓ પણ લેવાઈ ગઈ. તીર્થોદ્ધારને ઉદારચરિત દાનવીર જૈન સમાજના ભાગ્યશાળી બહેન-ભાઈઓએ પણ ધનના ઢગલા કરી દીધા. દેશદેશના ભાગ્યશાળી દાનવીરોએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો અને આજે શ્રી કદમ્બગિરિ તીર્થ આચાર્ય ભગવંતનું પુણ્ય સ્મરણ કરાવતું જૈન સમાજના લાખો યાત્રિકો, મુનિમહાત્માઓ, સાધ્વીજીઓ, શ્રાવકો-શ્રાવિકાઓને આત્મશુદ્ધિ, આત્મશાંતિ અને આત્મકલ્યાણનો દિવ્ય સંદેશ આપી રહ્યું છે.

## નમસ્તે કાદંબ !

આજે પૂજ્યશ્રીના ગામમાં (બોદાનાનેસમાં) મંગલ પ્રવેશ હતો. નૂતન જિનાલયની પ્રતિષ્ઠા માટે તેઓશ્રી પધારી રહ્યા હતા.

નાનું છતાં રળિયામણું એ ગામ જાણે કોઈ મોટો તહેવાર હોય, તેમ ઉત્સાહના ભવ્ય વાતાવરણથી દીપી ઊઠ્યું હતું.

અમદાવાદના આગેવાન શ્રેષ્ઠિવરો શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરે હાજર જ હતા. એમનો આનંદ મા'તો નહોતો. એમાંયે કામદાર તથા વકીલ તો આનંદના મહા-સાગરમાં જ મજ્જનોન્મજ્જન કરી રહ્યા હતા.

પેલા દરબારો સામૈયામાં મોખરે હતા. યથાસમય પ્રવેશ થઈ ગયો. દેરાસર જોઈને પૂજ્યશ્રી સંતોષ પામ્યા. મંગલાચરણ બાદ લોકો વિખરાયા.

ત્યારપછી પૂજ્યશ્રીની સૂચનાનુસાર શ્રી કદંબગિરિજીના વહીવટ માટે ત્યાં એક સ્થાનિક પેઢીની સ્થાપના કરવામાં આવી. એનું નામ "તપાગચ્છીય શેઠશ્રી જિનદાસ ધર્મ-દાસની પેઢી" રાખ્યું.

કેવું સુંદર નામ? જિનના દાસ અને ધર્મના દાસની પેઢી એટલે જ જિનદાસ ધર્મદાસની પેઢી.

અને મૂળનાયક ભગવાન્?
આપણા શાસનના ચરમ તીર્થપતિ-
આપણા આસન્ન ઉપકારી-
ત્રણ જગતના નાથ
દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુ.

એમની દિવ્ય છતાં ભવ્યતમ-૪૫ ઇંચ ઊંચી સપરિકર પ્રતિમા જયપુરથી તૈયાર થઈને આવી ગઈ હતી. એનું દિવ્ય અને પ્રસન્ન મુખમંડળ-જાણે શરદ પૂનમનો ચંદ્ર જ જોઈ લ્યો. અને એની ચોપાસ વ્યાપેલું દિવ્ય તેજ જાણે એ ચંદ્રની જ્યોત્સ્ના.

ભાવુક જીવો તો નિરખતાં જ નહોતા ધરાતા. જાણે અમૃતાસ્વાદનો અનુપમ આહ્લાદ અનુભવી રહ્યા હોય. આવા કદંબગિરિ તીર્થને નમન હો.

## શાસનસમ્રાટ્શ્રીનો ઉપદેશ

હમેશાં પ્રાણીમાત્રને સુખની જ ચાહના હોય છે, મંગળની જ કામના હોય છે. કોઈને દુઃખની જરૂર નથી, કોઈને દુઃખ ગમતું પણ નથી.

પણ સાચું સુખ કયું ?

કોઈએ લક્ષ્મીમાં સુખ માન્યું, કોઈએ વાડી-બંગલામાં સુખ માન્યું, કોઈએ વળી સ્ત્રીમાં સુખ માની લીધું અને કોઈએ પુત્રાદિ પરિવારમાં જ સુખ માની લીધું. સૌએ પોતાને ગમતી ચીજને સુખ તરીકે માની.

પણ હે માનવ ! તું વિચાર કર કે સાચું સુખ કોને કહેવાય ?

શાસ્ત્રકારો આના ઉત્તરમાં એક જ ફરમાવે છે કે– सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।। લક્ષ્મી હોવી એ સુખ ખરું, પણ એ સુખ લક્ષ્મીને આધીન છે. એ લક્ષ્મી મેળવવામાં કેટલું દુઃખ ? મેળવ્યા પછી એને સાચવવાનું કેટલું દુઃખ ? કોઈ ચોર-લૂંટારુ ઉપાડી જાય તોય દુઃખ અને કદાચ ન મળે તો અપાર દુઃખ. કોઈએ પુત્રમાં સુખ માન્યું પણ પ્રથમ તો એને પેદા કરવામાં દુઃખ, એને ઉછેરીને મોટો કર્યો અને એ નાસી ગયો યા મરી ગયો, તોય દુઃખ. એ પુત્ર દુર્ગુણી નીવડ્યો તોય દુઃખ જ દુઃખ.

આમ હે આત્મન્ ! જેને તું સુખ માની રહ્યો છે, એ બધું તે તે વસ્તુને આધીન છે, તારે આધીન નથી. અને જે વસ્તુ પરાધીન છે, તે દુઃખનું જ મૂળ છે.

ત્યારે પ્રશ્ન થાય છે–સાચું સુખ કોને કહેવું ? આના જવાબમાં જ્ઞાનીઓ ફરમાવે છે કે—

यन्न दुखेन संभिन्नं, न च भ्रष्टमनन्तरम् ।
अभिलाषापनीतं च, तज्ज्ञेयं परमं पदम् ।।

જે સુખમાં દુઃખનો અંશ પણ ન હોય, જે મળ્યા પછી કદી પાછું ન જાય અને જે મળ્યા પછી આગળ વધુ સુખ મેળવવાની અભિલાષા પણ ન થાય, તેનું નામ સાચું સુખ.

ત્યારે સંસારનાં સર્વ સુખો દુઃખથી મિશ્રિત જ છે. માનવીએ માનેલું કોઈ પણ સુખ એવું નહીં હોય કે જે દુઃખમિશ્ર ન હોય. તેમ–એ સુખો કાયમનાં–શાશ્વત નથી. આજે લક્ષ્મી કે સ્ત્રીપુત્રાદિ મળ્યાં હોય, એ કાલે નાશ પણ પામે છે. એટલું જ નહીં પણ જેમ જેમ એ સુખ મળતું જાય, તેમ તેમ તે વધારે કેમ મળે? તેની અભિલાષા રહ્યા જ કરે છે. માટે એ સુખ–સાચું સુખ ન જ મનાય.

હવે એ સાચું સુખ મેળવવાનું પરમ સાધન ધર્મ છે. જે અહિંસામય છે, સંયમમય છે અને તપશ્ચર્યામય છે. તેમજ દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને અટકાવનાર છે, પાપથી બચાવનાર છે. આવા મંગલકારી ધર્મની આરાધનામાં હે માનવ! તું પરાયણ રહીશ, તો જ તને સાચા સુખની પ્રાપ્તિ થશે.

કોઈકિવાર પાલીતાણા રાજ્ય તરફથી કનડગત થાય, ને જયતલાટીવાળા રસ્તે યાત્રા બંધ કરવાનો પ્રસંગ આવે, તો આ રોહીશાળાની પાગના પાછલે રસ્તે લોકો સુખપૂર્વક દાદાની યાત્રા કરી શકે, અને સ્ટેટને કાંઈ પણ રખોપું આપવું ન પડે.

ઉપર ચઢતાં માર્ગમાં કુંડની પેલી તરફ પાલીતાણા સ્ટેટનો રસ્તો આવે, પણ તે જાહેર માર્ગ–રાહદારી માર્ગ ગણાય, એટલે તે માટે સ્ટેટ કાયદેસર કાંઈ વાંધો લઈ ન શકે."

આવી દૂરંદેશી ભાવનાથી તેઓશ્રીએ કુંડ પાસેની જમીન ગરાશિયાઓ પાસેથી પેઢી દ્વારા ખરીદી લેવા વિચારણા કરી. અને એ માટે એ ગરાશિયાઓને ઉપદેશ પણ આપ્યો. એથી ગરાશિયાઓએ જમીન પેઢીને વેચવા માટે તૈયાર થયા અને રોહીશાળા તીર્થ સ્થાપ્યું.

આવી શાસનની તથા મહાતીર્થની લાગણી અને આશાતનાથી બચવા–બચાવવાની દાઝ અને સુઝ જેને હૈયે કાયમ વસી હતી એવા શાસન સમ્રાટ્‌ને કોટી કોટી વંદન.

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमो नमः
श्री गौतम स्वामिने नमः
नमो नमः श्री गुरु नेमि सूरये
नमो नमः श्री गुरु दर्शन सूरये

# તપોરત્ન રત્નાકર

## તપાવલિ.

### ૧. ઈંદ્રિયજય તપ.

["ઇન્દ્ર" એટલે જીવ. તેને જાણવાનું સાધન તે "ઇન્દ્રિય". શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં જણાવ્યું છે કે—

"इन्दो जीवो सव्वो व लद्धिभोग–परमेसरत्तणओ ।
सोत्ताइभेयमिंदियमिह तल्लिङ्गाइभावाओ । २९९३ ॥"

સર્વ ઉપલબ્ધિ, સર્વ ભોગ અને પરમ ઐશ્વર્યના વિસ્તારથી જીવ 'ઇન્દ્ર' કહેવાય છે. તેનાં લિંગાદિ લક્ષણથી શ્રોત્રાદિ ભેદવાળી (પાંચ) ઇન્દ્રિયો જાણવી.

હરણ, હસ્તી, પતંગિયું, ભ્રમર અને માછલું—એ એકેક ઇન્દ્રિયનાં પરાધીનપણાથી મૃત્યુને શરણ થાય છે તો આપણે મનુષ્યો પાંચે ઇન્દ્રિયોના ગુલામ બની જઈએ તો આપણી શી સ્થિતિ થાય ? જો ઈંદ્રિયવશ પડયા તો આપણું તો અધઃપતન જ થાય.

ઇંદ્રિયસુખોની અતિ લાલસા મનુષ્ય જીવનનો વિનાશ જ નોતરે છે. જેઓ ઇંદ્રિયોના રસમાં રચ્યાપચ્યા રહે છે તેઓ અનેક પ્રકારના ભયંકર વ્યાધિઓના શિકાર બને છે. અનુભવી પુરુષોએ કહ્યું છે કે- એક સાથે બે પંથે ન જ જઈ શકાય. ઉત્તર અને દક્ષિણ બંને દિશામાં એક સાથે ન જઇ શકાય તેમ **ઇંદ્રિયસુખોનો ઉપભોગ અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ** બંને ક્રિયાઓ એક સાથે કદાચ સંભવિત નથી; માટે જ શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે-**મુક્તિ મેળવવી હોય તો ઇંદ્રિયોનો જય** કરો.

ઇંદ્રિયો પાંચ પ્રકારની છે. ૧. સ્પર્શનેન્દ્રિય (ત્વચા-ચામડી), ૨. રસનેંદ્રિય (જીભ), ૩. ઘ્રાણેંદ્રિય (નાસિકા), ૪. ચક્ષુરિંદ્રિય (આંખ) અને ૫. શ્રોત્રેંદ્રિય (કાન).

પાંચે ઇંદ્રિયના મુખ્ય વિષયો પાંચ છે અને પેટા વિષયો ૨૩ છે.

| | | |
|---|---|---|
| ૧. સ્પર્શનેંદ્રિય | સ્પર્શ | (૮) |
| ૨. રસનેંદ્રિય | રસ | (૫) |
| ૩, ઘ્રાણેંદ્રિય | વાસ | (૨) |
| ૪. ચક્ષુરિંદ્રિય | રૂપ | (૫) |
| ૫. શ્રોત્રેંદ્રિય | શબ્દ | (૩) |

(૧) સ્પર્શવડે ૧. હળવું, ૨. ભારે, ૩. કોમળ, ૪. ખરબચડું, ૫. ઠંડું, ૬. ગરમ, ૭. ચીકણું અને ૮. લૂખું એ આઠ બાબતો જાણી શકાય.

(૨) જીભથી ૧. મીઠું, ૨. ખાટું, ૩. ખારૂં, ૪. કડવું અને ૫. તીખું જાણી શકાય.

(૩) સુંઘવાથી ૧. સારી સુગંધ અને ૨. ખરાબ સુગંધ જાણી શકાય.

(૪) નેત્રથી ૧. ધોળો, ૨. કાળો, ૩. લીલો, ૪. પીળો અને ૫. રાતો રંગ જાણી શકાય.

(૫) કાનથી ૧. સચિત્ત શબ્દ, ૨. અચિત્ત શબ્દ અને ૩. મિશ્ર શબ્દ જાણી શકાય છે. જીવતાં પ્રાણીઓનો શબ્દ–ધ્વનિ તે સચિત્ત, જડપદાર્થોનો અવાજ તે અચિત્ત અને બંનેના મિશ્રણરૂપ અવાજ તે મિશ્ર; જેમકે માણસ સંગીત ગાતો હોય અને સાથે વાજું વાગતું હોય.

ઇંદ્રિયોના આ વિષયોમાં રાગ કે દ્વેષ થવો, સુખ કે દુઃખની કલ્પના પેદા થવા દેવી તે ઇંદ્રિયોની આસક્તિ કહેવાય. કોમળ શય્યા કે સ્વાદિષ્ટ ભોજન જોઈને રાજી થવું કે ખરબચડી પથારી કે કર્કશ અવાજ સાંભળીને અપ્રીતિ કરવી તે "ઇંદ્રિયાસક્તિ" છે. તેને જીતવા પ્રયાસ કરવો તે "ઇંદ્રિયજય" કહેવાય.]

❋

**पूर्वार्द्धभक्तमेकं च, विरसाम्ले उपोषितम् ।**
**प्रत्येकमिंद्रियजयः, पञ्चविंशतिवासरः ॥१॥**

**અર્થ**—પુરિમડ્ઢ, એકાસણું, નીવી, આંબેલ અને ઉપવાસ. એ પ્રમાણે પાંચ દિવસ કરવાથી એક ઇંદ્રિયજયનો તપ થયો. એ રીતે પાંચ ઇંદ્રિયોના જય માટે પાંચ ઓળી કરવાથી પચીશ દિવસે આ તપ પૂરો થાય છે. તપસ્યાના દિવસોમાં ભૂમિ પર શયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, ઉદ્યાપનમાં

જિનેશ્વરની પાસે અથવા જ્ઞાનની પાસે પૂજાપૂર્વક પચીશ પચીશ પક્વાન્ન (મોદક), ફળ, વિગેરે ઢોકવા તથા તેટલી સંખ્યા-વાળા મોદક વિગેરે સાધુઓને આપવા. સંઘવાત્સલ્ય કરવું. **આ તપ કરવાથી દુષ્ટ ઇંદ્રિયોની અશુભ પ્રવૃત્તિ થતી નથી.** આ સાધુ તથા શ્રાવક બન્નેને કરવાનો તપ છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે.

| | સા. | ખ. | લો. | ન. |
|---|---|---|---|---|
| પહેલી ઓળી–સ્પર્શનેન્દ્રિયજયતપસે નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| બીજી ઓળી–રસનેન્દ્રિયજયતપસે નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ત્રીજી ઓળી–ઘ્રાણેન્દ્રિયજયતપસે નમઃ | ૨ | ૨ | ૨ | ૨૦ |
| ચોથી ઓળી–ચક્ષુરિંદ્રિયજયતપસે નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| પાંચમી ઓળી–શ્રોત્રેંદ્રિયજયતપસે નમઃ | ૩ | ૩ | ૩ | ૨૦ |

અથવા "ઇંદ્રિયજયાય નમઃ" એ રીતે પાંચે ઓળીમાં ગણવું. તથા સાથીયા, ખમાસમણ અને કાઉસ્સગ્ગ પાંચ પાંચ કરવા. નવકારવાળી વીશ ગણવી.

## ૨. કષાયજય તપ.

["કષાય" શબ્દ कष् ધાતુ ઉપરથી બનેલ છે. कष् એટલે બગાડવું, ઠાર મારવું. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના તેરમા **પદમાં કહ્યું છે કે–**

कलुसन्ति जं च जीवम्, तेण कसाय त्ति वुच्चन्ति ।

જીવનના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે તે "કષાય" કહેવાય. "कष्"નો બીજો અર્થ છે સંસાર. જેનાથી સંસારનો **आय=લાભ થાય તે "કષાય".**

૧. ક્રોધ–દ્વેષ, ગુસ્સો, અક્ષમા કે વૈર લેવાની વૃત્તિ.

૨. માન–અભિમાન, અહંકાર, મદ.

૩. માયા–લુચ્ચાઈ, કપટ, દગો, અન્યને છેતરવાની વૃત્તિ.

૪. લોભ–તૃષ્ણા, લાલસા, અસંતોષ, વધારે ને વધારે લેવાની વૃત્તિ.

કષાયના ઉપર પ્રમાણે મુખ્ય ચાર ભેદ છે પરંતુ તે દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન આવરણીય, પ્રત્યાખ્યાન આવરણીય અને સંજ્વલન એમ ચાર–ચાર ભેદ પડતાં સોળ વિભાગો થાય છે. અનંતાનુબંધી એ તીવ્ર કષાય છે અને તે સામાન્ય રીતે સર્વ જીવોને હોય છે. અપ્રત્યાખ્યાનાદિ કષાયો ઉત્તરોત્તર મંદ હોય છે.

[ભવવૃદ્ધિના હેતુભૂત આ કષાયોનો જય કરવો જોઈએ.]

**इक्कासणगं तह, निव्विगइमायंबिलमभत्तट्ठे ।**
**इय होइ लयचउक्कं कसायविजए य तवचरणे ॥१॥**

પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે નીવી, ત્રીજે દિવસે આંબીલ, ચોથે દિવસે ઉપવાસ એ પ્રમાણે એક કષાયને માટે ચાર દિવસની એક લતા(ઓળી) થઈ, એવી કષાયવિજય તપાચરણમાં ચાર લતા (ઓળી) કરવી એટલે સોળ દિવસે આ તપ પૂરો થાય છે. ઉદ્યાપનમાં જિનેશ્વર પાસે અથવા જ્ઞાન પાસે પૂજાપૂર્વક સોળ સોળ મોદક, ફળ વિગેરે ઢોકવાં. મુનિઓને પણ તેટલું દાન દેવું. આ તપ કરવાથી સર્વ કષાયનો નાશ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે દરેક દિવસે નીચે પ્રમાણે કરવું—

| | સા. | ખ. | લો. | નો. |
|---|---|---|---|---|
| ૧. અનંતાનુબન્ધિ ક્રોધજયાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૨. અપ્રત્યાખ્યાન આવરણીય ક્રોધજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૩. પ્રત્યાખ્યાન આવરણીય ક્રોધજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૪. સંજ્વલન ક્રોધજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૫. અનંતાનુબન્ધિ માનજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૬. અપ્રત્યાખ્યાન આવરણીય માનજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૭. પ્રત્યાખ્યાન આવરણીય માનજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૮. સંજ્વલન માનજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૯. અનંતાનુબન્ધિ માયાજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૦. અપ્રત્યાખ્યાન આવરણીય માયાજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૧. પ્રત્યાખ્યાન આવરણીય માયાજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૨. સંજ્વલન આવરણીય માયાજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૩. અનન્તાનુબન્ધિ લોભજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૪. અપ્રત્યાખ્યાન આવરણીય લોભજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૫. પ્રત્યાખ્યાન આવરણીય લોભજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૬. સંજ્વલન લોભજયાય નમઃ | ,, | ,, | ,, | ,, |

અથવા "સર્વકષાયજયાય નમઃ" એ રીતે સોળે દિવસ ગણવું. અથવા ચાર ચાર દિવસ નીચે પ્રમાણે ગણવું:—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. ક્રોધજયતપસે નમઃ | (પહેલી ઓળી) | ૪ | ૪ | ૪ | ૨૦ |
| ૨. માનજયતપસે નમઃ | (બીજી ઓળી) | ૪ | ૪ | ૪ | ૨૦ |
| ૩. માયાજયતપસે નમઃ | (ત્રીજી ઓળી) | ૪ | ૪ | ૪ | ૨૦ |
| ૪. લોભજયતપસે નમઃ | (ચોથી ઓળી) | ૪ | ૪ | ૪ | ૨૦ |

## ૩. યોગશુદ્ધિ તપ.

["યોગ" એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ. તે કર્મને આત્મા ભણી ખેંચી લાવવામાં કારણભૂત છે, જેથી તેને "આસ્રવ" કહેવામાં આવે છે. કર્મનો જે આસ્રવ પુણ્યબંધ માટે થાય તે શુભ અને પાપબંધ માટે થાય તે અશુભ કહેવાય છે. શ્રી તત્ત્વાર્થસૂત્રના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે–काय–वाङ्–मनः–कर्म योगः ॥१॥ स आस्रवः ॥२॥ शुभः पुण्यस्य ॥३॥ अशुभः पापस्य ॥ ४ ॥

મન એ મર્કટ જેવું ચંચળ છે, ધજાના છેડા જેવું અસ્થિર છે અને પવનની માફક સ્વતંત્ર રીતે ભટકનારું છે; પરંતુ તે જ મનને ધ્યાનમાં જોડવાથી કે એકાગ્ર કરવાથી મોક્ષપ્રાપ્તિમાં સહાયભૂત બની શકે છે.

વચન પણ જેમ તેમ ન બોલવું. દ્વાદશાંગીને વફાદાર રહીને ભાષા બોલવી તે વચનની શુભ પ્રવૃત્તિ છે. પ્રાજ્ઞપુરુષે નિરવદ્ય અને સત્ય ભાષા જ બોલવી જોઈએ.

કાયા એટલે શરીર, દેહ. પાપકારી પ્રવૃત્તિને છોડવી એ કાયાની શુભ પ્રવૃત્તિ છે. શ્રીમદ્ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે શ્રી યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં કહ્યું છે કે—

शरीरेण सुगुप्तेन, शरीरी चिनुते शुभम् ।
सततारम्भिणा जन्तु-घातकेनाशुभम् पुनः ॥७७॥

કાયોત્સર્ગાદિક ક્રિયાવાળા શરીરથી આત્મા "શુભ" કર્મનો સંચય કરે છે તેમજ સતત આરંભવાળા અને પરિણામે જીવ-હિંસાદિ પ્રવૃત્તિવાળા શરીરથી અશુભ કર્મ ઉપાર્જન કરે છે.

મનોયોગ, વચનયોગ અને કાયયોગને શુદ્ધ કરવા માટે નીચેનો તપ આવશ્યક છે]

**योगे प्रत्येकं विकृतिकाचाम्लं चाप्युपोषितम् ।**
**एवं नवदिनैर्योगशुद्धिः संपूर्यते तपः ॥१॥**

આ તપ મન, વચન અને કાયાના યોગ(વ્યાપાર)ને શુદ્ધ કરનાર હોવાથી યોગશુદ્ધિ નામે કહેવાય છે, તેમાં મનોયોગને આશ્રયીને પહેલે દિવસે નીવી, બીજે દિવસે આંયંબીલ અને ત્રીજે દિવસે ઉપવાસ. એ રીતે વચન અને કાયાના યોગને આશ્રયીને પણ ત્રણ ત્રણ દિવસ કરવું. એટલે નવ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં જિનેશ્વર પાસે અથવા જ્ઞાન પાસે છ વિગયના પદાર્થો તથા નવ નવ મોદક, ફળ વિગેરે ઢોકવા. જ્ઞાનપૂજા તથા દેવપૂજા કરવી, અષ્ટમંગલિક કરવાં. આ તપ કરવાથી મન, વચન અને કાયાના યોગની શુદ્ધિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

ઉદ્યાપને અષ્ટ મંગળ કરાવવાનું જૈન પ્રબોધમાં લખ્યું છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે—

| | | સા. | ખ. | લો. | નો. |
|---|---|---|---|---|---|
| મનોયોગતપસે નમઃ | (પહેલી ઓળી) | ૩ | ૩ | ૩ | ૨૦ |
| વચોયોગતપસે નમઃ | (બીજી ઓળી) | ,, | ,, | ,, | ,, |
| કાયયોગતપસે નમઃ | (ત્રીજી ઓળી) | ,, | ,, | ,, | ,, |

## ૪. ધર્મચક્ર તપ

[ છ ખંડ પૃથ્વીની સાધના કરનાર ચક્રવર્તી પૃથ્વીપીઠ પર શ્રેષ્ઠ ગણાય છે કારણ કે તેમની ઋદ્ધિ–સિદ્ધિ, વૈભવ–વિલાસ કે સંપત્તિની બરોબરી કોઈ કરી શકતું નથી. ચક્રવર્તી પોતાના "ચક્ર"ની સહાયથી વિજય મેળવે છે.

પરંતુ શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે–"ધર્મચક્ર" પાસે તો ચક્રવર્તીનું તે ચક્ર પણ ઝાંખું પડી જાય છે કારણ કે ધર્મ-ચક્ર નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિનો નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે. અને તેનાથી જ અવિનાશી અનુપમ, અક્ષય ભંડાર સરખી સિદ્ધિગતિની પ્રાપ્તિ કરી શકાય છે.

આ "ધર્મચક્ર" એ તીર્થંકર ભગવંતનો દેવોકૃત અતિશય છે. અતિશય એટલે પ્રભાવસૂચક લક્ષણ. તીર્થંકર ભગવંતને ચોત્રીશ અતિશયો હોય છે. જ્યારે તેઓ વિચરે છે ત્યારે દેવો આકાશમાં "ધર્મચક્ર"–વિકુર્વીને સાથોસાથ ફેરવે છે.

આવા ઉત્તમકોટિના "ધર્મચક્ર" ની પ્રાપ્તિ માટે નીચેનો તપ કરવો આવશ્યક છે. ]

**विधाय प्रथमं षष्ठं, षष्टिमेकान्तरांस्तथा ।**
**उपवासान् धर्मचक्रे, कुर्याद्व्द्व्यर्क (१२३) वासरैः ॥१॥**

ધર્મનું ચક્ર એટલે સમૂહ, અથવા ભગવાન અરિહંતનું અતિશયરૂપ ધર્મચક્ર, તેની પ્રાપ્તિનું કારણ હોવાથી ધર્મચક્ર નામે તપ કહેવાય છે. તેમાં પ્રથમ એક છઠ્ઠ કરીને પારણું કરવું. પછી એકાંતર સાઠ ઉપવાસ કરવા. એ પ્રમાણે આ તપ ૧૨૩ દિવસે પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં રત્નજડિત સુવર્ણનું અથવા રૂપાનું ધર્મચક્ર કરાવીને જિનેશ્વર પાસે પૂજાપૂર્વક ઢોકવું. સાધુને અન્નાદિક દાન દેવું, યથાશક્તિ સંઘપૂજા, સ્વામીવાત્સલ્ય કરવું. આ તપ કરવાથી અતિચાર રહિત બોધિની પ્રાપ્તિ થાય છે. આ યતિ તથા શ્રાવકોને કરવાનો આગાઢ તપ છે. (આચારદિનકર.)

**બીજી રીત—**

પ્રથમ એક અઠ્ઠમ કરીને પારણું કરવું. પછી એકાંતર ૩૭ ઉપવાસ કરવા. ત્યાર પછી એક અઠ્ઠમ કરીને પારણું કરવું. એટલે કુલ ઉપવાસ ૪૩ અને પારણાના દિવસ ૩૯ મળી ૮૨ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપન ઉપર પ્રમાણે (પ્રત્યંતર નંબર क)

**ત્રીજી રીત—**

અથવા આંબીલ ૨૪ નિરંતર કરવા. ઉદ્યાપન ઉપર પ્રમાણે (વિધિપ્રપા.)

ગરણું વિગેરે નીચે પ્રમાણે— સા૦ ખ૦ લો૦ નો૦

**ધર્મચક્રિણે અરિહંતાય નમઃ** ૧૨ ૧૨ ૧૨ ૨૦

અથવા–**"નમો અરિહંતાણં"** એ ગરણું ગણવું.

**ચોથી રીત—**

અથવા પ્રથમ એક અઠ્ઠમ કરીને પારણું કરવું. પછી ત્રીશ એકાંતર ઉપવાસ કરવા. પછી એક અઠ્ઠમ કરીને પારણું કરવું. પછી ત્રીશ ઉપવાસ એકાંતર કરવા. છેલ્લો એક અઠ્ઠમ કરીને પારણું કરવું. આ રીતે કરતાં ઉપવાસ ૬૯ તથા પારણાં ૬૩ મળી ૧૩૨ દિવસે તપ પૂર્ણ થાય છે. (આ તપને મહાધર્મચક્રવાલ તપ પણ કહે છે.)

❋

## ૫-૬. લઘુ અષ્ટાહ્નિકા તપદ્વય.

[આઠ આઠ દિવસના તપને "અષ્ટાહ્નિક" કહેવાય છે, જેમ આઠ દિવસના મહોત્સવને આપણે "અષ્ટાહ્નિકા" મહોત્સવ કહીએ છીએ. જે દિવસોમાં આ તપ કરવામાં આવે છે તે દિવસો શાશ્વતી અઠ્ઠાઈના પવિત્ર દિવસો છે, તે આ તપની વિશિષ્ટતા છે.]

**अष्टमीभ्यां समारभ्य, शुक्लाश्वयुतचैत्रयोः ।**
**राका यावत्सप्तवर्षं स्वशक्त्याऽष्टाह्निकातपः ॥१॥**

આ આઠ આઠ દિવસનો તપ હોવાથી અષ્ટાહ્નિકા તપ કહેવાય છે. આ તપ આશ્વિન અને ચૈત્ર માસની શુક્લ અષ્ટમીએ આરંભ કરી પૂર્ણિમાએ પૂર્ણ કરવો. હંમેશાં પોતાની શક્તિ પ્રમાણે એકાસણું, નીવી, આંબીલ કે ઉપવાસ કરવો. એ પ્રમાણે સાત વર્ષ સુધી કરવું. તપના દિવસોમાં મોટી સ્નાત્રવિધિએ જિનપૂજા કરવી. ઉદ્યાપનમાં છપ્પન છપ્પન મોદક, ફળ, પુષ્પ વિગેરેવડે દેવપૂજા કરવી. સાધુને દાન દેવું. યથાશક્તિ સંઘપૂજા કરવી. આ બન્ને તપ

દુર્ગતિનો નાશ કરનાર છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (અહિં આશ્વિન અષ્ટાહ્નિકા તપને ચૈત્ર અષ્ટાહ્નિકા તપ એમ બે જુદા જુદા તપ હોવાથી ને વિધિ સરખી હોવાથી તપના નંબર બે ચડાવ્યા છે અને હકીકત ભેગી લખી છે.

ગરણું વિગેરે અષ્ટકર્મસૂદન તપમાં કહ્યા પ્રમાણે જાણવું. (જુઓ તપ નંબર ૭)

## ૭. અષ્ટ કર્મસૂદન તપ.

[નિકાચિત કર્મોને ખપાવવામાં શાસ્ત્રકારોએ તપને અમોઘ સાધન ગણાવ્યું છે તેમાં પણ આ તપ ખાસ કર્મોના સૂદન–નાશ માટે જ કરવાનો છે.

આઠ કર્મો અને તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે. જેના ક્ષયથી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે.

૧. **જ્ઞાનાવરણીય**–નામ, જાતિ, ગુણ અને ક્રિયાદિ યુક્ત વિશેષ બોધ તે **જ્ઞાન**, તેને જે કર્મ આવરે તે જ્ઞાનાવરણીય. તેના મતિજ્ઞાનાદિ પાંચ ભેદો છે.

જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ પાટાના જેવો છે. જેમ ઘન, ઘનતર પાટો ચક્ષુના તેજનું વધતું ઓછું આચ્છાદન કરે છે તેમ મન્દ કે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ ઓછે–વધતે અંશે જ્ઞાનનું આચ્છાદન કરે છે.

૨. **દર્શનાવરણીય**–નામ, જાતિ આદિ રહિત સામાન્ય બોધ તે **દર્શન**, તેને આવરે તે દર્શનાવરણીય. તેના નવ ભેદો છે.

આ કર્મનો સ્વભાવ પ્રતિહારી–દ્વારપાળ જેવો છે. જેમ દ્વારપાળ લોકોના વૃત્તાંતને જાણવાની ઇચ્છાવાળા રાજા પાસે જવા ઇચ્છિતા લોકોને રોકે છે તેમ આ કર્મ જીવરૂપ રાજાને ઘટાદિ પદાર્થરૂપ લોકનું દર્શન–સામાન્ય બોધ થવા દેતું નથી.

૩. **વેદનીય**–સુખ કે દુઃખરૂપે વેદાય–અનુભવાય તે વેદનીય કર્મ. તેના શાતા અને અશાતા બે પ્રકાર છે.

આ કર્મનો સ્વભાવ મધથી ખરડાયેલ તરવાર જેવો છે. જેમ તરવાર ચાટતા પ્રથમ મધનો સ્વાદ આવવાથી સુખ ઉપજે અને પછી જીભ કપાવાથી દુઃખ થાય.

૪. **મોહનીય**–સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનો ઘાત કરે તે મોહનીય. તેના મિથ્યાત્વમોહનીય વિગેરે અઠ્ઠાવીશ ભેદો છે.

આ કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરાપાનથી જીવ હિતાહિતનો વિવેક ભૂલી જાય છે તેમ આ કર્મના વશવર્તીપણાથી જીવ પારમાર્થિક હિતાહિતનો વિવેક ગુમાવી બેસે છે.

૫. **આયુષ્ય**–દેવાદિ ગતિમાં સ્થિતિ કરવી – રહેવું. તેના દેવ, નારક, મનુષ્ય અને તિર્યંચ ચાર ભેદો છે.

આ કર્મનો સ્વભાવ હેડના જેવો છે. જેમ હેડમાં પડેલો જીવ તેની મુદત પૂરી થયા પહેલાં છૂટી શકતો નથી તેમ આયુષ્યકર્મના ઉદયથી સ્થિતિ પૂરી થયા સિવાય જીવ છૂટી શકતો નથી.

૬. **નામ કર્મ**–ગતિ, જાતિ આદિ વિવિધ અવસ્થા-નો અનુભવ થાય. તેના દેવગત્યાદિ એક સો ને ત્રણ ભેદો છે.

આ કર્મનો સ્વભાવ ચિતારા જેવો છે. જેમ ચિત્રકાર વિવિધ પ્રકારના રૂપો–ચિત્રો બનાવે તેમ આ કર્મ જીવના જાતિ, ગતિ, શરીરાદિ વિવિધ રૂપો કરે છે.

૭. **ગોત્રકર્મ**–જન્મ થવો તે ગોત્ર. તેના ઊંચ અને નીચ બે ભેદ છે.

આ કર્મનો સ્વભાવ કુંભાર જેવો છે, કુંભાર માંગલિક કામ માટે તેમ જ મદિરા ભરવા માટે પણ કુંભો બનાવે તેમ આ કર્મ ઊંચ ગોત્ર પણ આપે અને નીચ ગોત્ર પણ આપે.

૮. **અંતરાય**–દાનાદિ શક્તિઓનો ઘાત કરે. તેના દાનાન્તરાયાદિ પાંચ ભેદો છે.

આ કર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. જેમ ભંડારી રાજાને દાન કરવામાં પ્રતિબંધ કરે તેમ આ કર્મ જીવને દાનાદિ કરવામાં અટકાવે.

આઠે કર્મોનો વિશેષ વૃત્તાંત નવતત્ત્વ, કર્મગ્રંથ, કમ્મપયડી વિગેરે ગ્રંથોથી જાણવો.]

❋

**प्रत्याख्यानान्यष्टौ, प्रत्येकं कर्मणां विघाताय ।**
**इति कर्मसूदनतपः, पूर्णं स्याद्युगरसमिताहैः ॥१॥**
**उपवासमेकभक्तं, तथैकसिक्थैकसंस्थिती दत्ती ।**
**निर्विकृतिकमाचाम्लं, कवलाष्टकं च क्रमात्कुर्यात् ॥२॥**

આઠ કર્મનો ક્ષય કરવા માટે આ પ્રમાણે તપ કરવો:–

પહેલે દિવસે ઉપવાસ કરવો, બીજે દિવસે એકાસણું કરવું, ત્રીજે દિવસે એકસિકથ (એક દાણો) સ્થાનકે ચોવિહાર આંબીલ કરવું, ચોથે દિવસે એક અંગી (એકલઠાણું) એકાસણું ઠામ ચોવિહારવાળું કરવું, પાંચમે દિવસે ઠામ ચોવિહાર એકદત્તી (એકી વખતે પાત્રમાં પડેલું જ ખાવું તે) કરવું, છઠ્ઠે દિવસે લૂખી નીવી કરવી, સાતમે દિવસે આંબીલ કરવું તથા આઠમે દિવસે આઠ કવળનું એકાસણ કરવું. એ આઠે દિવસે અનુક્રમે ગરણું વિગેરે નીચે પ્રમાણે ગણવું. વીશ નવકારવાલી ગણવી.

| | | |
|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીયકર્મક્ષયે શ્રીઅનંતજ્ઞાનસંયુતાય | નમઃ |
| ૨ | દર્શનાવરણીયકર્મક્ષયે શ્રીઅનન્તદર્શનસંયુતાય | નમઃ |
| ૩ | વેદનીયકર્મક્ષયે શ્રીઅવ્યાબાધગુણસંયુતાય | નમઃ |
| ૪ | મોહનીયકર્મક્ષયે શ્રીઅનન્તચારિત્રગુણસંયુતાય | નમઃ |
| ૫ | આયુઃકર્મક્ષયે શ્રીઅક્ષયસ્થિતિગુણસંયુતાય | નમઃ |
| ૬ | નામકર્મક્ષયે શ્રીઅરૂપીનિરંજનગુણસંયુતાય | નમઃ |
| ૭ | ગોત્રકર્મક્ષયે શ્રીઅગુરુલઘુગુણસંયુતાય | નમઃ |
| ૮ | અન્તરાયકર્મક્ષયે શ્રીઅનન્તવીર્યગુણસંયુતાય | નમઃ |

અથવા નીચે પ્રમાણે ગણવું—

| | | | પ્રકૃતિ. |
|---|---|---|---|
| ૧ | શ્રી અનંત જ્ઞાનગુણધારકાય | નમઃ | ૫ |
| ૨ | શ્રી અનંત દર્શનગુણધારકાય | નમઃ | ૯ |
| ૩ | શ્રી અવ્યાબાધ ગુણધારકાય | નમઃ | ૨ |
| ૪ | શ્રી ક્ષાયિક સમ્યક્ત્વ ગુણધારકાય | નમઃ | ૨૮ |

| | | |
|---|---|---|
| ૫ શ્રી અક્ષયસ્થિતિ ગુણધારકાય | નમઃ | ૪ |
| ૬ શ્રી અમૂર્ત ગુણધારકાય | નમઃ | ૧૦૩ |
| ૭ શ્રી અગુરુલઘુ ગુણધારકાય | નમઃ | ૨ |
| ૮ શ્રી અનન્ત વીર્ય ગુણધારકાય | નમઃ | ૫ |

કાયોત્સર્ગ, સાથીયા, તથા ખમાસમણા કર્મપ્રકૃતિ પ્રમાણે કરવા.

જે દિવસે જે કર્મનો તપ ચાલતો હોય તે દિવસે તે કર્મની પૂજામાંથી એક એક ઢાળ અનુક્રમે ભણાવવી (સ્નાત્ર સહિત.) (તેની રીત ચોસઠ પ્રકારી પૂજામાંથી જાણવી.)

ઉજમણામાં આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિ સૂચવનારું આઠ શાખા ને ૧૫૮ પત્રોવાળું રૂપાનું વૃક્ષ અને કર્મવૃક્ષના છેદને માટે તેના મૂળમાં મૂકવાનો સોનાનો કુહાડો તથા ચોસઠ મોદક જ્ઞાનની પાસે ઢોકવા અથવા દેવની પાસે ઢોકવા. જ્ઞાનની પૂજા કરવી તથા દાન દેવું. મોટી સ્નાત્રવિધિએ જિન-પૂજા કરવી. સંઘ વાત્સલ્ય કરવું. એ રીતે પ્રથમ ઓળી થઇ. એવી આઠ ઓળી કરવી, એટલે ચોસઠ દિવસે કર્મસૂદન તપ પૂર્ણ થાય. આ તપનું ફળ કર્મનો ક્ષય થાય એ છે. આ સાધુ તથા શ્રાવકને કરવા લાયક આગાઢ તપ છે.

અથવા બીજી રીતે આ તપ આ રીતે પણ કરવામાં આવે છે. પ્રથમ એક અઠ્ઠમ કરવો. પછી સાઠ એકાંતર ઉપવાસ કરવા, તથા છેલ્લે એક અઠ્ઠમ કરવો. કુલ ૬૬ ઉપવાસ અને ૬૨ પારણા થવાથી ચાર માસ અને આઠ દિવસે આ તપ પૂર્ણ થાય છે. આ વિધિએ તપ કરતાં સિદ્ધપદનું ગરણું ગણવું. જ્ઞાન, ગુરુ અને સંઘની ભક્તિ કરવી. ઉદ્યાપન ઉપર પ્રમાણે કરવું.(જૈનધર્મસિંધુ.)

આ પ્રમાણે સાધુ તથા શ્રાવકને કરવા લાયક *અગિયાર આગાઢ તપ શ્રી જિનેશ્વરે કહેલા છે. મુનિઓએ કરેલી તપસ્યાઓના ઉદ્યાપન માટે મૂલ ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે–

**उद्यापने च गृहिभिः, कार्यं कर्म यथोदितम् ।**
**काराप्यं यतिभिः श्राद्धैस्तदभावे च मानसम् ॥१॥**

**અર્થ**–ગૃહસ્થીઓએ ઉદ્યાપનમાં તપવિધિમાં કહ્યા પ્રમાણે કર્મ કરવું, તથા સાધુઓએ તપસ્યા કરી હોય તો તેનું ઉદ્યાપન શ્રાવકો પાસે કરાવવું. અથવા તેમ ન બને તો માનસિક ઉદ્યાપન કરવું.

**यद्दिनान्तरितं कार्यं, तदनागाढमुच्यते ।**
**एकश्रेण्या विधेयम् यत्तादागाढं जगौ जिनः ॥२॥**

**અર્થ**–જે તપ દિવસને આંતરે કરવામાં આવે તે અનાગાઢ તપ કહેવાય છે, અને જે આંતર વિના શ્રેણિબદ્ધ કરવામાં આવે તે આગાઢતપ કહેવાય છે એમ જિનેશ્વરે કહ્યું છે.

## इति जिनोक्तानि तपांसि

❊

## अथ गीतार्थोक्तानि तपांसि

### ૮. એકસો વીશ કલ્યાણક તપ.

[“કલ્યાણક”] એ તીર્થંકર ભગવંત જેવી સર્વશ્રેષ્ઠ વ્યક્તિને જ હોઈ શકે. તેમના ચ્યવન (ગર્ભાવતાર), જન્મ,

* ઉપર લખેલા ૭ ઉપરાંત ઉપધાન તપ, યોગોદ્વહન, શ્રાવકની ૧૧ પ્રતિમા ને મુનિની ૧૨ પ્રતિમા–કુલ ૧૧.

દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષગમન–એ પ્રકારે પાંચ કલ્યાણકો છે. કલ્યાણકદિન એટલે ઉત્તમોત્તમ દિવસ. શ્રી તીર્થંકર ભગવંતના કલ્યાણક પ્રસંગે નારકી જેવા દારુણ દુઃખી જીવને પણ ક્ષણિક સુખનો અનુભવ થાય છે. કહ્યું છે કે–

**"જેમના કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું"**

ઘોર તિમિરમાં સબડતા જીવને પ્રકાશની પ્રાપ્તિ એ ઓછી ઉપકારક હકીકત નથી. આપણા ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકર ભગવંતોના દરેકના પાંચ–પાંચ કલ્યાણકોની ગણત્રીએ એકસો વીશ કલ્યાણકો થાય છે. ]

**यस्मिन् दिने तीर्थंकरस्य गर्भावतारजन्मव्रतकेवलानि ।**
**मोक्षो बभूवात्र दिने तपो यत्कल्याणकं तत्समुदाहरन्ति ॥१॥**

**અર્થ**—જે દિવસે તીર્થંકરનો ગર્ભાવતાર (ચ્યવન), જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ થયો હોય, તે દિવસે જે તપ કરવો તે કલ્યાણકતપ કહેવાય છે. ૧

**कल्याणक एकस्मिन्नेकाशनमेतयोर्द्वयोर्विरसम् ।**
**आचाम्लं त्रितयेऽपि हि चतुष्टयेऽप्यनशनं प्राहुः ॥२॥**

**અર્થ**—જે દિવસે એક કલ્યાણક હોય તે દિવસે એકાસણું કરવું, જે દિવસે બે કલ્યાણક હોય તે દિવસે નીવી કરવી, ત્રણ કલ્યાણક હોય તે દિવસે આંબીલ કરવું અને ચાર કલ્યાણકને દિવસે ઉપવાસ કરવો એમ કહ્યું છે. ૨. ( પાંચ કલ્યાણકને દિવસે એકાસણાપૂર્વક ઉપવાસ કરવો. એટલું આચાર–ઉપદેશમાં અધિક કહ્યું છે. )

અથવા એક કલ્યાણકે એકાસણું, બે કલ્યાણકે આંબિલ, ત્રણે આંબિલ તથા એકાસણું, ચારે ઉપવાસ અને પાંચ કલ્યાણકે ઉપવાસ તથા એકાસણું એ પ્રમાણે કરવું.

ચોવીશ તીર્થંકરના ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકના ૧૨૦ દિવસોને વિષે ઉપવાસાદિક તપ કરવો. એકાસણાથી જે પંચકલ્યાણક અરાધે તે માગશર શુદિ ૧૦ નું આંબિલ કરે ને માગશર શુદિ ૧૧ નો ઉપવાસ કરી ૬ કલ્યાણક આરાધે અને ઉપવાસથી પંચ-કલ્યાણક આરાધે તે માગશર શુદિ ૧૦ ને અગ્યારશનો પ્રથમ છઠ્ઠ કરી શરૂ કરે તો પાંચ વર્ષે કલ્યાણકતપ પૂરો થાય. ઉજમણે કનકસિંહ રાજાની જેમ ચોવીશ જિનેશ્વરોની પ્રતિમા ભરાવવી. તિલક ૨૪, પક્વાન્ન ૨૪, ખાજાં ૨૪ અને કુંપી, કચોલી વિગેરે પૂજાનાં ઉપકરણો ૨૪-૨૪ ઢોકવાં. ચ્યવન કલ્યાણકે "પરમેષ્ઠિને નમઃ" એ મંત્રનો જાપ બે હજાર (વીશ નવકારવાળી) કરવો. જન્મ કલ્યાણકે "અર્હતે નમઃ"નો બે હજાર જાપ કરવો. દીક્ષા કલ્યાણકે " નાથાય નમઃ "નો જાપ બે હજાર કરવો. જ્ઞાન કલ્યાણકે " સર્વજ્ઞાય નમઃ "નો બે હજાર જાપ કરવો. નિર્વાણ કલ્યાણકે " પારંગતાય નમઃ "નો બે હજાર જાપ કરવો. ચ્યવનકલ્યાણકે સાધર્મિક વાત્સલ્ય, જન્મ કલ્યાણકે ગોળ ઘીનું દાન, દીક્ષાકલ્યાણકે ટોપરા ગોળ વહેંચવા, જ્ઞાનકલ્યાણકે સંઘપૂજા અને નિર્વાણકલ્યાણકે મોટી પૂજા ભણાવવી.

જે ઉપવાસથી આ તપ કરે તેણે દરેક કલ્યાણકે ઉપવાસ કરવો. બે અથવા વધારે કલ્યાણક જે દિવસે હોય તેનું આરાધન બીજા વર્ષોમાં કરવું. જ્યાં ભગવંતની કલ્યાણક ભૂમિ હોય

ત્યાં મોટા મહોત્સવથી સંઘ સહિત યાત્રા કરવા જવું. વિધિયુક્ત યાત્રા કરવી. તથા સર્વ ભગવંતોના પંચ કલ્યાણકોનો ઉત્સવ કરવો. ગરણું વિગેરે નીચે પ્રમાણે—

| તિથિ. | આસો વદ. ( ગુજરાતી ) | કલ્યાણક |
|---|---|---|
| ૫ | શ્રી સંભવનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૨ | શ્રી પદ્મપ્રભાર્હતે નમઃ | જન્મ |
| ૧૨ | શ્રી નેમિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૩ | શ્રી પદ્મપ્રભનાથાય નમઃ | દીક્ષા |
| ૦)) | શ્રી મહાવીરપારંગતાય નમઃ | મોક્ષ |
| | **કાર્તિક શુદ.** | |
| ૩ | શ્રી સુવિધિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૨ | શ્રી અરનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| | **કાર્તિક વદ.** | |
| ૫ | શ્રી સુવિધિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૬ | શ્રી સુવિધિનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૦ | શ્રી મહાવીરનાથાય નમઃ | દીક્ષા |
| ૧૧ | શ્રી પદ્મપ્રભપારંગતાય નમઃ | મોક્ષ |
| | **માગશર શુદ.** | |
| ૧૦ | શ્રી અરનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૦ | શ્રી અરનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૧ | શ્રી અરનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૧ | શ્રી મલ્લિનાથાર્હતે નમઃ | જન્મ |

| | | |
|---|---|---|
| ૧૧ | શ્રી મલ્લિનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૧ | શ્રી મલ્લિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૧ | શ્રી નમિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૪ | શ્રી સંભવનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૫ | શ્રી સંભવનાથનાથાય નમઃ | દીક્ષા |

## માગશર વદ.

| | | |
|---|---|---|
| ૧૦ | શ્રી પાર્શ્વનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૧ | શ્રી પાર્શ્વનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૨ | શ્રી ચન્દ્રપ્રભાર્હતે નમઃ | જન્મ |
| ૧૩ | શ્રી ચન્દ્રપ્રભનાથાય નમઃ | દીક્ષા |
| ૧૪ | શ્રી શીતળનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |

## પોષ શુદ.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી વિમલનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૯ | શ્રી શાંતિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૧ | શ્રી અજિતનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૪ | શ્રી અભિનન્દનસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૫ | શ્રી ધર્મનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |

## પોષ વદ.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી પદ્મપ્રભપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૨ | શ્રી શીતલનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૨ | શ્રી શીતલનાથાનાથાય નમઃ | દીક્ષા |
| ૧૩ | શ્રી આદિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૦)) | શ્રી શ્રેયાંસનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |

## માઘ શુદ.

| | | |
|---|---|---|
| ૨ | શ્રી અભિનંદનાર્હતે નમઃ | જન્મ |
| ૨ | શ્રી વાસુપૂજ્યસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૩ | શ્રી ધર્મનાથાર્હતે નમઃ | જન્મ |
| ૩ | શ્રી વિમલનાથાર્હતે નમઃ | જન્મ |
| ૪ | શ્રી વિમલનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૮ | શ્રી અજિતનાથાર્હતે નમઃ | જન્મ |
| ૯ | શ્રી અજિતનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૨ | શ્રી અભિનંદનનાથાય નમઃ | દીક્ષા |
| ૧૩ | શ્રી ધર્મનાથનાથાય નમઃ | દીક્ષા |

## માઘ વદ.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી સુપાર્શ્વનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૭ | શ્રી ચન્દ્રપ્રભસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૯ | શ્રી સુવિધિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૧ | શ્રી આદિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૨ | શ્રી શ્રેયાંસનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૨ | શ્રી મુનિસુવ્રતસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૩ | શ્રી શ્રેયાંસનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૪ | શ્રી વાસુપૂજ્યાર્હતે નમઃ | જન્મ |
| ૦)) | શ્રી વાસુપૂજ્યનાથાય નમઃ | દીક્ષા |

## ફાગણ સુદ.

| | | |
|---|---|---|
| ૨ | શ્રી અરનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૪ | શ્રી મલ્લિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

| | | |
|---|---|---|
| ૮ | શ્રી સંભવનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૨ | શ્રી મલ્લિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૨ | શ્રી મુનિસુવ્રતનાથાય નમઃ | દીક્ષા |

## ફાગણ વદ.

| | | |
|---|---|---|
| ૪ | શ્રી પાર્શ્વનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૪ | શ્રી પાર્શ્વનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૫ | શ્રી ચન્દ્રપ્રભપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૮ | શ્રી આદિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૮ | શ્રી આદિનાથનાથાય નમઃ | દીક્ષા |

## ચૈત્ર શુદ.

| | | |
|---|---|---|
| ૩ | શ્રી કુંથુનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૫ | શ્રી અજિતનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૫ | શ્રી સંભવનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૫ | શ્રી અનંતનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૯ | શ્રી સુમતિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૧ | શ્રી સુમતિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૩ | શ્રી મહાવીરાર્હતે નમઃ | જન્મ |
| ૧૫ | શ્રી પદ્મપ્રભસર્વજ્ઞાય નમઃ | કેવલ |

## ચૈત્ર વદ.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી કુંથુનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૨ | શ્રી શીતલનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૫ | શ્રી કુંથુનાથનાથાય નમઃ | દીક્ષા |

| | | |
|---|---|---|
| ૬ | શ્રી શીતલનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૦ | શ્રી નમિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૩ | શ્રી અનન્તનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૪ | શ્રી અનન્તનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૪ | શ્રી અનન્તનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૪ | શ્રી કુંથુનાથાર્હતે નમઃ | જન્મ |

## વૈશાખ શુદ.

| | | |
|---|---|---|
| ૪ | શ્રી અભિનંદનપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૭ | શ્રી ધર્મનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૮ | શ્રી અભિનંદનપારંગતાય નમઃ | મોક્ષ |
| ૮ | શ્રી સુમતિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૯ | શ્રી સુમતિનાથનાથાય નમઃ | દીક્ષા |
| ૧૦ | શ્રી મહાવીરસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૨ | શ્રી વિમલનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૩ | શ્રી અજિતનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

## વૈશાખ વદ.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી શ્રેયાંસનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૮ | શ્રી મુનિસુવ્રતાર્હતે નમઃ | જન્મ |
| ૯ | શ્રી મુનિસુવ્રતપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૩ | શ્રી શાન્તિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૩ | શ્રી શાન્તિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૪ | શ્રી શાન્તિનાથનાથાય નમઃ | દીક્ષા |

## જ્યેષ્ઠ શુદ.

| | | |
|---|---|---|
| ૫ | શ્રી ધર્મનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૯ | શ્રી વાસુપૂજ્યપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૧૨ | શ્રી સુપાર્શ્વનાથાર્હતે નમઃ | જન્મ |
| ૧૩ | શ્રી સુપાર્શ્વનાથનાથાય નમઃ | દીક્ષા |

## જ્યેષ્ઠ વદ.

| | | |
|---|---|---|
| ૪ | શ્રી આદિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૭ | શ્રી વિમલનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૯ | શ્રી નમિનાથનાથાય નમઃ | દીક્ષા |

## અષાઢ શુદ.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી મહાવીરપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૮ | શ્રી નેમિનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૪ | શ્રી વાસુપૂજ્યપારંગતાય નમઃ | મોક્ષ |

## અષાઢ વદ.

| | | |
|---|---|---|
| ૩ | શ્રી શ્રેયાંસનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૭ | શ્રી અનન્તનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૮ | શ્રી નમિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૯ | શ્રી કુંથુનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

## શ્રાવણ શુદ.

| | | |
|---|---|---|
| ૨ | શ્રી સુમતિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૫ | શ્રી નેમિનાથાર્હતે નમઃ | જન્મ |
| ૬ | શ્રી નેમિનાથનાથાય નમઃ | દીક્ષા |

| | | |
|---|---|---|
| ૮ | શ્રી પાર્શ્વનાથપારંગતાય નમઃ | મોક્ષ |
| ૧૫ | શ્રી મુનિસુવ્રતપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

## શ્રાવણ વદ.

| | | |
|---|---|---|
| ૭ | શ્રી શાંતિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |
| ૭ | શ્રી ચંદ્રપ્રભપારંગતાય નમઃ | મોક્ષ |
| ૮ | શ્રી સુપાર્શ્વનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

## ભાદરવા શુદ.

| | | |
|---|---|---|
| ૯ | શ્રી સુવિધિનાથપારંગતાય નમઃ | મોક્ષ |

## ભાદરવા વદ.

| | | |
|---|---|---|
| ૦)) | શ્રી નેમિનાથસર્વજ્ઞાય નમઃ | કેવલ |
| ૧૩ | ને દિવસે શ્રી મહાવીરનો ગર્ભાપહાર થયો તે કલ્યાણક ગણવું નહીં. | |

## આસો શુદ.

| | | |
|---|---|---|
| ૧૫ | શ્રી નમિનાથપરમેષ્ઠિને નમઃ | ચ્યવન |

બાકીની વિધિ ઉપર કહેલી રીત પ્રમાણે જાણવી. દરેક કલ્યાણકે સાથીયા ૧૨ કરવા, ખમાસમણ ૧૨ દેવા, કાઉસ્સગ્ગ ૧૨ લોગસ્સનો કરવો અને નવકારવાળી ૨૦ ગણવી.

(વધારે હકીકત માટે જુઓ શ્રી જૈનધર્મ પ્રકાશ (માસિક–ભાવનગર) પુ. ૨૫, પૃષ્ઠ ૬)

## ૯-૧૦-૧૧. જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ.

### જ્ઞાન

[ આત્મતત્ત્વની ઓળખાણ કરવી યા તો વાસ્તવિક કલ્યાણ-સાધનના માર્ગની ઓળખાણ કરવી તે સમ્યગ્જ્ઞાન. જો કે જ્ઞાન અને ક્રિયાનું પરસ્પર સાહચર્ય છે છતાં તેમાં જ્ઞાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે; જેમકે, नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।....सम्यगूज्ञानक्रियाभ्याम् मोक्षः । પ્રથમ જાણ્યા પછી તે તે કાર્યને આચરણમાં મૂકી શકાય છે. જૈનાગમોમાં જ્ઞાનના પાંચ પ્રકાર દર્શાવ્યા છે—૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન, ૫. કેવળજ્ઞાન.

**૧. મતિજ્ઞાન**-પાંચ ઇન્દ્રિયો અને મનદ્વારા જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન. આંખથી જોવાય, જીભથી ચખાય, નાકથી સુંઘાય, કાનથી સંભળાય અને ચામડીથી સ્પર્શ કરાય તે બધું મતિજ્ઞાન છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન એ પણ મતિજ્ઞાનનો જ વિષય છે. મતિજ્ઞાનના કુલ અઠ્ઠાવીશ ભેદો છે.

**૨. શ્રુતજ્ઞાન**-શબ્દથી કે શાસ્ત્રદ્વારા જે બોધ થાય તે શ્રુતજ્ઞાન, પીસ્તાલીશ આગમો, પંચાંગી તેમજ બીજાં શાસ્ત્રીય ગ્રંથોનો શ્રુતજ્ઞાનમાં સમાવેશ થાય છેઃ શ્રુતજ્ઞાનના કુલ ચૌદ ભેદો છે.

**૩ અવધિજ્ઞાનઃ**-મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્માને રૂપી પદાર્થોનું જે મર્યાદિત જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. અવધિજ્ઞાનના અનુગામી, અનનુગામી વિગેરે છ ભેદો છે.

**૪. મનઃપર્યવજ્ઞાન**–માત્ર મનના પર્યાયને પ્રત્યક્ષ જાણે. મનઃપર્યવજ્ઞાની અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિયના મનના પર્યાયોને પ્રત્યક્ષ જાણે અને મનોગત ભાવને અનુમાનથી જાણી શકે. તેના વિપુલમતિ ને ઋજુમતિ એવા બે ભેદો છે.

**૫. કેવળજ્ઞાન**–પૂર્ણજ્ઞાન. સર્વદ્રવ્ય અને સર્વપર્યાયોનું જે જ્ઞાન તે કેવળજ્ઞાન. કેવળજ્ઞાનનો બીજો ભેદ નથી.

આ રીતે પાંચે જ્ઞાનના ૨૮+૧૪+૬+૨+૧=કુલ એકાવન ભેદો છે તે ગુરુગમથી જાણવા.

શાસ્ત્રકારોએ જ્ઞાનની અત્યંત મહત્તા ગાઈ છે. અહીં તો એક જ ઉક્તિ ટાંકીએ—

**बहु कोडयो वरसे खपे, कर्म अज्ञाने जेह ।**
**ज्ञानी श्वासोच्छ्वासमां, कर्म खपावे तेह ॥**

## દર્શન

દર્શન એટલે દૃષ્ટિ. વિવેકદૃષ્ટિરૂપ તત્ત્વશ્રદ્ધા એ સમ્યગ્-દર્શન અથવા સમ્યક્ત્વ. સત્ય પ્રાપ્ત કરવા માટેની આન્તરિક જાગૃતિ કે રુચિ તે જ સાચી શ્રદ્ધા કહેવાય છે અને તે જ સમ્યક્ત્વ છે. સમ્યગ્દર્શનના ત્રણ ભેદો નીચે પ્રમાણે છે

**૧. ક્ષાયિક સમ્યગ્દર્શન**–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તથા સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના ક્ષયથી જે સત્ય તત્ત્વની રુચિ થાય તે.

**૨. ઔપશમિક સમ્યક્ત્વ**–મિથ્યાત્વમોહનીય વિગેરે ઉપરની સાત પ્રકૃતિઓના ઉપશમથી જે સત્ય તત્ત્વની રુચિ થાય તે.

૩. **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**-સમ્યક્ત્વમોહનીય સિવાયની બાકીની છ પ્રકૃતિના ક્ષયોપશમથી અને સમ્યક્ત્વ-મોહનીયના ઉદયથી જે સત્ય તત્ત્વની રુચિ થાય તે.

સમ્યગ્દર્શન–અથવા સમ્યક્ત્વનું શું મહત્વ છે તે સંબંધમાં પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહ્યું છે કે–

**तुह सम्मत्ते लद्धे, चिन्तामणि–कप्पपायवब्भहिए।**
**पावन्ति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥**

મિથ્યાત્વથી બચવા માટે અને સમકિતમાં દૃઢ થવા માટે સમકિતના સડસઠ બોલમાં વિસ્તારથી સ્વરૂપ સમજાવ્યું છે, તે ગુરુગમથી જાણી લેવા અવશ્ય પ્રયાસ કરવો.

## ચારિત્ર

પાપકર્મથી પાછા હઠવું એ જ સમ્યક્ચારિત્ર છે. પોતાના જીવનને પાપના સંયોગથી દૂર રાખી નિર્મળ બનાવવું અને યથાશક્તિ પરહિત સાધવું એ 'સમ્યક્ ચારિત્ર'નો પરમાર્થ છે. ચારિત્રના બે ભેદ છે. એક સર્વવિરતિ અને બીજું દેશ-વિરતિ. સાધુઓ માટે સર્વવિરતિ અને શ્રાવકો માટે દેશ-વિરતિ. સર્વવિરતિ પાંચ મહાવ્રતના પાલક હોય છે અને શ્રાવકો પાંચ અણુવ્રતના ધારક ગણાય છે. સર્વવિરતિ ચારિત્રના પ્રકારો નીચે પ્રમાણે છે–૧. સામાયિક, ૨. છેદોપસ્થાપનીય, ૩. પરિહારવિશુદ્ધિ, ૪. સૂક્ષ્મસંપરાય અને ૫. યથાખ્યાત.

શ્રાવકોને યોગ્ય અણુવ્રતો તેમજ ગુણવ્રત અને શિક્ષા-

વ્રતનું સ્વરૂપ વિશેષ જાણવા યોગ્ય છે અને તે ગુરુગમથી જાણી યથાશક્ય આચરણ કરવા પ્રયાસ કરવો.

વહાણનો ખલાસી જ્ઞાનવાળો હોય છતાં અનુકૂળ વાયુ ન હોય તો ઇચ્છિત સ્થળે પહોંચી શકાતું નથી તેમ મનુષ્ય પણ જ્ઞાની હોવા છતાં સમ્યક્ ચારિત્રરૂપી અનુકૂળ પવન વિના સિદ્ધિસ્થાનને પહોંચી શકતો નથી.]

**एकान्तरोपवासैश्च त्रिभिर्वापि निरन्तरैः ।**
**कार्यं ज्ञानतपश्चोद्यापने ज्ञानस्य पूजनम् ॥१॥**

એકાંતરા ત્રણ ઉપવાસ કરવા અથવા લાગટ ઉપવાસ ત્રણ (અઠ્ઠમ) કરવો. એ પ્રમાણે જ્ઞાનતપ કરવો. ઉદ્યાપનમાં સાધુને પુસ્તક તથા જ્ઞાનના ઉપકરણનું દાન દેવું. જ્ઞાનપૂજા કરવી, જ્ઞાનની પાસે છએ વિગયના પદાર્થો ઢોકવા. આ તપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમાં પણ યથાશક્તિ સિદ્ધાંતાદિ પુસ્તક લખાવીને મૂકવું. (પ્રવચનસારોદ્ધારે)

દર્શન તપ પણ એ જ રીતે ઉપર પ્રમાણે કરવો. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિએ દેવની પૂજા ભણાવવી. જિન-પ્રતિમાની પાસે છએ વિગયના પદાર્થો ઢોકવા. સાધુઓને વસ્ત્ર, પાત્ર વિગેરેનું દાન દેવું. સમકિતની છ ભાવનાનું શ્રવણ કરવું. દેરાસરની પ્રમાર્જના, પુંજના વિગેરે કરવું. આ તપનું ફળ નિર્મળ બોધિનો લાભ થાય તે છે.

ચારિત્ર તપ એ જ પ્રમાણે કરવો. *ઉદ્યાપનમાં મુનિ-

* અઠ્ઠમના દિવસોમાં પોષધ અથવા દેશાવકાશિક કરવું જોઈએ.

ઓને છએ વિગઈના પદાર્થોનું દાન દેવું તથા વસ્ત્ર, પાત્ર વિગેરેનું દાન દેવું. આ તપ કરવાથી નિર્મળ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ ત્રણે તપ સાધુ તથા શ્રાવકને કરવાના આગાઢ તપ છે.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| જ્ઞાન તપનું ગરણું—ૐ હ્રીં નમો નાણસ્સ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| દર્શન તપનું ગરણું—ૐ હ્રીં નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ચારિત્ર તપનું ગરણું—ૐ હ્રીં નમો ચારિત્તસ્સ | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ |

અથવા સાથીયા વિગેરે જ્ઞાનતપમાં પાંચ, દર્શન તપમાં બાર અને ચારિત્રતપમાં સત્તર કરવા.

## ૧૨. ચાંદ્રાયણ તપ.

[ શુક્લપક્ષમાં જેમ ચંદ્રકલા વૃદ્ધિ પામે છે અને કૃષ્ણપક્ષમાં ચંદ્રકલા હીન થતી જાય છે તેની માફક જે તપસ્યા ચઢતા—ઉતરતા ક્રમથી કરવામાં આવે તેને **ચાંદ્રાયણ** તપ કહેવામાં આવે છે. તેનો ક્રમ નીચે વિધિમાં યથાર્થ બતાવ્યો છે એટલે તે સંબંધી વિશેષ વિવેચન કરવામાં આવતું નથી.

ચોસઠ ઇંદ્રો પૈકી બે ઇંદ્રો જ્યોતિષીના છે—એક ચંદ્ર અને બીજો સૂર્ય. ચંદ્ર સ્વામીત્વની દૃષ્ટિએ ચઢિયાતો છે.

સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે જ્યોતિષચક્ર શરૂ થાય છે. ૮૦૦ યોજને સૂર્ય હોય છે અને ૮૮૦ યોજને ચંદ્ર રહેલ છે. શ્રી બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે—असीइ तदुवरि ससी य रिक्खेसु ॥૫૦॥ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પ્રમાણે પાંચ પ્રકારના જ્યોતિષી છે. તેમાં ચંદ્ર વિશેષ મહર્દ્ધિક છે. ગતિમાં સૌથી મંદ ગતિ ચંદ્રની

છે, તેનાથી શીઘ્રગતિ સૂર્યની, તેમ ક્રમે વધતાં વધારે શીઘ્રગતિ તારાઓની છે જ્યારે મહર્દ્ધિકપણામાં ઉલટો ક્રમ સમજવો. તારા કરતાં વધારે મહર્દ્ધિક નક્ષત્ર અને એ ક્રમે સૌથી મહર્દ્ધિક ચંદ્ર ગણાય છે.

ચંદ્રના વિમાનને વહન કરનાર સોળ હજાર દેવો છે. તેના પરિવારમાં મંગલ, બુધ વિગેરે ૮૮ ગ્રહો, અભિજિત્ વિગેરે ૨૮ નક્ષત્રો અને ૬૬૯૭૫ કોટાનુકોટી તારાઓ છે.

મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્ર ચર છે એટલે કે ફરતો છે જ્યારે અઢીદ્વીપની બહાર રહેલા ચંદ્રના વિમાનો સ્થિર છે. આ સંબંધી વિશેષ જાણવાના જિજ્ઞાસુએ બૃહત્સંગ્રહણી વાંચવી.]

चांद्रायणं च द्विविधं प्रथमं यवमध्यकम् ।
द्वितीयं वज्रमध्यं तु तयोश्चर्या विधीयते ॥१॥
यवमध्ये प्रतिपदं शुक्लामारभ्य वृद्धितः ।
एकैकयोर्ग्रासदत्त्यो राकां यावत्समानयेत् ॥२॥
ततः कृष्णप्रतिपदमारभ्यैकैकहानितः ।
अमावास्यां तदेकत्वे यवमध्यं च पूर्यते ॥३॥
वज्रमध्ये कृष्णपक्षमारभ्य प्रतिपत्तिथिः ।
कार्या पंचदशग्रासदत्तिभ्यां हानिरेकतः ॥४॥
अमावास्याश्च परतो ग्रासदत्ति विवर्धयेत् ।
यावत्पञ्चदशैव स्युः पूर्णमास्यां च मासतः ॥५॥
एवं मासद्वयेन स्यात्पूर्णं च यववज्रकम् ।
चान्द्रायणं यतेर्दत्तेः संख्या ग्रासस्य गेहिनाम् ॥६॥

ચંદ્રનું અયન એટલે જવું તે અર્થાત્ હાનિ અને વૃદ્ધિ, તેણે કરીને જે થયેલું તે ચાંદ્રાયણ તપ કહેવાય છે. તે બે પ્રકારે છે. પહેલું યવમધ્ય અને બીજું વજ્રમધ્ય. તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે–જવની જેમ જેનો મધ્યભાગ સ્થૂળ હોય અને આદિ-અંત ભાગ હીણ (પાતળો) હોય તે યવમધ્ય કહેવાય છે. તથા વજ્રની જેમ જે વચ્ચે સૂક્ષ્મ (પાતળો) હોય અને આદિ અંતમાં સ્થૂલ હોય તે વજ્રમધ્ય કહેવાય છે. અહીં સ્થૂલતા અને હીનતા(સૂક્ષ્મતા)એ કરીને દત્તિ તથા ગ્રાસની બહુલતા અને અલ્પતા જાણવી. પહેલું યવમધ્ય ચાંદ્રાયણ આ પ્રમાણે કરવું-શુક્લપક્ષની પ્રતિપદાને દિવસે એક, બીજને દિવસે બે, એમ એક એક દત્તિ તથા કવળની વૃદ્ધિ કરી પૂર્ણિમાને દિવસે પંદર દત્તિ તથા કવળ લેવા. પછી કૃષ્ણપક્ષના પડવાએ પંદર, બીજને દિવસે ચૌદ, એમ એક એક દત્તિ તથા કવળ ઓછો કરી અમાવાસ્યાએ એક દત્તિ તથા કવળ લેવો. એ પ્રમાણે યવમધ્ય ચાંદ્રાયણ યતિ તથા શ્રાવકને બન્નેને માટે જાણવું. વજ્રમધ્ય ચાંદ્રાયણ સાધુ અને શ્રાવકને બન્નેને આ પ્રમાણે જાણવું. કૃષ્ણપક્ષની પ્રતિપદાથી આરંભીને પંદર ગ્રાસ તથા દત્તિમાંથી એક એક ઓછો કરવાથી અમાવાસ્યાને દિવસે એક એક ગ્રાસ અને દત્તિ રહે છે, પછી શુક્લપક્ષના પડવાથી આરંભીને એક એક ગ્રાસ અને દત્તિની વૃદ્ધિ કરી પૂર્ણિમાએ પંદર ગ્રાસ તથા દત્તિ થાય છે. આ પ્રમાણે વજ્રમધ્ય ચાંદ્રાયણ પણ એક માસે પૂર્ણ થાય છે. એ રીતે યવમધ્ય અને વજ્રમધ્ય ચાંદ્રાયણ બે માસે પૂર્ણ થાય છે. અહીં દત્તિની જે સંખ્યા

આપી છે, તે સાધુ આશ્રયી જાણવી, તથા ગ્રાસ(કવળ)ની સંખ્યા આપી છે તે ગૃહસ્થ આશ્રયી જાણવી (પંચાશક). ઉદ્યાપને જિનપ્રતિમાને મોટી સ્નાત્રવિધિએ સ્નાત્ર કરાવીને છએ વિગયના નૈવેદ્ય સહિત ૪૮૦ મોદક, ફળ વિગેરે ઢોકવાં. તથા ચંદ્રની રૂપાની મૂર્ત્તિ તથા સુવર્ણના જવ (૩૨) અને વજ્ર કરાવી દેવ પાસે ઢોકવાં. સાધુઓને વસ્ત્ર, પાત્ર, અન્ન વિગેરેનું દાન દેવું. સંઘની પૂજાભક્તિ કરવી. આ તપ કરવાથી સર્વ પાપનો ક્ષય તથા પુણ્યની વૃદ્ધિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. એકલું યવમધ્ય ચાંદ્રાયણ કરે તો ૨૪૦ મોદક ઢોકવા, તથા વજ્ર ઢોકવો નહીં, તે જ પ્રમાણે કેવળ વજ્રમધ્ય કરે તો તેમાં પણ ૨૪૦ મોદક ઢોકવા અને જવ ઢોકવા નહીં.

## બીજી રીત

શુક્લપક્ષની પ્રતિપદાથી આરંભીને એક ઉપવાસ અને એક આંબિલ એમ પંદર દિવસ સુધી કરવું. ઉદ્યાપનમાં મોદક ૧૫ તથા રૂપાનો ચંદ્ર કરાવી પ્રભુ પાસે ઢોકવો. ગરણું વિગેરે નીચે પ્રમાણે.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| નમો સિદ્ધાણં | ૮ | ૮ | ૮ | ૨૦ |

પહેલી રીત પ્રમાણે કરે તો કવળની સંખ્યા પ્રમાણે સાથીયા વિગેરે કરવા.

## ૧૩. તીર્થંકર વર્ધમાન તપ [શ્રી શ્રમણ સંઘ તપ]

[ "तीर्यतेऽनेनेति तीर्थम्" જેના વડે તરાય તે તીર્થ. જેના આલંબનથી ભયંકર ભવસાગરનો પૂરેપૂરો પાર પમાય

તે તીર્થ. અને આવું તીર્થ 'શ્રુત' અને 'ચારિત્ર'રૂપી ધર્મ છે. આવા ધર્મને-તીર્થને જે પ્રવર્તાવે તે **તીર્થંકર** કહેવાય.

આવા તીર્થંકર ભગવંતો અનંતા થયા છે અને અનંતા થશે પણ આ અવસર્પિણી કાલમાં આપણે જે ભરતક્ષેત્રમાં વસીએ છીએ તેને આશ્રયીને ચોવીશ તીર્થંકરો થયા છે જેના પુણ્ય-પવિત્ર નામો નીચે પ્રમાણે.

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | ૧૩ શ્રી વિમલનાથ |
| ૨ શ્રી અજિતનાથ | ૧૪ શ્રી અનંતનાથ |
| ૩ શ્રી સંભવનાથ | ૧૫ શ્રી ધર્મનાથ |
| ૪ શ્રી અભિનંદન | ૧૬ શ્રી શાન્તિનાથ |
| ૫ શ્રી સુમતિનાથ | ૧૭ શ્રી કુંથુનાથ |
| ૬ શ્રી પદ્મપ્રભ | ૧૮ શ્રી અરનાથ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | ૧૯ શ્રી મલ્લિનાથ |
| ૮ શ્રી ચંદ્રપ્રભ | ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી |
| ૯ શ્રી સુવિધિનાથ | ૨૧ શ્રી નમિનાથ |
| ૧૦ શ્રી શીતલનાથ | ૨૨ શ્રી નેમિનાથ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | ૨૩ શ્રી પાર્શ્વનાથ |
| ૧૨ શ્રી વાસુપૂજ્ય | ૨૪ શ્રી વર્ધમાનસ્વામી |

ऋषभादेर्जिनसंख्यावृद्धया तावंति चैकभक्तानि ।
वीरादेरप्येवं वलमानं वर्धमानतपः ॥१॥
अथ चैकैकमर्हन्तं प्रत्येकाशनकानि च ।
पञ्चविंशतिसंख्यानि षट्शताहेन पूर्यते ॥२॥

જે વૃદ્ધિ પામે તે વર્ધમાન કહેવાય. તે તપ આ રીતે કરવો. પ્રથમ ઋષભદેવજીને આશ્રયી એક એકાસણું કરવું. શ્રી અજિતનાથજીને આશ્રયી બે એકાસણાં કરવાં. એ રીતે વધતાં શ્રી મહાવીરસ્વામીને આશ્રયી ચોવીશ એકાસણાં કરવાં. ત્યાર પછી પશ્ચાનુપૂર્વીવડે શ્રી મહાવીરસ્વામી આશ્રયી એક એકાસણું, શ્રી પાર્શ્વનાથ આશ્રયી બે એકાસણાં, એ રીતે કરતાં શ્રી ઋષભદેવજી આશ્રયી **૨૪** એકાસણાં કરવાં. અર્થાત્ દરેક જિનને આશ્રયીને પચીશ પચીશ એકાસણાં કુલ થાય છે.

અથવા એકી સાથે દરેક જિનને આશ્રયીને પચીશ પચીશ એકાસણાં કરવાં.

આ બન્ને રીતે કરતાં કુલ છસો દિવસે એટલે છસો એકાસણે આ તપ પૂર્ણ થાય છે, ઉદ્યાપનમાં ચોવીશ જિનેશ્વરોની મોટી સ્નાત્ર પૂજા કરી ચોવીશ ચોવીશ પુષ્પ, ફળ, પક્વાન્ન, મોદક વિગેરેથી પૂજા કરવી. તથા જે દિવસે જે તીર્થંકર આશ્રયી તપ ચાલતો હોય તે દિવસે તે દેવની વિશેષ પૂજાભક્તિ કરવી. સંઘની પૂજા, વાત્સલ્ય કરવું. આ તપનું ફળ તીર્થંકરનામકર્મનો બંધ છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ઉપર જે એકાસણાં કરવાનાં કહ્યાં છે તે બદલ નીવી અથવા આંબીલ કરવાનું જૈનપ્રબોધ તથા જૈનસિંધુમાં કહ્યું છે.

જે જે તીર્થંકરનો તપ ચાલતો હોય તે તે તીર્થંકરના નામનું ગરણું વીશ નવકારવાળીનું ગણવું. સાથિયા, ખમાસમણા અને લોગસ્સ બાર બાર કરવા.

## ૧૪. પરમભૂષણ તપ

[ લૌકિક વ્યવહારમાં પણ માનવની ઉચ્ચતા–શ્રેષ્ઠતા તેના વસ્ત્રાલંકારોથી જાણી શકાય છે. સૌ કોઈને સુશોભિત દેખાવું ગમે છે પણ તેવી સંપત્તિ પુણ્યાનુસાર જ પ્રાપ્ત થાય છે. માનવીની અપેક્ષાએ ચક્રવર્તીની ઋદ્ધિ–સિદ્ધિ અજોડ ગણાય છે. દ્રવ્યથી તેવી ઋદ્ધિ–ભૂષણ પ્રાપ્ત કરવા અને ભાવથી મોક્ષરૂપી સર્વોત્કૃષ્ટ આભૂષણ પ્રાપ્ત કરવા નીચેનો તપ કરવો આવશ્યક છે. ]

**शुभैर्द्वात्रिंशदाचाम्लैरेकभक्त तदन्तरे ।**
**वासराणां चतुःषष्टया, तपः परमभूषणम् ॥१॥**

જે તપ કરવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક અથવા ચક્રવર્તીને યોગ્ય એવા મુકુટ–કુંડલાદિક ઉત્કૃષ્ટ ભૂષણ પામીએ તેનું નામ પરમભૂષણ તપ કહેવાય છે. આ તપમાં એકાંતર એકાસણાવાળા બત્રીશ આંબીલ કરવા એટલે આ તપ ૬૪ દિવસે પૂર્ણ થાય છે. (અથવા લાગટ બત્રીશ આંબિલ કરવા. "જૈન પ્રબોધ") ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનપૂજા કરી જિનેશ્વરને રત્નજડિત સુવર્ણમય મુકુટ, કુંડલ, હાર, તિલક વિગેરે આભૂષણ ચડાવવાં, તથા બત્રીશ બત્રીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવા. આ તપ કરવાથી પરમ સંપત્તિ તથા સુખની પ્રાપ્તિ થાય છે. આ યતિ અને શ્રાવકને કરવાનો અનાગાઢ તપ છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે–

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૐ નમો અરિહંતાણં– | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |

## ૧૫. શ્રી જિન દીક્ષા તપ

[ રાગ અને દ્વેષ આદિ સર્વ દોષોથી રહિત તેનું નામ જિન. સંસ્કૃત ધાતુ जि-એટલે જીતવું, તેના પરથી जिन શબ્દ બનેલ છે. અર્હત્, પરમાત્મા, વીતરાગ, પરમેષ્ઠી વિગેરે તેના પર્યાયવાચક શબ્દ છે, ચાલુ અવસર્પિણી કાળમાં ભરત-ક્ષેત્રને આશ્રયીને જે ચોવીશ તીર્થંકરો-ભગવંતો થયેલા છે તે જિન કહેવાય.

દીક્ષા એટલે સર્વવિરતિ. સંસારના કંચન તથા કામિન્યાદિ સંગ છોડી, સમગ્ર ગૃહ તથા કુટુંબની જંજાળ ત્યજી દઈ ઉચ્ચ કલ્યાણ પંથે આરૂઢ થવાની આકાંક્ષાથી પંચમહાવ્રતપાલનરૂપ જે પ્રતિજ્ઞાગ્રહણ તે સર્વવિરતિ અથવા દીક્ષા.

શ્રી સ્થાનાંગજી સૂત્રના પાંચમા સ્થાનકમાં કહ્યું છે કે-पञ्च महव्वया पण्णत्ता, तं जहा-१ सव्वाओ पाणाइवायाओ वेरमणं, २ सव्वाओ मुसावायाओ वेरमणं जाव ५ सव्वाओ परिग्गहाओ वेरमणम् । અર્થાત્

૧ હિંસા, ૨ અસત્ય, ૩ સ્તેય, ૪ મૈથુન અને ૫ પરિગ્રહનો સર્વથા ત્યાગ તેનું નામ સર્વવિરતિ અથવા ભાગવતી દીક્ષા.

દીક્ષા-સ્વીકાર સિવાય આ જીવને કદી મુક્તિ પ્રાપ્ત થવાની નથી. એ પારમેશ્વરી દીક્ષા દશ દૃષ્ટાંતે દુર્લભ આ માનવ દેહ સિવાય બીજે પ્રાપ્ત પણ થવાની નથી. એટલે જ સુખ-સાહ્યબીમાં અનેકગણા ચડિયાતા એવા ઈંદ્રમહારાજાદિ દેવો વિરતિવાળાને પૂજનીય માને છે. પૂજાની ઢાળમાં કહ્યું છે કે "**વિરતિને પ્રણામ કરીને, ઈંદ્ર સભામાં બેસે રે.**"

દીક્ષા પ્રસંગે જ્યારે રજોહરણ(ઓઘા)ની પ્રાપ્તિ થાય છે ત્યારે માનવી હર્ષાતિરેકથી નાચી ઊઠે છે, તે એમ સૂચવે છે કે આ ભયંકર ભવ-સાગરમાંથી તરવા માટે પ્રવહણ સમાન આ રજોહરણ મને પ્રાપ્ત થયું છે. જિનેશ્વર ભગવંતોની દીક્ષાને આશ્રયીને આ તપ કઈ રીતે કરવો તે નીચે દર્શાવ્યું છે]

**दीक्षातपसि चार्हद्भिर्येनैव तपसा व्रतम् ।**
**जगृहे तत्तथा कार्यमेकान्तरितयुक्तितः ॥१॥**

અરિહંતની દીક્ષાને અનુકરણ કરનારો તપ, તે દીક્ષાતપ કહેવાય છે, તેમાં જે તીર્થંકરે જે તપસ્યા કરીને દીક્ષા ગ્રહણ કરી હોય તે તપ એકાંતરિતની યુક્તિવડે કરવો. એટલે કે શ્રી સુમતિનાથ સ્વામીએ એકાસણું કરીને દીક્ષા લીધી તેથી તેને આશ્રયીને એકાસણું કરવું. શ્રી વાસુપૂજ્યસ્વામીએ ઉપવાસ કરીને દીક્ષા લીધી તેથી તેને આશ્રયીને ઉપવાસ કરવો. શ્રી પાર્શ્વનાથજીએ અને શ્રીમલ્લિનાથજીએ અઠ્ઠમ કરીને દીક્ષા લીધી તેથી તેમને આશ્રયીને એક એક અઠ્ઠમ કરવો, બાકીના વીશ તીર્થંકરોએ છઠ્ઠ કરીને દીક્ષા લીધી તેથી તેમને આશ્રયીને એક એક છઠ્ઠ કરવો. સર્વ મળીને ૪૭ ઉપવાસ તથા એક એકાસણું થાય. દરેક પ્રભુ આશ્રયી તપના અંતરમાં એકાસણું કરવું એટલે ૭૦ દિવસે તપ પૂર્ણ થાય કેમકે અંતરના ૨૩ દિવસમાં એક એકાસણું પાંચમા પ્રભુ આશ્રયી કરવાનું હોવાથી ૨૨ દિવસ આંતરાના થાય. ઉદ્યાપનમાં એકાસણું કરી મોટી સ્નાત્રવિધિએ જિનેશ્વરનું સ્નાત્ર

કરી અષ્ટપ્રકારી પૂજા ભણાવવી, છએ વિગઈના પદાર્થો તથા મોદક ૪૮, ફળ ૪૮, વિગેરે પ્રભુ પાસે ઢોકવાં. આ તપ કરવાથી નિર્મળ વ્રતની પ્રાપ્તિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો અનાગાઢ તપ છે. જે તીર્થંકરના નામનો તપ ચાલતો હોય તે પ્રભુના નામની સાથે "નાથાય નમઃ" એટલું પદ જોડી ગરણું વીશ નવકારવાળીનું ગણવું, તથા સાથીયા વિગેરે બાર બાર કરવા.

ઉપર પ્રમાણે છઠ્ઠ, અઠ્ઠમ કરવાની પણ શક્તિ ન હોય તો એકાંતર એકાસણાવડે ૪૭ ઉપવાસ ને એક એકાસણું કરી ૯૪ દિવસે તપ પૂર્ણ કરવો.

## ૧૬. તીર્થંકર જ્ઞાન તપ

[નવમા, દશમા અને અગિયારમા જ્ઞાન, દર્શન અને ચારિત્ર તપના વિવેચનમાં જ્ઞાન સંબંધી વિવેચન થઈ ગયું છે એટલે તે સંબંધમાં પુનઃ વિવેચન કરવું યોગ્ય નથી.]

**येन तीर्थकृता येन तपसा ज्ञानमाप्यते ।**
**तत्तत्तथा विधेयं स्यादेकान्तरितवृत्तितः ॥ १ ॥**

તીર્થંકરના જ્ઞાનને અનુકરણ કરનારો તપ, તે જ્ઞાન તપ કહેવાય છે. તેમાં જે તીર્થંકરે જે તપવડે જ્ઞાનને પ્રાપ્ત કર્યું, તે તીર્થંકરને આશ્રયીને તપ એકાંતર વૃત્તિવડે કરવો. એટલે કે શ્રી આદિનાથ, મલ્લિનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથે

અઠ્ઠમવડે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તેથી તેમને આશ્રયીને ચાર અઠ્ઠમ કરવા, શ્રી વાસુપૂજ્યસ્વામીને એક ઉપવાસવડે કેવળજ્ઞાન થયું તેથી તેને આશ્રયીને એક ઉપવાસ કરવો. બાકીના ઓગણીશ તીર્થંકરોને છઠ્ઠવડે કેવળજ્ઞાન થયું તેથી તેમને આશ્રયીને ૧૯ છઠ્ઠ કરવા. સર્વ મળી ઉપવાસ એકાવન થયા. તે આંતરે એકાસણાવાળા કરવા. જેથી ૭૪ દિવસે એ તપ પૂર્ણ થાય. તેમાં ૨૩ અંતરના ૨૩ એકાસણા સમજવા. ઉદ્યાપનમાં દીક્ષા તપ પ્રમાણે કરવું, પણ મોદક વિગેરે ૫૧ ઢોકવા.

આ તપનું ફળ વિશુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ અને શ્રાવકને કરવાનો અનાગાઢ તપ છે. જે તીર્થંકરને આશ્રયીને તપ ચાલતો હોય તે પ્રભુના નામની સાથે "સર્વજ્ઞાય નમઃ" એ પદ જોડી નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

ઉપર પ્રમાણે છઠ્ઠ, અઠ્ઠમ કરવાની પણ શક્તિ ન હોય તો એકાંતર એકાસણાવડે ૫૧ ઉપવાસ કરવા જેથી ૧૦૧ દિવસે તપ પૂર્ણ થાય.

## ૧૭. તીર્થંકર નિર્વાણ તપ

[સકલ કર્મનો ક્ષય કરી મુક્તિપદ પ્રાપ્ત કરવું તે નિર્વાણ. આજકાલ "નિર્વાણ" શબ્દનો જેમ તેમ ઉપયોગ કરવામાં આવે છે તે સંગત નથી. જેમકે અમુક પુરુષની

નિર્વાણતિથિ, પ્રાયઃ જે વ્યક્તિનું આ સંસારમાં પુનરાગમન નથી થવાનું તેવી જ વ્યક્તિને "નિર્વાણ" શબ્દ લાગુ પાડી શકાય.

"કર્મ"ના અસ્તિત્વ સંબંધી હવે કોઈને પણ સમજાવવાનું રહેતું નથી. એ તો હવે નિર્વિવાદપણે સાબિત થઈ ચૂકેલ હકીકત છે. જૈનોની **"કર્મ ફિલોસોફી"**થી ભલભલા પ્રકાંડ વિદ્વાનો પણ મુગ્ધ બની ગયા છે.

"કર્મવર્ગણા"ના પુદ્‌ગલો લોકાકાશમાં સર્વત્ર ભર્યા પડ્યા છે, પણ જીવની તથાવિધ પ્રવૃત્તિ દ્વારા તથાપ્રકારના પુદ્‌ગલો ખેંચાઈને જીવને ચોંટે છે તેનું નામ કર્મબંધન. તીર્થંકર ભગવંતો શેષ રહેલા કર્મનો નાશ કરવા માટે અંતિમકાળે જે તપશ્ચર્યા કરે છે તે "નિર્વાણ તપ" કહેવાય છે. નિર્વાણ પ્રાપ્ત કર્યા પછી તેઓનું આ ભવસાગરમાં પુનરાગમન સંભવતું જ નથી. આ સંબંધમાં શ્રી ઉમાસ્વાતી વાચકવર્યે પોતાના શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યુ છે કે—

दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ॥
कर्म बीजे तथा दग्धे, न रोहति भवाङ्कुरः ॥

**येन तीर्थंकृता येन तपसा मुक्तिराप्यते ।**
**तत्तथैव विधेयं स्यादेकान्तरितवृत्तितः ॥१॥**

તીર્થંકરના નિર્વાણે કરીને ઓળખાતો જે તપ, તે નિર્વાણ તપ કહેવાય છે. તેમાં જે તીર્થંકર જે તપસ્યા કરીને મુક્તિ

પામ્યા હોય, તે તપ તે જ પ્રકારે એકાંતરની યુક્તિવડે કરવો. તેમાં શ્રી આદિનાથજી છ ઉપવાસે કરીને મુક્તિ પામ્યા છે, મહાવીરસ્વામી છઠ્ઠ તપવડે નિર્વાણ પામ્યા છે, બાકીના બાવીશ તીર્થંકરો એક માસ ઉપવાસવડે મોક્ષપદ પામ્યા છે, તે સર્વ તપના ઉપવાસો એકાંતર એકાસણાવડે કરવા; કારણ કે એ પ્રમાણે અવિચ્છિન્ન તપ કરવાની હાલમાં શક્તિ નથી. ઉદ્યાપનમાં મોટા સ્નાત્રપૂર્વક ચોવીશ ચોવીશ મોદક, ફળ વિગેરે ઢોકવા. સાધુભક્તિ, સંઘભકિત કરવી. આ તપનું ફળ આઠ ભવની અંદર મોક્ષની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો અનાગાઢ તપ છે. જે તીર્થંકરને આશ્રયીને આ તપ ચાલતો હોય તેના સાથે "પારંગતાય નમઃ" એ એ પદ જોડી વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ તપનો કલ્યાણક તપમાં સમાવેશ થાય છે, પણ તેમાં એટલો વિશેષ છે કે–કલ્યાણકનો તપ આગાઢ હોવાથી કલ્યાણકના દિવસોને સ્પર્શ કરીને જ તે કરવામાં આવે છે. અને આ ત્રણ તપો તો અનાગાઢ હોવાથી તે તે તપની સંખ્યાએ કરીને કરવામાં આવે છે. એટલે કે એક દિવસે ચ્યવન અને જન્મ કલ્યાણક હોય તો ઉપવાસથી કલ્યાણક તપ કરનાર એક કલ્યાણકની આરાધના કરી બીજા કલ્યાણકનું આરાધન બીજે વર્ષે તે દિવસે કરે છે. અને એકાસણા કે આંબીલવડે કલ્યાણક તપ કરનાર એક તીર્થંકરના કે બે તીર્થંકરના કલ્યાણકની આરાધના કરીને બાકી રહેલ આરાધના બીજે વર્ષે તે દિવસે કરે છે. એટલે તે તપ કલ્યાણકની

તિથિનિબદ્ધ છે. અને દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણકના ઉપર બતાવેલા તપ તો તીર્થંકર ભગવંતે કરેલા તપના ઉપવાસ પ્રમાણે કરવાના છે. તેને માટે અમુક દિવસે કરવાનો નિયમ નથી. તેમાં પણ નિર્વાણ કલ્યાણક સંબંધી તપ તો ૨૨ માસ અને આઠ દિવસ પ્રમાણનો હોવાથી એકાંતર ઉપવાસવડે કરતાં ૪૪ માસ ને ૧૬ દિવસે થઈ શકે છે.

## ૧૮. ઊનોદરિકા તપ (પાંચ પ્રકારે)

[ઊનોદરિકા એટલે નિયત પ્રમાણ કરતાં ઊણા રહેવું તે. તપનો બાહ્ય તપના જે છ પ્રકાર છે તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રી આચારપ્રદીપ ગ્રંથમાં કહ્યું છે કે ऊनमुदर-मूनोदरम् तस्य करणमूनोदरिका ।

પુરુષ તથા સ્ત્રીના આહારનું પ્રમાણ કેટલું? તે સંબંધમાં કહ્યું છે કે—

बत्तीस किर कवला, आहारो कुच्छिपूरओ भणिओ ।
पुरिसस्स महिलिआए, अट्ठावीसं हवे कवला ॥
कवलाण य परिमाणं, कुक्कुडि–अंडय–पमाणमेत्तं तु ।
जो वा अविगिय–वयणो, वयणम्मि छुहेज्ज वीसत्थो ॥

સામાન્ય રીતે પુરુષને બત્રીશ કોળિયા અને સ્ત્રીને અઠ્ઠાવીશ કોળિયાનું ભોજન-પ્રમાણ હોય છે. કોળિયાનું પ્રમાણ કુકડીના ઈંડા જેટલું યા તો મુખ પહોળું કર્યા સિવાય સરલતાથી મુખમાં મૂકી શકાય તેટલું સમજવું.

આ ઊનોદરિકા તપ પાંચ પ્રકારે કરી શકાય છે, તેનું વિશેષ વિવેચન નીચે વિધિમાં દર્શાવ્યું છે.]

**अप्पाहारा १ अवड्ढा २ दुभाग ३ पत्ता ४ तहे व देसूणा ५।**
**अट्ठ८दुवालस १२ सोलस१६चउवीस २४ तहिक्कतीसा ३१ य॥**

અલ્પાહારા, અપાર્ધા, દ્વિભાગા, પ્રાપ્તા અને દેશોના (કિંચિદૂના) એ પાંચ પ્રકારે ઊનોદરિકા તપ કહેવાય છે. તેમાં એકથી આઠ કવળ સુધી અલ્પાહારા, નવથી બાર કવળ સુધી અપાર્ધા, તેરથી સોળ કવળ સુધી દ્વિભાગા, સત્તરથી ચોવીશ કવળ સુધી પ્રાપ્તા અને પચીશથી એકત્રીશ કવળ સુધી કિંચિદૂના. આ પાંચે પ્રકારની ઊનોદરિકા ત્રણ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે–એકાદિક કવળવડે જઘન્ય, બે આદિ કવળવડે મધ્યમ અને આઠ આદિ કવળવડે ઉત્કૃષ્ટ. આ પ્રમાણે પાંચે પ્રકારની ઊનોદરિકા સમજવી. તેમાં અલ્પાહારા ઊનોદરિકા એક ગ્રાસે કરીને જઘન્ય. બે, ત્રણ, ચાર અને પાંચ ગ્રાસે કરીને મધ્યમ અને છ, સાત તથા આઠ કવળવડે ઉત્કૃષ્ટ જાણવી. ૧. અપાર્ધા ઊનોદરિકા નવ ગ્રાસવડે જઘન્ય, દશ તથા અગિયાર ગ્રાસવડે મધ્યમ અને બાર ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી. ૨. દ્વિભાગા ઊનોદરિકા તેર ગ્રાસવડે જઘન્ય, ચૌદ તથા પંદર ગ્રાસવડે મધ્યમ, અને સોળ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૩. પ્રાપ્તા ઊનોદરિકા સત્તર તથા અઢાર ગ્રાસવડે જઘન્ય, ઓગણીશ, વીશ, એકવીશ તથા બાવીશ કવળે કરીને મધ્યમ, અને ત્રેવીશ તથા ચોવીશ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૪. કિંચિદૂના ઊનોદરિકા પચીશ તથા છવ્વીશ ગ્રાસવડે જઘન્ય, સત્તાવીશ, અઠ્ઠાવીશ તથા ઓગણત્રીશ ગ્રાસવડે મધ્યમ અને ત્રીશ તથા એકત્રીશ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૫. પુરુષનો

સંપૂર્ણ આહાર બત્રીશ કવળનો છે, તેથી એકત્રીશ કવળ સુધી કિંચિદૂના ઊનોદરિકા થાય છે. આ પ્રમાણે પાંચે પ્રકારની ઊનોદરિકા પંદર દિવસે પૂર્ણ થાય છે.

સ્ત્રીઓનો સંપૂર્ણ આહાર અઠ્ઠાવીશ કવળનો છે, તેથી તેને આશ્રયીને પાંચે પ્રકારની ઊનોદરિકા આ પ્રમાણે જાણવી-એકથી સાત કવળ સુધી અલ્પાહારા ૧, આઠથી અગિયાર કવર સુધી અપાર્ધા, ૨. બારથી ચૌદ કવળ સુધી દ્વિભાગા ૩. પંદરથી એકવીશ કવળ સુધી પ્રાપ્તા ૪. તથા બાવીશથી સત્તાવીશ કવલ સુધી કિંચિદૂના ઊનોદરિકા ૫ આ પ્રકારે પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદે કરીને ત્રણ ત્રણ પ્રકારે આ પ્રમાણે છે.-અલ્પાહારા ઊનોદરિકા એક તથા બે ગ્રાસવડે જઘન્ય, ત્રણ, ચાર તથા પાંચ ગ્રાસવડે મધ્યમ અને છ તથા સાત ગ્રાસવડે ઉત્કૃષ્ટ ૧. અપાર્ધા ઊનોદરિકા આઠ ગ્રાસવડે જઘન્ય, નવ ગ્રાસે કરીને મધ્યમ અને દસ તથા અગિયાર ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૨. દ્વિભાગા ઊનોદરિકા બાર ગ્રાસે કરીને જઘન્ય, તેર ગ્રાસવડે મધ્યમ અને ચૌદ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી. ૩. પ્રાપ્તા ઊનોદરિકા પંદર તથા સોળ ગ્રાસે કરીને જઘન્ય, સત્તર, અઢાર અને ઓગણીશ ગ્રાસવડે મધ્યમ અને વીશ તથા એકવીશ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૪. તથા કિંચિદૂના ઊનોદરિકા બાવીશ તથા ત્રેવીશ કવળવડે જઘન્ય, ચોવીશ તથા પચીસ ગ્રાસવડે મધ્યમ, અને છવ્વીશ તથા સત્તાવીશ ગ્રાસવડે ઉત્કૃષ્ટ જાણવી ૫. આ પ્રમાણે પંદર દિવસે આ તપ પૂર્ણ થાય છે. આ દ્રવ્ય ઊનોદરિકા જાણવી.

ભાવ ઊનોદરિકા આગમમાં આ પ્રમાણે કહી છે—

**कोहाइ अणुदिणं चाओ जिणवयणभावणाओ अ ।**
**भावोणोदरिया वि हु पन्नता वीयराएहिं ॥१॥**

નિરંતર ક્રોધાદિકનો ત્યાગ કરવો, તથા જિનેશ્વરના વચનની ભાવના ભાવવી. એ ભાવ ઊનોદરિકા વીતરાગે કહેલી છે. ૧

લોકપ્રવાહ ઊનોદરિકા આ પ્રમાણે છે–પ્રથમ દિવસે આઠ કવળ, બીજે દિવસે બાર, ત્રીજે દિવસે સોળ, ચોથે દિવસે ચોવીશ તથા પાંચમે દિવસે એકત્રીશ કવળ લેવા. સ્ત્રીઓએ પહેલે દિવસે સાત, બીજે દિવસે અગિયાર, ત્રીજે દિવસે ચૌદ, ચોથે દિવસે એકવીશ, તથા પાંચમે દિવસે સત્તાવીશ કવળ લેવા. એ પ્રમાણે આ તપ પાંચ દિવસે પૂર્ણ થાય છે.

ગરણું નીચે પ્રમાણે—

| | સા. | ખ. | લો. | નવકારવાલી. |
|---|---|---|---|---|
| ઊનોદરિતપસે નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |

## ૧૯. સંલેખના તપ

[જેનાથી સારી રીતે "શોષણ" થાય તે સંલેખના. શરીર અને કષાય વિગેરેનું શોષણ કરવાનું હોય છે. શ્રી પંચવસ્તુકમાં કહ્યું છે કે–

संलेहणा इह खलु, तवकिरिया जिणवरेहिं पण्णत्ता ।
जं तीए संलिहिज्जइ, देह–कसायाइ णिअमेणम् ॥ १३६६ ॥

દેહ અને કષાયોને પાતળા પાડવા માટે "સંલેખના" છે.

વૃદ્ધાવસ્થા, રુગ્ણાવસ્થા કે પ્રબળ વૈરાગ્યને કારણે "સંલેખના" કરવાની ભાવના થાય ત્યારે શક્તિસંયોગો જોઈ આચરણ કરવું અને તપ સ્વીકાર્યા પછી મનના ભાવો નિર્મળ રહે તેમ વર્તવું.

આ સંલેખનાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ પ્રકારો આગમોમાં દર્શાવેલ છે. જઘન્ય બાર પક્ષ એટલે છ માસની, મધ્યમ બાર માસની અને ઉત્કૃષ્ટ બાર વર્ષની છે.

સંલેખનાના પાંચ અતિચારો નીચે પ્રમાણે છે, તે દૂર કરવા પ્રયાસ કરવો.

૧ **ઈહલોકાશંસા**–મરીને હું આ લોકમાં જ ઉત્પન્ન થઉં, મનુષ્ય થઉં, રાજાદિક થઉં એવી, આકાંક્ષા.

૨ **પરલોકાશંસા**–મૃત્યુ પામીને દેવ થઉં, ઇંદ્ર થઉં.

૩ **જીવિતાશંસા**–આ સંલેખનાવસ્થામાં વધારે સમય જીવું, લોકો વિશેષ સત્કાર–સન્માનાદિ કરે.

૪ **મરણાશંસા**–સન્માન તથા સત્કારાદિના અભાવે જલ્દી મૃત્યુ થાય તેવું ઈચ્છવું.

૫ **કામભોગાશંસા**–દેવલોકમાં કે મનુષ્યલોકમાં જ્યાં ઉત્પન્ન થાઉં ત્યાં મને કામ તથા વિપુલ ભોગની પ્રાપ્તિ થાય.

આ અતિચારો "સંલેખના" ને બાધક છે; માટે તેનો પરિહાર કરવો.]

चत्तारि विचित्ताइं विगइ निज़ूहिआइं चत्तारि ।
संवच्छरे अ दुन्निउ एगंतरिअं च आयामं ॥१॥

नाइनिविगओ अ तवे छम्मासे परम्मिअं च आयामं ।
अवरे वि अ छम्मासे होइ विगट्ठं तवो कम्मं ॥२॥

वासं कोडिसहिअं आयामं कट्टु आणुपुव्वीए ।
एसो बारस वरिसाइ होइ संलेहणाइ तवो ॥३॥

પ્રથમ ચાર વરસ વિચિત્ર તપ કરવા. પછી બીજા ચાર વરસ નીવિના આંતરાવાળા ઉપવાસ એ જ પ્રમાણે કરવા. ત્યાર પછી બે વરસ સુધી નીવિના આંતરવાળા આંબીલ કરવા. ત્યાર પછી છ માસ સુધી ઉપવાસ તથા છઠ્ઠ પરિમિત ભોજનવાળા આંબીલને આંતરે કરવા. ત્યાર પછી છ માસ સુધી આંબીલના આંતરવાળા ચાર ચાર ઉપવાસ કરવા. ત્યારપછી એક વર્ષ સુધી નિરંતર આંબિલ કરવા એ પ્રમાણે બાર વરસે આ તપ પૂર્ણ થાય છે. "નમો તવસ્સ" એ પદનાં ગરણાની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

યંત્રમાં આ પ્રમાણે લખ્યું છે.

वर्ष४ यावत् उ२ए। उ४ए। उ५ए। उ६ए। उ१५ए। उ३०ए।
वर्ष४ यावत् उ२नि। उ३नि। उ४नि। उ५नि। उ१५। उ३०नि।
वर्ष२ यावत् आं। नि। आं। नि। इत्यादि पूरणीया।
मास६ यावत् उ१ आं। उ२ आं। उ३ आं। पूरणीया।

मास६ यावत् ३४ आं । ३४ आं । ३४ आं । पूरणीया । वर्ष१ यावत् आचाम्लानि कर्तव्यानि ।

❋

## ૨૦. સર્વ સંખ્યા શ્રી મહાવીર તપ

[આ હુ અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકર ભગવંતોમાં શ્રી વર્દ્ધમાનસ્વામીનું આયુષ્ય માત્ર ૭૨ વર્ષનું જ હતું. તેમાં પણ તેઓશ્રીના દીક્ષિત જીવનના તો ૪૨ વર્ષ જ હતા, ભગવંતે પોતાના શેષ રહેલા નિકાચિત કર્મોને ખપાવવા માટે છદ્મસ્થાવસ્થામાં ઉગ્ર–ઘોર તપશ્ચર્યા આદરી અને નીચે જણાવવામાં આવ્યા પ્રમાણે બાર વર્ષ અને સાડા છ માસ પર્યંત વિવિધ તપશ્ચર્યાઓ કરી, પ્રાંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભગવંત મહાવીરે જે તપશ્ચરણ કરેલ છે, તેથી તો આશ્ચર્યમુગ્ધ બની જવાય છે. તપ–પદની પૂજામાં કહેવામાં આવ્યું છે કે–

**સાડાબાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો.**

[ભગવંત મહાવીરના અનુયાયી તરીકે આપણે પણ યથાશક્તિ તપારાધન કરવું જ જોઈએ.]

❋

**वारस चेव य वासा मासा छ च्चेव अद्धमासो अ ।**
**वीरवरस्स भगवओ एसो छउमत्थ परियाओ ॥१॥**

બાર વરસ, છ માસ તથા અર્દ્ધમાસ, આટલો કાળ શ્રી મહાવીરસ્વામી છદ્મસ્થપણે રહ્યા તે વખતે તેમણે જે તપસ્યા કરી, તે આ પ્રમાણે–એક છમાસી તપ, એક બીજું છમાસી તપ પાંચ દિવસ ન્યૂન, નવ ચાતુર્માસી તપ, બે ત્રિમાસિક તપ, બે અઢી માસિક તપ, છ દ્વિમાસિક તપ, બે દોઢ માસિક તપ, બાર માસખમણ, બોંતેર પક્ષખમણ, બે દિવસની ભદ્ર પ્રતિમા, ચાર દિવસની મહાભદ્ર પ્રતિમા, દશ દિવસની સર્વતોભદ્ર પ્રતિમા, બસો ઓગણત્રીશ છઠ્ઠ, બાર અટ્ઠમ, ત્રણસો ઓગણપચાસ પારણાના દિવસ તથા એક દીક્ષાનો દિવસ, સર્વ મળી બાર વરસ સાડા છ માસ થયા. આ તપ યથાશક્તિ એકાંતર ઉપવાસે કરવા. શક્તિ ન હોય તેણે આ સર્વ તપમાંથી કોઈ પણ તપ શક્તિ તથા કાળને અનુસરીને કરવો. ઉદ્યાપનમાં શ્રી મહાવીરસ્વામીની મોટી સ્નાત્ર વિધિએ સ્નાત્ર કરવાપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરવી. છ વિગઈના પક્વાન્ન, વિવિધ ફળો વિગેરે ઢોકવાં. (ગોધૂમ મણ ૧, ઘી મણ ૦ાા) સંઘ વાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ તીર્થંકરનામકર્મનો બંધ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. **“શ્રી મહાવીરનાથાય નમઃ”** એ મંત્રના ગરણાંની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૨૧. કનકાવલિ તપ

[કનકાવલિ એટલે સુવર્ણનો હાર. સુવર્ણના હારમાં જેમ શેર–લતાઓ અને દાડિમ–ચંદ્રકો હોય છે તેની માફક આ વ્રતમાં તેને અનુસરીને વિવિધ રીતે તપશ્ચર્યા કરાય છે. તેની વિધિ દર્શાવવામાં આવી છે.]

❖

तपसः कनकावल्याः, काहलादाडिमे अपि ।
लता च पदकं चान्त्यलता दाडिमकाहले ॥ १ ॥
एकद्वित्र्युपवासतः प्रगुणिते संपूरिते काहले,
तत्राष्टाष्टमितैश्च षष्ठकरणैः संपादयेद्दाडिमे ।
एकाद्यैः खलु षोडशान्तगणितैः श्रेणी उमे युक्तितः,
षष्ठैस्तैः कनकावलौ किल चतुस्त्रिंशन्मितो नायकः ॥२॥

તપસ્વીઓના હૃદયને શોભાવનાર હોવાથી આ કનકાવલિ નામનો તપ કહેવાય છે. તેમાં પ્રથમ એક ઉપવાસ કરી પારણું કરવું. પછી છઠ્ઠ કરી પારણું કરવું, પછી અઠ્ઠમ કરી પારણું કરવું. એ રીતે એક કાહલિકા પૂર્ણ થાય છે. ત્યારપછી આઠ છઠ્ઠ કરવા, તેથી એક દાડિમ પૂર્ણ થાય છે. ત્યારપછી એક ઉપવાસ કરી પારણું, બે ઉપવાસ કરી પારણું, ત્રણ ઉપવાસ કરી પારણું, એ રીતે અનુક્રમે વધતાં વધતાં સોળ ઉપવાસ કરી પારણું કરવું. એમ કરવાથી હારની એક લતા (સેર) પૂર્ણ થાય છે. ત્યારપછી ચોત્રીશ છઠ્ઠ કરવાથી તે લતાની નીચે પદક

સંપૂર્ણ થાય છે. ત્યારપછી સોળ ઉપવાસ કરીને પારણું, પંદર ઉપવાસ કરીને પારણું, ચૌદ ઉપવાસ કરીને પારણું, એ રીતે પ્રતિલોમે અનુક્રમે ઉતરતાં ઉતરતાં એક ઉપવાસ-કરીને પારણું કરવું. એમ કરવાથી હારની બીજી લતા ઉત્પન્ન થાય છે. ત્યારપછી આઠ છઠ્ઠ કરવાથી તેની ઉપરનું બીજું દાડિમ ઉત્પન્ન થાય છે. ત્યારપછી અઠ્ઠમ કરીને પારણું, પછી છઠ્ઠ કરીને પારણું અને પછી એક ઉપવાસ કરીને પારણું કરવું, તેથી ઉપરની બીજી કાહલિકા ઉત્પન્ન થાય છે. અહીં જે ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમ લખ્યા છે તેનું પારણું કરીને તરત બીજે દિવસે જ ઉપવાસાદિક કરવા, પણ વચમાં આંતરું પાડવું નહીં. આ તપમાં કુલ પારણાના દિવસો ૮૮ થાય છે, તથા ઉપવાસ ૩૮૪ થાય છે, એટલે આ તપ એક વર્ષ ત્રણ માસ અને બાવીશ દિવસે પૂર્ણ થાય છે. (એ પ્રમાણે ચાર વાર કરવાથી પાંચ વર્ષ, બે માસ અને અઠ્ઠાવીશ દિવસ થાય છે, એમ ચારગણો તપ કરવાનું શ્રી પ્રવચનસારોદ્ધારમાં કહેલું છે.) અહીં પારણામાં પહેલી શ્રેણીએ વિગઈ સહિત ઈચ્છિત ભોજન કરે, બીજી શ્રેણીએ નીવી, ત્રીજી શ્રેણીએ અલેપ દ્રવ્ય એટલે જે ચીજ ખાતાં હસ્ત વિગેરેને લેપ ન થાય એવા ચણા, વાલ વિગેરે ખાવા, તથા ચોથી શ્રેણીએ આંબિલ કરવા. (સર્વ પારણાના દિવસો એકાસણાના જ છે.)

ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા ભણાવવી. ઉપવાસની સંખ્યા પ્રમાણે સુવર્ણ ટંકની માળા બનાવી પ્રભુના કંઠમાં નાંખવી. તથા છએ વિગઈના પક્વાન્નો, વિવિધ ફળો વિગેરે ઢોકવાં. સાધુઓને અન્નદાન

દેવું, સંઘ વાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી સર્વ ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. વિશેષ એટલો છે કે અંતકૃદ્દશાદિ સૂત્રોમાં કનકાવલિના પદકોમાં તથા દાડિમોમાં બગડા (છઠ) છે તેને સ્થાને તગડા (અઠ્ઠમ) કહ્યા છે અને રત્નાવલિમાં અઠ્ઠમ છે તેને સ્થાને છઠ મૂકવા એવું શ્રી પ્રવચનસારોદ્ધારની ટીકામાં કહેલું છે. ગરણું "ૐ નમો અરિહંતાણં" એ પદનું વીશ નવકારવાળીવડે ગણવું. સાથીઆ વિગેરે બાર બાર કરવા.

## ૨૨. મુક્તાવલિ તપ

[મુક્તાવલિ એટલે મોતીની માળા. જેમ મોતીની માળામાં ચઢ-ઉતર મોતી હોય છે તેમ આ તપમાં પણ ચઢ-ઉતર તપશ્ચર્યા દર્શાવવામાં આવી છે.]

मुक्तावल्यां चतुर्थादि षोडशाद्यावलीद्वयम् ।
पूर्वानुपूर्व्या पश्चानुपूर्व्या ज्ञेयं यथाक्रमम् ॥ १ ॥
एकद्वयेकगुणैकवेदवसुधाबाणैकषड्भूमिभिः,
सप्तैकाष्टमहीनवैकदशभिर्भूरुद्रभूमानुभिः ।
भूविश्वैः शशिमन्विलातिथिधरात्रिंशासुरीभिर्मितै-
रेतद्व्युत्क्रमणोपवासगणितैर्मुक्तावली जायते ॥ २ ॥

તપસ્વીઓને કંઠના આભરણરૂપ નિર્મળ મુક્તાવળી સદૃશ હોવાથી આ તપ મુક્તાવળી નામનો કહેવાય છે. તે મુક્તાવળી

માં ઉપવાસાદિક સોળ સુધી બે આવળી આનુપૂર્વી વડે તથા પશ્ચાનુપૂર્વી વડે અનુક્રમે જાણવી. તેમાં પ્રથમ એક ઉપવાસ ઉપર પારણું, પછી છઠ્ઠ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી અઠ્ઠમ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી ચાર ઉપવાસ ઉપર પારણું પછી ઉપવાસ ઉપર પારણું, પછી પાંચ ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી છ ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી સાત ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, એ રીતે સોળ ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું કરવું. ત્યાર પછી પશ્ચાનુપૂર્વીએ લેવું એટલે કે પ્રથમ સોળ ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી પંદર ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી ચૌદ ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું, પછી તેર ઉપવાસ ઉપર પારણું, પછી ઉપવાસ ઉપર પારણું—એ રીતે છેવટ એક ઉપવાસ ઉપર પારણું કરવું. આ પ્રમાણે ઉપવાસ ૩૦૦ તથા પારણાના દિવસ ૬૦ મળી એક વર્ષે આ તપ પૂર્ણ થાય છે. તેને કનકાવળીની જેમ ચાર વાર કરવાથી ચાર વર્ષે પૂર્ણ થાય છે. તપને અંતે ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિપૂર્વક પૂજા ભણાવીને પ્રભુના કંઠમાં મુક્તાવળી (મોતીની માળા) આરોપવી. સંઘ વાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી વિવિધ પ્રકારના ગુણોની શ્રેણી પ્રાપ્ત થાય છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું "નમો અરિહંતાણં"—ની નવકારવાળી વીશ ગણવી. સાથિયા વિગેરે બાર બાર કરવા.

## ૨૩. રત્નાવલિ તપ

[સુવર્ણ અને મોતી કરતાં પણ રત્નની કિંમત વિશેષ હોય છે. તેથી એકવીસમા કનકાવલિ અને બાવીસમા મુક્તાવલિ તપ કરતાં પણ આ રત્નાવલિ તપમાં લતા-સેર, તરલ-ચંદ્રક વિગેરેની વિશેષતા છે. આ તપ કરવાની વિધિ નીચે દર્શાવી છે.)

काहलिका दाडिमकं लता तरल एव च ।
अन्या लता दाडिमकं काहलिकेति च क्रमात् ॥१॥
एकद्वित्र्युपवासैः सः काहले दाडिमे पुनः ।
तरलश्चाष्टममथो रत्नावल्यां लतेव तत् ॥२॥

एकद्वित्र्युपवासतो ह्युभ इमे संपादिते काहले,
अष्टाष्टमसंपदा विरचयेद्युक्त्या पुनर्दाडिमे ।
एकाद्यैः खलु षोडशान्तगणितैः श्रेणीद्वय च क्रमात्,
पूर्ण स्यात्तरलोऽष्टमैरपि चतुस्त्रिंशन्मितैर्निर्मलैः ॥३॥

ગુણરૂપ રત્નોની આવળી હોવાથી આ તપ રત્નાવળી નામનો કહેવાય છે. તેમાં અનુક્રમે કાહલિકા, દાડિમ, લતા, તરલ (પદક), બીજી લતા, દાડિમ અને કાહલિકા, એ પ્રમાણે રત્નાવળી થાય છે. તેમાં પ્રથમ કાહલિકાને વિષે એક ઉપવાસ, ત્યાર પછી પારણું કરવું. ત્યારપછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું કરવું. ત્યાર પછી દાડિમને વિષે આઠ અટ્ઠમ કરવા, ત્યાર પછી એક ઉપવાસ ઉપર પારણું,

પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું—એ પ્રમાણે અનુક્રમે સોળ ઉપવાસ સુધી કરવાથી એક લતા (સેર) થાય છે. પછી ચોત્રીશ અઠ્ઠમ કરવાથી પદક થાય છે. ત્યાર પછી પશ્ચાનુપૂર્વી વડે એટલે સોળ ઉપવાસ ઉપર પારણું, પછી પંદર ઉપવાસ ઉપર પારણું, પછી ચૌદ ઉપવાસ ઉપર પારણું, એ પ્રમાણે ઉતરતાં ઉતરતાં એક ઉપવાસ સુધી આવવું. એમ કરવાથી બીજી લતા પૂર્ણ થાય છે. ત્યાર પછી બીજા દાડિમના આઠ આઠ્ઠમ કરવા. પછી અઠ્ઠમ કરીને પારણું, પછી છઠ્ઠ કરીને પારણું અને પછી ઉપવાસ કરીને પારણું કરવાથી બીજી કાહલિકા પૂર્ણ થાય છે. એ પ્રમાણે ઉપવાસના દિવસ કુલ ૪૩૪ તથા પારણાના દિવસ ૮૮ થાય છે. સર્વ મળી પ૨૨ દિવસે આ તપ પૂર્ણ થાય છે. (કોઈના મતે આ તપ પણ ચાર પરિપાટીએ કરતાં પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસ થાય છે.)

ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિપૂર્વક ઘણા મૂલ્યવાળી નિર્મળ રત્નની માળા પ્રભુના કંઠમાં પહેરાવવી. ગુરુપૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપ કરવાથી વિવિધ પ્રકારની લક્ષ્મી મળે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું પૂર્વની જેમ "નમો અરિહંતાણં"નું વીશ નવકારવાળી પ્રમાણ ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૨૪. લઘુ સિંહનિષ્ક્રીડિત તપ

(પશુઓનો રાજા સિંહ ગણાય છે, કારણ કે તે ચકોર અને શૂરવીર છે. વાઘ કે દીપડાથી માફક તે ખંધું કે કપટી

પ્રાણી નથી; તેથી જ તે સર્વશ્રેષ્ઠ પ્રાણી ગણાય છે. તેની એ ખાસિયત છે કે–જેમ જેમ તે આગળ વધે છે તેમ તેમ પોતાની પીઠ પાછળ નજર કરતો જાય છે. તેની દૃષ્ટિની માફક જે તપ કરાય છે તે " સિંહનિષ્ક્રીડિત " કહેવાય છે. )

**गच्छन् सिंहो यथा नित्यं पश्चाद्भागं विलोकयेत् ।**
**सिंहनिष्क्रीडिताख्यं च तथा तप उदाहृतम् ॥ १ ॥**
**एकद्व्येकत्रियुग्मैर्युगगुणविशिखैर्वेदषट्पञ्चताक्ष्यैः,**
**षट्कुमाश्वैर्निधानाष्टनिधिहयगजैः षड्हयैः पञ्चषड्भिः ।**
**वेदैर्बाणैर्युगद्वित्रिशशिभुजकुभिश्चोपवासैश्च मध्ये,**
**कुर्वाणानां समन्तादशनमिति तपः सिंहनिष्क्रीडितं स्यात् ।२।**

જેમ સિંહ ચાલતાં ચાલતાં પાછળનો ભાગ જુએ છે, તે જ પ્રમાણે સિંહનિષ્ક્રીડિત તપ કહેલું છે. તેમાં પ્રથમ એક ઉપવાસ ઉપર પારણું, પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી એક ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું, પછી બે ઉપવાસ, પછી ચાર ઉપવાસ, પછી ત્રણ, પછી પાંચ, પછી ચાર, પછી છ, પછી પાંચ, પછી સાત, પછી છ, પછી આઠ, પછી સાત, પછી નવ, પછી આઠ એ પ્રમાણે ઉપવાસ કરી પારણું કરવું. પછી પશ્ચાનુપૂર્વીએ લેવું એટલે કે પ્રથમ નવ ઉપવાસ, પછી સાત, પછી આઠ, પછી છ, પછી સાત, પછી પાંચ, પછી છ, પછી ચાર, પછી પાંચ, પછી ત્રણ, પછી ચાર, પછી બે, પછી ત્રણ, પછી એક, પછી બે અને પછી એક ઉપવાસ કરી પારણું કરવું. આ તપમાં ઉપવાસના દિવસ

૧૫૪ તથા પારણાના દિવસ ૩૩ મળી કુલ ૧૮૭ દિવસ થાય છે. (આ તપ પણ ચાર પરિપાટીએ કરતાં બે વરસ અઠ્ઠાવીસ દિવસે પૂરો થાય છે, એમ મતાંતર છે.)

ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિપૂર્વક પ્રભુની પૂજા ભણાવવી. ઉપવાસની સંખ્યા પ્રમાણે મોદક, ફળ, પક્વાન્ન વિગેરે ઢોકવાં. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે પૂર્વવત્ "નમો અરિહંતાણં"નું ગણવું.

## ૨૫. બૃહત્ સિંહનિષ્ક્રીડિત તપ

[ ચોવીશમા તપમાં જણાવ્યા કરતાં આ તપના દિવસોની સંખ્યા અધિક છે એટલે તેને "બૃહત્" કહેવામાં આવેલ છે. ]

एतद्व्येककपाटयोनियमलैर्वेदत्रिबाणाब्धिभिः,
    षट्पञ्चाश्वरसाष्टसप्तनवभिर्नागैश्च दिग्नन्दकैः ।
रुद्राशारविभद्र...विबुधैर्मार्तंडमन्वन्वितै-
    र्विश्वेदेवतिथिप्रमाणमनुभिश्चाष्टिप्रतिथ्यन्वितैः ॥१॥
कलामनुतिथित्रयोदशचतुर्दशार्कान्वितै-
    स्त्रयोदशशिवांशुभिर्दशगिरीशनन्दैरपि ।
दशाष्टनवसप्तभिर्गजरसाश्वबाणै रसैश्चतु-
    र्विंशिखवह्निभिर्युगभुजत्रिभूद्वीन्दुभिः ॥२॥

उपवासैः क्रमात्कार्या पारणा अन्तरान्तरा ।
सिंहनिष्क्रीडितं नाम बृहत्संजायते तपः ॥३॥

આ તપ પણ પૂર્વની જેવો જ છે, પરંતુ અહીં તપસ્યાના દિવસો અધિક છે. તે આ પ્રમાણે–પ્રથમ એક ઉપવાસ ઉપર પારણું, પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી એક ઉપવાસ, પછી ત્રણ, પછી બે, પછી ચાર, પછી ત્રણ, પછી પાંચ, પછી ચાર, પછી છ, પછી પાંચ, પછી સાત, પછી છ, પછી આઠ, પછી સાત, પછી નવ, પછી આઠ, પછી દશ, પછી નવ, પછી અગિયાર, પછી દશ, પછી બાર, પછી અગિયાર, પછી તેર, પછી બાર, પછી ચૌદ, પછી તેર, પછી પંદર, પછી ચૌદ, પછી સોળ અને પછી પંદર ઉપવાસ કરીને પારણું કરવું. ત્યારપછી પશ્ચાનુપૂર્વીએ આ પ્રમાણે લેવું–પ્રથમ સોળ ઉપવાસ, પછી ચૌદ, પછી પંદર, પછી તેર, પછી ચૌદ, પછી બાર, પછી તેર, પછી અગિયાર, પછી બાર, પછી દશ, પછી અગિયાર, પછી નવ, પછી દશ, પછી આઠ, પછી નવ, પછી સાત, પછી આઠ, પછી છ, પછી સાત, પછી પાંચ, પછી છ, પછી પાંચ, પછી ચાર, પછી પાંચ, પછી ત્રણ, પછી ચાર, પછી બે, પછી ત્રણ, પછી એક, પછી બે અને છેવટ એક ઉપવાસ કરી પારણું કરવું. (એ રીતે દરેકને અંતે પારણું કરવું. આ રીતે કુલ ઉપવાસના દિવસો ૪૯૭ તથા પારણાના દિવસો ૬૧ મળી કુલ ૫૫૮ દિવસે એક વર્ષ, છ માસ અને અઢાર દિવસે આ તપ પૂરો થાય છે. આ તપ પણ ચાર પરિપાટીએ કરતાં છ વર્ષ,

બે માસ અને બાર દિવસે પૂરો થાય છે એ મતાંતર છે.) ઉદ્યાપનમાં મોટા સ્નાત્રપૂર્વક પૂજા ભણાવીને ઉપવાસની સંખ્યા પ્રમાણે પુષ્પ, ફળ તથા મોદકાદિક નૈવેદ્ય અર્પણ કરવું. સાધુને અન્નાદિકનું દાન દેવું, સંઘપૂજા, સંઘ વાત્સલ્ય કરવું. આ તપનું ફળ ઉપશમશ્રેણીની પ્રાપ્તિરૂપ છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. નંબર ૨૧ થી ૨૫ સુધીના તપો ચાર પરિપાટીએ કરવાના શ્રી પ્રવચનસારોદ્ધારમાં કહેલા છે.

ગરણું વિગેરે પૂર્વવત્ "નમો અરિહંતાણં"

## ૨૬. ભદ્ર તપ

एक द्वित्रिचतुःपञ्चत्रिचतुःपञ्चभूद्वयैः ।
पञ्चैकद्वित्रिवेदैश्च द्वित्रिवेदेषुभूमिभिः ॥१॥
चतुःपञ्चैकद्वित्रिभिश्चोपवासैः श्रेणिपञ्चकम् ।
भद्रे तपसि मध्यस्थपारणश्रेणिसंयुतम् ॥२॥

આ તપ ભદ્ર એટલે કલ્યાણકારક હોવાથી ભદ્ર નામે કહેવાય છે. તેમાં પ્રથમ શ્રેણિમાં પહેલો એક ઉપવાસ કરી પારણું કરવું. પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપર પારણું, પછી ચાર, અને પછી પાંચ ઉપવાસ ઉપર પારણું કરવું. બીજી શ્રેણિએ પ્રથમ ત્રણ ઉપવાસ, પછી ચાર, પછી પાંચ, પછી એક અને પછી બે ઉપવાસ કરી પારણું કરવું. ત્રીજી શ્રેણિએ પ્રથમ પાંચ ઉપવાસ, પછી એક, પછી બે, પછી ત્રણ અને પછી ચાર ઉપવાસ કરી પારણું કરવું. ચોથી શ્રેણિએ પ્રથમ બે ઉપવાસ, પછી ત્રણ, પછી ચાર, પછી પાંચ

અને પછી એક ઉપવાસ કરી પારણું કરવું. પાંચમી શ્રેણિએ પ્રથમ ચાર, પછી પાંચ, પછી એક, પછી બે અને પછી ત્રણ ઉપવાસ કરી પારણું કરવું. સર્વને છેડે એક જ પારણાનો દિવસ આવે. આ રીતે કરતાં કુલ ઉપવાસ દિન ૭૫ તથા પારણા દિન ૨૫ મળી ત્રણ માસ અને દશ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

ઉદ્યાપનમાં જિનેશ્વરનું સ્નાત્ર કરાવવું. ફળ, નૈવેદ્ય, મોદક વિગેરે શક્તિ પ્રમાણે ઢોકવાં. આ તપનું ફળ કલ્યાણની પ્રાપ્તિ થાય એ છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"શ્રી મહાવીરસ્વામિનાથાય નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૨૭. મહાભદ્ર તપ

एकद्वित्रिचतुःपञ्चषट्सप्तभिरुपोषणैः ।
निरन्तरैः पारणकमाद्यश्रेणौ प्रजायते ॥ १ ॥
द्वितीयपाल्यां वेदेषुषट्सप्तैकद्विवह्निभिः ।
तृतीयपाल्यां सप्तैकद्वित्रिवेदशरै रसैः ॥ २ ॥
चतुर्थपाल्यां त्रिचतुःपंचषट् सप्तभूभुजैः ।
पञ्चम्यां रससप्तैकद्वित्रिवेदशिलीमुखैः ॥ ३ ॥

षष्ठयां द्वित्रिचतुःपञ्चषट्सप्तैकैरुपोषणैः ।
सप्तम्यां पञ्चषट्सप्तभूयुग्मत्रिचतुष्टयैः ॥ ४ ॥

एवं संपूर्यते सप्तश्रेणिभिर्मध्यपारणैः ।
महाभद्रं तपः सप्तप्रस्तारपरिवारितम् ॥ ५ ॥

આ મહાભદ્ર તપ પૂર્વની જ જેમ થાય છે, તેમાં તપના દિવસો અધિક છે, તે આ પ્રમાણે–પ્રથમ શ્રેણીમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત ઉપવાસ અનુક્રમે આંતરા રહિત પારણાવાળા કરવા, બીજી શ્રેણીમાં ચાર, પાંચ, છ, સાત, એક, બે અને ત્રણ ઉપવાસ આંતરા રહિત પારણાવાળા કરવા. ત્રીજી શ્રેણિમાં સાત, એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ ઉપવાસ એ જ રીતે કરવા. ચોથી શ્રેણીમાં ત્રણ, ચાર, પાંચ, છ, સાત, એક અને બે, એ પ્રમાણે પૂર્વની જેમ ઉપવાસ કરવા. પાંચમી શ્રેણીમાં છ, સાત, એક, બે, ત્રણ, ચાર અને પાંચ એ પ્રમાણે કરવા. છઠ્ઠી શ્રેણીમાં બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત અને એક, એ પ્રમાણે ઉપવાસ કરવા. સાતમી શ્રેણીમાં પાંચ, છ, સાત, એક, બે, ત્રણ અને ચાર એ પ્રમાણે આંતરા રહિત પારણાવાળા ઉપવાસ અનુક્રમે કરવા. આ રીતે આ તપમાં ઉપવાસના દિવસ ૧૯૬ તથા પારણાના દિવસ ૪૯ થાય. સર્વ મળીને ૨૪૫ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિપૂર્વક પૂજા ભણાવવી. યથાશક્તિ ફળ, નૈવેદ્ય, મોદક વિગેરે ઢોકવા. ગુરુપૂજા, સંઘપૂજા વિગેરે કરવું. આ તપનું ફળ સર્વ વિઘ્નનો નાશ તથા

પુણ્યની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે ભદ્ર તપ પ્રમાણે (જુઓ તપ નંબર ૨૬)

❋

## ૨૮. ભદ્રોત્તર તપ

आद्यश्रेणौ पञ्चषड्भिः सप्ताष्टनवभिस्तथा
द्वितीयायां च सप्ताष्टनवबाणरसैरपि ॥ १ ॥
तृतीयायां नन्दबाणषट्सप्ताष्टभिरुत्तमैः ।
चतुर्थ्यां रससप्ताष्टनवबाणमितैः क्रमात् ॥ २ ॥
पञ्चम्यामष्टनन्देषुषट् सप्तभिरुपोषणैः ।
निरन्तरं पारणाभिर्भद्रोत्तरतपो भवेत् ॥३॥

ભદ્ર એટલે કલ્યાણે કરીને ઉત્તર એટલે ઉત્તમ હોવાથી આ ભદ્રોત્તર નામે તપ કહેવાય છે. તેમાં પ્રથમ શ્રેણિએ અનુક્રમે પાંચ, છ, સાત, આઠ અને નવ ઉપવાસ આંતરા રહિત પારણાવાળા કરવા. બીજી શ્રેણિમાં સાત, આઠ, નવ, પાંચ અને છ ઉપવાસ કરવા. ત્રીજી શ્રેણિમાં નવ, પાંચ, છ, સાત અને આઠ ઉપવાસ કરવા. ચોથી શ્રેણિમાં છ, સાત, આઠ, નવ અને પાંચ ઉપવાસ કરવા. તથા પાંચમી શ્રેણિમાં આઠ, નવ, પાંચ, છ અને સાત ઉપવાસ નિરંતર પારણાવાળા કરવા. તેથી ભદ્રોત્તર તપ થાય છે. આ તપમાં ઉપવાસ દિન ૧૭૫ તથા પારણા દિન ૨૫ મળી બસો દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપન

ભદ્ર તપની પેઠે જાણવું. આ તપ કરવાથી સર્વ વાંછિતની સિદ્ધિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે તપ નંબર ૨૬ પ્રમાણે સમજવું.

❋

## ૨૯. સર્વતોભદ્ર તપ.

आद्या पञ्चषडश्वनागनवभिर्दिक्रुद्रभूमिः श्रेणिका,
नागैर्नन्दककुप्शिवैः शररसैरश्वैर्द्वितीया च सा ।
रुद्रैर्बाणरसाश्वनागनवभिर्दिग्भिस्तृतीया भवेत्,
तुर्या सप्तगजैश्च नन्ददशभिः श्रीकंठबाणै रसैः ॥ १ ॥
काष्टारुद्रशरै रसैर्हयगजैर्नन्दान्वितैः पञ्चमी,
षष्ठी षट्तुरगेभनन्ददशभिः श्रीकंठबाणैः परा ।
नन्दाशाशिवबाणषड्हयगजैः पूर्णावलिः सप्तमी,
ते वै पारणकान्तरा निगदिता नित्योपवासा बुधैः ॥२॥

ચોતરફથી કલ્યાણ કરનાર હોવાથી આ તપ સર્વતોભદ્ર કહેવાય છે. અહીં પ્રથમ શ્રેણી અનુક્રમે નિરંતર પારણાવાળા પાંચ, છ, સાત, આઠ, નવ, દશ અને અગિયાર ઉપવાસવડે થાય છે. બીજી શ્રેણી આઠ, નવ, દશ, અગિયાર, પાંચ, છ અને સાત ઉપવાસવડે થાય છે. ત્રીજી શ્રેણી અગિયાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને દશ ઉપવાસવડે થાય છે. ચોથી શ્રેણી સાત, આઠ, નવ, દશ, અગિયાર, પાંચ અને છ ઉપવાસવડે થાય છે. પાંચમી શ્રેણી દશ, અગિયાર, પાંચ, છ, સાત, આઠ

અને નવ ઉપવાસે કરીને થાય છે છઠ્ઠી શ્રેણી છ, સાત, આઠ, નવ, દશ, અગિયાર અને પાંચ ઉપવાસ વડે થાય છે. તથા સાતમી શ્રેણી નવ, દશ, અગિયાર, પાંચ, છ, સાત અને આઠ ઉપવાસવડે થાય છે. આ તપના દિન ૩૯૨ તથા પારણાના દિન ૪૯ થાય છે. કુલ આ તપ (૪૪૧) દિવસે પૂર્ણ થાય છે. ઉદ્યાપન ભદ્ર તપની પેઠે જાણવું.

કેટલાએક આચાર્યો આ ચારે ભદ્રાદિક તપના ઉદ્યાપનમાં ઉપવાસની સંખ્યા પ્રમાણે પુષ્પ, ફળ, પક્વાન્ન વિગેરે ઢોકવાનું કહે છે. આ તપનું ફળ સર્વ પ્રકારની શાંતિ તથા સર્વ કર્મના ક્ષયની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે તપ નંબર ૨૬ પ્રમાણે જાણવું.

## ૩૦. ગુણરત્ન સંવત્સર તપ

[ રત્ન કરતાં પણ ગુણરૂપી રત્નની કિંમત અનેકગણી ચઢિયાતી છે. ગુણી બનવું અને સાથોસાથ ગુણના રાગી બનવું તે બહુ જ મુશ્કેલ છે. આ વિશ્વમાં ગુણવાળા માણસો મળી આવશે, પણ તે પૈકી કોઈ ગુણીજન પ્રત્યે મત્સરી હશે, કોઈ દ્વેષબુદ્ધિવાળા હશે, કોઈ કિન્નાખોર હશે, કોઈ કપટભાવવાળા હશે; તેથી જ કહ્યું છે કે–

गुणी च गुणरागी च सरलो विरलो जनः। પોતે ગુણી અને સાથોસાથ અન્યના ગુણનો રાગી શખ્સ તો વિરલ જ હોય છે. ]

**गुणरत्न षोडशभिर्मासैः संपूर्यते पुनस्तत्र ।**
**मासे चैकादिषोडशान्ताः स्युरुपवासाः पञ्चदश ॥ १ ॥**

ગુણરૂપી રત્નોની પ્રાપ્તિનું કારણ હોવાથી આ ગુણરત્ન તપ કહેવાય છે. ( આ તપ શ્રી મહાવીરસ્વામીના શિષ્ય સ્કંદજીએ આચર્યો હતો. ) તેમાં પહેલા માસમાં એક ઉપવાસ અને એક પારણું, એ રીતે પંદર ઉપવાસ અને પંદર પારણા મળીને ત્રીશ દિવસે પૂર્ણ થાય છે. બીજે માસે બે ઉપવાસને આંતરે પારણા કરવાથી વીશ ઉપવાસ તથા દશ પારણા મળી ત્રીશ દિવસે પૂર્ણ થાય છે. ત્રીજે માસે ત્રણ ત્રણ ઉપવાસે પારણું કરવાથી ચોવીશ ઉપવાસ તથા આઠ પારણા મળી બત્રીશ દિવસ થાય છે. ચોથે માસે ચાર ચાર ઉપવાસ ઉપર પારણું કરવાથી ચોવીશ ઉપવાસ અને છ પારણાં મળીને ત્રીશ દિવસ થાય છે. પાંચમે માસે પાંચ પાંચ ઉપવાસ ઉપર પારણાં કરવાથી પચીશ ઉપવાસ અને પાંચ પારણાં મળીને ત્રીશ દિવસ થાય છે. છટ્ઠે માસે છ છ ઉપવાસ ઉપર પારણાં કરવાથી ચોવીશ ઉપવાસ અને ચાર પારણાં મળીને અટ્ઠાવીશ દિવસ લાગે છે. સાતમે માસે સાત સાત ઉપવાસ ઉપર પારણાં કરવાથી એકવીશ ઉપવાસ અને ત્રણ પારણાં મળી ચોવીશ દિવસે પૂર્ણ થાય છે. આઠમે માસે આઠ આઠ ઉપવાસ ઉપર પારણાં કરવાથી ચોવીશ ઉપવાસ તથા ત્રણ પારણાં મળીને સત્તાવીશ દિવસ થાય છે. નવમે માસે નવ નવ ઉપવાસ ઉપર પારણા કરવાથી સત્તાવીશ ઉપવાસ અને ત્રણ પારણા મળી ત્રીશ દિવસ થાય

છે. દશમે માસે દશ દશ ઉપવાસ ઉપર પારણા કરવાથી ત્રીશ ઉપવાસ અને ત્રણ પારણા મળી તેત્રીશ દિવસ થાય છે. અગિયારમે માસે અગિયાર અગિયાર ઉપવાસ ઉપર પારણા કરવાથી તેત્રીશ ઉપવાસ અને ત્રણ પારણા મળી છત્રીસ દિવસ થાય છે. બારમે માસે બાર બાર ઉપવાસ ઉપર પારણા કરવાથી ચોવીશ ઉપવાસ અને બે પારણા મળી છવ્વીશ દિવસ થાય છે. તેરમે માસે તેર તેર ઉપવાસ ઉપર પારણા કરવાથી છવ્વીશ ઉપવાસ અને બે પારણા મળી અઠ્ઠાવીશ દિવસ થાય છે. ચૌદ ચૌદ ઉપવાસ ઉપર પારણા કરવાથી અઠ્ઠાવીશ ઉપવાસ અને બે પારણા મળી ત્રીશ દિવસ થાય છે. પંદરમે માસે પંદર પંદર ઉપવાસ ઉપર પારણા કરવાથી ત્રીશ ઉપવાસ અને બે પારણા મળી બત્રીશ દિવસ થાય છે. સોળમે માસે સોળ સોળ ઉપવાસ ઉપર પારણા કરવાથી બત્રીશ ઉપવાસ અને બે પારણા મળી ચોત્રીશ દિવસ થાય છે. આ રીતે આ તપ ન્યૂનાધિક તથા સરખા દિવસોએ કરીને બરાબર સોળ માસે જ પૂર્ણ થાય છે. ( એકંદરે ગણતાં ૪૮૦ દિવસો થાય છે. )

ઉદ્યાપનમાં મોટા સ્નાત્રપૂર્વક જિનપૂજા, સાધુપૂજા, સંઘપૂજા વિગેરે યથાશક્તિ કરવું. આ તપનું ફળ ઉચ્ચ ગુણસ્થાન પર આરોહણ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

" ગુણરત્નસંવત્સરતપસે નમઃ " આ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૩૧. અગિયાર અંગ તપ

[ તીર્થંકર ભગવંતો જ્યારે કેવલજ્ઞાની થાય છે ત્યાર પછી જ તેમના વિચારો શ્રુત તરીકે ગણધર ભગવંતો ઝીલે છે એટલે કે તીર્થંકરો અર્થથી દ્વાદશાંગીની પ્રરૂપણા કરે છે અને ગણધર ભગવંતો તેને સૂત્રરૂપે ગુંથે છે.

ભગવંત મહાવીરનો ઉપદેશ તેમના અગિયાર ગણધરોએ ઝીલ્યો હતો અને તેના પરથી તેઓએ દ્વાદશાંગી–બાર અંગની રચના કરી હતી. હાલમાં બારમું અંગ "દૃષ્ટિવાદ" વિચ્છેદ પામ્યું છે. અગિયાર અંગો વિદ્યમાન છે.

'અંગ' શબ્દ સૂત્રરૂપ પુરુષના અંગ તરીકે યોજાયેલો છે. શ્રી નંદિસૂત્રની ચૂર્ણિમાં સૂત્ર–પુરુષનો પરિચય નીચે પ્રમાણે આપવામાં આવ્યો છે.

આચારાંગ અને સુયગડાંગ–બે પગ
ઠાણાંગ અને સમવાયાંગ–બે નળા
ભગવતી અને જ્ઞાતાધર્મકથાંગ–બે જાંઘ
ઉપાસકદશાંગ અને અંતકૃદ્દશાંગ–પીઠ તેમજ ઉદર
અનુત્તરોવવાઈ અને પ્રશ્નવ્યાકરણ–બે હાથ
વિપાક–ડોક
દૃષ્ટિવાદ–મસ્તક

૧. **આચારાંગ** સૂત્રમાં સાધુઓના આચારોનું વર્ણન છે. તેના પચીશ અધ્યયન છે. શ્લોકપ્રમાણ ૨૫૦૦ છે, તેના પર પૂજ્ય શ્રી શીલાંકાચાર્યની ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા છે. ચૂર્ણી ૮૩૦૦ શ્લોકની છે અને પૂજ્ય–શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત નિર્યુક્તિ ૩૬૮ શ્લોકપ્રમાણ છે.

૨. **સુયગડાંગ** સૂત્રમાં ઈતર દર્શનો બૌદ્ધ, સાંખ્ય, મીમાંસક વિગેરેની ચર્ચા અને ઉપદેશ છે. તેના ૨૩

અધ્યયનો છે. મૂળ શ્લોક ૨૧૦૦ છે, તેના પર શ્રી શીલાંકાચાર્યની ૧૨૮૫૦ શ્લોકપ્રમાણ ટીકા છે. ચૂર્ણી ૧૦૦૦૦ શ્લોકની છે અને શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિ ૨૫૦ શ્લોકપ્રમાણ છે.

૩. **સ્થાનાંગ** સૂત્રમાં એક, બે, ત્રણ, ચાર એમ ક્રમે વધતાં દશ સ્થાનકો દર્શાવી તાત્ત્વિક વ્યાખ્યા કરવામાં આવેલ છે. અધ્યયનો દશ છે. અને શ્લોકપ્રમાણ ૩૭૭૦ છે શ્રી અભયદેવસૂરિજીએ બનાવેલ ટીકા ૧૫૨૫૦ શ્લોકપ્રમાણ છે.

૪. **સમવાયાંગ** સૂત્રમાં શ્રી સ્થાનાંગજીમાં અધૂરી રહેલ હકીકતોનું દશ ઉપરાંતની સંખ્યાવાળી બાબતોનું વર્ણન છે. મૂળ શ્લોક ૧૬૬૭, ચૂર્ણી ૪૦૦ શ્લોકની છે. શ્રી અભયદેવસૂરિકૃત ટીકા ૩૭૭૬ શ્લોકપ્રમાણ છે.

૫. **ભગવતી (વિવાહપન્નત્તિ)** સૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીએ ભગવંત શ્રી મહાવીરસ્વામીને જીવાજીવ સંબંધી પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો તથા તેના ઉત્તરો છે. આ સૂત્રના ૪૧ શતકો છે અને મૂળ શ્લોક ૧૫૭૫૨ છે. ચૂર્ણી ૪૦૦૦ શ્લોકની છે. આ સૂત્ર પર શ્રી અભયદેવસૂરિએ ટીકા રચી છે અને તેના પર સંશોધન કરી શ્રી દ્રોણાચાર્યજીએ ૧૮૬૧૫ શ્લોકની ટીકા રચી છે, ઉપાધ્યાયશ્રી દાનશેખરજીએ વિ સં. ૧૫૬૮માં આ સૂત્રની ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ લઘુવૃત્તિ પણ રચેલ છે.

૬. **શ્રી જ્ઞાતાધર્મ કથા** સૂત્રમાં ત્રીજા આરાના પ્રાંતભાગથી પાંચમા આરાની શરૂઆત સુધીના એટલે કે

ભગવંત શ્રી મહાવીરસ્વામીના જીવનકાળ પર્યંતના જૈન શાસનના પ્રભાવકો, સતીઓ અને વીરપુરુષોનાં ચરિત્ર છે. અધ્યયન ૧૯ છે, મૂળ શ્લોક ૫૫૦૦ છે અને શ્રી અભયદેવસૂરિજીની ટીકા ૪૨૫૨ શ્લોકપ્રમાણ છે.

૭. **ઉપાસક દશાંગ** સૂત્રમાં આણંદ, કામદેવ, વિગેરે ભગવંત મહાવીરના દશ મુખ્ય શ્રાવકોના ચરિત્રો છે. અધ્યયન ૧૦, મૂળ શ્લોક ૮૧૨, શ્રી અભયદેવસૂરિજીની ટીકા ૯૦૦ શ્લોકપ્રમાણ છે.

૮. **અંતગડદશાંગ** સૂત્રમાં ભગવંત મહાવીરસ્વામીના અંતકૃત્ કેવળી થઈને મોક્ષે ગયેલા મુનિરાજોના ચરિત્રો છે. મૂળ શ્લોક ૯૦૦ અને શ્રી અભયદેવસૂરિજીની ટીકા ૩૦૦ શ્લોકપ્રમાણ છે.

૯. **અનુત્તરોવવવાઈ** સૂત્રમાં જે મુનિવરો અનુત્તર વિમાનમાં ઊપજ્યા તેમનું વર્ણન છે. મૂળ શ્લોક **૧૯૨**, શ્રી અભયદેવસૂરિજીની ટીકા ૧૦૦ શ્લોકપ્રમાણ છે.

૧૦. **પ્રશ્નવ્યાકરણ** સૂત્રમાં આશ્રવ તથા સંવરનું વર્ણન આપવામાં આવેલ છે. મૂળ શ્લોક ૧૨૫૦ અને શ્રી અભયદેવસૂરિજીની ટીકા ૩૪૬૦ શ્લોકપ્રમાણ છે.

**૧૧. વિપાક** સૂત્રમાં સુખ અને દુઃખ તેમ જ કર્મફળ સંબંધી વીશ અધ્યયનો છે. મૂળ શ્લોક ૧૨૧૬ અને શ્રી અભયદેવસૂરિકૃત ટીકા ૯૦૦ શ્લોકપ્રમાણ છે. ]

**एकादश्यां समारभ्य शुक्लायां रुद्रसंख्यया ।**
**मासैस्तपो यथाशक्ति पूर्यतेऽङ्गतपः स्फुटम् ॥ १ ॥**

શુકલ એકાદશીથી આરંભીને અગિયાર માસની એકાદશીએ યથાશક્તિ તપ કરવાથી અંગ તપ પૂર્ણ થાય છે.

શ્રી આચારાંગ વિગેરે અગિયાર અંગનો આ તપ હોવાથી અંગ તપ કહેવાય છે. તેમાં શુકલ એકાદશીને દિવસે યથાશક્તિ એકાસણું, નીવી, આંબિલ કે ઉપવાસ કરવો. એ પ્રમાણે દરેક શુકલ એકાદશીએ અથવા બન્ને પક્ષની એકાદશીએ કરવું. તે અગિયાર માસે પૂર્ણ થાય છે. (બંને પક્ષની એકાદશી લેવાથી અગિયાર પખવાડીયે તપ પૂરો થાય છે, એમ પણ કોઈ આચાર્યનો મત છે.) ઉદ્યાપન લઘુ પંચમીની પેઠે કરવું. વિશેષ એટલો કે–આ તપમાં અગિયાર અંગ લખાવવા તથા અગિયાર અગિયાર વસ્તુ ઢોકવી. આ તપ કરવાથી આગમના બોધની પ્રાપ્તિ થાય છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી આચારાંગ | સૂત્રાય | નમઃ |
| ૨ | શ્રી સુયગડાંગ | ,, | ,, |
| ૩ | શ્રી ઠાણાંગ | ,, | ,, |
| ૪ | શ્રી સમવાયાંગ | ,, | ,, |
| ૫ | શ્રી ભગવતી | ,, | ,, |
| ૬ | શ્રી જ્ઞાતાધર્મકથાંગ | ,, | ,, |
| ૭ | શ્રી ઉપાસકદશાંગ | ,, | ,, |
| ૮ | શ્રી અંતકૃદ્દશાંગ | ,, | ,, |
| ૯ | શ્રી અનુત્તરોવવાઈ | ,, | ,, |
| ૧૦ | શ્રી પ્રશ્નવ્યાકરણ | ,, | ,, |
| ૧૧ | શ્રી વિપાક | ,, | ,, |

*

## ૩૨. સંવત્સર તપ

[ સંવત્સર એટલે વર્ષ. જેમ આપણા માથે વિશેષ દેવું થઈ ગયું હોય અને લેણદારને એક સાથે ન આપી શકીએ તો દેવાના કાંધા–હપ્તા કરીએ છીએ તે પ્રમાણે આ સંવત્સર તપમાં પણ હપ્તા પાડવામાં આવ્યા છે. મહિનાની દરેક ચતુર્દશી, ત્રણે ચોમાસી અને પર્યુષણપર્વમાં આવતી સંવત્સરી. તેને લગતી વિધિ નીચે દર્શાવવામાં આવી છે એટલે તે સંબંધી વિશેષ લખવાનું રહેતું નથી.

જો માથે કરજનો બોજો વધતો જાય તો એક કાળે તે અસહ્ય બની જાય તેથી શાસ્ત્રકાર ભગવંતોએ દીર્ઘ વિચારણા કરીને આવી જાતના હપ્તા પાડ્યા છે. આપણે પક્ખી પ્રતિક્રમણ કરતાં પણ "અતિચાર" પછી બોલીએ છીએ કે, પક્ખીતપ પ્રસાદ કરાવોજી' તેનો અર્થ એ જ છે કે–એ જાગૃતિ ન હોય તો તે દેવા માટે જાગ્રત બનો.]

सांवत्सरं तपः सांवत्सरिके पाक्षिकेऽपि च ।
चातुर्मासे कृते लोचे क्रियते तदुदीर्यते ॥१॥

એક વર્ષમાં નિશ્ચે જે તપ કરાય તે સંવત્સર તપ કહેવાય છે, તેમાં પાક્ષિક આલોચના એટલે પંદર દિવસની આલોચના માટે દરેક ચૌદશે ઉપવાસ કરવો તે અર્થાત્ બાર માસની ચોવીશ ચતુર્દશીના ઉપવાસ કરવા તથા ચાતુર્માસની આલોચના માટે ત્રણે ચોમાસીએ એટલે

કાર્તિક ચોમાસી, ફાગણ ચોમાસી તથા અષાડ ચોમાસીએ બબ્બે ઉપવાસ કરવાથી છ ઉપવાસ થાય. તથા સંવત્સરી આલોચના માટે ત્રણ ઉપવાસ સંવત્સરીના કરવા. એ સર્વ મળીને તેત્રીશ ઉપવાસ કરવા. આ તપ કરવાથી વર્ષમાં કરેલાં પાપનો ક્ષય થાય છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (બીજો વર્ષીતપ જુદી જાતનો છે. જુઓ તપ નં. ૧૩૭)

"સંવત્સરતપસે નમઃ" ગરણું, નવકારવાળી વીશ તથા સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૩૩. નંદીશ્વર તપ.

[તીર્ચ્છાલોકમાં અસંખ્યાતા દ્વીપ–સમુદ્રો આવેલાં છે. તેમાં પ્રથમ દ્વીપ, જેમાં આપણે વસીએ છીએ તે જંબૂદ્વીપ છે અને છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણ છે. ત્યારબાદ અલોકાકાશ આવેલ છે :

૧. જંબૂદ્વીપ, ૨. ધાતકીખંડ, ૩. પુષ્કરાવર્ત, ૪. વારુણીવર દ્વીપ, ૫. ક્ષીરવર દ્વીપ, ૬. ઘૃતવર દ્વીપ, ૭. ઈક્ષુવર દ્વીપ અને આઠમો દ્વીપ **નંદીશ્વર** છે.

નંદી એટલે વૃદ્ધિ. તેમાં પણ ઇશ એટલે શ્રેષ્ઠ. એટલે કે સર્વ પ્રકારની શ્રેષ્ઠ વૃદ્ધિ–સમૃદ્ધિયુક્ત નંદીશ્વર દ્વીપ.

આ દ્વીપ ૧૬૩૮૪૦૦૦૦૦ યોજન પહોળો છે. આ દ્વીપના મધ્યભાગની અપેક્ષાએ ચારે દિશામાં શ્યામ વર્ણના

ચાર **અંજનગિરિ** આવેલા છે. તે ૮૪૦૦૦ યોજન ઊંચા છે અને ચારે ઉપર એકેક જિનભુવન છે. એ પ્રમાણે **અંજનગિરિના ચાર જિનચૈત્યો.**

આ અંજનગિરિની ચારે દિશાએ એક એક લાખ યોજનને અંતરે એકેક લાખ યોજન લાંબી—પહોળી વાવડીઓ છે. એક અંજનગિરિની અપેક્ષાએ ચાર વાવડી હોવાથી ચાર અંજનગિરિની અપેક્ષાએ સોળ વાવડીઓ થઈ. આ વાવડીઓથી ૫૦૦ યોજન દૂર એક લાખ યોજન લાંબું વન આવે એટલે કે એક વાવડીની ચારે બાજુ વન હોવાથી એ અંજનગિરિની ચાર વાવડીના સોળ વનો થયા અને ચાર અંજનગિરિની સોળ વાવડીઓના ૬૪ વનો થયા. આ સોળ વાવડીઓ ઉપર સ્ફટિક રત્નમય ઉજ્જવલ ૬૪૦૦૦ યોજન ઉંચા અને ૧૦૦૦ યોજન ઊંડા "દધિમુખ" પર્વતો છે. તે સોળે દધિમુખ પર્વતો પર એક એક શાશ્વત જિન-ચૈત્ય હોવાથી **દધિમુખના સોળ જિનચૈત્યો** થયા.

એક વાવડીથી બીજી વાવડીએ જતાં, વચમાં બબ્બે રતિકર પર્વતો આવે છે. એટલે સોળ વાવડીના અંતરાળે બત્રીશ રતિકર પર્વતો થયા. તે સર્વ ઉપર શાશ્વત જિનચૈત્યો છે.

આ પ્રમાણે અંજનગિરિના **ચાર**, દધિમુખના **સોળ** અને રતિકરના **બત્રીશ** મળી બાવન શાશ્વત જિનચૈત્યો શાશ્વત પ્રતિમાઓથી શોભિત છે.

શાશ્વતી અઠ્ઠાઈઓ તેમજ તીર્થંકરાદિકના જન્મ, દીક્ષા વિગેરે કલ્યાણકો નિમિત્તે સૌધર્મેંદ્રના આદેશથી દેવો આ નંદીશ્વર દ્વીપ પર અઠ્ઠાઈ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવે છે. આ દ્વીપના શાશ્વત જિનચૈત્યોને અનુલક્ષીને કરાતો આ તપ **નંદીશ્વર તપ** કહેવાય છે.

શ્રી શત્રુંજય પર્વત પર ઉજમ બહેને બંધાવેલી "શ્રી નંદીશ્વરની ટુંક" જોવાથી તેની રચનાનો સાચો ખ્યાલ આવી શકે છે. ચારે દિશામાં તેર–તેર મળી બાવન જિનચૈત્યોથી મંડિત પવિત્ર નંદીશ્વર દ્વીપ છે.

**नन्दीश्वरतपो दीपोत्सवदर्शादुदीरितः ।**
**सप्त वर्षाणि वर्षं वा क्रियते च तदर्चनैः ॥१॥**

નંદીશ્વરનો તપ દીવાળીની અમાવાસ્યાથી શરૂ કરવાનો કહેલો છે. તે સાત વર્ષે અથવા એક વર્ષે તે (નંદીશ્વર)ની પૂજાવડે પૂર્ણ કરાય છે.

નંદીશ્વરદ્વીપમાં રહેલા ચૈત્યોની આરાધના માટે આ તપ કહેલો છે. તેમાં દીવાળીની અમાવાસ્યાને રોજ પટ્ટ ઉપર નંદીશ્વરનું ચિત્ર કાઢી તેની પૂજા કરવી. તે દિવસે શક્તિ પ્રમાણે ઉપવાસ, આંબિલ, એકાસણું કે નિવી કરવી. પછી દરેક અમાવાસ્યાએ તે જ તપ કરવો. એ પ્રમાણે સાત વર્ષ કરવો અથવા એક વર્ષ સુધી કરવો. ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિએ જિનપૂજા કરીને સુવર્ણના કરાવેલા નંદીશ્વરની પાસે

બાવન બાવન જાતિના મોદક, ફળ, પુષ્પ, પક્વાન્ન વિગેરે ઢોકવાં. સાધુપૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય વિગેરે કરવું. આ તપ કરવાથી આઠ ભવે મોક્ષ પ્રાપ્ત થાય છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

## બીજી રીત.

ઉપર જે સાત વર્ષ સુધી તપ કરવાનું લખ્યું છે, તેમાં મતાંતર આ પ્રમાણે છે–દીવાળીની અમાવાસ્યાએ શરૂ કરીને તેર અમાવાસ્યા સુધી તપ કરવો. પછી ફરીથી દીવાળીની અમાવાસ્યાએ શરૂ કરી તેર અમાવાસ્યાએ પૂર્ણ કરવો. એ પ્રમાણે ચાર વાર કરવો. આ પ્રમાણે કરવાથી પણ સાત વર્ષે પૂરો થાય છે. ઉપવાસ બાવન થાય છે.

એક વર્ષના સંબંધમાં પણ મતાંતર આ પ્રમાણે છે–દીવાળીની અમાવાસ્યાએ છઠ્ઠ કરવો. પછી દરેક પૂનમ તથા અમાવાસ્યાએ છઠ્ઠ કરવો. એ રીતે તેર મહિને આ તપ પૂર્ણ થાય છે. એટલે '૨૬' છઠ્ઠના '**પર**' ઉપવાસ થાય છે.

"નંદીશ્વરદ્વીપતપસે નમઃ" નવકારવાળી વીશ. સાથીઆ વિગેરે બાર બાર કરવા.

## ૩૪. પુંડરીક તપ (ચૈત્રી પુનમ તપ)

[આ અવસર્પિણી કાળના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતના પૌત્ર અને ભરત મહારાજાના પુત્ર ઋષભસેન, તેમનું જ બીજું નામ પુંડરીક.

પરમાત્માએ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી જે દેશના આપી તે સાંભળીને ભરત મહારાજાનાં ઋષભસેન વિગેરે પાંચસો પુત્રોએ તેમજ સાતસો પૌત્રોએ એકી સાથે જ દીક્ષા લીધી. તે પ્રથમ દેશનામાં શ્રી પુંડરીક સાધુ, પ્રભુની પ્રથમ પુત્રી બ્રાહ્મી સાધ્વી, ઇક્ષુરસ વહોરાવી પ્રથમ પારણું કરાવનાર શ્રેયાંસકુમાર શ્રાવક અને પરમાત્માની દ્વિતીય પુત્રી સુંદરી શ્રાવિકા—એ પ્રમાણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. પુંડરીકસ્વામીને ચોરાશી ગણધરોમાં મુખ્ય સ્થાન આપ્યું. પરમાત્માના મુખથી "ત્રિપદી" સાંભળીને તેઓશ્રીએ વિસ્તૃત દ્વાદશાંગીની રચના કરી.

તેઓ પરમાત્મા સાથે વિચરવા લાગ્યા. પરમાત્મા પાસે તેમના અઠ્ઠાણુ પુત્રો તેમજ બાહુબલિએ પણ દીક્ષા લઈ લીધી. એકદા સ્ફટિકાચળના શિખરે બિરાજમાન પરમાત્માને શ્રી પુંડરીક ગણધરે પ્રશ્ન કર્યો કે—હે સ્વામિન્ ! બાહુબલિ પ્રમુખ અનેક મુનિવરો મારા પછી દીક્ષિત થયા છે અને થોડા સમયના ચારિત્રવાન્ હોવા છતાં કેવળજ્ઞાની થયા છે અને હું શરૂઆતથી આપનો શિષ્ય બનવા છતાં મને કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થતું નથી ? મારું કેવળાવરણ કર્મ ક્યાં અને કઈ રીતે નાશ પામશે ?

ભગવંતે જણાવ્યું કે—હે પુંડરીક ! આ સ્ફટિકાચળની પશ્ચિમે વિમળાચલ (શ્રી શત્રુંજય) નામનો પર્વત છે. તે અનંતા મુનિવરોને મુક્તિપદ આપનારો છે અને ભૂતકાળમાં અનેક જીવો તે પવિત્ર સ્થાન પર મુક્તિ પામ્યા છે. તે

પર્વતના શિખર પર તમને મુક્તિ પ્રદાતા કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. પરમાત્માના આદેશથી તેઓએ મુનિવરો સહિત શ્રી વિમલાચલ પ્રતિ પ્રયાણ આરંભ્યું.

માર્ગમાં અનેક જીવોને પ્રતિબોધી શાસનનો ઉદ્યોત કરતાં તેઓ મથુરા નગરીમાં આવ્યા. ત્યાં યુગાદીશ પ્રભુ અને ભરત મહારાજાએ કાઢેલો સંઘસમૂહ ભેગો થયો. સર્વ સાથે વિહાર કરી શ્રી વિમળાચળ તીર્થે આવી પહોંચ્યાં.

પરમાત્માને સમવસરેલા જાણી ચારે નિકાયના દેવોએ "સમવસરણ"ની રચના કરી. પરમાત્માએ દેશના આપી અને પ્રથમ પૌરુષી પૂર્ણ થઈ એટલે પરમાત્માની પાદપીઠનો આશ્રય કરીને પ્રથમ ગણધર પુંડરીકસ્વામીએ પણ ભવ્ય જીવોને પ્રતિબોધતી દેશના આપી.

બીજે દિવસે, "આ ગિરિના પસાયથી મને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની છે" એમ વિચારીને શ્રી પુંડરીકસ્વામીએ પાંચ ક્રોડ મુનિવરો સાથે સંલેખના કરી.

પાંચ ક્રોડ મુનિવરોથી પરિવરેલા શ્રી પુંડરીકસ્વામીએ રોષ, તોષ અને કામનો ઉચ્છેદ કરીને તેમજ દેહનું શોષણ કરીને અનશન સ્વીકાર્યું. પરમાત્માએ પણ કેવળાવરણને નષ્ટ કરવાના હેતુથી શ્રી વિમલાચલના અદ્દભુત માહાત્મ્યનું વર્ણન કર્યું. જેના મહિમાથી શ્રી પુંડરીકસ્વામી તેમજ સાથેના પાંચે ક્રોડ મુનિવરોને કૈવલ્યશ્રી પ્રાપ્ત થઈ.

ચૈત્ર માસની શુકલ પૂર્ણિમાએ શ્રી પુંડરીકસ્વામી અને

પાંચે ક્રોડ મુનિવરોએ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી. દેવોએ ત્યાં મહોત્સવ કર્યો. ભરતમહારાજાએ અનુપમ જિનચૈત્ય બંધાવ્યું.

ત્યારથી શ્રી **ચૈત્રી પૂર્ણિમા**નો મહિમા જગતમાં પ્રસર્યો, જે આજે અબજો વર્ષો વ્યતીત થઈ જવા છતાં અવિરત ચાલુ છે. મુક્તિપદના અભિલાષી ભવ્ય પ્રાણીએ આ પુંડરીક (ચૈત્રી પૂર્ણિમા) તપ અવશ્ય કરવો.

**सप्त वर्षाणि वर्षं वा पूर्णिमायां यथाबलम् ।**
**तपः प्रकुर्वतां पुंडरीकाख्यं तप उच्यते ॥१॥**

પુંડરીક એટલે શ્રી ઋષભદેવના પહેલા ગણધરની આરાધના માટે આ તપ છે, તેથી પુંડરીક તપ કહેવાય છે. તે ગણધર ચૈત્રી પૂર્ણિમાને રોજ સિદ્ધાચળ પર સિદ્ધિ પામ્યા છે તેથી તે દિવસે શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમાની પૂજા કરવી, તથા શક્તિ પ્રમાણે ઉપવાસ, એકાસણાદિક તપ કરવો, કસુંબી રંગવાળા વસ્ત્રથી પૂજા કરવી, કસુંબી રંગની પીળ કરવી, નેત્રાંજન કરવું, હરિદ્રા રાગે કરીને પણ પૂજા કરવી. ત્યાર પછી દરેક પૂર્ણિમાએ તે તપ તથા પૂજા કરવી. એ પ્રમાણે સાત વર્ષ અથવા એક વર્ષ સુધી કરવું. અથવા બાર વર્ષની બાર ચૈત્રી પૂર્ણિમા જ કરવી. (પંદર વરસ કરવાનું પણ બાર માસિક પર્વકથામાં કહ્યું છે.)

ઉદ્યાપનમાં સ્ત્રીએ નણંદની દીકરીને તથા પુરુષે બેનની દીકરીને ઘણાં માંડાનું ભોજન કરાવી હરિદ્રા રાગ, કસુંબી

વસ્ત્રનો જોટો, તાંબૂલ, કંકણ, નૂપુર વિગેરે આપવું, સાધુ સાધ્વીઓને રજોહરણ, મુખવસ્ત્રિકા, વસ્ત્રપાત્ર વિગેરેનું દાન દેવું તથા ઘણાં માંડા વહોરાવવા. તેમજ શ્રાવકના સાત ઘરે ઘણા માંડા દેવા. આ તપ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. યતિ તથા શ્રાવકને કરવાનો આ આગાઢ તપ છે.

"શ્રી પુંડરીકગણધરાય નમઃ" નવકારવાળી વીશ, સાથીયા વિગેરે ૧૫૦ દોઢસો કરવા.

## ચૈત્રી પૂનમના તપનો વિધિ

પોતાને સ્થાને રહીને જેને તપ કરવો હોય તેને માટે વિધિ કહે છે. મુખ્યતાથી તો શ્રી પુંડરીક ભગવાનના જ પ્રતિમાજી હોવા જોઈએ. તેના અભાવે શ્રી ગૌતમસ્વામીના, તેના અભાવે શ્રી ઋષભદેવજીના પ્રતિમાજી, તેના અભાવે જે પ્રભુજીનું બિંબ હોય તેની પાસે વિધિ કરવો. છેવટ સ્થાપનાચાર્ય પાસે પણ કરવો. ૧૫૦ પ્રદક્ષિણા દેવી. ૧૫૦ ખમાસમણ દેવા. ૧૫૦ સાથીઆ કરવા. ૧૫૦ ફૂલની માળાઓ ચડાવવી ને ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. જો એક સાથે ન થઈ શકે તો ૧૦-૨૦-૩૦-૪૦ અને ૫૦ લોગસ્સનો જુદો જુદો કરીને ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પૂરો કરવો.

## ૩૫. માણિકય પ્રસ્તારિકા તપ. (માણિકય પાવડી)

**[પાવડીની આકૃતિમાં જેમ ચડ-ઉતર ક્રમ હોય છે**

તેમ આ તપમાં પણ હીનાધિક ક્રમ છે. પાવડી તો લોઢાની હોય પણ ખાત મુહૂર્તાદિક શુભ ક્રિયામાં જેમ રૂપા કે સુવર્ણની હથોડી કે કોદાળી વપરાય છે. જિનબિંબના સ્થાપન સમયે તેમની ગાદી નીચે જેમ સુવર્ણ કે રૂપાનો કૂર્મ (કાચબો) મૂકાય છે, કોઈ મકાનનું ઉદ્ઘાટન કરતાં જેમ રૂપાનું તાળું ખોલવામાં આવે છે એટલે કે દરેક શુભ પ્રસંગો કે કાર્યોમાં ઉત્તમ વસ્તુઓનો ઉપયોગ થાય છે તેથી જ તપશ્ચર્યા જેવી એકાંત હિતકર પ્રવૃત્તિમાં "પાવડી"ને માણિક્ય પાવડીની ઉપમા આપવામાં આવી છે.]

**माणिक्यप्रस्तारी चाश्विनशुक्लस्य पक्षसंयोगे ।**
**आरभ्यैकादशिकां राकां यावद्विदध्याच्च ॥१॥**

માણિકયની પ્રસ્તારિકાની જેમ આ તપનો વિસ્તાર હોવાથી માણિકય પ્રસ્તારિકા કહેવાય છે. તે આશ્વિન શુકલ એકાદશીએ આરંભી પૂર્ણિમા સુધી કરવાનો છે. એટલે કે એકાદશીએ ઉપવાસ, દ્વાદશીએ એકાસણું, ત્રયોદશીએ નીવી, ચતુર્દશીએ આંબિલ અને પૂર્ણિમાએ બેસણું કરવું અથવા એકાદશીએ ઉપવાસ, દ્વાદશીએ આંબિલ, ત્રયોદશીએ નીવી, ચતુર્દશીએ એકાસણું, તથા પૂર્ણિમાએ બેસણું એ પ્રમાણે કરવું તથા તે પાંચે દિવસોમાં પ્રભાતે સૂર્યોદય પહેલાં સ્નાનપૂર્વક સારા ભાગ્યવાળી સુવાસિની સ્ત્રીનું મુખમંડન તથા ઉદ્વર્તન કરવું. પછી પોતે પણ પવિત્ર સુંદર વસ્ત્રો અથવા કસુંબી વસ્ત્રનું

યુગલ પહેરીને તથા સંપત્તિ પ્રમાણે અલંકારો પહેરીને, અખંડ અક્ષતની અંજળી ભરીને તે ઉપર એક જાતિફળ (જાયફળ) મૂકી મંગલોચ્ચારપૂર્વક ચૈત્યને પ્રદક્ષિણા કરીને તે અંજલિ જિનેશ્વર પાસે મૂકવી. પછી બીજી પ્રદક્ષિણામાં શ્રીફળ મૂકવું. ત્રીજી પ્રદક્ષિણામાં ડીંટ તથા પર્ણ સહિત બીજોરું અક્ષતની અંજલી ઉપર મૂકવું. તથા ચોથી પ્રદક્ષિણામાં અક્ષતની અંજલી ઉપર સોપારી મૂકી પ્રદક્ષિણા કરીને અંજલી દેવ પાસે મૂકવી, પછી સાત ધાન્ય, લવણ, એકસો આઠ હાથ વસ્ત્ર, એક સો આઠ રાતી ચણોઠી, તથા કસુંબી વસ્ત્ર દેવ પાસે મૂકવું. આ પ્રમાણે ચાર વર્ષ સુધી કરવું. ઉદ્યાપનને વિષે એક સો આઠ પૂર્ણ કુંભ દીવા સહિત દેવ પાસે ઢોકવા. તથા એક રૂપાનો દીવો સુવર્ણની વાટ સહિત ઢોકવો. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપ કરવાથી નિર્મળ ગુણની પ્રાપ્તિ થાય છે. તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"માણિક્યપ્રસ્તારિકાતપસે નમઃ" નવકારવાળી વીશ, સાથીઆ વિગેરે બાર બાર કરવા.

## ૩૬. પદ્મોત્તર તપ. (કમળની ઓળી)

[પદ્મ એટલે કમળ. કમળ એ પુષ્પની જાતિમાં સર્વશ્રેષ્ઠ છે. કમળ દેખાવે રમણીય હોય છે તેમજ તેની સુવાસ પણ આહ્‌લાદક હોય છે. લક્ષ્મીનું વાહન(સ્થાન) કમળ છે,

એટલે જ તેને "કમલા" કહેવામાં આવે છે. પક્ષીગણમાં ઉત્તમ રાજહંસનો ચારો પણ કમલના બીસતંતુઓ છે. આ રીતે પણ કમલ ઉત્તમ ગણાય છે.

તીર્થંકર ભગવંતો જ્યારે વિચરે છે ત્યારે દેવો સુવર્ણના નવ કમળો વિકુર્વે છે અને તેના પર પદન્યાસ કરી પરમાત્મા પૃથ્વી પર્યટન કરે છે. આ રીતે કમળની શ્રેષ્ઠતા છે. કમળ એ પ્રત્યેક વનસ્પતિકાય છે. સચિત્ત-ત્યાગનો પરમાત્માને નિયમ હોય છે એટલે દેવો સુવર્ણના કમળો વિકુર્વે છે. મોટું કમળ ઊંચાઈમાં એક હજાર યોજનથી અધિક હોય છે, કારણ કે દ્રહો વિગેરેમાં થતાં કમળોની નાળ(દાંડી) હજાર યોજનથી પણ અધિક લાંબી હોય છે.

આ તપમાં કમળની આઠ પાંખડીને અનુલક્ષીને તપ કરવાનું વિધાન છે, અને તે રીતે નવ વખત તપશ્ચર્યા કરવાનું હોવાથી તેને "કમળની ઓળી" કહેવામાં આવે છે.]

**प्रत्येकं नवपद्मेष्वष्टाष्ट प्रत्येकसंख्यया ।**
**उपवासा मीलिताः स्युर्द्वासप्ततिरनुत्तराः ॥१॥**

પદ્મ એટલે કમળની જેમ લક્ષ્મીવડે ઉત્કૃષ્ટ હોવાથી આ તપ પદ્મોત્તર નામે કહેવાય છે. તેમાં નવ પદ્મોને વિષે દરેક પદ્મમાં આઠ આઠ પાંખડી હોવાથી તે દરેકનો એકાંતર

એકાસણાના પારણાવાળો એક એક ઉપવાસ કરવો. એવી રીતે નવ વખત કરવું તેથી આ તપ બોંતેર ઉપવાસ અને બોંતેર એકાસણાએ કરીને પૂર્ણ થાય છે. આ તપ શુકલ પક્ષની નવમીને રોજ શરૂ કરવો. ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર-વિધિએ જિનપૂજા કરવી. આઠ પાંખડીવાળા સુવર્ણના નવ કમળ કરાવી પ્રભુ પાસે ઢોકવા. સાધુને અન્નાદિકનું દાન દેવું. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપ કરવાથી અતુલ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. યતિ તથા શ્રાવકને કરવાનો આ આગાઢ તપ છે.

"પદ્મીત્તરતપસે નમઃ" અથવા "નમો અરિહંતાણં"

"પદ્મોત્તરતપસે નમઃ" અથવા "નમો અરિહંતાણં" એ પદની નવકારવાળી વીશ ગણવી. તથા સાથીયા વિગેરે બાર કરવા.

## ૩૭. સમવસરણ તપ.

[તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે ચોસઠ ઇંદ્રો કેવળજ્ઞાન મહોત્સવ કરે છે. તે વખતે દેવો સમવસરણની રચના કરે છે અને તેમાં બેસી તીર્થંકર પરમાત્મા દેશના આપે છે.

એક યોજનપ્રમાણ ભૂમિમાંથી વાયુકુમાર દેવો કચરો દૂર કરે છે. મેઘકુમાર દેવો તેને સુગંધી જળથી સિંચે છે. અધિષ્ઠાયક દેવો છ ઋતુના પુષ્પવડે તે પૃથ્વીની પૂજા કરે છે. વ્યંતર દેવો ભૂમિતલથી સવા કોશ (ગાઉ) ઊંચું સુવર્ણરત્નમય

પીઠ રચે છે. ભવનપતિ દેવો પૃથ્વીથી દશ હજાર પગથિયાં-વડે પહોંચી શકાય તેવો સુવર્ણના કાંગરાવાળો રૂપાનો કિલ્લો રચે છે. દરેક પગથિયું એક હાથ પહોળું અને એક હાથ ઊંચું હોય છે એટલે પહેલો કિલ્લો પૃથ્વીપીઠથી સવાકોશ ઊંચો થાય છે. તે રૂપાના કિલ્લાની ભીંત ૫૦૦ ધનુષ-પ્રમાણ જાડી અને તેત્રીશ ધનુષ્ય ને બત્રીશ આંગળ પહોળી હોય છે. તે કિલ્લામાં પૂતળીઓ અને અષ્ટ મંગલિકવાળા ચાર દરવાજા રચવામાં આવે છે. કિલ્લાને ચારે ખૂણે જમીન પર ચાર વાવડીઓ રચવામાં આવે છે. પૂર્વદિશાના દરવાજે તુંબરુ દેવ, દક્ષિણ દ્વારે ષટ્વાંગ દેવ, પશ્ચિમ દ્વારે કપાલી દેવ અને ઉત્તર દ્વારે જટામુગુટધારી દેવ દ્વારપાળ તરીકે રહે છે. પહેલા કિલ્લામાં મધ્યે ચાર દરવાજા પાસે પચાસ-પચાસ ધનુષ્ય પ્રમાણ સરખી ભૂમિ હોય છે. આ કિલ્લામાં દેવો તેમજ મનુષ્યોનાં વાહનો રહે છે.

બીજો ગઢ સુવર્ણનો અને રત્નમય કાંગરાવાળો જ્યોતિષી દેવો રચે છે. તેના પાંચ હજાર પગથિયા હોય છે. તેના પૂર્વદ્વારે જયા, દક્ષિણ દ્વારે વિજયા, પશ્ચિમદ્વારે અજિતા અને ઉત્તર દ્વારે અપરાજિતા નામની બબ્બે દેવીઓ દ્વાર-પાલિકા તરીકે રહે છે. આ ગઢમાં સિંહ, વાઘ, મૃગ, સર્પ, નોળિયો, તિર્યંચો જાતિવૈર ત્યજીને રહે છે. આ ગઢની ઈશાન દિશામાં દેવછંદો રચવામાં આવે છે, જ્યાં દેશના બાદ પરમાત્મા આવીને વિશ્રામ કરે છે.

વૈમાનિક દેવો રત્નનો અને મણિમય કાંગરાથી સુશો-

ભિત ત્રીજો ગઢ રચે છે. તેના પાંચ હજાર પગથિયા હોય છે. પૂર્વ દ્વારે સોમ, દક્ષિણ દ્વારે યમ, પશ્ચિમ દ્વારે વરુણ અને ઉત્તર દ્વારે કુબેર એ પ્રમાણે ચાર લોકપાળો દ્વારપાળ તરીકે રહે છે.

આ ત્રીજા રત્નના ગઢની મધ્યમાં સરખી ભૂમિનું પીઠ હોય છે, તે એક કોશ અને છસો ધનુષપ્રમાણ વિસ્તારવાળું હોય છે.

આ ભૂમિતળના મધ્યમાં પરમાત્માના દેહપ્રમાણથી ઊંચી, ચાર દ્વારવાળી અને ચારે દિશામાં ત્રણ–ત્રણ પગથિયાવાળી મણિરત્ન પીઠ હોય છે. તે પીઠના મધ્ય-ભાગમાં એક યોજનના વિસ્તારવાળો અશોકવૃક્ષ હોય છે. તે જિનેશ્વર ભગવંતના દેહમાનથી બારગણો ઊંચો હોય છે. તે વૃક્ષની નીચે દેવછંદ હોય છે. તેની ચારે દિશાએ ચાર સુવર્ણનાં સિંહાસન હોય છે. આગળ એક રત્નમય પાદપીઠ હોય છે તેના પર પરમાત્મા ચરણન્યાસ કરે છે. દરેક સિંહાસન પર મોતીની શ્રેણીથી અલંકૃત ત્રણ–ત્રણ છત્રો હોય છે. દરેક સિંહાસનની બંને બાજુ બે ચામરધારી દેવો રહે છે. સિંહાસન આગળ ચારે દિશાએ ધર્મચક્ર તેમજ નાની નાની ઘંટડીઓથી સુશોભિત મહાધ્વજ હોય છે. પૂર્વદિશાના ધ્વજને **ધર્મધ્વજ**, દક્ષિણના ધ્વજને **માનધ્વજ**, પશ્ચિમના ધ્વજને **ગજધ્વજ** અને ઉત્તરના ધ્વજને **સિંહધ્વજ** કહેવામાં આવે છે.

મણિપીઠ, ચૈત્યવૃક્ષ, સિંહાસન, છત્ર, ચામર તથા

દેવછંદો વિગેરે વ્યંતર દેવો કરે છે. જો કે ચારે નિકાયના દેવો મળીને સમવસરણ રચવામાં આવે છે, છતાં કોઈ ઉત્તમ દેવ ધારે તો એકલો પણ સમવસરણ રચી શકે છે,

આ વર્ણન વૃત્ત(ગોળ) સમવસરણનું જાણવું. ચોરસ સમવસરણનું વૃત્તાંત "લોકપ્રકાશ" ગ્રંથથી જાણી લેવું.]

श्रावणमथ भाद्रपदं कृष्णप्रतिपदमिहादितां नीत्वा ।
षोडश दिनानि कार्यं, वर्षचतुष्कं स्वशक्त्या तपः ॥१॥

સમવસરણની આરાધના માટે આ તપ છે. તેમાં ગુજ-રાતી શ્રાવણવદ એકમને દિવસે આરંભીને પોતાની શક્તિ પ્રમાણે બેસણું અથવા એકાસણું વિગેરે કરવું. એ રીતે સોળ દિવસ કરવું. હંમેશાં સમવસરણની પૂજા કરવી. આ આ પ્રમાણે ચાર વર્ષ કરવું, ઉદ્યાપને (દર વરસે) સમવસ-રણની મોટી સ્નાત્ર વિધિએ પૂજા કરી છ વિગઈની વસ્તુ-ઓના થાળ (પક્વાન્ન ફળ વિગેરે) ઢોકવા. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ સાક્ષાત્ તીર્થંકરનું દર્શન થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

પ્રવચનસારોદ્ધાર વિગેરેમાં એવું કહ્યું છે કે-પહેલે વરસે સોળ એકાસણાં, બીજે વરસે સોળ નીવી, ત્રીજે વરસે સોળ ઉપવાસ કરવા.

જો લાગટ ઉપવાસ ન કરી શકે તો ચાર ચાર ઉપ-વાસને આંતરે પારણું કરવું એમ જૈન પ્રબોધમાં કહ્યું છે.

પણ ચારે વરસ આ રીતે જ ઉપવાસ કરવાનું લખે છે. આ તપને મોટું સમવસરણ પણ કહે છે.

જો લાગટ ઉપવાસ ન કરી શકે તેને માટે બીજી રીત એ છે કે-પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે નીવી, ત્રીજે દિવસે આંબિલ, ચોથે દિવસે ઉપવાસ. એ એક ઓળી થઈ. એવી ચાર ઓળી કરવાથી સોળ દિવસ થાય. એ રીતે પણ ચાર વરસ કરવું. (પ્રત નં. અ.)

## સમવસરણ તપ. (બીજો)

આ તપને નાનું સમવસરણ પણ કહે છે. આ તપનો શ્રાવણ વદ ચોથથી આરંભ કરી ભાદરવા શુદી ચોથને દિવસે એટલે સોળ દિવસે પૂર્ણ કરવો તેમાં (એકાસણાદિક) યથાશક્તિ તપ કરવો. ઉદ્યાપન વિગેરે ઉપર પ્રમાણે. (આચારદિનકર.)

ચાર શ્રેણીના ચાર પ્રકારે ગરણાં વિગેરે નીચે પ્રમાણે.

| | સા. | ખ. | લો. | નો. |
|---|---|---|---|---|
| શ્રી ભાવજિનાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| શ્રી શ્રુતસમવસરણજિનનાથાય નમઃ | ૯ | ૯ | ૯ | ૨૦ |
| શ્રી મનઃપર્યવઅર્હતે નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| શ્રી કેવલિજિનાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |

## સમવસરણ તપ (ત્રીજો)

**एक्कासणाइएहिं भद्दवय चउक्कगम्मि सोलसहिं ।**
**होइ समोसरणतवो, तप्पूआ पुव्वविहिएहिं ॥१॥**

(પ્રવચનસારોદ્ધાર ગાથા ૫૬૫).

આ તપ એકાસણાદિકે કરીને એટલે ચાર એકાસણાં, ચાર નિવી, ચાર આંબિલ તથા ચાર ઉપવાસ કરવાથી થાય છે. અર્થાત પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે નીવી, ત્રીજે દિવસે આંબિલ અને ચોથે દિવસે ઉપવાસ, એ પ્રથમ શ્રેણી થઈ. એવી ચાર શ્રેણીએ એટલે સોળ દિવસે આ તપ પૂરો થાય છે. આ તપ શ્રાવણ કૃષ્ણ ચતુર્થીથી આરંભી ભાદ્રપદ શુકલ ચતુર્થીએ એટલે સંવત્સરીને દિવસે પૂર્ણ કરવો. એ રીતે ચાર વર્ષ સુધી કરવું. અથવા શ્રાવણ કૃષ્ણ ચતુર્થીથી ભાદ્રપદ શુકલ ચતુર્થી સુધી સોળ ઉપવાસ કરવા, અથવા શ્રાવણ કૃષ્ણ પ્રતિપદ્‌થી આરંભ કરવો તેમાં પ્રથમ ચાર ઉપવાસ કરી પારણે એકાસણું અથવા બેસણું કરવું. એવી રીતે ચાર શ્રેણીએ કરી સંવત્સરીને દિવસે પૂર્ણ કરે. એ રીતે ચાર વર્ષ કરવું. હંમેશા સમવસરણની પૂજા કરવી. ઉદ્યાપને જિનપૂજાપૂર્વક થાળ ૪ નૈવેદ્ય ભરીને મૂકવા.

(સમવસરણનો તપ પૂરો થયા પછી પાંચમે વરસે સિંહાસન તપ અવશ્ય કરવો જોઈએ એવી પ્રવૃત્તિ છે. તે તપ માટે નંબર ૧૪૬ વાળો તપ જુઓ. સમવસરણ તપની સાથે સાથે પણ સિંહાસન તપ થઈ શકે છે. આ તપ એક વર્ષમાં કરવો હોય તો વર્ષે વર્ષે ઓળી નહીં કરતાં એક વર્ષમાં જ બધી ઓળી કરવાથી પણ થાય છે.)

## ૩૮. વીરગણધર તપ

["ગણ"ની રચના કરે તે ગણધર કહેવાય. સાધુ-સમુદાય તેમની નિશ્રામાં સંયમારાધના કરે. ભગવંત મહાવીરને અગિયાર ગણધરો હતા. પરમાત્મા ઋષભદેવને ચોરાશી ગણધર હતા. એ પ્રમાણે દરેક ભગવંતોને જુદી જુદી સંખ્યામાં ગણધરો હોય છે.

મુખ્ય ગણધર પરમાત્માના મુખથી "ત્રિપદી" સાંભળી તેના પરથી દ્વાદશાંગીની રચના કરે છે. ભગવંત મહાવીરના અગિયાર ગણધરો પૈકી નવ ગણધરો ભ૦ મહાવીરની હૈયાતિમાં જ મુક્તિપદ પામેલા. મુખ્ય ગણધર ગૌતમસ્વામીને ભગવંત મહાવીરના નિર્વાણ પછી તુરત જ કેવલજ્ઞાન પ્રાપ્ત થવાનું હતું એટલે શેષ રહેલા શ્રી સુધર્માસ્વામીને શાસનનો ભાર સોંપવામાં આવેલ. તેઓશ્રીએ ભ૦ મહાવીરના નિર્વાણ પછી ૨૦ વર્ષ પર્યન્ત શાસન–ધુરા વહન કરી. ત્યારથી જ "સૌધર્મ–પટ્ટ–પરંપરા" શરૂ થઈ છે. અગિયારે ગણધરો સંબંધી ટૂંક વૃત્તાંત નીચે પ્રમાણે છે. વિશેષ જાણવાના જિજ્ઞાસુએ **"ગણધરવાદ"** નામનો ગ્રંથ વાંચવો.

૧. **ઇંદ્રભૂતિ**—(શ્રી ગૌતમસ્વામી) મગધ દેશમાં આવેલા ગોબર નામના ગામમાં ગૌતમ ગોત્રીય વસુભૂતિ દ્વિજની પૃથ્વી નામની પત્નીના તેઓ સુપુત્ર હતા. તેમને **અગ્નિભૂતિ** તેમજ **વાયુભૂતિ** નામના બે લઘુ બંધુ હતા. આ ઉપરાંત—

કોલ્લાક ગામમાં ધનુર્મિત્ર અને ધમ્મિલ્લ નામના બે દ્વિજોને વારુણા અને ભદ્દિલા નામની પત્નીથી **વ્યક્ત** અને **સુધર્મા** નામના પુત્રો થયા હતા.

મૌર્ય ગામમાં ધનદેવ અને મૌર્ય નામના બે દ્વિજો માસીયાઈ બંધુ હતા. તેઓને **મંડિક** અને **મૌર્યપુત્ર** નામના પુત્રો હતા.

વિમળાપુરીમાં દેવ નામના દ્વિજને જયંતિ ભાર્યાથી **અકંપિત** નામનો પુત્ર હતો. કોશલા નગરીમાં વસુ નામના દ્વિજને નંદા સ્ત્રીથી **અચલભ્રાતા** નામનો પુત્ર હતો.

વત્સ દેશમાં આવેલા તુંગિક ગામમાં દત્ત દ્વિજને કરુણા પત્નીથી **મેતાર્ય** નામનો પુત્ર હતો. રાજગૃહ નગરમાં બલ નામના દ્વિજને અતિભદ્રા સ્ત્રીથી **પ્રભાસ** નામનો પુત્ર હતો.

આ અગિયારે વિપ્રકુમારો ચારે વેદમાં નિષ્ણાત હતા અને સેંકડો શિષ્યોના પરિવારવાળા હતા.

અપાપા નામની નગરીમાં સોમિલદ્વિજે તે અગિયારે વિપ્રકુમારને યજ્ઞાર્થે નિમંત્ર્યા હતા. તે સમયે ત્યાં જ વીર ભગવંતને સમવસરેલા જાણી દેવો વંદનાર્થે આવી રહ્યા હતા, તે જોઈને ઇંદ્રભૂતિએ હર્ષથી પોતાના સાથીદારોને કહ્યું કે– “આપણા યજ્ઞકર્મનો પ્રભાવ જુઓ ! આપણા મંત્રબળથી આકર્ષાઈ દેવો પણ આવી રહ્યા છે.” તેવામાં ચંડાલના ગૃહની માફક યજ્ઞ–મર્યાદાને ત્યજી દઈ દેવોને સમવસરણમાં

જતાં જોઇને નગરલોકો બોલ્યા કે– "સર્વજ્ઞ પરમાત્માને વાંદવા દેવો ઉદ્યાનમાં જઈ રહ્યા છે." "સર્વજ્ઞ" એવો શબ્દ સાંભળતાં જ ઇંદ્રભૂતિ ક્રોધથી ધમધમી ઊઠયા. તેઓ બોલ્યા કે–"મારા કરતાં સર્વજ્ઞ બીજો કોણ છે ? મૂર્ખ માણસને તેની ગતાગમ ન હોય, પણ વિબુધ ગણાતાં દેવોને પણ તેનો ખ્યાલ નથી આવતો ! ખરેખર તે વીર ઇંદ્રજાલિયો જણાય છે કે જેણે દેવો તેમજ માનવોને વશ કરી લીધા છે. હમણાં જ જઈને હું તેમને પરાભવ પમાડું" આવા અહંકારભર્યા વચનો બોલી ઇંદ્રભૂતિ પોતાના પાંચસો શિષ્યો સાથે સમવસરણ તરફ ચાલ્યા.

સમવસરણ નજરે પડતાં, પરમાત્માની ઋદ્ધિસિદ્ધિ જોતાં તેમજ અસંખ્ય દેવોને નજરે નીહાળતાં "આ શું ?" એમ ઈંદ્રભૂતિ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા તેવામાં જગદ્‌ગુરુએ અમૃત જેવી વાણીથી ઈંદ્રભૂતિને સંબોધ્યા કે– "હે ગૌતમ ! ઇંદ્રભૂતિ ! તમને સ્વાગત છે." એટલે તો તેમને વધુ આશ્ચર્ય થયું કે–શું તેઓ મારા ગોત્ર તથા નામને પણ જાણે છે. વળી વિચાર આવ્યો કે–મારા જગપ્રસિદ્ધ નામને કોણ નથી જાણતું ? પરંતુ જો તેઓ મારા મનમાં રહેલા સંશયનું નિવારણ કરે તો સાચા સર્વજ્ઞ જાણું. તેવામાં તો પરમાત્માએ. સાકર જેવી મીષ્ટ વાણીમાં પુનઃ કહ્યું કે–" હે ગૌતમ ! તમને જીવ છે કે નહીં તેવો સંશય છે, પણ જીવ છે, તે ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા વિગેરે લક્ષણોથી જાણી શકાય છે. જો જીવ ન હોય તો પાપ તેમજ

પુણ્યનું પાત્ર કોણ ? તમારે દાન, યજ્ઞ વિગેરે કરવાનું નિમિત્ત પણ શું ?"

પરમાત્માના આવા યુક્તિયુક્ત વચનો સાંભળી તેમના મિથ્યાત્વનું છેદન થયું એટલે મિથ્યાભિમાનનો ત્યાગ કરી તરતજ તેમણે પોતાના પરિવાર સહિત પરમાત્મા પાસે દીક્ષા લીધી.

૨. **અગ્નિભૂતિ**–ઇંદ્રભૂતિને દીક્ષિત થયેલા સાંભળીને તેમના બંધુ અગ્નિભૂતિએ વિચાર્યું કે–તે ઇંદ્રજાલિકે મારા ભાઈને છેતરી લીધા જણાય છે માટે તેમને જીતી મારા ભાઈને પાછો લાવું. આમ વિચારી પાંચસો શિષ્યોના પરિવાર સહિત પરમાત્મા પાસે જઈને બેઠા. તે સમયે પરમાત્માએ તેમને સંબોધીને કહ્યું કે–હે અગ્નિભૂતિ ! તમને કર્મ છે કે નહિ ? તેવો સંશય છે, પણ અતિશય જ્ઞાની પુરૂષને કર્મ પ્રત્યક્ષ જણાય છે. તમારા જેવા છદ્મસ્થ પુરૂષોને જીવની વિચિત્રતા જોવાથી અનુમાનવડે કર્મ જાણી શકાય છે. કર્મની વિચિત્રતાથી જ સુખદુઃખ વિગેરે વિચિત્ર ભાવો પ્રાપ્ત થાય માટે "કર્મ છે" એવો તું નિશ્ચય રાખ. કોઈ રાજા છે તો કોઈ ભીખારી છે, કોઈ હાથી પર બેસે છે તો કોઈ પગે ચાલે છે, કોઈ દાન આપે છે તો કોઈ ભીખ માગીને ઉદરપૂર્તિ કરે છે–તે સર્વ કર્મનો જ પ્રભાવ છે. પરમાત્માના વચનથી પ્રતિબોધ પામી અગ્નિભૂતિએ પણ પરમાત્મા પાસે સ્વશિષ્યો સહિત દીક્ષા સ્વીકારી.

૩. **વાયુભૂતિ**–તેમણે વિચાર્યું કે–મારા બંને બંધુ-

ઓને જેમણે જીતી લીધા તે ખરેખર સર્વજ્ઞ જ હોવા જોઈએ માટે હું પણ તેમનું શરણ સ્વીકારું અને મારો સંશય છેદું. આ પ્રમાણે વિચારી તે પણ પરમાત્મા પાસે પોતાના પરિવાર સહ આવ્યા. પરમાત્માએ તેમને જણાવ્યું કે–હે વાયુભૂતિ! તમને જીવ અને શરીર વિષે મોટો ભ્રમ છે; પ્રત્યક્ષ રીતે જીવ શરીરથી ભિન્ન જણાતો નથી તેથી જળમાં પરપોટાની માફક જીવ શરીરમાં જ ઉત્પન્ન થઈને શરીરમાં જ મૂર્છા પામે છે આવો તારો સંશય છે પણ તે મિથ્યા છે, કારણ કે સર્વ પ્રાણીઓને જીવ દેશથી તો પ્રત્યક્ષ છે, કારણ કે તેની ઇચ્છા વિગેરે ગુણો પ્રત્યક્ષ હોવાથી સ્વસંવિદ્–પોતાને જે અનુભવ થાય તેવો છે તે જીવ દેહ અને ઈંદ્રિયોથી જુદો છે અને ઇંદ્રિયો જ્યારે નાશ પામે છે ત્યારે પણ તે ઇંદ્રિયોએ પ્રથમ ભોગવેલા અર્થને સંભારે છે.” આ પ્રમાણે સંશયોચ્છેદ થતાં વાયુભૂતિએ પણ પાંચસો શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.

૪. **વ્યક્ત**–તેમણે વિચાર્યું કે ત્રણ વેદ જેવા ઇંદ્રભૂતિ વિગેરે ત્રણે બંધુઓએ દીક્ષા લીધી તેથી પરમાત્મા સર્વજ્ઞ છે તેમાં શંકા નથી. હવે હું પણ મારી શંકાનું નિરસન કરી પ્રભુનો શિષ્ય થાઉં. તેને પણ પરમાત્માએ જણાવ્યું કે–“હે વ્યક્ત! પૃથ્વી આદિ પંચ ભૂતો છે જ નહીં એવી તને શંકા છે, પણ ભુવનમાં વિખ્યાત થયેલા સ્વપ્ન, અસ્વપ્ન, ગંધર્વપુર વિગેરે ભેદો જ ન ઘટી શકે.” આ પ્રમાણે સંશય છેદાતાં તેમણે પાંચસો શિષ્યો સાથે દીક્ષા સ્વીકારી.

પછી તો ક્રમશ: એક પછી એક સર્વ વિપ્રકુમારો પરમાત્મા પાસે આવ્યા અને વીરભગવંતે તે સર્વના સંશય છેદી સ્વ-શિષ્યો બનાવ્યા. તેનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે-

**૫. સુધર્મા**—"આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં થાય છે" એવી તને આશંકા છે પણ તે ખોટી છે. જીવની પૃથક્ પૃથક્ ગતિ કર્મને આધીન છે. અને તેથી જ પ્રાણીઓનું વિવિધપણું જણાય છે. તેમણે પાંચસો શિષ્યો સાથે સંયમ ગ્રહણ કર્યું.

૬. **મંડિક**–"તમને બંધ અને મોક્ષ વિષે સંશય છે" આત્માને બંધ તેમજ મોક્ષ થાય છે તે પ્રસિદ્ધ હકીકત છે. મિથ્યાત્વાદિવડે કરેલ કર્મનો સંબંધ તે બંધ કહેવાય. બંધને અંગે દોરી સાથે બંધાયેલ પ્રાણીની માફક, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ ચતુર્ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ હેતુઓથી જે કર્મનો આત્યંતિક નાશ થાય તે મોક્ષ કહેવાય. જો કે જીવને કર્મનો સંબંધ પરસ્પર અનાદિસિદ્ધ છે પરંતુ અગ્નિથી જેમ સુવર્ણ અને પાષાણ જુદા પડી જાય તેમ જ્ઞાનાદિકથી જીવ કર્મથી અલગ થઈ શકે છે. તેમણે સાડાત્રણસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

**૭. મૌર્યપુત્ર**–"દેવ વિષેનો તમારો સંદેહ કાઢી નાખો. આ સમવસરણમાં બિરાજેલા ઇંદ્રાદિક દેવો પ્રત્યક્ષ જ છે. શેષ સમયમાં મનુષ્ય લોકની અસહ્ય દુર્ગંધીથી તેઓ મનુષ્યલોકમાં આવતા નથી તેથી તેનો અભાવ ન માનવો." તેમણે પણ સાડાત્રણસો શિષ્યો સાથે દીક્ષા સ્વીકારી.

૮. **અકંપિત**—"નજરે ન દેખાવાથી નારકીના જીવો નથી" એવો તમારો સંશય વૃથા છે. અત્યંત પરવશપણાને કારણે તેઓ અહીં આવી શકતા નથી તેમજ તમારા જેવા મનુષ્યો ત્યાં જવાને સમર્થ નથી. ક્ષાયિક જ્ઞાન સિવાય તેનું સ્વરૂપ જાણી શકાશે નહિ." તેમણે પણ ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

૯. **અચળભ્રાતા**—"તમારો પુણ્ય અને પાપ વિષેનો સંદેહ મિથ્યા છે, કારણ કે દીર્ઘ આયુષ્ય, અત્યંત રૂદ્ધિ, સુંદર રૂપ, સંપૂર્ણ આરોગ્ય વિગેરે પુણ્યનાં પ્રત્યક્ષ ફળ આ લોકમાં પણ જોવાય છે. તેથી વિપરીત પાપનાં ફળો છે." તેમણે પણ ત્રણસો શિષ્યો સાથે દીક્ષા લીધી.

૧૦. **મેતાર્ય**—"ભવાંતરમાં પ્રાપ્ત થનાર પરલોક નથી," એવો તમારો સંશય છે પણ બધા પૃથ્વી, પાણી વિગેરે પંચભૂતો કરતાં જીવની સ્થિતિ જુદી છે. પંચભૂતો નાશ પામી જાય છે પણ જીવમાં ચેતનાશક્તિ છે. તે પરલોકમાં જાય છે અને ત્યાં જાતિસ્મરણ વિગેરે જ્ઞાનથી પૂર્વ ભવનું સ્મરણ થાય છે." તેમણે પણ ત્રણસો શિષ્યો સાથે સંયમ સ્વીકાર્યું.

૧૧. **પ્રભાસ**—"મોક્ષ છે કે નહીં ?" એવો તમારો સંશય દૂર કરો. વેદથી અને જીવની અવસ્થાના વિચિત્રપણાથી કર્મ સિદ્ધ થાય છે અને શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી કર્મનો ક્ષય થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે." તેમણે પણ ત્રણસો શિષ્યો સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

આ પ્રમાણે પરમાત્માની સંશય છેદનારી અને અલૌકિક જ્ઞાનવાળી વાણી સાંભળી અગિયારે વિપ્રકુમારો પ્રતિબોધ પામ્યા અને સર્વવિરતિ સ્વીકારી સ્વકલ્યાણ સાધ્યું. પરમાત્માએ તે સર્વને ગણધર સ્થાપ્યા.]

❋

**चरमजिनस्यैकादशशिष्यगणधारिणस्तदर्थं च ।**
**प्रत्येकमनशनान्यप्याचाम्लान्यथ विदध्याच्च ॥१॥**

ગણધરની આરાધના માટે જે તપ તે ગણધર તપ કહેવાય છે. તેમાં શ્રી વર્ધમાન સ્વામીના અગિયાર ગણધરો છે, તેમની આરાધના માટે દરેક ગણધરને આશ્રયીને એકાંતર અગિયાર અગિયાર ઉપવાસ અથવા અગિયાર અગિયાર એકાંતર આંબિલ કરવા. (મતાંતરે દરેક ગણધર આશ્રયીને એક એક ઉપવાસ અથવા આંબિલ કરવાનું પણ કહ્યું છે.) ઉદ્યાપનમાં અગિયાર અગિયાર ચારિત્રના ઉપકરણ સાધુને આપવા. ગણધરની મૂર્તિની પૂજા કરવી. સંઘ વાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે. (જે ગણધરનો તપ ચાલતો હોય તે નામનું ગરણું ગણવું.)

ઉપરનો આ તપ વૈશાખ શુદિ ૧૧ થી શરૂ કરવામાં આવે છે. તે દિવસે શ્રી ગણધરના દેવ વાંદે. આ તપ ૧૧ છઠ્ઠ કરીને પણ કરાય છે.

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| ૧ શ્રી ઇન્દ્રભૂતિગણધરાય | નમઃ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૨ શ્રી અગ્નિભૂતિગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૩ શ્રી વાયુભૂતિગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૪ શ્રી વ્યક્તભૂતિગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૫ શ્રી સુધર્મસ્વામીગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૬ શ્રી મંડિતગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૭ શ્રી મૌર્યપુત્રગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૮ શ્રી અકંપિતગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૯ શ્રી અચલભ્રાતૃગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૦ શ્રી મેતાર્યગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |
| ૧૧ શ્રી પ્રભાસગણધરાય | નમઃ | ,, | ,, | ,, | ,, |

## ૩૯. અશોક વૃક્ષ તપ

[ અશોક એટલે શોક રહિત. જે વૃક્ષના આલંબનથી ભય, શોક નાશ પામે તે વૃક્ષને અશોક વૃક્ષ કહેવાય છે. જેમ ભૂમિ અને ક્ષેત્ર પરત્વે ગુણ હોય છે તેમ વૃક્ષ પરત્વે પણ ગુણ હોય છે. અશોક વૃક્ષનું વાતાવરણ જ એવું હોય છે કે–સંસારના ત્રિવિધ તાપથી તપ્ત બનેલા પ્રાણીને બાહ્ય અને આભ્યંતર શાંતિ અર્પી શકે.

અશોક વૃક્ષની આ વિશિષ્ટતાને કારણે જ તેને ભગવંતના પ્રાતિહાર્યોમાં મુખ્ય સ્થાન મળેલ છે. જ્યારે જ્યારે ભગવંત દેશના દે અને સમવસરણની રચના કરવામાં આવે ત્યારે અશોક વૃક્ષ નીચે સિંહાસન પર બિરાજિત થઇને જ દેશના આપે, અશોક વૃક્ષ ભગવંતના દેહથી બારગુણો ઊંચો હોય છે. ]

आश्विनशुक्लप्रतिपदमारभ्य तिथीश्च पंच निजशक्त्या ।
कुर्यात्तपसा सहितः पंच समा इदमशोकतपः ॥ १ ॥

અશોક વૃક્ષની જેમ આ તપ મંગલકારી હોવાથી અશોક તપ કહેવાય છે. તેમાં આશ્વિન શુક્લ પક્ષની એકમને દિવસે આરંભીને શુદ પાંચમ સુધી એટલે પાંચ દિવસ સુધી શક્તિ પ્રમાણે એકાસણાદિક તપ કરવો. હમેશાં અશોક વૃક્ષ સહિત શ્રી જિનેશ્વરની પૂજા કરવી. આ પ્રમાણે પાંચ વર્ષ કરવું. (જૈન પ્રબોધમાં તથા જૈન ધર્મસિંધુમાં એવું લખ્યું છે કે– આસો માસમાં પંદર ઉપવાસ અને પંદર એકાસણાં એકાંતરે કરવા. આ રીતે કરીએ તો એક જ વર્ષે આ તપ પૂર્ણ થાય છે.) ઉદ્યાપનમાં અશોકવૃક્ષ સહિત નવીન જિનબિંબ કરાવી વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરાવવી. છ ઋતુનાં પુષ્પ, ફળ, સોપારી વિગેરેથી પૂજા કરવી. યથાશક્તિ ફળ, મોદક, નૈવેદ્ય ઢોકવા, આ તપનું ફળ સર્વ સુખની પ્રાપ્તિ છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"અશોકવૃક્ષતપસે નમઃ" નવકારવાળી વીશ, સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૪૦. એક સો સીત્તેર જિન તપ (વિજય ઓળી તપ)

[ કર્મભૂમિઓમાં જ શ્રી તીર્થંકરભગવંતોનો જન્મ થાય છે. અઢી દ્વીપને વિષે તેવી પંદર કર્મભૂમિઓ છે. ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ. મહાવિદેહ ક્ષેત્રમાં બત્રીશ વિજયો છે.]

ભરત તેમજ ઐરવત ક્ષેત્રમાં એક અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરાના પ્રાંતભાગથી ચોથા આરામાં ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ન્યૂન રહે તેટલા સમય પર્યંતમાં

ચોવીશ–ચોવીશ તીર્થંકરો થયા છે અને શેષ આરામાં તીર્થંકરોનો વિરહ હોય છે. પરન્તુ મહાવિદેહ ક્ષેત્રમાં તો અમુક અમુક વિજયોમાં તીર્થંકરો તો વિચરતા જ હોય. મહાવિદેહ ક્ષેત્ર આશ્રયી કદાપિ તીર્થંકરોનો વિરહ થતો નથી.

કોઈ એવો ઉત્કૃષ્ટ કાળ પણ આવે છે કે જે સમયે મહાવિદેહની બત્રીશે વિજયમાં અને ભરત તેમજ ઐરવત ક્ષેત્રમાં પણ તીર્થંકરો વિચરતા હોય ત્યારે તે સંખ્યા ૧૭૦ તીર્થંકરની થાય છે. મહાવિદેહની બત્રીશ વિજય. તેવા પાંચે મહાવિદેહની ૧૬૦ વિજયમાં ૧૬૦ તીર્થંકર, પાંચ ભરતના પાંચ અને પાંચ ઐરવત ક્ષેત્રના પાંચ મળીને કુલ ૧૭૦ તીર્થંકરો વિચરે છે.

એ સ્વાભાવિક જ છે કે–જે સમયે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તીર્થંકર વિચરતા હોય તે જ સમયે ધાતકીખંડ કે પુષ્કરાવર્ત ક્ષેત્રમાં પણ તીર્થંકર વિચરતા જ હોય. તે પ્રમાણે મહાવિદેહ અને ઐરવત ક્ષેત્ર આશ્રયી પણ જાણી લેવું.

૧૭૦ તીર્થંકરો એક જ સમયે વિચરતા હોય તેવું ચાલુ ચોવીશીનાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવંતના સમયે બન્યું હતું.]

❋

सप्ततिशतजिनानामुद्दिश्यैकैकभक्तं च ।
कुर्वाणानामुद्यापनात्तपः पूर्यते सम्यक् ॥ १ ॥

એક સો સીત્તેર જિનેશ્વરોની આરાધના માટે આ તપ છે. તેમાં એકસો સીત્તેર તીર્થંકરોને આશ્રયીને આંતરા રહિત એક એક એકાસણું કરવું એટલે એક સો સીત્તેર લગોલગ એકાસણાં કરવાં. અથવા તો વીશ એકાસણાં લગોલગ કરીને

પછી એક પારણું કરવું. એ પ્રમાણે આઠ વાર કરવાથી એકસો સાઠ એકાસણાં થાય, તે પછી ૧૦ એકાસણાં કરવાં એટલે ૧૭૦ એકાસણા ને નવ પારણાં થાય છે. અથવા એકાન્તરા એકસો ને સીત્તોર ઉપવાસ કરવાનું પણ કેટલાકના મતમાં છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિએ જિનપૂજા કરીને એક સો સીત્તોર પક્વાન્ન, ફળ, પુષ્પ વિગેરે ઢોકવાં. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ આર્યક્ષેત્રમાં જન્મ થાય તે છે. જે દિવસે જે તીર્થંકરનો તપ ચાલતો હોય તે દિવસે તે તીર્થંકરના નામનું ગરણું ગણવું. સાથીયા, ખમાસમણા અને કાઉસ્સગ્ગ બાર બાર સમજવા. નવકારવાળી વીશ વીશ ગણવી. ગરણું નીચે પ્રમાણે ગણવું.

## (શ્રી જંબૂદ્વીપના મહાવિદેહે જિનનામ.)

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી જયદેવસર્વજ્ઞાય નમઃ | | ૧૪ શ્રી વરદત્તસ૦ | નમઃ |
| ૨ શ્રી કર્ણભદ્રસર્વ૦ | ,, | ૧૫ શ્રી ચંદ્રકેતુસ૦ | ,, |
| ૩ શ્રી લક્ષ્મીપતિસ૦ | ,, | ૧૬ શ્રી મહાકાયસ૦ | ,, |
| ૪ શ્રી અનન્તહર્ષસ૦ | ,, | ૧૭ શ્રી અમરકેતુસ૦ | ,, |
| ૫ શ્રી ગંગાધરસ૦ | ,, | ૧૮ શ્રી અરણ્યવાસસ૦ | ,, |
| ૬ શ્રી વિશાલચંદ્રસ૦ | ,, | ૧૯ શ્રી હરિહરસ૦ | ,, |
| ૭ શ્રી પ્રિયંકરસ૦ | ,, | ૨૦ શ્રી રામેન્દ્રસ૦ | ,, |
| ૮ શ્રી અમરાદિત્યસ૦ | ,, | ૨૧ શ્રી શાંતિદેવસ૦ | ,, |
| ૯ શ્રી કૃષ્ણનાથસ૦ | ,, | ૨૨ શ્રી અનન્તકૃત્સ૦ | ,, |
| ૧૦ શ્રી ગુણગુપ્તસ૦ | ,, | ૨૩ શ્રી ગજેન્દ્રસ૦ | ,, |
| ૧૧ શ્રી પદ્મનાભસ૦ | ,, | ૨૪ શ્રી સાગરચન્દ્રસ૦ | ,, |
| ૧૨ શ્રી જલધરસ૦ | ,, | ૨૫ શ્રી લક્ષ્મીચન્દ્રસ૦ | ,, |
| ૧૩ શ્રી યુગાદિત્યસ૦ | ,, | ૨૬ શ્રી મહેશ્વરસ૦ | ,, |

| | |
|---|---|
| ૨૭ શ્રી ઋષભદેવસ૦ નમઃ | ૩૦ શ્રી અજિતભદ્રસ૦ નમઃ |
| ૨૮ શ્રી સૌમ્યકાંતિસ૦ ,, | ૩૧ શ્રી મહીધરસ૦ ,, |
| ૨૯ શ્રી નેમિપ્રભસ૦ ,, | ૩૨ શ્રી રાજેશ્વરસ૦ ,, |

[ધાતકી ખંડના પ્રથમ મહાવિદેહે જિનનામ]

| | |
|---|---|
| ૧ શ્રી વીરચન્દ્રસર્વજ્ઞાય નમઃ | ૧૭ શ્રી પૂર્ણભદ્રસ૦ નમઃ |
| ૨ શ્રી વત્સસેનસ૦ ,, | ૧૮ શ્રી રેવાંકિતસ૦ ,, |
| ૩ શ્રી નીલકાન્તિસ૦ ,, | ૧૯ શ્રી કલ્પશાખસ૦ ,, |
| ૪ શ્રી મુંજકેશિસ૦ ,, | ૨૦ શ્રી નલિનીદત્તસ૦ ,, |
| ૫ શ્રી રૂક્મિકસ૦ ,, | ૨૧ શ્રી વિદ્યાપતિસ૦ ,, |
| ૬ શ્રી ક્ષેમંકરસ૦ ,, | ૨૨ શ્રી સુપાર્શ્વનાથસ૦ ,, |
| ૭ શ્રી મૃગાંકનાથસ૦ ,, | ૨૩ શ્રી ભાનુનાથસ૦ ,, |
| ૮ શ્રી મુનિમૂર્ત્તિસ૦ ,, | ૨૪ શ્રી પ્રભંજનસ૦ ,, |
| ૯ શ્રી વિમલનાથસ૦ ,, | ૨૫ શ્રી વિશિષ્ટનાથસ૦ ,, |
| ૧૦ શ્રી આગમિકસ૦ ,, | ૨૬ શ્રી જલપ્રભસ૦ ,, |
| ૧૧ શ્રી નિષ્પાપનાથસ૦ ,, | ૨૭ શ્રી મુનિચન્દ્રસ૦ ,, |
| | (મહાભીમસ૦) ,, |
| ૧૨ શ્રી વસુંધરાધીપસ૦ ,, | ૨૮ શ્રી ઋષિપાલસ૦ ,, |
| ૧૩ શ્રી મલ્લિનાથસ૦ ,, | ૨૯ શ્રી કુડંગદત્તસ૦ ,, |
| ૧૪ શ્રી વનદેવસ૦ ,, | ૩૦ શ્રી ભૂતાનંદસ૦ ,, |
| ૧૫ શ્રી વલભૃત્સ૦ ,, | ૩૧ શ્રી મહાવીરસ૦ ,, |
| ૧૬ શ્રી અમૃતવાહનસ૦ ,, | ૩૨ શ્રી તીર્થેશ્વરસ૦ ,, |

[ધાતકી ખંડના દ્વિતીય મહાવિદેહે જિનનામ]

| | |
|---|---|
| ૧ શ્રી ધર્મદત્તસર્વજ્ઞાય નમઃ | ૩ શ્રી મેરુદત્તસર્વજ્ઞાય નમઃ |
| ૨ શ્રી ભૂમિપતિસ૦ ,, | ૪ શ્રી સુમિત્ર ,, ,, |

| | |
|---|---|
| ૫ શ્રી શ્રીષેણનાથસર્વજ્ઞાય નમઃ | ૧૯ શ્રી શશાંક સર્વજ્ઞાય નમઃ |
| ૬ શ્રી પ્રભાનન્દસ૦ ,, | ૨૦ શ્રી જગદીશ્વરસ૦ ,, |
| ૭ શ્રી પદ્માકરસ૦ ,, | ૨૧ શ્રી દેવેન્દ્રનાથસ૦ ,, |
| ૮ શ્રી મહાઘોષસ૦ ,, | ૨૨ શ્રી ગુણનાથસ૦ ,, |
| ૯ શ્રી ચન્દ્રપ્રભસ૦ ,, | ૨૩ શ્રી ઉદ્યોતનાથસ૦ ,, |
| ૧૦ શ્રી ભૂમિપાલસ૦ ,, | ૨૪ શ્રી નારાયણસ૦ ,, |
| ૧૧ શ્રી સુમતિષેણસ૦ ,, | ૨૫ શ્રી કપિલનાથસ૦ ,, |
| ૧૨ શ્રી અતિચ્યુ(શ્રુ)તસ૦ ,, | ૨૬ શ્રી પ્રભાકરસ૦ ,, |
| (અચ્યુતસ૦) ,, | ૨૭ શ્રી જિનદીક્ષિતસ૦ ,, |
| ૧૩ શ્રી તીર્થભૂતિસ૦ ,, | ૨૮ શ્રી સકલનાથસ૦ ,, |
| ૧૪ શ્રી લલિતાંગસ૦ ,, | ૨૯ શ્રી શીલારનાથસ૦ ,, |
| ૧૫ શ્રી અમરચન્દ્રસ૦ ,, | ૩૦ શ્રી વજ્રધર સ૦ ,, |
| ૧૬ શ્રી સમાધિનાથસ૦ ,, | ૩૧ શ્રી સહસ્રારસ૦ ,, |
| ૧૭ શ્રી મુનિચન્દ્રસ૦ ,, | ૩૨ શ્રી અશોકાખ્યસ૦ ,, |
| ૧૮ શ્રી મહેન્દ્રનાથસ૦ ,, | |

**( શ્રી પુષ્કરાર્ધે પ્રથમ મહાવિદેહે જિનનામ )**

| | |
|---|---|
| ૧ શ્રી મેઘવાહનસર્વજ્ઞાય નમઃ | ૧૦ શ્રી અમરભૂતિસ૦ નમઃ |
| ૨ શ્રી જીવરક્ષકસ૦ ,, | ૧૧ શ્રી કુમારચન્દ્રસ૦ ,, |
| ૩ શ્રી મહાપુરુષસ૦ ,, | ૧૨ શ્રી વારિષેણસ૦ ,, |
| ૪ શ્રી પાપહરસ૦ ,, | ૧૩ શ્રી રમણનાથસ૦ ,, |
| ૫ શ્રી મૃગાંકનાથસ૦ ,, | ૧૪ શ્રી સ્વયંભૂસ૦ ,, |
| ૬ શ્રી સુરસિંહસ૦ ,, | ૧૫ શ્રી અચલનાથસ૦ ,, |
| ૭ શ્રી જગત્પૂજ્યસ૦ ,, | ૧૬ શ્રી મકરકેતુસ૦ ,, |
| ૮ શ્રી સુમતિનાથસ૦ ,, | ૧૭ શ્રી સિદ્ધાર્થનાથસ૦ ,, |
| ૯ શ્રી મહામહેન્દ્રસ૦ ,, | ૧૮ શ્રી સફલનાથસ૦ ,, |

| | | | |
|---|---|---|---|
| ૧૯ શ્રી વિજયદેવસર્વજ્ઞાય નમઃ | | ૨૬ શ્રી મહાયશસર્વજ્ઞાય | નમઃ |
| ૨૦ શ્રી નરસિંહસ૦ | ,, | ૨૭ શ્રી ઉષ્માંકસ૦ | ,, |
| ૨૧ શ્રી શતાનંદસ૦ | ,, | ૨૮ શ્રી પ્રદ્યુમ્નનાથસ૦ | ,, |
| ૨૨ શ્રી વૃંદારકસ૦ | ,, | ૨૯ શ્રી મહાતેજસ૦ | ,, |
| ૨૩ શ્રી ચન્દ્રાતપસ૦ | ,, | ૩૦ શ્રી પુષ્પકેતુસ૦ | ,, |
| ૨૪ શ્રી ચિત્ર(ચન્દ્ર)ગુપ્તસ૦ | ,, | ૩૧ શ્રી કામદેવસ૦ | ,, |
| ૨૫ શ્રી દૃઢરથસ૦ | ,, | ૩૨ શ્રી સમરકેતુસ૦ | ,, |

## (પુષ્કરાર્ધે દ્વિતીય મહાવિદેહે જિનનામ)

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી પ્રસન્નચંદ્રસર્વજ્ઞાય નમઃ | | ૧૮ શ્રીપ્રતિમાધરસર્વજ્ઞાય | નમઃ |
| ૨ શ્રી મહાસેનસ૦ | ,, | ૧૯ શ્રી અતિશ્રેયસ૦ (અજિતનાથ) | ,, |
| ૩ શ્રી વજ્રનાથસ૦ | ,, | | |
| ૪ શ્રી સુવર્ણબાહુસ૦ | ,, | ૨૦ શ્રી કનકકેતુસ૦ | ,, |
| ૫ શ્રીકુરુચંદ્ર(કુરુવિંદ)સ૦ | ,, | ૨૧ શ્રી અજિતવીર્યસ૦ | ,, |
| ૬ શ્રી વજ્રવીર્યસ૦ | ,, | ૨૨ શ્રી ફલ્ગુમિત્રસ૦ | ,, |
| ૭ શ્રી વિમલચંદ્રસ૦ | ,, | ૨૩ શ્રી બ્રહ્મભૂત(તિ)સ૦ | ,, |
| ૮ શ્રી યશોધરસ૦ | ,, | ૨૪ શ્રી હિત(દિન)કરસ૦ | ,, |
| ૯ શ્રી મહાબલસ૦ | ,, | ૨૫ શ્રી વરુણદત્તસ૦ | ,, |
| ૧૦ શ્રી વજ્રસેનસ૦ | ,, | ૨૬ શ્રી યશઃકીર્તિસ૦ | ,, |
| ૧૧ શ્રી વિમલબોધસ૦ | ,, | ૨૭ શ્રી નાગેંદ્રસ૦ | ,, |
| ૧૨ શ્રી ભીમનાથસ૦ | ,, | ૨૮ શ્રી મહીધરસ૦ | ,, |
| ૧૩ શ્રી મેરુપ્રભસ૦ | ,, | ૨૯ શ્રીકૃતબ્રહ્મ(કૃતવર્મ)સ૦ | ,, |
| ૧૪ શ્રી ભદ્રગુપ્તસ૦ | ,, | ૩૦ શ્રી મહેંદ્રસ૦ | ,, |
| ૧૫ શ્રી સુદૃઢસિંહસ૦ | ,, | ૩૧ શ્રી વર્ધમાનસ૦ | ,, |
| ૧૬ શ્રી સુવ્રતસ૦ | ,, | ૩૨ શ્રી સુરેંદ્રદત્તસ૦ | ,, |
| ૧૭ શ્રી હરિચંદ્રસ૦ | ,, | | |

૧ જંબૂદ્વીપે ભરતક્ષેત્રે-શ્રી અજિતનાથસર્વજ્ઞાય નમઃ
૨ ધાતકીખંડે પ્રથમ ભરતક્ષેત્રે-શ્રી સિદ્ધાંતનાથસ૦ ,,
૩ ધાતકીખંડે દ્વિતીય ભરતક્ષેત્રે-શ્રી કરણનાથસ૦ ,,
૪ પુષ્કરાર્ધે પ્રથમ ભરતક્ષેત્રે-શ્રી પ્રભાસનાથસ૦ ,,
૫ પુષ્કરાર્ધે દ્વિતીય ભરતક્ષેત્રે-શ્રી પ્રભાવકનાથસ૦ ,,
૬ જંબૂદ્વીપે ઐરવતક્ષેત્રે-શ્રી ચંદ્રનાથસ૦ ,,
૭ ધાતકીખંડે પ્રથમ ઐરવતક્ષેત્રે-શ્રી જગનાથસ૦ ,,
૮ ધાતકીખંડે દ્વિતીય ઐરવતક્ષેત્રે-શ્રી પુષ્પદન્તસ૦ ,,
૯ પુષ્કરાર્ધે પ્રથમ ઐરવતક્ષેત્રે-શ્રી અગ્રાહિકસ૦ ,,
૧૦ પુષ્કરાર્ધે દ્વિતીય ઐરવતક્ષેત્રે-વલિ(લ)ભદ્રસ૦ ,,

**આ તપ જૈન પ્રબોધ વિગેરેમાં પણ છે.**

## ૪૧. નવકાર તપ.

[ નવકાર મહામંત્રના સ્વરૂપનું સંપૂર્ણ વર્ણન કેવળી ભગવંત ન કરી શકે, કારણ કે તલમાં જેમ તેલ, કમલમાં જેમ મકરંદ-સુગંધ વ્યાપ્ત છે તેમ સકલ આગમોમાં નવકારમંત્ર અંતર્ગત રહેલ છે. ચૌદ પૂર્વના સારરૂપ કહેવું હોય તો "નવકાર મંત્ર" જ કહી શકાય.

નવકાર મંત્રનો એવો અચિંત્ય પ્રભાવ છે કે-તેને કોઇપણ ઉપમા આપી શકાય નહીં, છતાં વ્યવહારુ રીતે કહેવું હોય તો ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ પોતાની રચેલી "**પંચ પરમેષ્ઠીગીતા**"માં વર્ણવે છે તેમ....

પર્વતમાં જેમ મેરુપર્વત, વૃક્ષમાં જેમ કલ્પવૃક્ષ, સુગં-

ધમાં જેમ ચંદન, વનમાં જેમ નંદનવન, પક્ષીઓમાં જેમ ગરુડ, તારામાં જેમ ચંદ્ર, નદીઓમાં જેમ ગંગા, સ્વરૂપવંતમાં જેમ કામદેવ, દેવોમાં જેમ ઈંદ્ર, સમુદ્રમાં જેમ સ્વયંભૂરમણ, પુષ્પમાં જેમ કમલ, ઔષધિમાં જેમ અમૃત, ધર્મમાં જેમ દયાધર્મ, વ્રતમાં જેમ બ્રહ્મચર્ય વ્રત, દાનમાં જેમ અભયદાન શ્રેષ્ઠ છે તેમ સર્વ મંત્રોમાં **નવકાર મહામંત્ર શિરોમણી** છે.

નવકારમંત્રના પ્રભાવથી અનેક જીવો મુક્તિ પામ્યા છે અને અનેક મનુષ્યો ઈહલોક અને પરલોકની ઋદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે, જેમાં ભીલ-ભીલડી, રાજસિંહ અને રત્નવતી, શિવકુમાર, શ્રીમતી, જિનદાસ, ચંડપિંગલ ચોર, હુંડિક યક્ષ, શ્રીપાલ રાજા, કંબલ-સંબલ, રોહિણીયો ચોર વિગેરે અનેક દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

નમસ્કાર મહામંત્રની મહત્તા સંબંધી પ્રાચીન મહર્ષિઓએ અનેક ગ્રંથો લખ્યા છે તેમજ અનેક સ્થળે તેને લગતું વર્ણન પણ કરેલ છે. કહ્યું છે કે-

**सङ्ग्राम–सागर–करीन्द्र–भुजङ्ग–सिंह–**
**दुर्व्याधि–वह्नि–रिपु–बन्धन–सम्भवानि ।**
**चौर–ग्रह–भ्रम–निशाचर–शाकिनीनाम् ,**
**नश्यन्ति पञ्चपरमेष्ठिपदैर्भयानि ॥** [ उपदेशतरङ्गिणी ]

નવકાર મહામંત્રના પ્રભાવથી યુદ્ધ, સમુદ્ર, હસ્તિ, સર્પ, સિંહ, દુષ્ટ વ્યાધિ, અગ્નિ, શત્રુ, બંધન, ચોર, ગ્રહ, ભ્રમ, રાક્ષસ અને શાકિનીના ઉપદ્રવો દૂર ભાગી જાય છે.

**जो पुण सम्मं गुणिउं, नरो नमुक्कार–लक्खमखंडम् ।**
**पूएइ जिणं संघं, बंधइ तित्थयरनामं सो ॥** (श्राद्धदिनकृत्य)

જે મનુષ્યો એક લાખ નવકાર અખંડપણે ગણે તથા શ્રી જિનેશ્વરદેવ તેમજ શ્રી સંઘની પૂજા કરે તે તીર્થંકરનામકર્મ બાંધે.

**"નવ લાખ જપંતા નરક નિવારે"** તેમજ **"નવ લાખ જપંતા થાયે જિનવર"** વિગેરે સુભાષિતો ઘણાં જ પ્રચલિત છે.

**नमस्कारसमो मंत्रः, शत्रुञ्जयसमो गिरिः ।**
**वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥**

આ સુભાષિત જ નવકાર મહામંત્રની સર્વશ્રેષ્ઠતા સાબિત કરે છે. કહ્યું છે કે–નવકાર સમાન મંત્ર, શત્રુંજય સમાન પર્વત, વીતરાગ સમાન દેવ ભૂતકાળમાં થયા નથી અને ભવિષ્યકાળમાં થનાર નથી.

જૈન સમાજના સર્વ ફિરકાઓનો માન્ય આ મહામંત્ર છે.

[ નમસ્કાર મંત્રનું વર્ણન કરતાં ઘણો જ વિસ્તાર થઇ જાય એટલા માટે જિજ્ઞાસુએ આ સંબંધમાં "શ્રી નમસ્કાર મહામંત્ર" નામનું પુસ્તક વાંચવું. ]

**नमस्कारतपश्चाष्टषष्टिसंख्यैकभक्तकैः ।**
**विधीयते च तत्पादसंख्यायास्तु प्रमाणतः ॥१॥**

નવકાર મંત્રની આરાધના માટે જે તપ, તે નવકાર તપ કહેવાય છે. તેમાં પહેલા પદમાં સાત વર્ણ છે તેથી તેના સાત ઉપવાસ અથવા સાત એકાસણાં કરવાં. બીજા પદમાં પાંચ અક્ષર હોવાથી પાંચ ઉપવાસ અથવા પાંચ એકાસણાં કરવાં, ત્રીજા પદના સાત, ચોથા પદના સાત,

પાંચમાના નવ, તથા છઠ્ઠા, સાતમા, આઠમાના આઠ આઠ અને નવમાના નવ ઉપવાસ અથવા એકાસણાં કરવા. આ પ્રમાણે કરવાથી અડસઠ ઉપવાસ અથવા એકાસણાં થાય છે. આ ઉપવાસ અથવા એકાસણાં લગોલગ કરવા, અથવા શક્તિ ન હોય તો સંપદાએ સંપદાએ પારણું કરીને કરવા, ( સંપદા ઉપર પ્રમાણે જાણવી, પણ આઠમા અને નવમા પદની સંપદા એક જ ગણવી. ) ઉપવાસ કરે તો એકાંતરા પણ કરે.[1] તેમાં પારણે બેસણું તિવિહારું કરવું.

ઉદ્યાપનમાં રૂપાના પતરા ઉપર સુવર્ણની લેખણવતી પંચ–પરમેષ્ઠિનો મંત્ર[2] લખીને જ્ઞાનપૂજા કરવી. અડસઠ અડસઠ ફળ, પુષ્પ, રૂપાનાણું, પક્વાન્ન વિગેરે ઢોકવાં. ગુરુપૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. પોતપોતાની સંપદાનું ગરણું, સાથીયા વિગેરે નીચે પ્રમાણે.

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| પહેલી સંપદાએ | નમો અરિહંતાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| બીજી ,, | નમો સિદ્ધાણં | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ત્રીજી ,, | નમો આયરિયાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| ચોથી ,, | નમો ઉવજ્ઝાયાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| પાંચમી ,, | નમો લોએ સવ્વસાહૂણં | ૯ | ૯ | ૯ | ૨૦ |
| છઠ્ઠી ,, | એસો પંચ નમુક્કારો | ૮ | ૮ | ૮ | ૨૦ |
| સાતમી ,, | સવ્વપાવપ્પણાસણો | ૮ | ૮ | ૮ | ૨૦ |
| આઠમી ,, | મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |

૧ આઠમા અને નવમા પદે સાત છઠ્ઠ તથા એક અઠ્ઠમ કરવો એવો સંપ્રદાય છે.

૨ બીજી પ્રતિઓમાં કસ્તૂરીથી લખવાનું કહેલું છે,

આ તપનું ફળ સર્વ સુખની પ્રાપ્તિ થાય તે છે. યતિ તથા શ્રાવકને કરવાનો અનાગાઢ તપ છે,

નવકાર પદનો તપ સેનપ્રશ્નમાં આ પ્રમાણે લખેલ છે,

પ્રથમ પદના સાત અક્ષર માટે લાગટ સાત ઉપવાસ કરવા. બીજાના પાંચ અક્ષર માટે પાંચ ઉપવાસ લાગટ કરવા. એવી રીતે સાત પદ સુધી દરેક સંપદાના અક્ષરો પ્રમાણે ઉપવાસો લાગટ કરે અને આઠમી, નવમી સંપદાએ શક્તિ હોય તો ૧૭ ઉપવાસ એકી સાથે કરે ને શક્તિ ન હોય તો પહેલા આઠ કરી પારણું કરી ફરી નવ ઉપવાસ કરે. દરેક પદનું ગરણું એક એક લાખ ગણે અને જો આઠમી નવમી ભેગી કરે [ ૧૭ ઉપવાસ લાગટ કરે ] તો એ બે પદનો ભેગો બે લાખ જાપ કરે.

પ્રથમ પદનો તપ કરે ત્યારે સાત દિન સુધી "નમો અરિહંતાણં"નો એક લાખ જાપ કરે, એવી રીતે જે જે પદનો તપ કરે તે તે પદનો જાપ એક લાખ કરે અને જો શક્તિ ન હોય તો દરેક પદનું બે હજાર ગરણું ગણે, સાથીયા, ખમાસમણ વિગેરે પૂર્વની પેઠે જાણવાં. નવકાર મંત્રના પ્રભાવે શ્રીમતી વિ. ના દૃષ્ટાંત—

## શ્રીમતી

પોતનપુરમાં સુવ્રત શ્રેષ્ઠીને શ્રીમતી નામની સદ્ગુણી પુત્રી હતી. ધર્મશાસ્ત્રના અભ્યાસથી તે તત્ત્વના મર્મને પણ જાણતી હતી તેમજ તેનો આચાર પણ શુદ્ધ હતો. જેમ શ્રીમતી ધર્મમાં પ્રવીણ હતી તેમ ગૃહકાર્યોમાં પણ પ્રવીણ હતી.

તેનામાં રૂપ તેમજ ગુણનો સુમેળ હતો. તે જ નગરમાં એક મિથ્યાદૃષ્ટિ શ્રેષ્ઠીપુત્ર હતો. તેણે શ્રીમતીના હસ્તની માગણી કરી. સુવ્રતશ્રેષ્ઠીએ પ્રથમ તો ઈન્કાર કર્યો; પરંતુ તે શ્રેષ્ઠીપુત્રે પોતે અતિશય ધર્મી હોવાનો અને જૈનધર્મ પર પ્રીતિ હોવાનો આડંબર કરવા માંડ્યો. છેવટે બહુ સમજાવવાથી સુવ્રતશ્રેષ્ઠીએ શ્રીમતીને તેની સાથે ધામધૂમપૂર્વક પરણાવી.

પરણીને સાસરે આવ્યા બાદ શ્રીમતીનો ગૃહ–વ્યવહાર થોડો વખત તો શાન્તિપૂર્વક ચાલ્યો પરન્તુ ત્યારબાદ શ્રીમતીના પરમ શ્રાવિકાધર્મને કારણે તેની નણંદ વગેરે કોઈને કોઈ કારણ બતાવી તેના પર ગુસ્સો દર્શાવવા લાગ્યા. શ્રીમતી તેનું કારણ સમજી ગઈ છતાં નિશ્ચળ ચિત્તથી ધર્મનું પાલન કરતી. ધીમે ધીમે તેનો પતિ પણ તેનાથી વિમુખ થવા લાગ્યો, તેના સાસુ–સસરા પણ તેના પ્રત્યે ઓછો આદર બતાવવા લાગ્યા, છતાં શ્રીમતી તો નિશ્ચળ મને ધર્મનું આરાધન કરતી અને ગૃહકાર્યોમાં જરા પણ ખામી આવવા દેતી નહીં.

તેના સાસુ–સસરાએ પોતાના પુત્રને બીજી સ્ત્રી પરણાવવાનો ઘાટ ઘડવા માંડ્યો, પણ શ્રીમતીની હાજરીમાં તેમ કેમ બની શકે ? એકદા ઘરના સર્વ માણસોએ એકાંતમાં મળી એક પ્રપંચ રચ્યો. ઘરની અંધારી કોટડીમાં એક ઘડામાં મોટો ભયંકર સર્પ મૂકીને તે ઘડાનું ઢાંકણું ઢાંકી દીધું. પછી સમય જોઈને તેના પતિએ શ્રીમતીને

આદેશ કર્યો કે–પેલી ઓરડીમાં પડેલા ઘડામાંથી તું પુષ્પની માળ લઈ આવ. પૂજા માટે તેનો ઉપયોગ કરવાનો છે.

શ્રીમતીને આ કાવત્રાની ગંધ પણ નહોતી. તે પ્રતિદિન નવકારમંત્રનું સ્મરણ કરતી. આજે પણ સ્મરણ કરતી કરતી તે અંધારી કોટડીમાં ગઈ. ઢાંકણું ખસેડી ઘડામાં હાથ નાખી તે પુષ્પની માળા લઈને પતિ પાસે આવી.

નવકારમંત્રના પ્રભાવથી શાસનદેવીએ ઘડામાંથી સાપને ખસેડી તેને સ્થળે પુષ્પની માળા ગોઠવી હતી.

આ દૃશ્ય જોતાં જ ચકિત બનેલા તેના પતિએ ઘરના બધા માણસોને એકત્ર કર્યા અને બનેલો બનાવ કહી સંભળાવ્યો. આ પ્રભાવથી ઘરના બધા માણસો શ્રીમતીના ચરણમાં પડયા અને પોતાના દુષ્ટાચરણની માફી માગી.

શ્રીમતીએ જણાવ્યું કે–આપ સર્વ તો મારે પૂજ્ય છો. મારું કહેવું એટલું છે કે–તમો સર્વ સન્માર્ગે વળો; સદ્ધર્મનું આચરણ કરો અને પ્રતિદિન નવકારમંત્રનું સ્મરણ કરો. તુષ્ટ બનેલા સાસુ–સસરાએ શ્રીમતીના કથનથી મોટો મહોત્સવ કર્યો અને પોતાનું દ્રવ્ય ધર્મકાર્યોમાં વાપરવું શરૂ કર્યું.

## શિવકુમાર

યશોભદ્ર નામના શ્રેષ્ઠીને શિવ નામનો પુત્ર હતો. બાલ્યવયથી જ તે જુગાર વિગેરે વ્યસનમાં આસક્ત બન્યો હતો. તેના પિતાએ તેને ઘણીવાર સમજાવ્યો છતાં તેની કંઈ પણ

અસર ન થઇ. તેના પિતાએ તેને ધર્મમાર્ગે વાળવા પણ પ્રયત્ન કર્યો છતાં તેમાં પણ તેને નિષ્ફળતા મળી. છેવટે તેના પિતાએ તેને એકાંતમાં બોલાવી કહ્યું : પુત્ર, બીજું તો કાંઇ નહીં પરંતુ જ્યારે તારા પર ભયંકર આફત આવી પડે ત્યારે તું "નવકાર" મંત્રને યાદ કરજે, તારી સર્વ આફત તેના સ્મરણ માત્રથી નાશ પામી જશે. પિતાના અતિશય આગ્રહથી તેણે નવકારમંત્ર શીખી લીધો.

લંપટી અને જુગારી લોકોના સંસર્ગથી શિવકુમારની બધી સંપત્તિ નાશ પામી ગઈ. દ્રવ્યનાશ પામવાથી તેનો કોઇ પણ આદરસત્કાર કરતું નથી. મિત્રવર્ગ પણ તેને છોડી ગયો. નિસ્તેજ બનેલા શિવને એકદા એક ત્રિદંડી યોગીનો મેળાપ થયો. તેણે તેની નિસ્તેજતાનું કારણ પૂછ્યું એટલે શિવે પોતાની નિર્ધનતાનું દુઃખ વ્યક્ત કર્યું. પરિવ્રાજક શિવ જેવા સુલક્ષણા કુમારનો ભોગ આપવા માગતો હતો. તેણે તેને પોતાની જાળમાં ફસાવીને કહ્યું : "હે શિવ ! જો તું મારું કહ્યું માને તો ઘરની દાસીની માફક લક્ષ્મી તને વશ થઈ જાય." શિવે તે સ્વીકાર્યું એટલે પરિવ્રાજકે કહ્યું કે–શ્મશાનમાંથી કોઈ પણ અક્ષત શબ (મડદું) લઈ આવ.

કાળી ચૌદશની ભયંકર રાત્રિ આવતાં પરિવ્રાજકે શિવને તે શબ તથા પુષ્પાદિક સામગ્રી લઈ ભયાનક શ્મશાનભૂમિમાં આવવા કહ્યું. શ્મશાન ભૂમિમાં ત્રિદંડીએ એક ભવ્ય માંડલું બનાવ્યું. હોમ કરવા માટે સુંદર વાટિકા

બનાવી અને મડદાના હાથમાં તીક્ષ્ણ તલવાર આપી. પાસેના જ વૃક્ષ પર શીકું બનાવી શિવકુમારને તેમાં બેસાર્યો. જેથી તે સીધો હોમમાં જ પડે. બાદ દુષ્ટ બુદ્ધિવાળો ત્રિદંડી નિશ્ચલ ચિત્તથી મંત્ર–સ્મરણ કરવા લાગ્યો.

આ બધા કારસ્તાન પરથી શિવકુમારને જણાયું કે –પોતે ભયંકર આફતમાં સપડાયો છે. ત્રિદંડી પોતાનો ભોગ લેવા માગે છે. ભયંકર શ્મશાન, કાળી અંધારી રાત્રિ, ક્રૂર ત્રિદંડી, ઉઘાડી તલવારે ઊભું રાખેલું શબ અને ત્રિદંડીનો મંત્રોચ્ચાર–આ બધું જોઈ શિવકુમારને પોતાનું મૃત્યુ પાસે જ જણાયું. આ સમયે પિતાની શિખામણ તેને યાદ આવી અને તે એક ચિત્તથી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. ત્રિદંડીના મંત્રપ્રભાવથી તે શબ તલવાર લઈ સીંકાના સુતરના તાર તોડવા આગળ ચાલે છે પરંતુ નવકારમંત્રના પ્રભાવથી તે આગળ વધી શકતું નથી. આ પ્રમાણે બે–ચાર વખત થવાથી શંકાશીલ પરિવ્રાજકે શિવને પૂછ્યું : શું તું કોઈપણ જાતનો મંત્ર જાણે છે ? શિવને ખબર નથી કે–પોતાના નવકારમંત્રના સ્મરણથી પરિવ્રાજકનો મંત્ર નિષ્ફળ થાય છે. તેણે ભોળાભાવથી કહ્યું : હું કંઈ પણ જાણતો નથી.

બંને જણ પોતપોતાના મંત્રો યાદ કરવા લાગ્યા. ત્રિદંડીના બળથી મડદાના અધિષ્ઠિત થયેલ વૈતાલ શિવકુમારને કંઈ પણ ઉપદ્રવ કરી શકયો નહીં. શિવકુમારના સ્થિર ચિત્તના મંત્રજાપથી તેનું પરિબળ વધ્યું એટલે

કંટાળેલા વૈતાલે તે ત્રિદંડીને જ ઉપાડીને હોમમાં ફેંકી દીધો, જેથી તેમાંથી સુવર્ણ પુરુષ ઉત્પન્ન થયો.

શિવકુમારને આવો બનાવ જોઈ અતિ આશ્ચર્ય થયું. પોતાના નવકાર–મંત્રના જાપનું જ આ પ્રત્યક્ષ પરિણામ તેણે નજરે નીહાળ્યું. તેણે નીચે ઉતરીને સુવર્ણપુરુષને ભૂમિમાં ગુપ્તપણે દાટી રાખી, તેમાંથી થોડું થોડું સુવર્ણ મેળવી અલ્પ સમયમાં જ મહાશ્રીમંત બની ગયો.

તેને ધર્મનો પ્રભાવ બરાબર સમજાયો હતો એટલે તેણે પોતાનું દ્રવ્ય સન્માર્ગોમાં છૂટે હાથે વાપર્યું અને છેવટે નવકાર મંત્રનું પ્રતિદિન ભાવપૂર્વક આરાધન કરી સદ્ગતિ પ્રાપ્ત કરી.

## ૪૨. ચૌદ પૂર્વ તપ.

[ "ચૌદ પૂર્વના જાણકાર" એટલા માત્રથી આપણને ચૌદ પૂર્વના પ્રમાણનું વાસ્તવિક સ્વરૂપ સમજાશે નહિ. શ્રી ભદ્રબાહુસ્વામી (છઠ્ઠા પટ્ટધર) સુધી ચૌદ પૂર્વનું જ્ઞાન બરાબર જળવાતું આવ્યું. ત્યારબાદ શ્રી સ્થૂલિભદ્રસ્વામી દશ પૂર્વના જ્ઞાતા બન્યા અને શ્રી સંઘના આગ્રહથી મૂળ માત્ર ચાર પૂર્વ શ્રી ભદ્રબાહુસ્વામીએ તેઓશ્રીને શિખવ્યા. ત્યારબાદ કાળના પ્રભાવથી પૂર્વ સંબંધી જ્ઞાન ક્રમશઃ ઘટતું ગયું અને છેલ્લે સ્મરણશક્તિમાં અતિ મંદતા આવવાથી શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે ઉપસ્થિત જ્ઞાનને ગ્રંથારૂઢ કર્યું, જે આપણા પર પરમોપકારી ઋણ છે.

પૂર્વનું પ્રમાણ કેટલું તે જાણવા માટે શાસ્ત્રકારોએ જણાવેલ છે કે–

૧. ઉત્પાદ પૂર્વ એક હસ્તી પ્રમાણ શાહીથી લખી શકાય.

,, ,, ,,

૨. આગ્રાયણી પૂર્વ બે ,, ,, ,,

૩. વીર્યપ્રવાદ ,, ચાર ,, ,, ,,

૪. અસ્તિપ્રવાદ ,, આઠ ,, ,, ,,

૫. જ્ઞાનપ્રવાદ ,, સોળ ,, ,, ,,

૬. સત્યપ્રવાદ ,, બત્રીશ ,, ,, ,,

૭. આત્મપ્રવાદ ,, ચોસઠ ,, ,, ,,

૮. કર્મપ્રવાદ ,, એકસો અઠ્ઠાવીસ ,, ,, ,,

૯. પ્રત્યાખ્યાનપ્રવાદ ,, બસો ને છપ્પન ,, ,, ,,

૧૦. વિદ્યાપ્રવાદ ,, પાંચસો ને બાર ,, ,, ,,

૧૧. કલ્યાણપ્રવાદ ,, એક હજાર ચોવીશ ,, ,, ,,

૧૨. પ્રાણાવાય ,, એક હજાર ને અડતાલીશ ,, ,, ,,

૧૩. ક્રિયાવિશાળ ,, ચાર હજાર ને છન્નું ,, ,, ,,

૧૪. લોકબિંદુસાર ,, આઠ હજાર, એકસો ને બાણું ,, ,,

એકંદરે સોળ હજાર, ત્રણસો ને ત્યાસી હસ્તીને જોખતાં જે પ્રમાણ થાય તેટલા પ્રમાણ શાહીથી જેટલું લખી શકાય તેને ચૌદ પૂર્વ પ્રમાણ કહી શકાય.

આવા અપૂર્વ શ્રુતધર મહાપુરુષોવડે કથિત જૈનાગમોમાં શંકાસ્પદ હકીકત કેવી રીતે સંભવી શકે ? જ્ઞાન એ જ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સદૃશ છે માટે તે જ્ઞાનરૂપ ચૌદ પૂર્વની આરાધના કરવી તે સ્વપરહિતકારક છે.]

शुक्लपक्षे तपः कार्यं, चतुर्दश चतुर्दशीः ।
चतुर्दशानां पूर्वाणां, तपस्तेन समाप्यते ॥१॥

ચૌદ પૂર્વની આરાધના માટે જે તપ, તે ચૌદ પૂર્વ તપ કહેવાય છે. તેમાં શુભ મુહૂર્તે શુદ ચૌદશને રોજ શરૂ કરી ચૌદશે ચૌદશે શક્તિ પ્રમાણે ઉપવાસ અથવા એકાસણાદિક તપ કરવો. અથવા બન્ને ચૌદશ લઈને સાત માસે તપ પૂરો કરવો. [ આ ચતુર્દશી તપ કહેવાય છે.] અથવા શુદ ચૌદશને દિવસે આરંભીને લગોલગ ચૌદ દિવસ સુધી એકાસણાં કરી પૂરો કરવો. પ્રથમ આગમની સ્થાપના કરવી. વાસક્ષેપથી તેની પૂજા કરવી. જ્ઞાન પાસે નીચે બતાવ્યા પ્રમાણે નિત્ય સાથીયા કરવા. નિત્ય ચૈત્યવંદન કરવું. જ્ઞાનની યથાશક્તિ રૂપાનાણે પૂજા કરવી. જ્ઞાનની પૂજા ભણાવવી. સ્તવનને સ્થાને જ્ઞાનની પૂજા કહેવી (છેલ્લે દિવસે વરઘોડો ચડાવવો.)

ઉદ્યાપન જ્ઞાનપંચમીની પેઠે કરવું. (જુઓ નંબર ૪૭ અથવા ૪૬) વિશેષ એટલો કે ૧૪ પુસ્તકો લખાવીને મૂકવાં. તથા ચૌદ ચૌદ પદાર્થો–ઉપકરણો લેવાં. ગુરુપૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય વિગેરે કરવું. આ તપનું ફળ સમ્યક્ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે જે પૂર્વનો તપ ચાલતો હોય તે પૂર્વનું ગણવું.

## ચૌદ પૂર્વનાં નામ

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ શ્રી ઉત્પાદપૂર્વાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૨ શ્રી આગ્રાયણીપૂર્વાય નમઃ | ૨૬ | ૨૬ | ૨૬ | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શ્રી વીર્યપ્રવાદપૂર્વાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૪ | શ્રી અસ્તિપ્રવાદપૂર્વાય નમઃ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૦ |
| ૫ | શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૬ | શ્રી સત્યપ્રવાદપૂર્વાય નમઃ | ૨ | ૨ | ૨ | ૨૦ |
| ૭ | શ્રી આત્મપ્રવાદપૂર્વાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૮ | શ્રી કર્મપ્રવાદપૂર્વાય નમઃ | ૩૦ | ૩૦ | ૩૦ | ૨૦ |
| ૯ | શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વાય નમઃ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૦ | શ્રી વિદ્યાપ્રવાદપૂર્વાય નમઃ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ |
| ૧૧ | શ્રી કલ્યાણપ્રવાદપૂર્વાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૧૨ | શ્રી પ્રાણાવાયપૂર્વાય નમઃ | ૧૩ | ૧૩ | ૧૩ | ૨૦ |
| ૧૩ | શ્રી ક્રિયાવિશાલપૂર્વાય નમઃ | ૩૦ | ૩૦ | ૩૦ | ૨૦ |
| ૧૪. | શ્રી લોકબિંદુસારપૂર્વાય નમઃ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |

## ૪૨/૨. ચતુર્દશી તપ

[ "चउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणित्ति"–અર્થાત્ બે ચતુર્દશી, બે અષ્ટમી, અમાવાસ્યા (અમાસ) અને પુનમ–એ છ પર્વતિથિઓ છે. પર્વતિથિઓમાં પણ ચતુર્દશી શ્રેષ્ઠ છે. તે પર્વતિથિમાં વિશેષ પ્રકારે ધર્મારાધન, તપશ્ચર્યા કરવી જોઇએ. અહીં એટલું પણ જાણી લેવું જરૂરી છે કે–બીજ, પાંચમ અને અગિયારશ એ જ્ઞાનતિથિ છે અને શ્રી જિનેશ્વર ભગવંતની કલ્યાણક તિથિઓ તેમજ પર્યુષણા પર્વના દિવસો એ ચારિત્રતિથિ છે."]

શુક્લપક્ષની ચૌદશને દિવસે જે તપ કરવાનો હોય તે તપને ચતુર્દશી તપ કહીએ. તે તપમાં ચૌદ શુક્લપક્ષની

ચતુર્દશીઓએ એકાસણાદિ યથાશક્તિએ કરવામાં આવે છે. ઉદ્યાપનમાં ચૌદ જાતિના ધાન્યો તથા ચૌદ ફલાદિ જ્ઞાન પાસે વા પ્રભુ પાસે ધરાય છે.

શુક્લ અગિયારશ ૧૧ માસ સુધી કરવી અને શુક્લ ચૌદશ ૧૪ માસ ઉપવાસથી કરવી. તે બંને તપમાં મૌનપણાથી રહેવું. તે તપને શ્રુતદેવી તપ કહે છે. એમ એક પ્રાચીન પ્રતિમાં લખેલું છે.

## ૪૩. એકાવલિ તપ

[જે તપમાં, એકાવલિ સુવર્ણ આભરણની માફક, પદક, પુષ્પ, દાડિમ, સેર વિગેરેની માફક તપશ્ચર્યા કરવામાં આવે તે એકાવલિ તપ કહેવાય.]

**एकद्वित्र्युपवासैः काहलिके द्व तथा च दाडिमके।**
**वसुसंख्यैश्चतुर्थैः श्रेणी कनकावलीवच्च ॥१॥**
**चतुस्त्रिंशच्चतुर्थैश्च पूर्यते तरलः पुनः ।**
**समाप्तिमेति साधूनामेवमेकावली तपः ॥२॥**

એક આવળીની જેમ ઉપવાસ કરવાથી એકાવળી તપ થાય છે. તેમાં પ્રથમ એક ઉપવાસ પછી પારણું, પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું, એમ કરવાથી પ્રથમ કાહલિકા થાય છે. પછી એકાંતર પારણાવાળા આઠ ઉપવાસ કરવા, તેણે કરીને કાહલિકાની નીચે દાડિમ પુષ્પ ઉત્પન્ન થાય છે. ત્યારપછી એક ઉપવાસ ઉપર પારણું,

પછી બે ઉપવાસ ઉપર એક પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર એક પારણું, એ રીતે ચડતાં ચડતાં સોળ ઉપવાસ ઉપર એક પારણું કરવાથી હારની એક સેર પૂરી થાય છે. ત્યાર પછી ચોત્રીશ ઉપવાસ એકાંતર પારણાંવડે કરવાથી તે હારનું પદક થાય છે. ત્યારપછી વિલોમના ક્રમથી એટલે સોળ ઉપવાસ ઉપર એક પારણું, પંદર ઉપવાસ ઉપર એક પારણું, ચૌદ ઉપવાસ ઉપર એક પારણું, એમ ઉતરતા ઉતરતા છેવટ એક ઉપવાસ ઉપર એક પારણું કરવાથી બીજી સેર પૂરી થાય છે. પછી પારણાના આંતરાવાળા આઠ ઉપવાસ કરવાથી બીજા દાડિમના પુષ્પ ઉત્પન્ન થાય છે. ત્યાર પછી ત્રણ ઉપવાસ અને છેવટ એક ઉપવાસ ઉપર પારણું એ રીતે કરવાથી બીજી કાહલિકા પૂર્ણ થાય છે. આમ કરવાથી કુલ ૩૩૪ ઉપવાસ અને ૮૮ પારણાં થાય છે.

ઉદ્યાપનમાં બૃહત્સ્નાત્રપૂર્વક વિધિથી પૂજા કરીને પ્રતિમાને મુક્તાફળનો એક સેરનો મોટો હાર પહેરાવવો.* સંઘવાત્સલ્ય, સંઘપૂજા, ગુરુપૂજા વિગેરે કરવું. આ તપ કરવાથી નિર્મળ ગુણની પ્રાપ્તિ થાય છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

બીજી રીતે એકાસણું ૧, નીવી ૧, આંબિલ ૧, તથા ઉપવાસ ૧, એ રીતે એક ઓળી થઈ. એવી પાંચ ઓળી કરવાથી પણ એકાવળી તપ થાય છે. ( આ મતાંતર વિધિપ્રપામાં છે.)

* તથા સુવર્ણ અક્ષરમય પુસ્તક લખાવી સુવિહિત મુનિરાજને આપવું. તેવો જોગ ન હોય તો શ્રી સંઘના ભંડારમાં મૂકવું. પણ પોતાની નિશ્રાએ ન રાખવું.

"નમો અરિહંતાણં"એ પદની નવકારવાળી વીશ ગણવી, સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૪૪. દશવિધ યતિધર્મ તપ.

[ખાસ કરીને મુનિઓને વિશેષ પ્રકારે પાલન કરવા લાયક હોવાથી નીચેના દશવિધ "**યતિધર્મ**" તરીકે ઓળખાય છે. આ યતિધર્મના પાલનથી "આસ્રવ"નો રોધ થાય છે. અને ક્રોધાદિક વિભાવ દશામાં પડતો જીવ સ્વસ્વભાવમાં સ્થિર બને છે દશ યતિધર્મોનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે.

खंती मद्दव अज्जव, मुत्ती तवसंजमे अ बोद्धव्वो ।
सच्चं सोअं अकिंचणं च, बंभं च जइधम्मो ॥ [નવતત્ત્વ]

૧. खंती--**ક્ષમા**-ક્રોધ ઉત્પન્ન ન થવા દેવો અથવા ઉત્પન્ન થયો હોય તો તેને નિષ્ફળ કરવો.

૨. मद्दव-**માર્દવ**-અભિમાન વડે ઉત્પન્ન થતાં જાત્યાદિ મદનો ત્યાગ કરવો.

૩. अज्जव-**આર્જવ**-માયાનો ત્યાગ.

૪. मुत्ती-**નિર્લોભતા**-બાહ્ય પરિગ્રહને વિષે મૂર્છાનો ત્યાગ.

૫. तव-**તપસ્યા**-ઈચ્છાઓનો રોધ.

૬. संजमे-**સંયમ**-ઈન્દ્રિય અને કષાયાદિ ઉપર જય મેળવવો તે સંયમ.

૭. सच्चं-**સત્ય**-યથાર્થ હિતકારક અને પરિમિત બોલવું.

૮. सोअं-**શૌચ**-અંતઃકરણની પવિત્રતા તેમજ ચોરીનો ત્યાગ.

૯. अकिंचणं-**અકિંચન્ય**-સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ.

૧૦. बंभम्-**બ્રહ્મચર્ય**-વિષય વાસનાનો ત્યાગ કરવો.]

**संयमादौ दशविधे धर्मे एकान्तरा अपि ।**
**क्रियन्त उपवासा यत्तत्तपः पूर्यते हि तैः ॥१॥**

દશ પ્રકારના યતિધર્મની આરાધના માટે આ તપ છે. તેમાં દશ ઉપવાસ એકાંતરે કરવા. તેણે કરીને આ તપ પૂર્ણ થાય છે. (આ તપ શુક્લ પક્ષમાં શરૂ થાય છે. જૈન પ્રબોધ) ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિએ દેવપૂજા કરી દશ દશ ફળ, પક્વાન્ન વિગેરે વસ્તુઓ ઢોકવી. તથા મુનિને વસ્ત્રપાત્રાદિકનું દાન દેવું. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

તપને દિવસે ગરણું વિગેરે નીચે પ્રમાણે—

| | |
|---|---|
| ૧ ક્ષાંતિગુણધરાય નમઃ | ૬ સંયમગુણધરાય નમઃ |
| ૨ માર્દવગુણધરાય નમઃ | ૭ સત્યગુણધરાય નમઃ |
| ૩ આર્જવગુણધરાય નમઃ | ૮ શૌચગુણધરાય નમઃ |
| ૪ મુક્તિગુણધરાય નમઃ | ૯ અકિંચનગુણધરાય નમઃ |
| ૫ તપોગુણધરાય નમઃ | ૧૦ બ્રહ્મચર્યગુણધરાય નમઃ |

સાથીયા ૧૦, ખમાસમણ ૧૦, કાઉસ્સગ્ગ ૧૦ લોગસ્સનો અને નવકારવાળી ૨૦ ગણવી.

## ૪૫. પંચપરમેષ્ઠી તપ

[અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ–એ પંચ પરમેષ્ઠી કહેવાય છે, ત્રણે કાળ અને ત્રણે લોકમાં તે પ્રતિષ્ઠિત છે.

૧. **અરિહંત**–મોક્ષમાર્ગના પ્રથમ ઉપદેશક શ્રી અરિહંત ભગવંતો છે. તેઓ જન્મથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે. દીક્ષાપ્રાપ્તિ બાદ ચોથું જ્ઞાન પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષમાર્ગ દર્શાવે છે. સિદ્ધ ભગવંતો દેહ રહિત હોવાથી તેમજ સામાન્ય કેવળજ્ઞાની અતિશય રહિત હોવાથી, તેઓ મોક્ષમાર્ગના આદ્ય દર્શક બની શકતા નથી. અરિહંતના ગુણ **બાર** છે.

૨. **સિદ્ધ**–અરિહંતોના અરિહંતપણાનો તેમના આયુષ્યના અંતે અંત આવે છે જ્યારે સિદ્ધ ભગવંતોનું સિદ્ધપણું તો અવિનાશી છે. સિદ્ધ ભગવંતોના ગુણો તેમજ સુખ અવ્યાબાધ છે. અવ્યાબાધ સુખ સિદ્ધ સિવાય અન્યને પ્રાપ્ત થતું નથી. અરિહંતો પણ આયુષ્યકર્મના અંત સુધી દેહને આધીન રહે છે માટે જ અરિહંતો પણ સિદ્ધપણા માટે ઉદ્યમ કરે છે. સિદ્ધ ભગવંતના ગુણ **આઠ** છે.

૩. **આચાર્ય**–અરિહંતો દેહધારી હોવા છતાં સર્વકાલ અને સર્વક્ષેત્રોમાં તેમની હાજરી નથી હોતી. સિદ્ધ ભગવંતો તો દેહ રહિત જ છે, માટે સર્વકાલ અને સર્વ ક્ષેત્રોમાં મુક્તિનો માર્ગ ચલાવવાની જવાબદારી આચાર્યના શિરે રહે છે. આચાર્ય ભગવંતના ગુણ **છત્રીશ** છે.

૪. **ઉપાધ્યાય**–આચાર્યભગવંતો રાજવીના સ્થાને છે, ઉપાધ્યાય ભગવંતો મંત્રીના સ્થાને છે. આચાર્ય ભગવંતોનો સ્વયં વિનય કરવો અને બીજા પાસે તેવો વિનય કરાવવો તે તેઓનું મુખ્ય કર્તવ્ય છે, કારણ કે "વિનય વિના વિદ્યા નથી તેમ વિનય વિના ધર્મ પણ નથી." વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન (શ્રદ્ધા), દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ઉપાધ્યાયભગવંતનો મુખ્ય ધર્મ ભણવું અને ભણાવવું તે છે. તેમના **પચીશ** ગુણો છે.

૫. **સાધુ**–મોક્ષમાર્ગના સાધક તે સાધુ. આચાર્યો પાસેથી આચાર અને ઉપાધ્યાય પાસેથી વિનય પ્રાપ્ત કરીને તેઓ મુક્તિમાર્ગની સાધના કરે છે અને મુક્તિમાર્ગના મુસાફરને પણ સહાયક પણ બને છે. તેઓશ્રીની સહાય એવા પ્રકારની છે કે– તેમાં એક પાઈ નો પણ ખર્ચ કરવો પડતો નથી. તેમની પાસેથી જ્ઞાન, દર્શન તપ, શીલ તેમજ સ્વર્ગ અને અપવર્ગનાં સુખો પણ વિનામૂલ્યે મળે છે. સાધુના **સત્તાવીસ** ગુણો છે.

સર્વમળીને પંચ પરમેષ્ઠીના **૧૦૮** ગુણો થાય છે. આપણે નિરંતર ગણતાં નવકારવાળીમાં **૧૦૮** મણકા હોવાનું કારણ પણ પંચપરમેષ્ઠીના સર્વગુણોની સંખ્યા જ છે.

પંચપરમેષ્ઠી જેવા જગત પર ઉપકાર કરનાર કોઈ નથી. આ સંબંધમાં વિશેષ જાણવાના જિજ્ઞાસુએ "**નમસ્કાર મહામંત્ર**" નામક પુસ્તક વાંચવું. ]

**उपवासैकस्थाने आचाम्लैकाशने च निर्विकृतिः ।**
**प्रतिपरमेष्ठि च षट्क प्रत्याख्यानस्य भवतीदम् ॥१॥**

પાંચ પરમેષ્ઠીની આરાધના માટે આ તપ છે. તેમાં પહેલે દિવસે ઉપવાસ, બીજે દિવસે એકલઠાણું, ( માત્ર એક જ હાથ હાલે પણ બીજું કોઈ અંગ હાલવું ન જોઈએ. તથા સ્થાનકે જ ચૌવિહાર કરવો જોઈએ. ) ત્રીજે દિવસે આંબિલ, ચોથે દિવસે એકાસણું, પાંચમે દિવસે નીવી, છઠ્ઠે દિવસે પુરિમઢ્ઢ અને સાતમે દિવસે આઠ કવળ ( અથવા બીજી પ્રતોને આધારે બેસણું પણ છે. ) એ પ્રમાણે સાત દિવસની એક ઓળી થઈ. એવી પાંચ ઓળી કરવાથી ૩૫ દિવસે તપ પૂર્ણ થાય છે.

ઉદ્યાપને પંચતીર્થી બિંબ ભરાવવું. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની ભક્તિ, મોદક ૩૫ તથા બીજી વસ્તુ પાંચ પાંચ પ્રભુ પાસે ઢોકવી. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ સર્વ વિઘ્નની શાંતિ થાય તે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૐ નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૐ નમો સિદ્ધાણં | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૐ નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૐ નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૐ નમો લોએ સવ્વસાહૂણં | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |

## ૪૬. લઘુપંચમી તપ.

[ આ પંચમી તપ સંબંધી વિશેષ વર્ણન અને કથા આના પછી ૪૭ મા બૃહત્પંચમી તપના વિવરણમાં આપેલ છે તે વાંચવું ]

लघुपंचम्यां द्वयशनादि पञ्चमासोत्तरं तपः कृत्वा ।
तत्पञ्चविधं समाप्तौ समाप्यते मासपंचविंशत्या ॥१॥

પંચમીને દિવસે કરવાનો તપ તે પંચમી તપ કહેવાય છે. તે તપ શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, પોષ અને ચૈત્ર, એટલા માસ વર્જીને બીજા માસમાં શુદ પાંચમે શરૂ કરવો. પુરુષે અથવા સ્ત્રીએ જિનચૈત્યને વિષે જાત્યાદિક પુષ્પોવડે દેવપૂજા કરવી. પછી જ્ઞાનનું સ્થાપન કરી તેની પણ પુષ્પાદિ વડે પૂજા કરવી. પછી તેની આગળ શુભ ( અક્ષત ) તંદુલવડે સુંદર સ્વસ્તિક કરવો. તેના પર ઘૃતપૂર્ણ પાંચ વાટવાળો દેદીપ્યમાન દીપક મૂકવો. પાસે ફળ, મોદક આદિ નૈવેદ્ય મૂકવું. પોતે મસ્તક પર ગંધ, અક્ષત અને ચંદનને ધારણ કરી ગુરુ પાસે જઈ શુકલ પંચમી તપનો આરંભ કરવો. પાંચ માસની પાંચ શુક્લ પાંચમને દિવસે બેસણું કરવું. પછી પાંચ માસની પાંચ શુકલ પંચમીએ એકાસણું કરવું. પછી પાંચ માસની પાંચ શુક્લ પંચમીએ નવી કરવી. પછી પાંચ માસની પાંચ શુક્લ પંચમીએ આંબિલ કરવા. પછી પાંચ માસની શુક્લ પંસમીએ ઉપવાસ કરવા. એ પ્રમાણે પચીશ માસે તે તપ પૂર્ણ થાય છે. કોઈ ગચ્છમાં પચીશે માસની દરેક પંચમીએ

જેવી રીતે આરંભ કર્યો હોય એટલે કે બેસણું કે એકાસણું કે નીવી વિગેરે જે તપ વડે આરંભ કર્યો હોય તે જ તપ કરવાની પદ્ધતિ છે.

અથવા આ તપ ઉપર પ્રમાણે શુક્લ પંચમીએ આરંભ કરી શુક્લ તથા કૃષ્ણ એમ બન્ને પંચમી લઈ પચીશ પંચમીએ એટલે એક વર્ષે પૂર્ણ કરવામાં આવે છે. ( નં. અ. )

અથવા ઉપર પ્રમાણે શુક્લ પંચમીએ આરંભી શુક્લ તથા કૃષ્ણ એમ બન્ને પંચમી લઈ પાંચ પંચમીએ આ તપ પૂરો કરવામાં આવે છે. તેમાં ઉદ્યાપને પક્વાન્ન, ફળ વિગેરે તથા જ્ઞાનના ઉપકરણ પાંચ પાંચ ઢોકવા ( નં. ગ. )

અથવા શુક્લ પંચમીએ શરૂ કરી દરેક પંચમીએ ઉપવાસ કરવો. એ રીતે પચીશ પંચમીએ એટલે એક વર્ષે તપ પૂણ કરવો. ( પં. બુ )

ઉદ્યાપનમાં જિનપ્રતિમાની મોટી સ્નાત્ર વિધિપૂર્વક પૂજા કરવી. પાંચ પાંચ વિવિધ પ્રકારના પક્વાન્ન, ફળ, રૂપાનાણું વિગેરે ઢોકવાં. તથા અંગ, ઉપાંગ અથવા નાની પોથી પાંચ લખાવી સાધુને વહોરાવવી. તેના અભાવે સંઘના ભંડારમાં મૂકવી. પુસ્તક ( જ્ઞાન )ની આગળ સાપડા, પાટી, રૂમાલ, દોરી, પીંછી, નવકારવાળી, વાસક્ષેપનો વાવટો અથવા દાબડો, લેખણ, ખડીઓ, મુખવસ્ત્રિકા, દાંડો, રજોહરણ, ઠવણી, ઓઘાનો પાટો, છાબડી, અંગલૂહણાં, સુખડ, વાસક્ષેપ વિગેરે જ્ઞાન, દર્શન તથા ચારિત્રના

ઉપકરણો સર્વે પાંચ પાંચ ઢોકવા. પાંચ પ્રકારના ધાન્ય ઢોકવા. સંઘપૂજા, સંઘવાત્સલ્ય, ગુરુભક્તિ વિગેરે કરવું. આ તપનું ફળ જ્ઞાનનો લાભ થવારૂપ છે. આ યતિ તથા શ્રાવક કરવાનો આગાઢ તપ છે. આ તપ મુખ્યતાએ કરી જ્ઞાનને ઉદ્દેશીને છે, તેમાં જ્ઞાન લખાવવું તથા તેનાં ઉપગરણો કરાવવાં એની આવશ્યકતા છે. જ્ઞાન લખાવવાનો મહિમા આચારોપદેશમાં આ પ્રમાણે વર્ણવ્યો છે—

**लिखाप्यागमशास्त्राणि यो गुणिभ्यः प्रयच्छति ।**
**तन्मात्राक्षरसंख्यानि वर्षाणि त्रिदशो भवेत् ॥ १ ॥**

**અર્થ**—જે માણસ આગમ-શાસ્ત્રો લખાવીને ગુણી મુનિઓને આપે છે, તે પુસ્તકના અક્ષર જેટલાં વર્ષ દેવલોકમાં વસે છે. ( ઇત્યાદિ )

"ૐ નમો નાણસ્સ" પદની નવકારવાળી વીશ, સાથીયા વિગેરે ૫૧ કરવા અથવા પાંચ પાંચ કરવા.

## ૪૭. બૃહત્પંચમી-જ્ઞાનપંચમી તપ

[ જ્ઞાન સંબંધી વર્ણન કરવું કે તેની વિશિષ્ટતા વર્ણવવી તે સુવર્ણને ઓપ આપવા જેવું કાર્ય છે. પ્રત્યેક દર્શન કે તે વર્ગ જ્ઞાનની મહત્તા પીછાણે છે અને તેને વિકસાવવા પ્રયાસ કરે છે; પરંતુ એ લક્ષ રાખવું જોઈએ કે **જ્ઞાન જો સમ્યગ્ હોય તો જ તે "તારક" બની શકે છે.** અન્યથા તે મિથ્યાત્વ-અજ્ઞાન "મારક" બને છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યાયમાં જણાવ્યું છે કે—પઢમં નાણં તઓ દયા" પ્રથમ જ્ઞાન અને પછી દયા ( અહિંસા ). જ્ઞાનની મહત્તા માટે આટલું ટૂંકું જ વાક્ય પર્યાપ્ત છે.

પૂજ્યશ્રી તીર્થંકર ભગવંતે પ્રરૂપેલ ભાવોને શ્રી ગણધર મહારાજાઓએ ગુંથેલ દ્વાદશાંગીને "सम्यगज्ञान" કહી શકાય.

જ્ઞાન એ આત્માનો અદ્વિતીય ગુણ છે. સર્વ કર્મનો નાશ કરી આત્મા જ્યારે સિદ્ધિસ્થાનમાં બિરાજે છે ત્યારે પણ જ્ઞાન ગુણ આત્માની સાથે જ રહે છે. ભયંકર ભવરૂપી સંસાર-સાગરને પાર કરવા માટે જ્ઞાન અતિ ઉપયોગી નૌકા સમાન છે.

જ્ઞાની પુરુષોએ જ્ઞાનની અત્યંત મહત્તા સ્થળે સ્થળે ગાઈ છે, જે પૈકી કિંચિત્ ઉલ્લેખ આપણે જોઈએ.

अन्नदानं परं दानं, विद्यादानं ततः परम् ।
अन्नेन क्षणिका तृप्तिः, यावज्जीवं तु विद्यया ॥

અન્નદાન એ ઉત્તમ દાન છે પરન્તુ વિદ્યાદાન તેનાથી પણ શ્રેષ્ઠ છે, કારણ કે અન્નથી ક્ષણિક તૃપ્તિ થાય છે પરન્તુ વિદ્યાથી તો જીવનપર્યન્ત સંતોષ મળે છે.

न चौरहार्यं न च राजहार्यं, न भ्रातृभाज्यं न च भारकारि ।
व्यये कृते वर्धत एव नित्यं, विद्याधनम् सर्वधनप्रधानम् ॥

વિદ્યા ચોરથી ચોરાતી નથી, રાજાથી હરણ કરાતી નથી, ભાઈ તેમાં ભાગ પડાવી શકતો નથી, તેનો ભાર ઉપાડવો પડતો નથી વાપરવા છતાં હમેશ વૃદ્ધિ જ પામે છે એટલે જ કહેવામાં આવ્યું છે કે-વિદ્યારૂપી ધન સર્વ પ્રકારનાં ધનોમાં શ્રેષ્ઠ છે.

જ્ઞાન-વિરાધના કે જ્ઞાન-આશાતના કદી પણ ન કરવી. આજકાલ દેખાદેખીથી કે અજ્ઞાનને કારણે ઋતુવંતી બહેનો પુસ્તકો વાંચે છે જે જ્ઞાનની આશાતનાનો જ એક પ્રકાર છે. જ્ઞાની પુરુષોએ જ્ઞાનાશાતનાના કડવાં ફળ જણાવ્યાં છેઃ—

**विराधयन्ति ये ज्ञानं, वचसापि हि दुर्धियः ।**
**मूकत्वमुखरोगित्व-दोषास्तेषामसंशयम् ॥**

જે દુષ્ટ બુદ્ધિવાળાઓ વચનવડે પણ જ્ઞાનની વિરાધના કરે છે તેઓને નિશ્ચયે મૂંગાપણું, મુખના રોગો વિગેરે વ્યાધિઓ થાય છે.

જ્ઞાનની આરાધના કે વિરાધના કરવાથી કેવાં ફળો પ્રાપ્ત થાય છે તે પ્રચલિત **વરદત્ત-ગુણમંજરી**ની કથા દ્વારા જાણી શકાય છે. જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે—

## વરદત્ત-ગુણમંજરીની કથા

ભરતક્ષેત્રના **પદ્મપુર** નગરમાં **અજિતસેન** રાજવીને **યશોમતી** રાણીની કૂક્ષીથી **વરદત્ત** નામનો પુત્ર જન્મ્યો હતો. સાત-આઠ વર્ષનો થતાં તેને અધ્યાપકને સોંપ્યો પણ કંઈ પણ અક્ષર ચઢયો નહિ. અધ્યાપકે પાર વગરની

મહેનત કરી પણ પૂર્વના જ્ઞાનાંતરાયને કારણે કંઈ પણ વિદ્યા ન આવડી. યુવાવસ્થા પ્રાપ્ત થતાં કુમારને કોઢનો રોગ થયો, રાજાએ અનેક ઉપચારો કર્યાં પણ દરેક પ્રયત્નમાં નિષ્ફળતા જ સાંપડી.

તે જ નગરમાં **સિંહદાસ** શ્રેષ્ઠીને **કર્પૂરતિલકા** પત્નીથી **ગુણમંજરી** નામની પુત્રી થઈ. તે જન્મથી જ રોગી અને મૂંગી હતી. શ્રેષ્ઠીએ સારા સારા વૈદ્યોદ્વારા શુશ્રૂષા કરાવી, પણ એકે ઉપાય સાર્થક ન થયો. યુવાવસ્થા પ્રાપ્ત થયા છતાં મૂંગી અને રોગી હોવાથી કોઈ તેને પરણવા તૈયાર ન થયું.

એકદા તે જ નગરમાં ચાર જ્ઞાનના ધારક પૂ. **શ્રી વિજયસેનસૂરિ** પધાર્યા. શ્રેષ્ઠી પોતાની પુત્રી સાથે, રાજા પોતાના પુત્ર સાથે તેમજ અસંખ્ય નગરલોકો વંદન કરવા ગયા. સૂરિમહારાજે ગંભીર ધર્મદેશના આપી, જ્ઞાનનું માહાત્મ્ય સમજાવ્યું.

દેશનાને અંતે શ્રેષ્ઠીએ પોતાની ગુણમંજરી પુત્રી મૂંગી અને રોગી કેમ થઈ તેનું કારણ પૂછ્યું. ગુરુમહારાજે તેનો પૂર્વભવ વર્ણવતાં કહ્યું કે–પૂર્વે **ખેટક** નગરમાં **જિનદેવ** શ્રેષ્ઠીને **સુંદરી** નામની પત્ની હતી. તેનાથી તેને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ પ્રાપ્ત થઈ હતી. પુત્રો તેમજ પુત્રીઓ ઉંમરલાયક થતાં તેમને ભણવા મોકલ્યા. પુત્રો જડ જેવા અને ભણવામાં નિરુત્સાહી હતા. મહેતાજી ભણાવતા ત્યારે રમતગમત કરતાં કે આડુંઅવળું ધ્યાન રાખતા, જેથી

તેઓને કશું જ્ઞાન પ્રાપ્ત થયું નહિ. એકદા મહેતાજીએ તેઓને શિક્ષા કરી, એટલે ઘરે આવીને પુત્રોએ તેની માતાને ફરિયાદ કરી. સુંદરી આથી ઉશ્કેરાઈ અને પુત્રોને જણાવ્યું કે-જ્યારે મહેતાજી તેડવા આવે ત્યારે એને પત્થરા મારજો એટલે તે ફરીથી તેડવા આવતા જ અટકી જશે અને તમારે ભણવા જવાનું બંધ થઈ જશે. છોકરાઓએ તો તે પ્રમાણે કર્યું-મહેતાજીને મારીને કાઢી મૂકયા.

સુંદરી આથી ઘણી રાજી થઇ. મનમાં વિચાર્યું કે-હવે મારા છોકરાને મહેતાજી કેવી રીતે મારશે? વળી તેને વિચાર આવ્યો કે ભણેલાને પણ મરવું છે અને ન ભણેલાઓને પણ મરી જવું પડે છે તો પછી ભણવાની માથાકૂટ શા માટે કરવી? એટલે તેણે ઘરમાં હતાં તે બધાં ભણવાના પુસ્તકો ભેગાં કરી બાળી નાખ્યા.

આ જ અવસરે જિનદેવ બહારથી આવી ચઢયો. તેણે સુંદરીની આ ચેષ્ટા જોઈ ઘણો જ ઠપકો આપ્યો. ન ભણવાથી કેવું માઠું પરિણામ આવશે તે સમજાવ્યું; પણ સુંદરી ઉપર તેની કંઈ જ અસર ન થઈ.

છોકરાઓ યુવાન થયા પણ મૂર્ખ ને અજ્ઞાન હોવાથી કોઈએ કન્યા આપી નહીં. જિનદેવે દુકાને બેસાર્યા પણ જ્ઞાન વગર વેપાર કેમ કરે? એકદા પતિ-પત્ની વચ્ચે મૂર્ખ પુત્રો સંબંધી વાતચીત થતાં સુંદરી ઉશ્કેરાણી. ઉકળાટમાંને ઉકળાટમાં તેણી ન બોલવાનું બોલી ગઈ. શેઠને પણ ક્રોધ આવ્યો અને આવેશમાં ને આવેશમાં પાસે પડેલો પત્થર ઉપાડી

માર્યો. તે મર્મસ્થળમાં વાગવાથી સુંદરી તરત જ મૃત્યુ પામી અને તમારી પુત્રી ગુણમંજરી તરીકે ઉત્પન્ન થઈ, પૂર્વ ભવના જ્ઞાનના અંતરાયને કારણે તે મૂંગી તેમજ રોગી થઈ.

આ હકીકત સાંભળતા જ ગુણમંજરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. મૂચ્છિત દશામાં તેણીને પોતાનું સર્વ પૂર્વચેષ્ટિત જણાયું. શ્રેષ્ઠીએ પોતાની પુત્રી માટે ઉપાય પૂછ્યો. ગુરુ મહારાજે જ્ઞાનપંચમીનું આરાધન જણાવી તેનો વિગતવાર વિધિ દર્શાવ્યો. ગુણમંજરીએ જિંદગીપર્યંત જ્ઞાનપંચમી તપનું ઉલ્લાસ સહિત આરાધન કર્યું.

રાજવી અજિતસેને પણ પોતાના પુત્ર વરદત્તના કુષ્ટપણા અંગે ગુરુમહારાજને પૃચ્છા કરતાં ગુરુમહારાજે જણાવ્યું કે—

**શ્રીપુર** નગરમાં **વસુ** શ્રેષ્ઠીને **વસુસાર** અને **વસુદેવ** નામના બે પુત્રો હતા. બાળવયમાં મિત્રો સાથે રમતાં રમતાં તે બંને વનમાં જઈ ચઢયા. ત્યાં શ્રી મુનિસુંદર નામના આચાર્ય મહારાજને ધર્મોપદેશ આપતાં જોયા. તેઓ બંને ત્યાં જઈ બેઠા. વૈરાગ્યવાહિની દેશના સાંભળી બંને જણાએ દીક્ષા લીધી. લઘુબંધુ વસુદેવની પ્રજ્ઞા તીવ્ર હતી. તેમણે અલ્પ સમયમાં શાસ્ત્રોમાં પારંગતતા પ્રાપ્ત કરી. તેમની શક્તિ જોઈ ગુરુમહારાજે તેમને આચાર્યપદવી આપી.

શિષ્યો તેમની પાસેથી પાઠ લેતા અને શાસ્ત્રાધ્યયન કરતાં, એકદા વસુદેવ આચાર્ય રાત્રિના સંથારો કરી સૂતા હતા તેવામાં શિષ્યો પાઠ લેવા આવ્યા. એક શિષ્ય આવે, તે

જાય એટલે બીજો આવે. એમ શિષ્યો વારંવાર આવવા લાગ્યા. તે સર્વને પાઠ આપી શાસ્ત્રબોધ સમજાવી તેઓ કંઇક નિદ્રાવશ થયા તેવામાં એક શિષ્યને પાઠ ન સમજાયાથી પુનઃ પૂછવા આવ્યા અને ગુરુમહારાજને પૃચ્છા કરતાં તેઓ જાગી ગયા અને તેને સમજણ આપી. તે શિષ્યના જવા બાદ વસુદેવ મુનિની વિચારધારામાં પલટો થયો. અશુભ કર્મનો ઉદય આવ્યો. તેમણે વિચાર્યું કે-હું બહુ જ્ઞાની થયો તો આ શિષ્યોને પાઠ લેવા-દેવાની માથાકૂટ કરવી પડે છે, તેના કરતાં ન જ ભણ્યો હોત તો સારું. મારો વડીલબંધુ વસુસાર જ્ઞાની નથી થયો તો તે સુખપૂર્વક કેવી નિદ્રા લઇ રહ્યા છે?

પછી તો તેમણે વાચના આપવા લેવાનું બંધ કર્યું. આગળ અભ્યાસ કરવો પણ બંધ કર્યો અને ભણેલું વિસ્મૃત થઇ જવા લાગ્યું. આ રીતે તેમણે અમૃતનો ઘડો ફોડી નાખી, પાપનો ઘડો સ્વીકાર્યો અને તીવ્ર જ્ઞાનાંતરાય કર્મ બાંધ્યું. આર્ત્ત તેમજ રૌદ્રધ્યાનને વશ થઇ તે વસુદેવ મુનિ કાળ કરી તમારા **વરદત્ત** પુત્ર તરીકે જન્મ્યો છે. પૂર્વ ભવના જ્ઞાનાંતરાયને કારણે તેમને વિદ્યા પ્રાપ્ત થઇ નથી અને કોઢનો રોગ પ્રાપ્ત થયો છે.

આ હકીકત સાંભળતાં જ વરદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું અને ગુરુમહારાજને જ્ઞાનાંતરાયના નિવારણ માટે પૃચ્છા કરી. ગુરુએ તેમને જ્ઞાનપંચમીની આરાધના કરવા જણાવ્યું.

જ્ઞાનપંચમીના આરાધનથી તેનો દેહ સુવર્ણ જેવી કાંતિવાળો બની ગયો. રાજાએ તેમને અનેક રાજકન્યાઓ પરણાવી.

ગુણમંજરી પણ જ્ઞાનપંચમીના આરાધનથી નિરોગી થઈ. શ્રેષ્ઠીએ પણ તેને કુળવાન વણિક પુત્ર સાથે પરણાવી.

કાળક્રમે તેઓ બંનેએ દીક્ષા લીધી. સુંદર ચારિત્ર પાળી તેઓ દેવલોકમાં ઉપજ્યા, ત્યાંથી ચ્યવી વરદત્તનો જીવ મહાવિદેહમાં શૂરસેન નામે રાજવી થયો અને ચારિત્ર પાળી, મુક્તિ પામ્યો. ગુણમંજરીનો જીવ પણ સુગ્રીવ નામે રાજકુમાર થયો અને શુદ્ધ સંયમ પાળી મોક્ષે ગયો.

આ પ્રમાણે જ્ઞાનપંચમીની આરાધના કરવાથી તેઓ સદ્ગતિના ભાજન થયા. જ્ઞાનપંચમીને **સૌભાગ્યપંચમી** પણ કહેવામાં આવે છે.

જ્ઞાન ભણવું, ભણાવવું, સાંભળવું, લખવું, લખાવવું તેમજ જ્ઞાનીની ભક્તિ–બહુમાન કરવું, જેથી જ્ઞાનાંતરાય કર્મ તૂટે છે. જ્ઞાનીની પ્રશંસા કરવી, યથાશક્તિ જ્ઞાનોપગરણ વહેંચવા અને સમ્યગ્જ્ઞાનનો વિકાસ થાય તેમ વર્તવું, એ જ સ્વકલ્યાણની સાચી કૂંચી છે.

જ્ઞાન અને તેના ભેદો–પ્રકારો સંબંધી અગાઉ નવમા, દશમા અને અગિયારમા જ્ઞાન, દર્શન અને ચારિત્ર નામના તપમાં વિવેચન કરવામાં આવેલ છે, જેથી અહીં તેની પુનરુક્તિ કરવામાં આવતી નથી.

**एवमेव तपो वर्षपञ्चकं कुर्वतां नृणाम् ।**
**एकान्तरोपवासैश्च पूर्णं संघतपो भवेत् ॥१॥**

એ જ પ્રમાણે પાંચ વર્ષ સુધી તપ કરતાં મનુષ્યોને બૃહત્પંચમીનું વ્રત પણ પૂર્ણ થાય છે. આ તપનો આરંભ લઘુ પંચમીની જેમ કરવો. વિધિ પણ તે જ પ્રમાણે જાણવો. એક વર્ષની શુક્લ પાંચમે બેસણું કરવું, બીજે વરસે એકાસણું, ત્રીજે વર્ષે નીવી, ચોથે વર્ષે આંબિલ અને પાંચમે વર્ષે ઉપવાસ કરવા. એ પ્રમાણે પાંચ વર્ષે પૂર્ણ થાય છે. ઉદ્યાપન લઘુ પંચમીની જેમ કરવું. (જુઓ તપ નં, ૪૬) તેમાં સર્વ વસ્તુ પચીશ પચીશ ઢોકવી. આ તપનું ફળ મહાજ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

અથવા આ તપ પાંચ વર્ષે અને પાંચ માસની દરેક અજવાળી પાંચમે ઉપવાસ અથવા એકાસણું કરવાથી પણ થાય છે. ગરણું વિગેરે લઘુ પંચમીવત્ જાણવું.

એક પ્રાચીન પ્રતિમા લખેલ છે જે રોગાદિ કારણે પછવાડેથી પણ તપ પૂર્ણ કરાય છે અને ઉદ્યાપન આદ્યમાં, મધ્યમાં કે અન્ત્યે જ્યારે અવસર મળે ત્યારે યથાશક્તિએ કરવાનું છે. તેમાં પાંચ પુસ્તક ભરાવવા વિગેરે કરવાનું છે.

આ તપ ઉત્કૃષ્ટથી આવી રીતે પણ કરવામાં આવે છે—દરેક શુકલ પંચમીનો ઉપવાસ જાવજ્જીવ કરવો. પાંચ વરસ પછી ઉદ્યાપન વિગેરે કરવું. ગરણું નં. ૪૬ ના તપ પ્રમાણે જાણવું.

## ૪૮. ચતુર્વિંધ સંઘ તપ.

[ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ ચતુર્વિંધ સંઘ કહેવાય છે. તેમની સૌ પ્રથમ સ્થાપના, આ અવસર્પિણી કાળમાં યુગાદીશ શ્રી આદિનાથ ભગવંતે કરી હતી. ધર્મનો આધારસ્તંભ આ ચતુર્વિંધ સંઘ જ છે અને તે પાંચમા આરાના છેડા સુધી "દુપ્પસહસૂરિ" પર્યંત રહેવાનો છે.

स्वपरहितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः ।

જે સ્વપરહિત તેમજ મોક્ષના અનુષ્ઠાનને સાધે–પ્રાપ્ત કરે તે સાધુ.

शृणोति जिनवचनम् इति श्रावकः—જે જિનવચનને સાંભળે, આચરે તે શ્રાવક અથવા शृणोति साधुसमीपे साधुसमाचारीमिति श्रावकः—જે સાધુ સમીપે જઈને સાધુ સમાચારી ( સાધુ જીવન સંબંધી ) સાંભળે તે શ્રાવક.

સંઘની શક્તિ અપૂર્વ છે. આ યુગમાં સંઘનું બહુમાન સચવાઈ રહે અને તેની મહત્તા સચવાઈ રહે તે પ્રમાણે વર્તવું જોઈએ ]

उपवासद्वयं कृत्वा ततः स्व–रस–संख्यया ।
एकान्तरोपवासैश्च पूर्णं संघतपो भवेत् ॥१॥

ચતુર્વિંધ સંઘની આરાધના માટે આ તપ છે. તેમાં પ્રથમ એક છઠ્ઠ કરી પારણું કરવું. પછી એકાંતર સાઠ ઉપવાસ કરવા. એ રીતે કરવાથી આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં સંઘવાત્સલ્ય અને સંઘપૂજા કરવી. આ તપનું ફળ તીર્થંકર-

નામકર્મ ઉપાર્જન થાય તે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"ૐ નમો તીત્થસ્સ" પદની નવકારવાળી વીશ, સાથીયા વિગેરે બાસઠ બાસઠ અથવા પચીશ પચીશ કરવા.

## ૪૯. ઘન તપ

एकद्वयेकद्विद्वयेकयुग्मशशिसंख्ययोपवासैश्च ।
पारणकान्तरितैरपि निरन्तरैः पूर्यतेऽत्र घनम् ॥१॥

આ તપ આંકડાના ઘનની યુક્તિએ થાય છે. તેમાં પ્રથમ એક ઉપવાસ કરી પારણું કરવું. પછી બે ઉપવાસ કરી પારણું, પછી એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ કરી પારણું, પછી ફરીથી બે ઉપવાસ કરી પારણું, પછી એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ કરી પારણું, અને પછી એક ઉપવાસ કરી પારણું કરવું. આ રીતે ઉપવાસ બાર તથા પારણાં આઠ મળી વીશ દિવસે આ તપ પૂરો થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિએ પૂજા કરી ઉપવાસની સંખ્યા પ્રમાણે પુષ્પ, ફળ, મોદક વિગેરે દેવ પાસે ઢોકવા. સંઘ વાત્સલ્ય, સંઘપૂજા કરવી. મુનિને દાન દેવું. આ તપનું ફળ મહાલક્ષ્મી (મોક્ષલક્ષ્મી)ની પ્રાપ્તિ થાય તે છે. આ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ, સાથીયા વિગેરે બાર બાર કરવા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૨ | ૧ | યંત્ર. |
| ૧ | ૨ | ૨ | ૧ | |

## ૫૦. મહાઘન તપ

**महाघनतपः श्रेष्ठं एकद्वित्रिभिरेव हि ।**
**उपवासैर्नवकृत्वः पृथक्श्रेणिमुपागतैः ॥१॥**

ઘનના આંકડાના બાહુલ્યપણાથી આ મહાઘન કહેવાય છે. આ તપમાં પ્રથમ શ્રેણિએ અનુક્રમે એક, બે અને ત્રણ ઉપવાસ એકાંતર પારણાવાળા નિરંતર કરવા. બીજી શ્રેણિમાં અનુક્રમે બે, ત્રણ અને એક ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. ત્રીજી શ્રેણિમાં ત્રણ, એક અને બે ઉપવાસ, ચોથી શ્રેણિમાં બે, ત્રણ અને એક ઉપવાસ, પાંચમી શ્રેણિમાં ત્રણ, એક અને બે ઉપવાસ, છઠ્ઠી શ્રેણિમાં એક, બે અને ત્રણ ઉપવાસ, સાતમી શ્રેણિમાં ત્રણ, એક અને બે ઉપવાસ, આઠમી શ્રેણિમાં એક, બે અને ત્રણ ઉપવાસ તથા નવમી શ્રેણીએ બે, ત્રણ અને એક ઉપવાસ એકાંતર પારણાવાળા નિરંતર કરવા. આ રીતે કરવાથી ઉપવાસ ૫૪ તથા પારણા ૨૭ મળી સર્વ દિન ૮૧ એ આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપને મોટી સ્નાત્રપૂર્વક એકાશી એકાશી પુષ્પ, ફળ, મોદક વિગેરે ઢોકવા. ગુરુપૂજા, સંઘપૂજા, સંઘવાત્સલ્ય વિગેરે કરવું, આ તપનું ફળ ચક્રવર્તીની ઋદ્ધિ પ્રાપ્ત થાય તે છે. આ મુનિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૨ | ૩ | ૧ | ૩ | ૧ | ૨ | |
| ૨ | ૩ | ૧ | ૩ | ૧ | ૨ | ૧ | ૨ | ૩ | યંત્ર સ્થાપના. |
| ૩ | ૧ | ૨ | ૧ | ૨ | ૩ | ૨ | ૩ | ૧ | |

## બીજી રીત (જૈન પ્રબોધ) (ચાર પર્યંત ઘન)

પ્રથમની રીત કરતાં અધિક તપ કરવો હોય તો આ રીતે કરવો. પ્રથમ શ્રેણીએ એક, બે, ત્રણ અને ચાર નિરંતર ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. બીજી શ્રેણીએ બે, ત્રણ, ચાર અને એક. ત્રીજી શ્રેણીમાં ત્રણ, ચાર, એક અને બે. ચોથી શ્રેણીમાં ચાર, એક, બે અને ત્રણ. પાંચમીમાં બે, ત્રણ, ચાર અને એક. છઠ્ઠીમાં ત્રણ, ચાર, એક અને બે. સાતમીમાં ચાર, એક, બે અને ત્રણ. આઠમીમાં એક, બે, ત્રણ અને ચાર. નવમીમાં ત્રણ, ચાર, એક અને બે. દશમીમાં ચાર, એક, બે અને ત્રણ. અગિયારમીમાં એક, બે, ત્રણ અને ચાર, બારમીમાં બે ત્રણ, ચાર અને એક. તેરમીમાં ચાર, એક, બે અને ત્રણ. ચૌદમીમાં એક; બે, ત્રણ અને ચાર. પંદરમીમાં બે, ત્રણ, ચાર અને એક તથા સોળમીમાં ત્રણ, ચાર, એક અને બે. એ પ્રમાણે અનુક્રમે નિરંતર ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. એ રીતે ઉપવાસ ૧૬૦ તથા પારણા ૬૪ મળી ૨૨૪ દિવસે પૂર્ણ થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૪ | ૧ | ૨ |

## ત્રીજી રીત ( પાંચ પર્યંત ઘન )

પ્રથમ શ્રેણીએ અનુક્રમે એક, બે, ત્રણ, ચાર અને પાંચ

ઉપવાસ નિરંતર એકાંતર પારણાવાળા કરવા. બીજી શ્રેણીએ બે, ત્રણ, ચાર, પાંચ અને એક. ત્રીજી શ્રેણીએ ત્રણ, ચાર, પાંચ, એક અને બે. ચોથી શ્રેણીએ ચાર, પાંચ, એક, બે અને ત્રણ. પાંચમી શ્રેણીએ પાંચ, એક, બે, ત્રણ અને ચાર. છઠ્ઠી શ્રેણીએ બે, ત્રણ, ચાર, પાંચ અને એક. સાતમી શ્રેણીએ ત્રણ, ચાર, પાંચ, એક અને બે. આઠમી શ્રેણીએ ચાર, પાંચ, એક, બે ને ત્રણ. નવમી શ્રેણીએ પાંચ, એક, બે, ત્રણ ને ચાર. દશમી શ્રેણીએ એક, બે, ત્રણ, ચાર ને પાંચ. અગિયારમી શ્રેણીએ ત્રણ, ચાર, પાંચ, એક ને બે. બારમી શ્રેણીએ ચાર, પાંચ, એક, બે ને ત્રણ. તેરમી શ્રેણીએ પાંચ, એક, બે, ત્રણ ને ચાર. ચૌદમી શ્રેણીએ એક, બે, ત્રણ, ચાર ને પાંચ પંદરમી શ્રેણીએ બે, ત્રણ, ચાર, પાંચ ને એક. સોળમી શ્રેણીએ ચાર, પાંચ, એક, બે ને ત્રણ. સત્તરમી શ્રેણીએ પાંચ, એક, બે, ત્રણ ને ચાર. અઢારમી શ્રેણીએ એક, બે, ત્રણ, ચાર ને પાંચ. ઓગણીશમી શ્રેણીએ બે, ત્રણ, ચાર, પાંચ ને એક. વીશમી શ્રેણીએ ત્રણ, ચાર, પાંચ, એક ને બે. એકવીશમી શ્રેણીએ પાંચ, એક, બે, ત્રણ ને ચાર. બાવીશમી શ્રેણીએ એક, બે, ત્રણ, ચાર ને પાંચ. ત્રેવીશમી શ્રેણીએ બે, ત્રણ, ચાર, પાંચ ને એક. ચોવીશમી શ્રેણીએ ત્રણ, ચાર, પાંચ, એક ને બે. પચીશમી શ્રેણીએ ચાર, પાંચ, એક, બે ને ત્રણ. આ રીતે કરવાથી ઉપવાસ દિન ૩૭૫ તથા પારણા દિન ૧૨૫ મળી કુલ દિન ૫૦૦ એટલે સોળ માસ ને દિન વીશવડે આ તપ પૂર્ણ થાય છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી ૨૦ ગણવી, તણા સાથીયા વિગેરે બાર બાર કરવા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |

## ચોથી રીત [ છ પર્યંત ઘન ]

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પ્રથમ | શ્રેણીએ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| બીજી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| ત્રીજી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |
| ચોથી | ,, | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| પાંચમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| છઠ્ઠી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સાતમી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| આઠમી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |
| નવમી | ,, | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| દસમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| અગિયારમી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બારમી | ,, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તેરમી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ચૌદમી | શ્રેણીએ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| પંદરમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| સોળમી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સત્તરમી | ,, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| અઢારમી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| ઓગણીસમી | ,, | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| વીશમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| એકવીશમી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બાવીશમી | ,, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ત્રેવીશમી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| ચોવીશમી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |
| પચીશમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| છવીશમી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સત્તાવીશમી | ,, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| અઠ્ઠાવીશમી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| ઓગણત્રીશમી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |
| ત્રીશમી | ,, | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| એકત્રીશમી | ,, | ૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| બત્રીશમી | ,, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તેત્રીશમી | ,, | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ |
| ચોત્રીશમી | ,, | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ |
| પાંત્રીશમી | ,, | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ |
| છત્રીશમી | ,, | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૪ |

આ રીતે કરવાથી ઉપવાસ ૭૫૬ તથા પારણા ૨૧૬ સર્વ દિન ૯૭૨ એટલે બે વર્ષ, આઠ માસ ને બાર દિવસે આ તપ પૂર્ણ થાય છે.

"નમો અરિહંતાણં" પદની નવકારવાળી ૨૦ સાથિયા વિગેરે બાર બાર કરવા.

❁

## ૫૧. વર્ગ તપ

एकद्वयेककयुग्मयुग्मवसुधायुग्मेन्दुभूयामल-
क्ष्मायुग्मद्वयभूमियुग्मधरणीयुग्मेन्दुयुग्मैककैः ।
एकद्वयेकभुजद्विभूमियुगलज्याज्याद्विभूमिद्वयै-
रेकद्वयेकभुजद्विचन्द्रयमलैरेककयुग्मेन्दुभिः ॥१॥

द्विद्वयेकद्विमहीद्विभूमियुगलज्याज्याद्विभूमिद्वयैः,
द्वयेकद्वयेकमहीद्विचन्द्रयुगलैः श्रेण्यष्टकत्वं गतैः ।
वर्गाख्यं तप उच्यते ह्यनशनैर्मध्योल्लसत्पारणैः,
सर्वत्रापि निरन्तरैरपि दिनान्यस्मिन् खषट्भूमयः ॥२॥

વર્ગના આંકવડે જે તપ તે વર્ગ તપ કહેવાય છે. તેમાં નીચે પ્રમાણે એકાંતર પારણાવાળા નિરંતર ઉપવાસવડે આઠ શ્રેણીએ તપ કરવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલી | શ્રેણી | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ |
| બીજી | ,, | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ |
| ત્રીજી | ,, | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ |
| ચોથી | ,, | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ |
| પાંચમી | ,, | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| છઠ્ઠી શ્રેણી | ૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ |
| સાતમી ,, | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ |
| આઠમી ,, | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ |

એટલે કે પ્રથમ એક ઉપવાસ કરી પારણું કરવું, પછી બે ઉપવાસ કરી પારણું, પછી એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ કરી પારણું પછી એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ કરી પારણું, અને પછી એક ઉપવાસ કરી પારણું કરવું. એ રીતે પહેલી શ્રેણી થઈ. તે પ્રકારે બીજી સાતે શ્રેણીઓ કરવી તે પ્રમાણે કરતાં ઉપવાસ ૯૬ તથા પારણા ૬૪ મળી કુલ દિન ૧૬૦ થાય. ઉદ્યાપને મોટી સ્નાત્રપૂર્વક ૧૬૦ મોદક, ફળ, પુષ્પ, વિગેરે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ મહાઋદ્ધિ પ્રાપ્ત થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણામાં "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૫૨. શ્રેણી તપ.

**श्रेणौ षट्श्रेणयः प्रोक्ता, एको द्वौ प्रथमे क्षणे ।**
**द्वितीयादिषु चैकैकक्रमवृद्धयाऽभिजायते ॥१॥**

શ્રેણીના અંકવડે જે તપ તે શ્રેણીતપ કહેવાય છે. આ શ્રેણીતપમાં છ શ્રેણીઓ કહી છે. તેમાં પ્રથમ શ્રેણીએ પ્રથમ એક ઉપવાસ કરી પારણું કરવું, પછી બે ઉપવાસ કરી

પારણું કરવું. બીજી શ્રેણીમાં પ્રથમ એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું. ત્રીજી શ્રેણીમાં એક, બે, ત્રણ અને ચાર ઉપવાસ, એ જ પ્રમાણે પારણાવાળા કરવા. ચોથી શ્રેણીમાં એક, બે, ત્રણ, ચાર, અને પાંચ. પાંચમીમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, અને છ, તથા છઠ્ઠીમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત નિરંતર ઉપવાસ અનુક્રમે પારણાના આંતરાવાળા કરવા. એ રીતે કરવાથી ઉપવાસ ૮૩ અને પારણા ૨૭ મળી કુલ ૧૧૦ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપને મોટી સ્નાત્ર વિધિપૂર્વક ૧૧૦ પક્વાન્ન, ફળ, પુષ્પ વગેરે ઢોકવા. સંઘ-વાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૫૩. પંચ મેરુ તપ. (મેરુમંદિર તપ)

[ મહાવિદેહ ક્ષેત્રની મધ્યમાં મેરુ પર્વત આવેલ છે. તે પર્વત એક લાખ યોજન ઊંચો પીત સુવર્ણમય શાશ્વત છે. આ પર્વતનું ૧૦૦૦ યોજનપ્રમાણ મૂળ જમીનમાં ગયેલું છે. અને ૯૯૦૦૦ યોજન જમીન બહાર છે એટલે તે પર્વત જ્યોતિ-ષ્ચક્રને વટાવીને આગળ ગયેલ છે અને તેનું મૂળ રત્ન-પ્રભા પૃથ્વીના પ્રથમ કાંડ પર્યંત પહોંચેલ છે. જમીન પર દેખાતા

તળને "સમભૂતલ" કહેવાય છે અને તે સ્થળે તેનો વિસ્તાર ૧૦૦૦ યોજનનો છે. ઉપર જતાં ક્રમશઃ ઘટતા ઘટતા શિખરભાગે તે પર્વત એક હજાર યોજન પ્રમાણ પહોળો રહે છે. તેથી આ પર્વત ઊંચા કરેલા "ગોપુચ્છ" જેવો જણાય છે.

આ પર્વત ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે. જમીનમાં રહેલ હજાર યોજનથી હીન ભાગ તે પ્રથમકાંડ. આ કાંડ કાંકરા, પત્થર અને રત્નાદિથી વ્યાપ્ત છે. ત્યારબાદ ૬૩૦૦૦ યોજન પ્રમાણ સ્ફટિકરત્ન, અંકરત્ન તેમજ સુવર્ણાદિ રત્નવાળો બીજો કાંડ છે. સમભૂતલાથી ૫૦૦ યોજને "નંદનવન" આવેલ છે, નીચે કંદભાગે 'ભદ્રશાલવન' છે અને ૬૩૦૦૦ યોજને 'સોમનસ વન' છે. આ સોમનસ વનથી શિખર સુધીનો ભાગ તે ત્રીજો કાંડ કહેવાય છે, અને તે જાંબુનદ સુવર્ણનો બનેલ છે. આ ત્રીજા કાંડ પર 'પાંડુકવન' આવેલ છે, જેના મધ્યમાં એક ચૂલિકા આવેલી છે, જે ૪૦ યોજન ઊંચી, મૂળમાં ૧૨ યોજન પહોળી અને શિખરે ૪ યોજન પહોળી છે. વૈડુર્ય રત્નની શ્રીદેવીના ભવન સરખી વૃત્તાકાર અને ઉપર એક એક મહાન શાશ્વત ચૈત્યગૃહવાળી આ ચૂલિકાથી ૫૦૦ યોજન દૂર ચારે દિશામાં ચાર જિનભુવન છે. આ ચારે ભુવનની બહાર ભરતાદિ ક્ષેત્રોની દિશા તરફ ૨૫૦ યોજન પહોળી, ૫૦૦ યોજન દીર્ઘ, ૪ યોજન ઊંચી, અષ્ટમીના ચંદ્ર જેવી શ્વેત અર્જુન સુવર્ણની ચાર અભિષેકશિલાઓ વર્તે છે. તે પ્રત્યેક શિલા વેદિકા

સહિત વનવાળી છે, એમાં પૂર્વ દિશામાં 'પાંડુકંબલા', પશ્ચિમ દિશામાં 'રક્તકંબલા' ઉત્તરમાં 'અતિરક્તકંબલા' અને દક્ષિણ દિશામાં 'અતિપાંડુકંબલા' નામની શિલાઓ છે. તેમાં પૂર્વ તેમજ પશ્ચિમની બંને શિલાઓ પર ૫૦૦ ધનુષ લાંબા, ૨૫૦ ધનુષ પહોળા અને ૪ ધનુષ્ય ઊંચા એવા બે સિંહાસનો છે અને ઉત્તર તેમજ દક્ષિણ દિશાની શિલાઓ ઉપર ઉપરના જ પ્રમાણવાળું એકેક સિંહાસન હોય છે.

પૂર્વ તેમજ પશ્ચિમ દિશાની શિલાઓ ઉપર પૂર્વ તેમજ પશ્ચિમ મહાવિદેહના તીર્થંકર ભગવંતોની સ્નાનાભિષેક ક્રિયા કરવામાં આવે છે જ્યારે ઉત્તર દિશાની શિલા પર ભરતક્ષેત્રના અને દક્ષિણ દિશાની શિલા પર ઐરવત ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકર ભગવંતોનો સ્નાનાભિષેક થાય છે.

અઢી દ્વીપને વિષે પાંચ મેરુપર્વતો હોય છે, તેને ઉદ્દેશીને આ તપ કરવામાં આવે છે જેથી **પંચ મેરુતપ** કહેવાય છે. જેમ પરમાત્માના સ્નાત્રજળના અભિષેકથી મેરુપર્વત કૃતકૃત્ય બને છે તેમ આ તપના આચરણથી ભવિક જનો પણ ધન્ય બને છે.

❋

**प्रत्येकं पञ्चमेरूणामुपोषणकपञ्चकम् ।**
**एकान्तरं मेरुतपस्तेन संजायते शुभम् ॥ १ ॥**

મેરુપર્વતની સંખ્યાએ કરીને જે તપ કરવો તે મેરુ તપ કહેવાય છે. તેમાં પાંચ મેરુને ઉદ્દેશીને પ્રત્યેકે પ્રત્યેકે

પાંચ પાંચ ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. તેથી પચીશ ઉપવાસ અને પચીશ પારણાંવડે તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિએ પૂજા કરી પાંચ સુવર્ણના મેરુ કરાવી ઢોકવા. તથા પચીશ પચીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. આ તપનું ફળ ઉત્તમ પદની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે નીચે પ્રમાણે. જે મેરુને ઉદ્દેશીને તપ ચાલતો હોય તે નામનું ગરણું વિગેરે જાણવું.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ સુદર્શનમેરુજિનાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૨ વિજયમેરુજિનાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૩ અચલમેરુજિનાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૪ મંદરમેરુજિનાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૫ વિદ્યુન્માલિમેરુજિનાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |

## બીજી રીત ( ટીપ્પણ )

અથવા માત્ર પાંચ ઉપવાસ એકાંતર બેસણાવાળા કરવા એટલે આ તપ દશ દિવસે પણ કરી શકાય છે. બીજો વિધિ ઉપર પ્રમાણે સમજવો.

## ૫૪. બત્રીશ કલ્યાણક તપ

[ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના બત્રીશ વિજયોમાં, ઉત્કૃષ્ટ કાળે થતાં બત્રીશ તીર્થંકર ભગવંતોના કેવળજ્ઞાન કલ્યાણકને ઉદ્દેશીને આ તપ કરવામાં આવે છે.

કલ્યાણક એટલે પરમ શ્રેષ્ઠ દિવસ. તે દિવસે નારકી જેવા અતિ દારુણ દુઃખી જીવને પણ ક્ષણિક સુખનો અનુભવ થાય છે ]

उपवासत्रयं कृत्वा, द्वात्रिंशदुपवासकाः ।
एकभक्तांतरास्तस्मादुपवासत्रयं वदेत् ॥१॥

બત્રીશ ઉપવાસવડે જણાતાં કલ્યાણકોને બત્રીશ કલ્યાણક કહે છે. તેમાં પ્રથમ અઠ્ઠમ કરીને પારણું કરવું. પછી એકાંતરા એકાસણાના પારણાવાળા બત્રીશ ઉપવાસ કરવા તથા છેડે અઠ્ઠમ કરીને પારણું કરવું. એમ કરવાથી આ તપ આડત્રીશ ઉપવાસ અને ચોત્રીશ પારણાવડે એટલે બોંતેર દિવસે પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક બત્રીશ બત્રીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (આ તપ વસુદેવહિંડીમાં છે.)

ગરણું તપ નંબર ૪૦ માં કહેલા "જંબૂદ્વીપના પ્રથમ મહાવિદેહે જિનનામ" એ મથાળે લખેલા બત્રીશ નામનું ગણવું. સાથીયા, ખમાસમણા વિગેરે પણ તે જ પ્રમાણે કરવા. આ તપ જંબૂદ્વીપમાં રહેલા મહાવિદેહમાં ઉત્કૃષ્ટ કાળે થયેલા ૩૨ પ્રભુના કેવળજ્ઞાન પ્રાપ્તિરૂપ કલ્યાણકના આરાધન સંબંધી જાણવો.

## ૫૫. ચ્યવન તપ તથા જન્મ તપ

[ તીર્થંકર પરમાત્માના ચ્યવન તેમજ જન્મકલ્યાણકને આશ્રયીને કરાતાં તપને ચ્યવન તેમજ જન્મકલ્યાણક તપ કહેવાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માનો જીવ, દેવગતિમાં અપૂર્વ સુખ ભોગવી મનુષ્યક્ષેત્રને વિષે, કર્મભૂમિમાં, ઉત્તમ કુળમાં ધનાઢ્ય કે પ્રતાપી રાજાની શીલ વિગેરેથી ગુણસંપન્ન રાણીની કુક્ષિએ અવતરે છે. દેવગતિમાંથી ગર્ભમાં અવતરવાના સમયને " ચ્યવન " કહેવાસાં આવે છે.

દેવનું જ્યારે છ માસ શેષ આયુ રહે છે ત્યારે તેના કંઠમાં રહેલ પુષ્પની માળા કરમાઈ જાય છે. કલ્પવૃક્ષ કંપવા લાગે છે, વસ્ત્ર મેલા જણાય છે, આળસ આવવા માંડે, કામ-રાગ વૃદ્ધિ પામે, અંગ ભાંગે, દૃષ્ટિમાં ભ્રમ થવા લાગે, શરીર ધ્રૂજવા લાગે અને અરતિ ઉત્પન્ન થાય પરન્તુ તીર્થંકર થનારા દેવનું તેજ ચ્યવનકાળ સુધી ઊલટું વૃદ્ધિ પામતું રહે અને ઉપર જણાવ્યાં તેવાં દૂષિત ચિહ્નો તેમને જણાતાં નથી.

જ્યારે તીર્થંકર થનાર દેવનો જીવ સ્વર્ગમાંથી ચ્યવે છે, ત્યારે પૃથ્વી પર અશિવ-ઉપદ્રવ વિગેરે શમી જાય છે અને નારકીના જીવને પણ ક્ષણમાત્ર સુખ મળવાથી હર્ષ પામે છે. જ્યારે તીર્થંકર પરમાત્માનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારે જિનમાતા ચૌદ મહાસ્વપ્નો જુએ છે.

સમસ્ત જગત હર્ષવંત હોય, નિમિત્ત અને શકુનાદિ યોગો સારાં હોય તે સમયે મધ્યરાત્રિએ, પૃથ્વી જેમ નિધાનને પ્રસવે તેમ, જિનમાતા જિનેશ્વર ભગવંતને જન્મ આપે છે. પરમાત્માના જન્મ સમયે સર્વ દિશાઓ પ્રફુલ્લિત બને છે. છપ્પન દિક્કુમારિકાઓ આવી પ્રસૂતિ સંબંધી સર્વ કાર્ય કરે છે. જન્મ થતાં જ સૌધર્મેંદ્રનું આસન કંપે છે એટલે જન્મસ્થળે આવી માતા પાસે પરમાત્માનું પ્રતિબિંબ મૂકી, પંચરૂપ કરી પરમાત્માને મેરુપર્વત પર લઈ જાય છે. ત્યાં બાકીના ત્રેસઠ ઇંદ્રો પણ પરિવાર સાથે આવી પહોંચે છે અને પરમાત્માનો મહોત્સવ અતિ હર્ષપૂર્વક સ્નાનાભિષેક કરે છે. ]

❋

**चतुर्विंशतितीर्थेशानुद्दिश्य च्यवनात्मकम् ।**
**विना कल्याणकदिनैः, कार्यानशनपद्धति ॥१॥**

ચ્યવનને ઉદ્દેશીને જે તપ તે ચ્યવન તપ કહેવાય છે. તેમાં ચોવીશ તીર્થંકરોને ઉદ્દેશીને તેમના કલ્યાણકના દિવસ વિના એકાંતર ચોવીશ ઉપવાસ કરવા. ઉદ્યાપને મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનેશ્વર પાસે ચોવીશ ચોવીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવા. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ સદ્દગતિની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

જન્મ તપ પણ એ જ પ્રમાણે કરવો.

જે દિવસે જે તીર્થંકરનો તપ ચાલતો હોય તે દિવસે તેમના નામનું ગરણું ગણવું. નવકારવાળી વીશ ગણવી. (સાથીયા વિગેરે બાર કરવા.) ચ્યવનના તપમાં 'ઋષભ સ્વામી પરમેષ્ઠિને નમઃ' એ રીતે પરમેષ્ઠી પદ ૨૪ પ્રભુના નામ સાથે જોડીને ગણવું. તથા જન્મના તપમાં 'ઋષભ-સ્વામી અર્હતે નમઃ' એ રીતે અર્હતે પદ ૨૪ પ્રભુના નામ સાથે જોડીને ગણવું. ઈત્યાદિ (જુઓ નંબર ૮ વાળો તપ.)

## ૫૬. સૂર્યાયણ તપ

[ જેમાં બારમો તપ ચાંદ્રાયણને લગતો છે તેવી જ રીતે આ સૂર્યાયણ તપ છે. સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે સૂર્યનું સ્થાન છે. તે જ્યોતિષી દેવોનો ઇંદ્ર છે. મનુષ્ય-ક્ષેત્રમાં સૂર્ય ચર એટલે કે ફરતો છે જ્યારે અઢી દ્વીપની બહાર તેના વિમાનો સ્થિર છે.

સૂર્યના વિમાનને સોળ હજાર દેવો વહન કરે છે. તેની ગતિ ચંદ્ર કરતાં શીઘ્ર છે, પણ ઋદ્ધિ ચંદ્ર કરતાં ઓછી છે. સૂર્યને લગતું વિશેષ વર્ણન બૃહત્સંગ્રહણીમાંથી વાંચી લેવું.]

સૂર્યની જેમ અયન એટલે ગતિ અર્થાત્ હાનિ અને વૃદ્ધિએ જે તપ થાય તે સૂર્યાયણ તપ કહેવાય છે. આ તપ વજ્રમધ્ય તથા યવમધ્ય ચાંદ્રાયણની જેમ જ કરવો, પરંતુ

આ તપ કૃષ્ણપક્ષની પ્રતિપદાએ આરંભવો. ઉદ્યાપનમાં ચંદ્રને ઠેકાણે સૂર્ય કરવો. બાકી સર્વ ચાંદ્રાયણ તપ પ્રમાણે જાણવું. આ તપનું ફળ મોટા રાજ્યની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (નંબર ૧૨ વાળો તપ જુઓ.)

## ૫૭. લોકનાલિ તપ

આ લોક ચૌદ રાજપ્રમાણ છે ત્યારબાદ અલોકાકાશ છે. સાતમી નારકીના અંતિમ તળીયાથી પ્રથમ નારકીના ઉપરિતન તળીયા પર્યંત સાત રજ્જુ (રાજ) પ્રમાણ થાય છે. ત્યારબાદ તિર્યગ્લોક (જેમાં આપણે વસીએ છીએ) વટાવીને સૌધર્મ તથા ઈશાન દેવલોકના ઉપરિતન પ્રતરે આઠ, સનત્કુમાર તથા માહેંદ્રના અંતિમ પ્રતરે નવ, બ્રહ્મ દેવલોક વટાવી લાંતક દેવલોકે દશ, મહાશુક્ર વટાવી સહસ્રાર દેવલોકે અગિયાર, આરણ તથા અચ્યુતાન્તે બાર, નવ ગ્રૈવેયકાન્તે તેર અને પાંચ અનુત્તર વિમાનો વટાવી સિદ્ધશિલાન્તે ચૌદમો રજ્જુ (રાજ) પૂર્ણ થાય છે.

આ લોક "વૈશાખ" સંસ્થાને એટલે બે હાથોને બંને કેડ પર રાખી બે પગ પહોળા રાખી ટગર ટગર ઊભો હોય તેવા પુરુષના આકારનો છે. આ ઉપરાંત વૃદ્ધ પુરુષ, ત્રિશરાવ સંપુટ કે વલોણું કરતી યુવાન સ્ત્રીના આકારનો પણ લોકના આકાર સાથે સરખાવાય છે.

ઓ લોક કોઈએ ઉત્પન્ન કર્યો નથી. સ્વયંસિદ્ધ નિરાધાર સદા શાશ્વત છે. આ લોક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયમય છે. આ ચૌદ રાજલોક મધ્યે ત્રસ જીવોના પ્રાધાન્યવાળી, ચૌદ રાજપ્રમાણ લાંબી અને એક રાજ પહોળી "ત્રસનાડી" આવેલ છે, જેમાં એકેન્દ્રિયથી માંડી પંચેંદ્રિય પર્યન્ત જીવો હોય છે. તેની બહારના લોકક્ષેત્રમાં કેવળ એકેંદ્રિય જીવો જ હોય છે.

અધો, તિર્યક્ અને ઉર્ધ્વ એ ત્રણે સ્થાનો "લોક" શબ્દ લગાડીને બોલાય છે. અધોભાગે અધિક સાત રાજ પૃથ્વી છે. ઊર્ધ્વ ભાગે કાંઈક ન્યૂન સાત રાજ પૃથ્વી છે. ઊર્ધ્વ લોકના સાત રાજ્ય મધ્યે તિર્યગ્લોક તેમજ સિદ્ધશિલાનો સમાવેશ થાય છે

ઊર્ધ્વલોક સાત રજ્જુથી ન્યૂન મૃદંગાકારે, તિર્યગ્લોક ૧૮૦૦ યોજન ઘંટાકારે અને અધોલોક સાત રજ્જુથી અધિક અધોમુખી કુંભીના આકારે છે,

અધોલોકમાં નારકીઓ, પરમાધામીઓ, ભુવનપતિ દેવ–દેવીઓ વિગેરેનાં સ્થાનો છે. તીર્છાલોકમાં વ્યંતરો અને મનુષ્યો, અસંખ્ય દ્વીપ–સમુદ્રો, જ્યોતિષી દેવો આવેલા છે, ઊર્ધ્વલોકમાં સદાનંદ નિમગ્ન ઉત્તમ કોટીના વૈમાનિક દેવો તથા તેમના વિમાનો છે. ત્યારબાદ સિદ્ધ પરમાત્માથી વાસિત સિદ્ધશિલાગત સિદ્ધ પરમાત્માઓ રહેલ છે.]

**सप्तपृथ्व्यो मध्यलोकः, कल्पा ग्रैवेयका अपि ।**
**अनुत्तरा मोक्षक्षिला, लोकनालिरितीर्यते । ॥१॥**
**एकभक्तान्युपवास एकभक्तानि नीरसाः ।**
**आचाम्लान्युपवासश्च क्रमात्तेषु तपः स्मृतम् ॥ २ ॥**

લોકનાલના ક્રમે કરીને જે તપ કરવો તે લોકનાલિ તપ કહેવાય છે. તેમાં સાત નરક પૃથ્વી, એક મધ્ય લોક, બાર કલ્પ, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન તથા મોક્ષ (સિદ્ધ)-શિલા એ લોકનાળ કહેવાય છે તેમાં સાત નરક પૃથ્વીને ઉદ્દેશીને સાત એકાસણાં કરવાં. પછી મધ્ય લોકને ઉદ્દેશીને એક ઉપવાસ કરવો. પછી બાર કલ્પ (દેવલોક)ને ઉદ્દેશીને બાર એકાસણાં કરવાં. પછી નવ ગ્રૈવેયકને આશ્રયીને નવ નવી કરવી. પછી પાંચ અનુત્તર વિમાનને આશ્રયીને પાંચ આંબીલ કરવા. પછી સિદ્ધશિલાને આશ્રયીને એક ઉપવાસ કરવો. એ પ્રમાણે પાંત્રીશ દિવસવડે આ તપ પૂર્ણ થાય છે. તેમાં એકાસણાં ૧૯, નીવી, ૯, આંબીલ ૫ અને ઉપવાસ ૨ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનપૂજા કરવી. રૂપાની સાત પૃથ્વીઓ, સુવર્ણમય મધ્યલોક, વિવિધ મણિમય બાર કલ્પો, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન તથા સ્ફટિકમય સિદ્ધશિલા (રૂપાના ચંદ્ર સહિત*) કરવી અને તેના પર સુવર્ણ તથા રત્નો સ્થાપવાં અને તે સર્વ દેવ પાસે પુરુષ પ્રમાણ અક્ષતનો ઢગલો

* રૂપાનો ચંદ્ર કરવાનું (બ) વિગેરે નંબરવાળી પ્રતિઓ કહે છે.

કરી તેના પર મૂકવાં. નાના પ્રકારનાં પક્વાન્ન, ફળ ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા

## ૫૮. કલ્યાણક અષ્ટાહ્નિકા તપ

[ કલ્યાણકને અનુલક્ષીને આઠ–આઠ દિવસ પર્યંત કરાતો તપ તે કલ્યાણક અષ્ટાહ્નિકા તપ કહેવાય છે. ]

**एकभक्ताष्टकं कार्यमर्हत्कल्याणपञ्चके ।**
**प्रत्येकं पूर्यते तच्च बृहदष्टाह्निकातपः ॥१॥**

ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકોવડે સંયુક્ત થયેલા આઠ આઠ દિવસો હોવાથી કલ્યાણક અષ્ટાહ્નિકા નામે તપ કહેવાય છે. તેમાં ઋષભાદિક એક એક તીર્થંકરના એક એક કલ્યાણકને આશ્રયીને આઠ આઠ એકાસણાં કરવાથી ચાળીશ એકાસણાવડે એક તીર્થંકરના કલ્યાણકોનો તપ પૂર્ણ થાય છે. એ રીતે બીજા ત્રેવીશ તીર્થંકરોના કલ્યાણકોને આશ્રયીને ચાળીશ ચાળીશ એકાસણાં કરવાથી કલ્યાણક અષ્ટાહ્નિકા તપ પૂર્ણ થાય છે. સર્વ મળીને ૯૬૦ એકાસણાં થાય છે. કદાચ એક તીર્થંકરથી બીજા તીર્થંકરના કલ્યાણકતપની વચ્ચે આંતરો પડે તો તેમાં અડચણ નથી. પણ ચાળીશ એકાસણાંની અંદર તો આંતરો પડવો ન જોઈએ. ઉદ્યાપનમાં એકસો ને વીશ વીશ

(અથવા માત્ર ચોવીશ ચોવીશ*) પક્વાન્ન, ફળ વિગેરે મોટી સ્નાત્ર વિધિપૂર્વક ઢોકવાં. સાધુને વસ્ત્ર, અન્ન, પાત્ર વિગેરેનું દાન દેવું. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ તીર્થંકરનામકર્મનો બંધ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. જે તીર્થંકરના જે કલ્યાણકનો તપ ચાલતો હોય તે તે તીર્થંકરના નામનું ગરણું ગણવું. (નં. ૮વાળો તપ જુઓ)

## ૫૯. આંબિલ વર્ધમાન તપ.

[ છ વિગયના ત્યાગપૂર્વક કરાતું એકાશન તે આયંબિલ કહેવાય છે. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પક્વાન્ન એ છ વિગયો છે. વિગય એટલે વિકૃતિ, જે રસના સેવનથી મન, વચન અને કાયામાં વિકૃતિ આવે તે વિગય.

આજે પ્રતિદિન આંયબિલ તપની મહત્તા વધતી જાય છે અને તે તપનું આચરણ કરનાર ભવ્યાત્માઓની સંખ્યા પણ વૃદ્ધિ પામતી જાય છે. આયંબિલ એ ઉત્તમ પ્રકારનો તપ છે, રસનેંદ્રિયને જીતવા માટે અમોઘ ઉપાય છે.

ચૈત્ર અને આસો માસમાં એક સાથે કરાતાં નવ આયંબિલને "શ્રી નવપદજીની ઓળી" કહેવામાં આવે છે. આ શ્રી સિદ્ધચક્ર ભગવંતના આરાધનથી શ્રીપાલ અને મયણાસુંદરી આ લોક ને પરલોકમાં અતિ ઋદ્ધિ-સિદ્ધિને પ્રાપ્ત કરી શકયા હતા, તે હકીકત આપણા સમાજમાં સુવિદિત છે.

* આવો પાઠ અ. બ. વિગેરે પ્રતિઓમાં છે.

ચઢતા ક્રમે ઓળી કરવી તે "વર્દ્ધમાન તપ" કહેવાય છે. આ કાળમાં પણ કેઈક ભવ્યાત્માઓ વિકટ ગણાતી આ વર્ધમાન તપની સો ઓળી પૂર્ણ કરી શકયા છે. શ્રીચંદ કેવળીએ પૂર્વભવે આ આયંબિલ વર્દ્ધમાન તપના કરેલ આરાધનથી અત્યંત ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને પ્રાંતે મોક્ષલક્ષ્મીને વર્યા હતા.]

**उपवासान्तरितानि च शतपर्यन्तं तथैकमारभ्य ।**
**वृद्धया निरन्तरतया भवति तदाचाम्लवर्धमानं च ॥**

આંબિલવડે વૃદ્ધિ પામતો જે તપ તે આંબિલ વર્ધમાન તપ કહેવાય છે. તેમાં ઉપવાસના આંતરાવાળા આંબીલ એકથી આરંભીને સો સુધી ચઢતાં ચઢતાં કરવાં. એટલે કે પ્રથમ એક આંબીલ કરી ઉપવાસ કરવો, પછી બે આંબીલ ઉપર ઉપવાસ કરવો, પછી ત્રણ આંબીલ ઉપર ઉપવાસ કરવો, એ પ્રમાણે ચઢતાં ચઢતાં સો આંબીલ ઉપર ઉપવાસ કરવો. આ રીતે કરતાં ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીશ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક ચોવીશ જિનની પૂજા કરવી. મુનિને દાન દેવું. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ તીર્થંકરનામકર્મનો બંધ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

આ મહાન્ તપ છે અને પુણ્યશાળી જીવ જ તેને સાદ્યંત પૂર્ણ કરી શકે છે. આ તપ પૂર્વ ભવે શ્રીચંદ કેવળીએ કર્યો હતો.

## ૬૦. માઘમાળા તપ.

आरभ्य पोषदशमीं पर्यन्ते माघशुक्लपूर्णीयाः ।
स्नात्वाऽर्हन्तं संपूज्य चैकभक्तं विदध्याच्च ॥१॥

માઘ માસમાં માળારૂપે કરવાનો જે તપ તે માઘમાળા તપ કહેવાય છે. તે તપ પોષ વદ દશમને દિવસે આરંભી માઘ શુદી પુર્ણિમાએ પૂરો કરવો. તેમાં હંમેશા સ્નાન કરીને અરિહંતની પૂજા કરી નિરંતર એકાસણા કરવાં. આ તપ એકવીશ દિવસે પૂર્ણ થાય છે. એ પ્રમાણે ચાર વર્ષ સુધી કરવું. ઉદ્યાપને મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનેશ્વરની પૂજા કરી સુવર્ણ મણિથી ગર્ભિત એવો ઘૃતનો મેરુ બનાવી દેવ પાસે ઢોકવો. પક્વાન્ન ફળ વિગેરે યથાશક્તિ ઢોકવાં. મુનિને દાન દેવું. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય તે છે. આ કેવળ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૬૦–૧. શ્રી મહાવીર તપ.

[નિકાચિત કર્મ ખપાવવા માટે ઉગ્ર તપશ્ચર્યા જેવું એક પણ પ્રબળ સાધન નથી. ભગવંત મહાવીરના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવ વિગેરે ભવોમાં બાંધેલ નિબિડ કર્મગ્રંથીને ભેદવા માટે ઘોર તપશ્ચર્યા કરી અને એટલા જ માટે આપણે તપપદની પૂજાની ઢાળમાં ગાઈએ છીએ કે–

સાડાબાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવલ લહ્યું તેહના, પદ્મવિજય નમે પાયા.
તપસ્યા કરતાં કરતાં...

કાર્તિક વદિ ૧૦મે મહાવીર પરમાત્માએ દીક્ષા લીધી અને વૈશાખ વદિ ૧૦ મે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. છદ્મસ્થાવસ્થાના ૧૨ વર્ષ અને સાડા છમાસ થાય છે તેમાં પરમાત્માએ ફક્ત ૩૪૯ દિવસ જ પારણાનાં કર્યાં છે. આ ઘોર તપશ્ચર્યા કઈ રીતે પરમાત્માએ કરેલ તેની યાદી નીચે પ્રમાણે–

| તપસંખ્યા | માસ | દિવસ | તપસંખ્યા | માસ | દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ છમાસી | ૬ | ૦ | ૨ અઢી માસી | ૫ | ૦ |
| ૧ છ માસમાં પાંચ દિવસ ઓછા | ૫ | ૨૫ | ૬ બે માસી | ૧૨ | ૦ |
| | | | ૨ દોઢ માસી | ૩ | ૦ |
| ૯ ચઉમાસી | ૩૬ | ૦ | ૧૨ માસખમણ | ૧૨ | ૦ |
| ૨ ત્રણ માસી | ૬ | ૦ | ૭૨ પાસખમણ | ૩૬ | ૦ |
| ૧ ભદ્ર, મહાભદ્ર અને સર્વતોભદ્ર પ્રતિમા એકસાથે કરી તેના દિવસ ૨–૪–૧૦ | ૦ | ૧૬ | ૧ દીક્ષાનો દિવસ | ૦ | ૧ |
| | | | ૩૫૦ | ૧૩૮ | ૩૬ |
| | | | પારણાના દિવસ | ૧૧ | ૧૯ |
| | | | ૩૪૯ | | |
| ૧૨ અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) | ૧ | ૬ | | ૧૫૦ | ૧૫ |
| ૨૨૯ છઠ્ઠ (બે ઉપવાસ) | ૧૫ | ૮ | કુલ વર્ષ ૧૨ અને સાડા છ માસ | | |

ગણત્રીમાં ગણી શકાય તેવા ઉપસર્ગો પરમાત્માને છદ્મસ્થાવસ્થામાં નીચે પ્રમાણે થયા હતા, જે તેઓશ્રીએ અપૂર્વ સમભાવથી સહન કર્યા હતા.

૧ ગોવાળીયા (બળદ મૂકી જનાર)નો
૨ અસ્થિક ગ્રામમાં શૂળ-પાણી યક્ષનો
૩ ચંડકૌશિક સર્પનો
૪ ગંગા નદી ઉતરતાં સુદંષ્ટ્ર દેવનો
૫ કટપૂતના વ્યંતરીનો અસહ્ય શીત ઉપસર્ગ
૬ સંગમ દેવે કરેલા ૨૦ મોટા ઘોર ઉપસર્ગો
૭ ગોવાળીયાએ કાનમાં નાંખેલા ખીલાનો

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ગોશાળાએ તેજોલેશ્યા મૂકવારૂપ મહાન્ ઉપસર્ગ થયો હતો. તીર્થંકર ભગવંતોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ઉપસર્ગો થતા જ નથી, આ હકીકતમાં ભગવંત મહાવીરને ગોશાલાએ કરેલ ઉપસર્ગ અપવાદરૂપ સમજવો. સમભાવી, સહિષ્ણુ અને ઘોર તપસ્વી ભગવંત મહાવીરે આ સર્વ ઉપસર્ગો કર્મનિર્જરાર્થે વેદી લીધા અને અંતે અપૂર્વ શિવલક્ષ્મીને પ્રાપ્ત કરી.

[ વિશેષ વૃત્તાંત જાણવાના ઇચ્છુકે શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રનું દશમું પર્વ વાંચવું. ]

**महावीरतपो ज्ञेयं, वर्षाणि द्वादशैव च ।**
**त्रयोदशैव पक्षांश्च, पञ्चकल्याणपारणे ॥१॥**

શ્રી મહાવીરસ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં જે તપ કર્યો તે મહાવીર તપ કહેવાય છે. તેમાં બાર વર્ષ અને તેર પક્ષ એટલે સાડાછ માસ સુધી દશ દશ ઉપવાસે પારણું કરીને તપ પૂર્ણ કરવો.

ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા આગળ સુવર્ણમય વટવૃક્ષ ઢોકવો. તથા સંઘવાત્સલ્ય વિગેરે કરવું. આ તપનું ફળ કર્મનો ક્ષય થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે, ગરણામાં "શ્રી મહાવીરસ્વામિને નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

❋

## ૬૧. લક્ષપ્રતિપદ તપ. (લાખી પડવો)

**शुक्लप्रतिपदः सूर्यसंख्या एकाशनादिभिः ।**
**समर्थनीयास्तपसि लक्षप्रतिपदाख्यके ॥ १ ॥**

શુકલપક્ષની એકમને દિવસે એકાશનાદિક (અથવા ઉપવાસાદિક) તપ કરવો. એ રીતે બાર એકમે એટલે એક વર્ષે આ તપ પૂર્ણ થાય છે. આ તપ શ્રાવક શ્રાવિકાએ કરવાનો છે, ઉદ્યાપનમાં દેવપૂજાપૂર્વક દેવની પાસે લક્ષ (એક લાખ) ધાન્ય ઢોકવું. લક્ષ ધાન્યનું પ્રમાણ આ પ્રમાણે–ચોખા માણા ૫, મગ પાલી ૨, મઠ પાલી ૧, અડદ પાલી, ૧, ચણા માણા ૨, ચોળા માણા ૨, તુવેર પાલી ૮, વાલ માણા ૨, તલ પાલી ૭,

જુવાર માણા ૫, ગોધૂમ માણા ૭, જવ માણા ૨, કાંગ માણા ૩, કોદ્રવા માણા ૩. આ તપનું ફળ અગણિત લક્ષ્મીની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે

॥ इति गीतार्थोक्तानि तपांसि ॥

હવે આચાર્યોક્તફળ તપસ્યાઓ કહે છે–

## ૬૨. સર્વાંગસુંદર તપ.

**शुक्लपक्षेऽष्टोपवासा आचाम्लान्तरिताः क्रमात् ।**
**विधीयन्ते तेन तपो भवेत्सर्वांगसुन्दरम् ॥ १ ॥**

જે તપ કરવાથી સર્વ અંગો સુંદર થાય તે સર્વાંગસુંદર તપ કહેવાય છે. તેમાં પ્રથમ શુક્લપક્ષની એકમને દિવસે ઉપવાસ કરીને પારણે આંબીલ કરવું, ફરી ઉપવાસ કરી આંબીલ કરવું. એ પ્રમાણે આઠ ઉપવાસ અને સાત* આંબિલ કરી પંદર દિવસે (પૂર્ણિમાએ) આ તપ પૂર્ણ કરવો. શક્તિ પ્રમાણે સંયમાદિક દશ પ્રકારના ધર્મનું પાલન કરવું, કષાયનો ત્યાગ કરવો. પૂર્ણિમાને દિવસે ઉદ્યાપન કરવું. તેમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક દેવની પાસે રત્નજડિત સુવર્ણમય પુરુષ કરાવી ઢોકવો. યથાશક્તિ ફળ, પક્વાન્ન ઢોકવાં. મુનિદાન, સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ સર્વ અંગની સુંદરતાની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવા લાયક આગાઢ તપ છે.

* શ્રી પ્રવચનસારોદ્ધારના બાલાવબોધ વિગેરેમાં પારણે આઠ આંબીલ કહ્યાં છે.

ગરણામાં ૐ હ્રીં "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૬૩. નીરૂજશિખ તપ. (નીરૂફ સિંહ)

तपो नीरुजशिखाख्यं विधेयं तद्वदेव हि ।
नवरं कृष्णपक्षे तु, करणं तस्य शस्यते ॥१॥

નીરૂજ એટલે રોગરહિત જેની શિખા એટલે ચૂડા છે, તે નીરૂજશિખ નામનો તપ કહેવાય છે. આ તપ સર્વાંગસુંદરની જેમ જ કરવો એટલે એકાંતરા આઠ ઉપવાસ તથા સાત આંબીલ મળી પંદર દિવસે પૂર્ણ કરવો. વિશેષ એટલો કે–આ તપ કૃષ્ણ પક્ષની એકમને દિવસે આરંભ કરી અમાવાસ્યાએ પૂર્ણ કરાય છે. ઉદ્યાપન વિગેરે સર્વાંગસુંદરની જેમ જાણવું. (જુઓ નંબર ૬૨ વાળો તપ) આ તપ કરવાથી આરોગ્યતા પ્રાપ્ત થાય છે. આ શ્રાવકને કરવા લાયક આગાઢ તપ છે. આ તપમાં ગ્લાન સાધુ સાધ્વીની ઔષધ્યાધિવડે શુશ્રૂષા કરવાની મુખ્યતા છે. ( નિજિગીષ્ઠમાં અને આમાં તફાવત છે. જુઓ તપ નંબર ૧૨૪) ગરણું વિગેરે પૂર્વની જેમ જાણવું.

## ૬૪. સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ

[ વગર પરિશ્રમે, માત્ર તે સ્થળે જઈ ચિંતન કરવા માત્રથી જે મનવાંછિત પદાર્થો આપે તે કલ્પવૃક્ષ કહેવાય. આ

તપ સૌભાગ્ય પ્રાપ્ત કરવા માટે કલ્પવૃક્ષ સમાન હોવાથી તેને **સૌભાગ્ય-કલ્પવૃક્ષ** કહેવામાં આવેલ છે.

સૌભાગ્ય સર્વ જનને ઇષ્ટ હોય છે. લગ્નાદિક વ્યવહારિક પ્રસંગમાં પણ "સૌભાગ્ય"ની વાંછા કરવામાં આવે છે.

યુગલિક મનુષ્યો, ભગવંત ઋષભદેવે સર્વ કલાઓ શીખવી તે પહેલાં, કલ્પવૃક્ષો પાસે જઈ જે વસ્તુની જરૂરત હોય તેની ઇચ્છા કરતા અને તે તરત જ પૂર્ણ થતી. બાદ કાળદોષથી કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટતો ગયો અને આપણા ભરતક્ષેત્રને આશ્રયીને તો નાબૂદ થઈ ગયો કહી શકાય. કલ્પવૃક્ષો દશ પ્રકારના હોય છે, જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે.

૧. **મદ્યાંગ**—મદ્ય આપે.
૨. **ભૃગાંગ**—વિવિધ પાત્ર-વાસણ આપે.
૩. **તુર્યાંગ**—વિવિધ પ્રકારના વાજિંત્રો આપે.
૪-૫ **દીપશિખાંગ** અને **જ્યોતિષકાંગ**—અદ્ભુત પ્રકાશ આપે.
૬. **ચિત્રાંગ**—વિવિધ પુષ્પોની માળા આપે.
૭. **ચિત્રરસ**—અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન આપે.
૮. **મણ્યંગ**—જુદી જુદી જાતનાં આભૂષણો-અલંકારો આપે.
૯. **ગેહાકાર**—વસવા માટે આવાસ-ઘર આપે.
૧૦. **અનગ્ન**—દિવ્ય વસ્ત્રો આપે.

सौभाग्यकल्पवृक्षस्तु, चैत्रेऽनशनसंचयैः ।
एकान्तरैः परकार्यस्तिथिचन्द्रादिके शुभे ॥१॥

સૌભાગ્ય આપવામાં કલ્પવૃક્ષના જેવો આ તપ હોવાથી સૌભાગ્ય કલ્પવૃક્ષ નામનો આ તપ છે. તે ચૈત્ર માસની શુદ એકમથી તિથિ અને ચંદ્રાદિકના શુભ યોગે એકાંતર પારણાવાળા ૧૫ ઉપવાસ કરવાથી ત્રીશ દિવસે પૂર્ણ થાય છે. ઉદ્યાપને મોટી સ્નાત્રવિધિપૂર્વક સુવર્ણનો કે રૂપાનો કલ્પવૃક્ષ કરાવી દેવ પાસે ઢોકવો. ( સુવર્ણનો વૃક્ષ કરે તો વિદ્રુમ તથા મોતીના ફળવાળો અને શાખાવાળો કરવો અથવા તંદૂલનો કરવો. ) સંઘવાત્સલ્ય-સંઘપૂજા કરવી. આ તપનું ફળ સૌભાગ્યની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૬૫. દમયંતી તપ

[ જ્યારે નળરાજાએ દમયંતીને ગાઢ જંગલમાં સૂતી મૂકી ગુપ્ત રીતે તેનો ત્યાગ કર્યો, ત્યારબાદ સતી દમયંતીએ પોતાની વિકટ વિયોગાવસ્થા નિર્વિઘ્નપણે પાર પાડવા માટે આ તપ કર્યો હતો તેથી આ તપને દમયંતી તપ કહેવામાં આવે છે. સતી દમયંતીનું સંક્ષિપ્ત વૃત્તાંત નીચે પ્રમાણે છે—

વિદર્ભ દેશ ( હાલનો મધ્ય ભારત )ના ભીમ રાજવીને **દમયંતી** નામની સુશીલ પુત્રી હતી. તે સ્રીની ચોસઠ કલામાં અતિ નિપુણ બની. અઢાર વર્ષની વયે ભીમરાજાએ તેણીના વિવાહોત્સવ માટે કુંડિનપુરમાં સ્વયંવર રચ્યો.

❋

કોશલ દેશનો રાજવી નિષધ પોતાના પુત્ર **નળ** અને **કુબર** સાથે સ્વયંવર પ્રસંગે આવતાં, દમયંતીએ નળનાં કંઠમાં વરમાળ આરોપી. ભીમરાજાએ કરિઆવરમાં ઘણી ધન–સંપત્તિ અને અન્ય સામગ્રી આપી.

થોડાએક દિવસ કુંડિનપુરમાં રોકાયા બાદ નિષધરાજા પોતાના પુત્ર અને પુત્રવધૂ સાથે પોતાની કોશલા નગરી તરફ ચાલ્યા. માર્ગમાં રાત્રી પડી ગઈ અને ગાઢ જંગલ આવ્યું. માર્ગ પણ સૂઝે નહીં તેવા અંધકાર પ્રસંગે દમયંતીએ પોતાનું ભાલસ્થલ લૂંછી નાંખ્યું એટલે જાણે સૂર્યનો ખંડ હોય તેવા ઝળહળતો પ્રકાશ પ્રકટયો. તે પ્રકાશમાં તેઓએ કાયોત્સર્ગમાં ઊભા રહેલા, ધ્યાનમાં મગ્ન, મદોન્મત્ત હાથીની સુંઢવડે ઘસાતા અને મદજળની સુવાસથી આકર્ષાયેલા ભમરાઓના ગુંજારવથી શોભિત એક મુનિવરને જોયા.

સૌએ રથમાંથી ઊતરી મુનિવરને પ્રણામ કર્યા. મુનિવરે યોગ્ય જાણી દેશના આપી. પ્રાંતે નિષધરાજાએ દમયંતીના ભાલસ્થળમાં પ્રકાશિત તેજપુંજનું કારણ પૂછયું. જવાબમાં મુનિશ્રીએ તેણીનો પૂર્વભવ વર્ણવતાં જણાવ્યું કે–પૂર્વભવે તેણીએ પાંચસો આંયબીલ કરી, ભાવી તીર્થંકર શ્રીશાંતિનાથ પરમાત્માની એકાગ્ર મનથી સેવા–અર્ચના કરી, ઉદ્યાપનમાં

ચોવીશે તીર્થંકર ભગવંતોને ભાલસ્થલમાં રત્નજડિત સુવર્ણ તિલકો ચોડાવ્યા હતાં, જેના પ્રભાવથી આ ભવમાં તેણીને ભાલસ્થલમાં પ્રકાશ–તિલક પ્રાપ્ત થયેલ છે. નિષધરાજાએ સ્વનગરીમાં આવી, નળને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી.

નળનો ભાઈ કુબર મહાપ્રપંચી હતો. નળની આબાદી જોઈને તે ઈર્ષ્યાથી બળવા લાગ્યો. કોઈપણ પ્રકારે નળને સ્થાનભ્રષ્ટ કરવાની તે યુક્તિ અજમાવવા લાગ્યો. એકદા દ્યૂત રમતાં નળ પોતાનું સમગ્ર રાજ્ય તેમજ સ્ત્રી દમયંતી હારી ગયો. નગરજનોના સમજાવવાથી કુબરે દમયંતીને નળ સાથે સાથે જવા દીધી.

ગાઢ વનમાં ગયા બાદ બંને પતિ–પત્ની સૂઈ ગયા. નળને વિચાર આવ્યો કે–વનવગડામાં કે દેશાંતરમાં સ્ત્રી બંધનરૂપ છે, માટે મારે દમયંતીનો ત્યાગ કરવો. આવો નિર્ણય કરી નળે, તેણીના વસ્ત્રના છેડા પર કુંડિનપુર તેમજ કોશલા નગરી બંને તરફ જવાનો માર્ગ દર્શાવી, તેને ભરનિદ્રામાં એકલી ત્યજી દઈ ગુપ્તપણે ચાલ્યો ગયો.

માર્ગમાં આગળ વધતાં, દાવાનળમાં સપડાયેલા એક સર્પે નળને પોતાનું રક્ષણ કરવા કહ્યું. નળે તેને બચાવી બહાર કાઢતાં તે સર્પે તેને ડંખ માર્યો જેથી તેના ઝેરની અસરથી નળ કુબડો બની ગયો.

નળે ઉપકાર ઉપર અપકાર કરવાનું કારણ પૂછતાં સર્પે જણાવ્યું કે–હું તારો પિતા નિષધ છું. ભાવી આપત્તિમાંથી રક્ષણ કરવા માટે મેં આ પ્રમાણે કર્યું છે.

હું દીક્ષાના પ્રભાવથી મૃત્યુ પામીને પાંચમે બ્રહ્મ દેવલોકે દેવ થયો છું. આ શ્રીફળ ને કરંડિયો હું તને આપું છું તે ગ્રહણ કર. શ્રીફળમાં દિવ્ય વસ્ત્ર છે અને કરંડિયામાં આભૂષણો છે. જ્યારે તારે તે પહેરવાની ઇચ્છા થાય ત્યારે તું પહેરેજે એટલે તારું મૂળ રૂપ પ્રકટ થશે. બાદ નળની ઇચ્છાથી પિતા–દેવે તેને સુસુમારપુરનગરે પહોંચાડયો.

દૈવયોગે તે નગરમાં રાજહસ્તી ગાંડો થઇ ગયો. નળે તેને વશ કર્યો. દધિપર્ણ રાજવીએ નળને પોતાની પાસે બોલાવ્યો. રાજાને કુબડાએ કહ્યું કે–હું નળ રાજાનો રસોયો છું. સૂર્યપાક રસવતી જાણું છું. નળરાજા દમયંતીનો વનમાં ત્યાગ કરી કયાંક ચાલ્યા ગયા છે.

એકદા કોઇક પાઠકે રસોયા (નળ) પાસે દમયંતીને લગતા શ્લોકો ઉચ્ચાર્યા એટલે કુબડાએ તેને દમયંતીનું વૃત્તાંત પૂછ્યું. તેણે જણાવ્યું કે–દમયંતીએ પ્રાતઃકાળ થતાં જ નળને નહીં જોતાં વિલાપ કરવા માંડયો. તેવામાં પાલવ પર લખેલ અક્ષરપંક્તિ તરફ દૃષ્ટિ ગઈ એટલે પોતાનો ત્યાગ થયેલો જાણી તેણી અતિ દુઃખી થઇ. તેવામાં એક સાર્થનો મેળાપ થઈ ગયો. એટલે તેની સાથે તે આગળ ચાલી. વર્ષાઋતુમાં સાર્થે પડાવ નાખતાં તેણીએ ગુફામાં રહી ધર્મારાધન કર્યું. બાદ આગળ વધતાં માર્ગમાં તેણીને કોઈ રાક્ષસ મળ્યો. રાક્ષસથી તેણી ક્ષોભ ન પામતાં રાક્ષસ પ્રસન્ન થયો અને જણાવ્યું કે–બાર વર્ષે તને તારા પતિનો મેળાપ થશે. બાદ એકાંત ગુફામાં રહી, શ્રી શાંતિનાથ ભગવંતનું

પ્રતિબિંબ સ્થાપી, તપશ્ચર્યા અને ધર્મારાધના કરવા લાગી. તેવામાં તે સ્થળે શ્રી **યશોભદ્રસૂરિ** નામના મુનિવર આવી ચઢયા. તેણીએ પોતાના પતિ-વિયોગનું કારણ પૂછ્યું એટલે જ્ઞાની ગુરુએ જણાવ્યું કે-પૂર્વે **મમ્મણ** નામના રાજવીની તું **વીરમતી** નામની પટ્ટરાણી હતી. કાર્યવશાત્ ગ્રામાંતર જતાં રસ્તામાં મુનિવર મળ્યા, તેને અપશુકન જાણી તમોએ તે મુનિએ બાર ઘડી પર્યંત રોકી રાખ્યા પરંતુ ત્યારપછી પશ્ચાત્તાપ થતાં તે મુનિવરને ખમાવી વિદાય કર્યા. આ કારણથી તને બાર વર્ષનો પતિવિયોગ થયો છે.

બાદ ચાલતાં ચાલતાં તેણી અચલપુરમાં આવી. તે સ્થાનની રાણી ચંદ્રયશા તેની માસી થતી હતી, પણ તેણે દમયંતીને ઓળખી નહીં. તેના સદ્ગુણથી આકર્ષાઈ ચંદ્રયશાએ તેને દાનશાળા સોંપી. એકદા કુંડિનપુરથી આવેલા હરિભદ્ર નામના બ્રાહ્મણે દાનશાળામાં રહેલી દમયંતીને ઓળખી લીધી. ચંદ્રયશાને વાત જણાવતાં તેણી દમયંતીને બહુમાનપૂર્વક રાજમહેલમાં લઈ ગઈ. ત્યારબાદ દમયંતી પોતાના પિતા પાસે કુંડિનપુર ગઈ.

એકદા કાર્યપ્રસંગે ભીમરાજાએ પોતાનો દૂત દધિપર્ણ રાજા પાસે મોકલ્યો ત્યાં તે સૂર્યપાક રસવતી જમ્યો. તેણે આવીને તે હકીકત ભીમ રાજાને જણાવતાં દમયંતીએ કહ્યું કે-તમારા જમાઈ સિવાય કોઈ સૂર્યપાક રસોઈ જાણતું જ નથી માટે તે તમારા જમાઈ જ હોવા જોઈએ, વિશેષ ખાત્રી માટે તેણે યુક્તિ કરી પિતાને જણાવ્યું કે "દમયંતી ફરી સ્વયંવર કરનાર છે" એવા સમાચાર દધિપર્ણ રાજાને

કહેવરાવો એટલે નળ રાજા પોતાનો આવો પરાભવ સહન કરી શકશે નહિ અને તે દધિપર્ણ રાજાને લઈ અત્રે શીઘ્ર આવી પહોંચશે.

દમયંતીની યુક્તિ સફળ થઈ. પશુઓ પણ પોતાની સ્ત્રીનો પરાભવ સહન કરી શકતા નથી તો નળ જેવો ક્ષત્રિય અને પ્રતાપી પુરુષ કેમ સહન કરી શકે ? માત્ર એક દિવસનો જ સમય શેષ હોવા છતાં વિદ્યાપ્રભાવથી તે દધિપર્ણને લઈ સ્વયંવર મંડપમાં હાજર થયો. દમયંતીએ તેમને ઓળખી લીધો અને કહ્યું કે–વનમાં સૂતી મૂકીને ચાલ્યા ગયા હતા પણ હવે મને જાગતીને છોડીને ક્યાંય પણ જઈ શકશો નહિ. નળે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું અને આનંદ ફેલાયો ભીમરાજાએ પોતાનું રાજ્ય નળને સુપ્રત કરી દીધું.

બાદ નળ રાજવી પ્રિયા સાથે પોતાની કોશલા નગરીએ આવ્યો. પુનઃ દ્યૂતક્રીડામાં કુબરને જીતી લઈ સ્વરાજ્યની પ્રાપ્તિ કરી.

વિવિધ વિલાસો ભોગવ્યા બાદ, પોતાના પુષ્કર નામના પુત્રને રાજ્ય સોંપી બંનેએ દીક્ષા લીધી.

દીક્ષા-સમયમાં પણ દમયંતી પ્રત્યે આકર્ષણ રહ્યા કરતું હોવાથી નળરાજાએ પ્રાંતે અનશન કર્યું અને કાળ કરીને લોકપાલ થયા. દમયંતી પણ ચારિત્ર પાળી, દેવલોકે જઈ, વસુદેવની કનકવતી નામની પત્ની થઈ. બાદ શ્રી નેમિનાથ ભગવંત પાસે દ્વારિકાનો નાશ અને દ્વૈપાયનનો ઉપદ્રવ જાણી,

દીક્ષા ગ્રહણ કરી, કેવળજ્ઞાન પામી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી. દમયંતી સંબંધી વિસ્તૃત વૃત્તાંત જાણવાના ઇચ્છુકે શ્રી દમયંતી ચરિત્ર વાંચવું.]

**दमयन्त्या प्रतिजिनमाचाम्लान्येकविंशतिः ।**
**कृतानि सततान्येव, दमयंतीतपो हि तत् ॥१॥**

દમયંતીએ નળ રાજાની વિયોગાવસ્થામાં આ તપ કરેલો હોવાથી તે દમયંતી તપ કહેવાય છે. તેમાં દરેક જિનને ઉદ્દેશીને વીશ વીશ તથા શાસનદેવતાને ઉદ્દેશીને એક એક એમ એકવીશ એકવીશ આંતરા રહિત આંબિલ કરવાં તેથી પાંચસો ને ચાર દિવસે આ તપ પૂર્ણ થાય છે. શક્તિ ન હોય તો એક તીર્થંકરનાં એકવીશ આંબીલ કરીને પછી પારણું કરવું. એ રીતે કરવાથી ચોવીશ દિવસ પારણાના વધે છે. ઉદ્યાપનમાં ચોવીશ તીલક કરાવીને પ્રભુને ચડાવવાં તથા પાંચસો ને ચાર સંખ્યા પ્રમાણ રૂપાનાણું, પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનપૂજા કરવી. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી આપત્તિનો નાશ થાય છે. શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. જે તીર્થંકરનો તપ ચાલતો હોય, તે તીર્થંકરના નામ સાથે સર્વજ્ઞાય નમઃ એ પદ જોડી ગરણું નવકારવાળી ૨૦ નું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા. શાસનદેવતાના તપને દિવસે તે તે શાસનદેવીના નામનું ગરણું ગણવું.

## ૬૬. આયતિજનક તપ

**कार्यं द्वात्रिंशदाचाम्लैः, स्वसत्त्वेन निरंतरैः ।**
**एवं स्यादायतिशुभं, तप उद्यापनान्वितम् ॥१ ॥**

આયતિ એટલે ઉત્તરકાળ, તેને શુભપણે જે ઉત્પન્ન કરે તે આયતિ( શુભ )જનક તપ કહેવાય છે. આ તપ નિરંતર બત્રીશ આંબીલ કરવાથી પૂર્ણ થાય છે. શક્તિ ન હોય તો એકાંતરિક પારણાંવાળાં આંબીલ કરવાં. ઉદ્યાપને મોટી સ્નાત્રવિધિપૂર્વક બત્રીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં, સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી ઉત્તર કાળમાં શુભ થાય છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું "ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદનું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૬૭/૧ અક્ષયનિધિ તપ

[જેનો કદાપિ ક્ષય ન થાય તેવો નિધિ-ભંડાર તે અક્ષયનિધિ. જે તપના પ્રભાવથી તેવા અખૂટ નિધિની પ્રાપ્તિ થાય તે અક્ષયનિધિ તપ કહેવાય. આ તપને લગતી સર્વ વિધિ નીચે દર્શાવવામાં આવી છે એટલે તેનું વિશેષ વિવેચન નથી કરવામાં આવતું.

આ તપના પ્રભાવથી સુંદરીને કેવી રીતે અક્ષયનિધનની પ્રાપ્તિ થઈ તેનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે—

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં રાજગૃહી નામની નગરીમાં

સંવર નામે શેઠ વસતો હતો. તેને ગુણવંતી નામે સ્ત્રી હતી. તે ખરેખરી ગુણવંતી જ હતી; પરંતુ પૂર્વકર્મની વિપરીતતાથી તેના ગૃહમાં દારિદ્રયે વાસ કર્યો હતો. સ્ત્રી ભર્તાર મહામુશ્કેલીએ આજીવિકા ચલાવવા લાગ્યા. સુખના ઇચ્છુક પ્રાણીએ ધર્મારાધન કરવાની જરૂર છે. તે સિવાય સુખસંપત્તિની પ્રાપ્તિ થઈ શકતી નથી.

અન્યદા ગુણવંતીએ ગર્ભ ધારણ કર્યો. ગર્ભના પ્રભાવથી શેઠની આજીવિકાના સાધનો વૃદ્ધિ પામ્યા. બીજા વેપારીઓ પોતાના ભાગમાં તેમને વેપાર કરાવવા લાગ્યા અને તેમ કરતાં કરતાં શેઠનો વ્યાપાર વૃદ્ધિ પામ્યો એટલે દ્રવ્યનું આગમન પણ વધારે થવા લાગ્યું. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે ગુણવંતીને પુત્રીનો પ્રસવ થયો. તેની નાળ દાટવા માટે ખાડો ખોદતા તેમાંથી નિધાન નીકળ્યું. પુત્રી ભાગ્યશાળી ગણાઈ. રાજમંદિર સુધી એ વાત પહોંચી અને રાજાએ પણ તેને બહુમાન આપ્યું અર્થાત્ શેઠને ઘેર વધામણી મોકલી. સંવર શેઠે પણ એ ભાગ્યશાળી પુત્રીનો જન્મ-મહોત્સવ પુત્રની જેવો કર્યો અને બારમે દિવસે સગાકુટુંબીઓને આમંત્રણ કરી જમાડીને તેમની સમક્ષ પુત્રીનું **સુંદરી** એવું નામ સ્થાપન કર્યું. અનુક્રમે તે બીજના ચંદ્રની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી.

તે સુંદરી રમતાં રમતાં જ્યાં જ્યાં જમીન ખોદતી હતી ત્યાં ત્યાં સહેજે મણિમાણેકયુક્ત નિધાન પ્રગટ થતું હતું. તેવી રીતે પુષ્કલ નિધાન પ્રાપ્ત થવાથી શેઠ પણ ઘણો દ્રવ્યવાન થયો અને સર્વત્ર તેની આબરુ-ઇજ્જત વિસ્તાર

પામવા લાગી. આ જગતમાં દ્રવ્ય એ એવી મહત્ત્વવાળી વસ્તુ ગણાય છે કે જેનાવડે મનુષ્યને દરેક પ્રકારની મહત્તા પ્રાપ્ત થાય છે. દ્રવ્યવાન મનુષ્ય વિચક્ષણ ન હોય તો પણ વિચક્ષણ ગણાય છે, પાંચમાં પૂછાય છે અને જ્યાં જાય છે ત્યાં તે બહુમાન પામે છે; એટલું જ નહિ પણ તેનું વચન પણ કોઈ ઉલ્લંઘતું નથી. અહીં એટલું યાદ રાખવાનું છે કે—દ્રવ્યપ્રાપ્તિની સાથે જો અભિમાનની કે દુરાચરણની પ્રાપ્તિ થઇ હોય છે તો તેને પૂર્વોક્ત લાભ મળી શકતા નથી, માટે દ્રવ્યવાન મનુષ્યોએ તે બંને પ્રકારથી તદ્દન દૂર રહેવાનું ધ્યાનમાં રાખવું.

સુંદરી અનુક્રમે યૌવનાવસ્થા પામી એટલે તે રંભા અને ઉર્વશી જેવી શોભવા લાગી. શેઠના મનમાં તેને જોઈને વર માટે ચિંતા ઉત્પન્ન થઈ. યોગ્ય કન્યા જો યોગ્ય વરને આપવામાં આવે તો જ તે દંપતી સંપૂર્ણ સુખ મેળવી શકે છે, તેથી એવી ચિંતા શેઠને ઉદ્ભવે એ સ્વાભાવિક છે અને એવી અનુપમ કન્યાને યોગ્ય વર મળવો મુશ્કેલ પડે તે પણ સાચી વાત છે, પરંતુ તેવો સંયોગ પૂર્વકર્મને અનુસારે મળી આવે છે. સુંદરીનો સંબંધ તે જ નગરમાં સમુદ્રપ્રિય નામે શેઠની કમલશ્રી નામની સ્ત્રીથી જન્મેલા **શ્રીદત્ત** નામના શ્રેષ્ઠીપુત્ર સાથે થયો. મોટી ધામધૂમ સાથે તેનો પાણિગ્રહણ મહોત્સવ કરવામાં આવ્યો અને ઘણા દ્રવ્યસહિત તેને સાસરે વળાવવામાં આવી.

પવિત્ર પગલાંવાળી સુંદરી સાસરે આવી કે તે જ વખતે ત્યાં પગના અંગૂઠાવડે એક કાંકરો કાઢતાં નિધાન

પ્રગટ થયું. સોનૈયાથી ભરેલો પૂર્ણકળશ નીકળ્યો, તેથી શ્વસુર પક્ષના સર્વ માણુસો અત્યંત આનંદ પામ્યા અને તેના મોસાળપક્ષવાળાએ સુંદરીને જમવા માટે તેડી, એટલે ત્યાં પણ નિધાન પ્રગટયું. એવી રીતે જ્યાં જ્યાં તે પગલાં મૂકે અર્થાત્ જેને ઘેર જાય ત્યાં નિધાન પ્રગટ થતું હતું, એટલે તેને સર્વત્ર માન મળવા લાગ્યું. રાજા પણ તેને બહુમાન આપવા લાગ્યો.

અન્યદા ધર્મઘોષ નામના આચાર્ય ત્યાં પધાર્યા. રાજા પ્રમુખ સર્વ લોકો વંદન કરવા ગયા. સુંદરી પણ પોતાના કુટુંબ સહિત ભક્તિથી વાંદવા આવી. ગુરુમહારાજને વાંદીને સર્વ યોગ્યસ્થાને બેઠા, એટલે ગુરુએ સમયોચિત દેશના આપી. તેમાં દાન, શીલ, તપ ને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કરતાં તપધર્મની વિશેષ વ્યાખ્યા કરી. 'તપનાં આરાધનવડે કર્મની નિર્જરા થાય છે એટલું જ નહિ પણ એવા અપૂર્વ પુણ્યનો બંધ થાય છે કે જેથી આગામી ભવે અનેક પ્રકારની સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. નિરોગી અને બળવાન શરીરની પ્રાપ્તિ માટે તો તપ જ મુખ્ય સાધન છે. પૂર્વભવે તપ કરનારાઓ આ ભવમાં અપરિમિત બળવાળા અને નિરોગી થાય છે.' ઇત્યાદિ ધર્મદેશના આપ્યા બાદ સુંદરીએ ઊભા થઇને વિનયપૂર્વક આચાર્ય ભગવંતને પૂછયું કે-"હે સ્વામિન્! મેં પૂર્વે કેવા પ્રકારના ધર્મનું આરાધન કર્યું છે કે જેથી આ ભવમાં મારે પગલે-પગલે નિધાન પ્રગટ થાય છે?" ગુરુમહારાજે કહ્યું કે-"પૂર્વ ભવે

તેં અક્ષયનિધિ નામનો તપ શુભ ભાવપૂર્વક કર્યો છે, તેના યોગે આ ભવમાં સ્થાને સ્થાને તને નિધાનની પ્રાપ્તિ થાય છે.” સુંદરીએ પ્રાર્થના કરી કે–“હે સ્વામિન્! મારા પૂર્વ ભવનું સવિસ્તર વૃત્તાંત કહો કે જેથી મેં કેવી રીતે એ તપનું આરાધન કર્યું હતું તેની મને ખબર પડે, અને આ ભવમાં પણ હું તેનું વિશેષ પ્રકારે આરાધન કરું” ગુરુમહારાજે જણાવ્યુ કે–

“ ખેટકપુર નામના નગરમાં સંયમ નામનો શેઠ વસતો હતો. તેને ઋજુમતી નામે સ્ત્રી હતી. તે નિરંતર અનેક પ્રકારના તપ કરતી હતી અને જ્ઞાનની પણ સમ્યક્ પ્રકારે ભક્તિ કરતી હતી. તેણે રત્નાવળી, કનકાવળી, એકાવળી વિગેરે તપ કર્યાં અને બીજા પણ અવનવા પ્રકારના તપ ગુરૂમહારાજને પૂછી પૂછીને કરવા લાગી. તેનું ચિત્ત તપ-ધર્મમાં જ રક્ત થયેલું હતું. લોકો પણ તેની અહર્નિશ પ્રશંસા કરતા અને તેના તપધર્મની અનુમોદના કરતા હતા.

હવે તેના પડોશમાં એક વસુ નામે શેઠ રહેતો હતો. તેની સોમસુંદરી નામની સ્ત્રી હતી. તે ધર્મથી અજ્ઞાત હતી, મૂર્ખ હતી અને અભિમાન તથા ઇર્ષ્યાથી ભરપૂર હતી. ઋજુમતીની થતી પ્રશંસા તે સાંભળી શકતી નહોતી. નીતિકાર કહે છે કે–‘ નવરી સ્ત્રી ઘણી હાનિ કરે છે. કહ્યું છે કેઃ—

**ભૂખ્યો બ્રાહ્મણ બગાયું ઢોર, ચાંપ્યો નાગ નાસંતો ચોર;**
**રાંડ ભાંડ ને માતો સાંઢ, એ સાતથી ઉગરીએ માંડ. ૧**

અન્યદા સંયમ શેઠના ઘરની નજીકમાં અગ્નિનો ઉપદ્રવ થયો. સંયમ શેઠનું ઘર તેમાં સપડાવાની તૈયારીમાં

જ હતું, પરંતુ ઋજુમતીના તપના પ્રભાવથી તેનું કાંઈ પણ બળ્યું નહિ. આ આગ લાગી ત્યારે સોમસુંદરી મનમાં બહુ જ ખુશી થઈ કે હવે સંયમશેઠનું ઘર જરૂર બળી જશે, પણ તેના ઘરને કાંઈ પણ નુકશાન ન થયું એટલે તેનું મન નિરાશ થઈ ગયું. અન્યદા તે ગામમાં ધાડ પડી, તે વખતે પણ સોમસુંદરી મનમાં રાજી થઇ કે-જરૂર હવે સંયમશેઠનું ઘર લૂંટાઈ જશે પરંતુ તે વખતે પણ તેનું કાંઈ ગયું નહિ. ધાડ પાડવાવાળા તેના ઘરમાં પેઠા જ નહીં. આ પ્રમાણે જોઇને પણ સોમસુંદરી નિરાશ થઈ. અનુક્રમે સંયમ શેઠ ને ઋજુમતી ધર્મનું આરાધન કરીને સ્વર્ગે ગયા.

સોમસુંદરી ઋજુમતીની અત્યંત ઇર્ષ્યા કરવાથી અનેક પ્રકારનાં કર્મબંધનથી ભારે થઈ. તેને પરિણામે તે જ ભવમાં તેના ઘરમાંથી દ્રવ્ય નાશ પામ્યું અને દરિદ્રાવસ્થા પ્રાપ્ત થઇ. અનુક્રમે તેવી દુઃખી સ્થિતિમાં મૃત્યુને વશ થઈ; પરંતુ દૈવયોગે અંતસમયે કોઈ શ્રાવકનાં મુખથી તેણે પ્રગટપ્રભાવી નવકારમંત્ર સાંભળ્યો. તેના પ્રભાવથી તે મૃત્યુ પામીને મથુરા નગરીના રાજા જિતશત્રુને ઘરે ચાર પુત્ર ઉપર પુત્રી થઇ. સર્વ-ઋદ્ધિ તેનું નામ પાડ્યું. પાંચ ધાવમાતાવડે લાલનપાલન કરાતી તે મોટી થઇ. એવામાં જિતશત્રુ રાજાની ઉપર કોઈ શત્રુ રાજા ચડી આવ્યો. તેની સાથે યુદ્ધ કરતાં જિતશત્રુ રાજા મૃત્યુ પામ્યો. શત્રુનું સૈન્ય નગરમાં પેઠું એટલે રાજમહેલમાં રહેલા લોકો જેમ આવ્યું તેમ નાસવા લાગ્યા. રાજમહેલ શત્રુ રાજાએ લૂંટી લીધો. સર્વઋદ્ધિ ત્યાંથી એકલી ભાગીને અટવીમાં જતાં ભૂલી પડી.

આખી રાત્રિ પરિભ્રમણ કરતાં સવારે રસ્તે ચડી. પછી વનફળ વડે આજીવિકા કરતી તે વનમાં જ વનચર થઈને રહી; કારણ કે તેને અન્ય કોઈ આશ્રયસ્થાન નહોતું કે જ્યાં જઈને તે આશ્રય લઈ શકે. તેની યૌવનાવસ્થા વ્યતીત થવા માંડી અને સાંસારિક સુખની પ્રાપ્તિ સિવાય નિષ્ફળ જવા લાગી.

અન્યદા ત્યાં કોઈ વિદ્યાધર આવ્યો. તેણે તેને રૂપવંતી જોઈને તેની સાથે પાણિગ્રહણ કર્યું અને ત્યાંથી પોતાને ઘેર લઈ ગયો; પરંતુ તે દુર્ભાગિણીના પગલાંથી તે જ વિદ્યાધરના ઘરમાં અગ્નિપ્રકોપ થયો તેથી તેની સર્વઋદ્ધિ ભસ્મસાત્ થઈ ગઈ. વિદ્યાધરે તેને પાછી વનમાં મૂકી દીધી. ત્યાં એક પલ્લીપતિની દૃષ્ટિએ પડી એટલે તે ભિલ્લ તેને પોતાની પલ્લીમાં લઈ ગયો. ત્રીજે દિવસે તેનું ઘર પણ અગ્નિમાં બળી ગયું, એટલે બધા ચોર લોકો આ સ્ત્રીની નિંદા કરવા લાગ્યા. અને તેનાં પુણ્યહીન પગલાનું જ માઠું પરિણામ માનવા લાગ્યા. પછી તે પલ્લીપતિએ તેને એક સાર્થવાહને વેચી. સાર્થવાહ તેને લઈને ચાલ્યો એટલે તે માર્ગમાં જ લુંટાણો. તેની બધી ઋદ્ધિ ચોર લોકો લૂંટી ગયા. માત્ર શરીરભર જ રહ્યો. તેણે પણ ત્યજી દીધી એટલે તે એકલી એક સરોવરને કિનારે નિરાશ થઈને ઊભી ઊભી પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવા લાગી.

એવામાં ભાગ્યયોગે એક મુનિમહારાજા ત્યાં આવી ચડયા. રાજપુત્રી તેને પગે લાગી, એટલે મુનિએ તેને

મીઠે વચને બોલાવીને કહ્યું-" હે વત્સે ! તું રાજપુત્રી છે, છતાં આ સરોવરને કિનારે ઊભી ઊભી શું વિચાર કરે છે ? પૂર્વભવમાં ધર્મી જીવનો જે મત્સર કર્યો છે, તેના પાપથી તું આ ભવમાં રાજપુત્રી થયા છતાં તારા પિતાનું મરણ થયું, રાજમહેલ લુંટાયો. તારે ભાગવું પડયું વનચર થઈ દુઃખ પામી. તેમાં ખેચરે લઈ જઈને ક્ષણભર સુખ આપ્યું પણ પાછું વનચર થવું પડયું. આ બધો તારો પૂર્વકર્મનો વિપાક છે. પૂર્વે વાવેલા પાપવૃક્ષની શાખાઓનો એ બધો વિસ્તાર છે.

આ પ્રમાણે જ્ઞાની ગુરુનાં વચનો સાંભળીને તે રાજપુત્રીએ તેમને વંદન કરીને પૂછયું કે-" હે ભગવન્ ! આ દુઃખથી મારો છૂટકારો શી રીતે થાય તે કૃપા કરીને મને બતાવો. હું હવે દુઃખ સહન કરીને અત્યંત કાયર થઈ ગઈ છું. " ગુરુમહારાજે કહ્યું કે-" વત્સે ! જો તારે આ દુઃખથી છૂટવું જ હોય અને સુખસંપત્તિ પ્રાપ્ત કરવી હોય તો તું **અક્ષયનિધિ** નામનો તપ કર ને જ્ઞાનની ભક્તિ કર. શ્રાવણ વદિ ૪ થી એ તપ શરૂ કરવો ને ભાદ્રપદ શુદિ ૪ થે ( સંવચ્છરીએ ) પૂર્ણ કરવો. તેમાં યથાશક્તિ એકાંતર ઉપવાસ અને એકાસણાં કરવાં, અથવા ૧૫ એકાસણાં કરી પ્રાંતે ( ૧૬ મે દિવસે ) ઉપવાસ કરવો, બે ટંક પ્રતિક્રમણ કરવાં, શિયળ પાળવું, જિનપૂજા કરવી, એક કુંભ સ્થાપી તેને અક્ષતવડે ભરવો, દરરોજ બે હજાર ગુણણું ગણવું. આ તપ કરતાં કોઈ પણ પ્રકારે પોતાની શક્તિ ગોપવવી નહિ. આ તપ પૂર્વોક્ત રીતિએ ઉત્કૃષ્ટો ત્રણ વર્ષપર્યંત કરવો.

ચોથે વર્ષે શાસનદેવીની આરાધના નિમિત્તે આ તપ કરવો. આ તપનું શુભ મને આરાધન કરવાથી આ ભવમાં પણ સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં પણ પરભવમાં તો અઢળક ઋદ્ધિ, સિદ્ધિ, સુખ, સૌભાગ્યાદિ પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે ગુરુમહારાજનાં વચનો સાંભળીને રાજપુત્રીએ એ તપનો સ્વીકાર કર્યો. પછી ગુરુને વાંદીને ત્યાંથી ગ્રામાંતરે ગઇ અને પારકી સેવાચાકરી–કામકાજ કરવાવડે આજીવિકા કરવા લાગી. અનુક્રમે ગુરુએ કહેલ દિવસ આવ્યો એટલે વિધિપૂર્વક તે તપ તેણે શરૂ કર્યો, પણ દ્રવ્યસ્થિતિ મંદ હોવાથી યથાશક્તિ કર્યો. બીજે વરસે તેથી સારી રીતે કર્યો, ત્રીજે વરસે તેથી વધારે સારી રીતે કર્યો. ચોથે વરસે કાંઈ દ્રવ્યવૃદ્ધિ થવાથી વિશેષ સારી રીતે આદર્યો. તેવામાં કેટલાએક વિદ્યાધરો ક્રીડાનિમિત્તે તે રાજપુત્રીવાળા ગામે આવ્યા. તેમાં તે રાજપુત્રીનો સ્વામી વિદ્યાધર પણ હતો. તેણે પોતાની પ્રિયાને ઓળખી એટલે તેણે ત્યાંથી લઈ જઈને પોતાના અંતઃપુરમાં રાખી. રાજપુત્રીએ ત્યાં તપ પૂર્ણ કર્યો, સારી રીતે શિયલ પાળ્યું અને શેષાયુ અણસણ વડે પૂર્ણ કરી હે સુંદરી! તું આ સંવરશેઠની પુત્રીપણે ઉત્પન્ન થઈ છો. પૂર્વભવે તેં અક્ષયનિધિ તપ કર્યો હતો તેના પ્રભાવથી આ ભવમાં તને પગલે પગલે નિધાન પ્રાપ્ત થાય છે. તપનો પ્રભાવ અચિંત્ય અને અપૂર્વ છે.

આ પ્રમાણે ગુરુમહારાજે કહેલો પોતાનો પૂર્વભવ

સાંભળીને ઊહાપોહ કરતાં સુંદરીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પોતાનો પૂર્વભવ દીઠો. ગુરુ મહારાજને તેણે કહ્યું કે– "હે સ્વામિન્! આપે જે પ્રમાણે મારો પૂર્વભવ કહ્યો તે સંપૂર્ણ સત્ય છે. મેં જેવા આપના વખાણ સાંભળ્યા હતા તેવા જ આપ જ્ઞાની અને ચારિત્રવાન છો" આ પ્રમાણે ગુરુમહારાજની સ્તુતિ કરી વાંદીને તે પોતાને ઘેર આવી. પછી શ્રાવણ વદિ ૪ આવતાં તેણે મોટા આડંબર સહિત અક્ષયનિધિ તપની શરૂઆત કરી. તે વખતે રાજા, રાણી, શેઠ, સામંત વિગેરે સર્વ તે તપ કરવામાં સામેલ થયા. તે તપની શરૂઆત કરી ત્યારથી તો વિશેષ નિધાન પ્રગટ થવા લાગ્યું, એટલે તે તે દ્રવ્યનો તેણે પ્રભાવનાદિ કાર્યોમાં છૂટે હાથે વ્યય કરવા માંડ્યો. તેનું નામ સુંદરી હતું તે ભૂલાઇ ગયું અને સૌ તેને અક્ષયનિધિના નામથી જ બોલાવવા ને ઓળખવા લાગ્યા. ઉદાર મનથી તેણે તપ કરીને તેનું પૂર્ણ ફળ સંપાદન કર્યું. ભાદ્રપદ શુદિ પંચમીને દિવસે તેણે જ્ઞાન-ભક્તિ અને મહોત્સવપૂર્વક સૌની સાથે પારણું કર્યું. દેવ-દેવીઓ પણ તેની પ્રશંસા કરવા લાગ્યા, અને તેના તપની અનુમોદના કરવા લાગ્યા.

અનુક્રમે સાંસરિક સુખભોગ ભોગવતાં સુંદરીને ચાર પુત્રો ને ચાર પુત્રીઓ થઈ, પ્રાંતે સંસાર તજી દઈ ચારિત્ર અંગીકાર કરી, નિરતિચાર પાળી, ચાર ઘનઘાતી કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, અનેક જીવોને ઉપદેશ આપી, અક્ષયનિધિ તપની વિશેષ પુષ્ટિ કરી, આયુ

પૂર્ણ થયે તે સિદ્ધિપદને પામી. ત્યાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય-એ અનંતચતુષ્ટયી યુક્ત થઈ અગુરૂલઘુપણું પ્રાપ્ત કર્યું. જ્યાં એક અવગાહનામાં અનંત-સિદ્ધો છે અને તેના દેશ-પ્રદેશને અવગાહીને રહેલા તે કરતાં અસંખ્યગુણા સિદ્ધો છે, ત્યાં પણ મનુષ્યભવના શરીર કરતાં ⅔ અવગાહનાએ સિદ્ધ થઇ યાવત્ અક્ષયસ્થિતિ પામી.

✤

**घटं संस्थाप्य देवाग्रे, गन्धपुष्पादिपूजितम् ।**
**तपो विधीयते पक्षं, तदक्षयनिधिः स्फुटम् ॥ १ ॥**

આ તપ અક્ષયનિધિ (અખૂટ ભંડાર)ની જેવો હોવાથી તેનું નામ અક્ષયનિધિ તપ છે. તે શ્રાવણ વદ ચોથને દિવસે શરૂ કરવો. તે દિવસે જિનેશ્વરની પ્રતિમા આગળ ગાયના છાણથી ભૂમિ લીંપીને તે પર ગહુંલી કરી તેના પર કુંભ સ્થાપન કરવો. ( તે કુંભ સુવર્ણનો, રૂપાનો કે અન્ય ઉત્તમ ધાતુનો અથવા છેવટે માટીનો લેવો.) તે કુંભ વિચિત્ર પ્રકારના સુગંધી પુષ્પોથી પૂજવો તથા તેમાં સુવર્ણ, મણિ, મુક્તાફળ, સોપારી વિગેરે નાખીને તેનું સ્થાપન કરવું. પછી પંદર દિવસ સુધી તેનું નિત્ય પૂજન કરવું. જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરીને ઘટમાં અક્ષતની અંજલી દરરોજ નાંખવી. (તે અંજલીમાં સોનાનાણું, સોપારી વિગેરે લેવું) કુંભ પાસે નૈવેદ્ય ઢોકવું. દરરોજ શક્તિ પ્રમાણે એકાસણું અથવા બેસણું કરવું, હંમેશાં કુંભ પાસે નૃત્ય, ગીતાદિક ઉત્સવ કરવો. એ રીતે પર્યુષણ પર્યંત આ તપ

કરવો. ( સંવત્સરીને દિવસે એટલે છેલ્લે દિવસે ઉપવાસ કરવો. ) આ રીતે ચાર વર્ષ પર્યંત આ તપ કરવો. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક નાના પ્રકારના પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

બીજી રીતે અક્ષતની મુઠી હંમેશાં કુંભમાં નાંખવી. જેટલા દિવસે તે ઘટ પૂર્ણ થાય તેટલા દિવસ પ્રતિદિન એકાસણાદિક તપ કરવો. બીજો સર્વ વિધિ તથા ઉદ્યાપન ઉપર પ્રમાણે જાણવો. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું "ૐ હ્રીં નમો નાણસ્સ "એ પદનું નવકારવાળી વીશ પ્રમાણે ગણવું. સાથીયા વિગેરે એકાવન એકાવન કરવા.

## ૬૭/૨ અક્ષયનિધિ તપ

આ તપ શ્રાવણ વદ ૪ ને દિવસે શરૂ કરી સોળ દિવસે પૂરો કરવો તેમાં સુવર્ણનો રત્નજડિત કુંભ કરાવવો અથવા શક્તિ પ્રમાણે બીજી કોઇ રૂપા વિગેરે ધાતુનો કરાવવો અથવા છેવટ શક્તિ ન હોય તો માટીનો કરાવવો પછી તે કુંભ ઘરમાં, દેરાસરમાં અથવા ઉપાશ્રયે પવિત્ર સ્થાને જિનબિંબની સમીપે ગહુંલી કરી તે પર સ્થાપવો. તેની સમીપે સ્વસ્તિક કરી તે પર કલ્પસૂત્ર પધરાવવું. તેની પાસે હમેશાં બન્ને કાળનું પ્રતિક્રમણ કરવું. હમેશાં દેવપૂજા કરવી. પુસ્તક ઉપર ચંદરવો બાંધવો, જ્ઞાનને ધૂપ દીપ કરી હમેશાં રૂપાનાણે પૂજવું અથવા શક્તિ ન હોય તો પહેલે

તથા છેલ્લે દિવસે રૂપાનાણે પૂજવું અને વચલા દિવસોમાં યથાશક્તિ દ્રવ્યવડે પૂજવું. પછી અક્ષતની બે હાથે અંજલી ભરીને ઉપર સોપારી તથા રૂપાનાણું મૂકી ઊભા થઈ જ્ઞાનની "બોધાગાધં૦" એ થોય બોલી સ્તુતિ કરવી અથવા આ દુહો બોલવો–"જ્ઞાન સમું કો ધન નહિ, સમતા સમું ન સુખ; જીવિત સમ આશા નહિ, લોભ સમું નહિ દુઃખ ॥ ૧ ॥" પછી તે અક્ષતની અંજળી સોપારી સહિત કુંભમાં નાંખવી. ઉપર એક શ્રીફળ મૂકવું. એમ સોળ દિવસ સુધી અક્ષતની અંજલી, સોપારી તથા રૂપાનાણું કુંભમાં નાખવું. છેલ્લે દિવસે કુંભ ચોખાથી પૂર્ણ કરવો. પછી ખમાસમણુ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શ્રુતદેવતાઆરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છું, શ્રી શ્રુતદેવતાઆરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં" અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી એક જણ પારી "નમોઽર્હત્૦" કહી "સુઅદેવયાભગવઈ, નાણાવરણીયકમ્મસંઘાયં; તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી ॥૧॥" એ થોય કહે "ૐ હ્રીઁ નમો નાણસ્સ" એ પદની નવકારવાળી ૨૦ દરરોજ ગણવી. આ પ્રમાણે દરરોજ કરવું. છેલ્લે દિવસે રાત્રિજાગરણ, પૂજા, પ્રભાવના કરવી. પારણાને દિવસે હાથી, ઘોડા વિગેરેથી વરઘોડો શણગારી વાજતેગાજતે કુંભને દેરાસર લઇ જવો. તે વખતે કુંભ ઉપર શ્રીફળ રાખી તે ઉપર લીલું, પીળું, રેશમી વસ્ત્ર વીંટી, ઉપર ફૂલની માળા પહેરાવી સૌભાગ્યવતી સ્ત્રીને માથે મૂકવો. તથા નૈવેદ્યમાં સર્વ જાતનાં પક્વાન્ન, સુખડી વિગેરે યથાશક્તિ

કરાવી તેના થાલ પણ સૌભાગ્યવતી સ્ત્રીઓને માથે મૂકવાં. એ રીતે વરઘોડા સહિત દેરાસર આવવું. કુંભવાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુ પાસે કુંભ મૂકવો, પછી નૈવેદ્ય પણ પ્રભુ પાસે મૂકવું. જ્ઞાનના પુસ્તકને ગુરુને સ્થાનકે પધરાવી ગુરુપૂજા તથા પુસ્તકપૂજા રૂપાનાણાથી કરવી. ભાદરવા શુદિ ૪ને દિવસે તપની સમાપ્તિ કરવી. તે તપના દિવસોમાં નિરંતર એકાસણું અથવા બેસણું કરવું. છેલ્લે સંવત્સરીને દિવસે ઉપવાસ કરવો. શુદિ ૫ને રોજ પારણું કરવું. સ્વામીવાત્સલ્ય, પ્રભાવના વિગેરે કરવું. એ રીતે ચાર વર્ષ સુધી આ તપ કરવાનો નિયમ છે. જેટલા જણ તપ કરતાં હોય, તે દરેકે જુદા જુદા કુંભ મૂકવા. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

## અક્ષયનિધિ તપની વિધિ

પ્રથમ ઇરિયાવિહી પ્રતિક્રમવા, પછી ઇચ્છાકારેણ૦ સં૦ ભ૦ અક્ષયનિધિ તપ આરાધન નિમિત્તે ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

શાસનનાયક સુખકરણ, વર્ધમાન જિનભાણ ।
અહર્નિશ એહની શિર વહું, આણા ગુણમણિખાણ ॥૧॥
તે જિનવરથી પામીયા, ત્રીપદી શ્રી ગણધાર ।
આગમ રચના બહુવિધ, અર્થવિચાર અપાર ॥૨॥
તે શ્રી શ્રુતમાં ભાખિયા એ, તપ બહુવિધ સુખકાર ।
શ્રી જિનઆગમ પામીને, સાધે મુનિ શિવ સાર ॥૩॥
સિદ્ધાંતવાણી સુણવા રસિક, શ્રાવક સમકિત ધાર ।
ઇષ્ટ સિદ્ધિ અર્થે કરે, અક્ષયનિધિ તપ સાર ॥૪॥

તપ તો સૂત્રમાં અતિ ઘણાં, સાધે મુનિવર જેહ ।
અક્ષય નિધાનને કારણે, શ્રાવકને ગુણગેહ ॥૫॥
તે માટે ભવિ તપ કરો એ, સર્વ ઋદ્ધિ મળે સાર ।
વિધિશું એહ આરાધતાં, પામીજે ભવ પાર ।૬॥
શ્રીજિનવર પૂજા કરો, ત્રિક શુદ્ધે ત્રિકાળ ।
તેમ વળી શ્રુતજ્ઞાનની, ભક્તિ થઈ ઉજમાળ ॥૭॥
પડિકમણાં બે ટંકના, બ્રહ્મચર્યને ધરીએ ।
જ્ઞાનની સેવા કરી, સહેજે ભવજળ તરીએ ॥૮॥
ચૈત્યવંદન શુભભાવથી એ, સ્તવન થોઈ નવકાર ।
શ્રુતદેવી ઉપાસના, ધીરવિજય હિતકાર. ॥૯॥

પછી જં કિંચિ કહીને નમુથ્થુણં કહેવું. પછી બે જાવંતિ કહી નમોડર્હત્ કહી, નીચે પ્રમાણે સ્તવન કહેવું.

(લાવો લાવોને રાજ મોંઘામૂલા મોતી–એ દેશી)

તપવર કીજે રે, અક્ષયનિધિ અભિધાને;
સુખભર લીજે રે, દિન દિન ચડતે વાને (એ આંકણી)
પર્વ પજૂષણ પર્વશિરોમણિ, જે શ્રી પર્વ કહાય ।
માસ પાખ છઠ્ઠ દસમ દુવાલસ, તપ પણ એ દિન થાય ત૦ ॥૧॥
પણ અક્ષયનિધિ પર્વ પજૂષણ–કેરો કહે જિનભાણ ।
શ્રાવણ વદ ચોથે પ્રારંભી, સંવચ્છરી પરિમાણ ત૦ ॥૨॥
એ તપ કરતાં સર્વ રિદ્ધિ વરે, પગ પગ પ્રગટે નિધાન ।
અનુક્રમે પામે તેહ પરમપદ, સાન્વયી નામ પ્રધાન ત૦ ॥૩॥

પરમત્સરથી કર્મ બંધાણું, તેણે પામી દુઃખજાળ ।
એ તપ કરતાં તે પૂરવનું, કર્મ થયું વિસરાળ ત૦ ॥૪॥

જ્ઞાનપૂજા શ્રુતદેવી કાઉસ્સગ્ગ, સ્વસ્તિક અતિ સોહાવે ।
સોવનજડિત કુંભ નિજશક્તિ, સંપૂરણ ક્રમે થાવે૦ ત૦ ॥૫॥

જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી કરીએ, ઈગ દોય તિન વરીસ ।
વરસ ચોથે શ્રુતદેવી નિમિત્તે, એ તપ વીશવાવીશ૦ ત૦ ॥૬॥

એણે અનુસારે જ્ઞાનતણું વર, ગરણું ગણીએ ઉદાર ।
આવશ્યકાદિ કરણી સંયુત, કરતાં લહે ભવપાર૦ ત૦ ॥૭॥

ઈહ ભવ પરભવ દોષ આશંસા, રહિત કરો ભવિ પ્રાણી ।
જે પરપુદ્ગલ ગ્રહણ ન કરવું, તે તપ કહે વરનાણી૦ ત૦ ॥૮॥

રાતિજગા પૂજા પરભાવના, હય ગય શણગારીજે ।
પારણા દિન પંચ શબ્દે વાજે, વાજંતે પધરાવીજે૦ ત૦ ॥૯॥

ચૈત્ય વિશાળ હોય તિહાં આવી, પ્રદક્ષિણા વળી દીજે ।
કુંભ વિવિધ નૈવેદ્ય સંઘાતે, પ્રભુ આગળ ઢોઈજે૦ ત૦ ॥૧૦॥

રાધનપુરે એ તપ સુણી બહુ જણ, થયા ઉજમાળ તપ કાજે ।
એમ મુખ્ય મંડાણ ઓછવમાં, મસાલીયા દેવરાજે૦ ત૦ ॥૧૧॥

સંવત અઢાર તેંતાલી વરસે, એ તપ બહુ ભવી કીધો ।
શ્રીજિન ઉત્તમ પાદ પસાયે, પદ્મવિજય ફળ લીધો૦ ત૦ ॥૧૨॥

ત્યાર પછી જય વીયરાય૦ કહી "સુયદેવયાએ કરેમિકાઉસ્સગ્ગં" અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્ કહી "સુયદેવયાભગવઈ, નાણાવરણીયકમ્મસંઘાયં । તેસિં ખવેઉ સયયં, જેસિં સુયસાયરે ભત્તિ ॥૧॥" એ થોય

કહેવી પછી પચ્ચખ્ખાણ કરવું. પછી પૂજાની ઢાળ કહેવી તે નીચે પ્રમાણે—

### દુહા

સપ્તમ પદ શ્રી જ્ઞાનનો, સિદ્ધચક્ર પદમાંહી ।
આરાધીજે શુભ મને, દિન દિન અધિક ઉંછાહિં ॥૧॥

### છંદ ગાથા.

અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ ।
પંચપ્પયાસુ ઉવગારગસ્સ, સત્તાણ તત્તત્થ પયાસગસ્સ ॥૧॥
હુવે જેહથી સર્વ અજ્ઞાન રોધો, જિનાધીશ્વર પ્રોક્ત અર્થાવબોધો ।
મતિ આદિ પંચ પ્રકાર પ્રસિદ્ધો, જગદ્ભાસતે સર્વદે વાવિરુદ્ધો ।
યદીય પ્રભાવે સુભક્ષં અભક્ષં, સુપેયં અપેયં સુકૃત્યં અકૃત્યં ।
જેણે જાણીએ લોકમધ્યે સુનાણં,સદા મે વિશુદ્ધં તદેવ પ્રમાણં ॥૨॥

### ઢાળ.

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપરપ્રકાશક ભાવે જી ।
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ॥૧॥ (ચાલ)
જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના ।
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના ॥
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા ।
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥૨॥

### ઢાળ બીજી.

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર ।
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે. ભ૦સિ૦

પ્રથમ જ્ઞાન ને પછે અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું ।
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભ૦

સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે ।
તેહ જ્ઞાન નિત્ય નિત્ય વંદીજે, તે વિણ કહો કેમ રહિયે રે? ભ૦

પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપરપ્રકાશક જેહ ।
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે. ભ૦

લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ ।
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધિ રે । ભ૦ ૫

## ઢાળ ત્રીજી.

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે ।
તો હુએ એહિજ આત્મા, જ્ઞાન અબોધતા જાય રે ॥વી૦॥૧॥

પછી "ૐ હ્રીँ પરમાત્મને નમઃ જ્ઞાનપદેભ્યઃ કલશં યજામહે સ્વાહા" એ મંત્ર બોલીને જ્ઞાનની વાસક્ષેપ વડે પૂજા કરવી, અને પછી દ્રવ્ય વડે પૂજા કરવી એટલે સોનામહોર તથા રૂપામહોરથી જ્ઞાનની યથાશક્તિ પૂજા કરવી.

પછી નીચે પ્રમાણે દુહા બોલી શ્રુતજ્ઞાનના ૨૦ ભેદના ૨૦ ખમાસમણ દેવા.

## પીઠિકાના દુહા

સુખકર શંખેસર નમી, થુણશ્યું શ્રી શ્રુત નાણ ।
ચઉ મુંગા શ્રુત એક છે, સ્વપરપ્રકાશક ભાણ ॥૧॥
અભિલાપ્ય અનંતમે, ભાગે રચિયો જેહ ।
ગણધર દેવે પ્રણમીઓ, આગમ રયણ અછેહ ॥૨॥

ઇમ બહુલી વક્તવ્યતા, છઠાણ વડીયા ભાવ ।
ક્ષમાશ્રમણ[1] ભાષ્યે[2] કહ્યા, ગોપય સર્પિ જમાવ ॥૩॥

લેશ થકી શ્રુત વરણવું, ભેદ ભલા તસ વીશ ।
અક્ષયનિધિ તપને દિને, ખમાસમણ તે વીશ ॥૪॥

સૂત્ર અનંત અર્થ મઈ, અક્ષર અંશ લહાય ।
શ્રુતકેવળી કેવળી પરે, ભાખે શ્રુત પરજાય ॥૫॥ (પ્રથમ ભેદ)[1]

શ્રી શ્રુતજ્ઞાનને નિત નમો, ભાવ મંગલને કાજ ।
પૂજન અર્ચન દ્રવ્યથી, પામો અવિચલ રાજ ॥૬॥
(ખમાસમણ દેવું)

(આ છઠ્ઠો દુહો દરેક ખમાસમણે કહેવો.)

ઈગ સય અડવીસ સ્વરતણા, તિહાં અકાર અઢાર ।
શ્રુત પર્યાય સમાસમેં, અંશ અસંખ્ય વિચાર ॥૭॥ શ્રી શ્રુ૦૨

બત્રીશ વર્ણ સમાય છે, એક શ્લોક મઝાર ।
તે માંહે એક અક્ષર ગ્રહે, તે અક્ષર શ્રુત સાર ॥૮॥ શ્રી શ્રુ૦૩

ક્ષયોપશમ ભાવે કરી, બહુ અક્ષરનો જેહ ।
જાણે ઠાણાંગ આગલે, તે શ્રુતનિધિ ગુણગેહ ॥૯॥

કોડિ એકાવન અડલખ, અડસય એકાશી હજાર ।
ચાલીશ અક્ષર પદતણા, કહે અનુયોગદુવાર ॥૧૦॥ શ્રી શ્રુ૦૪

અર્થાંતે ઇહાં પદ કહ્યું, જિહાં અધિકાર ઠરાય ।
તે પદ શ્રુતને પ્રણમતા, જ્ઞાનાવરણી હઠાય ॥૧૧॥ શ્રી શ્રુ૦૫

---

૧. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે. ૨. વિશેષાવશ્યકભાષ્યમાં.

અઢાર હજાર પદે કરી, અંગ પ્રથમ સુવિલાસ ।
દુગુણા શ્રુત બહુ પદ ગ્રહે, તે પદ શ્રુત સમાસ ॥૧૨॥ શ્રી શ્રુ૦૬
પિંડપ્રકૃતિમાં એક પદે, જાણે બહુ અવદાત ।
ક્ષયોપશમની વિચિત્રતા, તેહજ શ્રુત સંઘાત ॥૧૩॥ શ્રી શ્રુ૦૭
પંચોતેર ભેદે કરી, સ્થિતિ બંધાદિ વિલાસ ।
કમ્મપયડી પયડી ગ્રહે, શ્રુત સંઘાત સમાસ ॥૧૪॥ શ્રી શ્રુ૦૮
ગત્યાદિક જે માર્ગણા, જાણે તેહમાં એક ।
વિવરણ ગુણઠાણાદિકે, તસ પ્રતિપત્તિ વિવેક ॥૧૫॥ શ્રી શ્રુ૦૯
જે બાસઠિ માર્ગણ પદે, લેશ્યા આદિ નિવાસ ।
સંગ્રહ તરતમ યોગથી, તે પ્રતિપત્તિ સમાસ ॥૧૬॥ શ્રી શ્રુ૦૧૦
સંતપદાદિક દ્વારમાં, જે જાણે શિવલોગ ।
એક દોય દ્વારે કરી, શ્રદ્ધા શ્રુત અનુયોગ ॥૧૭॥ શ્રી શ્રુ૦૧૧
વળી સંતાદિક નવ પદે, તિહાં માર્ગણા ભાસ ।
સિદ્ધતણી સ્તવના કરે, શ્રુત અનુયોગ સમાસ ॥૧૮॥ શ્રી શ્રુ૦૧૨
પ્રાભૃત પ્રાભૃત શ્રુત નમું, પૂરવના અધિકાર ।
બુદ્ધિ પ્રબલ પ્રભાવથી, જાણે એક અધિકાર ॥૧૯॥ શ્રી શ્રુ૦૧૩
પ્રાભૃત પ્રાભૃત શ્રુત સમા, સાભિધ લબ્ધિ વિશેષ ।
બહુ અધિકાર ઇસ્યા ગ્રહે, ક્ષીરાશ્રવ ઉપદેશ ॥૨૦॥ શ્રી શ્રુ૦૧૪
પૂરવગત વસ્તુ જીકે, પ્રાભૃત શ્રુત તે નામ ।
એક પ્રાભૃત જાણે મુનિ, તાસ કરું પ્રણામ ॥૨૧॥ શ્રી શ્રુ૦૧૫
પૂરવ લબ્ધિ પ્રભાવથી, પ્રાભૃત શ્રુત સમાસ ।
અધિકાર બહુલા ગ્રહે, પદ અનુસાર વિલાસ ॥૨૨॥ શ્રી શ્રુ૦૧૬

આચારાદિક નામથી, વસ્તુ નામ શ્રુત સાર ।
અર્થ અનેકવિધે ગ્રહે, તે પિણ એક અધિકાર ॥૨૩॥ શ્રી શ્રુ૦૧૭
દુગ સય પણવીસ વસ્તુ છે, ચૌદ પૂરવનો સાર ।
જાણે તેહને વંદના, એક શ્વાસે સો વાર ॥૨૪॥ શ્રી શ્રુ૦૧૮
ઉત્પાદાદિ પૂરવ જે, સૂત્રે અર્થ એક સાર ।
વિદ્યા મંત્રતણો કહ્યો, પૂરવ શ્રુત ભંડાર ॥૨૫॥ શ્રી શ્રુ૦૧૯
બિંદુસાર લગે ભણે, તેહિજ પૂરવ સમાસ ।
શ્રી શુભવીરને શાસને, હોજો જ્ઞાનપ્રકાશ ॥૨૬॥ શ્રી શ્રુ૦૨૦

(પ્રથમના ૪ પીઠિકાના દુહા, ૬ઠ્ઠો દરેક ભેદે કહેવાનો દુહો અને ૯મો દુહો તેટલા ખમાસમણમાં ન ગણવા.)

**ઇતિ અક્ષયનિધિ તપ ખમાસમણના દુહા સમાપ્ત.**

પછી પસલી (ખોબો) ભરી "બોધાગાધં સુપદપદવી૦" એ સ્તુતિ બોલીને તે પસ કુંભમાં નાંખવો. કુંભ પાસે કલ્પસૂત્રની સ્થાપના કરવી. માથે ચંદરવાં, પુંઠીયા બાંધવા. ડાંગરની ઢગલી ઉપર કુંભ સ્થાપવો. પંદરમે દિવસે તે કુંભ પૂરો ભરવો. પછી તેના પર શ્રીફળ મૂકી તેને લીલા અથવા પીળા રેશમી વસ્ત્રથી બાંધવો. શ્રાવણ વદ ચોથથી આરંભી ભાદરવા શુદી ચોથને દિવસે તપ પૂરો કરવો. દરરોજ એકાસણાં કરવાં. બ્રહ્મચર્ય પાળવું, કુંભ પાસે અખંડ દીવો[1] ફાનસ વિગેરે જતનાપૂર્વક રાખવો. "ૐ હ્રીં શ્રીં ક્લીં નમો નાણસ્સ"[2] એ ગરણું

૧. દીવામાં જંતુ ન પડે તેવી પૂરતી કાળજી રાખવી.

૨. આવા કઠણ અક્ષરો ગણવા મુશ્કેલ પડે તેણે "નમો નાણસ્સ" આટલો જ જપ કરવો. એક પ્રતિમાં હોવાથી અહીં આ મંત્રાક્ષરો લખ્યા છે.

નવકારવાળી વીશ પ્રમાણ ગણવું. દશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. છેલ્લે તથા પહેલે દિવસે રાત્રીજાગરણ કરવું તથા વરઘોડો કાઢવો.

❋

## ૬૮. મુકુટ સપ્તમી તપ.

आषाढादि च पोषान्तं, सप्त मासान् शितीष्वपि ।
सप्तमीषूपवासाश्च, विधेयाः सप्तसंख्यका ॥ १ ॥

મુકુટના ઉદ્યાપનવડે જણાતી જે સપ્તમી તે સંબંધી તપ તે મુકુટ સપ્તમી તપ કહેવાય છે. આ તપમાં અષાડ, શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ એ સાત માસની કૃષ્ણપક્ષની સાતમને દિવસે ઉપવાસ કરવો. તેમાં અનુક્રમે વિમલનાથ ૧, અનંતનાથ ૨, ચંદ્રપ્રભ અથવા શાંતિનાથ ૩, નેમિનાથ ૪, ઋષભદેવ ૫, મહાવીર ૬ અને પાર્શ્વનાથ ૭, એ સાત તીર્થંકરોને આશ્રયીને એક એક સપ્તમીએ તપ કરવો. તથા તે દિવસે તે તે તીર્થંકરની મોટી સ્નાત્રવિધિએ પૂજા કરવી. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનપૂજા કરવી. રૂપાની લોકનાલિકા કરાવી તેના ઉપર સુવર્ણમય રત્નજડિત મુકુટ કરાવી દેવ પાસે ઢાકવો. સાત સાત પક્વાન્ન, ફળ વિગેરે ઢાકવા. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી- આ તપનું ફળ વાંછિતની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. જે જે તીર્થંકરનો તપ

ચાલતો હોય તે તે તીર્થંકરના નામનું ગરણું (જેમકે પહેલું "વિમલનાથાય નમઃ") નવકારવાળી વીશનું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૬૯. અંબા તપ.

[અંબિકા દેવી શ્રી નેમિનાથ ભગવંતની શાસનદેવી છે. તેને અનુલક્ષીને કરાતો તપ "અંબા તપ" કહેવાય છે. અંબિકા દેવીની હકીકત સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે—

સૌરાષ્ટ્રનું **કોડીનાર** (કુબેરનગર) યક્ષાનદીના કિનારે રળિયામણું શહેર છે. ત્યાં **સોમભટ** નામના દ્વિજને **અંબિકા** નામની પત્ની હતી. જો કે સોમભટના પિતા જૈનત્વના સંસ્કારોથી વાસિત હતા, પરંતુ તેના સ્વર્ગવાસની સાથોસાથ તે સંસ્કારો લુપ્ત થઈ ગયા હતા. સોમભટમાં તે વારસો નહોતો ઊતર્યો. અંબિકા સુશીલ, સદ્‌ગુણી અને શ્રદ્ધાળુ સ્ત્રી હતી.

એકદા માસોપવાસી બે મુનિવરો તેના ગૃહાંગણે આવી ચઢયા. અંબિકાએ ઉલ્લાસપૂર્વક ભાવસહિત બંને મુનિવરને ગોચરી વહોરાવી, શાંત મુખમુદ્રાવાળા બંને મુનિવરો "ધર્મલાભ"રૂપી આશીષ આપી ચાલ્યા ગયા. અંબિકાને સુપાત્રદાન આપ્યાનો અતીવ સંતોષ થયો.

બાજુમાં જ રહેતી દ્વિજ પાડોશણે આ કાર્ય નીહાળ્યું અને તેનો ઇર્ષ્યાગ્નિ ભભૂકી ઊઠયો. મુનિ પ્રત્યેનો દ્વેષ પણ

પ્રજ્વલિત થયો અને યદ્વાતદ્વા બોલવા લાગી. પરંતુ અંબિકા પર તેની કશી અસર ન થઈ એટલે તેની સાસુ પાસે જઈને વાતને વધારીને કહી. તેની સાસુ પણ ઊકળી ઉઠી. મારા જીવતાં ઘરમાં તારું શાસન કેમ ચાલે ? એવા મિથ્યા ઘમંડમાં આવી જઈ તેણે પણ જેમ તેમ બકવા માંડ્યું. તેવામાં સોમભટ પણ બહારથી આવી ચઢયો. તેણે પણ આ કજીયાકંકાસનું સ્વરૂપ જોયું. તેની માએ વાતને વિકૃતરૂપે કરી એટલે તેને પણ ગુસ્સો ચઢયો. અને આવેશમાં ને આવેશમાં તેણે અંબિકાનો તિરસ્કાર કર્યો. પોતાનું ઘર છોડી ચાલ્યા જવાનું સોમભટે અંબિકાને ફરમાન કર્યું. આવા બનાવથી અંબિકા તો ડઘાઈ જ ગઈ પણ શ્રદ્ધાબળે પોતાના **અંબર** અને **શંબર** નામના બે પુત્રોને લઈ ચાલી નીકળી.

ઘણો પંથ કાપ્યા બાદ તેણીને વિચાર ઉદ્ભવ્યો કે-મેં મારી સાસુની કદી અવજ્ઞા કરી નથી, મારા સ્વામીની ભક્તિમાં કદી ઊણપ આવવા દીધી નથી, છતાં આવો પ્રસંગ ઉપસ્થિત થયો તો જેવો ભાવીભાવ. હવે સુશીલ સદ્ગુરૂનું શરણ સ્વીકારી, રૈવતાચલ પર જઈ, શ્રી નેમિનાથ ભગવંતનું ધ્યાન ધરી સ્વકલ્યાણ સાધીશ. આવી વિચારણા કરતાં એક પુત્રને કેડ ઉપર બેસાડીને તેમજ બીજાને આંગળીએ વળગાડીને તેણી ચાલવા લાગી.

ચાલતાં ચાલતાં માર્ગમાં ભયાનક જંગલ આવ્યું, છતાં તેણી હિંમતભેર આગળ વધી. ઊઘાડે પગે સખ્ત

તાપમાં ચાલતાં તેને ઘણી વેદના થવા લાગી, છતાં શ્રી નેમિનાથ પ્રભુનું ધ્યાન ધરતાં તેણે પ્રવાસ ચાલુ જ રાખ્યો. કોઈવાર તીક્ષ્ણ કાંટા વાગતા, કોઈકોઈ વાર ભયંકર ગર્જનાઓ તેની કસોટી કરી લેતા છતાં અડગપણે તેણે ચાલવું શરૂ જ રાખ્યું.

થોડોક સમય વીતતાં એક બાળકે પાણી માંગ્યું, તો બીજાએ ભૂખ લાગી છે કહી ભોજન માગ્યું. વેરાન જંગલમાં અન્ન-પાન ક્યાંથી લાવવું ? તેવા વિચારથી અંબિકાના બંને નેત્રોમાંથી અશ્રુ વહેવા માંડ્યા. બાળકોની આર્ત્તવાણી સાંભળી અંબિકાને રુદન કરવા સિવાય બીજો રસ્તો નહોતો. બાળકો કંઇ સમજે છે ? તેમણે તો પોતાની માગણી ચાલુ જ રાખી. છેવટે થાકી જઈ અંબિકા એક આમ્રવૃક્ષ નીચે વિસામો ખાવા બેઠી.

તેવામાં થોડે દૂર એક સુંદર સરોવર તેની નજરે પડ્યું. બાળકોને પાણી પાઈ સ્વસ્થ કર્યાં અને આમ્રવૃક્ષનાં ફળો ખવરાવી તેઓની ક્ષુધા તૃપ્ત કરી. બાદ તેણે આગળ ને આગળ રૈવતગિરિની દિશામાં ચાલવા માંડ્યું.

આ બાજુ સોમભટના ઘરે માસોપવાસી મુનિને ગોચરી વહોરાવવાથી જે ભાજનોમાં અન્ન હતું તે બધા વાસણો સુવર્ણના બની ગયા. ધાન્યના કોઠાર ભરપૂર થઈ ગયા. આવો પ્રભાવ જોઈ અંબિકાની સાસુએ સોમભટને સર્વ હકીકત જણાવી અને પશ્ચાત્તાપ કરી કહ્યું કે-હમણાં ને હમણાં જ્યાં હોય ત્યાંથી અંબિકાને શીઘ્ર તેડી લાવ.

સોમભટના પસ્તાવાનો પાર ન રહ્યો. આવેશમાં ને આવેશમાં કરેલી પોતાની ભૂલ તેને સમજાઈ. ઉતાવળે પગલે તે અંબિકાની પાછળ ગયો અને જંગલમાં જતી અંબિકાને તેણે દૂરથી જોઈ એટલે "હે અંબિકે! ઊભી રહે ઊભી રહે." એમ બૂમ પાડવા લાગ્યો.

પોતાના નામનો પોકાર સાંભળી અંબિકાએ પાછું જોયું તો પોતાના પતિને ઉતાવળે પગલે આવતો જોયો એટલે તેણી ભયભ્રાંત થઈ ગઈ. તેને વિચાર આવ્યો કે–જરૂરી મારી સાસુએ ભંભેરીને મારા સ્વામીને મને મારી નાખવા જ મોકલ્યો જણાય છે. તેના હાથે મૃત્યુ પામવા કરતાં હું જ શા માટે મૃત્યુ ન પામું? આવો વિચાર કરી, નજીકમાં દેખાતા કૂવાના કાંઠે આવી, દેવ, ગુરુ અને ધર્મનું શરણ સ્વીકારી, શ્રી નેમિનાથ ભગવંતનું ધ્યાન ધરી બંને બાળકો સાથે તેણીએ ઊંડા કૂવામાં ઝંપાપાત કર્યો.

એટલામાં તો સોમભટ પણ તે સ્થળે આવી પહોંચ્યો. પોતાની પત્નીના આ કાર્યથી અને પોતાની ભૂલથી તેને પણ અતિ પશ્ચાત્તાપ થયો. "હવે હું મારું મોઢું શી રીતે બીજાને બતાવી શકીશ?" તેવા વિચારથી તેણે પણ તે જ કૂવામાં ઝપલાવ્યું.

મરણાંતે શુભ ધ્યાનથી અંબિકા મૃત્યુ પામી, "અંબિકા" નામની દેવી તરીકે ઉપજી. સેવક દેવીઓએ તેને પૃચ્છા કરતાં તેણીએ પોતાનો પૂર્વભવ નિહાળ્યો અને ભગવંત શ્રી નેમિનાથને અત્યંત ઉપગારી જાણી, તેમના કેવળજ્ઞાનના

મહોત્સવ પ્રસંગે શ્રી રૈવતાચલ પર આવી, પર્ષદામાં બેસી, દેશના સાંભળી. ઇંદ્રની પૃચ્છાથી ભગવંત શ્રી નેમિનાથે "અંબિકા" દેવીની ઉત્પત્તિ કહી સંભળાવી એટલે ઈંદ્રે "અંબિકા" દેવીને ભગવંત શ્રી નેમિનાથની શાસનદેવી તરીકે સ્થાપી. સોમભટ મૃત્યુ પામીને અંબિકા દેવીના વાહનરૂપ સિંહ થયો.

અંબિકા દેવી સુવર્ણ જેવા વર્ણવાળી છે, સિંહના વાહનવાળી છે. તેના જમણા બે હસ્તમાં માતુલિંગ અને પાશ હોય છે જ્યારે ડાબા બે હાથમાં પુત્ર ને અંકુશ હોય છે. ખોળામાં બીજા પુત્રને બેસાડેલ છે. ]

**शुक्लासु पञ्चमीष्वेव पञ्चमासेषु वै तपः ।**
**एकभक्तादिना कार्यमंबापूजनपूर्वकम् ॥ ११ ॥**

અંબા દેવીની આરાધના માટે આ તપ છે. તેમાં પાંચ માસની શુક્લ પાંચમને દિવસે એકાસણાદિક તપ કરવો. અને તે દિવસે નેમિનાથ તથા અંબાદેવીનું પૂજન કરવું. ઉદ્યાપને ઉત્તમ ધાતુની અંબાદેવીની મૂર્ત્તિ કરાવી તેની સ્થાપના કરવી. શાસ્ત્રોક્ત વિધિએ તેની હંમેશાં પૂજા કરવી. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપ કરવાથી અંબાદેવી પાસેથી વર-દાનની પ્રાપ્તિ થાય છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (જૈન પ્રબોધમાં કૃષ્ણ પક્ષની પંચમીએ કરવાનો કહ્યો છે. તથા ઉજમણે સાધુને નવાં વસ્ત્ર, અન્ન વિગેરે આપી

પ્રતિલાભવા, અને અંબાની મૂર્તિ બે પુત્ર સહિત તથા આમ્રની લુમ્બ સહિત કરાવવી, પછી તેનું પૂજન કરવું એમ કહ્યું છે.) ગરણું ૐ હ્રીં "શ્રી અંબિકાદેવ્યૈ નમઃ" એ પદનું નવકારવાળી વીશ પ્રમાણ ગણવું.

## ૭૦ શ્રુતદેવતા તપ

શ્રુતજ્ઞાનની–પ્રવચનની અધિષ્ઠાત્રી દેવીને શ્રુતદેવતા કહેવામાં આવે છે. શ્રુતદેવતા, વાગીશ્વરી, શારદા કે સરસ્વતી તે બધા પર્યાયવાચક નામો છે.

ધર્મ બે પ્રકારે કહ્યો છે : એક ચારિત્ર ધર્મ અને બીજો શ્રુતધર્મ. સંયમના પાલનરૂપ ચારિત્રધર્મ અને સમ્યગ્જ્ઞાનના આરાધનસ્વરૂપ શ્રુતધર્મ. સમ્યગ્જ્ઞાન ગણધરગુંફિત અને તીર્થંકરભાષિત સૂત્ર–સિદ્ધાંતોના આલંબનથી જ પ્રાપ્ત કરી શકાય છે. આવી આરાધના સારી રીતે થઈ શકે તે માટે શ્રુતધર્મની અધિષ્ઠાત્રી શ્રુતદેવતાની સ્તુતિ 'સુઅદેવયા ભગવઈ....!' પણ કરવામાં આવી છે. શ્રી પુક્ખરવરદીસૂત્ર–તે શ્રુતસ્તવ જ છે. તેમાં શ્રુતનો જ મહિમા વર્ણવવામાં આવ્યો છે. કલ્લાણકંદની ચોથી ગાથા શ્રુતદેવીની સ્તુતિરૂપ છે.

નિર્વાણકલિકામાં શ્રી શ્રુતદેવીનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું કે—શ્રુતદેવી શ્વેત વર્ણવાળી તેમજ હંસના વાહનવાળી છે. તેના જમણા બે હાથમાં વરદાન તેમજ કમળ છે અને ડાબા બે હાથમાં પુસ્તક અને માળા રહેલ છે; જ્યારે

આચારદિનકરમાં એમ જણાવ્યું છે કે તેના જમણા બે હાથમાં માળા અને કમળ છે જ્યારે ડાબા બે હાથમાં વીણા અને પુસ્તક રહેલ છે.

શ્રુતદેવીનો શ્વેતવર્ણ એ સાત્ત્વિકતાનું ચિન્હ છે; કમળ પવિત્રતાનું સૂચક છે અને પુસ્તક એ જ્ઞાનનું પ્રતીક છે.

શ્રી સેનપ્રશ્નના ૨૩૬ મા પ્રશ્નમાં–"સરસ્વતી દેવી બ્રહ્મચારી છે કે કેમ ?" તેના ખુલાસામાં જણાવ્યું છે કે–સરસ્વતી દેવી વ્યંતરેન્દ્ર ગીતરતિની અગ્રમહિષી છે, જેથી તે બ્રહ્મચારી કહેવાતી નથી. આવો ઉલ્લેખ ક્ષેત્રસમાસ ટીકા અને શ્રી ભગવતીજીમાં છે.

જ્યારે તે જ સેનપ્રશ્નના ૪૩૭ મા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે–સરસ્વતી અને શ્રુતદેવી એક જ પર્યાયવાળા બે નામો છે, પરંતુ કોઈ પણ સ્થળે તે કઇ નિકાયની છે તેમ તેમનું આયુષ્યમાન કેટલું છે તે સંબંધી વર્ણન જોવામાં આવતું નથી.

શ્રુતદેવીની પ્રસન્નતાથી આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટી સૂરિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી, તેમજ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અગાધ શ્રુત-જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી.]

एकादशसु शुक्लेषु पक्षेष्वेकादशीषु च
यथाशक्ति तपः कार्यं वाग्देव्यर्चनपूर्वकम् ॥ १ ॥

શ્રુતદેવીની આરાધના માટે આ તપ છે. તેમાં અગિયાર શુક્લ એકાદશીને દિવસે શ્રુતદેવીની પૂજાપૂર્વક યથાશક્તિ એકાસણાદિક તપ કરવો. ઉદ્યાપને શ્રુતદેવીની મૂર્ત્તિ ઉત્તમ ધાતુની બનાવી તેની પ્રતિષ્ઠા કરવી, તથા વિધિ પ્રમાણે પૂજા કરવી. આ તપનું ફળ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય તે છે.

ઉપર પ્રમાણે અગિયાર શુક્લ એકાદશીએ ઉપવાસ કરીને મૌન ધારણ કરવું એમ પંચાશકમાં તથા પ્રત્યંતરમાં કહ્યું છે. "ૐ હ્રીં શ્રી શ્રુતદેવતાયૈ" **નમઃ** એ પદની નવકારવાળી વીશ ગણવી.

## ૭૧. રોહિણી તપ

[રોહિણી તપ સ્ત્રીવર્ગમાં ખૂબ જ પ્રચલિત છે. રોહિણી નક્ષત્રને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. આ તપના પ્રભાવથી વૈધવ્યપણું પ્રાપ્ત થતું નથી. આ તપના આરાધનથી રોહિણીએ કેવી સુખ–સંપદા પ્રાપ્ત કરી તેને લગતી હકીકત નીચે પ્રમાણે–

ચંપાપુરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના પુત્ર મઘવા રાજવીને **લક્ષ્મી** નામની રાણી હતી. તેમને આઠ પુત્ર ઉપર એક પુત્રી જન્મી. પુત્રીનું નામ **રોહિણી** રાખ્યું. મઘવા રાજવીએ તેના લગ્નોત્સવ નિમિત્તે સ્વયંવર મંડપ રચ્યો અને દેશ-

દેશના એકત્ર થયેલા અનેક રાજકુમારો પૈકી નાગપુરના અશોકકુમારના કંઠમાં વરમાળા આરોપી.

નાગપુર આવ્યા બાદ અશોકનાં પિતાએ અશોકને રાજ દીક્ષા ગ્રહણ કરી. ભોગવિલાસ ભોગવતાં રોહિણીને આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઈ. એકદા રોહિણી ગોખમાં બેઠી હતી તેવામાં કોઈ સ્ત્રીનો પુત્ર મૃત્યુ પામવાથી રુદન કરવાનો અવાજ સંભળાયો.

તે સ્ત્રી માથું ફૂટતી હતી, છાતી પીટતી હતી અને વારંવાર વિલાપ કરતી હતી. આ દ્રશ્ય જોઈ રોહિણીએ રાજાને પૂછ્યું કે–આ સ્ત્રી કઈ જાતનું નાટક કરે છે? રાજાએ કહ્યું કે–આ નાટક નથી. તે સ્ત્રી રડે છે, તું તારા સુખનો ગર્વ ન કર. રોહિણીએ કહ્યું કે–હું ગર્વ કરતી નથી. મેં આવું દ્રશ્ય કોઈ સ્થળે જોયું નથી તેથી પૂછું છું કે–આ સ્ત્રી શું કરી રહી છે? રાજાએ કહ્યું કે–તે રુદન કરે છે. રોહિણીએ પુનઃ પૂછ્યું કે–આ સ્ત્રી આવું ક્યાંથી શીખી હશે? આવી જાતના પ્રશ્નથી રાજાને કંઇક રોષ ચડયો અને આવેશમાં ને આવેશમાં કહ્યું કે–લે તને પણ હું શીખવું. એમ બોલી, રાણીના ખોળામાં રમતો સૌથી નાનો **લોકપાલ** નામનો પુત્ર ઉપાડી લઈ, ગોખમાંથી નીચે ફેંક્યો પરન્તુ રોહિણીનું પુણ્ય જાગૃત હતું એટલે પુરદેવીએ પુત્રને અદ્ધરથી જ ઝીલી લીધો અને સિંહાસન પર બેસાડયો. આવો ચમત્કાર જોઇ રાજા ઘણું જ આશ્ચર્ય પામ્યો.

થોડાએક દિવસો બાદ તે નગરીમાં રુપ્યકુંભ અને

સુવર્ણકુંભ નામના બે મુનિવરો પધાર્યા. રાજાએ સપરિવાર જઈ વંદન કરી, મીઠી દેશના સાંભળી, પ્રાંતે પૃચ્છા કરી કે દુઃખ શું કહેવાય તે રોહિણી શા માટે જાણતી નથી ? મુનિવરે તેણીનો પૂર્વભવ વર્ણવતાં જણાવ્યું કે–

પૂર્વે આ જ નજરીમાં ધનમિત્ર નામનો શ્રેષ્ઠી હતો. તેને ખરાબ નસીબવાળી **દુર્ગંધા** નામની પુત્રી હતી. તેણી યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છતાં તેને પરણવા કોઈ તૈયાર ન થયું. ધનમિત્ર તેને પરણનારને ક્રોડ દ્રવ્ય આપવા તૈયાર થયો તો પણ દુર્ગંધાની ખરાબ વાસ અને ઉષ્ણ સ્પર્શને કારણે કોઈએ પસંદગી બતાવી નહિ. તેવામાં રાજના ગુનેહગાર કોઈ એક ચોરને વધસ્તંભ પર જતાં બચાવી, તેની સાથે પોતાની પુત્રી પરણાવી પણ પુત્રીના સમાગમથી તેના અતિ ઉષ્ણ સ્પર્શને કારણે સંતાપિત થવાથી રાત્રિના સમયે જ તે ચોર નાશી ગયો. ધનમિત્ર આ બનાવથી ઘણો દુઃખી થયો તેવામાં તે નગરીમાં જ્ઞાની ગુરુમહારાજ આવ્યા. તેમને વંદન કરી દુર્ગંધાના દુર્ભાગ્ય સંબંધી કારણ પૂછ્યું એટલે જ્ઞાની ભગવંતે જણાવ્યું કે–

ઉજ્જયંત પર્વત પાસે ગિરિવર (જૂનાગઢ)માં પૃથ્વીપાલ નામનો રાજા હતો. તેને સિદ્ધમતી નામની રાણી હતી. એકદા રાજા–રાણી ઉપવનમાં ક્રીડા કરવા ગયા. ઉપવનમાં જતાં જ રાજાએ ગુણસાગર નામના માસોપવાસી મુનિવરને નીહાળ્યા એટલે તેમને વંદન કરી, રાણીને આજ્ઞા આપી કે–આ મુનિરાજને આપણા ગૃહે લઇ જઈ ગોચરી વહોરાવો. રાણીની અનિચ્છા છતાં રાજાના આદેશથી કચવાતે મને

રાણી સ્વઆવાસે ગઈ અને મુનિવરને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું. શાકને કડવું જાણી મુનિવરે તેને પરઠવવાની તૈયારી કરી. પણ અસંખ્ય જીવહિંસા જાણી પોતે જ ખાઇ ગયા અને શુભ ધ્યાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, કાળ કરી મોક્ષે સિધાવ્યા.

રાજાને આ હકીકતની ખબર પડતાં રાણીને કાઢી મૂકી. સાતમે દિવસે રાણીને કોઢનો વ્યાધિ થયો. મૃત્યુ પામી છઠ્ઠી નરકે ગઈ. ત્યાર બાદ ઘણા ભવોમાં ભમી, ભાગ્યયોગે નવકાર મહામંત્રનું શ્રવણ કરવાથી આ તમારી પુત્રી થઈ છે. દુર્ગંધાને તરત જ જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જોયો. પોતાના અશુભ કર્મને દૂર કરવા ઉપાય પૂછયો એટલે ગુરુમહારાજે સાત વર્ષ ને સાત માસ રોહિણીનો તપ કરવાનું કહ્યું. આ તપના પ્રભાવથી તું અશોક રાજાની રોહિણી નામની રાણી થઈશ.

ગુરુમહારાજના કથનથી શુભ ધ્યાનથી તેણે રોહિણી તપનું એકાગ્ર મનથી આરાધન કર્યું અને મૃત્યુ પામી, સ્વર્ગે જઇ આ તમારી પત્ની થઇ છે. આ તપના કારણે "દુઃખ" શું કહેવાય તે પણ તે જાણતી નથી.

હે રાજન્ ! તમે પણ પૂર્વભવમાં રોહિણી તપનું સમ્યગ્ આરાધન કરવાથી મઘવા નામના રાજા થયા છો અને તમારા બંનેનો સુયોગ થયો છે.

ગુરુવરનું કથન સાંભળી, હર્ષ પામી રાજા રાણી સ્વસ્થાને ગયા અને પ્રાંતે દીક્ષા લઈ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષલક્ષ્મીને વર્યાં. ]

रोहिण्यां च तपः कार्यं वासुपूज्यार्चनायुतम् ।
सप्तवर्षी सप्तमासीं उपवासादिभिः परम् ॥१॥

આ તપ રોહિણી નક્ષત્રમાં થાય છે, તેથી તે રોહિણી તપ કહેવાય છે. તે તપ અક્ષય તૃતીયાને દિવસે અથવા તેની આગળ પાછળ જ્યારે રોહિણી નક્ષત્ર હોય ત્યારે શરૂ થાય છે. તે તપ શ્રી વાસુપૂજ્યસ્વામીની પૂજાપૂર્વક સાત વર્ષ અને સાત માસ સુધી કરવો. એટલે માસે માસે જ્યારે રોહિણી નક્ષત્ર હોય તે તે દિવસે ઉપવાસાદિક (ઉપવાસ, આંબિલ, નીવિ વિગેરે) તપ કરવો. જો કદાચ એક પણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો ફરીથી પ્રથમથી આરંભ કરવો. ઉદ્યાપનમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાની મોટી સ્નાનવિધિએ પૂજા કરીને સુવર્ણમય અશોકવૃક્ષ ઢોકવો. (પ્રત્યંતરના મતે સુવર્ણમય સોમ રાજા તથા અશોક યુક્ત રોહિણી રાણી તથા વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા કરાવી દેવ પાસે ઢોકવી. એકસો ને એક સંખ્યા પ્રમાણ મોદક, ફળ, દીપ વિગેરે ઢોકવાં.) સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ અવિધવાપણું તથા સૌભાગ્ય સુખની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (આ તપ પૌષધપૂર્વક ઉપવાસ કરીને કરવાનો પ્રચાર છે. અથવા પૌષધ ન થઇ શકે તો આરંભાદિક કાર્ય ન કરે.) ‘ૐ હ્રીં શ્રી વાસુપૂજ્યસર્વજ્ઞાય નમઃ’’ એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૭૨. તીર્થંકરમાતૃતપ

[ જિનેશ્વર ભગવંતની માતા, જ્યારે પરમાત્મા ગર્ભમાં અવતરે છે ત્યારે શ્રેષ્ઠ ચૌદ મહાસ્વપ્નો જુએ છે. ચૌદે મહાસ્વપ્નોનાં નામ આ પ્રમાણે છે. ૧ હસ્તી, ૨ વૃષભ, ૩ સિંહ, ૪ લક્ષ્મીદેવી, ૫ પુષ્પની માળ, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજ, ૯ કળશ, ૧૦ સરોવર, ૧૧ સમુદ્ર, ૧૨ દેવવિમાન, ૧૩ રત્નસમૂહ અને ૧૪ નિર્ધૂમઅગ્નિ. ચક્રવર્તીની માતા પણ આ જ મહાસ્વપ્નો જુએ છે, પણ તે તીર્થંકરની માતા કરતાં કંઇક હીન કાંતિવાળા જુએ છે.

જ્યારે જિનેશ્વર માતાના ગર્ભમાં અવતરે છે ત્યારે તેના પ્રભાવથી માતાનું શરીર સ્વચ્છ અને સુગંધી થઈ જાય છે. અન્ય માતાઓની માફક તેમનું ગર્ભસ્થાન બીભત્સ જણાતું નથી. પરમાત્માના જન્મ પછી પ્રાયઃ જિનમાતાઓ અન્ય ગર્ભ ધારણ કરતી નથી, કારણ કે તેઓ અનુપમ શીલધર્મને ધારણ કરનારી હોય છે. આ સંબંધમાં શ્રી નેમિનાથ ભગવંતની માતા શિવાદેવી અપવાદરૂપ જણાય છે કેમ કે તેમણે લઘુબંધુ રથનેમિને જન્મ આપેલ છે, પણ તેવું કંથચિત્ જાણવું.

શ્રી સપ્તતિશતસ્થાન પ્રકરણમાં, ચાલુ અવસર્પિણી કાળના જિનેશ્વર ભગવંતની માતાને આશ્રયીને જણાવ્યું છે કે—શ્રી ઋષભદેવ આદિ આઠ જિનેશ્વરની માતાઓ મોક્ષે ગઈ. સુવિધિનાથ આદિ આઠ જિનેન્દ્રોની માતાઓ સનત્કુમાર દેવલોકમાં ગઈ અને કુંથુનાથ આદિ આઠ તીર્થંકરની

માતાઓ માહેન્દ્ર દેવલોકમાં ગઈ. કોઇ સ્થળે ત્રિશલાદેવી બારમા દેવલોકે ગયાનો ઉલ્લેખ છે; તે મતાંતર જાણવો.]

भाद्रपदशुक्लपक्षे प्रारभ्य सप्तमीं तिथिम् ।
त्रयोदश्यन्तमाधेयं तपो माउरिसंज्ञकम् ॥१॥

તીર્થંકરોને માતાની આરાધના માટે આ તપ છે. તેનો ભાદરવા શુદી સાતમને દિવસે આરંભ કરી શુદી તેરસ સુધી દૂધ, દહીં, ઘી, કરંબો (દહીં ભાત), ક્ષીર, લાપસી અને ઘેબરવડે શ્રી જિનમાતાની પૂજા કરી ( આગળ ધરી ) હંમેશાં એકાસણાદિક તપ કરવો. તે તપ સાત વર્ષ સુધી કરવો. પરંતુ બબ્બે વરસે આ પ્રમાણે ઉદ્યાપન કરવું—ભાદરવા શુદી ચૌદશને દિવસે ચોવીશ ચોવીશ પુડા, પુરી, પક્વાન્ન, ફળ વિગેરે જિનમાતા પાસે ઢોકવાં. પુત્રવાળી ચોવીશ શ્રાવિકાને વસ્ત્ર, અંગરાગ, તાંબૂલ વિગેરે આપવું. પછી સાતમા વર્ષના ઉદ્યાપનમાં શ્રી જિનમાતાની આગળ સાતમને દિવસે તેલ ઢોકવું. આઠમે ઘી, નવમીએ પક્વાન્ન, દશમીએ ગાયનું દૂધ, અગિયારશે દહીં, બારસે ગોળ, અને તેરસે ખીચડી, વડી, કણિક (લોટ), હરડે, ધાણા, મેથી, ગુંદર, આંજણ, શલાકા, સાત સાત પાન, સોપારી વિગેરે ઢોકવાં. પુત્રવાળી શ્રાવિકાને શ્રીફળ આપવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ પુત્રપ્રાપ્તિ થાય તે છે.

આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "શ્રી જિનમાત્રે નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી.

## ૭૩. સર્વસુખસંપત્તિ તપ

**एकादिवृद्धया तिथिषु, तप एकाशनादिकम् ।**
**विधेयं सर्वसंपत्तिसुखे, तपसि निश्चितम् ॥१॥**

સર્વ સુખસંપત્તિનું કારણ હોવાથી આ તપ સર્વ સુખસંપત્તિ નામનો કહેવાય છે. તેમાં શુક્લ કે કૃષ્ણપક્ષની એકમને દિવસે એક એકાસણાદિક તપ કરવો. બીજે પખવાડીયે બીજથી બે એકાસણાદિક કરવાં, ત્રીજે પખવાડીયે ત્રીજથી ત્રણ એકાસણાદિક કરવાં, ચોથે પખવાડીયે ચોથથી ચાર એકાસણાદિક કરવાં. એ રીતે વધતાં વધતાં પંદરમે પખવાડીયે પૂર્ણિમાંથી અથવા અમાવાસ્યાથી પંદર એકાસણાદિક કરવાં (પ્રવચનસારોદ્ધારમાં એકાસણાને બદલે ઉપવાસ કરવાનું કહ્યું છે) પરંતુ જો કદાચ કોઈ તિથિ ભૂલી જવાય તો તપનો આરંભ ફરીથી કરવો. આ રીતે કરતાં આ તપ એકસો ને વીશ તપના દિવસોવડે પૂર્ણ થાય છે. ઉદ્યાપને સ્નાત્રપૂજાપૂર્વક એકસો ને વીશ મોદક ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ સુખની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. આનું ગરણું તપ નંબર ૭૬ થી જાણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

બીજી રીતે એક પખવાડીયાની એક એકમનો ઉપવાસ કરવો. એ પખવાડીયાની બે બીજના ઉપવાસ, ત્રણ પખવાડીયાની ત્રણ ત્રીજના ઉપવાસ, એ પ્રમાણે ચડતા ચડતા પંદર પખવાડીયાની પુનમ તથા અમાસના ઉપવાસ કરવાથી પણ આ તપ થાય છે. આ તપ મોટો પખવાસો કહેવાય છે. આ તપમાં કોઇ તિથિ ભૂલી જવાય તો આવતી બીજી તિથિ લઈ શકાય છે પણ કરેલો તપ નિષ્ફળ થતો નથી.

## ૭૪. અષ્ટાપદ પાવડી તપ (અષ્ટાપદ ઓળી)

[ અષ્ટાપદ પર્વત એ ચાલુ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતનું નિર્વાણસ્થળ છે. ૭ ઉપવાસની તપશ્ચર્યાપૂર્વક પાદપોપગમન અનશન કરીને દશ હજાર સાધુઓ સાથે ભગવંતે અહીં મોક્ષપ્રાપ્તિ કરી હતી. બાદ ભરત ચક્રવર્તીએ અહીં "સિંહનિષદ્યા" નામક ભવ્ય જિનપ્રાસાદ કરાવ્યો હતો. અને તેમાં વર્તમાન ચોવીશીના તીર્થંકરોના દેહપ્રમાણ, સંસ્થાન, વર્ણ અને લાંછનયુક્ત પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી હતી.

દક્ષિણ દિશામાં ચાર ભગવંતની મૂર્તિઓ–શ્રી ઋષભદેવથી અભિનંદનસ્વામી પર્યંત.

પશ્ચિમ દિશામાં આઠ–શ્રી સુમતિનાથથી શ્રી વાસુપૂજ્યસ્વામી પર્યંત.

ઉત્તર દિશામાં દશ–શ્રી વિમલનાથ સ્વામીથી શ્રી નેમિનાથ પ્રભુ પર્યંત.

પૂર્વ દિશામાં બે-શ્રી પાર્શ્વનાથ તેમજ શ્રી મહાવીરસ્વામી.

આ ક્રમને અનુલક્ષીને જ આપણે ' सिद्धाणं बुद्धाणं 'માં चत्तारि अट्ठ-दस-दोय વાળી ગાથા જાણીએ છીએ.

ભરત ચક્રવર્તીએ તીર્થરક્ષા માટે આ પર્વતને ચારે તરફ આઠ આઠ પગથિયાં કરાવ્યા એટલે "અષ્ટાપદ" એ નામથી પ્રસિદ્ધિ થઈ. જૈન શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ મળી આવે છે કે-જે ચરમશરીરી હોય એટલે કે-તદ્ભવમોક્ષગામી હોય તે જ શ્રી અષ્ટાપદની યાત્રા કરી શકે છે. શ્રી ઉત્તરાધ્યયનની શ્રી શાંત્યાચાર્યકૃત બૃહદ્વૃત્તિમાં કહ્યું છે કે-

चरमसरीरो साहू आरुहइ नगवरं, न अन्नोत्ति । અર્થાત્ જે સાધુ ચરમશરીરી હોય તે જ નગવર-પર્વત શ્રેષ્ઠ શ્રી અષ્ટાપદ પર્વત પર આરોહણ કરી શકે; અન્ય નહીં.

કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે, શ્રીત્રિષષ્ઠિશલાકા-પુરુષ ચરિત્ર દશમા પર્વના નવમા સર્ગમાં જણાવ્યું છે કે-
योऽष्टापदे जिनान् नत्वा वसेद् रात्रिं तद्भवे स सिध्यति ।
જે અષ્ટાપદપર્વત પર રહેલી જિનપ્રતિમાઓને વંદન કરીને એક રાત્રિ ગાળે છે. તે તે ભવે સિદ્ધ થાય છે.

અનંતલબ્ધિનિધાન પ્રાતઃસ્મરણીય પૂજ્ય શ્રી ગૌતમ-સ્વામી મહારાજે, પોતાના તદ્ભવમોક્ષગામીપણાની ખાત્રી માટે, સૂર્યના કિરણોનું આલંબન ગ્રહણ કરી, અષ્ટાપદ પર્વત પર આરોહણ કરી, જિનપ્રતિમાઓને વંદન કરી, પાછા વળતાં (૧૫૦૩) પંદરસો ને ત્રણ તાપસોને પ્રતિબોધી, દીક્ષા આપી હતી. તે હકીકત આપણને સુવિદિત છે.

શ્રી અભિધાનચિંતામણિના ચોથા ભૂમિકાંડમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે અષ્ટાપદ પર્વત "કૈલાસ" હોવાનું જણાવ્યું છે. શ્રી જિનપ્રભસૂરિજીએ પણ સ્વરચિત વિવિધતીર્થકલ્પમાં अष्टापदगिरिकल्पમાં તે જ હકીકતનું સમર્થન કરેલ છે. तीसे अ उत्तरदिसीभाए बारसजोयणेसुं अट्ठावओ नाम केलासापराभिहाणो रम्मो नगवरो अट्ठजोयणुच्चो । અયોધ્યા નગરીની ઉત્તર દિશાએ બાર યોજન દૂર, અષ્ટાપદ નામનો રમ્ય પર્વતરાજ આવેલ છે, જેની ઊંચાઈ આઠ યોજન છે, જેનું બીજું નામ 'કૈલાસ' છે.

આધુનિક ભૂગોળ પ્રમાણે "કૈલાસ" પર્વત હિમાલયના તિબેટ દેશમાં માનસરોવરની ઉત્તરે ૨૫ માઈલ દૂર આવેલ છે. આ પર્વતનું શિખર બારે માસ બરફથી જ છવાયેલું રહે છે. હવામાન ઘણું જ ઠંડું અને તોફાની હોવાથી તેના પર આરોહણ કરી શકાતું નથી.

❀

## आश्विनेऽष्टाह्निकास्वेव यथाशक्ति तपःक्रमैः ।
## विधेयमष्ट वर्षाणि तप अष्टापदं परम् ॥ १ ॥

અષ્ટાપદ પર્વત ઉપર ચડવાનો જે તપ, તે અષ્ટાપદ પાવડી તપ કહેવાય છે. તેમાં આસો શુદી આઠમથી પૂર્ણિમા સુધીના આઠ દિવસ તે એક અષ્ટાહ્નિકા (ઓળી) કહેવાય છે. તે દિવસોમાં યથાશક્તિ (ઉપવાસાદિક) તપ કરવો. પહેલી

ઓળીએ તીર્થંકરની પાસે સુવર્ણમય એક સોપાન (પગથિયું) કરાવીને મૂકવું. તથા તેની અષ્ટપ્રકારી પૂજા કરવી. એ પ્રમાણે આઠ વર્ષ સુધી આઠ સોપાન સ્થાપી તપ કરવો. ઉદ્યાપને મોટી સ્નાત્રવિધિપૂર્વક ચોવીશ ચોવીશ પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. આ તપનું ફળ દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. "ૐ હ્રીઁ અષ્ટાપદ-તીર્થાય નમઃ" એ પદનું ગરણું વીશ નવકારવાળી પ્રમાણ ગણવું. સાથીયા વિગેરે આઠ આઠ કરવા.

બીજી રીતે આસો વદ અમાવાસ્યાથી આરંભી એકાંતરે આઠ ઉપવાસ કરવા. પારણે એકાસણું કરવું. એ પ્રમાણે આઠ વર્ષ કરવું. ઉદ્યાપને અષ્ટાપદ પૂજા, ઘૃતમય ગિરિની રચના, સુવર્ણમય નીસરણીઓ આઠ આઠ પગથિયાવાળી આઠ કરાવવી. પક્વાન્ન, તથા સર્વ જાતિનાં ફળો ચોવીશ ચોવીશ ઢોકવાં. બીજી સર્વ વસ્તુ આઠ આઠ ઢોકવી. (જૈન પ્રબોધમાં આ તપને અષ્ટાપદ ઓળી પણ કહે છે.)

## ૭૫. મોક્ષદંડ તપ. (મોક્ષકરંડક તપ.)

**यावन्मुष्टिप्रमाणः स्याद्गुरुर्दंडश्च तावतः ।**
**विदधीतैकान्तरांश्चोपवासान्सुसमाहितः ॥ १ ॥**

મોક્ષદંડ સંબંધી જે તપ તે મોક્ષદંડ તપ કહેવાય છે. તેમાં ગુરુનો દંડ (દાંડો) જેટલી મુઠીના પ્રમાણના હોય તેટલા ઉપવાસો એકાંતરા પારણાવાળા કરવા. છેલ્લે ઉપવાસે ગુરુના

દંડની ચંદનથી પૂજા કરવી, તથા ગુરુને વસ્ત્રદાન આપવું. શ્રીફળ તથા અક્ષત દાંડા પાસે ઢોકવા. ઉપવાસની સંખ્યા જેટલા ફળ, મુદ્રા (રૂપાનાણું), પક્વાન્ન વિગેરે દાંડા પાસે મૂકવા. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ વિપત્તિનો નાશ થાય તે છે. આ શ્રાવકને કરવા લાયક આગાઢ તપ છે. "ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે સત્તાવીશ કરવા.

બીજી રીતે એવી છે કે–ગુરુના દાંડાને અંગુષ્ઠના પર્વ વડે માપવો. જેટલી સંખ્યા થાય તેટલા એકાસણાં કરવાં. તથા ઉદ્યાપને તેટલી સંખ્યાવાળા મોદક વિગેરે દાંડા પાસે ઢોકવા. બાકી સર્વ ઉપર પ્રમાણે કરવું. (નં. બ.)

ત્રીજી રીત એવી છે કે–ઉપવાસ એક, આંબિલ એક, નીવી એક, એકાસણું એક, પુરિમઢ્ઢ એક–આ એક ઓળી થઈ. એવી પાંચ ઓળી કરવાથી પચીશ દિવસે આ તપ પૂરો થાય છે. ઉદ્યાપન ઉપર પ્રમાણે (વિધિપ્રપા વિગેરે પ્રતો) કરવું. ગરણું વિગેરે તપ નંબર ૧ પ્રમાણે કરવું.

(આ તપને મોક્ષકરંડક તથા પાંચ પચ્ચક્ખાણની ઓળી પણ કહે છે)

## ૭૬. અદુઃખદર્શી તપ.

शुक्लपक्षेषु कर्तव्याः क्रमात्पञ्चदशस्वपि ।
उपवासास्तिथिष्वेवं पूर्यते विधिनैव तत् ॥

દુઃખ જોવાનો જેનો સ્વભાવ નથી તે અદુઃખદર્શી (અદુઃખદેખી)નામનો તપ કહેવાય છે. તેમાં પ્રથમ શુકલ પક્ષની એકમને દિવસે ઉપવાસ કરવો, પછી બીજે માસે શુદ બીજનો ઉપવાસ કરવો. પછી ત્રીજે માસે શુદી ત્રીજનો ઉપવાસ કરવો. એ પ્રમાણે ચડતા ચડતા પંદરમે માસે પૂર્ણિમાનો ઉપવાસ કરવો. એ રીતે કરતાં પંદર માસે કુલ પંદર ઉપવાસવડે આ તપ પૂર્ણ થાય છે. આ તપ કરતાં જો કોઈ તિથિ ભૂલી જવાય તો તપનો આરંભ ફરીથી કરવો. ઉદ્યાપને શ્રી ઋષભદેવની પૂજા કરવી. રૂપાનું વૃક્ષ કરાવવું, તેની શાખા સાથે સુવર્ણનું રેશમી પાટીવાળું પારણું (ઘોડીયું) ટાંગવું. તેમાં રેશમી તળાઈ પાથરવી. તે ઉપર સુવર્ણની પુતળી સુવાડવી. પંદર પંદર પક્વાન્ન, ફળ, રૂપાનાણું વિગેરે ઢોકવાં. તથા પંદરે માસની તપની તિથિએ નવા નવા નૈવેદ્ય, પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ સર્વ દુઃખનો નાશ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

બીજી રીતે દરેક પખવાડીયાની તિથિએ ઉપર પ્રમાણે ચડતા ચડતા ઉપવાસ કરવા. તેમ કરવાથી પંદર પખવાડીયે આ તપ પૂરો થાય છે.*

ૐ હ્રીં "શ્રી ઋષભસ્વામી અર્હતે નમઃ" આ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

* આ તપનું નામ પખવાસો પણ કહેવાય છે. (આ તપમાં તિથિ ભૂલી જવાય તો બીજી આવતી તિથિ લઈ શકાય છે પણ ફરી શરૂ કરવો પડતો નથી.)

## ૭૭. અદુઃખદર્શી તપ (બીજો)

ત્રીજી રીત એવી છે—એકાંતરા પંદર ઉપવાસ તિથિના નિયમ વિના જ કરવા, બાકી ઉદ્યાપન વિગેરે ઉપર પ્રમાણે કરવું.

ગરણું વિગેરે નીચે પ્રમાણે—

| | | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કુંથુનાથપારંગતાય | નમઃ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૨ | શ્રી શીતલનાથપારંગતાય | નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૩ | શ્રી આદિનાથપરમેષ્ઠિને | નમઃ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૪ | શ્રી શ્રેયાંસનાથપારંગતાય | નમઃ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૫ | શ્રી ધર્મનાથપારંગતાય | નમઃ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ |
| ૬ | શ્રી નેમિનાથસર્વજ્ઞાય | નમઃ | ૨૨ | ૨૨ | ૨૨ | ૨૦ |
| ૭ | શ્રી ચંદ્રપ્રભસર્વજ્ઞાય | નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૮ | શ્રી અભિનંદપારંગતાય | નમઃ | ૪ | ૪ | ૪ | ૨૦ |
| ૯ | શ્રી મુનિસુવ્રતપારંગતાય | નમઃ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૦ | શ્રી અરનાથપારંગતાય | નમઃ | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૦ |
| ૧૧ | શ્રી મલ્લિનાથપારંગતાય | નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૧૨ | શ્રી અરનાથસર્વજ્ઞાય | નમઃ | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૦ |
| ૧૩ | શ્રી ઋષભદેવપારંગતાય | નમઃ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૧૪ | શ્રી વાસુપૂજ્યપારંગતાય | નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૧૫ | શ્રી સંભવનાથનાથાય | નમઃ | ૩ | ૩ | ૩ | ૨૦ |
| ૧૬ | શ્રી મહાવીરપારંગતાય | નમઃ | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૦ |

## ૭૮. ગૌતમપડઘો

[ શ્રી ગૌતમસ્વામીનું સંક્ષિપ્ત જીવન તો આડત્રીશમા "વીર ગણધર તપ"માં આવી ગયું છે.

શ્રી ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત પરથી પાછા વળતાં અનુક્રમે પહેલે, બીજે અને ત્રીજે પગથિયે રહેલા ૫૦૧-૫૦૧-૫૦૧ તાપસોને પ્રતિબોધ પમાડી, પાત્રમાં અલ્પ ખીર વહોરાવી, પોતાની લબ્ધિના પ્રભાવથી તે સર્વ ૧૫૦૩ તાપસોને યથેચ્છા પારણું કરાવ્યું તે પ્રસંગ સર્વને સુવિદિત છે. તે જ નિમિત્તને અનુલક્ષીને આ "ગૌતમ પડઘો" નામનો તપ કરવામાં આવે છે.

શ્રી ગૌતમસ્વામી દ્વારા દીક્ષિત શિષ્યોને કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ જતું પણ શ્રી ગૌતમસ્વામી સ્વયં કેવલજ્ઞાનથી વંચિત રહેતા, તેનું મુખ્ય કારણ ભગવંત મહાવીર પ્રત્યેનું તેઓશ્રીનું પ્રીતિબંધન હતું. જે રાત્રે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું (દીપાલિકા) તે જ રાત્રે આ પ્રીતિબંધન તૂટી જવાથી તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ભગવંત મહાવીરનો જીવ જ્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા અને શાલિના ક્ષેત્રનું રક્ષણ કરતાં તેમણે સિંહનો વધ કર્યો હતો ત્યારે શ્રી ગૌતમ સ્વામીનો જીવ, તેમના સારથી તરીકે હતો. આ પ્રમાણે તેઓ બંનેનો સંબંધ ઘણા ભવોથી ચાલ્યો આવતો હતો.

વિદ્યમાન આગમો જોતાં તેમાંના કેટલાકનું નિર્માણ ભગવંત મહાવીરને શ્રી ગૌતમસ્વામીએ કરેલા પ્રશ્નને જ આભારી ગણી શકાય. શ્રી ઉવવાઈ, રાયપસેણી, જંબૂદ્વીપ-

પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને શ્રી ભગવતીજી આ હકીકતનું સમર્થન કરે છે. વિશેષ જાણવાના જિજ્ઞાસુએ "ગણધર-વાદ" વાંચવો.]

राकासु पंचदशसु, स्वशक्तेरनुसारतः ।
तपः कार्यं गौतमस्य, पूजाकरणपूर्वकम् ॥ १ ॥

શ્રી ગૌતમસ્વામીના પાત્રાને ઉદ્દેશીને આ તપ કરવામાં આવે છે, તેથી તેનું નામ ગૌતમ પતદ્ગ્રહ (પડઘો) કહેવાય છે. આ તપમાં દરેક પૂર્ણિમાએ યથાશક્તિ ઉપવાસ, એકાસણું વિગેરે તપ કરવો. તથા શ્રી ગૌતમસ્વામીની મૂર્તિની પૂજા કરવી. એ રીતે પંદર પૂર્ણિમા સુધી તપ કરવો. ઉદ્યાપને શ્રી ગૌતમસ્વામીની તથા શ્રી મહાવીરસ્વામીની મોટી સ્નાત્ર-વિધિએ પૂજા કરવી. રૂપાનું પાત્ર કરાવી તેમાં ખીર ભરી ઝોળી સહિત ગૌતમસ્વામીની તથા મહાવીરસ્વામીની મૂર્ત્તિ પાસે મૂકવું. તથા કાષ્ઠમય પાત્રું ખીર અને ઝોળી સહિત ગુરુને વહોરાવવું. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી આ તપ કરવાથી વિવિધ લબ્ધિની પ્રાપ્તિ થાય છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

બીજી રીતે કાર્ત્તિક શુદી એકમને દિવસે ઉપવાસાદિક તપ કરીને ગૌતમસ્વામીની પૂજા વિગેરે ઉપર પ્રમાણે સર્વ કરવું. આ પ્રમાણે એક વર્ષ સુધી દરેક એકમને દિવસે કરવું. ઉદ્યાપન વિગેરે ઉપર પ્રમાણે કરવું.

"ૐ હ્રીં શ્રી ગૌતમસ્વામિને નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે સત્તાવીશ કરવા.

## ૭૯. નિર્વાણદીપક તપ (દીવાળીનો છઠ્ઠ)

[દીપાવલી–દીવાળી પર્વમાં સર્વ લોકો પંચેંદ્રિયના સુખના વિશેષ અભિલાષી બને છે, મહાઆરંભ કરી કર્મબંધન કરે તેવા દિવસોમાં આ તપશ્ચર્યા કરવામાં આવે તો તે મહાલાભકારી થાય. દીવાળી પર્વની ઉત્પત્તિ સંબંધી સંક્ષિપ્ત વૃત્તાંત નીચે પ્રમાણે છે–

પોતાનું આયુષ્ય નજીક જાણી પરમાત્મા શ્રી વીરભગવંત **અપાપાનગરીમાં** હસ્તિપાલરાજાની સભામાં છેલ્લું ચાતુર્માસ રહ્યા. પર્યંકાસને બેસી આસોવદ ૦))નો છઠ્ઠ કર્યો. છેલ્લા પહોરે સ્વાતિ નક્ષત્રનો યોગ થતાં, ઇંદ્રમહારાજાએ પરમાત્માને વિજ્ઞપ્તિ કરી કે–આપના જન્મ નક્ષત્ર પર ભસ્મરાશિ ગ્રહ બેસવાનો છે. જો આપ ક્ષણમાત્ર આયુષ્ય વધારો તો તે ક્રૂર ગ્રહની અસર નાબૂદ થાય અને આપના નિર્વાણ પછી પણ જૈન ધર્મની પ્રભાવના વિશેષ વૃદ્ધિંગત થતી રહે. પરમાત્મા શ્રીવીરે ઇંદ્રને જણાવ્યું કે–આયુષ્યકર્મનાં પુદ્ગલો ન્યૂનાધિક થાય નહીં. શ્રી જિનેશ્વરો પણ તેમ કરવા સમર્થ નથી. અને ભાવિ મિથ્યા થનાર નથી.

અંતસમયે પરમાત્માએ સોળ પહોર પર્યન્ત મધુર ધ્વનિથી દેશના આપી. તેમાં પંચાવન અધ્યયન શુભ કર્મ-

વિપાકના અને પંચાવન અધ્યયન અશુભ કર્મવિપાકના કહ્યાં. તે ઉપરાંત છત્રીશ અધ્યયનો પણ કહ્યા. પ્રાંતે યોગનિરોધ કરી. શૈલેશીકરણ સાધી પરમાત્મા નિર્વાણ પામ્યા.

આ પ્રસંગે ત્યાં આવેલા નવ મલ્લકી અને નવ લચ્છવી કુલ અઢાર રાજવીઓએ પરમાત્મરૂપી ભાવ ઉદ્યોતનો વિરહ થવાથી દ્રવ્ય ઉદ્યોત કર્યો અર્થાત્ અસંખ્ય દીપકો પ્રગટાવ્યા. વળી તે રાત્રિએ દેવદેવીઓએ નિર્વાણ મહોત્સવ પ્રસંગે આવાગમન કર્યું હોવાથી તે રાત્રિ જ્યોતિર્મય બની બની રહી એટલે ત્યારથી આસો વદ ০)) નો દિવસ "દીપાલિકા-દીવાળી" તરીકે પ્રસિદ્ધિ પામ્યો. ]

❋

**वर्षत्रयं दीपमाला, पूर्वं मुख्ये दिनद्वये ।**
**उपवासद्वयं कार्यं, दीपप्रस्तारपूर्वकम् ॥ १ ॥**

નિર્વાણ (મોક્ષ)ના માર્ગને વિષે દીવા સમાન આ તપ હોવાથી નિર્વાણદીપક નામે કહેવાય છે. તેમાં દીવાળીની ચૌદશ તથા અમાવાસ્યા એ બન્ને દિવસ અને રાત્રીએ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાની પાસે અખંડ ચોખા તથા અખંડ ઘીના દીવા મૂકવા. ઉદ્યાપનમાં શ્રી મહાવીરસ્વામીની મોટી: સ્નાત્રવિધિએ પૂજા કરી એક હજાર ઘીના દીવા મૂકવા. *સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ પ્રમાણે ત્રણ વર્ષ કરવાથી આ તપ પૂર્ણ થાય છે. આ તપનું ફળ મોક્ષમાર્ગની

* ખીર ભરીને પાત્રું ગુરુને વહોરાવવું એવો પણ પ્રચાર છે.

પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. સાથીયા વિગેરે બાર બાર કરવા. ગરણું આ પ્રમાણે—

'ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામીસર્વજ્ઞાય નમઃ' નવકારવાળી ૨૦ ચતુર્દશીએ.

'ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામીપારંગતાય નમઃ' નવકારવાળી ૨૦ અમાવાસ્યા પ્રથમ રાત્રે.

'ૐ હ્રીઁ શ્રી ગૌતમસ્વામીસર્વજ્ઞાય નમઃ' નવકારવાળી ૨૦ અમાવાસ્યા પાછલી રાત્રે.

## ૮૦. અમૃતાષ્ટમી તપ.

शुक्लाष्टमीषु चाष्टासु, आचाम्लादितपांसि च ।
विदधीत स्वशक्त्या च, ततस्तत्पूर्णं भवेत् ॥ १ ॥

અમૃતના અભિષેકવડે જણાતી જે અષ્ટમી તે અષ્ટમી અમૃતાષ્ટમી કહેવાય છે. આ તપ શુક્લ પક્ષની આઠ આઠમને દિવસે આંબિલ (અથવા ઉપવાસ) વિગેરે પોતાની શક્તિ પ્રમાણે કરવાથી પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક ઘી તથા દૂધના ભરેલા કળશ બે (ઉપર નવું વસ્ત્ર ઢાંકીને) તથા એક મણ મોદક દેવ પાસે ઢોકવા. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ શ્રાવકને કરવાનો અગાઢ તપ છે. આ તપનું ફળ આરોગ્યની પ્રાપ્તિ થાય તે છે. (કળશ ઉપર નવું લીલું વસ્ત્ર ઢાંકી તે ઉપર લવિંગ તથા મોટો લાડુ મૂકવાનું પણ નં. બ. વિગેરે પ્રત્યંતરમાં કહ્યું છે.)

બીજી રીતે એકાસણાં તેર, નીવી ચોવીશ, આયંબિલ

પંદર, એ પ્રમાણે લગોલગ કરવાથી આ તપ પૂર્ણ થાય છે. બીજો સર્વ વિધિ ઉપર પ્રમાણે સમજવો.

"ૐ હ્રીં નમો સિદ્ધાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે આઠ આઠ કરવા.

## ૮૧. અખંડ દશમી તપ.

शुक्लासु दशसंख्यासु, निजशक्त्या तपोविधिम् ।
विदधीत ततः पूर्त्तिस्तस्य संपद्यते क्रमात् ॥१॥

અખંડ દશમીને દિવસે જે તપ કરવામાં આવે તેનું નામ અખંડ દશમી તપ કહેવાય છે. તેમાં દશ શુક્લ દશમીને દિવસે પોતાની શક્તિ પ્રમાણે એકાસણાદિક તપ કરવો. તેથી તે તપ પૂર્ણ થાય છે. (તપને દિવસે અખંડ અન્નનું ભોજન કરવું એટલે કે મુશળ વડે નહીં ખાંડેલા એવા ચોખાનું *ભોજન કરવું.) ઉદ્યાપનને દશ દશ પક્વાન્ન, ફળ, રૂપાનાણું વિગેરે દેવ પાસે ઢોકવું. અખંડ અક્ષતનું નૈવેદ્ય મૂકવું. અખંડ (નવું) વસ્ત્ર ગુરુને વહોરાવવું. ચૈત્યની ફરતી ઘીની ત્રણ ધારા અખંડ કરવી. (પ્રભુની પ્રતિમા એક મોટા તાસમાં બિરાજમાન કરી, સવાપાંચ શેર ઘી લઈ તેની અખંડ ધારાવાડી જરા માત્ર પણ ધાર તૂટે નહીં તે રીતે પ્રતિમાજી ફરતી કરવી.) સંઘવાત્સલ્ય, સંઘ-પૂજા કરવી. આ તપનું ફળ અખંડ સુખની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૮૨. પરત્ર પાલ્રી તપ.

**पञ्च वर्षाणि वीरस्य, कल्याणकसमाप्तितः ।
उपवासत्रयं कृत्वा, द्वात्रिंशदरसांश्चरत् ॥ १ ॥**

પરલોકને વિષે પાલના જેવું જે તપ તે પરત્ર પાલ્રી તપ કહેવાય છે. તેમાં શ્રી મહાવીરસ્વામીના કલ્યાણકોની સમાપ્તિથી એટલે દિવાળીના દિવસથી આરંભીને પ્રથમ ત્રણ ઉપવાસ (અટ્ઠમ) કરવો. પછી આંતરા રહિત બત્રીશ નીવી કરવી. કોઈના મતમાં દશ ઉપવાસ એકાંતરા કરવાનું પણ કહેલું છે. (જૈન ધર્મસિંધુ તથા જૈનપ્રબોધમાં છેલ્લો પણ અટ્ઠમ કરવો એમ કહ્યું છે.) આ પ્રમાણે પાંચ વર્ષ સુધી તપ કરવો. ઉદ્યાપને દરેક વર્ષે થાળમાં એક શેર લાપશીની પાળ કરી વચ્ચે ઘીથી પૂર્ણ કરી દેવ પાસે ઢોકવી. પાંચ વર્ષને અંતે છેલ્લા ઉદ્યાપનમાં મોટીસ્નાત્ર વિધિપૂર્વક જિનપૂજા કરી ઉપર પ્રમાણે નૈવેદ્ય તથા વિવિધ પ્રકારના પકવાન્ન, ફળ, રૂપાનાણું વિગેરે દેવ પાસે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ પરલોકમાં સદ્ગતિની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

*નં. બ. વિગેરે પ્રતિઓમાં અખંડ અન્ન ખાવાનું લખ્યું છે.

"ૐ હ્રીँ શ્રી મહાવીરસ્વામીપારંગતાય નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૮૩. સોપાન (પાવડી) તપ.

**सप्ताष्टनवदशभिस्तद्गुणैस्तिथिसंक्रमैः ।**
**दत्तिभिः पूर्यते चैव, सोपानतप उत्तमम् ॥ १ ॥**

મોક્ષ પર આરોહણ કરવા માટે સોપાન (પગથિયા) જેવું હોવાથી આ સોપાન એટલે પાવડી તપ કહેવાય છે. આ તપમાં ચાર પ્રતિમાઓ કરવાની કહેલી છે. સાત સપ્તમિકા, આઠ અષ્ટમિકા, નવ નવમિકા અને દશ દશમિકા. આ ચાર પ્રતિમા આ પ્રકારે કરવી.—અહીં સાત સપ્તમિકા એટલે સાત દિવસની એક ઓળી, એવી સાત ઓળી કરવી. અર્થાત્ આ સાત ઓળીના દિવસ ૪૯ થાય. તેમાં પહેલી સાત દિવસની ઓળીમાં હંમેશાં એક એક દત્તિ કરવી. બીજા સાત દિવસની બીજી ઓળીમાં હંમેશાં બબે દત્તિ કરવી. ત્રીજી ઓળીના સાતે દિવસમાં હંમેશાં ત્રણ ત્રણ દત્તિ કરવી. એ પ્રમાણે વધતા વધતા સાતમી ઓળીના સાતે દિવસ હંમેશાં સાત સાત દત્તિ કરવી. (કુલ દત્તિ ૧૯૬.)

બીજી આઠ અષ્ટમિકા—અહીં આઠ દિવસની એક ઓળી ગણવી. એવી આઠ ઓળી કરવાથી ૬૪ દિવસે આ

બીજી પ્રતિમા પૂર્ણ થાય છે. અહીં પણ ઉપરની જેમ પહેલી ઓળીના આઠે દિવસ હંમેશાં એક એક દત્તિ કરવી. બીજી ઓળીના આઠે દિવસ બબે કરવી. એ રીતે વધતાં આઠમી ઓળીના આઠે દિવસ હંમેશાં આઠ આઠ દત્તિ કરવી. ( કુલ દત્તિ ૨૦૦ )

ત્રીજી નવ નવમિકા–અહીં નવ દિવસની એક ઓળી એવી નવ ઓળી કરતાં ૮૧ દિવસે આ પ્રતિમા પૂર્ણ થાય છે. તેમાં પણ ઉપર પ્રમાણે પહેલી નવ દિવસની ઓળીમાં હંમેશાં એક એક દત્તિ કરવી, બીજી નવ દિવસની ઓળીમાં હંમેશાં બબે દત્તિ, એ પ્રમાણ ચડતાં ચડતાં છેવટે નવમી ઓળીએ હંમેશાં નવ નવ દત્તિ કરવી. એ રીતે કરતાં કુલ દત્તિ ૪૦૫ થાય છે.

ચોથી દશ દશમિકા–અહીં પણ દશ દિવસની એક ઓળી એવી દશ ઓળી કરતાં સો દિવસે આ પ્રતિમા પૂર્ણ થાય છે. અહીં પણ પહેલી દશ દિવસની ઓળીમાં હંમેશાં એક એક દત્તિ કરવી. બીજી ઓળીમાં હંમેશાં બબે દત્તિ કરવી. એ રીતે વધતાં છેવટે દશમી ઓળીમાં હંમેશાં દશ દશ દત્તિ કરવી. એ રીતે કરતાં કુલ ૫૫૦ દત્તિઓ થાય છે.

આ ચારે પ્રતિમા નવ માસ અને ચઉવીશ દિવસે પૂર્ણ થાય છે. તથા દત્તિની સંખ્યા ૧૪૩૯ થાય છે. આ વિષે પ્રવચનસારોદ્ધારમાં આ પ્રમાણે કહ્યું છે.

**चउवीस दिवस अहिया नव मासा सव्व इत्थ दिवसाणि।**
**चउद सया गुणयाला दत्तीणं हवइ इय संखा ॥ १ ॥**

"આ તપમાં ચોવીશ દિવસે કરીને અધિક એવા નવ માસ સર્વ તપના દિવસો છે. તથા ચૌદસો અને ઓગણ-ચાળીશ દત્તિઓની સંખ્યા છે.

ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક જિનેશ્વરની પૂજા ભણાવવી. વિવિધ પ્રકારનાં પક્વાન્ન, ફળ, રૂપાનાણું વિગેરે દેવ પાસે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

"ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીઆ વિગેરે બાર બાર કરવા.

## ૮૪. કર્મચતુર્થ તપ.

**उपवासत्रयं कुर्यादादावन्ते निरन्तरम् ।**
**मध्ये षष्टिमिताः कुर्यादुपवासांश्च सान्तरान् ॥ १ ॥**

કર્મના ખંડનને માટે જે ચતુર્થ એટલે ઉપવાસ કરવો તે કર્મચતુર્થ તપ કહેવાય છે. તેમાં પ્રથમ ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) કરીને પારણું કરવું, પછી એકાંતરા સાઠ ઉપવાસ કરવા, પછી છેડે ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) આંતરા રહિત કરવા. એ પ્રમાણે ઉપવાસ ૬૬ તથા પારણા દિન ૬૨ કુલ ૧૨૮ દિવસે આ તપ પૂરો થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક રૂપાનું વૃક્ષ તથા સુવર્ણનો કુહાડો કરાવી દેવ પાસે ઢોકવાં. નાના પ્રકારના પક્વાન્ન, ફળ વિગેરે ઢોકવાં. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ કર્મનો નાશ થાય તે છે.

"ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૮૫. નવકાર તપ (નાનો.)

कृत्वा नवैकभक्तानि, तदुद्यापनमेव च ।
शक्तिहीनैर्विधेयं च, पूर्ववत्तत्समापनम् ॥ १ ॥

નવકારના ફળને આપનાર હોવાથી આ નવકાર તપ કહેવાય છે. તેમાં શક્તિહીન માણસે નંબર ૪૧ વાળા તપમાં કહ્યા પ્રમાણે અડસઠ એકાસણાં અથવા ૬૮ ઉપવાસ કરી ન શકે તેણે નવકારના પદ જેટલા એટલે નવ એકાસણાં લગોલગ કરવાં. ઉદ્યાપન વિગેરે સર્વ વિધિ નંબર ૪૧વાળા નવકાર તપમાં કહ્યા પ્રમાણે કરવો. તેનું ફળ પણ તેના જેવું જ છે. આ મુનિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે તપ નંબર ૪૧ પ્રમાણે સમજવું.

## ૮૬. અવિધવા દશમી તપ.

भाद्रपदशुक्लदशमीदिन एकाशनमथो निशायां च ।
अंबापूजनजागरणकर्माणि सुविधिना कुर्यात् ॥ १ ॥

વૈધવ્ય રહિત થવા માટે સ્ત્રીજાતિએ કરવાનો આ તપ છે. તેમાં ભાદરવા શુદિ દશમને દિવસે બ્રહ્મચર્ય પાળવું અને એકાસણું (અથવા મતાંતરે ઉપવાસાદિક યથાશક્તિ) કરવું. રાત્રીએ અંબિકા દેવી પાસે સંગીતાદિપૂર્વક જાગરણ કરવું.

તથા અંબા દેવીનું પૂજન કરવું. શ્રીફળ દશ, પક્વાન્ન દશ વિગેરે સર્વ ફળાદિક વસ્તુ દશ દશ ઢોકવી. આ પ્રમાણે દશ વર્ષ સુધી આ તપ કરવો.

દરેક ભાદરવા શુદિ ૧૧ ને દિવસે સાધર્મિકને જમાડી, સાધુને દાન આપી પછી પારણું કરે. અંબાદેવીને કંકુની પીળ કરવી, અંજન કરવું, તેમ પોતાને પણ અંજન કરવું અને રેશમી ચણીયો, કાંચળી, ચંદરવો તથા ચક્ષુ દેવીને ચડાવવાં. પછી દીપક દશ કરવા. આ પ્રમાણે જૈ૦ પ્ર૦માં કહ્યું છે.

ઉદ્યાપને ઇંદ્રાણીની પૂજા કરવી. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ અવિધવાપણું પ્રાપ્ત થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (દરેક વર્ષે ઉદ્યાપનમાં બમણું બમણું નૈવેદ્ય મૂકવું, એટલે કે પહેલે વર્ષે શ્રીફળાદિક દશ દશ ઢોકવાં, બીજે વર્ષે વીશ વીશ ઢોકવાં. એ પ્રમાણે સમજવું. નં. બ.)

વિધિપ્રપામાં બીજી રીત એ બતાવી છે કે–ઉપવાસ એક, એકાસણું એક, છઠ્ઠ એક, એકાસણું એક, અઠ્ઠમ એક, એકાસણું એક. પારણે ખીર ભોજનવડે સાધુને પ્રતિલાભવા. જ્ઞાનની પૂજા ભણાવવી.

"ૐ હ્રીँ શ્રીँ क्लीँ અંબાદેવ્યૈ નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી.

## ૮૭. બૃહન્નંદ્યાવર્ત તપ

[ નંદ્યાવર્ત એ એક જાતનો સ્વસ્તિક–સાથિયો છે. અષ્ટમાંગલિકમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. સર્વ પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે તે મંગલ કહેવાય છે. લૌકિક

મંગલમાં નંદ્યાવર્તની ગણત્રી કરવામાં આવી છે; જો કે લોકોત્તર માંગલિક તરીકે તો અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રરૂપિત ધર્મ એ ચારની ગણત્રી કરવામાં આવે છે.

આ તપમાં ઈંદ્ર મહારાજા, શ્રુતદેવી, વિદ્યાદેવી, શાસનયક્ષયક્ષિણી, દિક્‌પાલ, ક્ષેત્રપાલ વિગેરેને આશ્રયીને તપ કરવાનો વિધિ દર્શાવ્યો છે, જેનો હેતુ મંગલ પ્રાપ્તિનો છે.]

**बृहन्नंद्यावर्तविधिसंख्ययैकाशनादिभिः ।**
**पूर्णोयं तपश्चोद्यापने तत्पूजनं महत् ॥ १ ॥**

નંદ્યાવર્તની આરાધના માટે આ તપ છે. તેમાં પ્રથમ નંદ્યાવર્તની આરાધના માટે એક ઉપવાસ કરવો. પછી સૌધર્મેન્દ્ર, ઈશાનેંદ્ર* અને શ્રુતદેવતાની આરાધના માટે ત્રણ આંબીલ કરવાં. ત્યાર પછી અરિહંતાદિક આઠની× આરાધના માટે આઠ આંબીલ કરવાં. ત્યાર પછી ચોવીશ જિનમાતાની આરાધના માટે ચોવીશ એકાસણાં કરવાં. પછી સોળ વિદ્યાદેવી આશ્રયી સોળ એકાસણાં કરવાં. પછી ચોસઠ ઇંદ્રોને આશ્રયી ચોસઠ એકાસણાં કરવાં. પછી ચોસઠ ઇંદ્રાણી આશ્રયી ચોસઠ એકાસણાં કરવાં. પછી ચોવીશ શાસનયક્ષોને આશ્રયી ચોવીશ એકાસણાં કરવાં. પછી ચોવીશ શાસનયક્ષિણીને આશ્રયી ચોવીશ એકાસણાં કરવાં. પછી દશ દિક્‌પાલને આશ્રયી દશ એકાસણાં કરવાં. પછી નવગ્રહ તથા એક ક્ષેત્રપાલને આશ્રયી દશ એકાસણાં કરવા. પછી ચાર નિકાયના દેવતાને આશ્રયી

---

* આ બે ઈંદ્ર ચામરધર તરીકે છે. × પાંચ પરમેષ્ઠી તથા રત્નત્રય.

ચાર એકાસણાં કરવાં. ત્યાર પછી સર્વની આરાધના માટે એક ઉપવાસ કરવો. આ રીતે ઉપવાસ બે, આંબિલ અગિયાર, એકાસણાં બસો ને ચોસઠ–એ સર્વ મળી ૨૭૭ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપને દેરાસરમાં મોટી સ્નાત્રવિધિએ પૂજા ભણાવવી. ધર્માગાર (ઉપાશ્રય)ને વિષે નંદ્યાવર્તની પૂજા પ્રતિષ્ઠાની વિધિ પ્રમાણે કરવી, સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપ કરવાથી પરભવને વિષે તીર્થંકરનામકર્મ ઉપાર્જન થાય છે, અને આ ભવે સર્વ ઋદ્ધિ તથા સર્વ દેવનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

## ૮૮. લઘુનંદ્યાવર્ત તપ.

**लघोश्च नंद्यावर्तस्य, तपः कार्यं विशेषतः ।**
**तदाराधनसंख्याभिरुद्यापनमिहादिवत् ॥ १ ॥**

નંદ્યાવર્તની આરાધના માટે જે તપ તે નંદ્યાવર્ત તપ કહેવાય છે. તેમાં પ્રથમ નંદ્યાવર્ત આરાધના માટે એક ઉપવાસ કરવો. પછી ધરણેંદ્ર, અંબિકા, શ્રુતદેવી અને ગૌતમસ્વામીને આશ્રયી ચાર આંબિલ કરવાં. પછી પાંચ પરમેષ્ઠી તથા રત્નત્રયની આરાધના માટે આઠ આંબિલ કરવાં. પછી સોળ વિદ્યાદેવીને આશ્રયીને સોળ એકાસણાં, પછી ચોવીશ શાસનયક્ષિણીને આશ્રયીને ચોવીશ એકાસણાં, પછી દશ દિક્પાલને આશ્રયીને દશ એકાસણાં, પછી નવ ગ્રહ તથા એક ક્ષેત્રપાલને આશ્રયીને દશ એકાસણાં, પછી ચાર નિકાયના દેવને આશ્રયીને ચાર એકાસણાં, ત્યારપછી સર્વની આરાધના માટે એક ઉપવાસ કરવો. એ રીતે કરવાથી બે ઉપવાસ,

બાર આંબિલ તથા ચોસઠ એકાસણાં મળી કુલ ૭૮ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપને ચૈત્યમાં મોટી સ્નાત્ર વિધિથી પૂજા કરવી. ધર્માગાર (ઉપાશ્રય)ને વિષે લઘુનંદ્યાવર્તની પૂજા વિગેરે પૂજાની જેમ કરવું. સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ તીર્થંકરનામગોત્રનો બંધ તથા સર્વ દેવનું સાંનિધ્ય પ્રાપ્ત થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

॥ इति फलतपांसि सप्तविंशतिः ॥

॥ इति आचारदिनकरगततपांसि पूर्णानि ॥

## ૮૯. વીશ સ્થાનક તપ

[ ભવચક્રમાં અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવું તે જ અંતિમ લક્ષ્ય હોવું જોઈએ. જે સુખની પાછળ દુઃખ આવે કે જન્મ-મરણના ફેરા કરવા પડે તે અક્ષય સુખ ન કહી શકાય.

અનુત્તર વિમાનવાસી દેવો તેત્રીશ સાગરોપમ પ્રમાણ સમય પર્યંત દિવ્ય સુખ અનુભવે છે. તેમના સુખની સરખામણી કરી શકાય તેવું સુખ સંસારની અંદર કોઈપણ ગતિમાં નથી, છતાં તેવું અપૂર્વ સુખ ભોગવ્યા પછી પણ જન્મ, જરા અને મરણાદિકનું દુઃખ સહેવું પડે છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે–અવિચળ સુખ કયું ? વાસ્તવિક સુખ કોને કહી શકાય ? જવાબમાં એટલું જણાવી શકાય કે–તેવું અવિચળ, શાશ્વત અને અનુપમેય સુખ મુક્તિમાં જ હોય છે.

વીશ સ્થાનકતપના આરાધનથી તેવું મુક્તિનું સુખ પ્રાપ્ત કરી શકાય છે. ચાલુ અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકર ભગવંતોએ પોતાના પૂર્વભવોમાં આ સ્થાનકોનું આરાધન કરીને જ જિનનામ કર્મ ઉપાર્જન કર્યું હતું. તીર્થંકર ભગવંન થનાર પ્રત્યેક જીવ ઓછાવત્તા અંશે વીશસ્થાનક તપપદનું અવશ્ય આરાધન કરે છે. ચાલુ ચોવીશીના પ્રથમ શ્રી ઋષભદેવ ભગવંત તેમજ ચોવીશમા શ્રી મહાવીર ભગવંતે વીશેવીશ સ્થાનકનું આરાધન કર્યું હતું અને બાકીના બાવીશ તીર્થંકર પરમાત્માઓએ એક એક પદનું આરાધન કર્યું હતું.

જે કોઈ પ્રાણી સમ્યગરીતે વીશ સ્થાનક તપનું આરાધન કરે તે અવશ્ય શ્રી જિનેશ્વર ભગવંતની અદ્ભુત લક્ષ્મીને પ્રાપ્ત કરે.

વીશ પદના આરાધન સંબંધી વિગત નીચે આપવામાં આવી છે એટલે તે પ્રત્યેક પદનું કંઈક સંક્ષિપ્ત સ્વરૂપ સમજી લઈએ.

**૧. અરિહંત પદ**—'સવિ જીવ કરું શાસનરસી' એવી ઉત્કૃષ્ટ ભાવનારૂપી ભાવદયાના પરિપાકરૂપે શ્રી તીર્થંકર-નામકર્મનું ઉપાર્જન કરી, શ્રેષ્ઠકુલમાં ઉપજી, સંયમ સ્વીકારી, ઘનઘાતી કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાનાદિક અનંત આત્મ–સંપદા પ્રાપ્ત કરી, સકલ દેવેંદ્રોથી પૂજિત સમવસરણમાં વિરાજી અગ્લાનપણે ભવ્ય જીવોને પ્રતિબોધે તે **શ્રી અરિહંતપદવી** શ્રેષ્ઠ ઉપકારક હોવાથી આરાધવાયોગ્ય છે.

અરિહંત એ પંચ પરમેષ્ઠીમાં પ્રધાન-મુખ્ય છે અને નામ, સ્થાપનાદિક ચાર નિક્ષેપે હંમેશાં ધ્યાવવા યોગ્ય છે.

**૨. સિદ્ધપદ**—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું યથાર્થ આરાધન કરી, સકળ કર્મનો ક્ષય કરી, જન્મ-જરા-મરણાદિક દુઃખથી રહિત અક્ષય શિવસંપદાને પ્રાપ્ત કરનાર સિદ્ધ પરમાત્માનું આરાધન આ પદથી થાય છે. આ પદ પરમ નિર્મળ છે.

**૩. પ્રવચન**—તીર્થંકર પરમાત્મા દેશના આરંભમાં "**नमो तित्थस्स**" કહી, પરમાત્માના વચન પ્રમાણે વર્તનાર સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવિકરૂપ ચતુર્વિધ સંઘને વંદન કરે છે. શ્રી સંઘ અનેક સદ્દગુણી આત્માઓના સમુદાયરૂપ હોવાથી અનંત ગુણરત્નનું નિધાન છે,

**૪. આચાર્યપદ**—પાંચ ઇંદ્રિયનું દમન, નવવિધ બ્રહ્મચર્યનું પાલન, ચાર કષાયનો જય, પાંચ મહાવ્રતનું પાલન, પંચાચારનું સેવન, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન-એ ૩૬ ગુણોનો સમુદાય જેનામાં ઝળહળી રહ્યો હોય છે તે આચાર્ય, ઉપકારી હોવાથી, સદા સેવવા લાયક છે.

**૫. સ્થવિરપદ**—ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા, વિગેરે ગુણોવડે જેઓ અન્ય સાધુજનને યથાવસર સહાય આપી સંયમમાર્ગમાં સ્થિર કરે તે સ્થવિર જૈન શાસનને દીપાવનાર છે.

**૬. ઉપાધ્યાયપદ**—પોતે નિર્મળ ચારિત્ર પાળવામાં

ઉદ્યત રહી, સાધુસમૂહને સુશિક્ષિત કરે તે ઉપાધ્યાય આચાર્યને, ગચ્છને અને શ્રી સંઘને સહાયક છે.

૭. **સાધુપદ**–શાશ્વતસુખની સિદ્ધિ કરવા, સંસાર-સુખનો ત્યાગ કરી, રત્નત્રયીનું પ્રમાદરહિતપણે પાલન કરે તે સાધુ કહેવાય. તેની ઉપાસના કરવી.

૮. **જ્ઞાનપદ**—સ્વપરને, જડ તેમજ ચેતનને, હિત કે અહિતને તથા કર્તવ્યા કર્તવ્યને જેનાથી જાણી શકાય તે જ્ઞાન. જ્ઞાનરૂપી વિવેકદીપક પ્રગટ થતાં આત્મપ્રકાશ થાય, અધ્યાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય.

૯. **દર્શનપદ**—સર્વજ્ઞ ભગવંતકથિત તપ, તત્ત્વ, ષડ્દ્રવ્ય, સપ્તનય, નિક્ષેપા વિગેરે હકીકતોને સત્ય તેમજ પ્રામાણિક માનવા તે સમ્યક્ત્વ–દર્શન છે. તે ચિંતામણિ રત્નની માફક ઇચ્છિત મોક્ષસુખની પ્રાપ્તિ કરાવે છે.

૧૦. **વિનયપદ**—ગુણીજન પ્રત્યે મૃદુતા રાખવી, સજ્જનોની યથાશક્તિ ભક્તિ–બહુમાન કરવું, સદ્ગુણી થવા પ્રયત્ન કરવો, રાગદ્વેષાદિક શત્રુને દૂર કરવા તે વિનય. વિનયવડે જ વિદ્યા, વિજ્ઞાન અને પ્રાંતે શિવસુખની પ્રાપ્તિ થાય છે.

૧૧. **ચારિત્રપદ**—અનાદિસંચિત કર્મમલને નષ્ટ કરનાર અને શુદ્ધ સ્ફટિક રત્નસમાન નિર્મળ ચારિત્રારાધનથી આત્માના સ્વાભાવિક સ્વરૂપને પામી શકાય છે.

૧૨. **બ્રહ્મચર્યપદ**—અનેક પ્રકારની વિષયાસક્તિને દૂર કરનાર તેમજ સ્વરૂપરમણતા પ્રાપ્ત કરાવનાર બ્રહ્મચર્ય

વિશ્વ-વંદિત છે. અન્ય અનેક પ્રકારનાં સુકૃતો કરનાર પ્રાણી યથાવિધિ બ્રહ્મચર્ય પાળનારની બરોબરી કરી શકતો નથી.

**૧૩. ક્રિયાપદ**—ક્રિયા-આચરણ વગરનું એકલું જ્ઞાન પાંગળું ગણાય અને જ્ઞાન વગરની એકલી ક્રિયા પણ આંધળી જ ગણાય. ભોજનનું નામ માત્ર લેવાથી કાંઈ ભૂખ ભાંગતી નથી, પણ તેનું સેવન-આસ્વાદન કરવાથી ભૂખ ભાંગે છે તેમ ક્રિયા કરવાથી જ સાધ્યસ્થાને પહોંચી શકાય છે.

**૧૪. તપપદ**—જેમ સુવર્ણની શુદ્ધિ અગ્નિથી થાય છે તેમ બાહ્ય તથા અભ્યંતર તપશ્ચર્યાથી આત્માનો કર્મરૂપી મેલ દગ્ધ થઈ જાય છે. નિકાચિત કર્મોને પણ નષ્ટ કરવાનું સામર્થ્ય તપમાં છે.

**૧૫. ગૌતમપદ**—વીરપ્રભુ પ્રત્યે શ્રી ગૌતમસ્વામીને અકૃત્રિમ અને અપ્રતિમ પ્રેમ હતો તેમ સજ્જનોએ પણ સ્વગુરુ પ્રત્યે તેવો જ પ્રેમ ધારણ કરવો જોઈએ. છઠ્ઠ છઠ્ઠને તપે પારણું કરનાર અને અઠ્ઠાવીશ લબ્ધિના ધણી શ્રી ગૌતમસ્વામી પરમવિનયી હોવાથી આ પદ અત્યંત પ્રેમથી આરાધવા યોગ્ય છે.

**૧૬. જિનપદ**—ક્રોધાદિક અઢારે દૂષણોનો ક્ષય કરી વીતરાગપદની પ્રાપ્તિ કરનાર "જિન" કહેવાય છે. પ્રથમ અરિહંત પદમાં તો તીર્થંકર ભગવંતનો જ સમાવેશ થાય છે જ્યારે આ પદમાં ઘાતી કર્મનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર સર્વજ્ઞનો સમાવેશ થાય છે.

**૧૭. સંયમપદ**—વિષયસુખનો પરિત્યાગ કરી,

હિંસાદિક આશ્રવદ્વારનો ત્યાગ કરી આત્મનિગ્રહ કરનાર સંયમી કહેવાય છે. સર્વસંયમી મુનિરાજો છે, જ્યારે શ્રાવક દેશસંયમી કહેવાય છે.

**૧૮. અભિનવ જ્ઞાનપદ**—બુદ્ધિના આઠ ગુણો પ્રાપ્ત કરી પોતપોતાની યોગ્યતા પ્રમાણે ગુરુગમથી નવાં નવાં આગમ–શાસ્ત્રો વાંચવા–વિચારવા.

**શ્રુતપદ**—સૂત્ર, આગમ, સિદ્ધાન્ત, ગ્રન્થ કે પ્રકરણો તેમજ ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ, ટીકા એ સર્વ સર્વજ્ઞ પુરુષોએ કરેલ હોવાથી પ્રમાણભૂત છે. વિનય, બહુમાન, યોગ–ઉપધાનપ્રમુખ ઉચિત આચારથી શ્રુતપદનું અવશ્ય આરાધન કરવું.

**૨૦. તીર્થપદ**—જેનાથી ભવસાગર તરી શકાય તે તીર્થ કહેવાય તેના બે પ્રકાર છેઃ જંગમ અને સ્થાવર. વર્તમાનકાળે વિચરતા વીશ વિહરમાન જિન, ગણધર, કેવળી તેમજ આત્માર્થી ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ ગણાય. પવિત્ર શ્રી શત્રુંજય, ગિરનારજી, સમેતશિખર વિગેરે સ્થાવર તીર્થો કહેવાય.

❋

આ વીશ સ્થાનકનો તપ ઘણો પ્રસિદ્ધ છે. તે કરવાનો પ્રચાર પણ સર્વત્ર સારી રીતે જોવામાં આવે છે. આ તપ ઘણો વિસ્તારથી કરવામાં આવે છે, તો પણ તે સંબંધી સામાન્ય વિધિ જ માત્ર અહીં આપીએ છીએ. વિસ્તાર માટે "**વીશ સ્થાનક પદ સંગ્રહ**" છપાયેલ છે તે તથા વિધિપ્રપા વિગેરે ગ્રંથો જોવા. આ તપ કરવાનો ઉત્તમ માર્ગ તો એ છે કે–

સુવિહિત ગુરુની સમક્ષ તેમની આજ્ઞાનુસાર કરવો, છતાં દરેક સ્થળે ગુરુનો યોગ હોતો નથી. તો પણ તપ આરંભ્યા પહેલાં નજીકના ગામોમાં જ્યાં ગુરુનો યોગ હોય ત્યાં જઈ સર્વ વિધિથી સુજાણ થઈ તેનો આરંભ કરવો યોગ્ય છે, અથવા જેઓએ આ તપ કર્યો હોય અને તેના વિધિવિધાન વિગેરે સારી રીતે જાણતા હોય તેવા સુશ્રાવકથી માહિતગાર થવું.

## સામાન્ય વિધિ

પ્રથમ શુભ નિર્દોષ મુહૂર્તે નંદીસ્થાપનપૂર્વક સુવિહિત ગુરુની સમીપ વિંશતિસ્થાનક તપ વિધિપૂર્વક ઉચ્ચરવો. એક ઓળી બે માસથી છ માસ સુધીમાં પૂર્ણ કરવી. કદાચ છ માસની અંદર એક ઓળી પૂર્ણ ન થાય તો કરેલી (ચાલતી ઓળી)નો ફરીથી આરંભ કરવો પડે. એક ઓળીનાં વીશ પદ છે, તેમાં વીશે દિવસમાં વીશ પદ જૂદાં જૂદાં ગણવાં અથવા એક ઓળીના વીશ તપના દિવસોમાં એક જ પદ ગણવું, બીજા વીશ દિનમાં બીજું પદ ગણવું. એ રીતે વીશ ઓળીએ ( ૪૦૦ દિવસે ) વીશ પદ પૂર્ણ કરવાં. દરેક પદની આરાધના કરવાને સારી શક્તિવાળાએ અઠ્ઠમ કરીને પ્રત્યેક પદની આરાધના કરવી. એ રીતે કરવાથી વીશ અઠ્ઠમે એક ઓળી પૂર્ણ થાય અને વીશે ઓળી ચારસો અઠ્ઠમે પૂર્ણ થાય. તેથી હીનશક્તિવાળાએ છઠ્ઠ કરવા, તેથી હીન શક્તિવાળાએ ચોવિહાર ઉપવાસ, તે ન બને તો તિવિહાર ઉપવાસ, તે ન બને તો આંબિલ, તે ન બને તો નીવી અને તેટલી પણ શક્તિ ન હોય તો તિવિહાર એકાસણાએ કરી આરાધવાં. એકાસણાથી ઓછો તપ કરી શકાય નહીં. વળી

શક્તિમાન માણસે વીશે પદની આરાધનાને દિવસે આઠ પહોરનો પોસહ કરવો, તેથી હીનશક્તિવાળાએ માત્ર દિવસનો ચાર પહોરનો પોસહ કરવો. એ રીતે વીશે પદ પૌષધ કરીને આરાધવાં. જો પૌષધ કરવાની શક્તિ સર્વ પદમાં ન હોય તો આચાર્યપદે ૧, ઉપાધ્યાય પદે ૨, સ્થવિર પદે ૩, સાધુ પદે ૪, ચારિત્ર પદે ૫, ગૌતમ પદે ૬ અને તીર્થ પદે ૭—એ સાત પદે તો અવશ્ય પૌષધ કરવો જોઈએ.* તેમ છતાં શક્તિ ન હોય તો તે દિવસે દેશાવકાશિક કરે અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરે. તેટલી શક્તિ પણ ન હોય તો યથાશક્તિ તપ કરી આરાધે તથા પોતાની લઘુતા વિચારે. મરણ તથા જન્મના સૂતકમાં ઉપવાસાદિક તપ કરે, પણ તે ગણતરીમાં ન ગણે. સ્ત્રી પણ ઋતુસમયમાં ઉપવાસાદિક કરે તે પણ ગણતરીમાં ન ગણે. તપને દિવસે જો પૌષધ કરે તો ઘણું જ શ્રેયસ્કર છે. પણ પોષધ ન કરે તો તે દિવસે બે વખત પ્રતિક્રમણ તથા ત્રણ વાર દેવવંદન અને× પડિલેહણ અવશ્ય કરવું તથા બ્રહ્મચર્ય પાળવું, ભૂમિશયન કરવું, અતિ સાવદ્ય વ્યાપારનો આરંભ ન કરવો, અસત્ય ન બોલવું, આખો દિવસ તપના પદનું ગુણવર્ણન કરવું. તપને દિવસે પૌષધ કરે તો પારણાને દિવસે જિનભક્તિ કરીને પારણું કરવું. જો તપને દિવસે પૌષધ ન કર્યો હોય તો તે દિવસે જિનભક્તિ પૂજા કરે, કરાવે, ભાવના ભાવે, તપના

* સાત પદે પણ પૌષધ ન બને તો સત્તરમી ઓળીમાં અવશ્ય પૌષધ કરવો, એવો પ્રચાર છે.

× દેવવંદન, પડિલેહણ હંમેશાં ન કરી શકે તો તેરમી ઓળીએ અવશ્ય કરવું.

દિવસે આરાધ્ય પદના જેટલા ગુણ હોય તેટલા લોગસ્સનો કાયોત્સર્ગ કરે, તે ગુણોનું સ્મરણ કરવાપૂર્વક ખમાસમણ દઈ વંદના કરે. તે પદનો મહિમા અને ગુણનું સ્મરણ કરીને આખો દિવસ હર્ષિત રહે. આ વિધિએ વીશે ઓળી કરવી તથા દરેક ઓળીએ તે તે પદનો ઉત્સવ, મહોત્સવ, પ્રભાવના, ઉદ્યાપન-પૂર્વક કરે. જિનશાસનની ઉન્નતિ કરે શક્તિ ન હોય તો છેવટ એક જ ઓળી ઉત્સવાદિક સહિત કરે અર્થાત્ પ્રાંતે આ મહાન્ તપનું યથાશકિત ઉજમણું કરે.

વીશ પદનું ગરણું નીચે પ્રમાણે—

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ ૐ નમો અરિહંતાણં. | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૨ ૐ નમો સિદ્ધાણં. | ૩૧ | ૩૧ | ૩૧ | ૨૦ |
| ૩ ૐ નમો પવયણસ્સ. | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૪ ૐ નમો આયરિયાણં. | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૫ ૐ નમો થેરાણં. | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૬ ૐ નમો ઉવજ્ઝાયાણં. | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૭ ૐ નમો લોએ સવ્વસાહૂણં. | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૮ ૐ નમો નાણસ્સ. | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૯ ૐ નમો દંસણસ્સ. | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૧૦ ૐ નમો વિણયસંપન્નસ્સ. | ૫૨ | ૫૨ | ૫૨ | ૨૦ |
| ૧૧ ૐ નમો ચારિત્તસ્સ | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ |
| ૧૨ ૐ નમો બંભવ્વયધારિણં. | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૦ |
| ૧૩ ૐ નમો કિરિયાણં. | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ ૐ નમો તવસ્સ. | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૧૫ ૐ નમો ગોયમસ્સ. | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૧૬ ૐ નમો જિણાણં. | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૭ ૐ નમો સંયમસ્સ. | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૧૮ ૐ નમો અભિનવનાણસ્સ. | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૧૯ ૐ નમો સુયસ્સ. | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૨૦ ૐ નમો તિત્થસ્સ. | ૩૮ | ૩૮ | ૩૮ | ૨૦ |

નીચેના દુહા બોલી ખમાસમણ દેવા ( દરેક ઓળીએ એક એક દુહો બોલવો. )

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન્ ।
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિણભાણ ॥ ૧ ॥

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ ।
અષ્ટ કર્મ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ॥ ૨ ॥

ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ ।
ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચન દૃષ્ટિ ॥ ૩ ॥

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ ।
જિનમત પરમત જાણતા, નમો નમો તે સૂરીંદ ॥ ૪ ॥

તજી પરપરિણુતિ રમણુતા, લહે નિજભાવ સ્વરૂપ ।
સ્થિર કરતા ભવિ લોકને, જય જય થિવિર અનૂપ ॥ ૫ ॥

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત ।
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ॥ ૬ ॥

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ।
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભરંગ ॥ ૭ ॥

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ।
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ॥ ૮ ॥

લોકાલોકના ભાવ જે, કેવલિભાષિત જેહ।
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ ॥ ૯ ॥

શૌચ મૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર।
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર ॥ ૧૦ ॥

રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ।
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમ જીવ ॥ ૧૧ ॥

જિનપ્રતિમા જિનમંદિરાં, કંચનના કરે જેહ।
બ્રહ્મવ્રતથી બહુ બળ લહે, નમો નમો શિયલ સુદેહ ॥ ૧૨ ॥

આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાલક ચાલ।
તત્ત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ ॥ ૧૩ ॥

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ।
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ ॥ ૧૪ ॥

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ।
એ સમ શુભ પાત્ર કો નહીં, નમો નમો ગોયમસ્વામ ॥ ૧૫ ॥

દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ।
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિન પદ સંગ ॥ ૧૬ ॥

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ।
થિર સમાધિ સંતોષમેં, જય જય સંયમ વંશ ॥ ૧૭ ॥

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ ।
અજર અમર પદ ફલ લહો, જિનવર પદવી ફૂલ ॥ ૧૮ ॥
વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન ।
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખ લીન ॥ ૧૯ ॥
તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ ।
પરમાનંદ વિલાસતા, જય જય તીર્થ જહાજ ॥ ૨૦ ॥

## ૯૦. અંગવિશુદ્ધિ તપ.

પ્રથમ આંબીલ ૩, પછી નીવી ૩, પછી એકાસણા ૩, છેડે એક ઉપવાસ કરવો. ઉદ્યાપને ૧૩ મોદક જ્ઞાન પાસે ઢોકવાં. 'ૐ હ્રીં નમો નાણસ્સ' એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૯૧. અઠ્ઠાવીસ લબ્ધિતપ

[ લબ્ધિ એટલે શક્તિવિશેષ. શાસન પર સંકટ આવ્યું હોય અથવા તો શાસનપ્રભાવના કરવાની અગત્યતા હોય તેવા પ્રસંગે લબ્ધિધારી વ્યક્તિઓ સ્વલબ્ધિને ફેરવે છે. લબ્ધિઓના અનેક પ્રકારો છે છતાં અઠ્ઠાવીશ લબ્ધિઓ અતિ પ્રસિદ્ધ છે, જેનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે—

**૧. આમર્ષૌષધિ લબ્ધિ**—હાથ, પગ વિગેરે અવયવોને સ્પર્શ કરવા માત્રથી સર્વ પ્રકારનાં વ્યાધિઓ નાશ પામે.

૨. **વિપ્રુડૌષધિ લબ્ધિ**—મળ-મૂત્રવડે એટલે કે-તેના સ્પર્શ માત્રથી (વ્યાધિના સ્થાને તે લગાડવાથી-ઘસવાથી) સર્વ પ્રકરનાં રોગો નષ્ટ થાય.

૩. **ખેલૌષધિ લબ્ધિ**-શ્લેષ્મ એટલે થૂંક, ગળફાં ને લીંટના સ્પર્શથી સર્વ વ્યાધિઓ શમી જાય.

૪. **જલ્લૌષધિ લબ્ધિ**-શરીરનો જલ્લ એટલે પરસેવો (મેલ) શરીરના સર્વ પ્રકારનાં વ્યાધિનો નાશ કરે.

૫. **સર્વૌષધિ લબ્ધિ**-કેશ, રોમ, નખ આદિ સર્વ શારીરિક પદાર્થો સર્વ રોગનો નાશ કરવા સમર્થ હોય. આ લબ્ધિવાળા મુનિવરના કેશ, રોમ, રુધિર વિગેરે પદાર્થો અત્યંત સુગંધવાળા હોય છે.

૬. **સંભિન્નશ્રોતો લબ્ધિ**-ત્વચા, વિગેરે પાંચે ઈંદ્રિયો વડે સાંભળવાની શક્તિ હોય અથવા કોઈપણ એક ઈંદ્રિયવડે સર્વ ઈંદ્રિયોના વિષયો જાણવાની શક્તિ હોય.

૭. **અવધિજ્ઞાન લબ્ધિ**-આત્મા રૂપી દ્રવ્યોને ઈંદ્રિયો ને મનની મદદ વિના આત્મસાક્ષાત્ જાણે અથવા દેખે.

૮. **ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ**-આત્મા અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવના મનોગત ભાવોને એટલે મનના વિચારોને ઈંદ્રિય અને મનની મદદ લીધા વિના આત્મસાક્ષાત્ જાણે તે મનઃપર્યાય જ્ઞાનલબ્ધિ કહેવાય, તેમાં પણ જે સામાન્યથી અલ્પ પર્યાય જાણે તે.

૯. **વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ**-અઢી

દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને વિશેષપણે જાણે.

**૧૦. ચારણલબ્ધિ**–મુનિવરને આકાશગમન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તેના બે પ્રકાર છે. (૧) **જંઘાચારણ**–વચ્ચે વિસામો લીધા વિના જ તેરમા રુચક દ્વીપ સુધી જઈ ત્યાં શાશ્વત ચૈત્યને વંદન કરી પાછાં વળતાં એક વિસામે આઠમા નંદીશ્વર દ્વીપે આવી, ત્યાં શાશ્વત ચૈત્યોની વંદના કરી બીજું ઉડ્ડયન કરી સ્વસ્થાને આવે. (૨) **વિદ્યાચારણ**–પ્રથમ ઉડ્ડયને માનુષોત્તર પર્વત સુધી જઈ, ત્યાં શાશ્વત ચૈત્યોને વંદન કરી, બીજા ઉડ્ડયને નંદીશ્વર દ્વીપે આવે. ત્યાં શાશ્વત ચૈત્યોને વંદન કરી, ત્યાંથી એક જ ઉડ્ડયને સ્વસ્થાને આવે. **આ તીર્ચ્છાગતિ કહી.**

**ઊર્ધ્વગતિને અંગે જંઘાચારણ મુનિ** એક જ ઉડ્ડયને મેરુપર્વતના શિખર પર રહેલા પાંડુકવન સુધી જઈ, ત્યાં શાશ્વત ચૈત્યોની વંદના કરી, પાછાં ઉતરતાં એક ઉડ્ડયનથી નંદનવનમાં આવી, ત્યાં શાશ્વત ચૈત્યોને વંદન કરી, બીજા ઉડ્ડયને સ્વસ્થાને આવે. **વિદ્યાચારણ** મુનિવરો પ્રથમ ઉડ્ડયને ભૂમિથી ૫૦૦ યોજન પર આવેલા મેરુપર્વતના નંદન વનમાં જઈ, ત્યાં શાશ્વત ચૈત્યોને વાંદી, બીજા ઉડ્ડયને મેરુના શિખર પર એટલે નંદનવનથી ૯૮૫૦૦ યોજન પર રહેલા પાંડુક વનમાં આવી, ત્યાં શાશ્વતા ચૈત્યોને વંદન કરી, પાછા ઉતરતાં એક જ ઉડ્ડયને સ્વસ્થાને આવે.

**જંઘાચારણ** મુનિવરની પ્રથમ જતી વખતે ગતિ ઘણી હોય છે અને પાછા વળતાં ઓછી હોય છે. કારણ કે પ્રથમ જંઘાબળ વધારે હોય છે અને પછી થાક લાગતાં અલ્પ-અલ્પ થતું જાય છે. **વિદ્યાચારણ** મુનિવરને પ્રથમ વિદ્યાપાઠ અલ્પ હોય છે, પણ જેમ જેમ તે વિશેષ ગણવામાં આવે છે તેમ તેમ વિદ્યા વિશેષ અભ્યસ્ત (તાજી) થાય છે. આ કારણથી તેમની પ્રથમગતિ વિસામાવાળી અને સ્વસ્થાન તરફની ગતિ શીઘ્ર હોય છે.

આ ઉપરાંત બીજા પણ અનેક પ્રકારના ચારણ લબ્ધિ-વાળા મુનિઓ હોય છે; જેમકે-

પદ્માસનથી કે કાયોત્સર્ગાસનથી શરીર હલાવ્યા વિના સ્થિરતાપૂર્વક આકાશમાં ઊડવાની શક્તિ તે **વ્યોમચારણ લબ્ધિ.**

વાવ, નદી, સરોવર કે સમુદ્ર આદિ જળાશયોમાં અપ્કાય જીવોની વિરાધના કર્યા સિવાય, જેમ ભૂમિ ઉપર પગ મૂકીને ચાલે તેમ જળમાં પગ મૂકીને ચાલે તે **જળ-ચારણ લબ્ધિ.**

ભૂમિ ઉપર ચાર આંગળ ઊંચા રહીને ચાલવાની શક્તિ તે **જંઘાચારણ લબ્ધિ.**

અનેક પ્રકારનાં વૃક્ષો પર રહેલાં ફળોને અવલંબીને ચાલવા છતાં ફળના જીવોને કિંચિત્ પણ બાધા ન ઉપજે તેવી શક્તિ તે **ફલચારણ લબ્ધિ.**

અનેક વૃક્ષાદિકનાં ફૂલોની ઉપર પગ ઉપાડીને મૂકીને ચાલવા છતાં ફૂલના જીવોને કાંઈ પણ પીડા ન થાય તેવી ચાલવાની શક્તિ તે **પુષ્પચારણ લબ્ધિ**.

અનેક વૃક્ષો પર રહેલાં પત્રો પર પગ મૂકી ઉપાડીને ચાલવા છતાં પત્રના જીવોને કાંઈ પણ પીડા ન ઉપજે તેવી ચાલવાની શક્તિ તે **પત્રચારણ લબ્ધિ**.

ચારસો યોજન ઊંચા નિષધ અને નીલવંત પર્વતની ટંકચ્છિન્ન શ્રેણિઓને અવલંબીને, ઉપર ચડવાની તેમજ નીચે ઉતરવાની શક્તિ તે **શ્રેણિચારણ લબ્ધિ**.

અગ્નિની બળતી જ્વાલાઓ ઉપર એટલે શિખાઓ ઉપર ચાલે તો પણ અગ્નિના જીવોને પીડા ન ઉપજે એવી ચાલવાની શક્તિ તે **અગ્નિશિખાચારણ લબ્ધિ**.

ધૂમાડો ઉપર જાય અથવા તીર્છો–આડો જાય તો પણ તે ધૂમાડાના અવલંબનવડે આકાશમાં અસ્ખલિત ગતિ કરવાની જે શક્તિ તે **ધૂમચારણ લબ્ધિ**.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર કે તારા વિગેરે કોઈ પણ તેજસ્વી પદાર્થનાં તેજનાં કિરણોના આલંબનથી આકાશમાં ગમન કરવાની શક્તિ તે **જ્યોતિરશ્મિચારણ લબ્ધિ**.

પ્રાતઃસ્મરણીય શ્રી ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત પર સૂર્યનાં કિરણો અવલંબીને ચઢયા હતા તે આ જ લબ્ધિના પ્રભાવથી.

આવી રીતે નિહારચારણ, અવશ્યાયચારણ, મેઘચારણ,

વારિધારાચારણ, મર્કટતન્તુચારણ, વાયુચારણ વિગેરે આ લબ્ધિનાં અનેક પ્રકારો છે.

**૧૧. આશીવિષ લબ્ધિ**–મુનિવરના દાંત-દાઢોમાં ઝેર જેવી શક્તિ ઉત્પન્ન થાય છે, જેથી અન્યને શિક્ષા કરવા માટે દાંત દેતાં–કરડતાં પ્રાણી તત્કાળ મૃત્યુ પામે છે.

**૧૨. કેવળ લબ્ધિ**–જે જ્ઞાનવડે લોક અને અલોકનાં સર્વ પદાર્થોના સર્વ ભાવ–પર્યાયો જાણવાની શક્તિ. આ લબ્ધિના પ્રભાવથી ઇંદ્રિયો અને મનની મદદ વિના આત્મા સાક્ષાત્-પ્રત્યક્ષ જાણે–દેખે.

**૧૩. ગણધર લબ્ધિ**–જેનાથી ગણધરપણું પ્રાપ્ત થાય.

**૧૪. પૂર્વધર લબ્ધિ**–ચૌદપૂર્વનું શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય.

**૧૫. તીર્થંકર (અરિહંત) લબ્ધિ**–તીર્થંકરપદની પ્રાપ્તિ થાય.

**૧૬. ચક્રવર્તી લબ્ધિ**–ચક્રવર્તી પદની પ્રાપ્તિ થાય. છ ખંડનું રાજ્ય, ચૌદ રત્નો, નવ નિધિ વિગેરેની ચક્રવર્તીને પ્રાપ્તિ થાય છે.

**૧૭. બળદેવ લબ્ધિ**–બળદેવ પદવીની પ્રાપ્તિ થાય છે. તે વાસુદેવના વડીલ ભ્રાતા હોય છે.

**૧૮. વાસુદેવ લબ્ધિ**–વાસુદેવપણાની પ્રાપ્તિ થાય. વાસુદેવને ત્રણ ખંડનું રાજ્ય હોય છે. તેમને ચક્ર વિગેરે સાત રત્નોની પ્રાપ્તિ થાય છે.

**અમૃતાશ્રવ લબ્ધિ**–અમૃત જેવાં વચનો હોય તે

અમૃતાશ્રવ લબ્ધિ કહેવાય. આ લબ્ધિના ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ, ઘૃતાશ્રવ, ઇક્ષ્વાશ્રવ વિગેરે પ્રકારો છે.

**૨૦. કોષ્ઠકબુદ્ધિ લબ્ધિ**–કોઠામાં (અનાજ ભરવાના મોટા કોઠારમાં) નાખેલું ધાન્ય જેમ વર્ષો સુધી વિનાશ પામતું નથી તેમ મુનિના હૃદયમાં ઉતરેલ સૂત્રાર્થો દીર્ઘકાળ પર્યંત સ્થિર રહે, ભૂલાય નહીં.

**૨૧. પદાનુસારિ લબ્ધિ**–કોઈપણ ગ્રંથનું પહેલું, મધ્યમ કે છેલ્લું પદ સાંભળીને તેને અનુસરતા સર્વ શ્રુતનું જ્ઞાન થાય. તેના ત્રણ પ્રકાર છે. (૧) ગ્રંથની શરૂઆતનું પદ સાંભળીને સમગ્ર ગ્રંથનો બોધ થાય તે **અનુશ્રોતપદાનુસારિણી** (૨) છેલ્લા પદને સાંભળીને સંપૂર્ણ ગ્રંથનો બોધ થાય તે **પ્રતિશ્રોતપદાનુસારિણી** અને ગ્રંથના વચલા કોઈપણ પદને સાંભળીને સંપૂર્ણ ગ્રન્થનો બોધ થાય તે **ઉભયપદાનુસારિણી** કહેવાય છે,

**૨૨. બીજલબ્ધિ**–બીજભૂત એક અર્થપદને સાંભળીને બીજું સર્વ શ્રુત યથાર્થ જાણે તે બીજબુદ્ધિ લબ્ધિ કહેવાય. આ પ્રકારની લબ્ધિ ગણધર ભગવંતોને અવશ્ય હોય છે, કારણ કે તીર્થંકર ભગવંતના મુખથી "ત્રિપદી" સાંભળીને તદનુસાર દ્વાદશાંગીની રચના કરે છે.

**૨૩. તેજોલેશ્યા લબ્ધિ**–ક્રોધમાં આવી મુનિ અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલા પોતાના શત્રુ વિગેરે પદાર્થોને બાળવાને સમર્થ અતિ તીવ્ર તેજ એટલે કે અગ્નિ જેવા અતિ ઉષ્ણ પુદ્ગલો ફેંકવાની શક્તિ તે **તેજોલેશ્યાલબ્ધિ.**

**૨૪. આહારક લબ્ધિ**–આહારક શરીર બનાવવાની શક્તિ. આ લબ્ધિવડે ચૌદ પૂર્વધર મુનિ એક હસ્તપ્રમાણ શરીર બનાવી સૂક્ષ્મ શ્રુતશંકા ટાળવા માટે અથવા તો શ્રી જિનેશ્વર ભગવંતોની સમવસરણ આદિ ઋદ્ધિ દેખવા માટે વિચરતા તીર્થંકર પરમાત્મા પાસે મોકલી શકે અને કાર્ય સમાપ્તિ થયે તે દેહનું વિસર્જન કરી શકે.

**૨૫. શીતલેશ્યા લબ્ધિ**–આ તેજોલેશ્યા લબ્ધિથી વિપરીત લબ્ધિ છે. આ લબ્ધિવડે બળતા જીવાદિ પદાર્થો જળના છંટકાવની માફક શાન્ત થઇ જાય છે.

**વૈક્રિય લબ્ધિ**—ભવ્ય જીવ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવાની શક્તિવાળું વૈક્રિય શરીર બનાવી શકે તે વૈક્રિય લબ્ધિ. તેનાં અનેક પ્રકારો છે; જેમકે (૧) અણુત્વ (૨) મહત્ત્વ (૩) લઘુત્વ (૪) ગુરુત્વ (૫) પ્રાપ્તિ (૬) પ્રાકામ્ય (૭) ઇશિત્વ (૮) વશિત્વ (૯) અપ્રતિઘાતિત્વ (૧૦) અન્તર્ધાનત્વ (૧૧) કામરૂપિત્વ વિગેરે.

(૧) અણુ જેવડું એટલે અત્યંત બારીક શરીર બનાવી શકાય. આવા સૂક્ષ્મ શરીરથી કમળની નાળના છિદ્રમાં પણ દાખલ થઈ શકાય અને ત્યાં રહીને ચક્રવર્તી જેવા ભોગ ભોગવી શકે. (૨) મેરુપર્વત એક લાખ યોજન ઊંચો છે અને દશ હજાર ૯૦ યોજન જાડો છે તેનાથી પણ મહત્–મોટું શરીર બનાવી શકે. (૩) વાયુથી પણ લઘુ–હલકું શરીર બનાવી શકે. (૪) વજ્ર કરતાં પણ અતિશય ભારે –વજનદાર શરીર બનાવી શકે. (૫) ભૂમિ ઉપર ઊભા

રહીને હાથ એટલો બધો લંબાવે કે-જેથી મેરુપર્વતના શિખરના અગ્રભાગને સ્પર્શી શકે. (૬) જેમ જળમાં પ્રવેશ કરે તેમ ભૂમિમાં પ્રવેશ કરીને ચાલવાની શક્તિ તેમજ પાણીમાં ડૂબકી મારીને ઉપર તરી આવે તેમ ભૂમિમાં પણ ડૂબકી મારીને ઉપર તરી આવવાની શક્તિ. (૭) તીર્થંકર, ચક્રવર્તી કે ઇંદ્ર સરખી ઋદ્ધિ વિકુર્વવાની શક્તિ (૮) સર્વ જીવોને વશ કરવાની શક્તિ. (૯) જેમ સીધા-સપાટ માર્ગમાં અસ્ખલિતપણે ગમન કરી શકાય તેમ વચ્ચે પર્વતાદિ નડતર આવવા છતાં અસ્ખલિતપણે ગમન કરવાની શક્તિ (૧૦) અદ્રશ્ય-અન્તર્ધાન થવાની શક્તિ. (૧૧) એક સાથે અનેક પ્રકારનાં વિવિધ રૂપો બનાવવાની શક્તિ.)

**૨૭. અક્ષીણમહાનસ લબ્ધિ**—અનેક વસ્તુઓ આપવા છતાં પણ ખૂટે નહીં તે અક્ષીણ લબ્ધિના બે પ્રકાર છે. ( ૧ ) **અક્ષીણમહાનસ લબ્ધિ** અને ( ૨ ) **અક્ષીણ મહાલયલબ્ધિ**. જે લબ્ધિના પ્રભાવે પાત્રમાં અલ્પ અહાર વિગેરે હોય તો પણ તે આહાર ઘણાં જણાને આપવા છતાં ખૂટે નહીં તે અક્ષીણમહાનસ લબ્ધિ કહેવાય. શ્રી ગૌતમસ્વામીએ અલ્પ ક્ષીરથી અષ્ટાપદ પર્વત પર રહેલા ૧૫૦૩ તાપસોને એક પાત્રવડે પારણું કરાવ્યું હતું. પરિમિત ભૂમિમાં અસંખ્ય દેવો, તિર્યંચો અને મનુષ્યો પોતપોતાના પરિવાર સહિત સમાઇ શકે અને પરસ્પર એકબીજાને બાધા-સંકડાશ ન ઉપજે તે અક્ષીણમહાલય લબ્ધિ કહેવાય.

**૨૮. પુલાક લબ્ધિ**-ચક્રવર્તીનું સૈન્ય પણ ચૂર્ણ કરી શકે.

આ અઠ્ઠાવીશે લબ્ધિઓ ભવ્ય પુરુષોને હોય છે. ભવ્ય સ્ત્રીઓને અઢાર લબ્ધિઓ હોય છે. તેમને નીચેની દશ લબ્ધિઓ હોતી નથી. ( ૧ ) અરિહંત લબ્ધિ, (૨) ચક્રવર્તી લબ્ધિ, ( ૩ ) વાસુદેવ લબ્ધિ ( ૪ ) બલદેવ લબ્ધિ, ( ૫ ) સંભિન્નશ્રોતો લબ્ધિ, ( ૬ ) ચારણ લબ્ધિ, ( ૭ ) પૂર્વધર લબ્ધિ, ( ૮ ) ગણધર લબ્ધિ, ( ૯ ) પુલાક લબ્ધિ અને ( ૧૦ ) આહારક શરીરલબ્ધિ. અનંતકાળે અચ્છેરારૂપ સ્ત્રી તીર્થંકર થાય છે, જેમકે ચાલુ ચોવીશીમાં શ્રી મલ્લિનાથ તીર્થંકર થયા, પણ તે અચ્છેરું ગણાય; પરંપરા ન ગણાય.

અભવ્ય પુરુષોને ૧૫ અને અભવ્ય સ્ત્રીઓને ૧૪ લબ્ધિ હોય છે. ઉપર જણાવેલ દશ લબ્ધિઓ ઉપરાંત ( ૧૧ ) કેવળી લબ્ધિ, ( ૧૨ ) ઋજુમતી મનઃપર્યવજ્ઞાન લબ્ધિ, ( ૧૩ ) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન લબ્ધિ, અભવ્ય પુરુષોને ન હોય અને ( ૧૪ ) આશ્રવ લબ્ધિ અભવ્ય સ્ત્રીને ન હોય.

એક એક લબ્ધિનું એક એક એકાસણું ( અથવા એકાંતર ઉપવાસ ) એમ નિરતંર અઠ્ઠાવીશ એકાસણા( અથવા ઉપવાસ ) કરવા.

દુહો—

લબ્ધિ અઠ્ઠાવીશ ધરી, ગુરુ ગોયમ ગણેશ ।
ધ્યાવો ભવી શુભકરુ, ત્યાગી રાગ ને રીસ ॥ ૧ ॥

ૐ શ્રી આમોસહીલબ્ધયે[૧] નમઃ" એમ બોલી દરરોજ પચાસ ખમાસમણ, પચાસ લોગસ્સનો કાયોત્સર્ગ, પચાસ સાથીયા તથા વીશ નવકારવાળી તે તે દિવસની લબ્ધિના

૧. લબ્ધિનું નામ દરરોજ બદલવું. દુહો તે જ બોલવો.

નામની ગણવી. તે લબ્ધિનાં નામ નીચે પ્રમાણે ( આ તપનું ફળ નિર્મળ બુદ્ધિની પ્રાપ્તિ થાય તે છે. )

૧ ૐ શ્રી આમર્ષૌષધિલબ્ધયે નમઃ ।
૨ ૐ શ્રી વિપ્રુડૌષધિલબ્ધયે નમઃ ।
૩ ૐ શ્રી ખેલૌષધિલબ્ધયે નમઃ ।
૪ ૐ શ્રી જલ્લૌષધિલબ્ધયે નમઃ ।
૫ ૐ શ્રી સર્વૌષધિલબ્ધયે નમઃ ।
૬ ૐ શ્રી સંભિન્નશ્રોતોલબ્ધયે નમઃ ।
૭ ૐ શ્રી અવધિલબ્ધયે નમઃ ।
૮ ૐ શ્રી મનઃપર્યવલબ્ધયે નમઃ ।
૯ ૐ શ્રી વિપુલમતિલબ્ધયે નમઃ ।
૧૦ ૐ શ્રી ચારણલબ્ધયે નમઃ ।
૧૧ ૐ શ્રી આશિવિષલબ્ધયે નમઃ ।
૧૨ ૐ શ્રી કેવલલબ્ધયે નમઃ ।
૧૩ ૐ શ્રી ગણધરલબ્ધયે નમઃ ।
૧૪ ૐ શ્રી પૂર્વધરલબ્ધયે નમઃ ।
૧૫ ૐ શ્રી અરિહંતલબ્ધયે નમઃ ।
૧૬ ૐ શ્રી ચક્રવર્તિલબ્ધયે નમઃ ।
૧૭ ૐ શ્રી બલદેવલબ્ધયે નમઃ ।
૧૮ ૐ શ્રી વાસુદેવલબ્ધયે નમઃ ।
૧૯ ૐ શ્રી અમૃતાશ્રવલબ્ધયે નમઃ ।
૨૦ ૐ શ્રી કોષ્ઠકબુદ્ધિ લબ્ધયે નમઃ ।
૨૧ ૐ શ્રી પદાનુસારિલબ્ધયે નમઃ ।
૨૨ ૐ શ્રી બીજબુદ્ધિલબ્ધયે નમઃ ।

૨૩ ૐ શ્રી તેજોલેશ્યાલબ્ધયે નમઃ ।

૨૪ ૐ શ્રી આહારકલબ્ધયે નમઃ ।

૨૫ ૐ શ્રી શીતલેશ્યાલબ્ધયે નમઃ ।

૨૬ ૐ શ્રી વૈક્રિયલબ્ધયે નમઃ ।

૨૭ ૐ શ્રી અક્ષીણમહાનસલબ્ધયે નમઃ ।

૨૮ ૐ શ્રી પુલાકલબ્ધયે નમઃ ।

## ૯૨. અશુભનિવારણ તપ

પ્રથમ ઉપવાસ એક, પછી નીવી બે, પછી આંબીલ ત્રણ, પછી એકાસણાં છ, પછી [1]લૂખો ચોપડચો એક, એકસિક્થ પાંચ, એકલઠાણા ચાર, [2]એકલઘરો એક, અલવાડો એક (ઢોકળાં વિગેરે અલેપ પદાર્થ), એક કવળ એક–આ પ્રમાણે ૨૫ દિવસે તપ પૂર્ણ કરવો.

"ૐ નમો અરિહંતાણં" એ પદની નવકારવાળી વીશ ગણવી, સાથીયા વિગેરે બાર બાર કરવા.

---

૧ લૂખા ચોપડચાની એવી રીત છે કે—એક વાટકો ઘીનો તથા એક વાટકો પાણીનો ઢાંકી રાખવો. પછી કોઈ અજાણ્યા પાસે એક વાટકો ઉઘડાવવો. તેમાં જો ઘીનો ઊઘડે તો એકાસણું કરવું અને પાણીનો ઊઘડે તો આંબીલ કરવું.

૨ એકલઘરાની એવી રીત છે કે–પાણીનો લોટો લઈને કોઈ સંબંધીને ઘેર જવું. તે વખતે જો તે ઘરમાંથી 'આવો પધારો' એમ કહે તો ત્યાં એકાસણું કરવું. અથવા કાંઈક બીજું કહે અર્થાત્ કેમ આવ્યા ? ઈત્યાદિ કહે તો ત્યાં જ પાણી પીને ચોવિહારનું પચ્ચક્ખાણ કરીને આવવું.

## ૯૩. અષ્ટકર્મોત્તર પ્રકૃતિ તપ

[ છઠ્ઠા કર્મસૂદન તપમાં આ આઠે કર્મને લગતું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. આ સંબંધમાં વિશેષ જાણવાનું એ કે જ્ઞાનાવરણીય, દર્શનાવારણીય અને અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટિ સાગરોપની છે, મોહનીયકર્મની સીત્તેર કોટાકોટી સાગરોપમની છે, નામ તેમજ ગોત્ર કર્મની વીશ કોટાકોટી સાગરોપની છે અને આયુષ કર્મની તેત્રીશ સાગરોપમની છે જયારે જઘન્ય સ્થિતિબંધ આ પ્રમાણે જાણવો–વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ બાર મુહુર્તની અને શેષ કર્મોની અન્તર્મુહૂર્તની જાણવી. કર્મસંબંધી વિશેષ માહિતી માટે કમ્મપયડી, પંચસંગ્રહ, નવતત્ત્વ વિગેરે ગ્રંથો અવશ્ય વાંચવા.]

આઠ કર્મ મધ્યે જ્ઞાનાવરણની ઉત્તરપ્રકૃતિ પાંચ, દર્શનાવરણની નવ, વેદનીયની બે, મોહનીયની અઠ્ઠાવીશ, આયુકર્મની ચાર, નામ કર્મની એકસો ને ત્રણ, ગોત્ર કર્મની બે, અંતરાય કર્મની પાંચ, સર્વ મળી ૧૫૮ પ્રકૃતિ હોવાથી ૧૫૮ ઉપવાસ એકાંતર એકાસણે કરવા. એટલે કે એક ઉપવાસ પછી એકાસણું એમ ૧૫૮ ઉપવાસ અને ૧૫૮ એકાસણાવડે એક ઓળી *થાય, તેવી આઠ ઓળી કરવી. ઉદ્યાપનમાં ૧૫૮–૧૫૮ વસ્તુ તથા મોદક ઢોકવા, જ્ઞાનની પૂજા કરવી, ગુરુને દાન દેવું. સંઘવાત્સલ્ય કરવું. ઇત્યાદિ. ગરણું નીચે પ્રમાણે વીશ નવકારવાળીનું

* હાલની પ્રવૃત્તિમાં માત્ર ૧૫૮ ઉપવાસ છૂટક કરવાનો પ્રચાર છે.

ગણવું. જે દિવસે જે પ્રકૃતિનો તપ ચાલતો હોય તે દિવસે તેના નામનું ગણવું.

## જ્ઞાનાવરણીય પ્રકૃતિ ૫

૧ મતિજ્ઞાનાવરણીયરહિતાય શ્રી અનંતજ્ઞાનસંયુતાય સિદ્ધાય નમઃ ।

૨ શ્રુતજ્ઞાનાવરણીયરહિતાય શ્રી અનં૦ ।

૩ અવધિજ્ઞાનાવરણીયરહિતાય શ્રી અનં૦ ।

૪ મન :પર્યવજ્ઞાનાવરણીયરહિતાય શ્રીઅનં૦ ।

૫ કેવલજ્ઞાનાવરણીયરહિતાય શ્રી અનં ૦ ।

અથવા "શ્રીઅનંતજ્ઞાનસંયુતાય સિદ્ધાય નમઃ" એટલું જ ગણવું. સાથીયા વિગેરે પાંચ પાંચ કરવા.

## દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ ૯

૧ અચક્ષુર્દર્શનાવરણીયરહિતાય શ્રીઅનન્તદર્શનસંયુતાય સિદ્ધાય નમઃ ।

૨ ચક્ષુર્દર્શનાવરણીયરહિતાય શ્રીઅનંત૦

૩ અવધિદર્શનાવરણીયરહિતાય૦ શ્રીઅનંત૦

૪ કેવલદર્શનાવરણીયરહિતાય શ્રીઅનંત૦

૫ નિદ્રારહિતાય શ્રી અનંત૦

૬ નિદ્રાનિદ્રારહિતાય શ્રીઅનંત૦

૭ પ્રચલારહિતાય શ્રી અનંત૦

૮ પ્રચલાપ્રચલારહિતાય શ્રીઅનંત૦

૯ સ્ત્યાનર્દ્ધિરહિતાય શ્રીઅનંત૦

અથવા "શ્રીઅનન્તદર્શનસંયુતાય સિદ્ધાય નમઃ" પદ ગણવું. સાથીયા વિગેરે નવ નવ કરવા.

## વેદનીય કર્મની પ્રકૃતિ ૨

૧ સાતાવેદનીયરહિતાય શ્રીઅવ્યાબાધગુણસંયુતાય સિદ્ધાય નમઃ ।

૨ અસાતાવેદનીયરહિતાય શ્રીઅવ્યાબાધ૦

અથવા " શ્રીઅવ્યાબાધગુણસંયુતાય સિદ્ધાય નમઃ " એ પદ ગણવું. સાથીયા વિગેરે બે બે કરવા.

## મોહનીય કર્મની પ્રકૃતિ ૨૮

૧ સમ્યક્ત્વમોહનીયરહિતાય શ્રીઅનન્તચારિત્રગુણસંયુતાય સિદ્ધાય નમઃ

૨ મિશ્રમોહનીયરહિતાય શ્રીઅનન્ત૦

૩ મિથ્યાત્વમોહનીયરહિતાય "

૪ અનન્તાનુબન્ધિક્રોધરહિતાય "

૫ અનન્તાનુબન્ધિમાનરહિતાય "

૬ અનન્તાનુબન્ધિમાયારહિતાય "

૭ અનન્તાનુબન્ધિલોભરહિતાય "

૮ અપ્રયત્યાખ્યાનિક્રોધરહિતાય "

૯ અપ્રત્યાખ્યાનિમાનરહિતાય "

૧૦ અપ્રત્યાખ્યાનિમાયારહિતાય "

૧૧ અપ્રત્યાખ્યાનિલોભરહિતાય "

૧૨ પ્રત્યાખ્યાનિક્રોધરહિતાય "

૧૩ પ્રત્યાખ્યાનિમાનરહિતાય "

૧૪ પ્રત્યાખ્યાનિમાયારહિતાય "

૧૫ પ્રત્યાખ્યાનિલોભરહિતાય ”
૧૬ સંજ્વલનક્રોધરહિતાય ”
૧૭ સંજ્વલનમાનરહિતાય ”
૧૮ સંજ્વલનમાયારહિતાય ”
૧૯ સંજ્વલનલોભરહિતાય ”
૨૦ હાસ્યમોહનીયરહિતાય ”
૨૧ રતિમોહનીયરહિતાય ”
૨૨ અરતિમોહનીયરહિતાય ”
૨૩ ભયમોહનીયરહિતાય ”
૨૪ શોકમોહનીયરહિતાય ”
૨૫ દુર્ગંચ્છામોહનીયરહિતાય ”
૨૬ પુરુષવેદરહિતાય ”
૨૭ સ્ત્રીવેદરહિતાય ”
૨૮ નપુંસકવેદરહિતાય ”

અથવા "અનન્તચારિત્રગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ" એ પદ જ માત્ર ગણવું. સાથીયા વિગેરે ૨૮–૨૮ કરવા.

## આયુષ્ય કર્મની પ્રકૃતિ ૪

૧ દેવાયૂરહિતાય શ્રીઅક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
૨ નરાયૂરહિતાય૦ ૩ તિર્યંચાયૂરહિતાય૦ ૪ નરકાયૂરહિતાય૦

અથવા માત્ર "શ્રીઅક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ" એટલું જ ગણવું. સાથીયા વિગેરે ૪–૪ કરવા.

## નામ કર્મની પ્રકૃતિ ૧૦૩

૧ દેવગતિરહિતાય શ્રીઅરૂપિનિરંજનગુણસંયુતાયશ્રી સિદ્ધાય નમઃ ।

૨ નરકગતિરહિતાય૦

૩ તિર્યંચગતિરહિતાય૦

૪ નરગતિરહિતાય૦

૫ એકેન્દ્રિયજાતિરહિતાય૦

૬ દ્વીન્દ્રિયજાતિરહિતાય૦

૭ ત્રીન્દ્રિયજાતિરહિતાય૦

૮ ચતુરીન્દ્રિયજાતિરહિતાય૦

૯ પંચેન્દ્રિયજાતિરહિતાય૦

૧૦ ઔદારિકશરીરરહિતાય૦

૧૧ વૈક્રિયશરીરરહિતાય૦

૧૨ આહારકશરીરરહિતાય૦

૧૩ તૈજસશરીરરહિતાય૦

૧૪ કાર્મણશરીરરહિતાય૦

૧૫ ઔદારિકાંગોપાંગરહિતાય૦

૧૬ વૈક્રિયાંગોપાંગરહિતાય૦

૧૭ આહારકાંગોપાંગરહિતાય૦

૧૮ ઔદારિકૌદારિકબંધનરહિતાય૦

૧૯ ઔદારિકતૈજસબંધનરહિતાય૦

૨૦ ઔદારિકકાર્મણબંધનરહિતાય૦

૨૧ વૈક્રિયવૈક્રિયબંધનરહિતાય૦

૨૨ વૈક્રિયતૈજસબંધનરહિતાય૦
૨૩ વૈક્રિયકાર્મણબંધનરહિતાય૦
૨૪ આહારકાહારકબંધનરહિતાય૦
૨૫ આહારકતૈજસબંધનરહિતાય૦
૨૬ આહારકકાર્મણબંધનરહિતાય૦
૨૭ ઔદારિકતૈજસકાર્મણબંધનરહિતાય૦
૨૮ વૈક્રિયતૈજસકાર્મણબંધનરહિતાય૦
૨૯ આહારકતૈજસકાર્મણબંધનરહિતાય૦
૩૦ તૈજસતૈજસબંધનરહિતાય૦
૩૧ કાર્મણકાર્મણબંધનરહિતાય૦
૩૨ તૈજસકાર્મણબંધનરહિતાય૦
૩૩ ઔદારિકસંઘાતનરહિતાય૦
૩૪ વૈક્રિયસંઘાતનરહિતાય૦
૩૫ આહારકસંઘાતનરહિતાય૦
૩૬ તૈજસસંઘાતનરહિતાય૦
૩૭ કાર્મણસંઘાતનરહિતાય૦
૩૮ વજ્રર્ષભનારાચસંહનનરહિતાય૦
૩૯ ઋષભનારાચસંહનનરહિતાય૦
૪૦ નારાચસંહનનરહિતાય૦
૪૧ અર્ધનારાચસંહનનરહિતાય૦
૪૨ કીલિકાસંહનનરહિતાય૦
૪૩ સેવાર્તસંહનનરહિતાય૦
૪૪ સમચતુરસ્રસંસ્થાનરહિતાય૦
૪૫ ન્યગ્રોધસંસ્થાનરહિતાય૦

૪૬ સાદિસંસ્થાનરહિતાય૦
૪૭ વામનસંસ્થાનરહિતાય૦
૪૮ કુબ્જસંસ્થાનરહિતાય૦
૪૯ હુંડકસંસ્થાનરહિતાય૦
૫૦ કૃષ્ણવર્ણરહિતાય૦
૫૧ નીલવર્ણરહિતાય૦
૫૨ લોહિતવર્ણરહિતાય૦
૫૩ પીતવર્ણરહિતાય૦
૫૪ શ્વેતવર્ણરહિતાય૦
૫૫ સુરભીગંધરહિતાય૦
૫૬ દુરભીગંધરહિતાય૦
૫૭ તિક્તરસરહિતાય૦
૫૮ કટુકરસરહિતાય૦
૫૯ આમ્લરસરહિતાય૦
૬૦ કષાયરસરહિતાય૦
૬૧ મધુરરસરહિતાય૦
૬૨ શીતસ્પર્શરહિતાય૦
૬૩ ઉષ્ણસ્પર્શરહિતાય૦
૬૪ ગુરૂસ્પર્શરહિતાય૦
૬૫ લઘુસ્પર્શરહિતાય૦
૬૬ ખરસ્પર્શરહિતાય૦
૬૭ સ્નિગ્ધસ્પર્શરહિતાય૦
૬૮ રુક્ષસ્પર્શરહિતાય૦
૬૯ મૃદુસ્પર્શરહિતાય૦

૭૦ નરકાનુપૂર્વીરહિતાય૦
૭૧ તિર્યંચાનુપૂર્વીરહિતાય૦
૭૨ નરાનુપૂર્વીરહિતાય૦
૭૩ દેવાનુપૂર્વીરહિતાય૦
૭૪ શુભવિહાયોગતિરહિતાય૦
૭૫ અશુભવિહાયોગતિરહિતાય૦
૭૬ પરાઘાતનામકર્મરહિતાય૦
૭૭ ઉચ્છ્વાસનામકર્મરહિતાય૦
૭૮ આતપનામકર્મરહિતાય૦
૭૯ ઉદ્યોતનામકર્મરહિતાય૦
૮૦ અગુરૂલઘુનામકર્મરહિતાય૦
૮૧ તીર્થંકરનામકર્મરહિતાય૦
૮૨ નિર્માણનામકર્મરહિતાય૦
૮૩ ઉપઘાતનામકર્મરહિતાય૦
૮૪ ત્રસનામકર્મરહિતાય૦
૮૫ બાદરનામકર્મરહિતાય૦
૮૬ પર્યાપ્તનામકર્મરહિતાય૦
૮૭ પ્રત્યેકનામકર્મરહિતાય૦
૮૮ સ્થિરનામકર્મરહિતાય૦
૮૯ શુભનામકર્મરહિતાય૦
૯૦ સૌભાગ્યનામકર્મરહિતાય૦
૯૧ સુસ્વરનામકર્મરહિતાય૦
૯૨ આદેયનામકર્મરહિતાય૦
૯૩ યશોનામ કર્મરહિતાય૦

૯૪ સ્થાવરનામકર્મરહિતાય૦

૯૫ સૂક્ષ્મનામકર્મરહિતાય૦

૯૬ અપર્યાપ્તનામકર્મરહિતાય૦

૯૭ સાધારણનામકર્મરહિતાય૦

૯૮ અસ્થિરનામકર્મરહિતાય૦

૯૯ અશુભનામકર્મરહિતાય૦

૧૦૦ દૌર્ભાગ્યનામકર્મરહિતાય૦

૧૦૧ દુઃસ્વરનામકર્મરહિતાય૦

૧૦૨ અનાદેયનામકર્મરહિતાય૦

૧૦૩ અયશોનામકર્મરહિતાય૦

અથવા "શ્રી અરૂપીનિરંજનગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ" એટલું જ ગણવું. સાથીયા વિગેરે ૧૦૩-૧૦૩ કરવા.

## ગોત્ર કર્મની પ્રકૃતિ ૨

૧. ઉચ્ચૈર્ગોત્રરહિતાય શ્રી અગુરુલઘુગુણસંયુતાય
શ્રી સિદ્ધાય **નમઃ**

૨ નીચૈર્ગોત્રરહિતાય શ્રીઅગુરુલઘુગુણ ,, ,,

અથવા માત્ર "શ્રીઅગુરુલઘુગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ" એટલું ગણવું. સાથીયા વિગેરે બે-બે કરવા.

## અંતરાયકર્મની પ્રકૃતિ ૫

૧ દાનાન્તરાયકર્મરહિતાય શ્રી અન્તવીર્યગુણસંયુતાય
શ્રી સિદ્ધાય નમઃ

૨ લાભાન્તરાયકર્મરહિતાય શ્રીઅનંત૦
૩ ભોગાન્તરાયકર્મરહિતાય ,,
૪ ઉપભોગાન્તરાયકર્મરહિતાય ,,
૫ વીર્યાંતરાયકર્મરહિતાય ,,

અથવા માત્ર "શ્રીઅનન્તવીર્યગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ" એ પદનું ગરણું ગણવું. સાથીયા વિગેરે પાંચ પાંચ કરવા.

## બીજી રીત (પ્રતિ નં. બ.)

અથવા અષ્ટ કર્મોત્તર પ્રકૃતિ તપ કરવાનું આ પ્રમાણે પણ લખ્યું છે. જ્ઞાનાવરણીય કર્મને આશ્રયી દશમ (લગોલગ ચાર ઉપવાસ) ઉપર પારણું કરવું. એવાં પાંચ દશમ કરવા. દર્શનાવરણીયને આશ્રયી નવ દશમ કરવા, વેદનીય કર્મને આશ્રયી બે દશમ કરવા, મોહનીય કર્મને આશ્રયી અઠ્ઠાવીશ અઠ્ઠમ કરવા. આયુકર્મને આશ્રયી ચાર દશમ કરવા, નામકર્મના ઉપવાસ એકસો ને ત્રણ કરવા, ગોત્રકર્મના બે દશમ કરવા તથા અંતરાયકર્મના પાંચ-દુવાલસ (લગોલગ પાંચ ઉપવાસ) કરવા.

અથવા જ્ઞાનાવરણના દુવાલસ પાંચ, દર્શનાવરણના દશમ નવ, વેદનીયના અઠ્ઠમ બે, મોહનીયના અઠ્ઠમ અઠ્ઠાવીશ, આયુના દશમ ચાર, નામના છઠ્ઠ અથવા ઉપવાસ એક સો ત્રણ, ગોત્રના દશમ બે તથા અંતરાયના દશમ પાંચ આ પ્રમાણે અનુક્રમે વિધિપૂર્વક કરવા અથવા છૂટક છૂટક કરવા. બીજો સર્વ વિધિ ઉદ્યાપન વિગેરે ઉપર પ્રમાણે જાણવું.

## ૯૪. અષ્ટ પ્રવચનમાતૃ તપ. (પ્ર. નં. ૩.)

(જેમ માતા પુત્રાદિકનું જતન-રક્ષણ કરે છે તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આ આઠ પ્રકારો સંયમ-ચારિત્રનું માતાની માફક પાલન-રક્ષણ કરે છે તેથી તેને 'પ્રવચનમાતા' કહેવામાં આવે છે. સમિતિ પાંચ છે અને ગુપ્તિ ત્રણ છે.

समेकीभावेनेति समितिः-સારી રીતે એકીભાવ-એકાગ્રતા જે ક્રિયામાં થયેલ છે તે 'સમિતિ" અથવા તો शोभनैकाग्रपरिणामा चेष्टा समितिः । એકાગ્ર પરિણામવાળી સુંદર ચેષ્ટા-ક્રિયા તે "સમિતિ." તેના નીચે પ્રમાણે પાંચ પ્રકારો છે.

**૧. ઈર્યા સમિતિ**—કોઈ જીવને આઘાત, પીડા કે ત્રાસ યા તો તકલીફ ન થાય તે જાતની કાળજી રાખીને કરવામાં આવતી ચાલવાની ક્રિયા.

**૨. ભાષા સમિતિ**—કોઇને પણ અહિતકર ન નીવડે તેવી રીતે નિરવદ્ય વચન-પ્રવૃત્તિ.

**૩. એષણા સમિતિ**-શ્રી દશવૈકાલિક પ્રમુખ સૂત્રોમાં દર્શાવ્યા પ્રમાણે બેંતાલીશ દોષોથી રહિત ગોચરી લેવી.

**૪. આદાન-નિક્ષેપ સમિતિ**—પાત્ર, વસ્ત્ર તેમજ ઉપકરણો વિગેરે યતનાપૂર્વક-સાવધાનીપૂર્વક લેવા-મૂકવાની પ્રવૃત્તિ.

**૫. પારિષ્ઠાપનિકા સમિતિ**-મલ, મૂત્ર, શ્લેષ્મ વિગેરેને જયણાપૂર્વક પરઠવવાની પ્રવૃત્તિ.

गोपनम् गुप्तिः । ગુપ્ એટલે રક્ષા કરવી, રોકવું, નિગ્રહ કરવો. જે ક્રિયાવડે રક્ષા થાય, અનિષ્ટ સંપર્ક કે

અનિષ્ટ પરિણામ રોકાય કે કોઇપણ વસ્તુનો નિગ્રહ થાય તે "ગુપ્તિ" કહેવાય. ગુપ્તનો અર્થ એ છે કે-સંયમના પાલન માટે મન, વચન ને કાયાથી પ્રગટતી અસત્ પ્રવૃત્તિને રોકવી. ગુપ્તિના નીચે પ્રમાણે ત્રણ પ્રકારો છે.

૧. **મનોગુપ્તિ**—મનને દુષ્ટ વિચારો કે સંકલ્પોમાં પ્રવર્તવા ન દેવું.

૨. **વચન-ગુપ્તિ**-ખાસ જરૂર વિના બોલવું નહિ.

૩. **કાય-ગુપ્તિ**-કાયાથી બને તેટલી ઓછી પ્રવૃત્તિ કરવી.

**ધ્યાન મનોગુપ્તિમાં** મદદ રૂપ છે. **મૌન વચન ગુપ્તિ**માં સહાયકારક છે અને **કાયોત્સર્ગ** કાયગુપ્તિમાં અવલંબનભૂત છે.

આ ત્રણ ગુપ્તિને સમિતિ પણ ગણી શકાય છે. એ રીતે ગણીએ તો "સમિતિ"ની સંખ્યા આઠની થાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં "સમિતિની" સંખ્યા આઠ જણાવેલ છે.

જ્યાં "સમિતિ" હોય ત્યાં "ગુપ્તિ" અવશ્ય હોય, જ પરંતુ જ્યાં "ગુપ્તિ" હોય ત્યાં "સમિતિ"ની ભજના જાણવી એટલે કે હોય અને ન પણ હોય.

સમિતિ મુખ્યત્વે પ્રવૃત્તિપ્રધાન છે અને ગુપ્તિ મુખ્યત્વે નિવૃત્તિપ્રધાન છે. ]

પહેલે દિવસે એક કવળ, બીજે દિવસે એક કવળ, ત્રીજે દિવસે એક કવળ એ પ્રમાણે ૧-૧-૧ ઈર્યાસમિ-

તિની આરાધના દિન ત્રણ કરવી. પછી પહેલે દિવસે બે કવળ, બીજે દિવસે એક, ત્રીજે દિવસે બે એ પ્રમાણે ૨–૧–૨ ભાષાસમિતિની આરાધના દિન ત્રણ કરવી. એષણાસમિતિની આરાધના માટે અનુક્રમે કવળ ૩–૧–૩ એ પ્રમાણે ત્રણ દિવસ કરવા. આદાન–ભંડનિક્ષેપણા સમિતિના અનુક્રમે કવળ ૪–૧–૪ એ પ્રમાણે ત્રણ દિવસ કરવા. ઉચ્ચારપાસવણખેલપારિષ્ઠાપનિકા સમિતિના અનુક્રમે કવળ ૫–૧–૫ કરવા. મનોગુપ્તિના ૬–૧–૬ કરવા, વચનગુપ્તિના ૭–૧–૭ કવળ કરવા તથા કાયગુપ્તિના ૮–૧–૮ એ પ્રમાણે કરવા. સર્વ કવળ સંખ્યા ૮૦ થાય છે. તપ દિન ૨૪ તથા પારણાદિન ૮ થાય છે, (એટલે કે એક માતૃનો ત્રણ દિવસનો તપ પૂરો થાય ત્યારે છેડે એક પારણું કરવાથી પારણાના દિવસ આઠ થાય છે.) ગરણું વિગેરે નીચે પ્રમાણે જે માતૃનો તપ ચાલતો હોય તેના નામનું ગણવું.

| | સા૦ | ખ૦ | લો૦ | નો |
|---|---|---|---|---|
| ૧ ઈર્યાસમિતિધરાય નમઃ | ૩ | ૩ | ૩ | ૨૦ |
| ૨ ભાષાસમિતિધરાય નમઃ | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ૩ એષણાસમિતિધરાય નમઃ | ૭ | ૭ | ૭ | ૨૦ |
| ૪ આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિધરાયનમઃ | ૯ | ૯ | ૯ | ૨૦ |
| ૫ ઉચ્ચારપ્રસ્ત્રવણખેલાપારિષ્ઠાપનિકા— સમિતિધરાય નમઃ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૬ મનોગુપ્તિધરાય નમઃ | ૧૩ | ૧૩ | ૧૩ | ૨૦ |
| ૭ વચનગુપ્તિધરાય નમઃ | ૧૫ | ૧૫ | ૧૫ | ૨૦ |
| ૮ કાયગુપ્તિધરાય નમઃ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |

### ૯૫. અષ્ટમાસી તપ. (જૈ. પ્ર. જ. સિં. વિગેરે)

આ તપમાં એકાંતર એકાસણે ૨૪૦ ઉપવાસ કરવા. એટલે કે એક ઉપવાસ અને એકાસણું એ પ્રમાણે ૨૪૦ ઉપવાસ અને ૨૪૪ એકસણાં કરવાં. ઉજમણે ૨૪૦ મોદક ઢોકવા. આ તપ મધ્યમ બાવીશ તીર્થંકરને આશ્રયીને કરવાનો છે, તેથી જે જે તીર્થંકરનો તપ ચાલતો હોય તે તે તીર્થંકરના નામની સાથે નાથાય નમઃ એ પદ જોડી વીશ નવકારવાળી ગણવી. આ પ્રમાણે દરેક તીર્થંકરને આશ્રયીને ૨૪૦ ઉપવાસ તથા ૨૪૦ એકાસણાં કરવાં. સાથીયા વિગેરે બાર બાર કરવાં.

❋

### ૯૬. કર્મચક્રવાલ તપ (જ. પ્ર. નં. અ વિગેરે)

પ્રથમ એક અટ્ઠમ કરી પારણું કરવું, પછી ચોસઠ ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. (કોઈ પ્રતમાં સાઠ તથા કોઈમાં એકસઠ ઉપવાસ લખ્યા છે.) છેવટ અટ્ઠમ કરવો. તેમાં કુલ ૭૦ ઉપવાસ અને ૬૬ પારણા થાય છે. જમણે ૧૨૮ મોદક જ્ઞાન પાસે ઢોકવા, સુવર્ણચક્ર દેવ પાસે ઢોકવું. "ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

❋

### ૯૭. આગમોક્ત કેવલિ તપ (જૈ. પ્ર. વિગેરે)

केवलं येषाम् विद्यते इति केवलिनः । જેનામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર–એ ત્રણની પરિપૂર્ણતા હોય તે કેવળી ભગવંત સમજવા.

જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ પદ પ્રાપ્ત થાય છે. તેમને પૂર્ણપુરુષ કે કેવળી તરીકે સંબોધવામાં આવે છે. કેવળી થયા પછી લોકના સંપૂર્ણ સ્વરૂપને જાણી શકે છે અને તે પછી જ પ્રવચનદ્વારા શ્રોતાઓ સમક્ષ સમસ્ત વિશ્વની તમામ ઘટનાઓ અને વ્યવસ્થાનું નિરૂપણ કરે છે. કેવળી ભગવંત 'હસ્તામલકવત્' લોકાલોકનું સ્વરૂપ જાણી–સમજી શકે છે અને તેથી જ તેઓ "સર્વજ્ઞ" તરીકે પ્રસિદ્ધિ પામે છે.]

❋

આંબિલ નિરંતર દશ કરવા, ઉપર એક ઉપવાસ કરવો. ઉજમણે મોદક અગિયાર, નાળીયેર અગિયાર તથા રૂમાલ એક પુસ્તક આગળ ઢોકવાં, શ્રી જિનની અષ્ટપ્રકારી પૂજા કરવી, ગુરુભક્તિ કરવી. ગરણું "નમો નાણસ્સ" પદનું ગણવું. સાથીયા વિગેરે ૫૧ કરવા.

❋

## ૯૮. ચત્તારિ અટ્ઠ દસ દોય તપ. (જૈ. પ્ર. વિગેરે)

[ ચાર, આઠ, દશ અને બે–કુલ ચોવીશ તીર્થંકરને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. "સિદ્ધાણં બુદ્ધાણં" ની પાંચમી ગાથામાં આ સંબંધી ઉલ્લેખ આવે છે.

ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત પર યાત્રા કરી, જે સિંહનિષદ્યા પ્રાસાદનું નિર્માણ કર્યું તેમાં પૂર્વાદિ દિશાઓમાં

વર્તમાન ચોવીશના તીર્થંકર ભગવંતોની દેહપ્રમાણ જે રીતે મૂર્તિઓ સ્થાપિત કરી તેનો ક્રમ સૂચવવામાં આવ્યો છે:—

દક્ષિણ દિશામાં શ્રી ઋષભજિનથી અભિનંદસ્વામી પર્યંત ચાર, પશ્ચિમ દિશામાં સુમતિનાથથી વાસુ-પૂજ્યસ્વામી પર્યંત આઠ,

ઉત્તર દિશામાં શ્રી વિમલનાથથી શ્રી નેમિનાથ પર્યંત દશ—

પૂર્વ દિશામાં શ્રી પાર્શ્વનાથ તેમજ શ્રી મહાવીર-સ્વામી બે—

સમસ્ત જૈન તીર્થોમાં અષ્ટાપદ તીર્થની મહત્તા ઘણી જ છે, કારણ કે યુગાદીશ શ્રી ઋષભદેવ ભગવંતનું તે નિર્વાણસ્થળ છે તેમજ પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાએ પણ એક માસનું અણસણ કરીને અષ્ટાપદ પર્વત પર જ સિદ્ધિગતિને પ્રાપ્ત કરેલ છે.]

આ તપ અષ્ટાપદે રહેલા ચોવીશ તીર્થંકરની આરા-ધના માટે છે. તેમાં પ્રથમ ચાર ઉપવાસ, પછી આઠ ઉપવાસ, પછી દશ ઉપવાસ અને પછી બે ઉપવાસ એમ ચોવીશ ઉપવાસ કરવા. (દશ કર્યા પછી તરત જ બે ઉપ-વાસ કરવા; તેમાં પારણાના દિવસનું જ આંતરું આવવું જોઈએ એવી પ્રવૃત્તિ છે.) “શ્રી અષ્ટાપદતીર્થાય નમઃ” એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે ચોવીશ ચોવીશ કરવા.

## ૯૯. કલંકનિવારણ તપ યાને સીતા તપ.

[ આ તપનું બીજું નામ 'સીતા તપ' છે. પોતાના પર ચઢેલા કલંકને દૂર કરવા માટે મહાસતી સીતાએ તપશ્ચર્યા કરેલ એટલે 'કલંકનિવારણ' આ તપનું બીજું નામ "સીતા તપ" કહેવાય છે. મહાસતી સીતાનો વૃત્તાંત તો ઘણો વિસ્તૃત છે, પણ આપણે સંક્ષિપ્તમાં જ અહીં તે સંબંધી ઉલ્લેખ કરીએ.

મિથિલા નગરીના જનકરાજાને વિદિહા નામની પટ્ટ-રાણી હતી. કાળક્રમે વિદિહાએ પુત્ર–પુત્રીના યુગલને જન્મ આપ્યો તે સમયે પૂર્વ ભવના દ્વેષી સૌધર્મ દેવલોકવાસી પિંગલ નામના દેવે પુત્રનું અપહરણ કર્યું. વૈતાઢય પર્વત નજીક જતાં પિંગળને કંઈક દયા આવી એટલે વસ્ત્રાભૂષણથી શોભિત કરીને તે સ્થળે એકાંત પ્રદેશમાં મૂકીને ચાલતો થયો. તેવામાં રથનુપુર નગરના ચંદ્રગતિ વિદ્યાધરે તે બાળ-કને ઉઠાવી લઈ, પોતાની સંતાનરહિત પત્નીને સોંપ્યો અને તેનું **ભામંડળ** એવું નામ રાખ્યું.

પુત્રના હરણથી રાજા–રાણીને અતિશય દુઃખ થયું. કાળક્રમે સીતા સ્ત્રીઓની ચોસઠ કલામાં પારંગત બની. તે યૌવનવતી બની એટલે જનકને તેના વર સંબંધી ચિંતા ઉદ્ભવી. એવામાં મ્લેચ્છોએ જનકના રાજ્ય પર હુમલો કર્યો એટલે તેમણે પોતાના મિત્ર દશરથ રાજવીની સહાય માગી. રામ તથા લક્ષ્મણે મદદે આવી મ્લેચ્છોનો પરાભવ કર્યો. જનકરાજાએ તેનો મહોત્સવપૂર્વક નગરપ્રવેશ

કરાવ્યો અને પોતાની પુત્રી સીતા તેમને આપવાનો માનસિક સંકલ્પ કર્યો. બાદ રામ તથા લક્ષ્મણ પોતાની રાજધાની અયોધ્યા ચાલ્યા ગયા.

એકદા નારદમુનિ મિથિલાના અંતઃપુરમાં આવી ચઢ્યા. તેમની ભયાનક આકૃતિ જોઇને સીતા ડરી ગઈ અને કોલાહલ કરવા લાગી એટલે તેની સખીઓએ આવીને નારદને તિરસ્કારપૂર્વક બહાર કાઢ્યા. નારદે આ પ્રસંગનું વેર વાળવાનો નિર્ણય કર્યો. તેણે સીતાની રમ્ય છબી ચિતરી ભામંડલને બતાવી. ભામંડલ કામાસક્ત બન્યો અને પોતાના પાલક પિતા ચંદ્રગતિને વાત કરી. ચંદ્રગતિ વિદ્યાધરે સીતાનું માગું કરવા પોતાનો દૂત જનક રાજા પાસે મોકલ્યો. જનકની સ્થિતિ મુંઝવણભરી બની ગઈ. પોતાની ઈચ્છા રામને પરણાવવાની હતી અને બીજી બાજુ વિદ્યાધરનું કહેણ હતું. તેમણે સ્વયંવર રચવાનો મનસૂબો કર્યો અને જાહેર કર્યું કે–જે કોઇ દેવાધિષ્ઠિત “વજ્રાવર્ત” નામના ધનુષ્યને નમાવશે તેને સીતા વરશે.

સ્વયંવર પ્રસંગે અનેક દેશોના રાજા, રાજપુત્રો આવ્યા પરંતુ એક રામ સિવાય કોઇ પણ ધનુષ ચઢાવી શક્યું નહીં. રામનો વિજય થયો અને સીતાએ તેને વરમાળા પહેરાવી. આ બનાવથી ભામંડલ અતિ દુઃખી બન્યો અને પોતાના નગરે પાછા વળતાં માર્ગમાં તેને આકાશવાણી સંભળાણી કે–સીતા તારી બહેન છે. તમો બંને ભાઈ–બહેન છો : જન્મતાં જ તારું અપહરણ કરવામાં આવેલ. આ અદૃશ્ય વાણી સાંભળીને ભામંડલને પોતાના વર્ત્તન માટે

પશ્ચાત્તાપ થયો. તેણે પાછા ફરી પિતા જનક તથા બહેન સીતાની ક્ષમા યાચી.

રાજા દશરથ પાસે કૈકેયીએ વરદાન દ્વારા રામનો વનવાસ માગ્યો. દંડકારણ્યમાં રાવણે સીતાનું અપહરણ કર્યું. રામે રાવણ સાથે યુદ્ધ કરી સીતાને પુનઃ પ્રાપ્ત કરી. સીતા સગર્ભા બની. તેના દોહદો રામે પૂર્ણ કર્યાં, તેવામાં સીતાનું દક્ષિણ નેત્ર ફરક્યું. તેને અમંગળની આશંકા થવા લાગી. તેની શાંતિ માટે અનેક પ્રકારનાં શુભ કાર્યો કર્યાં. તેવામાં એક અકસ્માત્ જેવો પ્રસંગ બની ગયો.

નગરચર્યા જોવા માટે ફરતા રામને કાને એ વાત અથડાણી કે–"સીતા રાવણને ત્યાં છ મહિના રહેવા છતાં રામે શુદ્ધિ કર્યા વિના તેને પાછી આણી તે ઉચિત ન કર્યું." આ લોકાપવાદ સાંભળીને રામને ઘણું લાગી આવ્યું. તેણે લક્ષ્મણને આ હકીકત જણાવી. લક્ષ્મણે તેવી વાત પર ધ્યાન ન આપવા જણાવ્યું છતાં "લોક વિરુદ્ધનો ત્યાગ" કરવો જોઈએ એ હકીકત પર રામ મુસ્તાક રહ્યા અને પોતાના સેનાનીને બોલાવીને સૂચના કરી કે–કોઈ ન જાણે તેમ સીતાનો એકાંત પ્રદેશમાં ત્યાગ કરો. સેનાનીએ હુકમ માથે ચઢાવ્યો અને તીર્થયાત્રાના બહાને સીતાને નિર્જન વનમાં લઈ જઈ, રામનો આદેશ સીતાને જણાવ્યો. આવી દારુણ હકીકત સાંભળતા જ સીતાને મૂર્ચ્છા આવી ગઈ, પછી અલ્પ સમયે સ્વસ્થ થઈ સીતાએ સેનાનીને કહ્યું કે–

મારો સંદેશો રામને જણાવજો કે–"સગર્ભા અવસ્થામાં માત્ર લોકાપવાદના ભયને ખાતર, ચોક્કસ પ્રકારની ખાતરી કર્યા વગર સીતાનો ત્યાગ કરવો તમને ઘટતો નથી." સેનાની સીતાને વંદન કરી પાછો ચાલ્યો ગયો.

તેવામાં તે નિર્જન પ્રદેશમાં પુંડરીકપુરનો વજ્રજંઘ રાજવી આવી ચઢયો. સીતાને પોતાની બહેન ગણીને સ્વનગરે લઇ ગયો. સીતાએ ત્યાં પુત્રયુગલને જન્મ આપ્યો, જેનાં **લવ ને કુશ** નામ પાડવામાં આવ્યા. રામને સેનાનીએ સીતાનો સંદેશો સંભળાવ્યો. રામને પાછળથી પશ્ચાત્તાપ થયો. તે પ્રદેશમાં પુનઃ તપાસ કરાવી, પણ સીતાનો પત્તો ન મળ્યો એટલે માની લીધું કે–સીતા ભયાનય જંગલમાં હિંસક જનાવરનો ભોગી બની ગઇ હશે.

લવ ને કુશ મહાપરાક્રમી થયા. અચાનક નારદ ત્યાં આવી ચઢયા. તેણે લવ ને કુશને સમગ્ર હકીકત કહી સંભળાવી એટલે લવ ને કુશ સૈન્ય સહિત અયોધ્યા ઉપર ચઢાઈ કરવા ચાલી નીકળ્યા, રામ, લક્ષ્મણ તેમજ લવકુશના સૈન્ય વચ્ચે ભીષણ સંગ્રામ થયો. વાસુદેવ લક્ષ્મણે છેવટે પોતાનું ચક્ર મૂકયું, પરંતુ તે પણ લવ ને કુશને પ્રદક્ષિણા આપીને પાછું ફર્યું. તેવામાં નારદ ત્યાં આવી ચઢયા અને રામ–લક્ષ્મણને સઘળી હકીકતનો ઘટસ્ફોટ કર્યો. રામે આદરપૂર્વક સીતાને નગરમાં આવવા જણાવ્યું. સીતાએ જણાવ્યું કે–મારી શુદ્ધિની ખાત્રી કરાવ્યા સિવાય હું નગરપ્રવેશ નહીં કરું.

સીતાએ પંચદિવ્યો કર્યા અને પોતાની શિયલની શુદ્ધિ જનતા સમક્ષ સાબિત કરી આપી, પોતાના પરનું "કલંક" દૂર કર્યું. ખાઈમાં અંગારા ભરાવ્યા અને તે પરથી નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક પસાર થઈ ગઈ. અંગારા શીતળ જળસદૃશ બની ગયા અને મહાસતી સીતાનું સતીત્વ સાબિત થયું. મહોત્સવપૂર્વક રામે સીતાનો નગરપ્રવેશ કરાવ્યો.

અયોધ્યા નગરીમાં જ્ઞાની શીલચંદ્ર મુનિ પધાર્યા. તેમને વંદન કરી સીતાએ પોતાના પર કલંક શા માટે આવ્યું ? તે સંબંધી પૃચ્છા કરી. મુનિવરે પૂર્વભવ જણાવતાં કહ્યું કે—

શ્રીભૂતિ નામના પુરોહિતને સરસ્વતી નામની પત્નીદ્વારા વેગવતી નામની પુત્રી થઇ હતી. વેગવતી ઇર્ષ્યાખોર હતી. એકદા તેના ગામમાં તપસ્વી મુનિ આવ્યા. લોકો તેની સારી રીતે પર્યુપાસના કરવા લાગ્યા એટલે વેગવતી બોલવા લાગી કે–લોકો કેવા અજાણ છે ? આ મુનિ તો પ્રપંચી છે. મેં તેમને એકાંતમાં સ્ત્રી સાથે ક્રીડા કરતાં જોયાં છે. આવા મુંડિયાની તે પૂજા કરવાની હોય ! આ પ્રમાણે વેગવતી મુનિની નિંદા કરવા લાગી.

આ હકીકત સાંભળી તપસ્વી મુનિએ નિશ્ચય કર્યો કે –જ્યાં સુધી મારા પરનું કલંક દૂર નહીં થાય ત્યાંસુધી અન્ન–જળનો ત્યાગ કરીશ. શાસનદેવીએ વેગવતીના શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરી. વેગવતીથી આ દુઃખ સહન ન થઈ શક્યું. તેને પોતાના અધમાચરણ માટે પશ્ચાત્તાપ થયો અને મુનિવરની ક્ષમા માગી. પછી વેગવતીએ દીક્ષા લઈ ઉગ્ર તપશ્ચર્યા કરી. તેના પ્રભાવથી તું સીતા તરીકે જન્મી પણ મુનિ–કલંકને કારણે તને કલંકની પ્રાપ્તિ થઈ.

સીતાને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો અને તેણે પણ દીક્ષા સ્વીકારી. તેનું યથાર્થ એ રીતે પાલન કરી, કાળ કરી બારમાં દેવલોકે ઇંદ્ર તરીકે ઉપજી.]

આ તપમાં ઉપવાસ એક, બેસણું એક, આંબીલ એક, બેસણું એક, આંબીલ એક, ઉપવાસ એક, આ પ્રમાણે * સીતા તપ કરવાથી કલંક ન આવે, ઉદ્યાપને જ્ઞાનપૂજા કરવી. પ્રભુ પાસે મોદક નવ ઢોકવા. ગુરુના નવ અંગની પૂજા કરવી. "નમો અરિહંતાણં" પદની વીશ નવકારવાળી ગણવી સાથીયા બાર બાર કરવા.

## ૧૦૦ ઋષભનાથજી કંઠુલા (હાર) તપ. (પ્ર.નં.ડ)

શ્રી ઋષભનાથજીના હાર જેવો તપ હોવાથી ઋષભ-

* આ તપમાં કોઈ ૯ દિન પણ કહે છે, પરંતુ પં. શ્રી ગંભીરવિજયજીવાળી ભાષાની પ્રતિમાં ૬ હતા. કદાચ ઓળીઓ પડી હોય તો જ્ઞાની જાણે.

કાંતુલા તપ કહેવાય છે. તે તપમાં પ્રથમ બે ઉપવાસ પછી એકાસણું, પછી સાત ઉપવાસ એકાસણાને આંતરે કરવા. પછી એક અઠ્ઠમ (ત્રણ લાગઠ ઉપવાસ) પછી એકાસણું, પછી એકાંતરે સાત ઉપવાસ એકાસણાવાળા કરવા, પછી એક છઠ્ઠ (બે ઉપવાસ) કરવો, પછી એકાસણું કરવું. આવી રીતે કુલ દિન ૩૮ થાય. આ તપના ઉદ્યાપનમાં શ્રી ઋષભદેવજીને મોતીનો હાર ચઢાવવો. ગરણું "શ્રી ઋષભનાથાય નમઃ" નવકારવાળી ૨૦, સાથીયા, ખમાસમણ વિગેરે ૧૨-૧૨ જાણવા.

## ૧૦૧. મૌન એકાદશી તપ

[બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવંતને શ્રીકૃષ્ણ વાસુદેવે એકદા પૃચ્છા કરી કે-હે ભગવંત! વર્ષમાં ઉત્તમ દિવને કયો ? હું સંયમ લઈ શકું તેમ નથી તેમજ બીજા વ્રત-અનુષ્ઠાન આચરી શકું તેમ નથી તો કૃપા કરીને એક એવો દિવસ દર્શાવો, જેના આરાધનથી હું કૃતકૃત્ય થઈ શકું.

ભગવંતશ્રી નેમિનાથે શ્રી કૃષ્ણને જણાવ્યું કે-માગશર શુદિ અગિયારશ-મૌન એકાદશીનો દિવસ સર્વોત્તમ છે. તે દિવસે મૌનનું પાલન કરવું અને ઉપવાસ સહિત પૌષધ વ્રત ગ્રહણ કરી, ધર્માચરણ કરવું. તે દિવસે જિનેશ્વર ભગવંતોના દોઢસો કલ્યાણકો થયા છે, તેથી તે દિવસની તુલના થઇ શકે તેમ નથી.

વર્તમાન ચોવીશીના અઢારમા શ્રી અરનાથ ભગવંતની દીક્ષા, ઓગણીસમા શ્રી મલ્લિનાથ ભગવંતના જન્મ, દીક્ષા ને કેવળ તેમજ એકવીસમા શ્રી નેમિનાથ ભગવંતને કેવળ –આ પ્રમાણે પાંચ કલ્યાણકો તે દિવસે થયેલા છે. આવી જ રીતે પાંચ ભરત અને પાંચ ઐરવત દશ ક્ષેત્રને વિષે પાંચ પાંચ કલ્યાણક થયા છે એટલે ૫૦ કલ્યાણકો થયા. તે પ્રમાણે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળની ગણત્રીએ દોઢસો કલ્યાણક થાય છે. નેવું તીર્થંકરના દોઢસો કલ્યાણકો આ જ પુનિત દિવસે થતાં હોવાથી આ દિવસનું માહાત્મ્ય અપૂર્વ છે.

ભગવંતના મુખથી આ દિવસનું માહાત્મ્ય સાંભળી કૃષ્ણે પુનઃ પ્રશ્ન કર્યો કે–હે ભગવંત ! આ મૌન એકાદશીના આરાધનથી કોને કેવી ઋદ્ધિ–સિદ્ધિની પ્રાપ્તિ થઇ તે આપ જણાવો. શ્રી નેમિનાથ ભગવંતે આ સંબંધી સુવ્રત શ્રેષ્ઠીની કથા વર્ણવતાં કહ્યું કે—

ધાતકીખંડના ઈક્ષુકાર પર્વતની દક્ષિણ દિશામાં વિજય નામના નગરને વિષે પૃથ્વીપાળ રાજાને ચંદ્રાવતી નામની રાણી હતી. તે નગરમાં **સુર** નામનો શ્રેષ્ઠી હતો, જેને જૈન ધર્મને વિષે અતિશય અનુરાગ હતો. તે જિનભક્તિમાં અનુ-રક્ત હતો, અઢળક સંપત્તિનો માલિક હતો અને સંસારમાં જે કંઈ સુખ કહેવાય તે સર્વ પ્રકારે સુખી હતો.

એકદા રાત્રિને વિષે સૂર શ્રેષ્ઠીને વિચાર ઉદ્ભવ્યો કે–મારી પાસે અઢળક ધન–સંપત્તિ છે, તો ગુરુમહારાજને

પૂછી તેનો સદુપયોગ કરું. ગુરુદેવે તેમને મૌન એકાદશીનું આરાધન કરવા સૂચન કર્યું. ગુરુએ દર્શાવેલ વિધિ પ્રમાણે તેમણે અગિયાર વર્ષ ને અગિયાર માસ પર્યંત મૌન એકાદશીનું રૂડી રીતે આરાધન કર્યું. પ્રાંતે સારું ઉજમણું પણ કર્યું અને પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. છેવટે શુભ ભાવમાં મૃત્યુ પામી અગિયારમા આરણ નામના દેવલોકે એકવીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

શૌર્યપુર નગરીમાં સમૃદ્ધિદત્ત નામના કુલીન શ્રેષ્ઠીને પ્રીતિમતી નામની પત્ની હતી. તેની કૂક્ષીમાં સૂરશ્રેષ્ઠીનો જીવ દેવલોકથી ચ્યવીને ઉપજ્યો. ગર્ભના પ્રભાવથી પ્રીતિમતીને સારાં–સારાં વ્રતો કરવાના દોહદો થવા લાગ્યા. જન્મસમયે નાળ દાટતાં અઢળક ધનની પ્રાપ્તિ થઈ. નામાભિધાન સમયે, તેમનું સુવ્રત એવું યથાર્થ નામ રાખવામાં આવ્યું.

બાળવયમાં સારો વિદ્યાભ્યાસ કર્યો. યૌવનાવસ્થામાં માત–પિતાએ અગિયાર સદ્ગુણી કન્યા સાથે વિવાહમહોત્સવ કર્યો. સુવ્રત શ્રેષ્ઠીએ સર્વ વ્યાવહારિક બોજો ઉપાડી લીધો એટલે સમૃદ્ધિદત્ત શ્રેષ્ઠીએ દીક્ષા લઈ, સ્વહિત સાધી, દેવગતિ પ્રાપ્ત કરી.

પૂર્વભવના મૌન એકાદશીના ઉત્તમ આરાધનથી સુવ્રત શ્રેષ્ઠીને અગિયાર પત્નીઓ પ્રાપ્ત થવા ઉપરાંત અગિયાર ક્રોડ સૌનૈયા તેમજ અગિયાર પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. ધીમે ધીમે તેમની સુવાસ ને કીર્તિ પ્રસરવા લાગી. સુવ્રત શ્રેષ્ઠી

પણ મળેલી લક્ષ્મીનો છૂટે હાથે સદ્‌વ્યય કરવા લાગ્યા. વ્યવહારમાં પણ ટેક જાળવવા લાગ્યા એટલે "સત્યવાદી" તરીકે પણ તેમની નામના પ્રસરી. રાજાએ તેમનું બહુમાન કરી "નગરશેઠ"ની પદવીની નવાજેશ કરી.

એકદા તે નગરમાં શ્રી ધર્મઘોષ નામના સૂરિપુંગવ પધાર્યા. તેમની પાસે મૌન એકાદશીનું માહાત્મ્ય સાંભળતાં સાંભળતાં સુવ્રત શ્રેષ્ઠીને મૂર્ચ્છા આવી ગઇ. મૂર્ચ્છા વળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વભવમાં પોતે કરેલ મૌન એકાદશીનું આરાધન નજર સામે તરવરવા લાગ્યું.

અમૂલ્ય રત્નની કિંમત સમજાય, પછી તેનું કેટલી કાળજીપૂર્વક જતન કરવામાં આવે છે? મૌન એકાદશીના આરાધનથી જ આ બધી સુખ-સાહ્યબી ને કીર્તિ-પ્રશંસા પ્રાપ્ત થયેલ તે જાણ્યા પછી તો સુવ્રત શ્રેષ્ઠીએ સહકુટુંબ મૌન એકાદશીની ઉત્કૃષ્ટ રીતે આરાધના શરૂ કરી. રાત્રિ-દિવસનો પૌષધ ગ્રહણ કરી, મૌન પાળી ધર્માચરણ કરવા લાગ્યાં.

સુવ્રત શ્રેષ્ઠીના મૌન એકાદશીના આરાધનથી લોકો પર પણ સુંદર છાપ પડી. લોકો પણ મૌન એકાદશીનું સારી રીતે આરાધન કરવા લાગ્યા. ખરેખર કહ્યું છે કે-
गतानुगतिको लोकः ।

એકદા ચોરલોકોએ રાત્રિના સમયે સુવ્રત શ્રેષ્ઠીની હવેલીમાં પ્રવેશ કર્યો. ચોર લોકોએ વિચાર્યું કે-ઘરના બધા માણસો પૌષધમાં છે અને મૌન સ્વીકારેલ છે એટલે આપણને

પકડાઈ જવાનો કશો ભય નથી. તેઓએ હવેલીની સાર-સાર વસ્તુઓના પોટલા બાંધ્યા, શેઠ ચોરોને જુએ છે, આભૂ-ષણોના પોટલા બાંધતા પણ નીહાળે છે, છતાં મનમાં અંશ-માત્ર દ્વિધાભાવ ન લાવતાં ધર્મક્રિયામાં જ મગ્ન રહે છે.

ચોરો મીલ્કત લઇને હવેલી બહાર નીકળતાં જ ઓચીંતા ઓસરી પર ચોંટી ગયા : ન હલે કે ચલે. જાણે કોઈએ સ્તંભિત કરી દીધા હોય તેમ ચિત્રમાં આલેખેલ પૂતળાની માફક, માથે પોટલાં રહી ગયા છે તેવી સ્થિતિમાં સ્થિર થઇ ગયા. પ્રાતઃકાળ થતાં જ શેઠે પૌષધ પાર્યો. સર્વ જિનમંદિર દર્શન કરવા ચાલ્યા ગયા. આ બાજુ ચોરોને વિચિત્ર સ્થિતિમાં જોતાં જ નગરજનોએ કોલાહલ કરી મૂકયો. કોટવાળ વિગેરે ચોકીદારો પણ આવી પહોંચ્યા. તેઓ પણ શેઠની હવેલી પાસે આવતાં જ જાણે સ્તંભિત થઈ ગયા.

શેઠ પોતાનું જિનમંદિર–દર્શનાદિ કાર્ય પતાવી હવેલીએ આવ્યા. આ બાજુ રાજા પણ આવો બનાવ સાંભળી શેઠની હવેલીએ આવ્યા. શેઠે રાજાનું બહુમાન કર્યું એટલે રાજાએ વરદાન માગવા જણાવ્યું. સુવ્રત શેઠે ચોરોને જીવિતદાન આપવાનું માગી લીધું.

શાસનદેવીએ ચોરોને મુક્ત કર્યા. ચોરો પણ આ બનાવથી ઘણા જ શરમાઇ ગયા. હજારો ઉપદેશ જે કામ ન કરી શકત તે કામ આ એક જ પ્રસંગે કર્યું. ચોર લોકોએ ત્યારથી જીવનપર્યંત ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

મૌનએકાદશીને દિવસે સુવ્રત શેઠ, પત્નીઓ અને પુત્રો સર્વ પૌષધ ગ્રહણ કરી ધર્માચરણ કરે છે તેવામાં રાત્રિના સમયે નગરમાં ભયંકર આગ પ્રગટી નીકળી. આગ ફેલાતાં ફેલાતાં નગરમાં પ્રસરી ગઈ. જોતજોતામાં આગ શેઠની હવેલી પાસે પણ આવી પહોંચી. લોકો હાંફળાફાંફળા બની ગયા. સર્વ વસ્તુઓ લઈ લોકો ઘર બહાર નીકળી ગયા. શેઠને ચેતવણી આપવા માટે નગરજનોએ તેમની હવેલીમાં પ્રવેશ કરી ભયાનક આગના સમાચાર આપ્યા. કોઈકે વળી આવા અકસ્માત્ સમયે આગાર–છૂટની હકીકત પણ દર્શાવી; છતાં મક્કમ મનનાં શેઠને કંઇ પણ અસર થઈ નહી. તેઓએ પોતાના વ્રત–પાલનમાં અડગ રહેવાનો નિર્ણય કર્યો.

દૈવયોગે બન્યું પણ તેમજ. શેઠની હવેલી આસપાસનો પ્રદેશ આગમાં ભસ્મીભૂત થઈ ગયો, પણ શેઠની હવેલી સુરક્ષિત રહી. અગિયાર વર્ષ ને અગિયાર માસનું આરાધન પૂર્ણ થતાં સુવ્રતશ્રેષ્ઠીએ મૌન એકાદશીનું ભવ્ય રીતે ઉજમણું કર્યું.

શ્રી ગુણસુંદરસૂરિજીનો યોગ પ્રાપ્ત થતાં તેમની પાસે સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી. તેમની સ્ત્રીઓ સારી રીતે સંયમ પાળી, કર્મનિર્જરા કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ લક્ષ્મીને વરી.

એકદા એક વ્યંતરદેવને સુવ્રતમુનિના સત્ત્વની પરીક્ષા કરવાનું મન થયું. મૌન એકાદશીને દિવસે તેણે એક મુનિ-

વરના દેહમાં પ્રવેશ કર્યો અને કાનની પીડા ઉત્પન્ન કરી. કાનની પીડાથી અકળાતા અકળાતા તે મુનિવર સુવ્રત સાધુ પાસે પહોંચ્યા અને કોઈ પણ હિસાબે દવા લાવવાની વિજ્ઞપ્તિ કરી. સુવ્રત સાધુને મૌન એકાદશીને કારણે "મૌન" હતું એટલે તેમણે કશો પણ પ્રત્યુત્તર ન આપ્યો. એટલે આવેશમાં આવી જઈ તે મુનિએ સુવ્રતમુનિને રજોહરણનો માથામાં પ્રહાર કર્યો, છતાં સુવ્રત સાધુ પોતાના નિયમમાં નિશ્ચલ રહ્યા. એટલે બીજા પણ કેટલાક ઉપસર્ગો કર્યાં છતાં સત્ત્વશાળી સુવ્રત મુનિવર પર તેની કશી અસર ન થઈ એટલે તે મિથ્યાત્વી દેવ તેમની માફી માગી ચાલ્યો ગયો.

સુવ્રત સાધુએ ત્યારબાદ ઘાતી કર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પ્રાંતે અદ્ભુત શિવલક્ષ્મીને પ્રાપ્ત કરી.

શ્રી નેમિનાથ ભગવંતના મુખથી મૌન એકાદશીનું માહાત્મ્ય અને સુવ્રત શ્રેષ્ઠીની હકીકત સાંભળી શ્રી કૃષ્ણ વાસુદેવે પણ મૌન એકાદશીના આરાધન માટે નિયમ ગ્રહણ કર્યો.

આપણા લૌકિક વ્યવહારમાં પણ "મૌન"નું માહાત્મ્ય ઘણું છે, 'सबसे बडी चूप' "ગાજ્યા મેહ વરસે નહિ" "ભસ્યા કૂતરા કરડે નહિ" "બહુ બોલે તે બાંઠો" "मौनं सर्वार्थ साधनम्" આ બધી લોકોક્તિઓ "મૌન"નું મહત્ત્વ દર્શાવે છે.

"મૌન" માં અચિન્ત્ય શક્તિ છે. આજનો આધુનિક

યુગ–"બોલવાનો યુગ' મનાઇ રહ્યો છે પણ જે સૂક્ષ્મ દૃષ્ટિથી જેમ તેમ બોલવાના લાભાલાભ વિચારશે તેને "મૌન"નું માહાત્મ્ય સમજાયા સિવાય નહીં રહે.

આપણામાં ઘણું જ પ્રચલિત સુભાષિત છે કે–गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु च्छिन्नसंशयाः । શિષ્યને શંકા ઉદ્ભવે, ગુરુ પાસે જાય અને ગુરુ પાસે જતાં જ તેઓના સંશયનો નાશ થઇ જાય. આવો પ્રતાપ ગુરુના "મૌન"માં હતો.]

આ તપ માગશર શુદ્ધ અગિયારશે શરૂ કરવો. તે દિવસે ઉપવાસ કરવો. એ રીતે અગિયાર વરસની માગશર શુદી અગિયારશ કરવી અથવા અગિયાર માસની અગિયાર શુક્લ એકાદશી કરવી. અગિયાર વરસ સુધી દરેક માસની શુદ અગિયારશ કરવી. અથવા દર વરસની મૌન અગિયારશ જાવજજીવ કરવી. (કુલ ચાર પ્રકાર છે.) "શ્રીમલ્લિનાથ-સર્વજ્ઞાય નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી તથા મૌનએકાદશીને દિવસે દોઢસો કલ્યાણકની એક એક નવ-કારવાળી ગણવી. સાથીયા વિગેરે ૧૧–૧૧ કરવા.

## ૧૦૨. કંઠાભરણ તપ. (સિદ્ધિવધૂ કંઠાભરણ) (જૈ.પ્ર.)

આ તપમાં પ્રથમ એક છઠ્ઠ કરવો. પછી પારણું, પછી એક ઉપવાસ કરી પારણું, પછી અઠ્ઠમ કરી પારણું, પછી ઉપવાસ કરીને પારણું, પછી છઠ્ઠ કરવો. એ રીતે તપના નવ દિવસ થાય તથા પારણાના દિવસ પાંચ થાય.

બન્ને મળી ૧૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે. "નમો સિદ્ધાણં" એ પદનું ગરણું વીશ નવકારવાળી ગણવું. સાથીયા વિગેરે આઠ આઠ કરવા. ઉદ્યાપનમાં નવ મુક્તાફળ મૂકી જ્ઞાનભક્તિ કરવી.

## બીજી રીત (પ્રત નં. ૬)

અથવા પ્રથમ એક છઠ્ઠ કરવો, પછી પારણું કરવું. પછી એકાંતર પારણાવાળા સાત ઉપવાસ કરવા, પછી એક અઠ્ઠમ કરવો. પછી પારણું કરી સાત ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. પછી છેવટ એક છઠ્ઠ કરવો. એ રીતે એકવીશ ઉપવાસ અને સોળ પારણાંએ આ તપ પૂર્ણ થાય છે. બીજું સર્વ ઉપર પ્રમાણે જાણવું.

## ૧૦૩ ક્ષીરસમુદ્ર તપ

[ મનુષ્યક્ષેત્રનું જે પ્રમાણ અઢી દ્વીપનું ગણાય છે તેની બહાર આ ક્ષીરસમુદ્ર આવેલો છે. તીર્ચ્છાલોકમાં જે અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલાં છે તે પૈકી ક્ષીરવર સમુદ્ર પાંચમો છે. જંબુદ્વીપની ફરતો (૧) લવણ સમુદ્ર, ધાતકીખંડ ફરતો (૨) કાળોદધિ, પુષ્કરદ્વીપ ફરતો (૩) પુષ્કરવર સમુદ્ર, વારુણીવર દ્વીપ ફરતો (૪) વારુણીવર સમુદ્ર અને ક્ષીરવર દ્વીપ ફરતો (૫) ક્ષીરવર સમુદ્ર આવેલ છે.

આ સમુદ્રનું પાણી ક્ષીર-દૂધ જેવા વર્ણવાળું હોવાથી તેને ક્ષીરસાગર કહેવામાં આવે છે. આ પાણી ક્ષીર જેવા

વર્ણવાળું છે પણ દૂધ સમાન નથી. ચાર શેર દૂધ ઉકાળીને ત્રણ શેર જેટલું બાળી નાખી જે એક શેર બાકી રહે તેમાં શર્કરા નાખતાં જેવો સ્વાદ આવે તેવી મીઠાશવાળું આ પાણી છે. સામાન્ય રીતે કહીએ તો એમ કહી શકાય કે-ચક્રવર્તીની ગાયના દૂધ કરતાં પણ અધિક મીઠાશવાળું આ પાણી છે અને તેથી જ દેવાધિદેવ તીર્થંકર ભગવંતના જન્માભિષેક સમયે આ પવિત્ર પાણી વપરાય છે.

દ્વીપ-સમુદ્રો વજ્રમય જગતીથી રક્ષિત છે. તે જગતી મૂળમાં બાર યોજન, મધ્યભાગે આઠ યોજન અને શિખર પર ચાર યોજન પહોળી હોય છે. એકંદરે આઠ યોજન ઊંચી હોય છે. આ જગતી ઉપર વિવિધ જાતિના રત્નોથી સુશોભિત પદ્મવર વેદિકા બે ગાઉ ઊંચી અને ૫૦૦ ધનુષ્યના વિસ્તારવાળી હોય છે. તે વેદિકાની બંને બાજુ મનોહર અને રમ્ય વનપ્રદેશો આવેલાં છે, જે વનખંડોમાં વ્યંતર દેવ-દેવીઓ વિવિધ પ્રકારની ક્રીડા કરે છે.

આ જગતીના મધ્ય ભાગમાં ચારે બાજુ ફરતા વેદિકાના પ્રમાણવાળા ઝરુખા હોય છે. તે ઝરુખામાં બેસીને વ્યંતર દેવ-દેવીઓ સમુદ્રની લહરીઓ અને વિવિધ દૃશ્યો જોઈ આનંદ પામે છે.

આ ક્ષીરસાગરના પાણી જેવી મીઠાશ આપણામાં આવે તે માટે આ "ક્ષીરસમુદ્ર"નો તપ કરવામાં આવે છે. બહેનોમાં આ તપ વિશેષ પ્રચલિત છે અને પ્રાયઃ પર્યુષણના દિવસોમાં આ તપ વિશેષે કરીને કરવામાં આવે છે. ]

આ તપમાં સાત ઉપવાસ નિરંતર કરી પારણે ગુરુને ક્ષીર વહોરાવી માત્ર ક્ષીરવડે એકાસણું કરવું. ઠામ ચોવિહાર કરવો. ઉદ્યાપને ખીર, ખાંડ અને ઘૃતથી ભરેલો થાળ દેવ પાસે ઢોકવો. ગુરુને દાન દેવું. સંઘવાત્સલ્ય, જ્ઞાનપૂજા કરવી.

## બીજી રીત (જૈ. પ્ર. જૈ. સિં. વિગેરેમાં)

આ તપ શ્રાવણ માસમાં કરવો. પર્યુષણા પહેલાં તેનો આરંભ કરવો. તેમાં આઠ એકાસણા ઉપર એક ઉપવાસ કરવો. ઉદ્યાપન ઉપર પ્રમાણે. "ક્ષીરવરસમસમ્યગ્દર્શનધરાય નમઃ" એ પદનું ગરણું નવકારવાળી વીશનું ગણવું. સાથીયા વિગેરે સાત સાત કરવા. (આ બીજી રીત પ્રચલિત નથી.)

## ૧૦૪. કોટિશિલા તપ. (વ્રત નં. ૬.)

કોટિશિલા ઉપર છ તીર્થંકરના ગણધરો વિગેરે સાધુઓ મોક્ષે ગયા છે. તેમને ઉદ્દેશીને આ તપ કરવાનો છે. તેમાં શ્રી શાંતિનાથજીના શાસનમાં ચક્રાયુધ આદિ સંખ્યાતા સાધુઓ મોક્ષે ગયા, માટે તેમને ઉદ્દેશીને પ્રથમ એક ઉપવાસ કરવો. પછી આઠ એકાસણાં કરવાં, પછી એક ઉપવાસ કરી પારણે એકાસણું કરવું. સર્વ મળી દિન અગ્યારે આ તપ પૂરો થાય છે. પછી શ્રી કુંથુનાથસ્વામીના શાસનમાં પણ સંખ્યાતા મુનિઓ સિદ્ધ થયા છે, તેથી તેમને આશ્રયીને પણ ઉપર પ્રમાણેજ અગિયાર દિવસનો

તપ કરવો. પછી અરનાથસ્વામીના વારામાં બાર કરોડ મુનિઓ સિદ્ધિપદને પામ્યા છે, તેથી તેમને આશ્રયીને પ્રથમ એક ઉપવાસ કરીને પછી દશ એકાસણાં કરવાં, પછી એક છેલ્લો ઉપવાસ કરી પારણે એકાસણું કરવું. તેથી પારણા સહિત તેર દિવસે આ તપ પૂરો થાય છે. શ્રી મલ્લિનાથજીના વારામાં છ કરોડ મુનિઓ મોક્ષે ગયા તેથી તેમને આશ્રયીને પહેલો ઉપવાસ, પછી ચાર એકાસણાં, પછી એક ઉપવાસ કરીને પારણે એકાસણું કરવું. કુલ સાત દિવસે આ તપ પૂરો થાય છે. શ્રી મુનિસુવ્રતસ્વામીના વારામાં ત્રણ કરોડ મુનિઓ સિદ્ધિપદ પામ્યા છે, તેથી તેમને આશ્રયીને પ્રથમ ઉપવાસ, પછી એકાસણું અને પછી ઉપવાસ કરી પારણે એકાસણું કરવું. એમ કુલ ચાર દિવસે આ તપ પૂર્ણ થાય છે. શ્રી નમિનાથજીના વારામાં એક કરોડ મુનિ સિદ્ધ થયા, તેથી તેમને આશ્રયીને એક ઉપવાસ કરવો. પારણે એકાસણું કરવું

ઉદ્યાપને દેવ પાસે દશ સાથીયા અક્ષતના કરવા. દશ દીવા ઘીના મૂકવા, દશ પુષ્પમાળા પ્રભુના કંઠમાં પહેરાવવી, અષ્ટપ્રકારી પૂજા ભણાવવી. તંડુલ (ચોખા) સવાશેર પ્રભુ પાસે ઢોકવા. "ૐ હ્રીં નમો સિદ્ધાણં" એ પદનું ગરણું, નવકારવાળી વીશનું ગણવું. દશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, પ્રદક્ષિણા દશ, ખમાસમણાં દશ દેવા, જયવીયરાય પર્યંત ચૈત્યવંદન કરવું. ખમાસમણ આ પ્રમાણે દેવા.

શ્રી શાંતિનાથ જિનતણા, ચક્રાયુધ ગણધાર;
કોટિશિલાએ શિવ લહ્યા, પ્રણમું પ્રાતઃ ઉદાર. ૧

ચોવીશ જુગના સહુ મલી, સાધુ સંખ્યાતી કોડ;
એણી તીરથે મુક્તે ગયા, વંદું બે કર જોડ. ૨

મહાતીરથ સિદ્ધાંતમાં, ભાખે શ્રી જગભાણ;
તન મન વચને સેવતાં, લહીએ શિવપુર ઠામ. ૩

દશાર્ણ દેશે કેઈ કહે, કેઈક સિંધુ મજાર;
કોટિશિલા તીરથ તિહાં, પ્રણમું વારંવાર. ૪

એક જીવ જિહાં શિવ લહે. તીરથ કહીએ તેહ;
અસંખ્ય મુનિ જિહાં શિવ લહે, કિમ નવિ કહીએ એહ ? ૫

પુષ્પ દીપ નૈવેદ્યથી, જે પૂજે જિનરાજ;
અક્ષત ફલ આગળ ધરે, સીઝે વંછિત કાજ. ૬

## ૧૦૫. પાંચ પચ્ચખ્ખાણ તપ (ઓળી) (ટી.)

આ તપમાં પહેલે દિવસે ઉપવાસ, બીજે દિવસે બેસણું, ત્રીજે દિવસે એકાસણું, ચોથે દિવસે નીવી, પાંચમે દિવસે આંબીલ એ પ્રમાણે પાંચ દિવસે એક ઓળી થઈ. એવી પાંચ ઓળી કરવી. ગરણું "નમો સિદ્ધાણ" એ પદનું વીશ નવકારવાળીનું ગણવું. સાથીયા વિગેરે આઠ આઠ કરવા.

## ૧૦૬. ગૌતમકમળ તપ

[ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીનું સંક્ષિપ્ત વૃત્તાંત વીર ગણધર તપ નં. ૩૮માં આ જ પુસ્તકમાં તેમ જ ગૌતમ-પડઘો તપ નં. ૭૮માં વર્ણવાઈ ગયું છે. ]

આ તપમાં એકાંતર ઉપવાસ નવ કરવા. ઉદ્યાપને ગૌતમ-સ્વામીની પૂજાપૂર્વક સુવર્ણનું કમળ કરાવીને ઢોકવું. બીજી સર્વ વસ્તુ પક્વાન્ન, ફળ વિગેરે શક્તિ પ્રમાણે ઢોકવા. "શ્રી ગૌતમસ્વામિસર્વજ્ઞાય નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે સત્તાવીશ કરવા.

## ૧૦૭. ઘડીયાં બે ઘડીયાં તપ (લા.)

આ તપમાં પ્રથમ ચાર દિવસ સુધી ૦। ઘડીયું કરવું. એટલે કે પા ઘડીમાં ( ૭ મિનિટમાં ) ભોજન કરી લેવું. પછી આઠ દિવસ સુધી અર્ધા ઘડીયાં કરવાં એટલે અર્ધી ઘડીમાં ( ૧૨ મિનિટમાં ) જમી લેવું. પછી સોળ દિવસ સુધી એક ઘડીયું કરવું, એટલે એક ઘડીમાં (૨૪ મિનિટમાં) જમી લેવું. પછી બત્રીશ દિવસ સુધી બે ઘડીયાં કરવાં, એટલે ૪૮ મિનિટમાં જમી લેવું. આ પ્રમાણે બે માસે આ તપ પૂર્ણ થાય છે. હમેશાં એકાસણાનું પચ્ચક્ખાણ કરવું. ઠામ ચોવિહાર કરવો. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૦૮. પીસ્તાલીશ આગમ તપ
### (પંન્યાસ ક.જીની તપાવલિ)

[ સૂર્યનો અસ્ત થતાં પ્રકાશ માટે જેમ દીપક પ્રગટાવવામાં આવે છે તેમ કેવળજ્ઞાનરૂપી સૂર્ય અસ્ત પામતા પાંચમા આરામાં આગમરૂપ દીપકનો ઉદ્યોત સ્વ–પર ઉપકારક છે.

શ્રી વીર પરમાત્માના અગિયાર ગણધરો પૈકી પાંચમા શ્રી સુધર્માસ્વામીએ પણ દ્વાદશાંગીની રચના કરી હતી, જે અત્યારે પ્રચલિત છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીએ જેને અર્થરૂપે વર્ણવ્યાં હતાં એવા આગમો અનેક હતા, પરન્તુ અવસર્પિણી કાળના વશવર્તીપણાથી અત્યારે પીસ્તાલીશ આગમ રૂઢ છે. પીસ્તાલીશ આગમની સંખ્યાનો પ્રકાર નીચે પ્રમાણે છે.

અગિયાર અંગ, બાર ઉપાંગ, દશ પયન્ના, છ છેદસૂત્ર, ચાર મૂળસૂત્ર, તેમ જ નંદીસૂત્ર અને અનુયોગદ્વારસૂત્ર.

પીસ્તાલીશે આગમનું વર્ણન આલેખતાં વિશેષ પ્રમાણ થઇ જાય પરન્તુ સામાન્ય સમજ માટે તેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે.

### અગિયાર અંગ

**૧. આચારાંગ**–શ્રાવકો તેમજ મુનિઓના આચારનું વર્ણન છે. ખાસ કરીને પાંચ પ્રકારના જ્ઞાનાચારાદિનું વર્ણન છે. આ સૂત્રના બે શ્રુતસ્કંધ (મુખ્ય વિભાગ) છે અને

પચ્ચીશ અધ્યયનો છે. પદ સંખ્યા ૧૮૦૦૦ અઢાર હજાર છે. પદના પ્રમાણુ સંબંધી મતમતાંતર પ્રવર્તે છે. સેનપ્રશ્નમાં ત્રીજા ઉલ્લાસના ૮૨ મા પ્રશ્નોત્તરમાં શ્રીવિજયસેનસૂરિ મહારાજે જણાવેલ છે કે–૫૧૦૮૮૪૬૨૧॥ શ્લોકનું એક પદ થાય. શ્રી કર્મગ્રન્થવૃત્તિ તેમજ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ૫૧૦૮૮૬૮૪૦ શ્લોક તેમજ ૨૮ અક્ષરપ્રમાણને એક પદ–પ્રમાણ જણાવેલ છે.

૨. **સૂત્રકૃતાંગ**–જીવાદિક અનેક વિચારોનું વર્ણન છે. અધ્યયન ત્રેવીશ છે. પદ પહેલાં સૂત્ર કરતાં બમણા એટલે ૩૬૦૦૦ હજાર છે.

સૂત્રકૃતાંગના બારમા અધ્યયનમાં ૩૬૩ પાખંડીઓનું વર્ણન છે તેના પ્રકારો આ પ્રમાણે સમજવા. **૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨ વિનયવાદી.**

**ક્રિયાવાદીના ૧૮૦ ભેદ આ પ્રમાણે**–જીવાદિ નવ પદાર્થને સ્વતઃ પરતઃ બે ભેદે ગુણતાં ૧૮, તેને નિત્ય અને અનિત્ય બે ભેદે ગુણતાં ૩૬, તેને કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા એ પાંચ ભેદે ગુણતાં ૧૮૦ ભેદ થયા.

**અક્રિયાવાદના ૮૪ ભેદ**–જીવાદિ સાત પદાર્થને સ્વતઃ ને પરતઃ બે ભેદે ગુણતાં ૧૪ ભેદ થયા. તેને કાળ, યદચ્છા, નિયતિ, સ્વભાવ, ઈશ્વર અને આત્મા એ છ પ્રકારે ગુણતાં ૮૪ ભેદ થયા.

**અજ્ઞાનવાદીના ૬૭ ભેદ**–જીવાદિ નવ પદાર્થને સત્, અસત્, સદસત્, અવક્તવ્ય, સદવક્તવ્ય, અસદવક્તવ્ય અને સદસદવક્તવ્ય એમ સપ્તભંગીવડે ગુણતાં ૬૩ ભેદ થયા. તેમાં નીચે પ્રમાણે ચાર ભેદ ઉમેરતાં ૬૭ થાય. (૧) છતી ભાવોત્પત્તિ કોણ જાણે છે ? (૨) અછતી ભાવોત્પત્તિ કોણ જાણે છે ? (૩) છતી અછતી ભાવોત્પત્તિ કોણ જાણે છે ? અને (૪) અવક્તવ્ય ભાવોત્પત્તિ કોણ જાણે છે ?

**વિનયવાદીના ૩૨ ભેદ**–૧ સુર, ૨ રાજા, ૩ યતિ, ૪ જ્ઞાની, ૫ સ્થવિર, ૬ અધમ, ૭ માતા અને ૮ પિતા એ આઠનો મન, વચન, કાયા અને દાનથી–એમ ચાર પ્રકારે વિનય કરવાથી બત્રીશ ભેદ થાય.

**૩. સ્થાનાંગ**–શ્રુતસ્કંધ એક જ છે, અધ્યયનો દશ છે. દરેક અધ્યયનમાં એક, બે, ત્રણ એમ ચડતી સંખ્યાવાળી વસ્તુઓનો વિચાર દર્શાવવામાં આવ્યો છે.

**૪. સમવાયાંગ**–શ્રુતસ્કંધ છે અને સમવાય સો છે. એકથી ચડતાં ચડતાં સો સુધીની સંખ્યાવાળી વસ્તુઓનો વિચાર છે.

**૫. ભગવતીજી**–એકતાલીશ શતક છે અને દશ હજાર ઉદ્દેશા છે. શ્રી વીરપરમાત્માને શ્રી ગૌતમસ્વામી ગણધરે પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરો છે. દરેક પ્રશ્નોત્તરે એક સોનામહોર મૂકીને સંગ્રામ સોનીએ આ સૂત્ર સાંભળ્યું હતું.

**૬. જ્ઞાતાધર્મ કથા**–આ સૂત્રમાં ઓગણીશ અધ્યયનો છે અને બે શ્રુતસ્કંધ છે. આમાં કથાઓનો સંગ્રહ છે. કહેવાય

છે કે આ સૂત્રમાં સાડાત્રણ કરોડ કથાઓ વર્ણવવામાં આવેલ. અત્યારે તેટલી સંખ્યાની કથાઓ ઉપલબ્ધ થતી નથી.

૭. **ઉપાસકદશાંગ**–ભગવંત મહાવીરના આણંદ, કામદેવાદિ દશ શ્રાવકોનો અધિકાર છે.

૮. **અંતગડદશાંગ**–આ સૂત્રમાં આઠ વર્ગ છે. જેઓ અંતકૃત્ કેવળી થઇને મોક્ષને પ્રાપ્ત થયેલા છે તેમનો અધિકાર છે.

૯. **અનુત્તરોવવાઈ**–આ સૂત્રમાં ત્રણ વર્ગ છે અને જે મુનિવરો કાળધર્મ પામીને અનુત્તર વિમાનમાં દેવ તરીકે ઉપજ્યા તેમનો અધિકાર છે.

૧૦. **પ્રશ્નવ્યાકરણ**–દશ અધ્યયનો છે. પાંચ આશ્રવ દ્વાર અને પાંચ સંવર દ્વારનું વર્ણન છે.

૧૧. **વિપાકસૂત્ર**–બે શ્રુતસ્કંધ અને વીશ અધ્યયનો છે. પહેલામાં દુઃખનાં વિપાકો અને બીજામાં સુખનાં વિપાકો વર્ણવવામાં આવ્યા છે.

## બાર ઉપાંગ

૧. **ઉવવાઈ**–કોણિક રાજાએ વીર ભગવંતના કરેલા ભવ્ય સામૈયાના વર્ણન ઉપરાંત અંબડના શિષ્યનું વર્ણન અને સિદ્ધભગવંતનું સ્વરૂપ દર્શાવ્યું છે.

૨. **રાયપસેણી**–સૂર્યાભ દેવનો તેમજ તેનો પૂર્વભવ પ્રદેશી રાજાનો અધિકાર છે.

૩. **જીવાભિગમ**–દશ અધ્યયનો છે અને જીવ તેમજ અજીવનો અધિકાર છે.

૪. **પન્નવણા**–૩૬ પદ (વિભાગ) છે.

૫. **જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ**–જંબૂદ્વીપને લગતો વિસ્તૃત અધિકાર છે.

૬. **સૂર્યપ્રજ્ઞપ્તિ**–સૂર્યમંડળ અને ગ્રહોના ચાર–પરિભ્રમણની હકીકત છે.

૭. **ચંદ્રપ્રજ્ઞપ્તિ**–ચંદ્ર તેમજ જ્યોતિષચક્રને લગતું વર્ણન છે.

૮. **નિરયાવલિ**–દેવાદિકનો અધિકાર છે. તેના પાંચ અધ્યયનો છે. તેમાં એક અધ્યયનમાં નરકે જનાર જીવોનું વર્ણન છે. આ ઉપાંગનું બીજું નામ **કપ્પિયા** છે,

૯. **કપ્પવડંસિયા, ૧૦ પુપ્ફિયા, ૧૧ પુપ્ફચુલિયા** અને **૧૨ વહ્નિદશા**–આ દરેકમાં દશ દશ અધ્યયનો છે.

## દશ પયન્ના

શ્રી વીરભગવંતના ચૌદ હજાર મુનિવરોએ ચૌદ હજાર પયન્ના રચ્યા હતા તે સિવાય અન્ય મુનિવરોએ પણ પયન્નાની રચના કરી છે. વર્તમાનકાળે પણ લગભગ ત્રીશેક પયન્ના ઉપલબ્ધ થાય છે તેમાંથી ઘણે ભાગે અંતસમયની આરાધનાને લગતા દશ પયન્નાની પીસ્તાલીશ આગમમાં ગણના કરવામાં આવી છે.

૧. **ચઉસરણ**–પરમાત્માના શરણનો અધિકાર છે. ગાથા ૬૩ છે.

**૨. આઉર પચ્ચક્ખાણ**-ગાથા ૭૦

**૩. ભક્તપરિજ્ઞા**-આહાર, ભય, મૈથુન ને પરિગ્રહ-એ ચાર સંજ્ઞાના ત્યાગરૂપ ગાથા ૧૭૨

**૪. સંથારક**-તેમાં વર્ણવ્યા પ્રમાણે સંથારો સુકોશળ મુનિએ કરેલ. ગાથા ૧૨૩

**૫. તંદુલવેયાલિય**-ગર્ભમાં આવતાં જીવનું સ્વરૂપ વર્ણવ્યું છે. ગાથા ૧૩૯

**૬. ચંદાવિજઝય**-વિનયગુણી ધન્યમુનિનો અધિકાર છે. ગાથા ૧૧૪

**૭. દેવેન્દ્રસ્તુતિ**-સંથારામાં રહેલ મુનિ દેવસ્તુતિ કરે છે. ગાથા ૩૦૭

**૮. મરણસમાધિ**-પરમાત્મા સાથે લયલીન થવાય છે. ગાથા ૬૬૩

**૯. મહાપચ્ચક્ખાણ**-સર્વ પાપને વોસરાવવાનું છે. ગાથા ૧૪૨

**૧૦. ગણિવિજ્જા**-અનેક પ્રકારનાં ભાવો દર્શાવવામાં આવ્યા છે. ગાથા ૮૨

## ૭ છેદસૂત્રો

**૧. નિશીથ**-મુનિરાજની આલોયણ સંબંધી અધિકાર.

**૨. જિનકલ્પ**-ચરણસિત્તરી અને કરણસિત્તરીનું સ્વરૂપ

**૩. પંચકલ્પ**-આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞા-

વ્યવહાર, ધારણાવ્યવહાર ને જિતવ્યવહાર—આ પાંચ પ્રકારના વ્યવહારનું સ્વરૂપ.

૪. **વ્યવહાર**—ઉત્સર્ગ ને અપવાદ માર્ગ.

૫. **દશાશ્રુતસ્કંધ**—મુનિરાજની દશ દશા દર્શાવી અપ્રમાદી રહેવાનો ઉપદેશ.

૬. **મહાનિશીથ**—ઉપધાન વિગેરે આચારની વિધિ.

## ચાર મૂળસૂત્ર

૧. **દશવૈકાલિક**—દશ અધ્યયન છે. શ્રી શય્યંભવ-સૂરિએ પોતાના પુત્ર તેમજ અલ્પાયુવાળા મનકમુનિ માટે પૂર્વમાંથી ઉદ્ધરીને આ સૂત્રની રચના કરી હતી.

૨. **ઉત્તરાધ્યનસૂત્ર**—શ્રી વીર ભગવંતે પોતાના નિર્વાણ સમય પૂર્વે સોળ પહોર પર્યંત અખંડ દેશનાધારાએ જે દેશના આપી છે તે છત્રીશ અધ્યયનરૂપ.

૩. **ઓઘનિર્યુક્તિ**—મુનિરાજનો આચાર વર્ણવવામાં આવ્યો છે.

૪. **આવશ્યક**—છ આવશ્યકને લગતું વર્ણન છે.

## બે સૂત્રો

૧. **અનુયોગદ્વાર**—સાત નય, સપ્તભંગી અને નિક્ષેપાનું વર્ણન.

૨. **નંદી**-મતિ વિગેરે પાંચ જ્ઞાનનો વિસ્તારથી અધિકાર છે.

આ પ્રમાણે સંક્ષિપ્તમાં પીસ્તાલીશ આગમનું સ્વરૂપ સમજવું. જ્ઞાનની કે આગમ ગ્રંથોની કદી પણ આશાતના ન

કરવી. જ્ઞાનની વિરાધના મહાદુઃખદાયક છે. તેના ફળસ્વરૂપે દારિદ્રય, બુદ્ધિહીનતા, હીન અંગોપાંગ, સંતાપ, મૂર્ખપણું વિગેરે અનેક પ્રકારનાં દુઃખો પ્રાપ્ત થાય છે.]

આ તપમાં ૪૫ લગોલગ એકાસણાં કરવાં. દરરોજ જુદું જુદું ગરણું ગણવું, સાથીયા કરવા, ખમાસમણ દેવા. હંમેશાં તે તે આગમની ઢાળ સ્નાત્ર ભણાર્વાને બોલવી. તપ પૂર્ણ થયે ઉદ્યાપને વરઘોડો તથા પૂજા પ્રભાવનાદિક કરવું. નંદીસૂત્ર તથા ભગવતીસૂત્રની સોનામહોરવડે પૂજા કરવી. પહેલે તથા છેલ્લે દિવસે રૂપાનાણે તથા બીજા આગમોની પૈસાથી તથા વાસક્ષેપથી પૂજા કરવી. તપ પૂર્ણ થયે પીસ્તાલીશ પીસ્તાલીશ વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી. ગુરુપુજન કરવું. પીસ્તાલીશ આગમની મોટી પૂજા ભણાવવી. શેષ વિધિ ગુરુ પાસેથી જાણવો. ગરણું વિગેરે નીચે પ્રમાણે—

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ શ્રી નંદીસૂત્રાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૨ શ્રી અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૧ | ૬૨ | ૨૦ |
| ૩ શ્રી દશવૈકાલિકસૂત્રાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૪ શ્રી ઉત્તરાધ્યનસૂત્રાય નમઃ | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૫ શ્રી ઓઘનિર્યુક્તિસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૬ શ્રી આવશ્યકસૂત્રાય નમઃ | ૩૨ | ૩૨ | ૩૨ | ૨૦ |
| ૭ શ્રી નિશીથચ્છેદસૂત્રાય નમઃ | ૧૬ | ૧૬ | ૧૬ | ૨૦ |
| ૮ શ્રી વ્યવહારકલ્પસૂત્રાય નમઃ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | શ્રી દશાશ્રુતસ્કન્ધસૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૧૦ | શ્રી પંચકલ્પચ્છેદસૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૧૧ | શ્રી જીતકલ્પચ્છેદસૂત્રાય નમઃ | ૩૫ | ૩૫ | ૩૫ | ૨૦ |
| ૧૨ | શ્રી મહાનિશીથચ્છેદસૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| ૧૩ | શ્રી ચતુઃશરણપ્રકીર્ણકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૪ | શ્રી આતુરપ્રત્યાખ્યાનસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૫ | શ્રી ભક્તપરિજ્ઞાસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૨૦ | ૧૦ |
| ૧૬ | શ્રી સંસ્તારકપ્રકીર્ણકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૭ | શ્રી તંદૂલવૈતાલિકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૮ | શ્રી ચંદ્રવેધ્યકપ્રકીર્ણકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૯ | શ્રી દેવેંદ્રસ્તવપ્રકીર્ણકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨૦ | શ્રી મરણસમાધિસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨૧ | શ્રી મહાપ્રત્યાખ્યાનસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨૨ | શ્રી ગણિવિદ્યાપ્રકીર્ણકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨૩ | શ્રી આચારાંગસૂત્રાય નમઃ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૨૪ | શ્રી સૂત્રકૃતાંગસૂત્રાય નણઃ | | ૨૩ | ૨૩ | ૨૦ |
| ૨૫ | શ્રી સ્થાનાંગસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨૬ | શ્રી સમવાયાંગસૂત્રાય નમઃ | ૧૦૪ | ૧૦૪ | ૧૦૪ | ૨૦ |
| ૨૭ | શ્રી ભગવતીસૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| ૨૮ | શ્રી જ્ઞાતાંગસૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૨૯ | શ્રી ઉપાસકદશાંગસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૩૦ | શ્રી અંતકૃદ્દશાંગસૂત્રાય નમઃ | ૧૯ | ૧૯ | ૧૯ | ૨૦ |
| ૩૧ | શ્રી અનુત્તરોપપાતિસૂત્રાય નમઃ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૦ |
| ૩૨ | શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩ | શ્રી વિપાકાંગસૂત્રાય નમઃ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૩૪ | શ્રી ઉપપાતિકસૂત્રાય નમઃ | ૨૩ | ૨૩ | ૨૨ | ૨૦ |
| ૩૫ | શ્રી રાજપ્રશ્નીયસૂત્રાય નમઃ | ૪૨ | ૪૨ | ૪૨ | ૨૦ |
| ૩૬ | શ્રી જીવાભિગમસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૩૭ | શ્રી પ્રજ્ઞાપનોપાંગસૂત્રાય નમઃ | ૩૬ | ૩૭ | ૩૬ | ૨૦ |
| ૩૮ | શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ | ૫૭ | ૫૭ | ૫૭ | ૨૦ |
| ૩૯ | શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |
| ૪૦ | શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્રાય નમઃ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૯ |
| ૪૧ | શ્રી કલ્પાવતંસકસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪૨ | શ્રી નિરયાવલિસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪૩ | શ્રી પુષ્પચુલિકાસૂત્રાય નમઃ | ૦૧ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪૪ | શ્રી વન્હિદશોપાંગસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૪૫ | શ્રી પુષ્પિકોપાંગસૂત્રાય નમઃ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦ |

## ૧૦૯ ચતુર્ગતિ નિવારણ તપ (નં. ક.)

[નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ–આ ચાર પ્રકારની ગતિ છે. ભવસાગરમાં ભટકતો પ્રાણી આ ચાર પૈકી ગમે તે ગતિમાં પરિભ્રમણ કરે છે. જ્યારે સકલ કર્મનો ક્ષય થાય છે ત્યારે ચારે ગતિનો અંત કરી, શાશ્વત સ્થાન–મોક્ષને પ્રાપ્ત કરી શકાય છે. ચારે ગતિ અને તેના પેટા ભેદો–ઉપભેદો સંબંધી વિસ્તૃત વિવેચન જાણનારે જીવવિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથ વિગેરે પુસ્તકો અવલોકવા. અહીં તો માત્ર સંક્ષિપ્તમાં સામાન્ય સમજણ આપવામાં આવી છે.

૧. **નરક**–રત્નપ્રભા વિગેરે સાત નરકભૂમિમાં રહેતા જીવો નારક કહેવાય છે. આ જીવો પરસ્પર એકબીજાને અતિકષ્ટ આપે છે; તેમજ તીવ્ર કષાયવાળા મિથ્યાદૃષ્ટિ પરમાધાર્મિક દેવો પણ સ્વભાવથી આ નારક જીવોને અનેક પ્રકારનાં અતિદારુણ દુઃખો આપે છે.

૨. **તિર્યંચ**-૧. જળમાં રહેનારા મગર, માછલાં વગેરે, ૨. સ્થળ પર વિચરનારા ચતુષ્પદ ગાય, હરણ, વિગેરે, ૩. સાપ વિગેરે પેટે ચાલનાર અને ૪. નોળીયા વિગેરે ભુજાથી ચાલનાર, તેમજ ૫ ખેચર–આકાશમાં ચાલનારા, પીછાની પાંખવાળા પોપટ, મોર વિગેરે અને ચામડાની પાંખવાળા ચામાચીડીયા વિગેરે.

૩. **મનુષ્ય**–કમભૂમિ, અકર્મભૂમિ અને અંતર્દ્વીપમાં રહેનારા. કર્મભૂમિ ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ કુલ પંદર છે. ૫ હિમવંત, ૫ હિરણ્યવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ–એ ૩૦ અકર્મભૂમિ છે. જે ભૂમિમાં કૃષિ વિગેરે કર્મો ન થાય તે અકર્મભૂમિ કહેવાય, આ અકર્મભૂમિમાં યુગલિક મનુષ્યો જ વસે છે.

હિમવાન અને શિખરી એ બે પર્વતની પૂર્વે અને પશ્ચિમે બે–બે છેડાઓ ગજદંતને આકારે લવણસમુદ્રમાં દૂર ગયેલ છે. તે એક એક છેડા પર સાત સાત અંતર્દ્વીપો છે. તે છપ્પન અંતર્દ્વીપોમાં પણ યુગલિક મનુષ્યો વસે છે.

૪. **દેવ**-દેવોના મુખ્ય ચાર પ્રકાર છેઃ ૧ ભવનપતિ, ૨ વ્યંતર, ૩ જ્યોતિષી અને ૪ વૈમાનિક.

**ભવનપતિ**ના દશ પ્રકાર છે અને તે અધોલોકમાં રહે છે.

**વ્યંતર**ના બે પ્રકાર છેઃ વ્યંતર અને વાનવ્યંતર અને તે દરેકના આઠ-આઠ ભેદો છે. ભવનપતિ દેવોના ઉપરના ભાગમાં આ દેવો રહે છે.

**જ્યોતિષી**-ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ પ્રકારના છે. અઢીદ્વીપમાં ચર જ્યોતિષી હોય છે જ્યારે અઢી દ્વીપની બહાર સ્થિર જ્યોતિષી હોય છે.

**વૈમાનિક**-બાર દેવલોક પર્યંતના દેવો કલ્પોપપન્ન કહેવાય છે. તેઓ સ્વામી-સેવક ભાવવાળા હોય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો કલ્પાતીત છે; તેઓ અહમિંદ્ર છે. ]

આ તપમાં ચાર ઓળી કરવાની છે, તેમાં પહેલી ઓળીમાં પહેલે દિવસે એકાસણું, બીજે દિવસે એક કવળ, ત્રીજે દિવસે એકાસણું, ચોથે દિવસે બે કવળ, પાંચમે દિવસે એકાસણું, છઠ્ઠે દિવસે ત્રણ કવળ, એ રીતે વધતા વધતા પંદરમે દિવસે એકાસણું અને સોળમે દિવસે આઠ કવળ એ પ્રમાણે ૮ એકાસણાં અને આઠ પારણાના દિવસ મળીને ૧૬ દિવસ અને કવળ ૩૬ કુલ થાય છે. આ પહેલી ઓળી થઇ. બીજી ઓળીમાં પહેલે દિવસે નીવી, બીજે દિવસે [ પારણાને દિવસે ] નવ કવળ, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે દશ

કવળ—એ પ્રમાણે ચડતા ચડતા પંદરમે દિવસે નીવી તથા સોળમે દિવસે સોળ કવળ—આ રીતે બીજી ઓળી થઇ. ત્રીજી ઓળીમાં પહેલે દિવસે આયંબિલ, બીજે દિવસે સત્તર કવળ, ત્રીજે દિવસે આયંબિલ, ચોથે દિવસે અઢાર કવળ, એ રીતે ચડતા ચડતા પંદરમે દિવસે આયંબિલ અને સોળમે દિવસે ચોવીશ કવળ—આ ત્રીજી ઓળી થઇ. એ જ રીતે ચોથી ઓળીમાં પહેલે દિવસે ઉપવાસ, બીજે દિવસે પચીશ કવળ, ત્રીજે દિવસે ઉપવાસ, ચોથે દિવસે છત્રીશ કવળ, એ રીતે ચડતા ચડતા પંદરમે દિવસે ઉપવાસ અને સોળમે દિવસે બત્રીશ કવળ આવે. આ રીતે ૬૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે. તેમાં ૩૨ તપના દિવસ અને ૩૨ કવળના દિવસ. કુલ કવળ ૫૨૮ થાય છે. ૐ હ્રીં “નમો અરિહંતાણં” પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વગેરે બાર બાર કરવા.

## ૧૧૦. ચઉસઠ્ઠી તપ (નં ક. વિગેરે)

આ તપમાં એકાંતર આંબિલ ૩૨ કરવા, પારણે એકાસણાં કરવાં, એકાસણે ત્રિવિધ આહારનું પચ્ચક્ખાણ કરવું “નમો અરિહંતાણં” પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વગેરે બાર બાર કરવા.

## ૧૧૧. ચંદનબાળા તપ

[ભગવંત શ્રી મહાવીરના ઘોર અભિગ્રહને પૂર્ણ કરનાર પરમ ભાગ્યવતી શ્રી ચંદનબાળા જ હતી. આજે પણ

"ચંદનબાળાનો અઠ્ઠમ" એ પ્રમાણે પવિત્ર સતી સાધ્વીનું સ્મરણ કરીને અઠ્ઠમની તપસ્યા ફક્ત અડદના બાકુલાથી કરવામાં આવે છેઃ નારીવર્ગમાં આ તપ ઘણો જ પ્રચલિત છે. ચંદનબાળાનું સંક્ષિપ્ત કથાનક નીચે પ્રમાણે છે.

ચંપાનગરીના દધિવાહન રાજાને ધારિણીથી રાણી **વસુમતી** નામની પુત્રી પ્રાપ્ત થઈ. યોગ્ય ઉમરે વસુમતીને વ્યવહારુ અને ધાર્મિક અભ્યાસ કરાવ્યો. કુદરતી રીતે જ વસુમતીને ધાર્મિક સંસ્કારો પ્રત્યે અતીવ અનુરાગ હતો. તે ધાર્મિક જીવન જીવતી અને રાજકુમારી હોવા છતાં હંમેશાં સાદાઈથી રહેતી. ધીમે ધીમે વસુમતી યૌવનવતી બની.

અચાનક કૌશમ્બીના શતાનિકે ચંપાનગરીને ઘેરો ઘાલ્યો. દધિવાહન રાજાએ સામનો કર્યો પણ શતાનિકના પ્રચંડ લશ્કર પાસે તેને પરાજિત થવું પડ્યું. તે જીવ લઈને નાસી ગયા. શતાનિકે સૈન્યને આદેશ કર્યો કે–નગરીમાંથી જેને જે ફાવે તે પ્રમાણે લૂંટી લ્યો. આખી ચંપાનગરીમાં હાહાકાર મચી ગયો અને લોકો સૈન્યના જુલમથી ત્રાસી ગયા.

દધિવાહન નાશી ગયાના સમાચાર સાંભળી રાણી ધારિણી અને વસુમતી પણ લાગ જોઈને નાશી છૂટયા. નગરીની બહાર નીકળતાં એક સાંઢણીસ્વાર તેમને જોઈ ગયો. રાજરાણી અને રાજબીજ–વસુમતીને જોઈ સાંઢણીસ્વાર તેમનાં રૂપ પર મોહિત થઈ ગયો. તેણે વિચાર્યું કે–આ નગરમાંથી આ જ વસ્તુઓ ગ્રહણ કરવા જેવી છે. તેણે પાછળ સાંઢણી મારી

મૂકી અને તે બંનેને પકડી લઈ ભયાનક જંગલ તરફ ચાલ્યો ગયો, જ્યાં કોઈ પણ માણસ ફરકે નહીં.

ભયાનક જંગલમાં આવેલા જોઈ રાણી ધારિણીએ સાંઢણીસ્વારને પૂછયું "તમે અમને શું કરશો ?" શિયલની કિંમત ન સમજદાર મૂર્ખ સાંઢણીસ્વારે કહ્યું કે– 'અરે ! તને સારું સારું ખવરાવીશ ને મારી પત્ની બનાવીશ." વજ્રપાત જેવા આ વચનો સાંભળતાં જ ધારિણીને આઘાત લાગ્યો અને તે આઘાતને પરિણામે તે જ ક્ષણે તે ધરતી પર ઢળી પડી. માતાનું અચાનક મૃત્યુ થયેલું નીહાળી વસુમતીની વેદનાનો પાર ન રહ્યો. તેણે કલ્પાંત કરી મૂકયો. થોડીવારે તે પણ મૂર્છા પામી બેભાન બની ગઈ.

સાંઢણીસ્વાર આ અચાનક બનાવથી ગભરાઈ ગયો. તેને થયું કે આ રાજકન્યાને હવે કંઈ પણ ન કહેવું. વસુમતીની મૂર્છા ઉતરી એટલે સાંઢણીસ્વારે તેને મીષ્ટ શબ્દોથી આશ્વાસન આપ્યું અને પોતાના સાથે કૌશામ્બી નગરીમાં લાવ્યો.

કૌશાંબીમા આવીને સાંઢણીસ્વારે વિચાર કર્યો કે–આ બાળા અતિ રૂપવંત છે, માટે તેને વેચીશ તો ઘણું ધન મળશે. તેણે કૌશાંબીના ચૌટામાં વસુમતીને વેચવા માટે ઊભી રાખી

કૌશાંબી વેપારપ્રધાન નગરી હતી, વળી રાજધાની હતી એટલે લોકોની અવરજવર મોટા પ્રમાણમાં રહેતી. વસુમતીને જોઈ ઘણા લોકો એકઠા થઈ ગયા પણ સાંઢણીસ્વાર

તેનું મૂલ્ય વધારે માગતો હોવાથી કોઇએ ખરીદી નહીં તેવામાં તે સ્થળે ધનાવહ શ્રેષ્ઠી આવી ચઢયા. ધનાવહ શ્રેષ્ઠી ભદ્રસ્વભાવના પ્રેમમૂર્તિ અને દયાના ભંડાર હતા. તેમણે વિચાર્યું કે–આ કોઈ ઉચ્ચકુળની બાળા જણાય છે. ભાગ્યવશ વેચાવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, કોઈ નીચને પ્રાપ્ત થશે તો તેની લાજ–મર્યાદા નહીં સચવાય, એટલે તેઓએ તેમને મોં માગ્યું મૂલ્ય આપીને ખરીદી લઈ, ઘરે લાવી, પોતાની પત્ની મૂળાને સોંપીને કહ્યું કે–આ આપણી પુત્રી છે, તેનું બરાબર જતન કરજે.

વસુમતી તો અહીં પોતાના ઘરની માફક રહેવા લાગી. મધુર વચનથી શ્રેષ્ઠી વિગેરેને આનંદ આપવા લાગી. તેના વચન ચંદન જેવા શીતળ હોવાથી શ્રેષ્ઠીએ તેનું **ચંદનબાળા** નામ રાખ્યું.

ચંદના રૂપાળી તો હતી જ. તેમાં ભર યુવાવસ્થાને કારણે તેનું રૂપ અત્યંત ખીલી ઊઠયું હતું. મૂળા શેઠાણીને મનમાં શંકા ઉદ્‌ભવી કે–રખેને શેઠ ચંદનાને પોતાની પત્ની બનાવે. એવામાં અચાનક એક પ્રસંગ બની ગયો અને મૂળા શેઠાણીનો સંશય મજબૂત બન્યો.

ગ્રીષ્મ ઋતુના સખ્ત તાપમાં શેઠ ઘરે આવ્યા. પગ ધોનાર કોઈ નોકર તેટલામાં ન હતો એટલે ચંદનાએ સમજી જઈ, પિતા તુલ્ય ધનાવહ શેઠના પગ ધોયા. દરમિયાનમાં વાંકા વળતા ચંદનાનો અંબોડો છૂટી જઈ નીચે કાદવમાં પડયો. શેઠે પોતાની લાકડીથી તે ઊંચો કરી ફરીથી બાંધી

દીધો. મૂળા ઝરુખામાંથી આ દૃશ્ય નિહાળી રહી હતી. તેના ઈર્ષ્યાગ્નિમાં આ બનાવથી ઘીમાં સિંચન જેવું થયું. તેનો કોપાગ્નિ પ્રકટી નીકળ્યો. તેણે કોઈ પણ પ્રકારે ચંદનાનો કાંટો દૂર કરવાનો મનસૂબો કરી લીધો.

શેઠ ભોજન કરી, થોડો વખત આરામ કરી દુકાને ચાલ્યા ગયા. હવે મૂળાએ પોતાનું કર્તવ્ય શરૂ કર્યું. એક હજામને બોલાવી ચંદનાના વાળ કપાવી નખાવ્યા. માથે મુંડો કરાવ્યો. પગમાં બેડી નાખી અને દૂરના ઓરડામાં લઈ જઈ માર મારી પૂરી દીધી. નોકરોને સખ્ત ધમકી આપી કે–જે કોઈ ચંદના સંબંધી હકીકત શેઠને જણાવશે તેનું મોત જ આવ્યું સમજી લેશો.

સાંજે શેઠ ઘરે આવ્યા, આડુંઅવળું જોયું પણ ચંદનાને ન જોઈ એટલે પૃચ્છા કરી. શેઠાણીની ધાકથી કોઈએ ઉત્તર ન આપ્યો. શેઠે વિચાર્યું કે આડી–અવળી રમતી હશે. બીજે દિવસે પણ ચંદનાને ન જોઈ એટલે બધા નોકરોને પૂછ્યું પણ ખુલાસો ન મળ્યો એટલે ધાર્યું કે ક્યાંક બેસવા ગઈ હશે. ત્રીજા દિવસે પણ ચંદનાને ન જોતાં શેઠને શંકા ઉદ્ભવી. તેણે બધા નોકરોને ભેગા કરીને ધમકાવ્યા એટલે એક ડોશીએ હિમ્મત લાવીને બધી હકીકત જણાવી.

હકીકત સાંભળતાં જ શેઠને પગથી માથા સુધી આગ લાગી હોય તેવી વેદના થઈ. તરત જ તે ડોશી સાથે ચંદનબાળાના ઓરડા પાસે આવ્યા. શેઠે બારણું ઉઘાડી નાખ્યું

તો ચંદનાના પગમાં બેડી, માથે મુંડો, મુખમાં નવકાર મંત્રનું રટન અને આંખે ચોધાર આંસુ : કમળને ચીમળાતા કેટલી વાર ? ચંદનાનું મુખકમળ ત્રણ દિવસના ઉપવાસથી કરમાઈ ગયું. આ દૃશ્ય જોતાં જ શેઠની આંખમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યા. મૂળા પ્રત્યે તેને અત્યંત ક્રોધ ઉપજ્યો પણ હમણાં ચંદનાને કંઈક ભોજન તો કરાવું. રસોડામાં જઈ તપાસ કરતાં કંઇ પણ ન મળ્યું. ફક્ત એક બાજુ ખૂણામાં સૂપડામાં અડદના બાકળા પડયા હતા, તે લઈ આવી ચંદનાને આપતાં કહ્યું : "બેટા, હમણાં તું આ બાકળાનું ભોજન કર, હું હમણાં જ લુહારને બોલાવી આવું છું."

ચંદના વિચાર કરે છે કે "જીવનનો રંગ કેવો વિચિત્ર છે ! કયાં રાજકુમારીનું જીવન ? કેવી રીતે સપડાઈ ? કયાં કેવી રીતે વેચાણી અને પરિણામે આજે કેવી દશા !! ત્રણ દિવસના ઉપવાસને અંતે પણ બાકળા મળ્યા ! પણ જો કોઈ અતિથિ આવી ચઢે તો પણ મારું કલ્યાણ થાય."

વીર પરમાત્માએ ઘોર અભિગ્રહ ધારણ કર્યો છે. કોઈ સતી ને સુંદર રાજકુમારી દાસી બની હોય, પગમાં લોઢાની બેડી હોય, માથે મુંડો કરાવ્યો હોય, ભૂખી હોય, રડતી હોય, એક પગ અંદર અને એક પગ ઉંબરાની બહાર રાખીને બેઠી હોય, ખાવા માટે અડદના બાકળા હોય, તે બાકળા મને વહોરાવે, તો જ મારે ભિક્ષા ગ્રહણ કરવી.

આવો ઘોર અભિગ્રહ કેવી રીતે પૂર્ણ થાય ? પાંચ

મહિના ને પચ્ચીસ દિવસ થયા છતાં આ અભિગ્રહની પૂર્ણાહુતી નથી થઈ. કૌશાંબી નગરીમાં ભગવંત ભિક્ષા માટે ભ્રમણ કરી રહ્યા છે. ચંદનાના ભાગ્યબળથી અચાનક પરમાત્મા તેના આંગણે આવી ચઢયા. બધી બાબતો બરાબર નીહાળી, પણ ચંદનાની આંખમાં આંસું નહોતા એટલે ભગવંત પાછા ફર્યા. ચંદનબાળાએ જોયું કે–અતિથિ પાછા ફરી રહ્યા છે એટલે આંખમાં અશ્રુ લાવી તેણે વિજ્ઞપ્તિ કરી કે–કૃપાનાથ! શા માટે પાછા ફરો છો? અડદના બાકળા ગ્રહણ કરી મુજ રંક પર કૃપા કરો. પરમાત્માએ ચંદનાની આંખમાં અશ્રુ નીહાળ્યા અને પોતાનો હાથ લાંબો કર્યો. ચંદનાએ ભક્તિભાવથી બાકળા વહોરાવ્યા.

ત્રણ જગતના સ્વામીનો અભિગ્રહ પૂર્ણ થયો. કુદરત પણ આનંદી બની ગઈ. દેવોએ જયજયારવ કર્યો. પ્રકૃતિ ખીલી ઊઠી. ચંદનાની બેડી તૂટી ગઈ અને પૂર્વવત્ મનોહર બની ગઈ.

શેઠ લુહારને બોલાવીને આવ્યા ત્યાં તો ચંદનાને પહેલાના જેવી સ્વરૂપવતી જોઈ હર્ષિત બન્યા, મૂળા શેઠાણી પણ આ ચમત્કાર નીહાળી ત્યાં આવી ચઢયા. ચંદનાએ શેઠ–શેઠાણીના ચરણમાં મસ્તક નમાવ્યું. મૂળા શેઠાણીનો આભાર માનતા કહ્યું કે–માતા, આપનો મારા પર અતીવ ઉપકાર થયો, કારણ કે ત્રણ જગતના નાથ મહાવીર પરમાત્માનું પારણું મારા હાથે થયું.

નગરમાં આ હકીકતની જાણુ થતાં જ લોકોનાં ટોળે-ટોળાં આવવા લાગ્યા. રાજા-રાણી પણ આવ્યા અને ચંદનબાળાને ધન્યવાદ આપવા લાગ્યાં.

એવામાં એક સીપાઈ આવ્યો. ચંદનાના પગમાં પડી રડવા લાગ્યો. આવા હર્ષના પ્રસંગે તેને રડવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે-આ ચંદના ચંપાનગરીની રાજકુમારી વસુમતી છે. હું તેનો સેવક હતો. તેમની આવી દશા નીહાળી મને રડવું આવે છે. કયાં તે વૈભવ અને કયાં આજની ગુલામી દશા? શતાનિક રાજા મને કેદ પકડી અહીં લાવ્યા હતા તેથી મને દુઃખ થયેલું, પણ ચંદનાના આવા દુઃખ આગળ મારું દુઃખ શા હિસાબમાં?

સૈનિકની આ હકીકત સાંભળતાં જ શતાનિક રાજાની રાણી મૃગાવતી બોલી કે-ધારિણી તો મારી બહેન થાય. તેની પુત્રી વસુમતી (ચંદના), ચાલ બહેન, મારે ત્યાં રાજમહેલમાં રહેજે. અને ચંદના માસી મૃગાવતી સાથે રાજમહેલમાં ગઈ.

રાજમહેલમાં રહેવા છતાં ચંદનાનો જીવ વૈભવ-વિલાસમાં ચોંટતો નથી. તેને ફક્ત પરમાત્મ-ચિંતવન અને ધર્મ-ધ્યાનની જ લગની લાગી છે. આભૂષણો કે મેવા-મીઠાઇ તેને લોભાવી શકતા નથી. પ્રભુ શ્રીવીર કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં દેશના આપતા નથી તેમજ કોઇ શિષ્ય પણ કરતા નથી એટલે ચંદના તેમના કેવળજ્ઞાન-પ્રાપ્તિના સમય સુધી રાહ જોઇ પવિત્ર જીવન ગાળવા લાગી.

પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચંદનાએ તેમની પાસે દીક્ષા લીધી. પ્રભુ મહાવીરની એ જ પ્રથમ સાધ્વી -શિષ્યા. તેઓ ભગવંત મહાવીરની છત્રીશ હજાર સાધ્વીના વડેરા બન્યા.

કાળક્રમે મૃગાવતીએ પણ દીક્ષા લીધી અને ચંદનબાળાની શિષ્યા થયા. એકદા સૂર્ય ને ચંદ્ર મૂળ વિમાને વીરપ્રભુને વાંદવા તેમના સમવસરણમાં આવ્યા. તેમની હાજરીમાં સૂર્યાસ્ત થવાનો ખ્યાલ સાધ્વીશ્રી મૃગાવતીને ન રહ્યો. સૂર્ય, ચંદ્રના ચાલ્યા જવા બાદ રાત્રિ સમયે મૃગાવતી સાધ્વી ઉપાશ્રયે આવ્યા એટલે મુખ્ય પ્રવર્તિની ચંદનાએ, રાત્રિએ આવવા સંબંધી મૃગાવતીને ઉપાલંભ આપ્યો. સાધ્વી મૃગાવતીશ્રીને પોતાની ભૂલ સમજાઇ અને તે સંબંધી આલોચના કરતાં કરતાં તેમને કેવળજ્ઞાન થયું. રાત્રિસમયે ચંદનબાળા સૂતા હતા તેવામાં તેના સમીપ ભાગમાંથી એક કૃષ્ણ સર્પને જતો જોઇ મૃગાવતીએ સાધ્વી ચંદનાનો હાથ જરા ખસેડયો એટલે અલ્પ નિદ્રાવાળા આર્યા ચંદના જાગી ગયા. હાથ ખસેડવાનું કારણ પૂછતાં મૃગાવતીએ કૃષ્ણ સર્પનું આગમન જણાવ્યું. ચંદનાએ પૂછયું કે—આવી ગાઢ શ્યામ રાત્રિમાં તમે કૃષ્ણ સર્પને કેવી રીતે જોયો ? મૃગાવતીએ જણાવ્યું કે—આપના પસાયથી. એટલે ચંદનબાળાએ પુનઃ પૂછયું કે-શું આપને કેવળજ્ઞાન થયું છે ? મૃગાવતીએ નમ્રભાવે હા કહી એટલે ચંદનબાળાને થયું કે—મેં કેવળીની આશાતના કરી છે. તેઓ તેમને વિનયભાવે ખમાવવા લાગ્યા. શુભ ભાવથી ખમાવતાં ખમાવતાં આર્યા ચંદનાને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ધન્ય છે આવી ક્ષમાપનાને !

આયુષ્ય પૂર્ણ કરી આર્યા ચંદનબાળા નિર્વાણ પામ્યા. ચંદનબાળાની જેવા તપ-ત્યાગ ને શિયળને પ્રાપ્ત કરવા માટે તેનો "અઠ્ઠમ" કરવો જરૂરી છે. ]

આ તપ કાર્તિક વદ ૧૦ થી વૈશાખ શુદી ૧૦ સુધીમાં અથવા પર્યુષણમાં અથવા કોઈ પણ દિવસે કરવામાં આવે છે. તેમાં માત્ર એક અઠ્ઠમ કરી ચોથે દિવસે પારણે મુનિને અડદના બાકળાનું દાન દઈ પોતે પણ તેનું જ પારણું કરવું. પચ્ચક્ખાણ આંબિલનું કરવું તથા ઠામ ચઉવિહાર કરવો. "મહાવીરસ્વામિનાથાય નમઃ" એ પદનું ગરણું વીશ નવકારવાળીનું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

**વિશેષ વિધિ**—શ્રી ચંદનબાલાના તપને પારણે રૂપાની સુપડીને ખૂણે અડદના બાકળા ભરીને વહોરાવે, તે સાથે રૂપા-નાણાંથી ગુરુપૂજન કરે. પગમાં તથા હાથમાં સૂતરની અથવા રેશમની ફાલકીની આંટી નાંખી મુનિને દાન આપે.

## ૧૧૨. છન્નુ જિનની ઓળી તપ

[ ભરતક્ષેત્રને આશ્રયીને ભૂત, ભવિષ્ય ને વર્તમાન-એ ત્રણે કાળની ચોવીશીના બોંતેર તીર્થંકરો, મહાવિદેહ-ક્ષેત્રને આશ્રયીને વીશ વિહરમાન તીર્થંકરો અને ચાર શાશ્વતાં જિન-ઋષભ, ચંદ્રાનન, વારિષેણ ને વર્ધમાન-એ પ્રમાણે છન્નુ તીર્થંકર પરમાત્માને આશ્રયીને આ તપ કરાય છે. ]

આ તપમાં અતીત, અનાગત અને વર્તમાન જિન આશ્રયી ત્રણ ચોવીશી તથા સીમંધરાદિક વીશ જિન વિચરતા અને શ્રી ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ ચાર શાશ્વતા જિન–કુલ છન્નું જિન આશ્રયી એક ઉપવાસ કરવો. વખતની અનુકૂળતાએ છૂટા છૂટા કરતાં છન્નું ઉપવાસે આ તપ પૂર્ણ થાય છે. ગરણું નીચે પ્રમાણે. જે તીર્થંકરનો તપ ચાલતો હોય તેના નામનું ગણવું. નવકારવાળી વીશ ગણવી. સાથીયાં, ખમાસમણ વિગેરે બાર બાર કરવા. ઉદ્યાપને ચોવીશ જિનને તીલક વગેરે ચડાવવાં.

## અતીત ચોવીશી જિનનામ

| | |
|---|---|
| ૧ શ્રી કેવલજ્ઞાનિને નમઃ | ૧૩ શ્રી સુમતિનાથાય નમઃ |
| ૨ શ્રી નિર્વાણિને નમઃ | ૧૪ શ્રી શિવગતિનાથાય નમઃ |
| ૩ શ્રી સાગરાય નમઃ | ૧૫ શ્રી અસ્તાગનાથાય નમઃ |
| ૪ શ્રી મહાયશસે નમઃ | ૧૬ શ્રી નમીશ્વરાય નમઃ |
| ૫ શ્રી વિમલાય નમઃ | ૧૭ શ્રી અનિલનાથાય નમઃ |
| ૬ શ્રી સર્વાનુભૂતયે નમઃ | ૧૮ શ્રી યશોધરનાથાય નમઃ |
| ૭ શ્રી શ્રીધરનાથાય નમઃ | ૧૯ શ્રી કૃતાર્થનાથાય નમઃ |
| ૮ શ્રી દત્તનાથાય નમઃ | ૨૦ શ્રી જીનેશ્વરનાથાય નમઃ |
| ૯ શ્રી દામોદરનાથાય નમઃ | ૨૧ શ્રી શુદ્ધમતિનાથાય નમઃ |
| ૧૦ શ્રી સુતેજોનાથાય નમઃ | ૨૨ શ્રી શિવંકરનાથાય નમઃ |
| ૧૧ શ્રી સ્વામિનાથાય નમઃ | ૨૩ શ્રી સ્યંદનનાથાય નમઃ |
| ૧૨ શ્રી મુનિસુવ્રતનાથાય નમઃ | ૨૪ શ્રી સંપ્રતિનાથાય નમઃ |

## વર્તમાન ચોવીશી જિનનામ

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભદેવાય નમઃ | ૧૩ શ્રી વિમલનાથાય નમઃ |
| ૨ શ્રી અજિતનાથાય નમઃ | ૧૪ શ્રી અનંતનાથાય નમઃ |
| ૩ શ્રી સંભવનાથાય નમઃ | ૧૫ શ્રી ધર્મનાથાય નમઃ |
| ૪ શ્રી અભિનંદનનાથાય નમઃ | ૧૬ શ્રી શાંતિનાથાય નમઃ |
| ૫ શ્રી સુમતિનાથાય નમઃ | ૧૭ શ્રી કુંથુનાથાય નમઃ |
| ૬ શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ | ૧૮ શ્રી અરનાથાય નમઃ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ | ૧૯ શ્રી મલ્લિનાથાય નમઃ |
| ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ | ૨૦ શ્રી મુનિસુવ્રતનાથાય નમઃ |
| ૯ શ્રી સુવિધિનાથાય નમઃ | ૨૧ શ્રી નમિનાથાય નમઃ |
| ૧૦ શ્રી શીતલનાથાય નમઃ | ૨૨ શ્રી નેમિનાથાય નમઃ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથાય નમઃ | ૨૩ શ્રી પાર્શ્વનાથાય નમઃ |
| ૧૨ શ્રી વાસુપૂજ્યનાથાય નમઃ | ૨૪ શ્રી મહાવીરસ્વામિને નમઃ |

## અનાગત ચોવીશી જિનનામ

| | |
|---|---|
| ૧ શ્રી પદ્મનાભાય નમઃ | ૧૩ શ્રી નિષ્કષાયનાથાય નમઃ |
| ૨ શ્રી સુરદેવાય નમઃ | ૧૪ શ્રી નિષ્પુલાકનાથાય નમઃ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ | ૧૫ શ્રી નિર્મમનાથાય નમઃ |
| ૪ શ્રી સ્વયંપ્રભસ્વામિને નમઃ | ૧૬ શ્રી ચિત્રગુપ્તાય નમઃ |
| ૫ શ્રી સર્વાનુભૂત્યે નમઃ | ૧૭ શ્રી સમાધિનાથાય નમઃ |
| ૬ શ્રી દેવશ્રુતનાથાય નમઃ | ૧૮ શ્રી સંવરનાથાય નમઃ |
| ૭ શ્રી ઉદયનાથાય નમઃ | ૧૯ શ્રી યશોધરનાથાય નમઃ |
| ૮ શ્રી પેઢાલનાથાય નમઃ | ૨૦ શ્રી વિજયનાથાય નમઃ |
| ૯ શ્રી પોટ્ટિલનાથાય નમઃ | ૨૧ શ્રી મલ્લનાથાય નમઃ |
| ૧૦ શ્રી શતકીર્ત્યે નમઃ | ૨૨ શ્રી દેવનાથાય નમઃ |
| ૧૧ શ્રી સુવ્રતનાથાય નમઃ | ૨૩ શ્રી અનન્તવીર્યનાથાય નમઃ |
| ૧૨ શ્રી અમમનાથાય નમઃ | ૨૪ શ્રી ભદ્રકૃદ્નાથાય નમઃ |

## વીશ વિહરમાન જિનનામ

| | |
|---|---|
| ૧ શ્રી સીમંધરસ્વામિને નમઃ | ૧૧ શ્રી વજ્રંધરાય નમઃ |
| ૨ શ્રી યુગમન્ધરસ્વામિને નમઃ | ૧૨ શ્રી ચંદ્રાનનજિનાય નમઃ |
| ૩ શ્રી બાહુજિનાય નમઃ | ૧૩ શ્રી ચંદ્રબાહુસ્વામિને નમઃ |
| ૪ શ્રી સુબાહુજિનાય નમઃ | ૧૪ શ્રી ભુજંગનાથાય નમઃ |
| ૫ સુજાતજિનાય નમઃ | ૧૫ શ્રી ઈશ્વરનાથાય નમઃ |
| ૬ શ્રી સ્વયંપ્રભસ્વામિને નમઃ | ૧૬ શ્રી નેમિપ્રભસ્વામિને નમઃ |
| ૭ શ્રી ઋષભાનનાય નમઃ | ૧૭ શ્રી વીરસેનનાથાય નમઃ |
| ૮ શ્રી અનન્તવીર્યાય નમઃ | ૧૮ શ્રી મહાભદ્રાય નમઃ |
| ૯ શ્રી સુરપ્રભાય નમઃ | ૧૯ શ્રી દેવજસાજિનાય નમઃ |
| ૧૦ શ્રી વિશાલનાથાય નમઃ | ૨૦ શ્રી અજિતવીર્યાય નમઃ |

## શ્રી શાશ્વત ચાર જિનનામ

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભાનનજિનાય નમઃ | ૩ શ્રીવર્ધમાનજિનાય નમઃ |
| ૨ શ્રી ચન્દ્રાનનજિનાય નમઃ | ૪ શ્રી વારિષેણજિનાય નમઃ |

## ૧૧૩. જિનગુણસંપત્તિ તપ (નં. બ.)

[ શ્રી જિનેશ્વર ભગવંતના ગુણો ગણનાતીત છે. તેમની સમૃદ્ધિ કે સંપત્તિનું વર્ણન થઈ શકે તેમ નથી. એક કવિએ સાચું જ કહ્યું છે કે–પરમાત્માના ગુણો તો અનંત છે, જ્યારે મારે તો એક જ જીભ છે અને પરિમિત આયુના દિવસો છે. તેટલા સમયમાં એક જીભથી હું

અનંતગુણી પરમાત્માના ગુણ કેવી રીતે ગાઈ શકું ? અહીં માત્ર સંક્ષિપ્ત પ્રકારે પરમાત્માના નેવું ગુણની ગણના કરી તે પ્રમાણે તપ કરવાની મર્યાદા દર્શાવી છે.

અરિહંત પરમાત્માને મૂળથી–જન્મથી ચાર અતિશયો હોય છે, કર્મક્ષયથી અગિયાર ઉદ્‌ભવે છે અને દેવકૃત ઓગણીશ અતિશય હોય છે આ પ્રમાણે ૩૪ અતિશયો જિનેશ્વર ભગવંતના હોય છે.

વીશ પ્રકારે તીર્થંકરનામકર્મ ઉપાર્જન થાય છે, તેને લગતું વર્ણન આપણે તપ નં. ૮૯ માં વાંચી ગયા છીએ.

ચ્યવનાદિક પાંચ કલ્યાણક સંબંધી પણ સંક્ષિપ્ત વર્ણન તપ નં. ૫૫ તેમજ તપ નં. ૫૮ માં આલેખાઈ ગયું છે. સિદ્ધભગવંતના એકત્રીશ ગુણ હોય છે. આ પ્રમાણે ૩૪+૨૦+૫+૩૧=૯૦ નેવું ઉપવાસે આ તપ પૂર્ણ થાય છે.

ચોત્રીશ અતિશયને લગતું વર્ણન નીચે પ્રમાણે છે—

અતિશય એટલે પ્રભાવસૂચક લક્ષણ. તેને લગતું વિસ્તૃત વર્ણન શ્રી સમવાયાંગ સૂત્રના ચોત્રીશમા સૂત્રમાં આપવામાં આવેલ છે.

**જન્મથી જ પ્રગટ થનારાં ચાર અતિશયો—** ૧. લોકોત્તર અદ્‌ભૂત સ્વરૂપવાન દેહ, ૨ સુગંધી શ્વાસોચ્છ્‌વાસ, ૩. દૂધની માફક માંસ તેમજ રુધિરનું શ્વેતપણું, ૪ ચર્મચક્ષુઓવાળાનું આહાર તેમજ નિહાર માટે અદૃશ્યપણું.

**જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયથી પ્રગટતાં અગિયાર અતિશયો**–૧. સમવસરણની રચના, ૨. અર્થગંભીરવાણી, ૩. ભાષાની સર્વદેશીયતા, ૪. આસપાસના વિસ્તારમાંથી જ્વરાદિ રોગોનો નાશ, ૫. પરસ્પરના વૈરની શાંતિ, ૬. પાકનો નાશ કરનારી તીડ વિગેરે ઇતિનો અભાવ, ૭. ઉપદ્રવોનો વિરમ, ૮. અતિવૃષ્ટિ, ૯. અનાવૃષ્ટિ ૧૦ અને દુષ્કાલનો અભાવ, ૧૧ સ્વચક્રભય કે પરચક્રભયનો અસંભવ.

**દેવકૃત ઓગણીશ અતિશયો**—૧. ધર્મચક્રનું ફરવું, ૨ ચામરનું વીંઝાવું, ૩. પાદપીઠ સહિત સિંહાસનનું ચાલવું, ૪. ત્રણ છત્રોનું ધારણ થવું, ૫ રત્નમય ધ્વજનું આગળ–આગળ ચાલવું, ૬. સ્વર્ણકમલની રચના થવી, ૭. સમવસરણની આસપાસ ત્રણ પ્રકારના ગઢો રચાવા, ૮. ઉપદેશસમયે જુદી જુદી ચારે દિશામાં પરમાત્માનાં ચાર મુખો દેખાવાં, ૯ શ્રી તીર્થંકર પરમાત્મા વિરાજતા હોય ત્યાં અશોક વૃક્ષની રચના થવી, ૧૦. માર્ગમાં રહેલા કંટકો–કાંટાઓનું અધોમુખ થવું, ૧૧. વૃક્ષની ડાળીઓએ ઝૂકી ઝૂકીને નમન કરવું, ૧૨. દેવદુંદુભીનું વાગવું, ૧૩. સંવર્તક જાતિના પવનનું વાવું, કે જે કચરો આદિ મલિન પદાર્થો દૂર કરીને સર્વને સુખદાયક વાય, ૧૪. પક્ષીઓવડે પ્રદક્ષિણા થવી, ૧૫ ગંધોદકની વૃષ્ટિ થવી, ૧૬. પંચરંગી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થવી, ૧૭. શ્રી તીર્થંકર પરમાત્માના મસ્તકના કેશ, દાઢી, મૂછ તથા હાથ–પગના નખોની વૃદ્ધિ ન થવી, ૧૮. અનેક દેવોનું સમીપમાં રહેવું અને ૧૯. અનુકૂળ અને મનોહર ઋતુઓ બનવી. ]

આ તપમાં નેવું ઉપવાસ છૂટક છૂટક કરવાના છે, તે આ પ્રમાણે—તીર્થંકર નામકર્મના વીશ, તીર્થંકરના સહજ અતિશય ચાર, કર્મક્ષયથી થયેલા અતિશય અગિયાર, દેવકૃત ઓગણીશ, ચ્યવનાદિક કલ્યાણક પાંચ તથા સિદ્ધના ગુણ એકત્રીશ. આટલા ગુણ આશ્રયી એક એક ઉપવાસ કરતાં નેવું ઉપવાસે આ તપ પૂર્ણ થાય છે. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૧૪. જિન જનક તપ

[ જેવી રીતે ૧તેરમો તપ શ્રી જિનેશ્વર ભગવંતની માતાઓને અનુલક્ષીને કરવામાં આવે છે તેવી રીતે શ્રી જિનશ્વર ભગવંતના પિતાને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે.

વર્તમાન ચોવીશીના તીર્થંકરો પૈકી પ્રથમ ઋષભજિનના પિતા નાભિરાજા નાગકુમાર નિકાયમાં દેવ થયા. શ્રી અજિતનાથથી ચંદ્રપ્રભસ્વામી આદિ સાત તીર્થંકરોના પિતા ઈશાન દેવલોકમાં ગયા. શ્રી સુવિધિનાથથી શાંતિનાથ સુધીના આઠ તીર્થંકરોના પિતા સનત્કુમાર દેવલોકે દેવ થયા અને શ્રી કુંથુનાથથી શ્રી મહાવીરસ્વામી આદિ આઠ તીર્થંકરોના પિતા માહેંદ્ર દેવલોકમાં ગયા.

શ્રી મહાવીરસ્વામીના પ્રથમ માતા-પિતા દેવાનંદા અને ઋષભદત્ત વિપ્ર મોક્ષે ગયાનો અને સિદ્ધાર્થરાજા ને ત્રિશલા દેવી-બારમા અચ્યુત દેવલોકે ગયાનો પણ ઉલ્લેખ જોવામાં આવે છે.

પુણ્યશ્લોક પુરુષોત્તમ ત્રિજગદ્‌ગુરુ પરમાત્માના પિતાઓ પણ ઉત્કૃષ્ટ પુણ્યશાળી જ હોય છે તેથી તેમને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. ]

આ તપમાં નિરંતર બત્રીશ આંબિલ કરવા. ઉજમણે જિનપૂજા, ગુરુભક્તિ સંઘભક્તિ વિગેરે કરવું. "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથિયા વિગેરે બર બાર કરવા.

## ૧૧૫. તેર કાઠિયાનો તપ

[ કાઠિયા એટલે લૂંટારા. માર્ગે ચાલતાં પ્રાણીને વચ્ચે અટકાવીને જેમ લૂંટારા લૂંટી જાય છે તેમ ધર્મ સન્મુખ થયેલા પ્રાણીને વચ્ચે વચ્ચે આંતરીને–અટકાવીને આ આળસ વિગેરે દુર્ગુણો ધર્મરૂપી ધન લૂંટી લે છે, જેથી તેને "કાઠિયા" ની ઉપમા આપવામાં આવી છે. તેર કાઠિયાનો જે ક્રમ યોજવામાં આવ્યો છે તે પણ બુદ્ધિમાં ઉતરી શકે તેવો છે.

ધર્મ કરતાં પ્રાણીને પ્રથમ આળસ આવે છે, કંઈક પુરુષાર્થ કરી તે જાગૃત થાય છે ત્યાં મોહ સુભટ જોર કરે છે. મોહને કંઈક પરાસ્ત કરવામાં આવે છે ત્યાં અવજ્ઞા–તિરસ્કાર કાઠિયો જોર પકડે છે. તેને કંઈક હટાવવામાં આવે છે ત્યાં અભિમાનરૂપી કાઠિયો જોર કરે છે. એ પ્રમાણે આ કાઠિયાની ગોઠવણી સંકલનાબદ્ધ છે. વિસ્તૃત વિવેચન માટે "તેર કાઠિયાનો રાસ" વાંચવા યોગ્ય છે. ]

પ્રથમ એક અઠ્ઠમ કરી પારણે લાપસીનું એકાસણું કરવું, ઠામ ચોવિહાર કરવો. બીજા અઠ્ઠમને પારણે ઘઉંના રોટલાનું એકાસણું, ત્રીજા અઠ્ઠમને પારણે દૂધ ચોખાની ખીરનું એકાસણું, ચોથે માન મૂકી પરઘર[1] જઈ એકાસણું કરવું. પાંચમે પારકે ઘેર જઈ તે કહે કે પારણું કરો તો પારણું કરવું, છઠ્ઠે બે વાટકા—એકમાં ઘી તથા એકમાં પાણી ભરી ઢાંકવા, પછી અજાણ્યા માણસ પાસે ઉઘડાવવા. ઘીનો ઊઘડે તો એકાસણું અને પાણીનો ઉઘડે તો આંબિલ કરવું. સાતમા અઠ્ઠમને પારણે છ ઘર બીજાના અને એક ઘર પોતાનું એમ સાત ઘરમાંથી કોઈપણ ઠેકાણે પારણું કરવું. આઠમે પારણે ચંદનબાળાની જેમ અડદના બાકળાનું મુનિને દાન કરી પોતે તેનુ જ પારણું કરવું. નવમે પારણે રોટલી ખાવી. (પણ ઉની રસોઇ ખાવી નહીં). અગિયારમે દ્રાક્ષ, ખારેક વિગેરે મેવો ખાવો[2] (અભક્ષ્ય મેવો ખાવો નહીં.) બારમે ધોયેલી ખાંડ વિગેરેનું પાણી પીવું. તેરમે પારણે દહીં, ખાંડ ખાવું. (બધાં પારણાં એકાસણાંના જ જાણવા.) આ તપનું નામ 'છૂટા અઠ્ઠમ' પણ કહેવાય છે. કુલ ૧૩ અઠ્ઠમ ને ૧૩ પારણાં મળી બાવન દિવસે આ તપ પૂર્ણ થાય છે. સાથિયા વિગેરે આઠ આઠ કરવા. ગરણું નીચે પ્રમાણે વીશ નવકારવાળીનું ગણવું.

---

૧. પરઘર એટલે પોતાના સંબંધીનું જાણવું, પણ જેને તેને ત્યાં ન સમજવું.

૨. ફાલ્ગુન માસ પછી દ્રાક્ષાદિ મેવો અભક્ષ્ય છે. માટે તેવા વખતમાં અઠ્ઠમને પારણે આંબિલ કરે તો પણ ચાલે.

૧ આલસકાઠીયે નિવારકાય સિદ્ધાય નમઃ
૨ મોહકાઠીયો નિવારકાય ” ”
૩ અવજ્ઞાકાઠીયો નિવારકાય ” ”
૪ માનકાઠીયો નિવારકાય ” ”
૫ ક્રોધકાઠીયો નિવારકાય ” ”
૬ પ્રમાદકાઠીયો નિવારકાય ” ”
૭ કૃપણુકાઠીયો નિવારકાય ” ”
૮ ભયકાઠીયો નિવારકાય ” ”
૯ શોકકાઠીયો નિવારકાય ” ”
૧૦ અજ્ઞાનકાઠીયો નિવારકાય ” ”
૧૧ વ્યાક્ષેપકાઠીયો નિવારકાય ” ”
૧૨ કુતૂહલકાઠીયો નિવારકાય ” ”
૧૩ વિષયકાઠીયો નિવારકાય ” ”

અથવા નીચે પ્રમાણે ગણવું

૧ ૐ હ્રીં ધમ્મોજ્જમિયાણં નમઃ
૨ ” ” વિજયરાગાણં નમઃ
૩ ” ” વિનયધારિણં નમઃ
૪ ” ” મદ્દવગુણસંપન્નાણં નમઃ
૫ ” ” ખંતિગુણસંપન્નાણં નમઃ
૬ ” ” અપ્પમત્તચારિણં નમઃ
૭ ” ” દાનલદ્ધીસંપત્તાણં નમઃ
૮ ” ” વવગયભયાણં નમઃ

૯ ૐ હ્રીં વીયસોયાણું નમઃ
૧૦ " " સુમઈનાણધરાણું નમઃ
૧૧ " " લદ્ધીજુત્તાણું નમઃ
૧૨ " " અપ્પકમ્મસંવરધારિણું નમઃ
૧૩ " " અટ્ઠપવયણજણણીધારિણું નમઃ

આ પ્રમાણે ગણી ન શકે તો "ૐ હ્રીં નમો સિદ્ધાણું "એ પદની નવકારવાળી વીશ ગણવી. બીજી રીતે તેર કાઠીયાના તેર અઠ્ઠમ આંબિલના પારણાવાળા પણ કરાય છે.

❁

## ૧૧૬. દેવલ ઇંડા તપ. (વિધિપ્રપા.)

આ તપમાં બેસણા પાંચ, એકાસણા સાત, નીવી નવ, આંબિલ પાંચ, ઉપવાસ એક–એ પ્રમાણે સત્તાવીશ દિવસે તપ પૂર્ણ થાય છે. "ૐ હ્રીં નમો અરિહંતાણું" પદની ૨૦ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

❁

## ૧૧૭. દ્વાદશાંગી તપ (જૈ. પ્ર. નં. બ.)

[ બાર અંગોના સમૂહને દ્વાદશાંગી કહેવામાં આવે છે. આચારાંગ, સુયગડાંગ વિગેરે અગિયાર અંગ પ્રચલિત છે. જેને લગતું સંક્ષિપ્ત સ્વરૂપ નં. ૧૦૮ પીસ્તાલીશ આગમના તપમાં ઉપર દર્શાવવમાં આવ્યું છે.

બારમું "દૃષ્ટિવાદ" નામનું અંગ હતું, જે ભયંકર બાર વર્ષી દુષ્કાળમાં નષ્ટ થયું–વિસરાઈ ગયું.]

આ તપમાં શુક્લપક્ષની બારસ બાર માસ સુધી કરવી. એકાસણાદિક તપ કરવો. ઉદ્યાપન જ્ઞાનપંચમીની જેમ કરવું. "ૐહ્રીં દુવાલસંગીણં નમઃ" એ પદનું ગરણું વીશ નવકારવાળીનું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૧૮. નવ નિધાન તપ. (લા. વિ. પ્ર.)

[ નવ નિધાનોની પ્રાપ્તિ, ખાસ કરીને તો, ચક્રવર્તિને થાય છે. પુણ્યશાળી પણ અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધિની વાંછા કરે છે. ઉત્કૃષ્ટ પુણ્યરાશિ એકત્ર થાય ત્યારે નવ નિધાનોની પ્રાપ્તિ થાય છે. આ નિધાનો એવા છે કે તેનો કદાપિ કાળે ક્ષય થતો નથી. નવ નિધાનોનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે–

૧. **નૈસર્ગનિધાન**—થી છાવણી, શહેર, ગ્રામ, ખાણ, દ્રોણમુખ, મંડપ અને પત્તન વિગેરેનું નિર્માણ થાય છે.

૨. **પાંડુકનિધાન**—થી માન, ઉન્માન અને પ્રમાણ એ સર્વનું ગણિત તથા ધાન્ય અને બીજનો સંભવ થાય છે.

૩. **પિંગલનિધાન**—થી નર, નારી, હાથી અને ઘોડાઓના સર્વ જાતિનાં આભૂષણોનો વિધિ જાણી શકાય છે.

૪. **કાળનિધાન**—થી વર્તમાન, ભૂત અને ભવિષ્ય કાળનું જ્ઞાન, કૃષિ વિગેરે કર્મ અને અન્ય શિલ્પાદિકનું જ્ઞાન થાય છે.

૫. **મહાકાળનિધાન**—થી પરવાળા, રૂપું,

સુવર્ણ, મુક્તાફળ, લોઢું તથા લોહાદિક ધાતુઓની ખાણ ઉત્પન્ન થાય છે.

૬. **માણવકનિધાન**—થી યોદ્ધા, આયુધ અને કવચની સંપત્તિઓ તથા સર્વ પ્રકારની યુદ્ધનીતિ અને દંડનીતિ પ્રગટ થાય છે.

૭. **સર્વરત્નકનિધાન**—થી ચક્રરત્ન વિગેરે સાત એકેન્દ્રિય અને સાત પંચેંદ્રિય રત્નો ઉત્પન્ન થાય છે.

૮. **મહાપદ્મનિધાન**—થી સર્વ પ્રકારનાં શુદ્ધ અને રંગીન વસ્ત્રો નિષ્પન્ન થાય છે.

૯. **શંખનિધાન**—થી ચાર પ્રકારના કાવ્યની સિદ્ધિ, નાટ્યનાટકની વિધિ અને સર્વ પ્રકારના વાજિંત્રો નિષ્પન્ન થાય છે.

આ મહાનિધિઓ ગંગા નદીના મુખમાં માગધ તીર્થમાં રહે છે. આ નિધિઓ આઠ ચક્ર ઉપર પ્રતિષ્ઠિત થયેલા હોય છે. આઠ યોજન ઊંચા, નવ યોજન વિસ્તારમાં અને દશ યોજનની લંબાઈવાળા હોય છે. આ નિધાનોનાં મુખ વૈડૂર્ય મણિના બારણાથી આચ્છાદિત કરેલાં હોય છે. આ નિધાનોની જેવા જ નામવાળા, પલ્યોપમના આયુષવાળા નાગકુમાર નિકાયના દેવો તેના અધિષ્ઠાયક હોય છે.

નવનિધાનની પ્રાપ્તિ થાય તે માટે આ તપ અવશ્ય કરણીય છે. ]

આ તપ શુક્લપક્ષની નવ નવમીને દિવસે ઉપવાસ કરવાથી પૂર્ણ થાય છે. ગરણું નીચે પ્રમાણે.

૧ શ્રી નૈસર્ગનિધાનાય નમઃ
૨ શ્રી પાંડુકનિધાનાય નમઃ
૩ શ્રી પિંગલનિધાનાય નમઃ
૪ શ્રી કાલનિધાનાય નમઃ
૫ શ્રી મહાકાલનિધાનાય નમઃ
૬ શ્રી માણવકનિધાનાય નમઃ
૭ શ્રી સર્વરત્નકનિધાનાય નમઃ
૮ શ્રી મહાપદ્મનિધાનાય નમઃ
૯ શ્રી શંખનિધાનાય નમઃ

આ તપથી નિધાનની પ્રાપ્તિ થાય છે. સાથીયા વિગેરે નવ કરવા. ઉદ્યાપને પ્રભુને નવ અંગે તિલક ચડાવવા.

## ૧૧૯. મોટા દશ પચ્ચક્ખાણ (પં. ત. વગેરે)

[વિવાહિત જીવન બાદ સ્ત્રીઓમાં આ તપ ઘણો જ પ્રચલિત છે. કોઈ કોઈ કુમારી અવસ્થામાં પણ નાના-મોટા દશ પચ્ચક્ખાણનો તપ કરે છે.]

પહેલે દિવસે તિવિહારો ઉપવાસ કરવો. બીજે દિવસે એકાસણુ. ત્રીજે દિવસે એક ચોખાનું આંબિલ એટલે એક ચોખાનો દાણો ગળવો અને ઠામ ચોવિહાર. ચોથે દિવસે નીવી, પાંચમે દિવસે એક કવળ, ઠામ ચોવિહાર. છઠ્ઠે દિવસે એકઅંગીયું એકાસણું એટલે એક હાથ અને મોઢા સિવાય બીજું અંગ હલાવવું નહીં, ઠામ ચોવિહાર કરવો. સાતમે દિવસે દત્તિનું આંબિલ, ઠામ ચોવિહાર. આઠમે

દિવસે આંબિલ તિવિહાર, નવમે દિવસે પરઘરીયું એકાસણું ઠામ ચોવિહાર. તથા દશમે દિવસે ખાખરીયું આંબિલ એટલે માત્ર ખાખરા જ ખાવા, ઠામ ચોવિહાર કરવો. ગરણું સાથીયા વિગેરે નીચે પ્રમાણે.

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સમકિતપારંગતાય નમઃ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૨ | શ્રી અક્ષયસમકિતાય નમઃ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૩ | શ્રી સમકિતનિધિનાથાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૪ | શ્રી કેવલજ્ઞાનિનાથાય નમઃ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૦ |
| ૫ | શ્રી એકત્વગતાય નમઃ | ૩૧ | ૩૧ | ૩૧ | ૨૦ |
| ૬ | શ્રી સ્વર્ગનિધિનાથાય નમઃ | ૪૫ | ૪૫ | ૪૫ | ૨૦ |
| ૭ | શ્રી ગૌતમલબ્ધિનાથાય નમઃ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૦ |
| ૮ | શ્રી અક્ષયનિધિનાથાય નમઃ | ૯ | ૯ | ૯ | ૨૦ |
| ૯ | શ્રી પરવ્રતાય નમઃ | ૧૩ | ૧૩ | ૧૩ | ૨૦ |
| ૧૦ | શ્રી સુનિસુવ્રતાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |

ઉદ્યાપને મોદક ૧૦ પ્રભુ પાસે ઢોકવા. જ્ઞાનપૂજા કરવી અને અષ્ટપ્રકારી પૂજા ભણાવવી.

## ૧૨૦. નાના દશ પચ્ચક્ખાણ [ પં. ત. વિગેરે ]

આ તપમાં પ્રથમ એક ઉપવાસ, બીજે દિવસે એકાસણું, ત્રીજે દિવસે આંબિલ, ચોથે દિવસે એકાસણું, પાંચમે દિવસે નીવી, છઠ્ઠે દિવસે એક કવળ, સાતમે દિવસે ખીરનું એકાસણું, આઠમે ટેઠવા અથવા ટોપરાનું એકાસણું,

નવમે દિવસે ભરે ભાણે એકાસણું, તથા દશમે દિવસે ઉપવાસ. એ પ્રમાણે દશ દિવસ કરવું. ગરણું, ઉદ્યાપન વિગેરે મોટા દશ પચ્ચક્ખાણ પ્રમાણે કરવું ( જુઓ નં. ૧૧૯)

## ૧૨૧. નવપદની ઓળી (સિદ્ધચક્રારાધનતપ) (જૈ. પ્ર.)

[ દિનપ્રતિદિન શ્રી નવપદજીની ઓળીનું માહાત્મ્ય વધતું આવે છે. આ ઓળી સંબંધી વર્ણન કરવું એટલે દિવસે સૂર્યને બતાવવા જેવું કાર્ય ગણાય. આ ઓળીના આરાધનથી અનેક ભવ્ય પ્રાણીઓ આ ભવસાગરનો નિસ્તાર પામ્યા છે; છતાં પણ રાજા શ્રીપાલ અને મયણાસુંદરીએ શ્રી નવપદજીના આરાધનથી જે ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરી આત્મશ્રેય સાધ્યું તેને કારણે આ તપની વિશેષ પ્રસિદ્ધિ થઈ છે. શ્રીપાલરાજા અને મયણાસુંદરીનું સંક્ષિપ્ત વૃત્તાંત નીચે પ્રમાણે છે. વિસ્તૃત વિવેચન માટે તો શ્રીપાલ રાજાનો રાસ અર્થ સહિત કે શ્રીપાલ ચરિત્ર જ વાંચવું યોગ્ય છે.

ભરતખંડના માલવદેશની ઉજ્જૈણી નગરીમાં પ્રજાપાલ રાજવીને સુરસુંદરી અને મયણાસુંદરી નામની બે પુત્રીઓ હતી, અભ્યાસકાળ પૂર્ણ થયા પછી પંડિતોએ રાજાને પ્રાર્થના કરી કે રાજપુત્રીની પરીક્ષા લઈ અમને પારિતોષિક આપો. રાજાએ કહ્યું : સારું. આવતી કાલે રાજસભામાં બંને પુત્રીની પરીક્ષા લઈ તમને ઇનામ આપશું.

રાજસભા ભરાણી છે. રાજાએ અનેક પ્રશ્નો કર્યાં. તેના બંને પુત્રીઓએ યુક્તિપૂર્વક જવાબો આપ્યા. રાજા હર્ષિત બન્યો. પંડિતોને ઈનામ આપ્યાં. છેલ્લે છેલ્લે રાજાએ એક પ્રશ્ન કર્યો. જગતને જીવાડનાર કોણ? આ પ્રશ્નમાં રાજાનું અભિમાન ઝળકતું હતું.

સુરસુંદરી મિથ્યા ધર્મથી વાસિત હતી જ્યારે મયણાસુંદરી સમ્યગ્ ધર્મનાં સંસ્કારવાળી હતી. સુરસુંદરી પર તેના વૈદિક ધર્મગુરુની છાયા હતી જ્યારે મયણાસુંદરી જૈન ધર્મના સંસ્કારોથી વાસિત હતી. કર્મનાં નિયમો અને જીવનું સ્વરૂપ તે સારી રીતે સમજતી હતી.

સુરસુંદરીએ પિતાને ગમી જાય તેવો જવાબ આપ્યો. જગતને જીવાડનાર બે જણા જ છે; એક રાજા અને બીજો મેઘ.

રાજાએ મયણાસુંદરી સામે જોયું પણ તે નિરુત્તર રહી. રાજાએ ફરી પ્રશ્ન કર્યો પણ મયણાસુંદરીના હોઠ બીડાયેલા જ રહ્યા. વિશેષ આગ્રહ કરી રાજાએ પૂછયું એટલે મયણાસુંદરીએ નિડરતાથી જવાબ આપ્યો. પિતાશ્રી અભિમાન ન કરો. જીવન મરણ એ માનવીના હાથની વાત નથી. દરેક વસ્તુ કર્માધીન છે.

રાજાની આંખમાં ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો. પોતાનું ફરજંદ ભર સભામાં અપમાન કરે તે તેનાથી સહન ન થયું. એટલે રાજા તાડૂકી ઊઠયોઃ પુત્રી! તને તારા કર્મ પર ભરોંસો છે તો તેનું પરિણામ તું જોઇ લેજે. સભા વિસર્જન થઈ ગઈ. રાજાનો ક્રોધ શમ્યો નહોતો.

સુરસુંદરીને એક રાજપુત્ર સાથે પરણાવી. કર–કરિયાવર પણ ઘણો આપ્યો અને ઉત્સવપૂર્વક લગ્ન કર્યાં.

એકદા પ્રજાપાલ રાજા ફરવા નીકળ્યો તેવામાં તેણે સામેથી કોઢિયા લોકોની મોટી ફોજ આવતી નીહાળી. પ્રધાનને તપાસ કરવા કહ્યું : પ્રધાને તપાસ કરી જણાવ્યું કે–આ સાતસો કુષ્ઠી લોકો છે. તેમનો ઉંબર નામનો રાણો છે, તેને માટે રાજપુત્રીની તપાસ કરવા તેઓ દેશ–પરદેશ ભમે છે. રાજાને મયણાસુંદરી પર વેર વાળવાનું યાદ આવ્યું અને કુષ્ઠી લોકોને તે પોતાના નગરમાં તેડી ગયો તેમજ મયણાસુંદરીને ઉંબર રાણા સાથે પરણાવી.

ઉંબર રાણા સાથે પરણાવવાથી મયણાસુંદરીને લેશ માત્ર ખેદ ન થયો. લોકો રાજાને ફિટકાર આપવા લાગ્યા કે ‘ છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય. ’ મયણાસુંદરીએ પિતાનો ઉપકાર માન્યો અને કહ્યું કે–આપે આપેલા પતિને પરમાત્માની જેમ પૂજીશ.

ઉંબરરાણો ને મયણાસુંદરી સાથે રહે છે, પણ ઉંબરરાણાને એક સતી સ્ત્રીનું જીવન ધૂળધાણી કરતાં વિચાર આવે છે. તે મનથી ટેક રાખે છે. સતી મયણાને તે સ્પર્શ પણ કરતો નથી. બંને ધર્મ આચરે છે. અતિથિ જનની સેવા કરે છે. સંત–સાધુની ભક્તિ કરે છે. ગરીબ-દીન લોકોને અન્ન–વસ્ત્ર આપે છે. પણ ઉંબરરાણાનો કોઢ નાબૂદ થતો નથી. ઉંબરરાણાની રીતભાતથી મયણાસુંદરીને જણાયું કે ઉંબરરાણો સામાન્ય માનવી નથી પણ કોઈ ખાનદાન વ્યક્તિ જણાય છે.

## પૂર્વ વૃત્તાંત—

અંગ દેશની ચંપા નગરીમાં સિંહરથ રાજાને કમળપ્રભા નામની પટ્ટરાણીથી **શ્રીપાલ** નામના પુત્રની પ્રાપ્તિ થઈ. ભાગ્યયોગે શ્રીપાલની બાળવયમાં જ સિંહરથ રાજા સ્વર્ગવાસી બન્યા. રાજપુત્ર બાળવયનો હોઈ તેના કાકા અજિતસેનની દાનત ફરી. તેણે સિંહાસન હસ્તગત કર્યું. અને શ્રીપાલનો ઘાટ ઘડી નાખવાનો આદેશ કર્યો. કમળપ્રભાને આ સમાચાર મળતાં જ પુત્રને લઈને તે ગુપ્ત રીતે નાસી ગઈ. પછવાડે અજિતસેનના સૈનિકો પડ્યા. રાણી પગે ચાલતી હતી જ્યારે પાછળ ઘોડેસ્વારો હતા. પકડાઈ જવાની બીકમાં રાણી શ્વાસભેર દોડી અને કેડ પર કુંવર રહી ગયો છે તેવામાં કોઢિયાનું એક ટોળું મળ્યું. જીવ બચાવવાની આશાએ તેણે કોઢિયાના આગેવાનને વિનંતિ કરી. કોઢિઓએ પોતાના ટોળામાં કુંવરને સંતાડી દીધો. અને રાણી ચાલી ગઈ.

થોડી જ વારમાં સૈનિકો આવી પહોંચ્યા અને રાણી તથા રાજપુત્ર સંબંધી પૃચ્છા કરી. કોઢિયાઓએ પોતાનું અજ્ઞાન દર્શાવ્યું એટલે સૈનિકો ગુસ્સે થયા અને તપાસ કરવા હુકમ કર્યો. ત્યારે કોઢિયાના આગેવાને જણાવ્યું કે- તમારે તપાસ કરવી હોય તો ખુશીથી કરો, પણ અમને સ્પર્શ કરતાં જ તમને કોઢનો ચેપી રોગ લાગુ પડી જશે. આ હકીકત સાંભળતાં જ બીકના માર્યા સૈનિકો પાછા ચાલ્યા ગયા. કોઢિયાઓ સાથે હું મોટો થયો. મને તેઓએ પોતાનો નાયક બનાવ્યો.

ઉંબરરાણાની હકીકત સાંભળતાં જ મયણાસુંદરીના હર્ષનો પાર ન રહ્યો. તેને થયું કે છેવટે હું એક રાજકુમાર સાથે પરણી છું, વિધિના ખેલ હંમેશા વિચિત્ર જ હોય છે.

એકદા કોઈએ મયણાસુંદરીને જૈન મુનિરાજના આગમનની હકીકત કહી. મયણાસુંદરી તેમની પાસે ગઈ. ઉપદેશ સાંભળ્યા પછી મયણાએ ગુરુમહારાજને પોતાનું દુઃખ દૂર કરવા પ્રાર્થના કરી, કોઈ ઔષધ દર્શાવવા કહ્યું. ગુરુ મહારાજે આશ્વાસન આપતાં જણાવ્યું–બહેન, શાંતિ ધારણ કર. દુઃખમાં જ ધીરજ ધારણ કરવી એ જ માનવીનું ભૂષણ છે. અમે તો સાધુ કહેવાઈએ. અમારે સંસારની આધિ, વ્યાધિ કે ઉપાધિ ન હોય. અમે દવા ન કરીએ કે ઔષધ પણ ન ચીંધીએ. અમારી પાસે તો સર્વ રોગનું એક જ ઔષધ છે. અને તેનું નામ "ધર્મ." તારા લલાટ પરથી તું ભાગ્યશાળી જણાય છે. ધર્મના પ્રભાવથી સર્વ સારાં વાનાં થાય છે. એકચિત્તથી તું ધર્મનું ધ્યાન ધરજે. આગમરૂપી સાગરને વલોવીને માખણરૂપ યંત્ર તને જણાવું છું તેનું તું એકાગ્ર ચિત્તથી આરાધન કરજે. એ મહાપ્રાભાવિક યંત્ર છે "**શ્રી નવપદ યંત્ર**" આ નવપદનું ધ્યાન ધરજે અને શ્રી સિદ્ધચક્રની આરાધના કરજે. તેના પ્રભાવથી સર્વ પ્રકારનાં તારાં દુઃખ–દારિદ્રય નષ્ટ થઈ જશે.

નવપદમાં પ્રથમ પદ છે–**અરિહંત**, જેમણે સંસારથી તરવાનો માર્ગ દર્શાવ્યો. બીજું પદ **સિદ્ધ** ભગવંતનું

છે. જેમણે ભવારણ્યને ઉલ્લંઘી જઇ સિદ્ધિગતિ પ્રાપ્ત કરી છે. ત્રીજું પદ **આચાર્ય**, જે પંચાચારાના પાલક અને ધર્મના ધોરી છે. ચોથું પદ **ઉપાધ્યાય**નું છે, જેઓ અજ્ઞાનીને પણ જ્ઞાન-માર્ગ દર્શાવે અને શિષ્યોને વાચના આપે. પાંચમું પદ **સાધુ-મુનિવર**નું છે, જેઓ કંચન તેમજ કામિનીના ત્યાગી હોય છે, શીલ-સંયમના પાલક હોય છે. છટ્ઠું **પદ દર્શન** છે, જે શાસનમાં સાચી શ્રદ્ધા ઉત્પન્ન કરે છે સાતમું પદ **જ્ઞાનનું** છે, જે હિતાહિતનો વિચાર દર્શાવે છે. જ્ઞાન તેમજ જ્ઞાનીનો આદર બતાવે છે. આઠમું પદ **ચારિત્ર**નું છે, જે આઠ કર્મનો નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે. નવમું પદ **તપનું** છે, તપશ્ચર્યાની શક્તિ અમોઘ છે. નિકાચિત કર્મોને પણ તોડી નાખવાનું સામર્થ્ય તપમાં છે.

મયણાસુંદરીએ ગુરુ-કથન સ્વીકારી લીધું અને તે પ્રમાણે આસો તથા ચૈત્ર માસમાં શ્રી નવપદજીનું શુદ્ધ મનથી આરાધન શરૂ કર્યું. થોડો સમય વ્યતીત થતાં જ નવપદજીના પ્રક્ષાલ-જલથી શ્રીપાળનો કોઢ નાબૂદ થઈ ગયો. સાતસો કોઢીયા પણ કંચન જેવી કાયાવાળા બની ગયા. સર્વત્ર આનંદ આનંદ વર્તાઈ રહ્યો અને નવ-પદજીનો મહિમા મહીતલમાં પ્રસરી ગયો.

ભાગ્યયોગે રાણી કમલપ્રભા ફરતી ફરતી ત્યાં આવી ચઢે છે. શ્રીપાલને જોતાં જ તેના સ્તનમાંથી દૂધની ધારા વછૂટી. તેની પાસેથી ઉપરની હકીકત જાણવા મળે છે.

મયણાસુંદરીની માતા પણ સ્વામીના દુષ્કૃત્યથી રીસા-ઇને પોતાના ભાઇ પુણ્યપાળ રાજાને ઘેર આવી છે. એકદા

મયણાસુંદરી ને શ્રીપાલ તેની નજરે ચઢયા એટલે કોઢિયાને બદલે કાંતિમાન કુંવર સાથે મયણાને જોતાં તેને મનમાં કુશંકા ઉદ્દ્ભવે છે. મયણાએ માતાને ઓળખી, સર્વ હકીકત જણાવી કહ્યું કે–આ સર્વ પ્રતાપ શ્રી સિદ્ધચક્ર યંત્રનો છે.

તેઓ સર્વ રાજમહેલમાં ગયા. એકદા ઘોડા ખેલવતો ખેલવતો પ્રજાપાળ રાજા પણ ત્યાં આવી ચઢયો. તેણે પણ મયણાને ઉંબરરાણાને બદલે કાંતિમાન રાજકુમાર સાથે નિહાળી એટલે ઉગ્ર આવેશમાં આવી જઈ તલવાર કાઢી, પરંતુ મયણાએ સર્વ હકીકત જણાવતાં તેનો રોષ શમી ગયો અને મયણા તથા તેની માતા, શ્રીપાળ અને તેની માતા વગેરેને આદરપૂર્વક પોતાના નગર ઉજ્જૈણીમાં લઈ ગયો.

એકદા શ્રીપાળ સુંદર પોષાક પહેરીને ફરવા નીકળ્યો છે તેવામાં એક કન્યાએ પોતાની માતાને પૂછયું કે–આ કોણ છે ? ડોસીએ જણાવ્યું કે–તે આપણા રાજાનો જમાઈ છે. આ પ્રમાણે વચન સાંભળ્યા બાદ શ્રીપાળનું મન ચકડોળે ચડયું. તેને થયું કે–સસરાના નામથી ઓળખાવું અને આ રીતે પુરુષાર્થ કર્યા વિના પડી રહેવું તે વ્યાજબી નથી. તેણે દેશાટન કરવાનો મક્કમ નિર્ણય કર્યો. આ હકીકત માતા તથા મયણાને પણ જણાવી. તેઓએ સાથે આવવા કહ્યું પણ શ્રીપાળે સમજાવી એકલા જ વિદાય લીધી.

શ્રીપાળ ભરુચ બંદરે આવી પહોંચ્યો. ત્યાંના બંદરમાં કૌશાંબીના સાર્થવાહ ધવલશેઠના પાંચસો વહાણો નાંગર્યા

હતા. દૈવવશાત્ તે વહાણો ચાલતા ન હતા. કોઇએ કહ્યું કે–બત્રીશ લક્ષણા પુરુષનો હોમ કરો તો વહાણ ચાલશે. ધવલશેઠે પોતાના સુભટોનો હુકમ કર્યો. બત્રીશ લક્ષણો પુરુષ શોધી લાવો, સૈનિકોએ શ્રીપાળને પકડયો. શ્રીપાલે કહ્યું કે–ચાલો, હું તમારા વહાણને ચલાવી દઉં.

સમુદ્રકિનારે આવી, વહાણ પર ચઢી જેવું શ્રી નવપદજીનું ધ્યાન ધર્યું કે તરત જ વહાણો ચાલતાં થયા. ધવલશેઠના આનંદનો પાર ન રહ્યો ધવલશેઠને થયું કે–આવો પરાક્રમી પુરુષ આપણી સાથે હોય તો સાગર–સફરમાં ઘણો ઉપયોગી થાય. તેમણે શ્રીપાલકુમારને સાથે લીધા.

વહાણ ચાલતાં ચાલતાં બબ્બરકુળે આવી પહોંચ્યા. પાણી–ઇંધણ વિગેરે લેવા વહાણો કિનારે આવ્યા તેવામાં રાજાના નોકરો "દાણ" માગવા આવ્યા. અભિમાની ધવળશેઠે તે સેવકોને નસાડી મૂકયા એટલે રાજા પોતાના સૈન્ય સાથે આવ્યો. ધવળશેઠના દશ હજાર સુભટો અને રાજાના સૈન્ય વચ્ચે યુદ્ધ જામ્યું. સુભટો ઊભી પુંછડીએ નાસી ગયા, ધવલને પકડી લઈ રાજાએ ઊંધા માથે લટકાવ્યો. તેવામાં શ્રીપાલ આવી ચઢયો. ધવલે કહ્યું કે–મને બચાવો તો મારા પાંચસો વહાણમાંથી અર્ધા તમને આપું. શ્રીપાલે બબ્બર રાજવી સાથે બાથ ભીડી અને નવપદનું સ્મરણ કરી યુદ્ધ આદર્યું, બબ્બરરાય હારી ગયો. શ્રીપાલે તેમને પકડી લીધો. બબ્બરરાયે માફી માગી અને પોતાની પુત્રી પરણાવી, ધવલશેઠને પણ મુક્ત કર્યા. વચમાં રત્નદ્વીપ આવ્યો. ત્યાં પણ વેપાર–વણજ કરી વહાણ આગળ ચાલ્યા.

હવે ધવળને થયું કે–શ્રીપાલને મારી નાખું તો તેની ઋદ્ધિ-સિદ્ધિ, અઢીસો વહાણ ને તેની પત્ની પણ મારી બને. તેણે યુક્તિ કરી. વહાણ ને છેડે માચડો બાંધી શ્રીપાલકુમારને આશ્ચર્ય જોવા માટે આવવાનું કહી, તેમને ધક્કો મારી સમુદ્રમાં પાડયા અને પછી દંભ કર્યો કે–કુમાર અચાનક માંચડો તૂટતાં સમુદ્રમાં પડી ગયા છે.

શ્રીપાળકુમાર ઈષ્ટદેવનું સ્મરણ કરતાં, પુન્ય પસાયથી કોંકણને કિનારે નીકળ્યો. ચંપાના ઝાડ નીચે જઈ સૂતો, તેવામાં રાજાની કુંવરી તેની સખીઓ સાથે ત્યાં આવી ચઢી અને નિશાની પ્રમાણે બધું બરાબર મળી આવતાં તેણે શ્રીપાલકુમારને પોતાના ભાવી સ્વામી તરીકે સ્વીકાર્યો. રાજાને સર્વ હકીકત સંભળાવી અને જ્યોતિષીના વચન પ્રમાણે રાજાએ ધામધૂમથી પોતાની કન્યા તેને પરણાવી.

આ બાજુ ધવલશેઠે શ્રીપાળની પત્નીને હેરાન કરવા ઉપાય કર્યો પણ નિષ્ફળ નીવડયો. મુસાફરી કરતાં પવનના તોફાનને કારણે જે બાજું જવું હતું, તે દિશામાં વહાણો ન ચાલતાં કોંકણને કિનારે આવી ચઢયાં. શેઠ ભેટણું લઈ રાજસભામાં ગયા ત્યાં તો શ્રીપાળને રાજસભામાં બેઠેલો જોયો.

શ્રીપાળને જોતાં જ ધવલશેઠના હૃદયમાં તેલ રેડાયું. ધવલશેઠ શ્રીપાલને હલકો ચિતરવા પ્રપંચ રચ્યો. એક ડુંબને મોટા ઈનામની લાલચ આપી કહ્યું કે–તારે ભરસભામાં શ્રીપાળને તારા પુત્ર તરીકે ગળે વળગી પડવું. એટલે રાજાને તેના પર ક્રોધ ઉપજશે જેથી તેને દેહાંત દંડ આપશે.

ડુંબે બરાબર પાઠ ભજવ્યો એટલે રાજાએ તલવાર ખેંચી. તરવાર જોતાં જ તેના મોતીયા મરી ગયા. તેને થયું કે રાજા મને પણ મારી નાખશે એટલે તેણે જેવું હતું તેવું કહી સંભળાવ્યું. ધવલશેઠના કારસ્થાન જાણી રાજાએ ધવલશેઠને પકડી મગાવ્યા અને મારવા તલવાર ઉગામી તેવામાં શ્રીપાળ આડો પડ્યો અને તેને બચાવી લીધો. ધવલે શ્રીપાલની માફી માગી અને હવેથી કોઈ પણ જાતનું દુષ્કૃત્ય ફરી નહીં કરું તેમ કહી પોતાની સાથે લીધો.

ધવલશેઠના હૃદયનો સંતાપ શમતો નથી. તે કોઈ પણ ઉપાયે શ્રીપાળનું કાસળ કાઢી નાખવા યુક્તિઓ રચે છે. અમાસની ઘોર અંધારી રાત્રિ જામી હતી, તે સમયે મધ્યરાત્રિએ ધવલશેઠને દુર્વિચાર સૂઝ્યો. તેણે પોતે જ આજે શ્રીપાળનું કાસળ કાઢી નાખવાનું નિર્ણીત કર્યું. શ્રીપાળ પણ પોતાના શયનખંડમાં નિરાંતે સુતો હતો. ધવલશેઠે પોતે કટારી લીધી અને ધીમે ધીમે–ચોર પગલાંની માફક નીસરણી ચઢ્યો. અંધકારને અંગે છેલ્લું પગથિયું ચૂક્યો. પાપનો ભાર વધી જવાથી નીચે પટકાયો અને હાથમાં રહેલી કટારી પોતાના જ પેટમાં વાગી. તરત જ પાપ–પુન્યનો હિસાબ ચૂકવવા તેનો આત્મા પરલોક પ્રયાણ કરી ગયો.

ધબાકો થતાં જ નોકરો અને શ્રીપાળ જાગૃત થઈ

ગયા. ધવળશેઠનું શબ નજરે પડતાં ઘણી જ દિલગીરી થઇ. શ્રીપાળે તેની અંત્યેષ્ઠિ ક્રિયા કરી

શ્રીપાળે ઘણા દેશોમાં પરિભ્રમણ કર્યું અને જાગતા

પુણ્યને કારણે તેમણે ઘણી રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું તેમજ અતુલ વૈભવ પ્રાપ્ત કર્યો. હવે તેમને માતા તથા મયણાસુંદરીને મળવાની ઇચ્છા થઈ એટલે ઉજ્જૈન આવી, માતાના ચરણમાં પ્રણામ કર્યો. મયણાસુંદરીએ બીજી રાજ-પુત્રીઓને પોતાની બહેનની માફક સાથે રાખી. સર્વે સુખ-પૂર્વક દિવસો પસાર કરે છે અને નવપદનું પૂર્ણ શ્રદ્ધાથી આરાધન કરે છે.

એક દિવસ નટ લોકો ઉજ્જૈણી નગરીમાં નૃત્ય કરવા આવ્યા. પ્રજાપાલ રાજા, શ્રીપાલ, રાજમાતા તેમજ મયણા-સુંદરી વગેરે રાજસભામાં એકઠા થયા છે. નટ લોકોએ નાટારંભ શરૂ કર્યો પણ અચાનક વિઘ્ન આવે તેમ નટડી નાચવા ઊભી થતી જ નથી. તેને ખૂબ સમજાવવામાં આવી છતાં તે તો આ પ્રસંગે હૈયાફાટ રુદન કરવા લાગી. મય-ણાએ તેને પાસે બોલાવી. આંખે આંખ મળતાં જ મયણા તેને પોતાની સગી બહેન સુરંસુદરી તરીકે ઓળખી ગઈ. મય-ણાસુંદરીએ તેને આશ્વાસન આપ્યું અને સર્વ હકીકત પૂછી.

સુરસુંદરીએ જણાવ્યું કે લગ્ન પછી વિદાય થયા બાદ રાત્રિએ અચાનક ધાડ પડી, મારા સ્વામી રાજકુમાર હોવા

છતાં ભીરુની માફક નાસી ગયા. સૈનિકો જ્યાં ત્યાં ચાલ્યા ગયા. લૂંટારાઓએ મને પકડી. ત્યાર બાદ તો મારા પર ઘણી વીતી પણ છેવટે હું આ નટ લોકોના હાથમાં આવી. આજે તમને સર્વને જોતાં જ મારુ હૃદય ભરાઈ આવ્યું. મયણસુંદરીએ નટ લોકોને રાજી કરી સુરસુંદરીને પોતાની પાસે રાખી લીધી.

હવે માતા કમલપ્રભાએ શ્રીપાલને પોતાનું ચંપાપુરીનું રાજ્ય હાથ કરવા પ્રેરણા કરી. શ્રીપાલે કાકા અજિતસેનને કહેવરાવ્યું પણ કપટી કાકા શ્યે માને ? બંને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. શ્રીપાળનો વિજય થયો. કાકા અજિતસેને સાધુપણું સ્વીકાર્યું. ઘાતી કર્મોનો નાશ કરી અજિતસેન કેવળી બન્યા. વિહરતાં વિહરતાં ચંપાપુરીએ આવતાં શ્રીપાળ તેમને વંદનાર્થે ગયો. દેશના બાદ પોતાનો પૂર્વભવ વિગેરે પૂછયો. આરસીમાં જેમ મુખ દેખાય તેમ કેવળી અજિતસેને શ્રીપાળનો પૂર્વભવ જણાવ્યો એટલે શ્રીપાળે વિશિષ્ટ રીતે નવપદારાધન શરૂ કર્યું.

રાજસાહ્યબી પૂર્ણ રીતે ભોગવી, પ્રાંતે શ્રીપાળ મયણાસુંદરી વિગેરે રાણીઓ નવમા દેવલોકે ઉત્પન્ન થયા. નવમા ભવે સિદ્ધિપદ પામશે.

નવપદજીના એકાગ્ર આરાધનથી શ્રીપાળ રાજાની માફક અષ્ટ મહાસિદ્ધિ ને નવનિધિ પ્રગટે છે; માટે કલિકાલના કલ્પતરુ સરખા શ્રી સિદ્ધચક્ર ભગવંતનું અહર્નિશ ધ્યાન કરવું.]

આ તપ પ્રથમ આસો શુદ્દી ૭ ના દિવસથી આરંભીને આસો શુદ્દી પૂર્ણિમા પર્યંત નવ દિવસ સુધી તથા ચૈત્ર શુદ્દી ૭ થી આરંભી ચૈત્ર શુદ્દી પૂર્ણિમા સુધી નવ દિવસ આયંબિલ કરવાથી થાય છે, તેમાં પ્રથમ દિવસે એકલા ચોખાની જ વસ્તુ, બીજે દિવસે કેવળ ઘઉંની, ત્રીજે દિવસે કેવળ ચણાની, ચોથે મગની, પાંચમે અડદની, અને છટ્ઠે, સાતમે, આઠમે તથા નવમે દિવસે કેવળ ચોખાની વસ્તુઓ ખાઈને આંબિલ કરવા જોઈએ. એમ ન બની શકે તો સામાન્ય રીતે આંબિલ કરવાં. એ રીતે સાડા-ચાર વર્ષ પર્યંત કરવાથી એકાશી આંબિલ થાય છે અને આ તપ પૂર્ણ થાય છે. તપના નવે દિવસોએ બ્રહ્મચર્ય પાળવું. હંમેશા સાંજ સવાર પ્રતિક્રમણ કરવું, ત્રણ ટંક દેવ વાંદવા, પડિલેહણ કરવું, એક એક દિવસે એક એક પદની ક્રિયા કરવી. જે પદના જેટલા ગુણ હોય તેટલા સાથીયા કરવા. ખમાસમણ દેવાં. કાઉસ્સગ્ગ કરવો, તે તે પદના ગુણની ભાવના ભાવવી. કીર્તન કરવું. હંમેશાં સ્નાત્રપૂર્વક અષ્ટપકારી પૂજા કરવી. ગરણું વિગેરે નીચે પ્રમાણે.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ ૐ હ્રીઁ નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૨ ,, ,, નમો સિદ્ધાણં | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૩ ,, ,, નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૪ ,, ,, નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૫ ,, ,, નમો લોએ સવ્વસાહૂણં | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૬ ,, ,, નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| ૭ | ૐ હ્રીઁ નમો નાણસ્સ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૮ | ,, ,, નમો ચારિત્તસ્સ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૯ | ,, ,, નમો તવસ્સ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |

નવપદના ખમાસમણ નીચે પ્રમાણે આપવાં.

૧ " ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ. "ૐ હ્રૂીં નમો અરિહંતાણં" આ પ્રમાણે પ્રથમ પદે બાર ગુણે શોભિત, મધ્યભાગે વિરાજમાન, ઉજ્જવળ વર્ણ સહિત એવા શ્રી અરિહંત ભગવાનને મારી ત્રિકાળ વંદના હોજો.

૨ " ઇચ્છામિ ખમા૦ 'ૐ હ્રીઁ નમો સિદ્ધાણં" એ બીજે પદે આઠ ગુણે શોભિત, પૂર્વ દિશાએ વિરાજમાન, રક્તવર્ણસહિત એવા શ્રી સિદ્ધ ભગવંતને મારી ત્રિકાલ વંદના હોજો.

૩ ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો આયરિયાણં" એ ત્રીજે પદે છત્રીશ ગુણે શોભિત, દક્ષિણ દિશાએ વિરાજમાન, પીત વર્ણ સહિત એવા શ્રી આચાર્ય ભગવાનને મારી ત્રિકાલ વંદના હોજો.

૪ " ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં" એ ચોથે પદે પચીશ ગુણે શોભિત, પશ્ચિમ દિશાએ વિરાજમાન, નીલવર્ણ સહિત એવા શ્રી ઉપાધ્યાયજીને મારી ત્રિકાળ વંદના હોજો.

૫ "ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં" એ પાંચમે પદે સત્તાવીશ ગુણો શોભિત, ઉત્તર દિશાએ બિરાજમાન, કૃષ્ણવર્ણ સહિત એવા સર્વ સાધુને મારી ત્રિકાળ વંદના હોજો.

૬ "ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો દંસણસ્સ" એ છઠ્ઠે પદે સડસઠ બોલે શોભિત, નૈઋત્ય ખૂણે બિરાજમાન, શ્વેતવર્ણ સહિત એવા શ્રી દર્શનપદને મારી ત્રિકાળ વંદના હોજો.

૭ "ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો નાણસ્સ" એ સાતમે પદે એકાવન ભેદે શોભિત, અગ્નિ ખૂણે બિરાજમાન, શ્વેતવર્ણ સહિત એવા શ્રીજ્ઞાનપદને મારી ત્રિકાળ વંદના હોજો.

૮ "ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો ચારિત્તસ્સ" એ આઠમે પદે સત્તરભેદે શોભિત, વાયવ્ય ખૂણે બિરાજમાન, શ્વેતવર્ણ સહિત એવા શ્રી ચારિત્રપદને મારી ત્રિકાળ વંદના હોજો.

૯ "ઇચ્છામિ૦ "ૐ હ્રીં નમો તવસ્સ" એ નવમે પદે બાર ભેદે શોભિત, ઈશાન ખૂણે બિરાજમાન, શ્વેતવર્ણ સહિત એવા શ્રી તપ પદને મારી ત્રિકાળ વંદના હોજો.

આ રીતે નવ દિવસ પર્યંત વિધિ કરવો. આ સંક્ષેપથી વિધિ કહ્યો છે, સવિસ્તર વિધિ સુવિહિત ગુરુદ્વારા તેમજ નવપદની ઓળીની વિસ્તૃત બુકથી જાણવો.

## ( ખમાસમણ દેતાં બોલવાના દુહા. )

પરમ પંચ પરમેષ્ઠીમાં. પરમેશ્વર ભગવાન;<br>
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ. ૧

અષ્ટ કર્મ મલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ;
ભાવામય ઔષધ સમી, અમૃત દૃષ્ટિ જાસ. ૨
છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતા, નમો નમો તે સૂરીંદ. ૩
સૂક્ષ્મ બોધ વિણુ જીવને, ન હોય તત્ત્વપ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૪
સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૫
લોકાલોકના ભાવ જે, કેવલીભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૬
અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૭
રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૮
કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ. ૯

## ૧૨૨. નવ બ્રહ્મચર્ય ગુપ્તિ તપ (ન. ક.)

[ બ્રહ્મચર્ય ब्रह्मन् ઉપરથી બનેલો છે. શ્રી સ્થાનાંગ સૂત્રના નવમા સ્થાનની ટીકામાં જણાવ્યું છે કે ब्रह्म च कुशलानुष्ठानं, तच्च तच्चर्यं चाऽऽसेव्यमिति ब्रह्मचर्यम् । બ્રહ્મ એટલે કુશળ અનુષ્ઠાન, તેનું સેવન કરવું તે બ્રહ્મચર્ય.

કુશળ અનુષ્ઠાન એટલે આત્માને હિતકારક ક્રિયા. સામાન્ય રીતે બ્રહ્મચર્યનો વ્યવહારુ અર્થ એ છે કે-સ્ત્રીભોગથી રહિત થવું; મૈથુનનો ત્યાગ કરવો.

શ્રીમદ્ હેમચંદ્રસૂરિજી મહારાજે યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશમાં બ્રહ્મચર્યના અઢાર પ્રકાર દર્શાવ્યા છે.

**दिव्यौदारिककामानां, कृतानुमति–कारितैः ।**
**मनो–वाक्–कायतस्त्यागो, ब्रह्माष्टादशधा मतम् ॥**

દિવ્ય અને ઔદારિક કામોનો મન, વચન ને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ કરવો–એ પ્રમાણે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું છે. "દિવ્ય" એટલે દેવ સંબંધી અને "ઔદારિક" એટલે મનુષ્ય તથા તિર્યંચ સંબંધી કામભોગ –મૈથુન સેવવાની ઇચ્છાનો મન, વચન અને કાયાથી સ્વયં ત્યાગ કરવો, બીજા પાસે ત્યાગ કરાવવો અને જેઓ મથુન સેવતા હોય તેઓને સારા જાણુવા નહિ.

મૈથુન–કામભોગેચ્છા બે પ્રકારની છે. સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત. સ્ત્રી–પુરુષ આદિની પરસ્પર સંગ કરવાની ઇચ્છા તે "સંપ્રાપ્ત કામભોગ" છે. તેના હસિત, લલિત વિગેરે આઠ પ્રકારો કામશાસ્ત્રમાં વર્ણવ્યા છે. સંગ કરવાની ઇચ્છાવાળી વ્યક્તિની ગેરહાજરી હોય ત્યાં તેનું સ્મરણ કરવું. ચિંતન કરવું તેમજ સંગ કરવાની તીવ્ર અભિલાષા કરવી તે "અસંપ્રાપ્ત–કામભોગ" કહેવાય છે.

ક્ષેત્રની રક્ષા કરવા માટે જેમ વાડ કરવામાં આવે છે

તે પ્રમાણે અઢાર પ્રકારના બ્રહ્મચર્યની રક્ષા માટે શાસ્ત્રકારોએ નવ પ્રકારની વાડ દર્શાવી છે જે નીચે પ્રમાણે છે.

૧. विविक्तवसतिसेवा—સ્ત્રી, પશુ અને નપુંસકના સહવાસથી રહિત એકાંત સ્થાનમાં નિવાસ કરવો.

૨. स्त्रीकथापरिहारः—સ્ત્રીઓ સંબંધી વાતોનો ત્યાગ.

૩. निषद्याऽनुपवेशनम्—સ્ત્રીઓની બેસવાની વસ્તુ પર બેસવું નહીં. જે પાટ, પાટલા કે આસન, શયન પર સ્ત્રી બેઠેલી હોય તે બે ઘડી પર્યન્ત વાપરવાં નહિ.

૪. इन्द्रियाप्रयोग—રાગને વશ થઇ સ્ત્રીઓનાં અંગોપાંગ, સ્તન, કટિ, મુખ આદિ અવયવો જોવાં પ્રયત્ન ન કરવો.

૫. कुड्यान्तरदाम्पत्यवर्जनम्—ભીંતને અંતરે સ્ત્રી પુરુષનું જોડેલું રહેલું હોય તેવા નિવાસસ્થાનનો ત્યાગ કરવો.

૬. पूर्वक्रीडितास्मृतिः—સ્ત્રી સાથે પૂર્વે કરેલ ક્રીડાનું સ્મરણ ન કરવું.

૭. प्रणीताभोजनम्—ઇંદ્રિયોને ઉત્તેજે તેવા માદક આહારપાનનો ત્યાગ કરવો. બને ત્યાં સુધી નિરસ આહાર જ વાપરવો.

૮. अतिमात्राऽभोगः–પ્રમાણથી અધિક આહાર ન કરવો.

૯. विभूषा–परिवर्जनम्—શરીરની ટાપટીપ ન કરવી, શૃંગાર ન સજવો.

દરેક વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રતની મહત્તા છે અને તેને જ કારણે કહેવાય છે કે-બ્રહ્મચર્ય વ્રતધારીને પ્રણામ કરીને પછી જ ઇંદ્ર મહારાજા પોતાના સિંહાસન પર બેસે છે. ]

આ તપમાં એક એક ગુપ્તિને આશ્રયીને એક એક એકાસણું નવ નવ કવળનું કરવું. એટલે નવ દિવસે આ તપ પૂરો થાય અને તેમાં કવળસંખ્યા એકાશી થાય. સાથીયા વિગેરે નવ નવ કરવા. ગરણું—" ૐ હ્રીઁ નમો નવબંભચેરગુત્તિધરાણં " એ પદનું વીશ નવકારવાળી પ્રમાણ ગણવું.

ઉદ્યાપને સાધુ સાધ્વીને તથા બ્રહ્મચારી શ્રાવક શ્રાવિકાને વસ્ત્ર દાન દેવું.

## ૧૨૩. નિગોદ આયુક્ષય તપ (જૈ. સિં.)

[ સાધારણ વનસ્પતિકાયને નિગોદ કહેવામાં આવે છે. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયને સૂક્ષ્મ નિગોદ કહેવામાં આવે છે. ચર્મચક્ષુથી જેને ન જોઈ શકાય તેને સૂક્ષ્મ કહેવામાં આવે છે. આ વિશ્વમાં અસંખ્ય ગોળાઓ છે, એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે અને એક એક નિગોદમાં અનંતા જીવો હોય છે.

જેઓ અનાદિકાળથી સૂક્ષ્મનિગોદમાં જ રહેલા છે, કદાપિ તેમાંથી બહાર નીકળ્યા જ નથી તેઓ " અવ્યવહારરાશિ "ના જીવો કહેવાય છે. જે જીવો સૂક્ષ્મનિગોદમાંથી બહાર નીકળી ચૂક્યા હોય છે તે "વ્યવહારરાશિ"ના જીવો કહેવાય છે.

નિગોદના જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. અંતર્મુહૂર્તનો કાળ એટલે બે ઘડીની અંદરનો કાળ. તેની

શરૂઆત નવ સમયથી થાય છે. અત્યંત સૂક્ષ્મ કાળને સમય કહેવામાં આવે છે. નિમિષમાત્રમાં અસંખ્ય સમયો વ્યતીત થઈ જાય છે. આવા "નિગોદ" સંબંધી આયુના ક્ષય માટે આ તપ કરવામાં આવે છે. ]

પ્રથમ એક ઉપવાસ ઉપર એકાસણું. પછી બે ઉપવાસ ઉપર એકાસણું, પછી ત્રણ ઉપવાસ ઉપર એકાસણું, પછી બે ઉપવાસ ઉપર એકાસણું, પછી એક ઉપવાસ ઉપર એકાસણું- એમ ચૌદ દિવસે તપ પૂર્ણ કરવો. ઉદ્યાપને ચૌદ મોદક ઢોકવા. આ તપનું ફળ નિગોદના આયુષ્યનો ક્ષય થાય તે છે. "નમો અરિહંતાણં" એ પદની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## બીજો વિધિ. (રં. વિ.)

પ્રથમ એક ઉપવાસ પછી એકાસણું, પછી બે ઉપવાસ એક એકાસણું, પછી ત્રણ ઉપવાસ એક એકાસણું, પછી ૪ ઉપવાસ એક એકાસણું, પછી ૫ ઉપવાસ એક એકાસણું, પછી ૪ ઉપવાસ ને એકાસણું, પછી ૩ ઉપવાસ ને એકાસણું, પછી ૨ ઉપવાસ ને એકાસણું. પછી એક ઉપવાસ ને એકાસણું– એ પ્રમાણે કુલ ૩૪ દિવસ (૨૫ ઉપવાસ ને ૯ એકાસણાં) કરવાથી પણ એ તપ થાય છે. બાકીનો વિધિ ઉપર પ્રમાણે જાણવો. ઉદ્યાપને ૩૪ મોદક વિગેરે પ્રભુ પાસે ઢોકવા.

## ૧૨૪. નિજિગીષ્ઠ તપ. (નં. અ. વિગેરે વિ. પ્ર.)

આ તપમાં એક ઉપવાસ ઉપર એક આંબિલ–એ પ્રમાણે આઠ ઉપવાસ અને આઠ આંબિલવડે એટલે સોળ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં સોળ મોદક, ફળ વિગેરે દેવ પાસે ઢોકવા. (નીરૂજશિખ અથવા નિરૂજસિંહ તપ કૃષ્ણ–પક્ષે જ થાય છે. તેમાં મુખ્યત્વે ગ્લાન સાધુ સાધ્વીની વૈયાવચ્ચ કરવાની છે. તેમજ તે તપ પંદર દિવસે પૂર્ણ થાય છે. જુઓ તપ નંબર (૬૩) ૐ હ્રીં "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૨૫. પદકડી તપ. (જૈ. પ્ર. જૈ. સિં.)

પ્રથમ એક ઉપવાસ કરીને પારણું, પછી બે ઉપવાસ કરીને પારણું, પછી એક ઉપવાસ કરીને પારણું, એ પ્રથમ ઓળી થઈ. પછી એક ઉપવાસ ઉપર પારણું, બે ઉપવાસ ઉપર પારણું, એક ઉપવાસ ઉપર પારણું, એ બીજી ઓળી થઈ. પછી એક ઉપવાસ ઉપર પારણું, બે ઉપવાસ ઉપર પારણું, ત્રણ ઉપવાસ ઉપર પારણું, બે ઉપવાસ ઉપર પારણું, એક ઉપવાસ ઉપર પારણું એ ત્રીજી ઓળી થઈ. પછી એક ઉપવાસ ને પારણું, બે ઉપવાસ ને પારણું, ત્રણ ઉપવાસ ને પારણું, ચાર ઉપવાસ ને પારણું, ત્રણ ઉપવાસ ને પારણું, બે ઉપવાસ ને પારણું. એક ઉપવાસ ને પારણું, એ ચોથી ઓળી થઈ. કુલ ૩૩ ઉપવાસ ને ૧૮ પારણા મળી ૫૧ દિવસ થાય. ઉદ્યાપનમાં તપની સંખ્યા

જેટલા (૩૩) મોતી તથા પ્રવાલ દેવને ચઢાવવા. પૂજા વિગેરે યથાશક્તિ કરવું. "નમો સિદ્ધાણં" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે આઠ આઠ કરવા.

## ૧૨૬. દારિદ્રયહરણ તપ. (વિ. પ્ર.)

આ તપ પૂર્ણિમાથી શરૂ કરવાનો છે. પ્રથમ દિવસે ઉપવાસ, બીજે દિવસે એકાસણું, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે આયંબિલ, પાંચમે દિવસે બેસણું, એ પ્રમાણે એક ઓળી થઈ. બીજી ઓળી પણ એ જ પ્રમાણે કરવી. કુલ દશ દિવસે આ તપ પૂર્ણ થાય છે. પારણે સાધુને દાન આપવું. ઉદ્યાપને જ્ઞાનપૂજા કરવી. ૐ હ્રીં "નમો નાણસ્સ" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે ૫૧ કરવા.

## ૧૨૭. પંચામૃત તપ. (વિ. પ્ર.)

આ તપમાં પાંચ અઠ્ઠમ છ માસમાં કરવાનાં છે. તેમાં પહેલા અઠ્ઠમને પારણે સાધુને વહેરાવીને શ્રીખંડ ખાવો. બીજા અઠ્ઠમને પારણે શીરો ખાવો. ત્રીજા અઠ્ઠમને પારણે લાપસી, ચોથા અઠ્ઠમને પારણે લાડુ તથા પાંચમા અઠ્ઠમને પારણે ખીર ખાવી. દરેક પારણે સાધુને વહેરાવીને પછી પારણું કરવું. ૐ હ્રીં "નમો અરિહંતાણં" પદની નવકારવાલી ૨૦ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૨૮. પાંચ છટ્ઠ તપ. (પં. ત.)

પ્રથમ છઠ્ઠ કરીને પારણે ઘૃત, સાકર અને ઘઉંનો આટો (ચુરમું અથવા શીરો), બીજા છટ્ઠને પારણે દૂધ, ચોખા ને સાકર, ત્રીજા છટ્ઠને પારણે ઝોળી પાત્રાં સાધુ સાધ્વીને વહોરાવીને ભર્યે ભાણે એકાસણું. ચોથા છટ્ઠને પારણે મૂર્ચ્છા રહિત સ્વાદ કર્યા વિના એકાસણું. પાંચમાં છટ્ઠને પારણે પાણીનો લોટો ભરીને બે ત્રણ ઘેર જવું. જો કોઈ જમવાનું ન કહે તો તે દિવસે ઉપવાસ કરવો. આ તપ પાંચ છટ્ઠ તથા પાંચ પારણાવડે એટલે પંદર દિવસે પૂરો થાય છે. ઉદ્યાપને સ્વામી ભાઈઓને જમાડીને શ્રીફળ આપવાં. ૐ હ્રીં "નમો અરિહંતાણ" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૨૯. પંચ મહાવ્રત તપ.

[જે વ્રત ઘણું મોટું હોય, પાળવામાં મુશ્કેલ હોય તેને "મહાવ્રત" કહેવામાં આવે છે. વ્રત એટલે પ્રતિજ્ઞા.

શ્રી સ્થાનાંગ સૂત્રના પાચમા સ્થાનકમાં કહેવામાં આવ્યું છે કે—

पञ्च महव्वया पण्णत्ता. तं जहा—१ सव्वाओ पाणाइवायाओ वेरमणं, २ सव्वाओ मुसावायाओ वेरमणं, ३ सव्वाओ अदिन्नादाणाओ वेरमणं, ४ सव्वाओ मेहुणाओ वेरमणं, ५ सव्वाओ परिग्गहाओ वेरमणम् ।

**૧. સર્વ પ્રાણાતિપાતવિરમણ**–હિંસાનો સર્વથા ત્યાગ.

**૨. સર્વ મૃષાવાદવિરમણ**–અસત્ય જૂઠાંનો સર્વથા ત્યાગ.

**૩. સર્વ અદત્તાદાનવિરમણ**–ચોરીનો સર્વથા ત્યાગ.

**૪. સર્વ મૈથુનવિરમણ**–મૈથુનનો સર્વથા ત્યાગ.

**૫. સર્વ પરિગ્રહવિરમણ**–પરિગ્રહનો સર્વથા ત્યાગ.

આ મહાવ્રતોને "સર્વવિરતિ" કહેવામાં આવે છે. વળી તે સર્વવિરતિ–ચારિત્રનાં મૂળ પાયારૂપ હોવાથી "મૂળગુણ" તરીકે પણ ઓળખાય છે. ]

આ તપમાં પ્રત્યેક મહાવ્રતને આશ્રયીને એક એક ઉપવાસ તથા એક બેસણું કરવું. એમ પાંચ ઉપવાસ એકાંતર બેસણાના પારણાવાળા કરવાથી દશ દિવસે તપ પૂર્ણ થાય છે. "ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં" પદની નવકારવાલી વીશ ગણવી. સાથીયા વિગેરે સત્તાવીશ કરવા.

## ૧૩૦. પાર્શ્વજિન ગણધર તપ

[ભગવંત મહાવીરને અગિયાર ગણધરો હતા ત્યારે પુરુષાદાણી શ્રી પાર્શ્વનાથ ભગવંતને દશ ગણધરો હતા. તેમને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. તે દશે ગણધરોના વિસ્તૃત જીવનચરિત્ર માટે શ્રી પાર્શ્વનાથચરિત્ર વાંચવું યોગ્ય

છે. અહીં તો માત્ર તેમના માતા-પિતા વિગેરે હકીકત જણાવી છે.

૧. **શુભદત્ત**-ક્ષેમપુરી નગરી, ધનંજય પિતા, લીલાવતી માતા.

૨. **આર્યઘોષ**-રાજગૃહીનગરી, મંત્રીપુત્ર, બાળબ્રહ્મચારી.

૩. **વિશિષ્ટ**-કાંપિલ્યપુર નગરી, મહેંદ્રરાજાના પુત્ર.

૪. **બ્રહ્મ**-સુરપુરનગર, કનકકેતુ રાજા પિતા, શાંતિમતી માતા, બાલબ્રહ્મચારી.

૫. **સોમ**-ક્ષિતિપ્રતિષ્ઠિત નગર, મહીધર રાજા પિતા, રેવતી માતા.

૬. **શ્રીધર**-પોતનપુર નગર, નાગબાળ રાજા પિતા, સુંદરી માતા.

૭. **વીરભદ્ર**( વારિષેણ )-મિથિલા નગરી, નમિ રાજા પિતા, યશોધરા માતા.

૮. **યશોભદ્ર** ( ભદ્રયશ )-પોતનપુર નગર, સમરસિંહ રાજા, પદ્મા માતા.

૯. **અમાયિ ( જય ) મહાગુણી ( વિજય )**-શ્રાવસ્તી નગરી, રાજપુત્રો.

આ તપમાં લગોલગ દશ છઠ્ઠ કરવા. છઠ્ઠને પારણે **બેસણું કરવું. સાથીયા વિગેરે દશ દશ કરવા. ગરણું નીચે પ્રમાણે**—

૧ શ્રી શુભગણધરાય નમઃ ।
૨ શ્રી આર્યઘોષગણધરાય નમઃ ।
૩ શ્રી વિશિષ્ટગણધરાય નમઃ ।
૪ શ્રી બ્રહ્મગણધરાય નમઃ ।
૫ શ્રી સોમગણધરાય નમઃ ।
૬ શ્રી ધરગણધરાય નમઃ ।
૭ શ્રી વીરભદ્રગણધરાય નમઃ ।
૮ શ્રી યશોભદ્રગણધરાય નમઃ ।
૯ શ્રી અમાયિ (જય) ગણધરાય નમઃ ।
૧૦ શ્રી મહાગુણિ (વિજય) ગણધરાય નમઃ ।

ઉદ્યાપનમાં શ્રી ગણધર દેવની પૂજા કરવી ને તેને અંગીયાં વિગેરે ૧૦ ચડાવવાં. ગણધરની પ્રતિમાને અભાવે કોઈ પણ પ્રભુની પ્રતિમાને ચડાવવાં.

## ૧૩૧. પોષદશમી (પં. ત. વિગેરે)

[ હિંદી પોષ વદ ૧૦ અને ગુજરાતી માગશર વદ ૧૦ ને દિવસે આ તપની શરૂઆત થાય છે. આ તપ ત્રણ પ્રકારે કરી શકાય છે.

(૧) દશ વર્ષ ને દશ માસ સુધી માગશર વદ ૯, ૧૦ ને ૧૧ એ પ્રમાણે ત્રણ દિવસના આરાધનથી.

(૨) યાવજ્જીવ માગશર વદ ૧૦ ના આરાધનથી.

(૩) દશ વર્ષ પર્યન્ત માગશર વદ ૧૦ ના આરાધનથી.

શ્રેણિક મહારાજાએ રાજગૃહીના ઉદ્યાનમાં ભગવંત મહાવીરસ્વામીને પ્રશ્ન કર્યો કે ભગવંત! પોષ માસમાં કયો દિવસ ઉત્તમ ગણાય?

ભગવંતે કહ્યું કે–પોષ દશમનો દિવસ ઉત્તમ દિવસ છે. શ્રેણિક મહારાજાએ પુનઃ પૂછ્યું કે તેનું કારણ શું? તેમજ તે દિવસના આરાધનથી કોને કેવું ફળ પ્રાપ્ત થયું?

ભગવંત મહાવીરે શ્રેણિક રાજાને જણાવ્યું કે–પોષ દશમ એ મારા પુરોગામી તેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવંતનો જન્મદિન છે, તે કારણે તેનું અતિ માહાત્મ્ય છે. તે દિવસના આરાધનથી સુરદત્ત શ્રેષ્ઠીને ગયેલી ઋદ્ધિ સાંપડી અને છેવટે સિદ્ધિગતિ પ્રાપ્ત કરશે. આ સંબંધી સંક્ષિપ્ત વૃત્તાંત નીચે પ્રમાણે છે.

વાણારસી (કાશી) નગરીમાં **અશ્વસેન** રાજાની **વામા** રાણીની કૂખે ચૌદ સ્વપ્નથી સૂચિત શ્રી પાર્શ્વનાથનો પોષ વદિ દશમના રોજ જન્મ થયો. તેઓશ્રીના જન્મથી રાજ્યમાં સર્વત્ર આનંદ પ્રસર્યો. અશ્વસેન રાજાએ દીન-યાચક જનોને સારા પ્રમાણમાં દાન આપી સંતોષિત કર્યા.

કુશસ્થળના પ્રસેનજિત રાજાને **પ્રભાવતી** નામની સર્વગુણસંપન્ન અને અપૂર્વ લાવણ્યવતી રાજકુમારી હતી. કલિંગદેશના **યવન** રાજાએ પ્રભાવતીને પ્રાપ્ત કરવા માટે કુશસ્થળને ઘેરો ઘાલ્યો. પ્રસેનજિત રાજવીએ અશ્વસેન રાજવીની સહાય માગી. પિતાશ્રીને અટકાવી શ્રી પાર્શ્વનાથ

ભગવંત પોતે કુશસ્થળ ગયા. તેમના આગમન માત્રથી જ યવન રાજવી ચાલ્યો ગયો. પ્રસેનજિતે શ્રી પાર્શ્વનાથ ભગવંત સાથે પ્રભાવતીના મહોત્સવપૂર્વક લગ્ન કર્યા.

એકદા ભગવંત શ્રી પાર્શ્વનાથ ઝરૂખામાં બેસી નગરચર્યા નિહાળી રહ્યા હતા તેવામાં ઘણા લોકોને આનંદપૂર્વક વિવિધ સામગ્રી લઈને જતાં નિહાળ્યા. તપાસને અંતે જણાયું કે **કમઠ** નામનો યોગી ઉદ્યાનમાં આવેલ છે. તે પંચાગ્નિ તપ કરે છે, તેથી લોકો તેના વંદન-પૂજનાર્થે જઈ રહ્યા છે. ભગવંતે આ મિથ્યાત્વી ક્રિયા જાણી લોકોને સન્માર્ગે લાવવા વિચાર્યું. ત્રણ જ્ઞાનવાળા પરમાત્માને શું અજાણ્યું હોય ?

તેઓ રાજસવારી સાથે કમઠ યોગી પાસે પધાર્યા. તે વખતે યોગી પાસે પંચાગ્નિ પ્રજ્વલતો હતો. લાકડાની મધ્યમાં સર્પ પણ બળી રહ્યો હતો; તે ભગવંતના ખ્યાલ બહાર કેમ જાય ? લોકોને આકર્ષવા માત્રમાં સત્યધર્મ નથી. સદ્ધર્મ તો શુદ્ધ નિષ્કલંક આચરણ અને વ્યવહારમાં જ રહેલો છે, તે દર્શાવવા પરમાત્માએ સળગી રહેલા કાષ્ઠને પોતાના સેવક મારફત ફડાવ્યું તો તેમાં અર્ધદગ્ધ થયેલો સર્પ સૌ કોઈના જોવામાં આવ્યો. સર્પ મૃત્યુનો મહેમાન બની રહ્યો હતો. પરમાત્માએ સેવક મારફત તેને નવકાર-મંત્રનું શ્રવણ કરાવ્યું, જેના પ્રભાવથી મૃત્યુ પામી સર્પ ધરણેંદ્ર તરીકે ઉપન્યો.

કમઠના અજ્ઞાન તપ-કષ્ટથી લોકો તેનાથી વિમુખ થયા. કમઠને પોતાના પરાભવથી પાર્શ્વકુમાર પર દ્વેષ

ઉપજ્યો, પરંતુ તેવી સ્થિતિમાં તે તેમનું કંઈ અહિત કરી શકે તેમ ન હતો. કાળયોગે મૃત્યુ પામી કમઠ મેઘમાલી દેવ તરીકે ઊપન્યો.

વસંતઋતુના આગમનથી પાર્શ્વકુમાર પ્રભાવતી દેવી સાથે ક્રીડાર્થે ગયા. ત્યાં જિનમંદિર નીહાળતાં તેમાં પ્રવેશ કર્યો. જિનમંદિરની ભીંત પર પોતાના પુરોગામી બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવંતે પોતાની પત્ની રાજીમતીનો, લગ્ન કર્યા પૂર્વે જે ત્યાગ કર્યો હતો તે સંબંધી ચિત્રો નજરે ચડયાં. પરમાત્માને નિમિત્ત મળી ગયું. સંસાર ત્યાગ કરવાની મનોભાવના થઈ. તેવામાં લોકાંતિક દેવોએ આવીને "ધર્મ પ્રવર્તાવવા" માટે પ્રભુને પ્રાર્થના કરી.

સંવત્સર દાન આપી પરમાત્માએ માગશર વદ ૧૧ ના રોજ પારમેશ્વરી પ્રવજ્યા ગ્રહણ કરી. દીક્ષા બાદ "કાદંબરી" અટવીમાં આવતાં જાતિ સ્મરણજ્ઞાનને પ્રાપ્ત થયેલા હસ્તીએ પોતાની સુંઢ દ્વારા પ્રભુને સ્નાનાભિષેક કર્યો. તે સ્થળ "કલિકુંડ" તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

બાદ કૌત્સુભ વનમાં આવતાં પરમાત્માના દેહ પર ધરણેંદ્રે પોતાની ફણા પ્રસારી એટલે તે સ્થળે સ્મૃતિ તરીકે અહિચ્છત્રા નામની નગરી વસી.

મેઘમાળી દેવે પોતાનું વૈર વાળવા માટે શ્રી પાર્શ્વપ્રભુ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા હતા તે સમયે વિવિધ ઉપસર્ગો કર્યા, પરન્તુ મેરુપર્વત શું પ્રચંડ વાયુથી પણ કંપાયમાન થાય? પરમાત્માને નિશ્ચળ જાણી મેઘમાલી દેવે અખંડ ધારાએ વૃષ્ટિ શરૂ કરી. નદી–નાળાં ઉભરાઈ ગયા, જમીન

પર જાણે પાણી સમાતું ન હોય તેવો દેખાવ થઈ રહ્યો. સાત અહોરાત્રિ પર્યંત મુશળધાર વૃષ્ટિ થવાથી પરમાત્માની નાસિકા પર્યંત જળ આવી લાગ્યું તેવામાં ધરણેંદ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી મેઘમાલી દેવનું આ દુષ્ટકૃત્ય જાણી વેગપૂર્વક પરમાત્મા પાસે આવી, વિજ્ઞપ્તિ કરી તેમના પર પોતાની ફણાનું છત્ર કર્યું. ધરણેંદ્રે મેઘમાલી દેવને તેના દુષ્કૃત્ય માટે ઉપાલંભ આપ્યો. મેઘમાલી પણ પરમાત્માની નિશ્ચલતા અને સમભાવ પાસે પોતાનો પરાભવ સ્વીકારી, પરમાત્માને નમી, ખમાવીને ચાલ્યો ગયો. ધરણેંદ્ર પણ પરમાત્માની પ્રાર્થના કરી સ્વસ્થાને ગયો.

પરમાત્મા ત્યાંથી વિહાર કરી આશ્રમપદ ઉદ્યાનમાં આવ્યા અને ચૈત્ર વદ ચોથને દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી, પોતાનો નિર્વાણસમય નજીક જાણી શ્રી સમેતશિખર પર પધાર્યા. ૭૦ વર્ષ દીક્ષિત જીવન અને ૩૦ વર્ષ ગૃહસ્થજીવન–કુલ એક સો વર્ષનું આયુષ્ય ભોગવી, શ્રી સમેતશિખર પર તેત્રીસ મુનિવરો સાથે એક માસના અનશનપૂર્વક નિર્વાણ પામ્યા.

શ્રી પાર્શ્વનાથ ભગવંતનું આદેયનામકર્મ અતિશય હતું તેથી સર્વત્ર વિશેષ પૂજન તેમજ આદરને પાત્ર બન્યા છે.

સુરેન્દ્રપુર નગરમાં નરસિંહ રાજાને ગુણસુંદરી રાણી હતી. તે જ નગરમાં સુરદત્ત શ્રેષ્ઠીને શીલવતી નામની પત્ની હતી. શ્રેષ્ઠીને અઢળક ધન હતું પણ મિથ્યાત્વથી વાસિત હતા.

એક વખત માલના અઢીસો વહાણ ભરીને રત્નદ્વીપે મોકલ્યા. ક્રય વિક્રય કરતાં ઘણો નફો મળ્યો. બીજા કરિયાણાં ભરી વહાણો પાછા ફરતાં હતાં તેવામાં સમુદ્રમાં વાવંટોળ ઉત્પન્ન થયો અને તે બધા વહાણો કાળકૂટ દ્વીપે જઈ ચઢયા. વહાણો પાછા ન ફર્યા પરંતુ ઘરમાં નિધાનરૂપે રાખેલ અગિયાર ક્રોડ સોનૈયા પણ કોલસામાં ફેરવાઈ ગયા. પાંચસો ગાડાં માલ ભરીને આવતા હતા તેને લૂંટારાઓ લૂંટી ગયા. આ પ્રમાણે અણધારી ઉપાધિથી એક વખતના સર્વશ્રેષ્ઠ શ્રીમંત સુરદત્ત શ્રેષ્ઠી રંક બની ગયો. ધન ચાલ્યા જતાં નગરશેઠ તરીકેનો માન-મરતબો પણ ચાલ્યો ગયો. જેનો પડયો બોલ ઝીલી લેવામાં આવતો હતો ત્યાં તેમની સામે નજર નાખનાર પણ કોઈ ન રહ્યું.

કાળયોગે દેવેંદ્રસૂરિ તે નગરમાં પધાર્યા. નરસિંહ રાજવી દબદબાપૂર્વક વંદનાર્થે ગયો. સુરદત્ત શ્રેષ્ઠી પણ દેખાદેખીથી ગયો. સૂરિ મહારાજની દેશના સાંભળવાથી તેના હૃદયમાં અપૂર્વ શાંતિ પ્રસરી. દેશના બાદ સૌના ચાલ્યા જવા પછી એકાંતમાં ગુરુમહારાજે તેને જીવનું સર્વ સ્વરૂપ સમજાવી, તપશ્ચર્યાનો મહિમા પણ દર્શાવ્યો. સુરદત્ત શ્રેષ્ઠીએ ગુરુમહારાજની સૂચનાથી "**પોષદશમ**"ની આરાધના શરૂ કરી. આરાધનાને માત્ર દશ મહિના વીત્યા ત્યાં તો અઢીસો વહાણો માલ સાથે સહીસલામત પાછા આવ્યાં. ઘરમાં દાટેલું નિધાન પ્રગટ થયું અને આનંદ પ્રસર્યો. "પોષદશમી"નો આ પ્રભાવ જાણી સુરદત્તશ્રેષ્ઠીએ સવિશેષપણે આરાધના શરૂ કરી. નગરશેઠની પદવી પણ પુનઃ પ્રાપ્ત થઈ.

શેઠને દશ પુત્રો થયા. શેઠે પોષદશમીનું સારી રીતે ઉદ્યાપન કર્યું. પ્રાંતે ગુરુમહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. છઠ્ઠ–અઠ્ઠમની તપશ્ચર્યા કરતાં છેવટે કાળધર્મ પામી દશમા દેવલોકે ઉત્પન્ન થયા. ત્યાં વીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી, ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયને વિષે મંગલાવતી નગરીમાં સિંહસેન રાજવીની ગુણસુંદરી નામની પટ્ટરાણીની કૂખે **જયસેન** પુત્ર તરીકે જન્મશે. કેવલજ્ઞાન પ્રાપ્ત કરી પ્રાંતે સિદ્ધગતિ પ્રાપ્ત કરશે.

ભગવંત મહાવીરના મુખથી પોષદશમીનો આવો અચિન્ત્ય પ્રભાવ જાણી શ્રેણિક મહારાજાએ તે પવિત્ર દિનની અતિ પ્રશંસા કરી.]

આ તપ પોષ દશમી એટલે ગુજરાતી માગશર વદ દશમના દિવસને અનુસરીને થાય છે. તેમાં પ્રથમ નવમીને દિવસે સાકરના પાણીનું એકાસણું કરવું ને ઠામ ચોવિહાર કરવો. દશમીને દિવસે એકાસણું કરી ઠામ ચોવિહાર કરવો તથા અગિયારશને દિવસે તિવિહારું એકાસણું કરવું. એકાસણું કરીને ત્રિવિધ આહારનું પચ્ચક્ખાણ કરવું. ત્રણે દિવસ બ્રહ્મચર્ય પાળવું. બન્ને વખત પ્રતિક્રમણ કરવું. જિનમંદિરમાં જઈ અષ્ટ પ્રકારી અથવા સત્તરપ્રકારી પૂજા ભણાવવી. સ્નાત્ર મહોત્સવ કરવો. નવ અંગે આડંબરપૂર્વક ભગવાનની પૂજા કરવી. ગુરુ પાસે આવી સિદ્ધાંતનું શ્રવણ કરવું. આ પ્રમાણે દશ વર્ષ સુધી કરવું. વળી તપને દિવસે (માગશર વદિ ૧૦ મે) પૌષધ કરવો.

આ પ્રમાણે જે તપ કરે છે તેની મનઃકામના સિદ્ધ થાય છે. આ લોકમાં ધનધાન્યાદિક પામે, પરલોકમાં ઈંદ્રાદિક પદ પામે અને છેવટે મોક્ષ પદ પામે. "ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાર્હતે નમઃ" એ પદનું ગરણું વીશ નવકારવાળી પ્રમાણ ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

ઉદ્યાપને દશ પૂંઠા, દશ રૂમાલ (પુસ્તક બાંધવાના), દશ નવકારવાલી, દશ નીલમણિ, દશ ચંદરવા, સોનું, રૂપું, કાંસું, પીત્તલ એ ચાર ધાતુઓની દશ દશ પ્રતિમા અને જ્ઞાન, દર્શન ને ચારિત્રના ઉપકરણો દશ દશ કરાવવા. બાકી વિધિ ગુરુગમથી જાણવો.

## ૧૩૨. બીજનો તપ (પં. ત.)

આ તપ કાર્તિક શુદી બીજથી શરૂ કરવાનો છે. તેમાં દરેક માસની શુદી બીજે ચોવિહાર ઉપવાસ કરવો. એ રીતે બાવીશ માસ સુધી અથવા ઉત્કૃષ્ટ બાવીશ વરસ સુધી આ તપ કરવો. સવાર સાંજ બન્ને વખત પ્રતિક્રમણ. પ્રતિલેખના, ત્રિકાલ દેવવંદન વિગેરે કરવું. ઉદ્યાપન શક્તિ પ્રમાણે કરવું. બાવીશ બાવીશ વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી. ગરણું વિગેરે નીચે પ્રમાણે સમજવું.

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| ૧ | નંદિસૂત્રાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૨ | અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ |

| અથવા | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧ ઓઘનિર્યુક્તિસૂત્રાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૨ અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ |

તપને દિવસે ઉપર પ્રમાણે બબ્બે ગરણાં વીશ વીશ નવકારવાળીનાં ગણવાં. સાથીયા વિગેરે પણ બબ્બે સૂત્રના કરવાં.

## ૧૩૩. મોટો રત્નોત્તર તપ. (રા. વિ.)

પ્રથમ એક અઠ્ઠમ કરીને પારણું, પછી બીજો અઠ્ઠમ કરીને પારણું, પછી ત્રીજો અઠ્ઠમ કરીને પારણું કરવું. પારણે બેસણું કરવું. એ રીતે ત્રણ અઠ્ઠમ અને ત્રણ પારણાવડે આ તપ થાય છે. "ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૩૪. રત્નરોહણ તપ. (જૈ. પ્ર. વિગેરે)

આ તપ આસો શુદિ પાંચમને દિવસે શરૂ કરવો. તેમાં ચાર ચાર દિવસની પાંચ ઓળી છે. તેમાં પ્રથમ દિવસે એકાસણું, બીજે દિવસે નીવી, ત્રીજે દિવસે આંબિલ ચોથે દિવસે ઉપવાસ, એ પહેલી ઓળી થઈ. બીજી ઓળીએ નીવી, આંબિલ, ઉપવાસ, એકાસણું અનુક્રમે કરવા. ત્રીજી ઓળીએ અનુક્રમે આંબિલ, ઉપવાસ, એકાસણું, નીવી કરવા. ચોથી ઓળીએ ઉપવાસ, એકાસણું, નીવી, આંબિલ કરવા. પાંચમી ઓળીએ ઉપવાસ, એકાસણું, નીવી, આંબિલ કરવા. આ રીતે

આ તપ વીશ દિવસે પૂરો થાય. ઉદ્યાપને નવકારવાળી ૫, સ્થાપનાચાર્ય ૫, રત્નમય બિંબ ૫ કરાવવા. મોદક ૨૦ જ્ઞાન પાસે ઢોકવા. તપના દિવસોમાં બ્રહ્મચર્ય સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરવી. પારણાને દિવસે ગુરુની અંગ-પૂજા યથાશક્તિ દ્રવ્યવડે કરવી. દેવની અષ્ટપ્રકારી પૂજા કરવી. આ તપ ત્રણ વર્ષ પર્યંત કરવો. "ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૩૫. બૃહત્સંસારતારણ તપ. (જૈ. પ. વિગેરે)

આ તપમાં પ્રથમ એક અઠ્ઠમ કરી પારણે આંબિલ કરવું. પછી બીજો અઠ્ઠમ કરી આંબિલ કરવું. પછી ત્રીજો અઠ્ઠમ કરી આંબિલ કરવું. એ રીતે નવ ઉપવાસ અને ત્રણ આંબિલ એમ બાર દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપને દૂધ ભર્યા તરભાણા ઉપર રૂપાની બેડી (વહાણ) તરાવવી. વહાણમાં રૂપાનાણું, મોતી, વિદ્રુમ ભરવાં. યથાશક્તિ પૂજા ભણાવવી. જ્ઞાનપૂજા કરવી. દેવ વાંદવા. પ્રતિક્રમણ, પડિલેહણ વિગેરે સર્વ કરવું. ગરણું વિગેરે નીચે પ્રમાણે વીશ નવકારવાળીનું ગણવું.

| | | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|---|
| ૧ | ૐ હ્રીં શ્રી કેશિગણધરાય નમઃ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૨ | ,, ,, ,, સૂરિસિંહગણધરાય નમઃ | ૧૧ | ૧૧ | ૧૧ | ૨૦ |
| ૩ | ,, ,, ,, દર્શનઆરાધનાય નમઃ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૪ | ,, ,, ,, જ્ઞાનઆરાધનાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |

| | સા૦ | પા૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૫ ૐ હ્રીઁ શ્રી ચારિત્રઆરાધનાય નમઃ | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |
| ૬ ,, ,, ,, તપઆરાધનાય નમઃ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૭ ,, ,, ,, દેવશ્રુતઆરાધનાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૮ ,, ,, ,, ક્ષાયિકસમ્યક્ત્વાય નમઃ | ૯ | ૯ | ૯ | ૨૦ |
| ૯ ,, ,, ,, સાગરસેનાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૧૦ ,, ,, ,, વિમલબોધાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૧૧ ,, ,, ,, મહાયશસે નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૧૨ ,, ,, ,, સર્વાનુભૂતાય નમઃ | ૮ | ૮ | ૮ | ૨૦ |

## ૧૩૬. લઘુ સંસારતારણ તપ. (જૈ. પ્ર. વિગેરે)

આ તપમાં પ્રથમ ત્રણ આંબિલ ઉપર એક ઉપવાસ, ફરી ત્રણ આંબિલ ઉપર એક ઉપવાસ, પછી ત્રીજી વાર ત્રણ આંબિલ ઉપર એક ઉપવાસ. એ રીતે નવ આંબિલ અને ત્રણ ઉપવાસ એમ બાર દિવસ વડે આ તપ પૂર્ણ થાય છે. બીજું સર્વ પૂર્વવત્ (જુઓ નં. ૧૩૫)

## ૧૩૭. ઋષભદેવ સંવત્સર તપ. (વર્ષીતપ) (પ્રત નં.બ.)

[આ તપને વર્ષી તપ કહેવામાં આવે છે. તેર માસ ને અગિયાર દિવસે આ તપ પૂર્ણ થાય છે. ગુજરાતી ફાગણ વદિ આઠમે તપની શરૂઆત કરવામાં આવે છે અને વૈશાખ શુદિ ત્રીજ–અક્ષય તૃતીયાને દિવસે ૧૦૮ શેરડીના રસના ઘડાથી પારણું કરવામાં આવે છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ

ભગવંતે ૪૦૦ ચારસો ઉપવાસને પારણે અક્ષય-તૃતીયાને દિવસે પારણું કરેલ, જેને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. ભગવંતના જેવું શરીર-સંઘયણ ન હોવાથી હાલમાં એકાંતર ઉપવાસથી આ તપ કરવામાં આવે છે. આ તપને લગતી હકીકત સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

ભગવંત ઋષભદેવ આ ચોવીશીના આદ્ય તીર્થંકર છે એટલું જ નહીં પણ વ્યવહાર-ધર્મના પણ આદિ પ્રવર્તક છે. તેઓશ્રીએ લોકોને વ્યવહાર શીખવાડયો, વાણિજ્યો શિખવ્યા અને કલ્પવૃક્ષોનો પ્રભાવ મંદ પડતાં લોકોને આજીવિકાનાં સાધનો પણ દર્શાવ્યાં.

તેઓશ્રીએ વીશ લાખ પૂર્વ વર્ષ યુવરાજાવસ્થામાં અને ત્રેસઠ લાખ પૂર્વ વર્ષ રાજ્યધૂરા વહન કરવામાં વ્યતીત કર્યા. એકદા તેઓશ્રી નંદનોદ્યાનમાં ગયા હતા ત્યાં લતામંડપમાં બિરાજી લોકોની ક્રીડા નીહાળી રહ્યા હતા. ક્રીડા નિહાળતાં નિહાળતાં તેઓને એવી વિચારણા ઉદ્‌ભવી કે-"આવું કંઈક મેં પૂર્વે નીહાળ્યું છે." આમ વિચારતાં-વિચારતાં તેઓશ્રીને જાતિસ્મરણ જ્ઞાન ઉદ્‌ભવ્યું. દીક્ષા સ્વીકારવાની વૃત્તિ થઈ તેવામાં જ લોકાંતિક દેવોએ આવીને પરમાત્માને પ્રાર્થના કરી કે-"સ્વામિન્ ! તીર્થ પ્રવર્તાવો." પરમાત્માએ સંવત્સરી દાન આપવું શરૂ કર્યું. બાદ ફાગણ વદિ આઠમના રોજ કચ્છ-મહાકચ્છ વિગેરે ચાર હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી.

યુગલિકોને દીક્ષિતોને કેવો નિરવદ્ય-બેંતાલીશ દોષ રહિત આહાર આપવો તેનું કંઈ પણ લક્ષ નહોતું. સંયમી અવસ્થામાં તો નિર્દોષ ગોચરી મળે તો જ સ્વીકારી શકાય.

પરમાત્માને પારણાને દિવસે શુદ્ધ એષણીય આહાર ન મળ્યો એટલે તેઓશ્રીએ ઉપવાસ શરૂ કર્યા. પરમાત્મા પ્રત્યેની ભક્તિથી લોકો તેમની સમક્ષ અશ્વ, ગજ, મૂલ્યવાન વસ્ત્રો, ઉત્તમ આભૂષણો વિગેરે પદાર્થો ધરવા લાગ્યા, પરંતુ પરમાત્માને તે પૈકી કોઈ પણ વસ્તુ કલ્પતી નહોતી. પારણા માટે કલ્પ્ય–શુદ્ધ આહાર ન મળે ત્યાંસુધી પરમાત્માએ ઉપવાસો શરૂ રાખ્યાં. કચ્છ મહાકચ્છાદિએ શરૂઆતમાં તો પરમાત્માનું અનુકરણ કર્યું પરંતુ છેવટે તેઓની ધીરજ ખૂટી અને વનમાં જઈ કંદ–મૂળનું ભક્ષણ કરનાર તાપસ બન્યા.

પરમાત્મા એકાકી વિચરતાં હસ્તિનાપુર પધાર્યા. દીર્ઘ તપસ્વી ભગવંતને પારણા માટે લોકોએ વિવિધ ભેટણાંઓ ધર્યા. વારંવાર વિજ્ઞપ્તિ કરી છતાં તે પૈકી પરમાત્માને કલ્પે તેવી એક પણ વસ્તુ ન હોવાથી પરમાત્માએ કંઈ પણ સ્વીકાર્યું નહિ એટલે લોકોએ, ખેદ પામીને કોલાહલ કરી મૂક્યો. અચાનક લોકોનો કોલાહલ સાંભળી રાજમંદિરમાં બેઠેલા ભરત મહારાજાના પૌત્ર અને સોમપ્રભ રાજવીના પુત્ર શ્રેયાંસકુમારે પ્રતિહારીને તપાસાર્થે મોકલ્યો. પ્રતિહારીએ ભગવંતનું આગમન જણાવ્યું. પરમાત્માનું આગમન સાંભળી શ્રેયાંસકુમાર ઊઘાડે પગે તેમની સન્મુખ દોડયો. પરમાત્મા પણ તેમના આંગણામાં જ પધારી રહ્યા હતા. પરમાત્માને જોતાં જ શ્રેયાંસકુમારને કુદરતી ભાસ થયો કે–પૂર્વે કયાંય મેં ભગવંતને જોયા છે. વારંવાર ઊહાપોહ કરતાં તેને તરત જ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેના પ્રભાવથી જાણ્યું કે–પૂર્વે પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં વજ્રનાભ ચક્રવર્તી હતા ત્યારે હું

તેમનો સારથી હતો. પરમાત્માને કલ્પી શકે તેવો આહાર વહોરાવવા માટે શ્રેયાંસકુમારે મનસૂબો કર્યો તેવામાં તો તે જ સમયે કોઈ એક નાગરિક તાજા શેરડીના રસના ભરેલા ઘડાંઓ શ્રેયાંસકુમારને ભેટણાં તરીકે આપવા માટે લઈ આવ્યો. શ્રેયાંસકુમારે તે ઈક્ષુરસ પરમાત્માને વહોરાવ્યો. પરમાત્માએ પણ તેને કલ્પ્ય જાણી પોતાનો હાથ પ્રસાર્યો. પરમાત્માએ પારણું કર્યું તે દિવસ વૈશાખ શુદ ત્રીજનો હતો. તે સમયથી તે દિવસ **અક્ષયતૃતીયા** તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

શ્રેયાંસકુમારે પરમાત્માને પારણું કરાવ્યાથી તે સ્થળે પંચ દિવ્ય પ્રગટ થયાં. પૂર્વભવમાં અનુભવેલ હોવાથી શ્રેયાંસકુમારે લોકોને મુનિધર્મ સમજાવ્યો અને ત્યારથી લોકોમાં સુપાત્ર-દાનની પ્રવૃત્તિ શરૂ થઈ. પરમાત્માએ સંવત્સરી દાનથી 'દાનધર્મ'' પ્રવર્તાવ્યો, પરંતુ શ્રેયાંસકુમારે તો "સુપાત્ર દાન" રૂપ ધર્મ પ્રવર્તાવ્યો.

આ પ્રમાણે ભગવંતે દીક્ષા-લીધા પછી તેર માસ ને અગિયાર દિવસે પારણું કર્યું, તેના અનુકરણરૂપે આ તપ કરવામાં આવે છે. શ્રી નવપદારાધનની જેમ હાલમાં આ તપની આરાધના દિવસે દિવસે વૃદ્ધિ પામતી રહે છે.]

આ તપ ફાગણ (ગુજરાતી) વદ ૮ ને રોજ શરૂ કરી યથાશક્તિ એકાંતર ઉપવાસ કરવા. તેમાં કુલ ઉપવાસ ૪૦૦ કરવા. તે ત્રીજે વર્ષે અક્ષય તૃતીયાને દિવસે પૂર્ણ થાય (તપ કરતાં વચમાં જે અક્ષય તૃતીયા આવે તે દિવસે ખાધા વાર

આવતો હોય તો ઉપવાસ કરવો.) છેલ્લે દિવસે દેવગુરુની પૂજાપૂર્વક સંઘવાત્સલ્ય કરી પારણું કરવું. "ૐ હ્રીં શ્રી ઋષભદેવનાથાય નમઃ" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

**બીજી રીત**—શ્રી ઋષભદેવસ્વામીના શાસનમાં ઉત્કૃષ્ટ તપ ૩૬૦ ઉપવાસનો છે. તેથી તેને આશ્રયીને ૩૬૦ ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. બીજું સર્વ ઉપર પ્રમાણે.

હાલમાં આ તપ કરવાનો પ્રચાર આ પ્રમાણે છે.–ફાગણ વદ ૮ને દિવસે ઉપવાસથી શરૂ કરી એકાંતરે પારણે બેસણું કરી તેર મહિના ને ૧૧ દિવસે એટલે અખાત્રીજને દિવસે પારણું કરે છે. પારણે ૧૦૮ ઘડા શેરડીના રસના અથવા સાકરના પાણીના પીએ છે. (ઘડો રૂપાનો અતિશય નાનો બનાવે છે.)

આ તપમાં બે દિવસ ભેગા ખાવાના ન આવવા જોઈએ. તથા ચઉદશનો ખાધાવાર ન આવવો જોઈએ, તેમ ત્રણ ચોમાસીના (૧૪–૧૫ના) છઠ્ઠ કરવા જોઈએ અને છેવટે છઠ્ઠથી ઓછે તપે પારણું ન કરવું જોઈએ પારણે શેરડીનો રસ પીવાનો છે, તે પણ તાજો જ હોય તો પીવાય, કારણ કે બે પહોર પછી શેરડીનો રસ લઘુપ્રવચનસારોદ્ધારમાં અભક્ષ્ય કહ્યો છે. તેવા રસના અભાવે સાકરના પાણીથી પણ ચાલે છે.

## ૧૩૮. છમાસી તપ. * [જ. પ્ર. વિગેરે]

શ્રી મહાવીરસ્વામીના શાસનમાં ઉત્કૃષ્ટ છ માસી (ઉપવાસ ૧૮૦નો) તપ છે. તેથી તેને આશ્રયીને એકસો એંશી ઉપવાસ એકાંતર પારણાવાળા કરવા. ઉદ્યાપને ૧૮૦ લાડુ, ફળ વિગેરે પ્રભુ પાસે ઢોકવાં. "ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામીનાથાય નમઃ" એ પદનું ગરણું નવકારવાળી વીશનું ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

એકાંતરા ઉપવાસ છ માસ સુધી કરવા. તેમાં ચઉદશે ખવાય નહીં. ચોમાસીનો છઠ્ઠ કરવો. શરૂ કરતાં છઠ્ઠ તેમજ પારણું પણ છટ્ઠે થાય છે. (આ છમાસી તપમાં ઉપવાસ ૯૦ થાય છે.)

## ૧૩૯. શત્રુંજયમોદક તપ. (જ. પ્ર. વિગેરે)

આ તપમાં પહેલે દિવસે પુરિમઢ્ઢ, બીજે દિવસે એકાસણું, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે આયંબિલ, પાંચમે દિવસે ઉપવાસ કરવો. ઉદ્યાપને પાંચ માણાના મોદક તથા પાંચ રૂપીયા દેવ પાસે ઢોકવા. જ્ઞાનની પૂજા રૂપાનાણાથી કરવી. "ૐ હ્રીઁ શ્રી શત્રુંજયતીર્થાય નમઃ" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે એકવીશ કરવા.

---

*આ ૧૮૦ ઉપવાસ પારણાવાળા શક્તિને અભાવે કહ્યા છે, નહીં તો આશરે ૩૦૦ વર્ષ અગાઉ દિલ્લીપતિના દિવાનનાં ફઈબા(ચંપાબા)એ લાગઠ ૧૮૦ ઉપવાસ પાદશાહ સમક્ષ કરેલ છે એવો લેખ છે.

## ૧૪૦ શત્રુંજય છઠ્ઠ, અઠ્ઠમ તપ. (પં. ત. વિગેરે)

[શ્રી શત્રુંજય તીર્થાધિરાજના વિશેષ વર્ણન માટે "શ્રી શત્રુંજય માહાત્મ્ય" વાંચવું. આ તપ પ્રચલિત છે અને શ્રી સિદ્ધાચલની 'યાત્રા નવાણું કરીએ વિમલગિરિ" એ સ્તવનમાં પણ કહેવામાં આવ્યું છે કે–**સાત છઠ્ઠ હોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ**–વિમલગિરિ યાત્રા નવાણું કરીએ"]

આ તપમાં પહેલો તથા છેલ્લો અઠ્ઠમ કરવો. અને વચ્ચે સાત છઠ્ઠ કરવા. એ રીતે વીશ ઉપવાસ તથા નવ પારણા મળી ૨૯ દિવસે તપ પૂર્ણ થાય છે. સાથીયા વિગેરે ૨૧–૨૧ કરવા. નવકારવાળી વીશ નીચે પ્રમાણે ગણવી.

અઠ્ઠમે ૧ ૐ હ્રીઁ શ્રી પુંડરીકગણધરાય નમઃ
છઠ્ઠે ૨ ,, ,, શ્રી ઋષભદેવસર્વજ્ઞાય નમઃ
,, ૩ ,, ,, શ્રી વિમલગણધરાય નમઃ
,, ૪ ,, ,, શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ
,, ૫ ,, ,, શ્રી હરિગણધરાય નમઃ
,, ૬ ,, ,, શ્રી બાહુબલિગણધરાય નમઃ
,, ૭ ,, ,, શ્રી સહસ્રાદિગણધરાય નમઃ
,, ૮ ,, ,, શ્રી સહસ્રકમલાય નમઃ
અઠ્ઠમ ૯ ,, ,, શ્રી કોડિગણધરાય નમઃ

અથવા નીચે પ્રમાણે

બંને અઠ્ઠમે ૧ શ્રી સિદ્ધાદ્રિશત્રુંજયસિદ્ધગિરિવરાય નમઃ
છઠ્ઠે ૨ ૐ હ્રીઁ શ્રી આદીશ્વરપરમેષ્ઠિને નમઃ

છઠ્ઠે ૩ ૐ હ્રીં શ્રી આદીશ્વરઅર્હતે નમઃ
" ૪ " " શ્રી આદીશ્વરનાથાય નમઃ
" ૫ " " શ્રી આદીશ્વરસર્વજ્ઞાય નમઃ
" ૬ " " શ્રી આદીશ્વરપારંગતાય નમઃ
" ૭ " " શ્રી શત્રુંજયસિદ્ધક્ષેત્રપુંડરીકાય નમઃ
" ૮ " " શ્રી સિદ્ધક્ષેત્રપુંડરીકવિમલગિરયે નમઃ

અથવા "શ્રી શત્રુંજયપર્વતાય નમઃ" એ ગરણું હંમેશાં ગણવું.

એકવીશ ખમાસમણ નીચે પ્રમાણે આપવા—

૧ ૐ હ્રીં શ્રી શત્રુંજયપર્વતાય નમઃ
૨ " " શ્રી પુંડરીકપર્વતાય નમઃ
૩ " " શ્રી સિદ્ધક્ષેત્રપર્વતાય નમઃ
૪ " " શ્રી વિમલાચલાય નમઃ
૫ " " શ્રી સુરગિરયે નમઃ
૬ " " શ્રી મહાગિરયે નમઃ
૭ " " શ્રી પુણ્યરાશયે નમઃ
૮ " " શ્રી પર્વતાય નમઃ
૯ " " શ્રી પર્વતેંદ્રાય નમઃ
૧૦ " " શ્રી મહાતીર્થાય નમઃ
૧૧ " " શ્રી સારસ્વતાય નમઃ
૧૨ " " શ્રી દૃઢશક્તિપર્વતાય નમઃ
૧૩ " " શ્રી મુક્તિનિલયાય નમઃ

૧૪ ॐ ह्रीँ શ્રી પુષ્પદંતાય નમઃ
૧૫ ” ” શ્રી મહાપદ્માય નમઃ
૧૬ ” ” શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૭ ” ” શ્રી સુભદ્રગિરિપર્વતાય નમઃ
૧૮ ” ” શ્રી કૈલાસગિરિપર્વતાય નમઃ
૧૯ ” ” શ્રી પાતાલમૂલાય નમઃ
૨૦ ” ” શ્રી અકર્મકાય નમઃ
૨૧ ” ” શ્રી સર્વકામપૂરણાય નમઃ

ઉદ્યાપનમાં નવાણું પ્રકારી પૂજા ભણાવવી. યથાશક્તિ જ્ઞાનપૂજા તથા પ્રભાવનાદિ કરવું.

## ૧૪૧. મેરુ ત્રયોદશી તપ (પં. ત. વિગેરે)

[ ગુજરાતી પોષ વદ તેરશ અને હિંદી માહ વદ તેરશને મેરુ ત્રયોદશી કહેવામાં આવે છે. આ પવિત્ર દિવસે ચાલુ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંત અષ્ટાપદ પર્વત પર નિર્વાણ પામ્યા તેને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે.

પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી એક લાખ પંચાશી હજાર સાડા છસો મુનિવરો, ત્રણ લાખ સાધ્વીઓ, ત્રણ લાખ ને પચીશ હજાર શુદ્ધ સમકિતધારી શ્રાવકો, તેમજ પાંચ લાખ, ચોપન હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર થયો. એક લાખ પૂર્વ સુધી સંયમ પાળ્યા પછી પોતાનો મોક્ષકાળ સમીપ જાણી પ્રથમ તીર્થંકર અષ્ટાપદ પર્વતે પધાર્યા અને

દશ હજાર મુનિવરો સાથે અનશન સ્વીકાર્યું. ત્રીજા સુષમદુષમ નામના આરાના નેવાસી પખવાડીયા બાકી રહ્યા ત્યારે પોષ વદ તેરશના રોજ પૂર્વાહ્ન સમયે, ચંદ્ર અભિજિત્ નક્ષત્રમાં હતો ત્યારે પર્યંકાસને બિરાજેલા પરમાત્મા લોકાગ્રને–સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થયા. પરમાત્માના અગ્નિસંસ્કારની ભૂમિની નજીક અષ્ટાપદ પર્વત પર ભરત મહારાજાએ ત્રણ કોશ ઊંચો ને એક યોજન લાંબો–પહોળો સિંહનિષદ્યા પ્રાસાદ કરાવ્યો અને તેમાં ચોવીશ તીર્થંકર પરમાત્માઓની માન, લાછન અને વર્ણયુક્ત પ્રતિમાઓ સ્થાપી, આને લગતું વિશેષ વર્ણન તપ નં. ૭૪ અને તપ નં. ૯૮ માં જણાવેલ છે. ]

આ તપનો ગુજરાતી માસ પ્રમાણે પોષ વદ તેરસને દિવસે આરંભ કરાય છે. તે દિવસે શ્રી ઋષભદેવ સ્વામીનું નિર્વાણ કલ્યાણક થયું છે, તેથી એ દિવસનું માહાત્મ્ય ઘણું મોટું છે. તે દિવસે ચઉવિહાર ઉપવાસ કરવો. (શક્તિ ન હોય તો તિવિહાર કરવો.) રત્નના પાંચ મેરુ કરવા તેમાં ચાર દિશાએ ચાર નાના મેરુ કરવા. રત્નના ન બને તો ઘીના કરવા. તેની પાસે ચાર દિશાએ ચાર નંદાવર્ત કરવા. દીપ, ધૂપ પ્રમુખ ઘણા પ્રકારની પૂજા કરવી. એ રીતે તેર મહિનાની અથવા તેર વરસની ત્રયોદશી કરવી. "ૐ હ્રીં શ્રી ઋષભદેવ પારંગતાય નમઃ" એ પદનું ગરણું નવકારવાળી વીશનું ગણવું. આ રીતે મહિને મહિને કરવાથી સર્વ કર્મનો ક્ષય થાય છે.

આ ભવ તથા પરભવને વિષે સુખસંપદા પામે છે. તે તપને દિવસે પોષધ કરવો. પારણાને દિવસે ગુરૂને પ્રતિલાભી–અતિથિસંવિભાગ કરી પારણું કરવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

❋

## ૧૪૨. શિવકુમારનો બેલો (છઠ્ઠ) તપ (જૈ. પ્ર. જૈ. સિ.)

[ નમસ્કાર મહામંત્રના આરાધનને અંગે આ તપ કરવામાં આવે છે. શ્રી નવકાર મહામંત્રના આરાધનથી કેટલાય પ્રાણીઓ ભવજલ તરી ગયા છે, પણ નવકાર મહામંત્રના પ્રચલિત **વાંછિત પૂરે વિવિધપરે, શ્રી જિનશાસન સાર; નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતા જયજયકાર"** આ છંદમાં જે તેર દષ્ટાંતો દર્શાવ્યા છે તેમાં શ્રી શિવકુમારનો ઉલ્લેખ છે; જેમ કે

**નવકાર થકી શ્રીપાળ નરેસર, પામ્યા રાજ્ય પ્રસિદ્ધ,**
**શ્મશાન વિષે શિવનામકુમારને, સોવનપુરુષો સિદ્ધ.**

આ પ્રમાણે ઉલ્લેખાયેલ શ્રી શિવકુમારનું સંક્ષિપ્ત કથાનક નીચે પ્રમાણે—

રત્નપુરના યશોભદ્ર શ્રેષ્ઠીને શિવકુમાર નામનો પુત્ર હતો. શ્રેષ્ઠી પાસે લક્ષ્મી ઘણી હતી. શિવકુમાર બાળવયથી જ કંઈક વિમાર્ગે ચઢી ગયો અને તેને પરિણામે લક્ષ્મીનો મોટો વ્યય થવા લાગ્યો. શેઠે તેને સુધારવા માટે અનેક પ્રયાસો કર્યાં, પણ શિવકુમાર પર તેની કંઈ અસર ન થઈ.

યશોભદ્ર શેઠ મરણપથારીએ પડયા ત્યારે તેણે શિવકુમારને પોતાની પાસે બોલાવી છેલ્લી હિતશિખામણ આપી કે-જ્યારે અચાનક અકસ્માત કે આફતનું કારણ ઉપસ્થિત થાય ત્યારે તારે નવકાર મહામંત્રનું સ્મરણ કરવું, શિવકુમારે તે શિખામણ સ્વીકારી ને પિતાએ પ્રાણ છોડયા.

પિતાના મૃત્યુ પછી શિવકુમાર ધીરે ધીરે તદ્દન નિર્ધન થઈ ગયો. જીવનનિર્વાહ પણ કેવી રીતે ચલાવવો તેની પણ તેને ચિંતા થવા લાગી. તેવામાં તેને એક કાપાલિકનો મેળાપ થઈ ગયો. કાપાલિક મંત્રપ્રયોગથી "સુવર્ણનો પુરુષ" સિદ્ધ કરવા માગતો હતો અને તે માટે તેને બત્રીશલક્ષણા ઉત્તરસાધક પુરુષની જરૂર હતી. શિવકુમારમાં તેને સર્વ લક્ષણો દેખાયા એટલે તેને લાલચ આપી પોતાની સાથે શ્મશાન ભૂમિમાં લઈ ગયો. તે સ્થળે એકાંતમાં યજ્ઞકુંડ બનાવ્યો. કાપાલિક એક શબ પણ લઈ આવ્યો અને તેના હાથમાં તલવાર આપી મંત્રજાપ શરૂ કર્યો. આ બધું દૃશ્ય જોતાં જ શિવકુમારને ખ્યાલ આવ્યો કે-આ મરણભય ઉપસ્થિત થયો જણાય છે. આફત સમયે નવકાર-મંત્રનું સ્મરણ કરવાની પિતાની હિત-શિખામણ તેને યાદ આવી.

તેણે એક ચિત્તથી નવકાર-મહામંત્રનો જાપ શરૂ કર્યો. તે મંત્રના જાપના પ્રભાવના કારણે કાપાલિકના મંત્રના જાપથી ઊભું થતું શબ પાછું પડવા લાગ્યું. એટલે કાપાલિકે શિવકુમારને પ્રશ્ન કર્યો કે-તું કંઈ પણ મંત્રજાપ કરે છે?

શિવકુમારે ઈન્કાર કર્યો. થોડો સમય વ્યતીત થયો તેવામાં તો નવકાર મહામંત્રના જાપના પ્રભાવથી શબે પોતાના હાથમાં રહેલ તલવારથી કાપાલિકનો જ વધ કર્યો અને તેને યજ્ઞકુંડમાં હોમી દેવાથી તે તરત જ "સુવર્ણ-પુરુષ"ના રૂપમાં પરિવર્તન થઈ ગયો. આ રીતે શિવકુમારને "સુવર્ણ-પુરુષ"ની સિદ્ધિ થઈ.

નવકાર મહામંત્રનો આવો અચિન્ત્ય પ્રભાવ જાણી તેના આરાધન માટે હરહંમેશ ઉદ્યત રહેવું. ]

આ તપમાં બાર છઠ્ઠ લગોલગ આંબિલના પારણાવાળા કરવા. લાગઠ ન થઈ શકે તો છૂટક કરવા. ઉદ્યાપનમાં બાર મોદક, ફળ, રૂપાનાણું વિગેરે દેવ પાસે ઢોકવા. જ્ઞાનની પૂજા તથા ગુરુની ભક્તિ કરવી. "ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૪૩. ષટ્કાય તપ. (ર. વિ.)

આ તપમાં લાગટ છ ઉપવાસ કરવા. ઉદ્યાપનમાં શક્તિ પ્રમાણે જીવદયામાં દ્રવ્ય વાપરવું. ગરણું ૐ હ્રીઁ "નમો અરિહંતાણં" પદનું નવકારવાળી વીશ પ્રમાણ ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૪૪. સાત સૌખ્ય આઠ મોક્ષ તપ. (જૈ. પ્ર.)

આ તપમાં સાત એકાસણાં કરી ઉપર એક ઉપવાસ કરવો. ઉદ્યાપનમાં સાત મોદક તથા આઠમો ચારગણો મોટો મોદક દેવ પાસે ઢોકવો. સોળ જાતિનાં પક્વાન્ન તથા ફળ વિગેરે ઢોકવા. જ્ઞાનપૂજા કરવી. ૐ હ્રીં "નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે ૧૨–૧૨ કરવા

❋

## ૧૪૫. સિદ્ધ તપ (પં. ત. જા.)

આ તપમાં પ્રથમ એક ઉપવાસ કરી પારણું, પછી બે ઉપવાસ ઉપર પારણું, પછી ત્રણ ઉપવાસ ઉપર પારણું, પછી ચાર ઉપવાસ ઉપર પારણું, એમ ચડતાં ચડતાં આઠ ઉપવાસ ઉપર પારણું કરવું. પારણે બેસણું કરવું. ઉદ્યાપને યથાશક્તિ પૂજા, પ્રભાવના કરવી. ગરણું નીચે પ્રમાણે વીશ નવકારવાળીનું ગણવું. સાથીયા વિગેરે આઠ આઠ કરવા.

૧ ૐ હ્રીં શ્રી અનન્તજ્ઞાનસંયુતાય સિદ્ધાય નમઃ
૨ ,, ,, શ્રી અનન્તદર્શનસંયુતાય ,,
૩ ,, ,, શ્રી અવ્યાબાધગુણસં૦ ,,
૪ ,, ,, શ્રી અનન્તચારિત્રગુણ૦ ,,
૫ ,, ,, શ્રી અક્ષયસ્થિતિગુણસં૦ ,,
૬ ,, ,, શ્રી અરૂપીનિરંજનગુણસં૦ ,,
૭ ,, ,, શ્રી અગુરુલઘુગુણસંયુ૦ ,,
૮ ,, ,, શ્રી અનન્તવીર્યગુણસંયુ૦

❋

## ૧૪૬. સિંહાસન તપ (પં. ત. લા.)

આ તપમાં પાંચ ઉપવાસ ઉપર પારણું કરવું. એ રીતે ચાર વાર પાંચ પાંચ ઉપવાસ કરવા. તેમાં કુલ વીશ ઉપવાસ થાય છે. ઉદ્યાપન યથાશક્તિ કરવું. ગરણું "ૐ હ્રીઁ નમો સિદ્ધાણં" પદનું વીશ નવકારવાળીનું ગણવું. સાથીયા વિગેરે પાંચ પાંચ કરવા.

( આ તપ સમવસરણ તપ પૂરો થયે કરવાની પ્રવૃત્તિ છે. )

## ૧૪૭. સૌભાગ્યસુંદર તપ. (જૈ. પ્ર. વિગેરે)

આ તપ એકાંતરા સોળ ઉપવાસ કરવાથી અને પારણે આંબિલ કરવાથી ત્રીશ દિવસે પૂર્ણ થાય છે. "ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા. ઉદ્યાપને જ્ઞાનની પૂજા ભક્તિ કરવી.

## ૧૪૮. સ્વર્ગકરંડક (સ્વર્ગ દંડ) તપ (જૈ. પ્ર. વિગેરે)

[ સ્વર્ગની પ્રાપ્તિ માટે આ તપ કરવામાં આવે છે. ચૌદ રાજલોકમાં નીચેના સાત રાજમાં સાત નરકપૃથ્વી છે. નાભિને સ્થાને તીર્ચ્છાલોક છે. તીર્ચ્છાલોક સમભૂતલા પૃથ્વીથી નવશેં યોજન નીચે અને નવશેં યોજન ઊંચે છે એટલે કે અઢાર સો યોજન ઊંચો છે અને એક રાજપ્રમાણ લાંબો-પહોળો છે. ઉપરના નવશેં યોજનમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વિગેરે જ્યોતિશ્ચક્રનો સમાવેશ થઈ જાય છે. ત્યારબાદ એક રાજ ઊંચે દક્ષિણ દિશામાં (૧) **સૌધર્મ**

અને ઉત્તર દિશામાં (૨) **ઇશાન** એમ બે દેવલોક લગોલગ સરખી સપાટીએ આવેલાં છે. ત્યાંથી એક રાજ ઊંચા (૩) **સનત્કુમાર** અને (૪) **માહેંદ્ર** બે દેવલોક દક્ષિણ-ઉત્તરે જોડાજોડ આવેલ છે, ત્યાંથી ઊંચે એક રાજમાં (૫) **બ્રહ્મ** અને (૬) **લાંતક** એ બંને દેવલોક કેટલેક અંતરે એકબીજાની ઉપર આવેલાં છે. ત્યાંથી એક રાજ ઊંચે (૭) **શુક્ર** અને (૮) **સહસ્રાર** એ બે દેવલોક એક એકની ઉપર કેટલેક અંતરે આવેલ છે. ત્યાંથી કેટલેક ઊંચે (૯) **આનત** અને (૧૦) **પ્રાણત** દેવલોક દક્ષિણ-ઉત્તરે જોડાજોડ છે અને સહસ્રારથી એક રાજ ઊંચે (૧૧) **આરણ** અને (૧૨) **અચ્યુત** દેવલોક દક્ષિણ-ઉત્તરે જોડાજોડ છે.

ત્યાંથી એક રાજ ઊંચે પુરુષના ગળાના સ્થાને નવ-ગ્રૈવેયક જેમાં એક-એકની ઉપર અનુક્રમે આવેલાં છે. અને તેનાથી એક રાજ ઊંચે પાંચ અનુત્તર વિમાન આવેલાં છે, જેમાં સર્વાર્થસિદ્ધ વિમાન વચ્ચે છે. અને વિજયાદિ ચારે તેની આજુબાજુમાં ચારે દિશામાં રહેલાં છે. આ અનુત્તર વિમાનોની ઉપર સિદ્ધશિલા આવેલ છે.

આ દેવલોકવાસી દેવોનું આયુષ્ય અને શરીરપ્રમાણ કેટલું હોય તેને લગતું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે—

| | | | | |
|---|---|---|---|---|
| સૌધર્મ દેવલોક | શરીરપ્રમાણ | સાત હાથ, | આયુ | બે સાગરોપમ |
| ઇશાન દેવલોક | ,, | ,, | ,, | ,, અધિક |
| સનત્કુમાર દેવલોક | ,, | છ હાથ, | ,, | સાત સાગરોપમ |
| માહેન્દ્ર દેવલોક | ,, | ,, | ,, | ,, અધિક |

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મ દેવલોક | પાંચ શરીરપ્રમાણ હાથ, | ,, | દશ સાગરોપમ |
| લાંતક દેવલોક | ,, | ,, | ,, ચૌદ ,, |
| શુક્ર દેવલોક | ,, | ચાર હાથ, | સત્તર ,, |
| સહસ્રાર દેવલોક | ,, | ,, | અઢાર ,, |
| આનત દેવલોક | ,, | ત્રણ હાથ, | ,, ઓગણીશ ,, |
| પ્રાણત દેવલોક | ,, | ,, | ,, વીશ ,, |
| આરણ દેવલોક | ,, | ,, | ,, એકવીશ ,, |
| અચ્યુત દેવલોક | ,, | ,, | ,, બાવીશ ,, |

**નવ ગ્રૈવેયકમાં** દરેકનું શરીરપ્રમાણ બે હાથનું અને આયુ ત્રેવીશ સાગરોપમથી એક–એકનું ક્રમશઃ વધતાં નવમા ગ્રૈવેયકના દેવનું એકત્રીશ સાગરોપમનું આયુષ્ય હોય છે.

**પાંચ અનુત્તર વિમાનવાસી** દેવનું શરીરપ્રમાણ એક હાથનું હોય છે જ્યારે **વિજય, વિજયંત, જયંત અને અપરાજિત** એ ચારે વિમાનવાસી દેવનું આયુષ્ય ૩૧ થી ૩૩ સાગરોપમ સુધીનું હોય છે. પાંચમા સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવનું આયુ તેત્રીશ સાગરોપમનું હોય છે.]

આ તપમાં પ્રથમ બાર દેવલોકને આશ્રયીને બાર એકાસણાં કરવાં, પછી નવ ગ્રૈવેયક આશ્રયીને નવ નીવી, પછી પાંચ અનુત્તર વિમાન આશ્રયી પાંચ આંબિલ, છેવટ એક ઉપવાસ–એ રીતે સત્તાવીશ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

"ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

### ૧૪૯. સ્વર્ગસ્વસ્તિક તપ. (જૈ. પ્ર. વિગેરે)

પ્રથમ ચાર એકાસણા ઉપર એક ઉપવાસ કરવો. ઉદ્યાપને પાંચ ધાન્યનો સ્વસ્તિક પૂરવો. પાંચ ધાન્ય મણ મણ જ્ઞાનની પાસે ઢોકવા. "ૐ હ્રીઁ નમો નાણસ્સ" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે એકાવન કરવા.

### ૧૫૦. બાવન જિનાલય તપ (પં. ત. લા. જા.)

[આ તપને લગતું વર્ણન તપ નં. ૩૩માં આપેલ છે.]

આ તપ નંદીશ્વર દ્વીપના બાવન જિનાલયની આરાધના નિમિત્તનો છે. તેને બાવન અજવાળા તપ કહે છે તે સ્ત્રીજાતિએ કરેલ અપભ્રંશ છે.

આ તપમાં અજવાળી અંધારી આઠમ અને ચૌદશને દિવસે ઉપવાસ કરવા. એ રીતે તેર મહિને-બાવન ઉપવાસે તપ પૂર્ણ કરવો.

આ તપ કરતાં જો કોઇ તીથિ ભૂલી જવાય તો કરેલો તપ ફરીથી શરૂ કરવો પડે છે. ઉદ્યાપને જ્ઞાનની પૂજા-ભક્તિ તથા દર્શનભક્તિ કરવી. અથવા નંદીશ્વર દ્વીપની પૂજા ભણાવવી. ગરણું વિગેરે નીચે પ્રમાણે :—

અજવાળી આઠમે—ૐ હ્રીઁ શ્રીચંદ્રાનનસ્વામિસર્વજ્ઞાય નમઃ
અંધારી આઠમે—ૐ હ્રીઁ શ્રીવર્ધમાનસ્વામિસર્વજ્ઞાય નમઃ
અજવાળી ચૌદશે—ૐ હ્રીઁ શ્રીઋષભાનનસ્વામિસર્વજ્ઞાય નમઃ
અંધારી ચૌદશે—ૐ હ્રીઁ શ્રીવારિષેણસ્વામિસર્વજ્ઞાય નમઃ

સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૫૧. અષ્ટ મહાસિદ્ધિ તપ ( લા. )

[ આ તપને લગતું વર્ણન તપ નં. ૯૧, ૫૨ કરવામાં આવેલ છે. આ અષ્ટ મહાસિદ્ધિનો સમાવેશ છવીશમી વૈક્રિય લબ્ધિમાં કરવામાં આવ્યો છે. ]

આ તપમાં લગોલગ આઠ એકાસણાં કરવાં અથવા એકાંતર આઠ ઉપવાસ કરવા. ઉદ્યાપને જ્ઞાનપૂજા વિગેરે યથાશક્તિ કરવું, ગરણું નીચે પ્રમાણેઃ–

| | | | |
|---|---|---|---|
| ૧ | ૐ અણિમાસિદ્ધયે નમઃ | ૫ | ૐ વશિતાસિદ્ધયે નમઃ |
| ૨ | ,, મહિમાસિદ્ધયે નમઃ | ૬ | ,, પ્રાકામ્યસિદ્ધયે નમઃ |
| ૩ | ,, લઘિમાસિદ્ધિયે નમઃ | ૭ | ,, પ્રાપ્તિસિદ્ધયે નમઃ |
| ૪ | ,, ગરિમાસિદ્ધયે નમઃ | ૮ | ,, ઇશિતાસિદ્ધયે નમઃ |

સાથીયા વિગેરે આઠ કરવા.

## ૧૫૨. રત્નમાળા તપ. ( લા. )

આ તપ બાવન દિવસ કરવાનો છે. તેમાં અનુક્રમે નીચે પ્રમાણે તપ કરવો-૧ ઉપવાસ, ૨ એકાસણું ૩ એક ધાન્યનું આંબીલ, ૪ એકલઠાણું (એકાસણું), ૫ પરઘરીયું એકાસણું-ઠામ ચોવિહાર, ૬ ઉપવાસ, ૭ ઉજળા ધાન્યનું એકાસણું, ૮ આંબીલ, ૯ એકલઠાણું, ૧૦ એકાસણું, ૧૧ ઉપવાસ, ૧૨ એકાસણું (જે ખાવાની ચીજ હોય તે સર્વ જિનેશ્વર પાસે મૂકી પછી ખાવી), ૧૩ ઉપવાસ, ૧૪ એકાસણું (તે દિવસે જિનેશ્વની અષ્ટપ્રકારી પૂજા કરી પ્રભુ પાસે ખીરનો થાળ ધરવો), ૧૫ ઉપવાસ, ૧૬ એકાસણું, ૧૭ ઉપવાસ, ૧૮ બેસણું, ૧૯ ઉપવાસ, ૨૦ એકાસણું, ૨૧ નીવી, ૨૨ આંબિલ, ૨૩ એકલઠાણું, ૨૪ ઉપવાસ, ૨૫ એકાસણું, ૨૬ ઉપવાસ, ૨૭ એકલઠાણું, ૨૮ ઉપવાસ, ૨૯ એકાસણું, ૩૦ ઉપવાસ, ૩૧ એકાસણું, ૩૨ એકલઠાણું, ૩૩ બેસણું, ૩૪ ઉપવાસ, ૩૫ એકાસણું, ૩૬ એકાસણું, ૩૭ ઉપવાસ, ૩૮ એકાસણું (અષ્ટપ્રકારી પૂજા, ખીરનો થાળ ઢોકવો). ૩૯ ઉપવાસ, ૪૦ એકાસણું (ખાવાની બધી ચીજ પ્રભુ પાસે ઢોકવી) ૪૧ ઉપવાસ. ૪૨ એકાસણું, ૪૩ એકલઠાણું, ૪૪ આંબિલ, ૪૫ ઉજળા ધાન્યનું એકાસણું, ૪૬ ઉપવાસ, ૪૭ પરઘરીયું એકાસણું, ૪૮ એકલઠાણું, ૪૯ એક ધાન્યનું આંબિલ, ૫૦ એકાસણું, ૫૧ ચોવિહાર ઉપવાસ, ૫૨ એકાસણું (અતિથિસંવિભાગ કરવો.) આ પ્રમાણે તપ બાવન દિવસ કરવો. દરરોજ દેરે ચૌદ સાથીયા તથા

દીવો કરવો. ઉપવાસને દિવસે જિનભક્તિ વિશેષ પ્રકારે કરવી. તપ પૂરો થયે ઉદ્યાપને અષ્ટપ્રકારી પૂજા ભણાવવી, પ્રભુના કંઠમાં સુવર્ણનો, રૂપાનો અથવા પુષ્પનો હાર શક્તિ પ્રમાણે પહેરાવવો. સંઘવાત્સલ્ય કરવું. ૐ હ્રીઁ નમો અરિહંતાણં" પદની નવકારવાળી વીશ ગણવી.

## ૧૫૩. ચિંતામણી તપ (વિ. પ્ર.)

આ તપમાં પ્રથમ એક ઉપવાસ, પછી એકાસણું, ત્રીજે દિવસે નીવી, ચોથે દિવસે ઉપવાસ, પાંચમે દિવસે એકાસણું, છઠ્ઠે દિવસે ઉપવાસ કરવો. ઉદ્યાપને જ્ઞાનપૂજા, રાત્રિ-જાગરણ કરવું. પાંચ સ્ત્રીઓને તંબોલ આપવું. "ૐ હ્રીઁ નમો અરિહંતાણં,' પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૫૪. પરદેશી રાજાનો છટ્ઠ (છુ. ૫)

[ પરદેશી રાજાનો સંપૂર્ણ હેવાલ જાણવા માટે રાયપસેણીય-સૂત્ર વાંચવું યોગ્ય છે.]

કેકય દેશનો આ રાજવી ઘણો જ ક્રૂર હતો, 'શરીરથી ભિન્ન આત્મા છે' 'મરણ પછી જન્માંતર છે' 'પુણ્યપાપની પ્રવૃત્તિ દ્વારા જ સુખ-દુઃખનું નિર્માણ થાય છે' આવા આવા સિદ્ધાન્તો તે સ્વીકારતો જ નહીં.

તે રાજાને ચિત્ર નામનો વ્યવહારકુશળ અમાત્ય હતો. તે રાજાનું નાસ્તિકપણું દૂર કરાવવા માટે સતત ચિંતા

સેવતો. એકદા તેને કેશીગણધરનો મેળાપ થયો. ચિત્ર મંત્રીએ તેમને પોતાના રાજાની હકીકત જણાવી પોતાના નગરે પધારવાનું આમંત્રણ આપ્યું. ફરતાં ફરતાં કેશી શ્રમણ તે સ્થળે આવી પહોંચ્યા અને ઉદ્યાનમાં નિવાસ કર્યો. ચિત્ર મંત્રીને આ સમાચાર મળ્યા એટલે તેણે ઘોડા ખેલાવવાના બહાના નીચે પ્રદેશી રાજાને સાથે લીધો.

ખૂબ પરિશ્રમ પડવાથી ચિત્ર મંત્રી રાજાને તે જ ઉદ્યાનમાં વિશ્રામ માટે લઈ ગયો અને એકાંત ભાગમાં બંને બેઠા. તેવામાં દૂરથી કેશીગણધરનો ધર્મ-દેશનાનો ધ્વનિ તેઓના કર્ણ-પટ પર અથડાયો એટલે રાજાએ સ્વભાવ પ્રમાણે ચિત્ર મંત્રીને પૂછ્યું કે-આટલામાં આ કોણ બડબડાટ કરી રહ્યો છે ? ચિત્ર મંત્રીએ પ્રસંગ જોઈને ગુરુમહારાજનું આગમન જણાવ્યું અને શંકાનું સમાધાન મેળવવા પ્રેરણા કરી.

બંને શ્રીકેશીગણધર પાસે ગયા. કેશીગણધર ભગવંતે પણ પરદેશી રાજાના અનેક નાસ્તિક પ્રશ્નોના મનોગમ્ય અને યુક્તિપુરસ્સર શાંતભાવથી જવાબો આપ્યા. પરદેશી રાજાનો સ્વભાવ ગુરૂમહારાજના આ પ્રથમ સમાગમે જ પલટાઈ ગયો. તે પરમ આસ્તિક બની ગયો. પછી તો તેમણે વારંવાર કેશીગણધર ભગવંતની દેશનાનો લાભ લીધો.

પરદેશી રાજવીનું સમસ્ત જીવન-પરિવર્તન થઈ ગયું. તેની સૂર્યકાંતા રાણીને રાજવીનું ધાર્મિક જીવન પસંદ ન પડયું. રાજા ભોગ-વિલાસથી પણ વિમુખ રહેવા લાગ્યો. રાણીએ એકદા રાજાને ઝેર આપ્યું. રાજાને તે

હકીકતની જાણ થવા છતાં તેનું રુંવાડું સરખું પણ ન કંપ્યું તેમજ રાણી પ્રત્યે દ્વેષભાવ પણ ન પ્રગટયો. આરાધના ભાવમાં કાળધર્મ પામી રાજા "સૂર્યાભ" નામનો દેવ થયો. તેમણે ભગવંત મહાવીર પાસે અપૂર્વ દેવ--નૃત્ય કર્યું. કેશીગણધરના સમાગમથી પરદેશી રાજવીનું જીવન ઉન્નત બની ગયું. ]

❋

આ તપમાં તેર છઠ્ઠ કરવા. પારણે બેસણાં કરવાં. કુલ ૩૯ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ગરણું નીચે પ્રમાણે :—

ૐ હ્રૂીં શ્રી નમો કારકદંસણધરાણં
ૐ ,, ,, નમો રોચકદંસણધરાણં
ૐ ,, ,, નમો દીપકદંસણધરાણં
ૐ ,, ,, નમો નિસગ્ગરૂઈધરાણં
ૐ ,, ,, નમો ઉવએસરૂઈધરાણં
ૐ ,, ,, નમો સુત્તરૂઈધરાણં
ૐ ,, ,, નમો આણારૂઈધરાણં
ૐ ,, ,, નમો બીયરૂઈધરાણં
ૐ ,, ,, નમો અભિગમરૂઈધરાણં
ૐ ,, ,, નમો વિત્થારરૂઈધરાણં
ૐ ,, ,, નમો કિરિયારૂઈધરાણં
ૐ ,, ,, નમો સંખેવરૂઈધરાણં
ૐ ,, ,, નમો ધમ્મરૂઈધરાણં

❋

## ૧૫૫. સુખદુઃખના મહિનાનો તપ. (લા.)

પ્રથમ માસે ઉપવાસ ઉપર આંબિલ–એ પ્રમાણે પંદર ઉપવાસ અને પંદર આંબિલ કરવા. બીજે માસે પંદર આંબિલ અને પંદર નીવી એકાંતર કરવા. ત્રીજે મહિને પંદર નીવી અને પંદર એકાસણાં એકાંતર કરવા. ચોથે મહિને પંદર એકાસણાં અને પંદર બેસણાં એકાંતર કરવા. ઉજમણે જ્ઞાનની પૂજાભક્તિ કરવી "ૐ હ્રીં નમો અરિહંતાણં" પદની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૫૬. રત્નપાવડી તપ. [આસો ચૈત્રના છઠ્ઠ] (લા.)

આ તપમાં આઠ છઠ્ઠ ને ૧ અઠ્ઠમ (૩ ઉપવાસ) કરવામાં આવે છે. તે કોઈ પણ વરસના આસો શુદિ ૧૪–૧૫ નો છઠ્ઠ કરવો. ને છેલ્લો નવમે વર્ષે આસો શુદિ ૧૩–૧૪–૧૫ નો અઠ્ઠમ કરવો. ગરણું તથા સાથિયા વિગેરે નીચે પ્રમાણેઃ–

| | | | | |
|---|---|---|---|---|
| પહેલી ઓળીએ ૐ હ્રીં નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૧૨ |
| બીજી ઓળીએ ,, ,, નમો સિદ્ધાણં | ૮ | ૮ | ૮ |
| ત્રીજી ઓળીએ ,, ,, નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૩૬ |
| ચોથી ઓળીએ ,, ,, નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ૨૫ | ૨૫ |
| પાંચમી ઓળીએ ,, ,, નમો લોએ સવ્વસાહૂણં | ૨૭ | ૨૭ | ૨૭ |
| છઠ્ઠી ઓળીએ ,, ,, નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૬૭ |

| | | | | |
|---|---|---|---|---|
| સાતમી ઓળીએ ૐ હ્રીઁ નમો નાણસ્સ | | | ૫૧ | ૫૧ ૫૧ |
| આઠમી ઓળીએ ,, | ,, | નમો ચરિત્તસ્સ | ૭૦ | ૭૦ ૭૦ |
| નવમી ઓળીએ ,, | ,, | નમો તવસ્સ | ૧૨ | ૧૨ ૧૨ |

ઉદ્યાપનમાં નવપદજીની પૂજા ભણાવવી.

## ૧૫૭ સુંદરી તપ. (લા.)

આ તપમાં સાઠ આંબિલ કરવા. ઉદ્યાપને જ્ઞાનની પૂજાભક્તિ કરવી "ૐ હ્રીઁ નમો સિદ્ધાણ" પદનું ગરણું ગણવું. સાથીયા, ખમાસમણ વિગેરે આઠ આઠ કરવા. ઉદ્યાપને સિદ્ધની પૂજાભક્તિ કરવી.

## ૧૫૮. મેરુ કલ્યાણુક તપ (જૈ. પ્ર. વિગેરે)

આ તપ શ્રી આદીશ્વર ભગવંતની ભક્તિનો છે. તેમાં પ્રથમ ત્રણ અઠ્ઠમ કરવા. પારણે બેસણું કરવું. પછી એકાંતર છ ઉપવાસ કરવા. પારણે બેસણું કરવું. પ્રથમ ત્રણ અઠ્ઠમ ન થઇ શકે તો બે અઠ્ઠમ કરવા અને પછી એકાંતર છ ઉપવાસ કરીને છેવટ એક અઠ્ઠમ કરવો. આ તપ એક જ વર્ષમાં કરવો. મેરુ ત્રયોદશીને દિવસે છેલ્લો ઉપવાસ આવે એ પ્રમાણે તપ કરવો. ઉદ્યાપને યથાશક્તિ પૂજા ભણાવવી. "ૐ હ્રીઁ શ્રી ઋષભદેવપારંગતાય નમઃ" પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## ૧૫૯ તીર્થતપ. (શ્રા.)

તીર્થે જવાના મુહૂર્તને દિવસે કે તીર્થે પ્રથમ દર્શન કરવાના દિવસે દર વર્ષે તે યાત્રાની યાદીને માટે ઉપવાસ કરવો તેને તીર્થ તપ કહે છે. (ગુજરાતી શ્રાદ્ધવિધિ ૪૬૩ મે પાને છે.) દર વર્ષનું ગરણું "ૐ હ્રીઁ તીર્થાધિરાજાય નમઃ" સમજવું. સાથીયા વિગેરે ૨૦–૨૦ કરવા.

## ૧૬૦. પ્રાતિહાર્ય તપ. (ર. વિ)

પ્રથમ ઉપવાસ ૧, પછી એકાસણું ૧, પછી બેસણું ૧ એવી રીતે આઠ વાર કરવાથી ૨૪ દિવસોએ આ તપ પૂર્ણ થાય છે. પછી જ્ઞાનપૂજા, પ્રભાવના, રાત્રિજાગરણ કરવું. ગરણું ૐ હ્રીઁ "નમો અરિહંતાણં" પદનું વીશ નવકારવાળી પ્રમાણ ગણવું. સાથીયા વિગેરે બાર બાર સમજવા.

## ૧૬૧. પંચરંગી તપ. (પ્ર.)

આ તપમાં ૨૫ માણસો હોવાં જોઇએ. તેમાંથી એક પંચકે (પાંચ માણસે) પ્રથમ પાંચ ઉપવાસનાં પચ્ચખ્ખાણ કરવાં. બીજે દિવસે બીજા પાંચ માણસે ૪ ઉપવાસનાં પચ્ચક્ખાણ કરવાં. ત્રીજે દિવસે ત્રીજા પાંચ માણસે ૩ ઉપવાસનાં પચ્ચક્ખાણ કરવાં. ચોથે દિવસે ચોથા પાંચ માણસે બે ઉપવાસનાં પચ્ચક્ખાણ કરવાં. પાંચમે દિવસે બાકીના પાંચ માણસે ૧ ઉપવાસનાં પચ્ચક્ખાણ કરવાં આ

પચીસે માણસનાં પારણાં એક દિવસે આવવાં જોઈએ. આ તપમાં જ્ઞાનની સ્થાપના કરવી. પ્રદક્ષિણા, સાથીયા, વિગેરે ૫૧-૫૧ સમજવાં. પૂર્ણ તપે વરઘોડો ચડાવવો. ૐ હ્રીં "નમો નાણસ્સ" પદની ૨૦ નવકારવાળી ગણવી.

## ૧૬૨. યુગપ્રધાન તપ

[ જ્યારે જ્યારે જૈનશાસનમાં મંદતા આવે છે ત્યારે ત્યારે "યુગપ્રધાન" આચાર્ય જન્મે છે અને આવેલી મંદતાને દૂર કરી જૈનશાસનનો સૂર્ય પુનઃ દેદીપ્યમાન કરે છે. શ્રી વીરભગવંતનું શાસન પાંચમા આરાના છેડા પર્યંત ચાલવાનું છે અને તેમાં પ્રસંગે પ્રસંગે "યુગપ્રધાન" જન્મ લઈ જૈનશાસનોદ્યોત ફેલાવશે. આ સંબંધી વિશેષ વર્ણન "યુગપ્રધાન ગંડિકા જેવાં પુસ્તકો દ્વારા જાણવું.

યુગપ્રધાનનું કાર્ય અતિ મુશ્કેલ હોય છે. માનવ સ્વભાવ હંમેશાં ગતાનુગતિક હોય છે. રૂઢિને તે તાબે રહે છે અને અનુકરણ કર્યા કરવું તે તેનો પ્રિય વિષય છે. આવી રીતે પ્રવેશ પામેલા વિકારોને દૂર કરવાનું કાર્ય યુગપ્રધાનોનું છે. [ વર્ષાઋતુમાં નદીના પ્રવાહમાં તણાઈ જવું મુશ્કેલ નથી, પણ તે પ્રવાહમાં તરીને સામે કિનારે પહોંચવું તેમાં જ મહત્તા છે. યુગપ્રધાનોનું કાર્ય આવું કીંમતી ને મુશ્કેલ છે.]

પ્રથમ જ્ઞાનની પૂજા ભણાવવી. પહેલા ઉદયના દિવસ ૨૦, તથા બીજા ઉદયના દિવસ ૨૩. તેમાં પહેલા ઉદયના ૨૦ દિવસ મધ્યે પહેલે અને છેલ્લે દિવસે આંબિલ અથવા ઉપવાસ કરવો, બાકીના અઢાર દિવસે એકાસણાં કરવાં. હંમેશાં વીશ ખમાસમણ દેવાં, વીશ પ્રદક્ષિણા દેવી, વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, બન્ને વખત પ્રતિક્રમણ, ત્રણે કાળ દેવવંદન તથા જ્ઞાનની પૂજા કરવી. પહેલે તથા છેલ્લે દિવસે રૂપાનાણે જ્ઞાનપૂજા કરવી અને વચ્ચેના અઢાર દિવસે શક્તિ પ્રમાણે જ્ઞાનપૂજા કરવી. સાથીયા ૨૦, બદામ ૨૦, તથા ફળ નૈવેદ્ય વિગેરે (વીશ વીશ) વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી. પ્રથમ તપના આરંભમાં પૂજા ભણાવવી. પછી જ્ઞાન પૂજવું, પછી પ્રદક્ષિણા, પછી ખમાસમણ પછી ચૈત્યવંદન અને પછી પચ્ચખ્ખાણ કરવું.

બીજા ઉદયનો વિધિ પણ એ જ રીતે જાણવો. વિશેષ એ કે પહેલે ને છેલ્લે દિવસે આંબિલ અથવા ઉપવાસ કરવો. વચ્ચે ૨૧ એકાસણાં કરવા. ૨૩ દિવસે તપ પૂર્ણ કરવો. યુગપ્રધાનની છબી ઠવણી ઉપર મૂકવી ને તેની વાસક્ષેપવડે પૂજા કરવી.

ગરણું નીચે પ્રમાણે વીશ નવકારવાળી પ્રમાણે દરરોજ ગણવું—

## પહેલો ઉદયમાં.

૧ ૐ હ્રીં શ્રીસુધર્મસ્વામિને નમઃ ।
૨ ,, ,, શ્રીજંબૂસ્વામિને નમઃ ।
૩ ,, ,, શ્રીપ્રભવસ્વામિને નમઃ ।
૪ ,, ,, શ્રીશય્યંભવસ્વામિને નમઃ ।
૫ ,, ,, શ્રીયશોભદ્રસૂરયે નમઃ ।
૬ ,, ,, શ્રીસંભૂતિવિજયસૂરયે નમઃ ।
૭ ,, ,, શ્રીભદ્રબાહુસૂરયે નમઃ ।
૮ ,, ,, શ્રીસ્થૂલભદ્રસૂરયે નમઃ ।
૯ ,, ,, શ્રીઆર્યમહાગિરયે નમઃ ।
૧૦ ,, ,, શ્રીઆર્યસુહસ્તિસૂરયે નમઃ ।
૧૧ ,, ,, શ્રીગુણસુન્દરસૂરયે નમઃ ।
૧૨ ,, ,, શ્રીકાલિકાચાર્યસૂરયે નમઃ ।
૧૩ ,, ,, શ્રીસ્કન્દિલાચાર્યસૂરયે નમઃ ।
૧૪ ,, ,, શ્રીરેવતિમિત્રસૂરયે નમઃ ।
૧૫ ,, ,, શ્રીઆર્યધર્મસૂરયે નમઃ ।
૧૬ ,, ,, શ્રીભદ્રગુપ્તસૂરયે નમઃ ।
૧૭ ,, ,, શ્રીગુપ્તસૂરયે નમઃ ।
૧૮ ,, ,, શ્રીવજ્રસ્વામિસૂરયે નમઃ ।
૧૯ ,, ,, શ્રીઆર્યરક્ષિતસૂરયે નમઃ ।
૨૦ ,, ,, શ્રીદુર્બલિકાપુષ્પમિત્રસૂરયે નમઃ ।

## બીજા ઉદયમાં.

૧ ૐ હ્રીં શ્રીવજ્રસેનસૂરયે નમઃ।
૨ ,, ,, શ્રીનાગહસ્તિસૂરયે નમઃ।
૩ ,, ,, શ્રીરેવતિમિત્રસૂરયે નમઃ।
૪ ,, ,, શ્રીસિંહસૂરયે નમઃ।
૫ ,, ,, શ્રીનાગાર્જુનસૂરયે નમઃ।
૬ ,, ,, શ્રીભૂતદીન્નસૂરયે નમઃ।
૭ ,, ,, શ્રીકાલિકાચાર્યસૂરયે નમઃ।
૮ ,, ,, શ્રીસત્યમિત્રસૂરયે નમઃ।
૯ ,, ,, શ્રીહારિલ્લસૂરયે નમઃ।
૧૦ ,, ,, શ્રીજિનભદ્રક્ષમાશ્રમણસૂરયે નમઃ।
૧૧ ,, ,, શ્રીઉમાસ્વાતિવાચકસૂરયે નમઃ।
૧૨ ,, ,, શ્રીપુષ્પમિત્રસૂરયે નમઃ।
૧૩ ,, ,, શ્રીસંભૂતિસૂરયે નમઃ।
૧૪ ,, ,, શ્રીસંભૂતિગુપ્તસૂરયે નમઃ।
૧૫ ,, ,, શ્રીધર્મરક્ષિતસૂરયે નમઃ।
૧૬ ,, ,, શ્રીજ્યેષ્ઠાંગગણિસૂરયે નમઃ।
૧૭ ,, ,, શ્રીફલ્ગુમિત્રસૂરયે નમઃ।
૧૮ ,, ,, શ્રીધર્મઘોષસૂરયે નમઃ।
૧૯ ,, ,, શ્રીવિનયમિત્રસૂરયે નમઃ।
૨૦ ,, ,, શ્રીશીલમિત્રસૂરયે નમઃ।
૨૧ ,, ,, શ્રીરેવંતસૂરયે નમઃ।
૨૨ ,, ,, શ્રીસુમિણમિત્રસૂરયે નમઃ।
૨૩ ,, ,, શ્રીઅરીહદિન્નસૂરયે નમઃ।

અજ્ઞાનતિમિરભાસ્કરમાં આપેલાં યંત્રાનુસાર આ નામો લખ્યા છે.

## તપ નંબર ૩૮ ની બીજી રીત.

ગણધર એકાદશી ૧૧ વર્ષ સુધી કરવી. પ્રથમ વૈશાખ શુદી ૧૧ ને દિવસે ઉપવાસ કરવો. ૐ હ્રીં "શ્રી ઇંદ્રભૂતિસર્વજ્ઞાય નમઃ" એ પદની વીશ નવકારવાળી ગણવી. બીજે વર્ષે વૈશાખ શુદી ૧૧ ને દિવસે ઉપવાસ કરી ૐ હ્રીં "શ્રી અગ્નિભૂતિસર્વજ્ઞાય નમઃ" એ પદની વીશ નવકારવાળી ગણવી. એ પ્રમાણે અગિયાર વર્ષે અગીયાર ગણધરની આરાધના કરવી.

## સેન પ્રશ્નમાંથી તપસ્યાને લગતા ઉપયોગી પ્રશ્નોત્તરો.

### (ઉલ્લાસ ત્રીજો)

પ્રશ્ન ૧૧૮—ચૈત્ર માસ અધિક હોય તો કલ્યાણકાદિક તપ પહેલા માસમાં કરવો કે બીજા માસમાં કરવો ?

ઉત્તર—પહેલા ચૈત્રના કૃષ્ણપક્ષમાં તથા બીજા ચૈત્રના શુકલપક્ષમાં તપ કરવો. એ પ્રમાણે તાતપાદ હીરસૂરિ ભગવાન કરાવતા હતા એમ જોયું છે, માટે તે જ પ્રમાણે કરવું જોઈએ, નહીં તો ભાદરવા માસની વૃદ્ધિ હોય, ત્યારે માસક્ષમણાદિક તપ કયારથી કરાય ? (દરેક અધિક માસમાં આ પ્રમાણે જ જાણવું.)

પ્રશ્ન ૧૨૮—બસો ને ઓગણત્રીશ છઠ્ઠ સંબંધી તપ કરવાનો શરૂ કર્યો છે, પણ પાછળથી છઠ્ઠ કરવાની શક્તિ ન રહી હોય તો એકાંતર ઉપવાસ કરી શકે કે નહીં ?

ઉત્તર—બસો ઓગણત્રીશ છઠ્ઠ તપ ઉચ્ચર્યો હોય તેણે છઠ્ઠ જ કરવા જોઈએ, એકાંતર ઉપવાસ કરી શકાય નહીં.

પ્રશ્ન ૧૨૯—આશ્વિન તથા ચૈત્રના અસ્વાધ્યાયના દિવસોમાં જે ઉપવાસો કરાય તે વીશસ્થાનકની ઓળીમાં ગણી શકાય કે નહીં ?

ઉત્તર—આશ્વિન તથા ચૈત્રના અસ્વાધ્યાયના દિવસોમાં સાતમ, આઠમ તથા નોમ એ ત્રણ દિવસોમાં કરેલા ઉપવાસ વીશસ્થાનકની ઓળીમાં ગણાય નહીં.

પ્રશ્ન ૨૦૦—ચૈત્ર તથા આશ્વિનના અસ્વાધ્યાયના દિવસોમાં જે તપ કર્યો હોય તે રોહિણી તપમાં અને આલોચનાદિમાં ગણી શકાય કે નહીં ?

ઉત્તર—સાતમ, આઠમ અને નોમને દિવસે કરેલો તપ આલોચનામાં ગણાય નહીં. તથા રોહિણી અને તેની જેવા જ બીજા (એટલે કે જે તપ ભૂલી જવાય તો આખો તપ નિષ્ફળ થાય, અને ફરીથી શરૂ કરવો પડે એવા) તપમાં ગણી શકાય છે, પરંતુ અન્ય તપોમાં ગણવા નહીં.

## ( ઉલ્લાસ ચોથો )

પ્રશ્ન ૧૫૬—વીશસ્થાનક તપ, અષ્ટકર્મસૂદન તપ, તથા આંબિલ વર્ધમાન તપ, અસ્વાધ્યાયના ત્રણે દિવસોમાં ( ચૈત્ર તથા આશ્વિન શુકલપક્ષની સાતમ, આઠમ અને નોમમાં ) ગણાય કે નહીં ?

ઉત્તર—વીશસ્થાનક તપ તથા અષ્ટકર્મસૂદન તપ એ બે તપમાં અસ્વાધ્યાયના ત્રણ દિવસ ગણવા નહીં અને આંબિલવર્ધમાન તપમાં તો એ ત્રણ દિવસ ગણાય છે, એવી પરંપરા છે.

પ્રશ્ન ૩૬—પાખીનો છઠ્ઠ કરીને મહાવીરસ્વામીના છઠ્ઠમાં નાખીએ, અને પાખીનો ઉપવાસ સ્વાધ્યાયાદિવડે પૂર્ણ કરીએ, તો આ છઠ્ઠ મહાવીરસ્વામીના છઠ્ઠમાં આવે કે નહીં ?

ઉત્તર—અલ્પ શક્તિમાન મનુષ્ય જો પાક્ષિક છઠ્ઠને મહાવીરસ્વામીના છઠ્ઠમાં નાખે તો ચાલી શકે; પણ પાક્ષિક તપ ઉપવાસાદિક કરીને જલદીથી પૂરો કરવો.

પ્રશ્ન ૩૭—મહાવીરસ્વામીના છઠ્ઠને પારણે બેસણું વિગેરે કરવું જોઈએ ? કે શક્તિ પ્રમાણે કરવું ?

ઉત્તર—શક્તિ પ્રમાણે કરવું.

પ્રશ્ન ૧૫૭—અષ્ટકર્મસૂદન તપ જો ઉપવાસવડે કરવાની શક્તિ ન હોય, તો આંબિલથી કરી શકાય કે નહીં ?

ઉત્તર–જો ઉપવાસ કરવાની સર્વથા શક્તિ ન હોય તો આંબિલવડે પણ થઈ શકે છે. ( આ ઉત્તર ૧૫૮ ઉત્તરપ્રકૃતિ આશ્રયી તપને માટે સંભવે છે. )

પ્રશ્ન ૯૯—પહેલે દિવસે ચોવિહાર ઉપવાસ કરી બીજે દિવસે તિવિહાર ઉપવાસ કરે. એ પ્રમાણે છઠ્ઠ કરવાથી તે મહાવીરસ્વામીના છઠ્ઠમાં નાંખી શકાય કે નહીં ?

ઉત્તર—બે ઉપવાસ જુદા જુદા કરેલા હોવાથી મહાવીરસ્વામીના છઠ્ઠમાં ગણી શકાય નહીં, કારણ કે ૨૨૯ છઠ્ઠ

તપના આરંભમાં છઠ્ઠ ઉચ્ચરવામાં આવે છે, તેથી તે પ્રમાણે જ કરવો જોઈએ પરંતુ આલોચનામાં આવી શકે.

પ્રશ્ન ૧૪૧—પહેલે દિવસે ચોવિહાર ઉપવાસ કરીને બીજે દિવસે પૂર્વના ઉપવાસને સાથે રાખીને છઠ્ઠનું કે અઠ્ઠમ વિગેરેનું પચ્ચક્ખાણ કરી શકાય કે નહીં ?

ઉત્તર—પહેલે દિવસે એક ઉપવાસનું પચ્ચક્ખાણ લીધેલું છે, પણ છઠ્ઠનું લીધેલું નથી, જો બીજે દિવસે છઠ્ઠનું પચ્ચક્ખાણ લે તો પછીનો ત્રીજો ઉપવાસ પણ કરવો પડે. આ પ્રમાણે સમાચારી છે.

## શ્રી હીરપ્રશ્નો

પ્રશ્ન ૩૪—સાંવત્સરિક, પાક્ષિક, અષ્ટમી, રોહિણી ઇત્યાદિ તપ ઉચ્ચરેલા હોય તેમાંનાં બે તપ એક દિવસે આવતા હોય અને છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો કયો તપ કરે ?

ઉત્તર—છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો જે તપ પહેલો આવે તે કરે, પછવાડેનો તપ પછી કરી આપે.

મોહનીય કર્મસંબંધી ૨૮ અઠ્ઠમ કરતાં વચ્ચે તિથિ સંબંધી તપ કે રોહિણી આવે તો ચાલતા તપથી ચાલી શકે. ઇતિ સેનપ્રશ્ને.

# પ્રભાતનાં પચ્ચક્ખાણો

## નમુક્કારસહિઅ મુટ્ઠિસહિઅ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં * પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, * વોસિરઈ.

## પોરિસી–સાડ્ઢપોરિસી–પુરિમડ્ઢ–અવડ્ઢ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## બિઆસણં–એકાસણં

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં. વિગઈઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં. સહસાગારેણં, લેવાલેવેણં.ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં * બિયાસણં, એગાસણં, પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં,

---

* પચ્ચક્ખાણ કરનારે 'પચ્ચક્ખામિ' અને 'વોસિરામિ' શબ્દ બોલવો

અસણં, ખાઇમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, બહુલેવેણ વા. સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## આયંબિલ–નીવી

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે. ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઈઅં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ, *અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઇમં, અન્નત્થણાભોગેણં,

* બિઆસણાનું પચ્ચકૂખાણ કરવું હોય તો 'બિઆસણં' પાઠ બોલવો અને એકાસણાનું કરવું હોય તો 'એગાસણ' પાઠ કહેવો.

સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, * પાણહાર. પોરિસિં, સાડ્ઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં; પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

## ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ. અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં. અસણં, પાણં, ખાઈમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તગારારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## દેશાવગાશિક

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## મુટ્ઠિસહિઅ-અભિગ્રહ

મુટ્ઠિસહિઅં, અભિગ્ગહં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં. મહત્તરાગારેણં. સવ્વસમાહિવત્તિયાગારેણં. વોસિરઇ.

## તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ પારવાનો પાઠ

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસી, સાડ્ઢપોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ અવડ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર. પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં. કિટ્ટિઅં, આરાહિઅં. જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં.

## આયંબિલ-નીવી-એકાસણું બિયાસણુ પારવાનો પાઠ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસી, સાડ્ઢપોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ અવડ્ઢ મુટ્ઠિસહિઅ પચ્ચક્ખાઇ કર્યું ચઉવિહાર, આયંબિલ-નીવી એકાસણું-બિઆસણું કર્યું તિવિહાર. પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં તીરિઅં, કિટ્ટિઅં,આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં

## સાંજનાં પચ્ચક્ખાણો પાણહાર

પાણહાર. દિવસચરિમં. પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## ચઉવિહાર-તિવિહાર-દુવિહાર

દિવસચરિમં. પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં, તિવિહંપિ આહારં, દુવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

## નવ ગ્રહોના જાપ અને પ્રાર્થના

**નોંધ**-જે ગ્રહની માળા ગણવી હોય તેના રંગની માળા લઈ પ્રથમ ગ્રહનો જાપ કરવો અને તે કરીને તે ગ્રહની નીચેના શ્લોકથી પ્રાર્થના કરવી.

(૧) **સૂર્યનો જાપ** ૐ સૂર્યાય નમઃ (લાલ રંગની માળા)
પ્રાર્થના : પદ્મપ્રભજિનેન્દ્રસ્ય, નામોચ્ચારેણ ભાસ્કર !;
શાન્તિં તુષ્ટિં ચ પુષ્ટિં ચ રક્ષાં કુરુ જયશ્રિયમ.

(૨) **ચંદ્રનો જાપ** ૐ ચન્દ્રાય નમઃ (સફેદ રંગની માળા)
પ્રાર્થના : ચંદ્રપ્રભજિનેન્દ્રસ્ય, નામ્ના તારાગણાધિપ !;
પ્રસન્નો ભવ શાન્તિં ચ, રક્ષાં કુરુ જયશ્રિયમ.

(૩) **મંગલનો જાપ** ૐ મંગલાય નમઃ (લાલ રંગની માળા)
પ્રાર્થના : સર્વદા વાસુપૂજ્યસ્ય, નામ્ના શાન્તિં જયશ્રિયમ્;
રક્ષાં કુરુ ધરાસૂનો !, અશુભોપિ શુભો ભવ.

(૪) **બુધનો જાપ** ૐ બુધાય નમઃ (પીળા રંગની માળા)
પ્રાર્થના : વિમલાનન્તધર્માશાઃ, શાન્તિઃ કુંથુર્નમિસ્તથા;
મહાવીરશ્ચ તન્નામ્ના, શુભો ભવ સદા બુધ !.

(૫) **ગુરુનો જાપ** ૐ ગુરવે નમઃ (પીળા રંગની માળા
પ્રાર્થના : ઋષભાજિત સુપાર્શ્વા–શ્ચાભિનન્દન શીતલૌ;
સુમતિઃ સંભવઃ સ્વામી, શ્રેયાંસશ્ચ જિનોત્તમાઃ. ૧
એતત્તીર્થકૃતાં નામ્ના, પૂજ્યા ચ શુભો ભવ;,
શાન્તિ તુષ્ટિં ચ પુષ્ટિં ચ, કુરુ દેવગણાર્ચિત ! ૨

(૬) **શુક્રનો જાપ** ૐ શુક્રાય નમઃ (સફેદ રંગની માળા)
પ્રાર્થના : પુષ્પદન્તજિનેન્દ્રસ્ય, નામ્ના દૈત્યગણાર્ચિત !
પ્રસન્નો ભવ શાન્તિં ચ, રક્ષાં કુરુ જય શ્રિયમ્.

(૭) **શનિનો જાપ** ૐ શનૈશ્ચરાય નમઃ
(ભૂરા કે કાળા રંગની માળા)
પ્રાર્થના : શ્રીસુવ્રતજિનેન્દ્રસ્ય, નામ્ના સૂર્યાંગસમ્ભવ;
પ્રસન્નો ભવ શાન્તિં ચ, રક્ષાં કુરુ જયશ્રિયમ્.

(૮) **રાહુનો જાપ** ૐ રાહવે નમઃ (કાળા રંગની માળા)
પ્રાર્થના : શ્રીનેમિનાથ તીર્થેશ–નામ્ના ત્વં સિંહિકાસુત;
પ્રસન્નો ભવ શાન્તિં ચ, રક્ષાં કુરુ જય શ્રિયમ્.

(૯) **કેતુનો જાપ** ૐ કેતવે નમઃ (લીલા કે કાળા રંગની માળા)
પ્રાર્થના : રાહોઃ સપ્તમરાશિસ્થ, કારણે દૃશ્યતેમ્બરે;
શ્રીમલ્લિપાર્શ્વયોર્નામ્ના, કેતો ! શાન્તિંશ્રિયં કુરુ.

❋

**સંપૂર્ણ**

